Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# ગુરુકહાન-દૃષ્ટિમહાન



આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો

## ભાગ-૨

પ્રસ્તુતકર્તા :

**શ્રીમતી મંછાબેન જયંતિભાઈ ભાયાણી**
**શ્રીમતી દિપ્તી ભાયાણી મેમોરિયલ ટ્રસ્ટ**
**સોનગઢ**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

ॐ

सर्वज्ञ वीतरागाय नमः।

# દ્રષ્ટિના નિધાન

## (ભાગ–૨)

**આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**દ્રવ્યદ્રષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો**


-: સંકલનકાર :-

જિતુભાઈ નાગરદાસ મોદી

(ગુજરાતી આત્મધર્મ–સંપાદક)

પ્રશમ જિતુભાઈ મોદી



-: પ્રકાશક :-

**શ્રીમતી મંછાબેન જયંતિભાઈ ભાયાણી**

**શ્રીમતી દિપ્તી ભાયાણી મેમોરીયલ ટ્રસ્ટ, સોનગઢ**


please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates


પ્રથમ આવૃત્તિ    પ્રત : ૧૩૦૦

વિ.સં. ૨૦૬૬    વીર સં. ૨૫૩૬    ઈ.સ. ૨૦૧૦

**–: પ્રકાશન તિથિ :–**

તા. ૨૫-૫-૨૦૧૦ : શ્રી જયંતિલાલ ભાયાણીની ૧૨ મી પુણ્યતિથિ નિમિત્તે


## પ્રાપ્તિસ્થાન :

(૧) **શ્રી જયુસખભાઈ ભાયાણી**
ચાર બંગલા, , દિગંબર મંદિરની બાજુમાં
**સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**
**મો.નં. : ૦૯૩૨૮૨ ૮૨૮૮૦**

(૨) **શ્રી જિતુભાઈ મોદી**
'ક્રમબદ્ધ નિવાસ'
૪૫, કહાન નગર સોસાયટી
**સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**
**મો. નં. : ૦૯૬૬૨૫ ૨૪૪૬૦**

(૩) **શ્રી સીમંધર કુંદકુંદકહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ, 'સ્વરુચિ', સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ
**રાજકોટ-૩૬૦૦૦૫**
**ટે.નં. : ૦૨૮૧-૨૪૭૭૯૭૨૮**
**મો. નં. : ૦૯૩૭૪૦૦૫૦૮**

(૪) **શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
૩૦૨, કૃષ્ણકુંજ, વી.એલ. મહેતા માર્ગ
વીલેપાર્લે (વેસ્ટ)
**મુંબઈ-૪૭૦૦૫૬**
**ટે.નં. ૦૨૨-૨૬૧૩૦૮૨૦, ૬૧૦૪૯૧૨**

(૫) **શ્રી દિપેન ભાયાણી**
સ્ટેશન રોડ,
૪૦૨, યશ કમલ
**વડોદરા-૫**
**ટે.નં. : ૦૨૬૫-૨૩૬૨૮૨૩**

(૬) **ઉર્વિર ભાયાણી**
ભાવેશ્વર લેન
2nd ફ્લોર, ઓલ્ડ ચંદ્રોદય બિલ્ડીંગ
**ઘાટકોપર-ઇસ્ટ, મુંબઈ-૭૭**
**ટે.નં. : ૦૨૨-૨૫૧૬૪૨૭૮**


## મૂલ્ય : સ્વાધ્યાય


ટાઈપ સેટીંગ :
**પૂજા ઇમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૯૨૪-બી, શાંતિનાથ બંગલોઝ
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
**ભાવનગર**
**મો. ૯૭૨૫૨ ૫૧૧૩૧**

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**
**ફોન (૦૨૮૪૬) ૨૪૪૦૮૧**


please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

ૐ

સહજ ચિદાનંદ.

# અર્પણ

**જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે જૈન-જગતપ્રસિદ્ધ છે; જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્ભુત શક્તિ વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે; જેઓની શીતળ છત્રછાયામાં જીવન વીતાવવાનું પરમ સૌભાગ્ય અમારા પિતાશ્રીને પ્રાપ્ત થયું હતું તે અસીમ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને તેમના જ દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનોના અમૂલ્ય ખજાનામાંથી ચૂંટેલા ૨૫ પ્રવચનોનાં સંકલનરૂપ આ 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન' ભાગ-૨ અર્પણ કરતાં અમે જીવનની ધન્યતા અનુભવીએ છીએ.**

—પ્રકાશક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# પ્રકાશકીય નિવેદન

તીર્થંકરદેવનો જન્મ જગતના કલ્યાણ માટે થતો હોય છે, તેમ અનંત અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જન્મ, આ નિષ્કૃષ્ટકાળે અહીં જન્મેલા અને ભવિષ્યમાં પણ અહીં જન્મ લેનારા અલ્પસંસારી જીવોને ભાગ્યશાળી બનાવવા માટે તથા તેઓને સંસારસમુદ્રથી પાર ઉતારવા માટે થયો હતો. છેલ્લા સેંકડો વર્ષોનો જૈન ઈતિહાસ કહે છે કે ભવ્ય જીવોના તારણહાર આવા મહાન સંતો જો કોઈ થયા હોય તો તેમાં કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી જ પ્રધાન પુરુષ છે. તેઓશ્રીએ આ ભૌતિકયુગને અધ્યાત્મયુગમાં પરિવર્તીત કરીને પંચમ આરાના અંત સુધી ટકી રહે તેવો અધ્યાત્મયુગ સર્જ્યો છે.

આવા અધ્યાત્મયુગસ્રષ્ટા, અધ્યાત્મક્રાંતિવીર પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫-૪૫ વર્ષ વહેલી અધ્યાત્મગંગાનું અમૃતપાન કરનાર મહાભાગ્યશાળી ભવ્ય મુમુક્ષુઓને તો તેઓશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના અભ્યાસ વડે આજે પણ પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્‌રૂપે અનુભવાઈ રહ્યા છે, પરંતુ તેઓશ્રીના દર્શન-શ્રવણ કે સત્સંગનો જેઓને સાક્ષાત્ લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને, આ મહાપુરુષે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવેલો તેનો સાક્ષાત્‌વત્ લાભ મળે તે આ **''ગુરુ કહાન : દૃષ્ટિ મહાન''** પ્રકાશનહેતુ છે.

આ જીવ અનંતવાર નવમી ગ્રૈવેયક જઈ આવ્યો, અનંતવાર નગ્ન દિગંબર દ્રવ્યલિંગ ધારણ કર્યાં, અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો છતાં કોરો રહી ગયો તેનું મુખ્ય કારણ જો કોઈ હોય તો આ એક જ કે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાને આ જીવે કદી ગ્રહણ ન કરી— એમ પૂજ્ય ગુરુદેવશ્રી કરુણાથી વારંવાર કહેતાં અને તેથી જ તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાનો તેઓશ્રીએ જીવનપર્યંત ધોધ વહેવડાવ્યો છે. પૂજ્ય બહેનશ્રી પણ કહેતાં કે ''જાણે કોઈ મોટા આચાર્ય ઉપદેશ આપતા હોય તેમ દૃષ્ટિના વિષયનો અપૂર્વ ખુલાસો થતો.''.....''દૃષ્ટિનો વિષય આવે ત્યારે ઊછળી જતાં.'' જોકે તેઓશ્રીની સર્વાંગી ઉપદેશગંગામાં ઓછી-વધતી યોગ્યતાવાળા સર્વ જીવોને આત્મલાભ થાય તેવો નિશ્ચય-વ્યવહારનો સઘળોય ઉપદેશધોધ વહ્યો છે. મુમુક્ષુની પાત્રતા કેવી હોય, અશુભથી બચવા શુભમાં જોડાણ કેવું હોય, ઈત્યાદિ ઉપદેશ આપવા છતાં ક્યાંય કોઈને મુખ્યતા ન થઈ જાય તેમ તેમાં જોર આપ્યા વિના તે વ્યવહારમાર્ગ-પ્રકાશન સાથે મુખ્યપણે તો દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક નિશ્ચયની જ ધોધમાર વર્ષા વરસાવી છે જેથી ભદ્ર જીવો અનાદિના સંસ્કારવશ મંદકષાય આદિ વ્યવહારમાર્ગમાં અટકી ન જતાં નિશ્ચયમોક્ષમાર્ગને યથાર્થ સમજીને, તેનું જ ગ્રહણ કરીને, આ ભવ સફળ કરવા સ્વાનુભૂતિનો સત્ પુરુષાર્થ અપનાવે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મયુગનું સર્જન કર્યું જ છે પણ વધુ સ્પષ્ટ કરીએ તો ખરેખર તો તેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન-અધ્યાત્મયુગના સર્જક છે. કેમ કે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન નિશ્ચયના બોધથી જીવો નિશ્ચયાભાસના ડરથી ડરતાં હતા તેના બદલે તેઓશ્રીના પ્રતાપે ભવ્ય જીવો દિવસ-રાત એ નિશ્ચયનું ઘોલન, ચિંતન ને શ્રવણ કરવામાં જ જીવનની ધન્યતા અનુભવે છે.

દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપદેશ-અમૃતવાણીને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે, તત્કાલિન પ્રમુખ શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિથી ટેપમાં સંગ્રહિત કરીને ચિરકાળપર્યંત સુરક્ષિત બનાવી તેમજ લગભગ ૯૨૦૦ કલાકની આ ગુરુવાણીને સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવારે અદ્યતન ટેકનોલોજી વડે માત્ર ૧૬ **DVD**માં તેમજ **3 B.D. (Blu-ray Disc)**માં પ્રસિદ્ધ કરીને મુમુક્ષુજગત ઉપર પરમ ઉપકાર કર્યો છે કે જેના કારણે ભાવિના ભવ્યજીવો પણ આત્મહિતના માર્ગે સરળપણે પ્રયાણ કરતાં રહી શકશે. તેમ છતાં પંચમકાળના પ્રભાવવશ કેટલાક તત્ત્વના અભ્યાસીઓ વડે દૃષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનના પુરુષાર્થમાં ભય પ્રકાશન કરાતો દેખીને પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૨૦૦ ટેપ-પ્રવચનોમાંથી દ્રવ્યદૃષ્ટિપ્રધાન વિશેષ પુરુષાર્થ પ્રેરણાદાયક પ્રવચનો ચૂંટીચૂંટીને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'** રૂપે સીડી પ્રવચનો મુમુક્ષુસમાજને ઉપલબ્ધ કરાવવાની અમને ભાવના જાગૃત થતાં અમોએ ભાગ-૧ અને ભાગ-૨ પ્રસિદ્ધ કર્યાં જેનું શ્રવણપાન કરતાં ગુરુભક્તોએ ધ્યાન દોર્યું કે સીડી-પ્રવચનનું શ્રવણ કરતી વખતે હાથમાં અક્ષરશઃ ગુરુવાણીનું પુસ્તક હોય તો પ્રવચનોનો ભાવ વિશેષરૂપે સમજવો સરળ બને. તેથી અમોએ ગુરુભક્તોની ભાવના સાકાર કરવાનો નિર્ણય કર્યો અને તેને સફળ કરવા શ્રી જયસુખભાઈ ભાયાણીએ પ્રમોદ બતાવતાં ભાગ-૧ પુસ્તક પ્રકાશિત થયું. મુમુક્ષુઓએ ભાગ-૧નો સ્વાધ્યાય કરતાં એટલો બધો પ્રમોદ વ્યક્ત કર્યો કે શ્રી જયસુખભાઈ ભાયાણીને ભાગ-૨ પુસ્તક પ્રકાશિત કરવાની ભાવના થવાથી આજે આ પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે.

આ પુસ્તક-પ્રકાશનના મુખ્ય બે પ્રયોજનો છે : (૧) જેઓને કરુણાસાગર ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-શ્રવણનો લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને ગુરુદેવશ્રીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન અંતઃકરણ સમજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તથા (૨) પંચમકાળના પ્રભાવમાં આવી જઈને પ્રમાણના લોભમાં અટકીને દ્રવ્યદૃષ્ટિના માર્ગે નિઃશંકપણે પ્રયાણ કરતા અચકાય નહીં અને એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવ્યજીવોને સંસારસમુદ્રમાંથી ઉગારી લેવાની કરુણા સફળતાને પામે.

અંતમાં, પૂજ્ય ગુરુદેવશ્રી ૯૧ વર્ષની ઉંમરે પણ જે દ્રવ્યદૃષ્ટિની પ્રરૂપણા કરતાં અંદરથી ઉછળી પડતા હતા તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'**ના માધ્યમથી ત્વરાએ ગ્રહણ કરીને ભાવિ અનંતકાળ ગુરુના સાન્નિધ્યને પામીએ એવી ભાવના સહ.

—સંકલનકાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# અનુક્રમણિકા


| ક્રમ | શાસ્ત્ર | ગાથા | તારીખ | પ્ર.નં. | પાના નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | પરમાત્મપ્રકાશ | ૬૮/૬૯ | ૨૮-૦૭-૭૬ | ૪૭ | ૧ |
| ૨ | કળશટીકા | ૬૧/૬૨ | ૨૭-૦૮-૭૭ | ૭૮ | ૧૨ |
| ૩ | પ્રવચનસાર* | ૩૭ | ૧૦-૦૨-૭૯ | ૩૫ | ૨૬ |
| ૪ | સમયસાર | ૭૫ | ૦૪-૦૧-૭૯ | ૧૬૦ | ૪૦ |
| ૫ | સમયસાર | ૬૧/૬૨ | ૧૩-૧૧-૭૮ | ૧૩૫ | ૫૨ |
| ૬ | પરમાત્મપ્રકાશ | ૫૧/૫૨ | ૧૩-૦૭-૭૬ | ૩૩ | ૬૫ |
| ૭ | પરમાત્મપ્રકાશ | ૬૭/૬૮ | ૨૫-૦૭-૭૬ | ૪૪ | ૭૭ |
| ૮ | પરમાત્મપ્રકાશ | ૮૮/૮૯ | ૨૦-૦૮-૭૬ | ૬૭ | ૮૮ |
| ૯ | સમયસાર | ૩૨૦ J | ૧૭-૦૮-૭૦ | ૯ | ૧૦૧ |
| ૧૦ | પ્રવચનસાર* | ૩૮ | ૧૧-૦૨-૭૯ | ૩૬ | ૧૧૪ |
| ૧૧ | કળશટીકા | ૨૫૮ | ૨૧-૧૨-૬૫ | ૨૭૬ | ૧૨૮ |
| ૧૨ | પ્રવચનસાર* | ૩૮/૩૯ | ૧૨-૦૨-૭૯ | ૩૭ | ૧૪૪ |
| ૧૩ | નિયમસાર | ૪૨ | ૦૮-૦૪-૬૬ | ૪૫ | ૧૫૬ |
| ૧૪ | પંચાસ્તિકાય | ૮ | ૨૮-૧૧-૬૯ | ૧૩ | ૧૭૨ |
| ૧૫ | નિયમસાર | ૨૫/૨૭ | ૩૧-૦૩-૭૧ | ૫ | ૧૮૫ |
| ૧૬ | પરમાત્મપ્રકાશ | ૫૮ | ૨૧-૧૧-૭૬ | ૧૩૯ | ૧૯૭ |
| ૧૭ | સમયસાર | ૫૮/૬૦ | ૧૧-૧૧-૭૮ | ૧૩૩ | ૨૧૦ |
| ૧૮ | સમયસાર | ૨૩/૨૫ | ૧૩-૦૯-૭૮ | ૮૫ | ૨૨૨ |
| ૧૯ | કળશટીકા | ૨૧૫ | ૨૬-૦૨-૭૮ | ૨૩૯ | ૨૩૩ |
| ૨૦ | સમયસાર | ૬૮ | ૧૭-૧૧-૭૮ | ૧૩૮ | ૨૪૭ |
| ૨૧ | કળશટીકા | ૬૦ | ૨૫-૦૮-૭૭ | ૭૬ | ૨૫૯ |
| ૨૨ | ઇષ્ટોપદેશ | ૨૧/૨૨ | ૦૬-૦૪-૬૬ | ૨૦ | ૨૭૧ |
| ૨૩ | સમયસાર | ૧ | ૧૨-૦૬-૭૮ | ૬ | ૨૮૫ |
| ૨૪ | નિયમસાર | ૧૪૪ | ૦૪-૦૮-૬૬ | ૧૪૪ | ૨૯૬ |


* બેટરી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates




please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# * શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ *

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હ્રદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# શ્રી સમયસારજી–સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

ॐ

श्री परमात्मने नमः

# ગુરુ કહાન : દષ્ટિ મહાન

( અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો )

(ભાગ–૨)

## શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા–૬૮, ૬૯. પ્રવચન નં. ૪૭

તા. ૨૮-૦૭-૧૯૭૬

[૧]

'પરમાત્મપ્રકાશ' ચાલે છે. ૬૮ ગાથા. છેલ્લો ભાવ છે, જુઓ ! **'તેવી જ રીતે...'** ત્યાં છે. છે ? છેલ્લેથી છઠ્ઠી લીટી છે. પહેલા શું કહ્યું ? દૃષ્ટાંત આપ્યું. કોઈ પ્રાણી સાંકળથી બંધાયેલો હોય તેને છૂટ્યો કહેવો એ વ્યાજબી છે, પણ જે બંધાયો જ નથી તેને છૂટ્યો કહેવું એ ગેરવ્યાજબી છે. સમજાય છે કાંઈ ? સાંકળનું દૃષ્ટાંત છે. સાંકળ સમજાય છે ? સાંકળ. અહીંયાં છે. કોઈ પ્રાણી સાંકળથી બંધાયેલો હોય તેને છૂટ્યો એમ કહેવું તે યથાર્થ છે, પણ જે સાંકળથી બંધાયો જ નથી તેને છૂટ્યો કહેવું એ વ્યાજબી નથી. આ તો દૃષ્ટાંત થયું.

**'તેવી જ રીતે આ જીવ શુદ્ધનિશ્ચયનયથી બંધાયો નથી,...'** આહાહા..! ભગવાનઆત્મા વસ્તુ જે સ્વભાવ ચિદાનંદ છે, ત્રિકાળી દ્રવ્યભાવ સ્વભાવભાવ છે એ તો કદી બંધાયો જ નથી. વસ્તુ શું બંધાય ? સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ અધિકાર છે. એક સમયમાં ચિદાનંદ

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન દ્રવ્યસ્વભાવ પૂર્ણાનંદનો નાથ છે એ ચીજને બંધ શું અને મુક્તિ શું ? સમજાય છે કાંઈ ? આહાહા..! વસ્તુસ્વભાવ જે દ્રવ્યસ્વભાવ પર્યાય વિનાનો, પર્યાય વિનાનો જે દ્રવ્યસ્વભાવ છે તે બંધાયો નથી. એ તો મુક્તસ્વરૂપ ત્રિકાળ છે. શક્તિ સ્વરૂપ મુક્તસ્વરૂપ જ છે. સૂક્ષ્મ વાત છે, ભગવાન ! એ ચીજ જે દૃષ્ટિનો વિષય છે એ તો કદી બંધાયો પણ નથી, કદી મુક્ત થતો નથી. છે ?

**'આ કારણે મુક્ત કહેવું ઠીક નથી...'** આહાહા..! દ્રવ્ય સ્વભાવ જે શુદ્ધ અખંડાનંદ પ્રભુ, જે ૧૪-૧૫ ગાથામાં કહ્યું ને ? અબદ્ધસ્પૃષ્ટ. એ અબદ્ધ સ્વરૂપ છે. એ બંધાયેલી ચીજ નથી. વસ્તુ બંધાય કેવી રીતે ? પર્યાયમાં બંધ અને મુક્તિ છે. સમજાય છે કાંઈ ? આહાહા..! પર્યાય–વર્તમાન દશા, જે વ્યવહારનયનો વિષય છે એ પર્યાયમાં બંધ અને પર્યાયમાં મુક્તિ છે. સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે.

શ્રોતા :– આપણે પર્યાયથી શું કામ છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કરવાનું પર્યાયમાં છે ને ! ધ્રુવમાં કરવાનું છે ? મોક્ષમાર્ગ તો પર્યાય છે, એ અશુદ્ધનયનો વિષય છે. ધ્યાન રાખજો ! પર્યાય છે ને ? મોક્ષમાર્ગ પર્યાય છે. કારણ કે બંધમાર્ગ–ભાવ એ પણ પર્યાય છે. એ બન્ને અશુદ્ધનયથી છે. અશુદ્ધનો અર્થ પર્યાયથી છે, પર્યાયનો અર્થ વ્યવહારથી છે. સૂક્ષ્મ છે, ભગવાન !

વસ્તુ જે છે એ તો નિષ્ક્રિય પરિણમન વિનાની ચીજ છે. સૂક્ષ્મ અધિકાર છે. આહા..હા...! ભગવાનઆત્મા જે ઉત્પાદ-વ્યયની પર્યાયથી રહિત ધ્રુવ છે તે તો બંધનમાં પણ નથી અને મોક્ષમાં પણ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ કહે છે, જુઓ ! **'શુદ્ધિનિશ્ચયનયથી બંધાયો નથી...'** વસ્તુ બંધાય તો વસ્તુનો અભાવ થઈ જાય. સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ વિષય છે, ભાઈ ! ***સમ્યગ્દર્શનનો વિષય બંધ અને મોક્ષની પર્યાયથી રહિત છે. સમજાય છે કાંઈ ?*** 'પરમાત્મ પ્રકાશ' છે ને ? પંડિતજી ! 'બંસીધરજી' 'પરમાત્મ પ્રકાશ' છે ? પંડિતજીને કહું છું. છે, પુસ્તક તો છે ને ? સમજાય છે કાંઈ ?

૬૮ ગાથા એવી છે કે ***જીવને જન્મ નથી, મરણ નથી, બંધ નથી, મોક્ષ નથી. તેને જિનવર જીવ કહે છે.*** ૬૮ ગાથા. **'ण वि उप्पज्जइ ण वि मरइ'** જેમાં નથી ઉત્પાદ થતો, ન વ્યય થાય છે. આહા..હા...! **'बंधु ण मोक्खु करेइ'** બંધ ન કરે, મોક્ષ ન કરે. હે યોગી ! હે સંત ! ગુરુ કહે છે, હે શિષ્ય ! **'जोइया'** જોગી ! આહા..હા..! **'जिणवरु एउँ भणेइ'** મૂળ ગાથા (છે). તેને જિનવર જીવ કહે છે. કોણ જીવ ? શું ? નિશ્ચય આત્મા ત્રિકાળી આત્મા તે જીવ, પર્યાય નહિ !

***શ્રોતા :– જીવ કેટલા પ્રકારના છે ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– એક વ્યવહાર જીવ અને એક નિશ્ચય જીવ–એમ બે પ્રકારના છે. જીવના બે પ્રકાર. (ત્રિકાળીને નિશ્ચયજીવ કહે છે) અને ઉત્પાદ-વ્યય પર્યાયવાળાને***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



*વ્યવહારજીવ કહે છે.*

શ્રોતા :– એક જીવમાં બે જીવ ક્યાંથી આવ્યા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એક જીવ. પર્યાય અને દ્રવ્યના બે ભેદ છે. ***પર્યાય અને દ્રવ્ય બે ભેદ છે. પર્યાય દ્રવ્યમાં આવતી નથી અને દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. સૂક્ષ્મ છે, ભગવાન !***

***સર્વજ્ઞ વીતરાગ જિનવર એમ કહે છે કે તેને અમે જીવ કહીએ છીએ - નિશ્ચય જીવ, વાસ્તવિક જીવ એટલે યથાર્થ આત્મા તેને અમે કહીએ છીએ કે જેને ઉત્પાદ-વ્યય નથી, જન્મ-મરણ નથી, બંધ-મોક્ષ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ?***

બંધ અને મોક્ષ, ઉત્પાદ-વ્યય તો પર્યાયદૃષ્ટિમાં છે, એ પર્યાયનયના વિષયમાં છે. દ્રવ્યનયના વિષયમાં એ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'जिणवरु एउँ भणेइ'** આહા..હા...! અનંત જિનવરો એમ કહે છે કે પરમાર્થ જીવ એને કહીએ, જે સમ્યગ્દર્શનનો વિષય છે; સમ્યગ્દર્શન છે પર્યાય પણ એનો વિષય ધ્રુવ દ્રવ્ય છે. આહા..હા...! એ દ્રવ્ય જે ત્રિકાળી ધ્રુવ છે, જેમાં ઉત્પાદ-વ્યય નથી, જેમાં બંધ-મોક્ષ નથી તેને જિનવરદેવ પરમાર્થ ભગવાનઆત્મા કહે છે. સમજાય છે કાંઈ ? ભાઈ ! આહા..હા...! પર્યાયવંત જે પર્યાય છે તે તો વ્યવહારનયનો વિષય છે. ચાહે તો મોક્ષ કે મોક્ષનો માર્ગ હો એ વ્યવહારનયનો વિષય છે.

શ્રોતા :– મોક્ષ તે વ્યવહાર અને વ્યવહાર ખોટો માટે મોક્ષ ખોટો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વ્યવહાર ખોટો કઈ અપેક્ષાએ ? એ તો ત્રિકાળીની અપેક્ષાએ અભૂતાર્થ છે, પણ પોતાની અપેક્ષાએ તો ભૂતાર્થ છે. આહા..હા...! ઝીણો વિષય છે, આ ગાથા જ બહુ ઝીણી છે. આહા..હા..!

શ્રોતા :– ઝીણો એટલે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– સૂક્ષ્મ.

શ્રોતા :– સૂક્ષ્મ એટલે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા..હા...! ઘણું જ લક્ષ રાખીને સાંભળવા લાયક આ ચીજ છે. અનંતકાળમાં આ ચીજ શું છે તે એણે લક્ષમાં જ લીધી નથી. **જે ભગવાનઆત્મા એક સમયમાં જે ધ્રુવ છે, એ ધ્રુવમાં તો ઉત્પાદ-વ્યય પણ નથી. ઉત્પાદ-વ્યય તો પર્યાયમાં છે, અને બંધ ને મોક્ષ પણ પર્યાયમાં છે. આહા..હા...!** ભારે વાતું ! હજી તો લોકો બહારમાં વ્યવહાર કરે ને દયા, દાનથી મુક્તિ (માને છે). એ તો ક્યાંય રહી ગયું, પ્રભુ !

અહીંયા તો ભગવાનઆત્મા એક સમયમાં ઉત્પાદ-વ્યય જે છે (તેનાથી રહિત છે). 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્' એ તો 'તત્ત્વાર્થ સૂત્ર' માં આવે છે. દસલક્ષણીપર્વમાં આવે છે. 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્' ભગવાનઆત્મા ઉત્પાદ-વ્યય અને ધ્રુવ, ત્રણે મળીને પ્રમાણનો વિષય છે, પ્રમાણનો વિષય છે. અને તેના બે ભાગ પાડીને (કહે છે), ત્રિકાળી દ્રવ્ય જે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે તે બંધ-મોક્ષથી રહિત છે, એ સમ્યગ્દર્શનનો વિષય છે અને બંધ-મોક્ષની પર્યાય છે એ વ્યવહારનયનો વિષય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ (છે). અલૌકિક વાત છે. આવી વાત ક્યાંય નથી. વીતરાગ સર્વજ્ઞ સિવાય આ વાત ક્યાંય નથી. શ્વેતાંબરમાં પણ નથી તો બીજામાં તો હોય ક્યાંથી ? આહા..હા...! આ તો સનાતન જૈનદર્શનમાં આ કથન છે. સમજાય છે કાંઈ ? એમ કહીને શું કહેવું છે ?

જે વસ્તુ બંધ-મોક્ષ રહિત ધ્રુવ છે તેનો આશ્રય કરવાલાયક છે. પર્યાયનો પણ આશ્રય કરવાલાયક નથી. મોક્ષ અને મોક્ષનો માર્ગ પણ આશ્રય કરવાલાયક નથી. પંડિતજી ! સૂક્ષ્મ વિષય છે, ભાઈ ! આહા..હા...! એકદમ વાત ગુંલાટ ખાય છે. વસ્તુ ભગવાનઆત્મા એક સમયમાં ધ્રુવનો જે પિંડ છે, ધ્રુવ સ્વરૂપ છે, જેમાં ઉત્પાદ-વ્યય, બંધ-મોક્ષ નથી. આહા..હા...! એ ચીજને ભગવાન પરમાર્થ આત્મા કહે છે. બંધ-મોક્ષની પર્યાય એ પરમાર્થ આત્મા નથી. આહા..હા...! બંધ-મોક્ષ તો પર્યાયમાં છે, પર્યાયમાં રાગની એકતાનો બંધ અને રાગના અભાવરૂપ મોક્ષની પર્યાય એ પર્યાયમાં છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

શ્રોતા :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– ***પર્યાયમાં દ્રવ્ય નથી અને દ્રવ્યમાં પર્યાય નથી,*** એટલું છે. છે તો સાથે. સાંભળો, ભાઈ ! આ ભગવાનની વાત તો સૂક્ષ્મ છે. પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. જ્ઞાનની પર્યાયમાં અને શ્રદ્ધાની પર્યાયમાં આખા દ્રવ્યનું જ્ઞાન અને દ્રવ્યની શ્રદ્ધા થાય છે. સમજાય છે કાંઈ ? પર્યાયમાં દ્રવ્ય કેવું છે તેની શ્રદ્ધા થાય છે, દ્રવ્ય (પર્યાયમાં) આવતું નથી. આહા..હા...! ... હમણા તો આવતા નથી, બે-ચાર દિવસથી 'જિનેશ્વરદાસજી' આવ્યા નથી, ઠીક નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...!

પ્રભુ ! તું એકવાર સાંભળ તો ખરો. તારા દ્રવ્યની પ્રભુતા એટલી છે કે જેમાં બંધ-મોક્ષની પર્યાય પણ નથી. સમજાય છે કાંઈ ? અને બંધ-મોક્ષની જે પર્યાય છે એ પર્યાય છે તો વ્યવહારનયનો વિષય છે અર્થાત્ એ અશુદ્ધનયનો વિષય છે. બંધ, મોક્ષ ને મોક્ષનો માર્ગ... ભગવાન ! એકવાર સાંભળતો ખરો ! એ જે નિશ્ચય મોક્ષનો માર્ગ છે, દ્રવ્યના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિશ્ચય–વાસ્તવિક–મોક્ષમાર્ગ છે, વિકલ્પ છે એ મોક્ષમાર્ગ છે જ નહિ. એ વાસ્તવિક નિશ્ચય મોક્ષમાર્ગ જે ખરેખર છે તે પણ પર્યાયનો વિષય છે, વ્યવહારનયનો વિષય છે, બીજી ભાષાએ કહીએ તો એ અશુદ્ધનયનો વિષય છે. આહા..હા...! 'ઉમેદચંદભાઈ' ! આવી વાત છે, ભાઈ !

ત્રણલોકના નાથ જિનવરદેવ સભામાં ઇન્દ્રો અને ગણધરોની વચમાં આમ ફરમાવતા હતા. એ આ વાત છે. આહા..હા...! ભગવાન ! તું કેવડો મોટો છો, કેટલું તારું માહાત્મ્ય અને તારી કેટલી ધ્રુવતા–ત્રિકાળતા–છે. આહા..હા...! તેને પર્યાય અડતી નથી. ***એ દ્રવ્ય જે છે એ નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાયને અડતું નથી અને મોક્ષમાર્ગની પર્યાય જે છે એ દ્રવ્યને***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***અડતી નથી. આવી વાત છે, ભગવાન ! આહા..હા...!*** અરે...! અત્યારે તો બધી ગડબડ (થઈ ગઈ). આ વ્યવહારથી થાય ને એનાથી થાય ને દયા, દાન ને વ્રતને કરો ને એનાથી (ધર્મ થશે). અરે..! ભગવાન ! એ તો બંધમાર્ગ છે ને ? એનાથી મોક્ષમાર્ગ થાય છે ? બંધમાર્ગ દ્રવ્યનો આશ્રય લે છે ? આહા..હા..! રાગાદિ ભાવ છે એ તો (બંધમાર્ગ છે). (તેમાં) લક્ષ પરનું છે, દિશા પરની છે. એ દશાની દિશા પર તરફ છે. એ દશાની દિશા પર તરફ છે. આહા..હા...! અને જે મોક્ષમાર્ગ સાચો છે એની દશાની દિશા દ્રવ્ય તરફ છે. સમજાય છે કાંઈ ? અરે..રે...! આવી વાત પ્રભુની લોકોએ એવી ગડબડમાં નાખી દીધી.

શાસ્ત્રમાં એમ આવે ને ? વ્યવહાર રત્નત્રય પરંપરા મોક્ષનું કારણ છે, એમ આવે છે. કોને ? જેને ત્રિકાળી ભગવાન બંધ-મોક્ષની પર્યાય રહિત છે તેની જેને અનુભવમાં દૃષ્ટિ થઈ છે, જેને આનંદનો સ્વાદ આવ્યો છે (તેને). આહા..હા...! એટલે ? હિન્દીમાં એટલે કહે છે ને ? અર્થાત્. જે આનંદસ્વરૂપ ધ્રુવ પ્રભુ છે તેનો આશ્રય કરવાથી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા તો એ આનંદની દશા થઈ. ત્રિકાળી આનંદ છે તેની આનંદ દશા થઈ. સમજાય છે કાંઈ ? આહા..હા...! અને રાગ ભાગ છે, જેટલો શુભઉપયોગ છે, ભગવાને વ્યવહારનયથી જે કથન કરીને વ્રત ને નિયમ ને તપસ્યા ને ક્રિયાકાંડ કહ્યા એ બધું અશુદ્ધનયનો વિષય છે અને બંધનું કારણ છે. આહા..હા...! અને મોક્ષનો માર્ગ જે છે એ નિર્મળ પર્યાય છે તેનો આશ્રયદાતા ભગવાન છે. દાતાનો અર્થ એ પર્યાયને દેતું નથી. આહા..હા...!

***એ દ્રવ્ય પર્યાયનો દાતા નથી.*** એ આપણે 'આત્મધર્મ' માં આવી ગયું ને ? 'યોગસાર' માં. 'યોગસાર'નું કથન 'આત્મધર્મ' માં બહુ આવી ગયું. અત્યારે 'આત્મધર્મ' બહુ સારું સ્પષ્ટ આવે છે. લોકો બહુ રાજી થાય છે. આ કારતક મહિનાથી 'આત્મધર્મ' (વાંચીને) લોકો બહુ રાજી—ખુશી થાય છે. 'આત્મધર્મ' તો 'આત્મધર્મ' હવે આવ્યું. આહા..હા...! શું છે ?

જે 'આત્મા' અને 'આત્મધર્મ', બે શબ્દ છે ? તો આત્મા છે એ તો ત્રિકાળી છે. તેમાં બંધ અને મોક્ષ પણ નથી. મોક્ષનો માર્ગ પણ એમાં નથી. આહા..હા...! જે બંધ અને મોક્ષ છે... કહ્યું ને ? ૬૮ (ગાથા ને) ? '**બંધ પણ વ્યવહારનયથી છે અને મુક્તિ પણ વ્યવહારનયથી છે.**' છે ? ભાઈ ! શું કહ્યું ? સાંભળો, ભાઈ ! આ તો અલૌકિક માર્ગ છે. બંધ પણ વ્યવહાર છે. રાગની એકતા જે પર્યાયમાં છે તે વ્યવહાર છે. પર્યાય છે ને ? અને મુક્તિનો માર્ગ સાચો નિશ્ચય છે તે વ્યવહાર છે. પર્યાય છે ને ? આહા..હા...!

શ્રોતા :– તે તો રાગથી છૂટેલી દશા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– છૂટેલી પણ એ પર્યાય છે ને ? પર્યાય છે તે વ્યવહાર છે. આહા..હા...! ઝીણી વાત છે, ભગવાન ! અહીંયાં તો 'પ્રવચનસાર' માં ૪૭ નયમાં ત્યાં સુધી કહ્યું, ૪૬-૪૭ નય છે ને ? 'પ્રવચનસાર' માં પાછળ છે. ત્યાં તો એમ કહ્યું કે માટીને તેની વાસણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આદિ પર્યાયથી જોવી તે અશુદ્ધનય છે. માટીને માત્ર માટીરૂપે જોવી તે શુદ્ધનય છે. એમ ભગવાનઆત્માને નિર્મળ પર્યાય સહિત જોવો તે અશુદ્ધનય છે. આ સિદ્ધાંત છે. છે એમાં ? 'પ્રવચનસાર' માં ૪૬-૪૭ (નય) ૪૬ સમજો છો ? ૪૦ અને ૬. અને ૪૭. ૪૦ અને ૭. છેલ્લી બે નય છે ને ? આહા..હા...! માટીને એની પર્યાય જે વાસણ આદિ છે, વાસણ છે ને ? માટીના વાસણ છે ને ? વાસણથી માટીને જોવી તે અશુદ્ધનય છે. એક માટીને એકલી જોવી તે શુદ્ધનય છે. એમ ભગવાનઆત્માને નિર્મળ પર્યાય સહિત દ્રવ્યને જોવું તે અશુદ્ધનય છે. આહા..હા...! ગજબ વાત છે. એકલા ત્રિકાળી દ્રવ્યને જોવું તે શુદ્ધનય છે. સમજાય છે કાંઈ ? માર્ગ બહુ સૂક્ષ્મ છે, ભાઈ ! વીતરાગ જિનેશ્વરદર્શન એ દિગંબરદર્શન છે. દિગંબરદર્શન છે એ જિનેશ્વરદર્શન છે, એ જિનદર્શન છે. આહા..હા..! એ સિવાય આવી સત્યની વાત બીજે ક્યાંય છે જ નહિ. આહા..હા...! શું કહ્યું ?

**'બંધ પણ વ્યવહારનયથી છે અને મુક્તિ પણ વ્યવહારનયથી છે,...'** છે ? આહા..હા..! કેમ કે બંધ અને મુક્તિ તો પર્યાય છે. વસ્તુમાં બંધ-મુક્તિ નથી, એ તો ત્રિકાળી ચીજ છે. આહા..હા..! અને તે જ સમ્યગ્દર્શનનો વિષય છે. **'भूदत्थोमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'** ('સમયસાર') ૧૧ મી ગાથા. **'ववहारोऽभूदत्थो'** પર્યાયબુદ્ધિ અભૂતાર્થ છે. મોક્ષ અને મોક્ષના માર્ગની પર્યાય પણ અભૂતાર્થ છે. કઈ અપેક્ષાએ ? ત્રિકાળની અપેક્ષાએ. તેની પોતાની અપેક્ષાએ છે પણ એ પર્યાયનયનો વિષય છે. આહા..હા...! મોક્ષ અને મોક્ષનો માર્ગ, સાચો, હોં ! વ્યવહાર મોક્ષમાર્ગ એ મોક્ષમાર્ગ છે જ નહિ. એ તો આરોપણથી કથન–નિરૂપણ છે. મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે. મોક્ષમાર્ગ બે પ્રકારનો નથી. આહા..હા...! કથનમાં એમ આવે છે. જ્યારે પોતાનો નિશ્ચય મોક્ષમાર્ગ પોતાથી પ્રગટ થાય છે તે વખતે રાગ–દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ સાથે વ્યવહાર સહચર જોઈને નિમિત્તનો ઉપચાર કરીને વ્યવહાર કહ્યું છે. એ મોક્ષમાર્ગ નથી, ફક્ત સાથે નિમિત્ત દેખીને ઉપચાર કર્યો છે. આહા..હા...! શેઠ ! આવી ચીજ છે, ભગવાન ! લ્યો, આ લોકો આવ્યા ને પહેલા આ જ (આવ્યું). આહા..હા...!

**'મુક્તિ પણ વ્યવહારનયથી છે,...'** આહા..હા...! રાગને વ્યવહારે મોક્ષનો માર્ગ કહ્યો છે એની તો વાત જ ક્યાં છે ? એ તો બંધમાર્ગ છે. સમજાય છે કાંઈ ? કેમ કે પર્યાયમાં નિર્મળતા પ્રગટ થાય છે. મુક્તિની પર્યાય અનંત આનંદ, અનંત જ્ઞાન, દર્શન, કેવળજ્ઞાનની પર્યાય પણ વ્યવહારનયનો વિષય છે. આહા..હા..! પર્યાય છે ને ? ત્રિકાળમાં ભેદ છે. આહા..હા...! ભગવાન ત્રિલોકનાથ જિનવરદેવ એમ કહે છે. પાઠમાં આવી ગયું છે. **'जिणवरु एउँ भणेइ'** આહા..હા...!

પ્રભુ તું કોણ ? કાયમી કોણ ? તું કોણ છો ? કાયમી ચીજ તો દ્રવ્ય સ્વરૂપ, ધ્રુવ સ્વરૂપ (છે). જિનવર એમ કહે છે કે ધ્રુવ સ્વરૂપમાં બંધ-મોક્ષની પર્યાયનો અભાવ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા...! અરે..! મોક્ષમાર્ગની પર્યાય, સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થાય છે, દ્રવ્યની શ્રદ્ધા થાય છે પણ એ પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. આહા..હા...! સમજાય છે ? ભાઈ ! સૂક્ષ્મ છે. આહા..હા...! જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્મા ગણધરો અને ઇન્દ્રોની સભામાં દિવ્યધ્વનિમાં આમ કહેતા હતા. આહા..હા...! પ્રભુ ! તને મુક્તિ અને બંધ વ્યવહારનયથી છે કેમ કે દ્રવ્ય તે નિશ્ચય છે, પર્યાય તે વ્યવહાર છે. એટલે મોક્ષ અને મોક્ષનો માર્ગ પર્યાય છે માટે વ્યવહારનયથી છે, અશુદ્ધનય છે. સમજાય છે કાંઈ ? એ અશુદ્ધતા છે એમ નહિ. મોક્ષમાર્ગ અશુદ્ધ છે એમ નહિ પણ મોક્ષમાર્ગની પર્યાયની જોવું એક ભેદ છે માટે અશુદ્ધનય છે. પર્યાય છે ને ? અને ત્રિકાળી ભગવાન શુદ્ધ ચિદાનંદ પ્રભુ શુદ્ધનયનો વિષય છે. એ સમ્યગ્દર્શનનો વિષય કહો, શુદ્ધનયનો વિષય કહો કે ૧૧ મી ગાથામાં કહ્યું, ભૂતાર્થ આશ્રિત સમ્યગ્દર્શન થાય છે. એ ત્રિકાળ દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? પકડાય એટલું પકડો, પ્રભુ ! માર્ગ તો આ છે, ભાઈ ! અત્યારે તો બહુ ફેરફાર કરી નાખ્યો. આહા..હા...! ક્યાંનું ક્યાં... આહા..હા...! પદ્માવતી દેવી ને ફલાણા જક્ષ ને ક્યાંના ક્યાં બિચારા ભમે છે.

અહીં તો કહે છે કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ વિકલ્પ અને રાગ છે. આહા..હા...! એ બંધમાર્ગ છે. પરદ્રવ્ય આશ્રિત ભાવ થાય છે તો રાગ જ થાય છે. એ તો બંધમાર્ગ છે. પણ અહીંયાં તો ભગવાન ત્રિકાળી આનંદનો નાથ છે, એમાં સર્વસ્વ શક્તિ ભરી છે. અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત ઈશ્વરતા, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય જેના સ્વભાવની મર્યાદા નથી ! એક એક શક્તિની મર્યાદા નથી એવી શક્તિ અને એ શક્તિમાં અનંત અનંત સામર્થ્ય ! એવી અનંત શક્તિરૂપ ધ્રુવ ભગવાન દ્રવ્ય જે છે તે પર્યાયને અડતું નથી. આહા..હા...! ૪૯ ગાથામાં આવ્યું છે, 'સમયસાર' ૪૯. વ્યક્ત અવ્યક્તને. વ્યક્ત નામ પર્યાય અને અવ્યક્ત નામ દ્રવ્ય. બેનું એક સાથે જ્ઞાન થવા છતાં વ્યક્તને અવ્યક્ત સ્પર્શતું નથી. આહા..હા...! વ્યક્ત નામ પર્યાય અને અવ્યક્ત નામ દ્રવ્ય બેનું એક સાથે જ્ઞાન થવા છતાં.... આહા..હા..! વ્યક્તને અવ્યક્ત દ્રવ્ય સ્પર્શતું નથી. એ પાંચમો બોલ છે. છ બોલ છે ને ? છ બોલ. ૪૯ ગાથા. અવ્યક્તના છ બોલ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

અલિંગગ્રહણમાં છે. 'પ્રવચનસાર' ૧૭૨ ગાથામાં વીસ બોલ છે. એમાં ૧૮ મો બોલ છે. અર્થાવબોધરૂપ ગુણવિશેષને નહિ સ્પર્શનારો એ ભગવાનઆત્મા. દ્રવ્ય છે તે વિશેષમાં આવતું નથી. આહા..હા...! દ્રવ્ય તે વિશેષને સ્પર્શતું નથી. પંડિતજી ! આવો માર્ગ છે, પ્રભુ ! આહા..હા...! '....' આજે તો હિન્દીમાં ચાલે છે. ***આહા..હા...! એ વ્યક્તને દ્રવ્ય અડતું નથી, સ્પર્શતું નથી. પર્યાય પર્યાયમાં રહે છે, દ્રવ્ય દ્રવ્યમાં રહે છે. અને પર્યાય દ્રવ્યને અડતી નથી.*** એ વીસમો બોલ છે અને આ ઓગણીસમો બોલ છે. અર્થાવબોધરૂપ વિશેષ પર્યાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દ્રવ્યને આલિંગન કરતી નથી. આહા..હા...! જુઓ ! વીતરાગનું તત્ત્વ દર્શન, જુઓ ! ***આહા..હા...! મોક્ષમાર્ગની પર્યાય વ્યક્ત છે એ અવ્યક્ત નામ દ્રવ્યને સ્પર્શતી નથી. આહા..હા...!***

***શ્રોતા :– આશ્રય લ્યે છે.***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– આશ્રય લેતી જ નથી. આશ્રયનો અર્થ તે સન્મુખ થઈ તેને આશ્રય લીધો એમ કહેવામાં આવે છે. આહા..હા...! પર્યાય દ્રવ્ય-સન્મુખ થઈ તો દ્રવ્યનો આશ્રય લીધો એમ કહેવામાં આવે છે. પર્યાય દ્રવ્યને અડતી નથી તો આશ્રય કેવો ? આહા..હા...! જુઓ ! આ તત્ત્વજ્ઞાનની લહેર !***

મોક્ષમાર્ગની આનંદની અનુભવ દશા, ક્ષાયિક સમકિત, ક્ષાયિક યથાખ્યાત ચારિત્રની પર્યાય દ્રવ્યને અડતી નથી અને તે પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. દ્રવ્ય તેને અડતું નથી, દ્રવ્ય તેમાં આવતું નથી. પર્યાય અડતી નથી, પર્યાય દ્રવ્યમાં જાતી નથી. આહા..હા...! જાતી નથી કહે છે ને ? સમજાય છે કાંઈ ? અહીં આ વ્યાખ્યા છે. **'વ્યવહારનયકર ઔર મુક્તિ ભી વ્યવહારનયકર હૈ.'** બંધ અને મુક્તિ વ્યવહારનયથી છે. પર્યાય છે ને ? તો પર્યાય એ વ્યવહાર છે. આહા..હા...!

**'શુદ્ધનિશ્ચયનયકર ન બંધ હૈ, ન મોક્ષ હૈ,...'** છે ? આહા..હા...! શુદ્ધનિશ્ચય તો ત્રિકાળી વસ્તુ, દ્રવ્ય–વસ્તુ છે. તેમાં ન તો બંધ છે, ન મોક્ષ છે. આહા..હા...! અશુદ્ધનયકર બંધ છે. **'ઇસલિયે બંધકે નાશકા યત્ન ભી અવશ્ય કરના ચાહિયે.'** બંધના નાશનો પ્રયત્ન વ્યવહારનયનો વિષય આવે છે, હોય છે. શિષ્યે એમ પ્રશ્ન કર્યો હતો ને કે નિશ્ચયનયથી બંધ અને મોક્ષ આત્મામાં નથી તો મોક્ષનો પ્રયત્ન કરવો વ્યર્થ છે. શિષ્યનો આ પ્રશ્ન હતો કે બંધ અને મોક્ષ આત્મામાં નથી તો મોક્ષનો પ્રયત્ન કરવો વ્યર્થ થયો. તો કહે છે, સાંભળ તો ખરો, પ્રભુ ! બંધ પણ પર્યાયમાં છે અને મોક્ષ પણ પર્યાયમાં છે. વ્યવહારનયનો વિષય છે. બંધનો નાશ કરવામાં વ્યવહારનયનો વિષય નિશ્ચય મોક્ષમાર્ગ આવે છે. સમજાય છે કાંઈ ?

'પરમાર્થ વચનિકા' માં પણ કહ્યું છે, નહિ ? 'બનારસીદાસ' 'પરમાર્થ વચનિકા' છે ને ? 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં પાછળ લીધું છે, આપણે લીધું છે. હિન્દીમાં આવ્યું છે ? હિન્દીમાં ? 'મોક્ષમાર્ગ પ્રકાશક' ની પાછળ ત્રણ (વિષય) લીધા છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી', 'પરમાર્થ વચનિકા', 'ઉપાદાન-નિમિત્ત'. પાછળ ત્રણ વિષય લીધા છે. એમાં પણ એમ લીધું છે, દ્રવ્ય છે તે નિષ્ક્રિય નિશ્ચય છે. મોક્ષમાર્ગ નિશ્ચય સાધના તે વ્યવહાર છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ક્ષાયિક સમકિત વ્યવહારનયનો વિષય છે, કેવળજ્ઞાન વ્યવહારનયનો વિષય છે. પર્યાય છે ને ? યથાખ્યાત ચારિત્ર વ્યવહારનયનો વિષય છે, મોક્ષ વ્યવહારનયનો વિષય છે. પર્યાય છે. અરે...! મૂળ તત્ત્વની ખબર ન મળે. બહારથી આમ કરો ને આમ કરો ને આમ કરો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અહીં તો દ્રવ્ય પર્યાયને કરતી નથી. પર્યાય રાગને કરતી નથી, રાગ પરદ્રવ્યની પર્યાયને કરતું નથી. વિકલ્પ છે તે પરની પર્યાયને, જડની કોઈ પર્યાયને કરતી નથી અને નિર્મળ પર્યાય રાગને કરતી નથી અને નિર્મળ ભગવાનઆત્મા નિર્મળ પર્યાયને કરતું નથી. આહા..હા...! સમજાય એવી વાત છે. લોજીકથી–ન્યાયથી તો કહેવામાં આવે છે. આ વીતરાગનો માર્ગ તો ન્યાયથી છે. સમજાય છે કાંઈ ?

**'અશુદ્ધનયકર બંધ હૈ, ઇસલિયે બંધકે નાશકા યત્ન ભી અવશ્ય કરના ચાહિયે.'** બંધના નાશનો અર્થ મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગ વ્યવહાર છે. બંધ પણ અસદ્‌ભુત વ્યવહાર છે, આ સદ્‌ભુત વ્યવહાર છે. આહા..હા...! આહા..હા...! પણ એ બન્ને છે તો અશુદ્ધનયનો વિષય.

શ્રોતા :– કોઈવાર તો આપ શુદ્ધનયનો વિષય કહો છો !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ કઈ અપેક્ષાથી ? એ તો શુદ્ધતાની અપેક્ષાએ, બાકી છે તો અશુદ્ધનયનો વિષય. વ્યવહારનયનો કહો, પર્યાયનયનો કહો કે અશુદ્ધનો કહો. ત્રિકાળ છે તે શુદ્ધનયનો વિષય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? 'પ્રવચનસાર' માં એમ લીધું છે. ૪૭ નય છે ને ? છેલ્લે ૪૭ નય છે ને ? આત્મદ્રવ્ય અશુદ્ધનયે ઘટ અને રામપાત્રની વિશેષ માટીપાત્રની માફક સોપાધિક સ્વભાવવાળું છે. આહા..હા...! આત્મદ્રવ્ય શુદ્ધનયે કેવળ માટીમાત્રની માફક નિરૂપાધિ સ્વભાવવાળું છે. આહા..હા...! આત્મદ્રવ્ય એકલું ત્રિકાળી શુદ્ધનયે માટીમાત્રની માફક. માટીના વાસણ સહિત માટીને જોવી એ તો વ્યવહારનય થઈ ગયો, અશુદ્ધનય થયો. ***એમ ભગવાનઆત્માને નિર્મળ પર્યાય સહિત લક્ષમાં લેવો એ તો વ્યવહારનયનો અશુદ્ધનયનો વિષય છે. આહા..હા...!*** 'પ્રવચનસાર' માં છે. ભાઈ ! આવી વાત છે. ક્યાંય દૂરથી આવ્યા છે. આહા..હા...! 'દિલ્હી' થી આવ્યા છે ? આહા..હા...!

અહીં તો આત્મદ્રવ્ય એ ત્રિકાળી અને મોક્ષ ને મોક્ષની વર્તમાન પર્યાય ! ***એ ત્રિકાળી તે શુદ્ધનયનો અથવા સમ્યગ્દર્શનનો વિષય છે અને મોક્ષનો માર્ગ અને મોક્ષ એ વ્યવહારનયનો વિષય જાણવા લાયક છે. આહા..હા...! એ મોક્ષનો માર્ગ અને મોક્ષ આદરવા લાયક નથી.***

શ્રોતા :– પ્રગટ કરવા લાયક છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રગટ કરવા લાયક છે એ બીજી વાત છે. એ તો પુરુષાર્થથી અશુદ્ધનયે વ્યવહારનયે પ્રગટ થાય છે. મોક્ષ પ્રગટ કરવા લાયક છે એમ તો અહીં કહ્યું ને ? 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં. મોક્ષ છે એ પરમ હિતકર છે. સંવર છે તે ઉપાદેય છે, નિર્જરા છે તે હિતકર છે. આસ્રવ છે તે અહિતકર છે. આહા..હા...! એ તો જ્ઞાન કરાવ્યું છે.

અહીંયા તો કહે છે, સંવર ઉપાદેય કહ્યો એ પણ પ્રગટ કરવાની અપેક્ષાએ (કહ્યો). બાકી ઉપાદેય તો ત્રિકાળી ધ્રુવ છે તે ઉપાદેય છે. પંડિતજી ! આવી વાત છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આત્મદ્રવ્ય અશુદ્ધનયે ઘટ અને રામપાત્રની વિશેષ માટીમાત્રની માફક. ઘડો અને રામપાત્રની પર્યાયની વિશેષતા સહિત માટી એ અશુદ્ધનયનો વિષય છે. એમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાનઆત્મા, એની નિર્મળ પર્યાય સહિતનો એને જોવો એ વ્યવહારનયનો વિષય છે, અશુદ્ધનયનો વિષય છે. આહા..હા...! ભગવાનઆત્મા ત્રિકાળી જે પર્યાય વિનાની ચીજ દ્રવ્ય છે તે ઉપાદેય છે. એ અહીંયા કહેશે, જુઓ ! આહા..હા...!

**'ઇસલિયે બંધકે નાશકા યત્ન ભી અવશ્ય કરના ચાહિયે. યહાં યહ અભિપ્રાય હૈ,...'** જુઓ ! **'યહાં યહ અભિપ્રાય હૈ, કિ સિદ્ધ સમાન યહ અપના...'** સિદ્ધ સમાન નામ પર્યાય નહિ. ત્રિકાળી. સમજાણું કાંઈ ? **'સિદ્ધ સમાન યહ અપના શુદ્ધાત્મા વીતરાગ નિર્વિકલ્પસમાધિમેં લીન પુરુષોંકો ઉપાદેય હૈ,...'** આ..હા..હા...! કહે છે કે એવો ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ ધ્રુવ કોને ઉપાદેય છે ? - કે જેણે શુદ્ધાત્માનુભૂતિમાં દ્રવ્યને લક્ષમાં - દૃષ્ટિમાં લીધો છે તેને ઉપાદેય છે. શું કહ્યું સમજાણું ?

શુદ્ધ અનુભૂતિવાળાને આ આત્મા ઉપાદેય છે. આમ ઉપાદેય માનવું એ તો ધારણાનો વિષય થઈ ગયો. આહા..હા...! સમજાય છે કાંઈ ? ત્રિકાળી ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ જે શુદ્ધનયનો વિષય છે, પણ ક્યારે તેને ઉપાદેય કહેવાય ? આહા...હા...! તેના સન્મુખની શુદ્ધાત્માનુભૂતિ થાય તે કાળે તે આત્મા ઉપાદેય છે. સમજાય છે કાંઈ ? સમ્યગ્દૃષ્ટિને જ તે ઉપાદેય છે. એમ ને એમ ઉપાદેય ઉપાદેય કહે, તે શું ? આ ત્રિકાળી ઉપાદેય છે એવું પરિણમન થયું તેને ઉપાદેય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ નિર્મળ અનુભૂતિ થઈ એ અનુભૂતિના કાળમાં ઉપાદેય છે. તેનો આશ્રય લીધો અને એ (નિર્મળ અનુભૂતિ થઈ) તો એ અનુભૂતિમાં એ ઉપાદેય છે. આવી વાત છે, ભગવાન ! આહા..હા...! અરે..રે...! આવી વાતને લોકો નિશ્ચય કરીને તોડી નાખે. અરે...! પ્રભુ ! માર્ગ તો આ છે, હોં !

***તારા હિતના પંથ તો આ છે, ભાઈ ! બીજી રીતે કરવા જઈશ, પ્રભુ ! (તો) હાથ નહિ આવે. આહા..હા...! સંસારમાં રખડવું પડશે, ભાઈ ! જન્મ-મરણ કરી કરીનો હોથા નીકળી ગયા છે. નરક ને નિગોદના ભવ કરીને. આહા..હા...! એક શ્વાસમાં નિગોદના અઢાર ભવ. બાપુ ! કેટલું દુઃખ હશે, ભાઈ ! આહા..હા...! તારા આનંદના નાથના વિરહમાં આવા દુઃખ તેં સહન કર્યા. આહા..હા...! ઝઘડા ઊભા કરે. આ નયે આમ કહ્યું છે ને આ નયે (આમ કહ્યું છે). બધું છે, સાંભળને ! આહા..હા...!***

અહીંયાં તાત્પર્ય અભિપ્રાય એ છે કે **'સિદ્ધ સમાન યહ અપના શુદ્ધાત્મા...'** ત્રિકાળી, હોં ! **'વીતરાગ નિર્વિકલ્પસમાધિમેં લીન...'** આહા..હા...! રાગરહિત થઈને સ્વભાવ સન્મુખની વીતરાગ નિર્વિકલ્પ શાંતિ, સમાધિ એટલે શાંતિ. વીતરાગ નિર્વિકલ્પ આનંદની શાંતિના કાળમાં તે ઉપાદેય છે. આહા..હા...! એણે આત્માને આદર્યો. એણે આત્માનો આદર કર્યો. આહા...હા...! શુદ્ધાત્માનુભૂતિના કાળમાં એણે આત્માને ઉપાદેય માન્યો. આહા..હા...! **'લીન પુરુષોંકો ઉપાદેય હૈ, અન્ય સબ હેય હૈં.'** આહા..હા...! પર્યાય આદિ બધું હેય છે. એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



૬૮ ગાથા પૂરી થઈ, લ્યો ! ત્રણ દિવસથી આપણે ચાલે છે. આ નવા મહેમાન આવ્યા છે ને. છેલ્લી લીટીમાં આટલું ભર્યું છે, માલ ભર્યો છે. પાર ન આવે એવી વાત છે, બાપા ! એ ગણધર પૂરું કરી શકે સંતો પૂરું કરી શકે એવી વાત છે.

વસ્તુ-વસ્તુ છે ને ? તત્ત્વ છે ને ? અસ્તિ પદાર્થ છે ને ભગવાન ? ત્રિકાળ, હોં ! અસ્તિ પદાર્થનો સ્વભાવ અસ્તિરૂપ અનંત છે. આહા..હા...! એવો અનંત સ્વભાવ સંપન્ન ભગવાન સિદ્ધ સમાન દ્રવ્ય, હોં ! તેની સન્મુખ થઈને શુદ્ધાત્માની અનુભૂતિના કાળમાં આ આત્મા ઉપાદેય થયો. આહા..હા...! આમ શાસ્ત્રથી ખ્યાલમાં લીધો કે આ ઉપાદેય છે, પણ તે ઉપાદેય થયો તો નહિ.

શ્રોતા :– શાસ્ત્ર સાંભળીને પણ 'આ ઉપાદેય છે' એમ ના થયું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– જ્ઞાનની પર્યાયમાં એમ થયું પણ શ્રદ્ધાની પર્યાયમાં, અનુભૂતિની પર્યાયમાં આ ઉપાદેય છે એમ ક્યાં આવ્યું ? અનંત પુરુષાર્થ છે. આહા..હા...! કરવું છે તો આ જ કરવું છે, બાકી બધું હેય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'समाधिरतो मुक्तजीवसद्दशः'** જુઓ ! એમ લીધું છે ને ? **'मुक्तजीवसद्दशः'** એમ લીધું છે. એટલે સિદ્ધ સમાન લીધું. **'स्वशुद्धात्मोपादेय इति भावार्थः'** લ્યો ! આ સિદ્ધ સમાન લીધું ને ? એ **'मुक्तजीवसद्दशः'** ની વ્યાખ્યા કરી. એ ૬૮ ગાથા થઈ, (હવે) ૬૯.

**'આગે નિશ્ચયનયકર જીવકે જન્મ, જરા, મરણ, રોગ, લિંગ, વર્ણ, ઔર સંજ્ઞા નહીં હૈ,...'** આહા..હા...! **'આત્મા ઇન સબ વિકારોંસે રહિત હૈ,....'** આહા..હા...! એ તો નિર્મળાનંદ પ્રભુ ત્રિકાળ વિજ્ઞાનઘન પ્રભુ એ આ બધા વિકારથી રહિત છે. **'ઐસા કહતે હૈં.'** એ વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** જીવને જે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય અને જે પર્યાય થાય તેનો તે ઉત્પત્તિનો કાળ છે, તે જન્મક્ષણ છે, તે કાળલબ્ધિ છે. જે પર્યાય થાય તેને વ્યયની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી ને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી, પર્યાયના ષટ્કારકો વડે તે પર્યાય સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. તેથી તારી જે સમયે જે પર્યાય થાય, બાપુ! તેનો તું કર્તા કેમ થાય છે? એક પછી એક ક્રમે અને નિશ્ચયથી જે પર્યાય થવાની હોય તે જ થાય, બીજે સમયે જે પર્યાય થવાની હોય તે થાય, એમ અનાદિ અનંત ક્રમસર નિશ્ચિતપણે પર્યાયો થાય છે. ૪૩૮**

**– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી કળશટીકા, શ્લોક–૬૧ થી ૬૨, પ્રવચન નં. ૭૮
## તા. ૨૭-૦૮-૧૯૭૭
## [૨]

'કળશટીકા' 'કર્તા-કર્મ અધિકાર'. ૬૧ કળશ ચાલે છે ને ? ભાવાર્થ છે. ભાવાર્થ છે ને ? **'જીવદ્રવ્ય અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે, શુદ્ધ ચેતનારૂપ પરિણમે છે,...'** શું કહે છે ? ચાહે તો જીવ–આત્મા શુદ્ધ સિદ્ધપણે એવા મોક્ષમાર્ગપણે પરિણમો કે ચાહે તો અશુદ્ધપણે પરિણમો પણ પરનો કર્તા તો એ છે નહિ. સમજાય છે કાંઈ ? 'કર્તા-કર્મ અધિકાર' છે ને ? પોતાના પરિણામ શુદ્ધ ચૈતન્ય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે થાઓ... અહીંયા તો સિદ્ધપણે થાઓ એમ લીધુ છે. પોતાની પર્યાયમાં સિદ્ધપર્યાયપણે પરિણમો તો એ સિદ્ધપર્યાયનો કર્તા અને સિદ્ધપર્યાય કર્મ (છે). એ કર્તા-કર્મ છે, તે પણ ઉપચારથી છે. આહા..હા...! ***તેમ આત્મા કર્તા અને શુદ્ધ પરિણતિ કાર્ય એ ઉપચાર વ્યવહાર છે. આહા..હા...! પરમાર્થથી તો શુદ્ધ પરિણતિ જ કર્તા અને તે જ કર્મ છે. સમજાય છે કાંઈ ?***

પોતાનો આત્મા પોતાના સ્વભાવના આશ્રયે શુદ્ધ ચેતનપણે પરિણમન કરે. ક્રમબદ્ધની મોટી તકરાર છે ને ? 'પ્રિયંકરજી' લાવ્યા છે કે અમે ક્રમબદ્ધ તો કબુલ કરીએ છીએ. એમ કે વાત તો એમની સત્ય છે એટલું તો કહ્યું. પછી આપણે 'પ્રિયંકરજી' ને બોલાવવા છે ને ? વ્યાખ્યાન પછી. મારે એ કોઈ વ્યક્તિનું કામ નથી. ક્રમબદ્ધનો જો નિર્ણય થાય તો ચારે અનુયોગનો સાર વીતરાગતા છે. સમજાય છે કાંઈ ? ચારે અનુયોગનો સાર, 'પંચાસ્તિકાય' ની ૧૭૨ ગાથા, ચારે અનુયોગનો સાર વીતરાગતા છે. એ વીતરાગતાની પ્રાપ્તિ થવી એનો અર્થ એ થયો કે સ્વદ્રવ્યનો આશ્રય કરે તો વીતરાગતા પ્રાપ્ત થાય. ક્રમબદ્ધના નિર્ણયમાં પણ સ્વદ્રવ્યનો આશ્રય કરવો એ તેનો નિર્ણય છે. 'ધન્નાલાલજી' ! આહા..હા...!

૩૦ વર્ષ પહેલા અહીંયાં પ્રવચન હોલમાં વિદ્વત પરિષદ ભરી હતી ત્યારે 'લાલબહાદુરે' કબુલ કર્યું હતું કે ક્રમબદ્ધ છે. હજી એ વખતે 'જગનમોહનલાલજી' ના પાડતા હતા. એને વ્યવહારુ વાત હતી ને ? એને 'લાલબહાદુર' કહે, ક્રમબદ્ધ બરાબર છે. અને તે પણ કહે છે કે ક્રમબદ્ધનો નિર્ણય જો આપણે કરીએ તો તો 'સોનગઢ' ની વાત સાચી ઠરશે અને આપણી જૂઠી ઠરશે. અરે...! ભગવાન ! અહીંયા તો સત્ય શું છે એ વાત છે. કોઈની વાત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રહે અને કોઈની વાત ન રહે એનું શું કામ છે ? પ્રભુ !

અહીંયા તો કહે છે કે આત્મા જે શુદ્ધ પરિણમન કરે છે... આહા..હા...! તેનો કર્તા આત્મા છે અને શુદ્ધ પરિણમન કાર્ય છે. કર્મનો અભાવ થયો તે શુદ્ધ પરિણતિનું કાર્ય છે એમ છે નહિ. કર્મનો અભાવ થયો, કર્મનો નાશ થયો તો અહીંયા શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ એમ નથી. શુદ્ધ પરિણતિનો કર્તા આત્મા અને જે શુદ્ધ પરિણમન–ધર્મની પરિણતિ થાય છે તે તેનું કાર્ય છે, તે પણ ઉપચારથી છે. કેમ કે ***દ્રવ્ય અને પર્યાય વચ્ચે કર્તા-કર્મ કહેવું તે ઉપચારથી છે. આહા..હા..હા..હા..!***

શરીર, વાણી, પરજ્ઞેયનો કર્તા તો છે જ નહિ. સમજાય છે કાંઈ ? એ તો આપણે પરિણમ્યપરિણામકત્વ શક્તિમાં બપોરે આવી ગયું. પરિણમ્યપરિણામકત્વ શક્તિ. તેનો અર્થ કે આત્મા પરજ્ઞેયને જાણવાના સ્વભાવવાળો ગ્રહણ કરનારો છે. પરદ્રવ્યમાં ચાહે તો અરિહંત હો અને પંચ પરમેષ્ઠી હો કે અનંત નિગોદના જીવ હો, તેને પોતાના પ્રમાણજ્ઞાનમાં ગ્રહણ કરવાનો સ્વભાવ છે, જાણવાનો સ્વભાવ છે. પરદ્રવ્યના કર્તાનો સ્વભાવ નથી, પરદ્રવ્યથી પોતામાં જ્ઞાન થાય છે તેનો કર્તા પરદ્રવ્ય છે એમ પણ નથી. આહા..હા...! પોતાનો સ્વભાવ પરજ્ઞેયને જાણવાનો છે તે પ્રમાણ છે. પરિણમ્યપરિણામકત્વ શક્તિ બપોરે ચાલે છે ને ? તો પરિણમ્યનો અર્થ પ્રમાણ અને પરિણામકત્વ એટલે પ્રમેય. પોતાનો સ્વભાવ પરજ્ઞેયને જાણવાનો–ગ્રહણ કરવાનો છે અને પોતાનો સ્વભાવ પરજ્ઞાનમાં ગ્રહણ કરાવવાનો સ્વભાવ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

જ્ઞાની પરમાત્મા અથવા શ્રુતજ્ઞાની કે મતિજ્ઞાનીમાં પોતાનો આત્મા પ્રમેય થઈ તેમના પ્રમાણજ્ઞાનમાં જાણવાલાયક છે, પરને પ્રમેય તરીકે ગ્રહણ કરાવવાલાયક છે અને પરને ગ્રહણ કરવાલાયક છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? તો એમાં તો શુદ્ધ પરિણતિ પણ પોતાનું કાર્ય છે અને પોતાનો આત્મા કર્તા છે તે પણ તેનો વ્યવહાર થયો. પરનો કર્તા તો નહિ, પરથી પોતામાં કેવળજ્ઞાન થાય છે કે શુદ્ધ પરિણતિ થાય છે એ તો છે નહિ. આહા..હા...!

ક્રમબદ્ધના નિર્ણયનો સાર તો વીતરાગતા છે. ક્રમબદ્ધ કહેવામાં પણ વીતરાગતા કહેવી છે. તો વીતરાગતા ક્યારે થાય ? સ્વદ્રવ્યના આશ્રયે થાય છે. તો જિનની આજ્ઞા તો એ છે, ભૂતાર્થ આશ્રિત સમ્યગ્દર્શન થાય છે. ૧૧ મી ગાથા. 'भूदत्थ मस्सिदो खलु' જે સત્યાર્થ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ છે તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. તો તેનો આ અર્થ થયો. ભગવાનની આજ્ઞા ક્રમબદ્ધનો નિર્ણય કરાવવાની છે તેમાં વીતરાગતા બતાવવી છે અને એ વીતરાગતા સ્વદ્રવ્યના આશ્રયે પ્રગટ થાય છે. પરદ્રવ્યના આશ્રયે પ્રગટ થતી નથી. પરદ્રવ્ય તો વ્યવહાર પરાશ્રિત છે. પરાશ્રિતમાં તો રાગ ઉત્પન્ન થાય છે. આહા..હા..!

નિશ્ચય સ્વઆશ્રિત છે, વ્યવહાર પરાશ્રિત છે. તો વ્યવહાર તો પંચ પરમેષ્ઠી હો કે નિગોદના અનંત જીવ હો, એમ જે બતાવ્યું એ નિગોદના જીવની દયા પાળવાલાયક છે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એના માટે બતાવ્યું નથી. આહા..હા...! એ અનંત નિગોદના જીવ છે તેમને તારા જ્ઞાનમાં ગ્રહણ કરવાનો તારો સ્વભાવ છે એ બતાવવું છે. સમજાય છે કાંઈ ? પરની દયા પાળવા માટે બતાવ્યું છે, એમ નથી. સમજાય છે કાંઈ ? ફક્ત પોતાના જ્ઞાનમાં–પ્રમાણજ્ઞાનમાં પર અનંત જ્ઞેયો પરમેષ્ઠી આદિ પદાર્થનું જ્ઞાન કરવાનો સ્વભાવ છે. ગ્રહણ નામ જ્ઞાન કરવાનો સ્વભાવ છે અને પોતાનો સ્વભાવ પરના જ્ઞાનમાં ગ્રહણ કરાવવાનો સ્વભાવ છે. અર્થાત્ પ્રમાણરૂપ પણ આત્મા છે અને પ્રમેયરૂપ પણ આત્મા છે. એ એક શક્તિ આપણે ચાલી ગઈ.

અહીંયાં તો એ કહ્યું ને કે શુદ્ધ પરિણતિનો કર્તા પણ આત્મા નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? અહીંયાં તો સિદ્ધ કર્યું છે કે શુદ્ધ પરિણતિપણે આત્મા પરિણમો કે અશુદ્ધપણે પરિણમો પણ પોતાની પરિણતિનો કર્તા છે, પરનો કર્તા તો છે નહિ, એટલું સિદ્ધ કરવું છે. આહા..હા...! અને અશુદ્ધ પરિણતિપણે પરિણમે છે તો તેટલા પ્રમાણમાં સામે કર્મનું બંધન થાય છે. એટલા જ પ્રમાણમાં, જેટલા રાગ-દ્વેષ કે અજ્ઞાન થયા છે તે જ પ્રમાણે સામે (કર્મ બંધાય છે). છતાં એ બંધની પર્યાયનો કર્તા આત્મા નથી. આહા..હા...! તો પછી શરીર ને વાણી ને દેશ ને પરની ક્રિયા આત્મા કરી શકે એમ છે નહિ. હા, પરને ગ્રહણ કરવાનો–જ્ઞાન કરવાનો સ્વભાવ છે. પરનો કર્તાપણાનો અથવા પરથી પોતામાં કાંઈક થાય એવો કોઈ સ્વભાવ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીંયા ભાવાર્થમાં એ કહ્યું, **'જીવદ્રવ્ય અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે,...'** ***વિકારરૂપ પરિણમે તો પણ વિકારનો કર્તા અને વિકાર તેનું કર્મ, એ પણ પર્યાયમાં છે. દ્રવ્ય અશુદ્ધતાનો કર્તા અને અશુદ્ધતા દ્રવ્યનું કાર્ય છે, એમ પણ નથી.*** શું કહ્યું ઇ ? જે અશુદ્ધ પરિણતિ છે તેનો દ્રવ્ય કર્તા છે અને દ્રવ્યનું તે કાર્ય છે એમ નથી. કેમ ? દ્રવ્યમાં કોઈ એવી શક્તિ નથી કે વિકારપણે પરિણમે. અનંત શક્તિઓ છે એ શુદ્ધ છે અને શુદ્ધપણે પરિણમવું તે શક્તિનું કાર્ય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ વાત છે, ભાઈ !

અશુદ્ધ પરિણમન થાય એ પર્યાયમાં ષટ્કારકરૂપ પરિણમન છે. એ વાત તો ત્યાં ૨૦ વર્ષ પહેલા 'વર્ણીજી' સાથે થઈ હતી. 'પંચાસ્તિકાય' ની ૬૨ ગાથા. અશુદ્ધ પરિણમન, એક સમયમાં ષટ્કારકનું પરિણમન પર્યાયમાં પર્યાયથી છે, દ્રવ્ય-ગુણથી નહિ, પરથી તો છે જ નહિ. સમજાય છે કાંઈ ? એ કહે છે. ચાહે તો અશુદ્ધ પરિણમન પરિણમો કે ચાહે તો શુદ્ધ ચેતનારૂપ પરિણમો. આહા..હા...! છે ? ઘણી ગંભીર વાત છે. એટલી વાત અહીંયા કરી છે. ***આત્મા પરિણમો. એ પણ વ્યવહારથી છે. દ્રવ્ય પરિણમતું નથી, પર્યાય પરિણમે છે. સમજાય છે કાંઈ ?*** 'નંદકિશોરજી' ! ઝીણી વાત છે, ભગવાન ! આહા..હા...!

અશુદ્ધ પરિણતિ–પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ–સાધન પણ એ ! પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન, પર્યાય અધિકરણ ! ***એક સમયની પર્યાયમાં ષટ્કારકનું પરિણમન છે, જેને***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***(પોતાના) દ્રવ્ય-ગુણની અપેક્ષા તો નથી તો પરની અપેક્ષા તો છે જ નહિ.*** આ મોટા ઝઘડા છે ને ? 'રતનચંદજી' ગયા. ભાઈ ગયા ને ? ... 'સહરાનપુર'. 'રતનચંદજી' એ કહે છે કે કર્મથી વિકાર થાય છે, કર્મથી વિકાર થાય છે. આહા..હા...! અહીંયા ના પાડે છે. અશુદ્ધ પરિણતિ પોતાથી થાય છે. સમજાય છે કાંઈ ? પરથી નહિ. એ પણ પોતાના દ્રવ્યથી થાય છે તે પણ વ્યવહાર છે. અશુદ્ધ પરિણતિ પર્યાયમાં ષટ્કારકથી પરિણમે છે એ વસ્તુનો સ્વતંત્ર સ્વભાવ છે. સમજાય છે કાંઈ ?

**'શુદ્ધ ચેતનારૂપ પરિણમે છે,...'** મોક્ષમાર્ગરૂપે પરિણમે છે એ જ્ઞાનચેતના છે. આ અશુદ્ધચેતના અશુદ્ધપણે પરિણમવું એ કર્મ અને કર્મફળ ચેતના છે. સમજાય છે કાંઈ ? અને આ શુદ્ધ ચેતનારૂપ પરિણમવું એ જ્ઞાનચેતના છે. અર્થાત્ જ્ઞાન શબ્દે ભગવાનઆત્મા શુદ્ધ શક્તિ અને શુદ્ધ દ્રવ્યનું શુદ્ધ પરિણમન થાય એ તો શક્તિ શુદ્ધ છે તો પરિણમન શુદ્ધ છે, એમ માનવું એ પણ હજી વ્યવહાર છે. આહા..હા...! બાકી શુદ્ધ પરિણતિનું પર્યાયમાં ષટ્કારકને કારણે શુદ્ધ પરિણતિ કર્તા, શુદ્ધ પરિણતિ કાર્ય, શુદ્ધ પરિણતિ કરણ, શુદ્ધ પરિણતિ અપાદાન, શુદ્ધ પરિણતિ સંપ્રદાન, શુદ્ધ પરિણતિ આધાર. આહા..હા...! એક પર્યાયમાં ષટ્કારકના શુદ્ધ પરિણમનમાં આત્મા કર્તા છે. આત્મા ભિન્ન છે. આહા..હા...! 'ધન્નાલાલજી' !

શ્રોતા :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– અહીં કહ્યું પણ અહીંયા વ્યવહારથી કહ્યું છે, ફક્ત પરથી ભિન્ન પાડવા માટે કહ્યું.

શ્રોતા :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બન્ને યથાર્થ છે. આ માનવાનું ફળ શું ? અશુદ્ધ પરિણતિ પોતાથી થાય છે, પરથી નહિ એનું ફળ શું ? તાત્પર્ય શું ? અશુદ્ધ પરિણતિ તારાથી થાય છે એવું વાક્ય આવ્યું. તો વીતરાગતા તો એમ કહે છે કે અમારા અનુયોગદ્વારનો સાર તો વીતરાગતા છે. તો અશુદ્ધ પરિણતિ તારાથી થઈ તેનું તાત્પર્ય શું ? - કે અશુદ્ધ પરિણતિની દૃષ્ટિ છોડી દે. આહા..હા...! અને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની દૃષ્ટિ કર ! એ અશુદ્ધ પરિણતિનું પરિણમન તારાથી છે તેનું તાત્પર્ય આ છે. સમજાય છે કાંઈ ? કેમ કે એ તો ૧૭૨ ગાથામાં આવી ગયું કે સર્વ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ચાહે તો કરણાનુયોગ હો, ચરણાનુયોગ હો, કથાનુયોગ હો કે દ્રવ્યાનુયોગ હો તેનો સાર–તાત્પર્ય–રહસ્ય વીતરાગતા છે. તો એ વીતરાગતા કેમ થાય ? શું પરલક્ષે થાય છે ? વ્યવહાર પરાશ્રિતથી તો રાગ થાય છે. આહા..હા...! વીતરાગતા સ્વઆશ્રયે થાય છે. છતાં આશ્રય લે છે એમ અહીંયા ન લેવું. ફક્ત સ્વ ઉપર લક્ષ જાય છે. સમજાય છે કાંઈ ? એ કારણે તેને આશ્રય કહ્યું.

આ પ્રશ્ન બહુ ચાલ્યો હતો. 'ન્યાલચંદભાઈ સોગાની'. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'. પછી એ પ્રશ્ન બહુ ચાલ્યો હતો કે પર્યાયને દ્રવ્યનો આશ્રય (લેવો) એ તો પરાધીન થઈ ગઈ. સમજાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે કાંઈ ? 'લાલચંદભાઈ' ! ખબર છે ? એ પ્રશ્ન (ચાલેલો). એમણે આ છપાવ્યું છે ને ? 'લાલચંદભાઈ' અને 'શશીભાઈ' એ. એમાં આ ચર્ચા થઈ હતી. દ્રવ્યનો આશ્રય ? પર્યાય સ્વતંત્ર છે તે આશ્રય લે ? તેનો અર્થ એટલો કે લક્ષ આમ (પર તરફ) છે તે આમ (અંતરંગમાં) જાય છે એટલું. સમજાય છે કાંઈ ? પર્યાયનું લક્ષ પર ઉપર છે એ પર્યાય તો ત્યાં રહી. એ પર્યાય અંદરમાં લક્ષ નહિ કરી શકે. જે પર્યાય પરલક્ષમાં છે એ અશુદ્ધતા છે એ તો ત્યાં રહી. હવે એનું તાત્પર્ય–અશુદ્ધ પરિણમન કરવામાં તું સ્વતંત્ર છો, એનું તાત્પર્ય શું ? કે પછીની પર્યાયમાં દ્રવ્યનો આશ્રય લેવો અને વીતરાગતા ઉત્પન્ન કરવી એ તેનું તાત્પર્ય છે. આહા..હા...!

શ્રોતા :– કાલ તો આપે સમજાવ્યું હતું કે દ્રવ્ય તે પર્યાયને અડતુ જ નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો કહ્યું હતું ને. હજી પણ કહીએ છીએ ને. કાલે અવ્યક્તના છ બોલ ચાલ્યા હતા. ૪૯ ગાથા. એમાં પાંચમા બોલમાં તો એમ કહ્યું કે વ્યક્ત-અવ્યક્ત. વ્યક્ત નામ પર્યાય અને અવ્યક્ત નામ દ્રવ્ય. બેનું એક સમયમાં સાથે મિશ્રિત જ્ઞાન થવા છતાં વ્યક્તને અવ્યક્ત સ્પર્શ કરતું નથી. સમજાય છે કાંઈ ? હવે તમારો રાત્રિનો પ્રશ્ન (હતો કે) અલિંગગ્રહણમાંથી કાંઈક કહેવું. તો એની સામે આ છે કે પર્યાય દ્રવ્યને સ્પર્શ કરતી નથી. ત્યાં આવ્યું કે દ્રવ્ય પર્યાયને સ્પર્શ કરતું નથી. છ બોલમાં પાંચમો બોલ. ભગવાન ! સૂક્ષ્મ વાત સાદી ભાષામાં આવે છે. ભાવ ભલે ગંભીર હો પણ ભાષા કોઈ સંસ્કૃત ને એવી નથી, કઠણ નથી. આહા..હા...!

કહે છે કે ***એક સમયમાં વ્યક્ત નામ પર્યાય અને અવ્યક્ત નામ દ્રવ્ય, બેને એક સમયમાં જાણવા છતાં વ્યક્તને અવ્યક્ત સ્પર્શ કરતું નથી. દ્રવ્ય પર્યાયને સ્પર્શ કરતું નથી.*** એ આવ્યું. તો વીતરાગતા સ્વતંત્ર થઈ. હવે અલિંગગ્રહણનો ૧૮ મો બોલ. ૧૮, ૧૯ અને ૨૦. અલિંગગ્રહણમના વીસ બોલમાં ૧૮ મા બોલમાં એમ છે કે ગુણવિશેષને ગ્રહણ નહિ કરનારો અર્થાવબોધરૂપ ગુણ, અર્થાવબોધરૂપ ગુણવિશેષનો આશ્રય નહિ કરનારો એવો દ્રવ્ય સ્વભાવ છે, એવું દ્રવ્ય છે. સમજાય છે કાંઈ ? શું કહ્યું ? ગુણવિશેષને–ભેદને સ્પર્શ નહિ કરનારું એવું દ્રવ્ય છે. આહા..હા...! કાલે રાત્રે શેઠે પૂછ્યું હતું, નહિ ? - કે આ થોડું કહેવું. સમજાય છે કાંઈ ?

અર્થાવબોધરૂપ ગુણવિશેષ. સાંભળો ! અર્થાવબોધ શબ્દ પડ્યો છે, અવબોધ. અર્થાવબોધ. અર્થ–પદાર્થનો, અવબોધ–જ્ઞાન. અવબોધ કહ્યું તો ત્યાં એકલું જ્ઞાન ન લેવું. અર્થાવબોધ ગુણવિશેષ એમ લેવું. અર્થાવબોધ ગુણવિશેષ. અહીં પાઠ તો એટલો લીધો છે–અવબોધ. પણ દ્રવ્યમાં જેટલા ગુણ છે એ ગુણવિશેષ. અર્થાવબોધરૂપ ગુણવિશેષને નહિ સ્પર્શનારું એવું દ્રવ્ય છે. ***અરે...! એ દ્રવ્ય જ એવું છે કે ગુણભેદને સ્પર્શ કરતું જ નથી.*** સમજાય છે કાંઈ ? તેને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. ૨૦ બોલમાં ૧૮ મો બોલ. આહા..હા...! સમજાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે કાંઈ ? ધીમે ધીમે કહીએ છીએ. એને વિચાર કરવામાં અવસર રહે.

અર્થાવબોધરૂપ ગુણવિશેષ જેને સ્પર્શ કરતો નથી એવો દ્રવ્ય સ્વભાવ–દ્રવ્ય છે. એનો અર્થ એ થયો કે ગુણી અને ગુણનો ભેદ પણ નથી. આહા..હા...! ગુણી દ્રવ્ય અને ગુણ શક્તિ, એવી ભેદની દૃષ્ટિ પણ નહિ. આહા..હા...! એ ગુણ ગુણીને, ગુણી ગુણને ગ્રહણ કરે છે એમ નથી. ગુણી તો દ્રવ્ય સ્વભાવ છે. ભેદને–અર્થાવબોધને ગ્રહણ કરતું નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

૧૯ મો બોલ. પર્યાયવિશેષ, અર્થાવબોધરૂપ પર્યાયવિશેષને નહિ સ્પર્શવાવાળું દ્રવ્ય છે. શું કહ્યું ? સૂક્ષ્મ વાત છે. ભાઈ ! 'પ્રવચનસાર' ભગવાનની દિવ્ય (વાણી). પ્ર–દિવ્ય વચન, દિવ્યધ્વનિ. દિવ્યધ્વનિ કહો, પ્રવચન કહો, આહા..હા...! તેનો સાર, દિવ્યધ્વનિનો સાર, પ્રવચનસાર. ત્રિલોકનાથ પરમાત્માની ૐ ધ્વનિનો સાર. આહા..હા...! અને એ 'જ્ઞેય અધિકાર' છે ને ? ૧૭૨ ગાથા જ્ઞેય અધિકાર છે. ૩૦૮ સુધી 'જ્ઞેય અધિકાર' છે. એ જ્ઞેયનો એવો સ્વભાવ અહીંયાં કહે છે, વાસ્તવિક આત્મજ્ઞેયનો એ સ્વભાવ છે. જ્ઞેય અધિકાર સમકિતનો અધિકાર છે. પહેલો જ્ઞાન અધિકાર જ્ઞાનનો છે. બીજો જ્ઞેય અધિકાર સમકિતનો અધિકાર છે. ત્રીજો ચરણાનુયોગ ચારિત્રની ક્રિયાનો અધિકાર છે. જ્ઞેય અધિકારમાં જ્ઞેય આવું છે... આહા..હા...! સમજાય છે કાંઈ ?

એ તો પહેલા કહ્યું હતું કે 'જ્ઞેય અધિકાર' ની ૧૦૨ ગાથામાં એમ લીધું છે કે જ્ઞેય એવું છે કે પોતાની જન્મક્ષણ છે. જે પર્યાયનો પોતાનો કાળ છે તે સમયે ઉત્પન્ન થાય છે. એવો જ્ઞેયનો સ્વભાવ છે. શું કહ્યું ? જ્ઞેય જે છએ દ્રવ્ય, હોં ! ***જ્ઞેય જે છએ દ્રવ્ય, એ જ્ઞેયનો એવો સ્વભાવ છે જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાવાળી છે એ તેનો જન્મક્ષણ છે, એ પર્યાયનો ઉત્પન્ન થવાનો કાળ છે. સમજાય છે કાંઈ ?*** એક વાત. એ જ્ઞેયનું સ્વરૂપ.

બીજી વાત. ૯૯ (ગાથા). પોતપોતાના અવસરે પર્યાય છે એ જ્ઞેયનો અધિકાર–જ્ઞેયનો સ્વભાવ છે. આહા..હા...! 'પાટનીજી' ! સૂક્ષ્મ આવ્યું છે. કાલે શેઠે પ્રશ્ન કર્યો હતો. કાલે છ અવ્યક્તના બોલ ચાલ્યા હતા. આજે થોડું અલિંગગ્રહણનું લીધું હતું. આહા..હા...! શું કહ્યું ? - કે જ્ઞેય છ દ્રવ્યનો સ્વભાવ, પોતાની પર્યાયના સ્વકાળે જ પર્યાય થાય છે એ જ્ઞેયનો સ્વભાવ છે.

બીજું, ***જ્ઞેયનો સ્વભાવ પોતપોતાના અવસરે પર્યાય થાય છે, આઘીપાછી નથી થતી એ જ્ઞેયનો સ્વભાવ છે.*** ત્રીજું, ***જ્ઞેયનો સ્વભાવ ઉત્પાદ ઉત્પાદથી છે, વ્યયથી નહિ. ઉત્પાદ ધ્રુવથી નહિ, ધ્રુવ ઉત્પાદથી નહિ એવો જ્ઞેયનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ ?*** અને તેને સમકિત અધિકાર કહ્યો છે. 'જયસેનાચાર્યે' 'પ્રવચનસાર' ના બીજા અધિકાર–જ્ઞેય અધિકારને સમકિતનો અધિકાર કહ્યો છે. પંડિતજી ! આહા..હા...! એમાં ક્રમબદ્ધ આવી ગયું. પોતપોતાના અવસરે થાય છે, તેની ઉત્પત્તિનો જન્મક્ષણ છે અને ઉત્પાદ ઉત્પાદથી છે. તે સમયનો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જેમ ત્રિકાળી ચીજ ત્રિકાળરૂપે છે એમ વર્તમાન પર્યાયનો કાળ એક સમયનો જે સમયનો કાળ છે તે સમયે તે ઉત્પન્ન થાય છે. આહા..હા...! સૂક્ષ્મ છે પણ વસ્તુ એવી ગંભીર છે. 'અલિંગગ્રહણ' માંથી દ્રવ્ય અને ગુણની વાત કરી.

અહીં સમકિતના અધિકારમાં એ લીધું, પોતપોતાના અવસરે થાય છે, જન્મક્ષણ છે, ઉત્પાદ ઉત્પાદથી છે, એક વાત. 'કાર્તિકેયાનુપ્રેક્ષા' માં કાળલબ્ધિમાં એમ લીધું કે છએ દ્રવ્યની કાળલબ્ધિ છે. પોત પોતાની પર્યાયના કાળે તે પર્યાય ઉત્પન્ન થાય છે એ કાળલબ્ધિ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? અહીંયા પણ ક્રમબદ્ધ થયું. પણ તેનું તાત્પર્ય શું ? સમજાય છે કાંઈ ? તો એ અલિંગગ્રહણમાં કીધું કે અર્થાવબોધરૂપ પર્યાયવિશેષને નહિ ગ્રહણ કરનારું એવું દ્રવ્ય છે. પર્યાયને સ્પર્શતું નથી. દ્રવ્ય પર્યાયને અડતું નથી. આહા..હા...!

હવે ત્રીજો બોલ આકરો છે. પર્યાય દ્રવ્યને અડતી નથી. એ વીસમો બોલ છે. સમજાય છે કાંઈ ? શું કહેવાય ? પ્રત્યભિજ્ઞાન. પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ધ્રુવ દ્રવ્ય, તેને પર્યાય સ્પર્શતી નથી. એ સામાન્ય જે છે તે પર્યાયને સ્પર્શતું નથી. આહા..હા...! અને પર્યાય દ્રવ્યને અડતી નથી. આહા..હા...! એવું સત્ અહેતુક છે. ***ત્રણે સત્ છે ને ! ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણે સત્ છે.*** અને 'જ્ઞેય અધિકાર' માં એ ત્રણેને સ્વતંત્ર સિદ્ધ કર્યા છે. ત્રણેને સ્વતંત્ર સિદ્ધ કર્યા. અને એ શ્રદ્ધા–સમકિતનો અધિકાર છે એમ કહ્યું છે. પંડિતજી ! સમકિતનો અધિકાર કહ્યો છે.

એમ તો સમકિતમાં તો દ્રવ્ય સ્વભાવનો આશ્રય થયો તે સમકિત છે પણ અહીં જ્ઞાનપ્રધાન અધિકાર છે ને ? સર્વવિશુદ્ધમાં. તો પાછળ એમ લીધું છે કે જ્ઞેય અને જ્ઞાયકની શ્રદ્ધા તે સમકિતદર્શન છે, એમ લીધું છે. એકલા જ્ઞાયકની (શ્રદ્ધા) લ્યે એ તો દૃષ્ટિની અપેક્ષાએ (કહ્યું છે). પણ જ્યાં જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શનની વ્યાખ્યા છે (ત્યાં જ્ઞેય તથા જ્ઞાયકની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન, એમ કહેવાય). આહા..હા...! ત્યાં સર્વવિશુદ્ધ અધિકારમાં લીધું છે. કઈ ૨૪૨ (ગાથા) ? ૨૪૨ ગાથા છે. છે અહીંયા ?

'પ્રવચનસાર' ૨૪૨ ગાથા છે. જ્ઞેયતત્ત્વ અને જ્ઞાનતત્ત્વ તથાપ્રકારે જેમ છે તેમ યથાર્થ પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શન પર્યાય છે. અગિયારમી ગાથામાં એમ કહ્યું કે ભૂતાર્થનો આશ્રય, એકલું સ્વદ્રવ્ય ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન છે. એ દૃષ્ટિપ્રધાન કથન છે અને જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શનના કથનમાં... આહા..હા...! જ્ઞેયતત્ત્વ–જેટલું જ્ઞેય છે એ જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વ પોતાનો આત્મા, બેની તથાપ્રકારે પ્રતીતિ તે સમ્યગ્દર્શન પર્યાય છે, એમ લીધું છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! આવો માર્ગ જુઓ તો ખરા ! આ 'પ્રવચનસાર' માં જ્ઞાનપ્રધાન કથન છે અને 'સમયસાર' માં દૃષ્ટિપ્રધાન કથન છે. સમજાય છે કાંઈ ? તેથી 'સમયસાર' માં ૪૭ શક્તિઓ લીધી છે. કેમ કે દૃષ્ટિપ્રધાન કથનમાં શક્તિ અને શક્તિવાન (આવે), પર્યાય નહિ. સમજાય છે કાંઈ ? અને જ્ઞાનપ્રધાન કથનમાં જ્ઞેય અને જ્ઞાયક બેની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રતીતિ તે સમ્યગ્દર્શન પર્યાય છે. સમજાય છે કાંઈ ? અને તત્ત્વાર્થશ્રદ્ધાનમાં સમ્યગ્દર્શન કહ્યું તે પણ જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શન છે. બે આવ્યા ને ? સંવર, નિર્જરા બધું એમાં આવી ગયું. અને આ દર્શનપ્રધાનમાં તો એકલું 'भूदत्थम्' એકલો ભૂતાર્થ ભગવાનઆત્મા ત્રિકાળ ! આહા..હા...! તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. આહા..હા...!

અહીં કહે છે કે જે શુદ્ધ પરિણમન હો કે અશુદ્ધ પરિણમન હો, એટલું અહીંયા સિદ્ધ કરવું છે કે તે પોતાનું કાર્ય છે. પરનું કાર્ય આત્મા કરી શકતો નથી. કર્મબંધન થાય, જેટલા પ્રમાણમાં અજ્ઞાન અને રાગ-દ્વેષ કરે એ પ્રમાણમાં ત્યાં જ્ઞાનાવરણીય, મોહનીય આદિ બંધાય. છતાં તે (કર્મની) પર્યાયનો કર્તા (દ્રવ્યની) પર્યાય નહિ. અશુદ્ધ પરિણમન, દ્રવ્યની પર્યાય કર્મબંધની પર્યાયનું કર્તા નહિ. આહા..હા...! અને શુદ્ધ પરિણતિનો કર્તા આત્મા અને તે તેનું કર્મ એટલું સિદ્ધ કરીને શુદ્ધ પરિણતિમાં કર્મનો અભાવ થાય છે તેની અપેક્ષા તેને નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ ? ***જેમ વિકારનું પરિણમન પોતાના ષટ્કારકથી સ્વતંત્ર છે એમ મોક્ષમાર્ગની પર્યાયનું પણ સ્વતંત્ર ષટ્કારકથી પરિણમન છે. આહા..હા...!*** કર્મે માર્ગ આપ્યો, દર્શનમોહનો અભાવ થયો તો અહીંયા સમ્યગ્દર્શન થાય છે એવી અપેક્ષા ત્યાં નથી.

શ્રોતા :– તત્ત્વાર્થસૂત્રમાં છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું ને, એ તો જ્ઞાનપ્રધાન કથન છે. ત્યાં એમ કહ્યું જ નથી. એ તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું કે ચાર ઘાતિકર્મના નાશથી કેવળજ્ઞાન થાય છે, એમ છે.

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– તેનો જન્મ થઈ ગયો છે. એ કઈ અપેક્ષાએ કહ્યું છે ? ચાર કર્મ જે કર્મરૂપ અવસ્થા છે તેનો નાશ થઈને તો અકર્મરૂપ અવસ્થા થાય છે. તેનો નાશ થઈને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે ?

અહીં તો મિથ્યાત્વનો નાશ થઈને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે એટલી અપેક્ષા લ્યો તો હજી વ્યવહાર છે. કર્મનો નાશ થઈને સમકિત થયું એમ નહિ પણ મિથ્યાત્વનો નાશ થઈને સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું એ પણ પરની અપેક્ષાનું કથન છે. આહા..હા...! સમ્યગ્દર્શનની પર્યાય મિથ્યાત્વનો નાશ થયો તો થઈ એમ નથી. જેના વ્યયની ઉત્પાદને અપેક્ષા છે નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? કઈ નયથી ક્યાં ક્યું તત્ત્વ છે એમ નય લગાવવી જોઈએ ને ? એક જ પકડી લેવું એમ નહિ, પણ કઈ નયનું કથન છે ?

અહીંયા કહે છે કે **'જીવદ્રવ્ય અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે,...'** આહા..હા...! **'શુદ્ધ ચેતનારૂપ પરિણમે છે, તેથી જે કાળે જે ચેતનારૂપ પરિણમે છે તે કાળે તે જ ચેતના સાથે વ્યાપ્યવ્યાપકરૂપ છે,...'** આટલી ભાષા છે. શુદ્ધપણે પરિણમે તો એ વ્યાપ્ય, આત્મા વ્યાપક છે. પરથી ભિન્ન એટલું સિદ્ધ કરવું છે. શુદ્ધ ચૈતન્યપણે પરિણમે, સમ્યગ્દર્શનપણે પરિણમે ***એ પર્યાય વ્યાપ્ય (અને) આત્મા વ્યાપક. વ્યાપ્યવ્યાપક થઈને અશુદ્ધપણે પરિણમો, તો આત્મા***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***વ્યાપક. આત્મા શબ્દે ત્યાં પર્યાય લેવી. દ્રવ્ય વ્યાપક થઈને અશુદ્ધપણે પરિણમે છે એમ વ્યવહારથી કથન છે.***

*શ્રોતા :– દ્રવ્ય વ્યાપક બરાબર છે.*

***પૂજ્ય ગુરુદેવશ્રી :– દ્રવ્ય વ્યાપક નથી એમ કહે છે. દ્રવ્ય તો શુદ્ધ છે, શક્તિ શુદ્ધ છે.*** એ શુદ્ધ વ્યાપક થાય છે ? સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે, ભાઈ ! માર્ગ તો ઝીણો છે. આહા..હા...! એ અશુદ્ધ પરિણમનનો કર્તા (પર્યાય પોતે છે). ***ષટ્કારકો જે છે એ કારકો પર્યાયના છે. કારકો દ્રવ્યના નહિ. દ્રવ્યના કારકો, ગુણના કારકો તો ધ્રુવ છે.*** કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન શક્તિઓ દ્રવ્યની છે એ તો ધ્રુવ છે. એનું પરિણમન નથી. અને અહીં તો પરિણમની વાત લેવી છે. ધ્રુવ સદૃશ છે એ પરિણમનમાં આવતું નથી. આહા..હા...! પરિણમનમાં તો પર્યાય પરિણમે છે તો પર્યાયનો કર્તા પર્યાયના ષટ્કારક આદિ. વિકારનું હો કે અવિકારરનું (પરિણમન) હો, એ પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે. આહા..હા...! 'નંદકિશોરજી' ! કદી દરકાર કરી નથી, આમ ને આમ (ચાલ્યો છે). ભગવાન તો વારસો બહુ મૂકી ગયા છે. આહા..હા...! આ તો મોક્ષનો માર્ગ, વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર (દ્વારા નિરૂપિત થયેલો છે). આહા..હા...!

શ્રોતા :– અમારું સૌભાગ્ય હતું કે આપ જેવા મળ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આવી વાત ક્યાં (છે) ? પ્રભુ ! અરે...! સમજાય છે કાંઈ ? અત્યારે તો વીતરાગતાનો વિરહ છે પણ શાસ્ત્ર વીતરાગતાની પ્રાપ્તિનું નિમિત્ત (છે). કેવળજ્ઞાનને શાસ્ત્રે સિદ્ધ કરી દીધું છે, જે સમજે તેને. આહા...!

એ કહે છે, **'ચેતના સાથે વ્યાપ્યવ્યાપકરૂપ છે,...'** આમાં વિકારની સાથે પણ વ્યાપ્યવ્યાપક કહ્યું. પરથી ભિન્ન પાડવું છે ને ? એટલી અપેક્ષા છે. અને 'કર્તા-કર્મ અધિકાર' ની ૭૫-૭૬ ગાથામાં એમ કહ્યું કે વિકાર વ્યાપ્ય છે અને કર્મ વ્યાપક છે. કેમ કે ત્યાં સ્વભાવની સિદ્ધિ કરવી છે. અહીં તો તેની પરિણતિની સિદ્ધ કરવી છે અને ૭૫-૭૬ ગાથામાં તો એમ લીધું, ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય શક્તિ અને શુદ્ધ દ્રવ્યનું વ્યાપ્ય તો શુદ્ધ હોય. વ્યાપક દ્રવ્ય અને શુદ્ધ પર્યાય તેનું વ્યાપ્ય છે. તો વિકાર છે ને ? વિકાર વ્યાપ્ય છે અને કર્મ વ્યાપક છે. આહા..હા...! ક્યાં કથન આ અને ક્યાં કથન (પેલું) ! ભાઈ ! કઈ નયથી કથન છે ? શાસ્ત્રમાં પાઠ છે કે નહિ ?

શ્રોતા :– ખીલે બાંધી દ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ ખીલે બાંધ્યું ને ! જે નયથી જે કથન છે ત્યાં તેમ સમજવું તે તેનો ખીલો છે. કહો, 'ધન્નાલાલજી' !

શ્રોતા :– અમારે એની શું જરૂર છે ? અમને તો સમ્યગ્દર્શનની વાત કરો ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ સમ્યગ્દર્શનની વાત ચાલે છે ને, ભગવાન ! આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અશુદ્ધ પરિણતિ પણ તારાથી છે એમ કહેવામાં સ્વતંત્ર પરિણતિ થાય છે તો એમ કહેવામાં તાત્પર્ય તો વીતરાગતા પ્રગટ કરવી તે છે. એ અશુદ્ધ પરિણમનનું લક્ષ છોડીને શુદ્ધ ચૈતન્યદ્રવ્યનો આશ્રય કરવાથી વીતરાગતા ઉત્પન્ન થાય છે. સર્વ શાસ્ત્રનું તાત્પર્ય સ્વનો આશ્રય કરવો તે છે.

શ્રોતા :– અમને વીતરાગતા નહિ, સમ્યગ્દર્શન જોઈએ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સમ્યગ્દર્શન કહો કે વીતરાગતા કહો. સરાગ એ સમ્યગ્દર્શન છે જ નહિ. એ મોટી ચર્ચા ચાલે છે ને અત્યારે ? સરાગ સમકિત છે. એ તો રાગના દોષની સાથે બતાવ્યું. સમકિત તો વીતરાગી જ હોય છે. એક અનંતાનુબંધીનો અભાવ અને મિથ્યાત્વનો અભાવ થયો એ વીતરાગ પર્યાય છે. આહા..હા...! સમ્યગ્દર્શન તો વીતરાગી છે. 'પંચાધ્યાયી' માં ઘણો ખુલાસો કર્યો છે. શિષ્યે પ્રશ્ન કર્યો છે કે સરાગ સમકિત છે ને ? નહિ, નહિ. સમકિત સરાગ છે જ નહિ. 'પંચાધ્યાયી' 'રાજમલજી'. બિલકુલ નહિ. સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય છે. કેમ ? - કે 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિન પ્રવચન કા મર્મ.' તો જિન આત્મા જે વીતરાગ સ્વરૂપ છે તેનો આશ્રય કરવાથી વીતરાગતા ઉત્પન્ન થાય છે. વીતરાગતા કહો કે સમ્યગ્દર્શન કહો. સમજાય છે કાંઈ ? જઘન્ય આશ્રય છે તો દર્શન, જ્ઞાન આદિ ઉત્પન્ન થાય છે. વિશેષ આશ્રય છે તો ચારિત્ર ઉત્પન્ન થાય છે. વિશેષ આશ્રય થાય તો કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે.

શ્રોતા :– ફરીવાર.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમ કહ્યું કે ભગવાન પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ ધ્રુવ પરમાત્મસ્વરૂપ જિનસ્વરૂપ છે તેનો થોડો આશ્રય કરવાથી, જઘન્ય આશ્રય કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન, સ્વરૂપાચારણ આદિ થાય છે. વિશેષ આશ્રય કરવાથી ચારિત્ર થાય છે, તેનાથી પણ ઉગ્ર આશ્રય કરવાથી કેવળજ્ઞાન થાય છે. વાત તો આ છે. સમજાય છે કાંઈ ? 'પ્રિયંકરજી' ! આ પ્રિય છે અને આ પ્રિય કરવાનું છે. પ્રિયંકર છે ને ? પ્રિય નામ ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદ, તેનો આશ્રય કરવો એ પ્રિયંકર છે. આહા..હા...! આ તો રાત્રે તેમને થોડી વાત કરી હતી ને, પછી વિચાર આવ્યો કે બધા સાંભળે. ભાઈ આવ્યા છે ને. 'રામજીભાઈ' .... વ્યાખ્યાન પછી થોડું દસ મિનિટ બોલશે. ટેપ રેકોર્ડિંગમાં ઊતારી લેજો, હોં ! એ તો અહીં દલાલ થઈને આવ્યા છે ને ! આહા..!

**'જે કાળે જે ચેતનારૂપ પરિણમે છે તે કાળે તે જ ચેતના સાથે વ્યાપ્યવ્યાપકરૂપ છે,...'** ભાષા જુઓ ! અહીંયા તો વિકારી પરિણામ, મિથ્યાત્વના અને રાગ-દ્વેષના પરિણામ થાય તેને વ્યાપ્ય કહ્યા, અવસ્થા કહી અને આત્મા વ્યાપક–અવસ્થાયી કહ્યું. એટલું અહીંયા સિદ્ધ કરવું છે પણ જ્યાં અંતરની દૃષ્ટિ સિદ્ધ કરવી છે, સ્વભાવ (સિદ્ધ કરવો છે)... આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો સ્વભાવની કોઈ શક્તિ અનંત શક્તિમાંથી વિકાર કરે એવી કોઈ શક્તિ નથી. બપોરે આપણે ચાલે છે. અનંત શક્તિમાંથી ૪૭ લીધી છે. કોઈ શક્તિ એવી નથી કે વિકાર કરે. શક્તિ તો શુદ્ધ ચિદાનંદ આત્મા છે. આહા..હા...! તો શક્તિ અશુદ્ધતા કરે એવી શક્તિ નથી. પણ પર્યાયના લક્ષે અશુદ્ધતા ઉત્પન્ન થાય છે. એ શક્તિ અને શક્તિવાનના આશ્રયે નહિ. સમજાય છે કાંઈ ? આહા..હા...! 'થોડું લખ્યું ઝાઝું કરીને જાણજો' તમારે લગ્નમાં આવે છે ને ? થોડું લખ્યું ઝાઝું કરીને જાણજો. એમ અહીં થોડું લખ્યું, ઝાઝું કરીને જાણજો. આહા..હા...!

અહીંયા વ્યાપ્યવ્યાપક આમ કહ્યું. શુદ્ધ ચેતના પણ વ્યાપ્ય અને અશુદ્ધ ચેતના પણ વ્યાપ્ય. બન્નેમાં વ્યાપક આત્મા છે. બીજે ઠેકાણે ૭૫-૭૬-૭૭ માં એમ કહ્યું, હવે ટીકા આવશે, કળશ આવશે કે કર્તા કોણ છે ? આત્મા કર્તા નથી તો કર્તા છે કોણ ? - કે એ તેર ગુણસ્થાનનો ભાવ વિકાર છે એ કર્મનો કર્તા છે, આત્મા નહિ. એમાં જરી સૂક્ષ્મ વાત છે. શું કહે છે ? - કે નવા કર્મ જે બંધાય છે તેને ત્યાં વ્યાપ્ય કહ્યું અને વિકારી પર્યાયને વ્યાપક કહ્યું. એ તેર ગુણસ્થાન. ગુણસ્થાન આત્માના નથી, ગુણસ્થાન આત્મામાં નથી. આત્મા તો ગુણસ્થાનથી રહિત છે. તેર ગુણસ્થાન છે તે નવા કર્મના કર્તા છે. તો ખરેખર તો નવા કર્મના પરમાણુ ભિન્ન છે અને આ તેર ગુણસ્થાનની પર્યાય ભિન્ન છે.

નવા કર્મના આવરણનું નિમિત્ત જે તેર ગુણસ્થાનની વિકારી પર્યાયને વ્યાપક કર્તા કહીને નવા કર્મની પર્યાયને તેનું કર્મ છે એમ કહ્યું છે. નહિતર તો કર્મ ભિન્ન છે અને આ વસ્તુ ભિન્ન છે. સમજાય છે કાંઈ ? થોડું ઝીણું છે. લ્યો, આ વકીલ જેવી બુદ્ધિવાળા માણસ (આમ કહે છે). આ જાતનો અભ્યાસ નહિ ને, ભગવાન ! પરમસત્ય તત્ત્વજ્ઞાનનો અભ્યાસ હોવો જોઈએ. આ તો તત્ત્વજ્ઞાનની વાત છે. સમજાય છે કાંઈ ? આ તો કૉલેજ છે તો ક્યાંકથી થોડું તો જાણવામાં આવ્યું હોય તો એને આ લાગુ પડે. કૉલેજનો પ્રોફેસર કંઈ પહેલી ચોપડીનું બોલે ? સમજાય છે કાંઈ ? આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ભગવાન એ પ્રોફેસર છે. તેની વાણી કહેવામાં વચ્ચે આડતીયા તરીકે સંતો છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? થોડો અભ્યાસ તો હોવો જોઈએ ને ? અરે...! દુનિયામાં એલ.એલ.બી અને એમ. એ. માટે... આ વકીલ એલ.એલ.બી. ભણ્યા એણે દસ વર્ષ નહિ કાઢ્યા હોય ? આપણે આ વકીલ લ્યો ને. વકીલે એલ.એલ.બી માટે કેટલાક વર્ષ કાઢ્યા હશે ને ? પછી વકીલાત પાસ કરે છે ને ? લ્યો, ઠીક ! ભાઈ કહે છે કે બાવીસ વર્ષ તો વકીલાત ભણવામાં જાય અને આ સમજવામાં કોઈ વર્ષ ન જાય. પાપની વકીલાત અને પાપના અભ્યાસમાં બાવીસ વર્ષ !

શ્રોતા :– ન્યાયની કોર્ટને મદદ કરવા જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમ કહે છે કે વકીલો કોર્ટમાં મદદ કરવા જાય છે. ધૂળ પૈસાના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



લોભે જાય છે. આહા..હા...! એ મોટા વકીલ હતા, 'પ્રિયંકરજી' ! 'રામજીભાઈ' ત્રીસ વર્ષ પહેલા ૨૦૦ રૂપિયા લેતા હતા. પાંચ કલાક કોર્ટમાં જાતા હતા. એક કલાક સલાહ લેવા આવે તો ૧૦૦ રૂપિયા લેતા. એક કલાક સલાહ લેવા આવે તો. ત્રીસ વર્ષથી છોડી દીધું. એમાં શું છે ? એક વકીલ તો એમ કહેતા હતા, અમારે ત્યાં 'વઢવાણ' માં છે. ઓ..હો...! 'રામજીભાઈ' ? 'રામજીભાઈ' તો એના વખતમાં એક જ વકીલ હતા. એવી 'રામજીભાઈ' ની છાપ. વકીલનું નામ શું કીધું ? 'મંગળભાઈ'. 'મંગળ વકીલ' વ્યાખ્યાનમાં આવે છે. 'વઢવાણ'. 'રામજીભાઈ' નું નામ પડે ત્યાં એવો થઈ જાય. 'રામજીભાઈ' તો એના વખતમાં એ એક જ વકીલ હતા. આહા..હા...!

**'તોપણ પુદ્‌ગલપિંડરૂપ જે જ્ઞાનાવરણાદિ કર્મ છે તેની સાથે તો વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી,...'** આહા..હા..! પોતાની શુદ્ધ કે અશુદ્ધ પર્યાય સાથે વ્યાપ્યવ્યાપક છે. વ્યાપ્ય નામ અવસ્થા અને વ્યાપક નામ દ્રવ્ય. એ વ્યાપ્યવ્યાપક છે. પણ કર્મનો પુદ્‌ગલ બંધ છે કે આત્મા કર્મ બાંધે છે, એમ બિલકુલ નથી. આહા..હા...! ***એ સમયે કર્મવર્ગણાની પર્યાય કર્મરૂપે થવાની લાયકાતથી જન્મક્ષણ છે તો કર્મ ઉત્પન્ન થાય છે. એ પરમાણુમાં પણ કર્મ ઉત્પન્ન થવાની જન્મક્ષણ છે. આહા..હા...! અહીંયા વિકાર કર્યો તો ત્યાં કર્મપણે પરિણમવું પડ્યું એમ છે નહિ. આહા..હા...!*** **'તેથી તેનું કર્તા નથી.' 'अज्जसा' 'સમસ્તપણે આવો અર્થ છે.'** અમે તો કહીએ છીએ. પરમાર્થથી કહીએ છીએ, યથાર્થતાથી કહીએ છીએ, સમસ્તરૂપે કહીએ છીએ કે પરનો તો કર્તા છે નહિ.

હવે આ તમારે શ્લોક ચાલે છે ઇ. ક્લાસમાં ચાલે છે ને ? આ શ્લોક. પહેલા કાયમ બોલે છે ને ?

**आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम।**
**परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।।१७-६२।।**

અહીં પરભાવ શબ્દે વિકાર ન લેવો. અહીં પરભાવ શબ્દે પરદ્રવ્ય લેવું. એ અપેક્ષા અહીંયા છે. **'आत्मा ज्ञानं' 'આત્મા અર્થાત્ ચેતનદ્રવ્ય ચેતનામાત્ર પરિણામ કરે છે.'** ચેતનામાત્ર પરિણામ. પોતાનું ચેતન. એ કર્મચેતના કહો, જ્ઞાનચેતના કહો એ બધા ચેતનાના પરિણામ છે. કર્મચેતના–રાગાદિ કર્મચેતના અને અરાગી સમ્યગ્દર્શન આદિ જ્ઞાનચેતના. એ ચેતનામાત્ર પરિણામને કરે છે, એમ લેવું. ચેતના એટલે એકલા જ્ઞાન પરિણામ એમ ન લેવું. ચેતના એટલે રાગના પરિણામ અને સમ્યગ્દર્શન-જ્ઞાનના પરિણામ. એ બન્નેને ચેતનામાત્ર પરિણામને કરે છે.

**'કેવો હોવાથી ?' 'स्वयं ज्ञानं' 'કારણ કે આત્મા પોતે ચેતનાપરિણામમાત્રસ્વરૂપ છે.' 'ज्ञानादन्यत्करोति किम' 'ચેતનાપરિણામથી ભિન્ન જે અચેતન પુદ્‌ગલપરિણામ કર્મ તેને કરે છે શું ? અર્થાત્ નથી કરતો,...'** તો આ તમારી લાદી-બાદીનું બધું ક્યાં ગયું ? લાદીમાં ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ અમારે 'બલુભાઈ' ને નહિ ? મોટું સીત્તેર લાખનું દવાખાનું હતું. હવે વેંચી નાખ્યું. ગોળી બનાવતા, દવા બનાવતા.

શ્રોતા :– એક બાજુ આપ એમ કહો કે કાંઈ બનાવે નહિ અને બીજી વાર કહો કે દવા બનાવે, અમારે માનવું કેમ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ માનતા હતા કે અમે બનાવીએ છીએ. અમે તો ત્યાં રહ્યા છીએ ને. ત્યાં રહ્યા હતા. 'રામજીભાઈ' હતા, ત્યાં આહાર લીધો હતો. દવા જોઈ હતી. ફરે ને અંદર ? ગોળી બનાવે. અહીંયાં દેશી દવા બને. મોટું દવાખાનું હતું, હવે સીત્તેર લાખમાં વેંચી દીધું. અહીંયા તો કહે છે, કોણ બનાવે ? પ્રભુ ! આહા..હા...! એ ગોળી હલે છે એ ક્રિયા શું આત્મા કરી શકે છે ? આહા..!

અહીંયા કહે છે કે રોટલીના કટકા કરે છે એ શું આત્મા કરી શકે છે ? આહા..હા....! આત્મા અશુદ્ધપણે પરિણમો પણ રોટલીના કટકા કરી દ્યે એમ આત્મામાં છે જ નહિ. દાળ, ભાત બનાવી દે એમ કરી શકે છે કે નહિ ? - કેટલીક સ્ત્રીઓના હાથ હળવા હોય છે તો બહુ સારું બનાવે. કહો ! પાપડ ને વડી ને શેવ.. શેવ.. લાકડા રાખે ને લાકડા ? પાટીયા. એ વખતે તો જાણે શું અમે બેઠા છીએ ! અભિમાનનો પાર ન હોય. 'મણિભાઈ' ! ખાટલો હોય ને ખાટલો પાછળ ? આમ મોટું પાટીયા રાખે. શેવ બનાવે, શેવ. શેવને શું કહે છે ? શેવ કહે છે ? ઘઉંની. આ હાથની ક્રિયા પણ આત્મા કરી શકતો નથી એમ કહે છે. આહા..હા...! સારી ડાહી બાઈ હોય તો પાપડ ને વડી બહુ સારી કરી શકે એમ લોકો બોલે. પાગલ છે, સાંભળ તો ખરો ! ડાહી ક્યાંથી આવી ? આખી દુનિયા પાગલ છે. ગાંડાના ગામ ભર્યા છે. આહા..હા...!

અહીં એ કહે છે, જુઓ ! **'ચેતનપરિણામથી ભિન્ન જે અચેતન પુદ્‌ગલપરિણામરૂપ કર્મ તેને કરે છે શું ? અર્થાત્ નથી કરતો, સર્વથા નથી કરતો.'** જુઓ ! કથંચિત્ નહિ પણ સર્વથા નથી (એમ કહ્યું છે). વીતરાગનો માર્ગ તો કથંચિત્ છે ને ? એ તો નિત્ય-અનિત્યમાં કથંચિત્ નિત્ય છે અને કથંચિત્ અનિત્ય છે. પરને માટે બિલકુલ સર્વથા કર્તા નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'आत्मा परभावस्य कर्ता अयं व्यवहारिणां मोहः' 'ચેતનદ્રવ્ય જ્ઞાનાવરણાદિ કર્મને કરે છે એવું જાણપણું, એવું કહેવું....' 'व्यवहारिणां मोहः' 'મિથ્યાદૃષ્ટિ જીવોનું અજ્ઞાન છે.'**

શ્રોતા :– વ્યવહારીનો અર્થ જ મિથ્યાદૃષ્ટિ કર્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મિથ્યાદૃષ્ટિ કર્યો, વ્યવહારીનો અર્થ જ મિથ્યાદૃષ્ટિ કર્યો. આહા..હા...! મિથ્યાદૃષ્ટિ પરદ્રવ્યનો કર્તા થાય છે. હું મારા દીકરાને કેળવણી આપી શકું છું, મોટો કરી શકું છું. માતા-પિતા બાળકને મોટો કરે ને ? કોણ કરે ? આહા..હા...! બધી ભ્રમણા છે. આહા..હા...! પરદ્રવ્યની પર્યાય પર કરે એમ ત્રણકાળમાં બનતું નથી. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– એ જૂઠી વસ્તુ સાચી માને છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– લોકોમાં એ આખી જૂઠી ગરી ગઈ છે. જૂઠી ભૂતડી ગરી ગઈ છે. જ્યાં હોય ત્યાં મેં કર્યું, મેં કર્યું, મેં કર્યું. અનાજ બરાબર વાવે, ગરાસિયા બરાબર વાવે ને ? આમ બાજરા ને... શું કહેવાય ઇ ? જુવાર ને ઘઉં ને તલ ને.. ઓહો..હો...! દીકરાએ પાણી બરાબર પાયું તો આવું થયું. બહુ સારું થયું. ધૂળેય નથી થયું, સાંભળ તો ખરો. દરબાર ! આ તો વસ્તુ છે. આહા..હા...!

**'મિથ્યાદૃષ્ટિ જીવોનું અજ્ઞાન છે.'** આહા..હા...! **'ભાવાર્થ આમ છે કે–કહેવામાં એમ આવે છે કે જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ છે, તે કહેવું પણ જૂઠું છે.'** આહા..હા...! આત્માએ કર્મ બાંધ્યા ને આત્માએ કર્મ ભોગવ્યા એ કહેવું માત્ર છે, કહે છે.

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બધું વ્યવહાર નિમિત્તમાત્ર છે. પંડિતજીએ બહુ લીધું છે કે 'તત્ત્વાર્થસૂત્ર' માં એમ આવ્યું છે કે ચાર કર્મનો નાશ થાય તો કેવળજ્ઞાન થાય. ચાર કર્મ નાશ થાય તો આ પર્યાય થાય ? આત્માની પર્યાય થાય ? કર્મની પર્યાય નાશ થાય તો અકર્મરૂપ પર્યાય થાય છે ? કર્મની પર્યાય નાશ થાય તો વ્યય થાય અને અકર્મરૂપી પર્યાયનો ઉત્પાદ થાય. એનાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ? આહા..હા...! 'ફૂલચંદજી' એ 'જૈનતત્ત્વ મિમાંસા' માં (લખ્યું છે). 'ફૂલચંદજી' પંડિત બહુ (હોશિયાર હતા). હવે એનાથી પણ વિશેષ આ 'હુકમચંદજી' પાક્યા. કહો, સમજાય છે કાંઈ ? આહા..હા...! કહેવામાં એમ આવે કે જ્ઞાનાવરણાદિ (કર્મનો કર્તા જીવ છે), બધું જૂઠું છે. આહા..હા...! કર્તા નથી, કર્તા નથી એમ કહો છો તો કર્મનો કર્તા છે કોણ ? એ વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

*** ભાઈ! તું શરીર-વાણી-મન ને રાગને ભૂલી જા, તે તારામાં નથી. અરે! તારી નિર્મળ પર્યાયને પ્રગટ થવામાં દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી, પૂર્વની પર્યાયના વ્યયની અપેક્ષા નથી ત્યાં વ્યવહારથી થાય એ વાત ક્યાં રહી? પર્યાયનું આવું સ્વતંત્ર સામર્થ્ય છે. પર્યાય સ્વતંત્ર જ થાય છે એમ નક્કી કરતાં તેનું લક્ષ ક્યાં જાય?-કે દ્રવ્ય તરફ જ લક્ષ જાય અને તેનું નામ જ પુરુષાર્થ છે. દ્રવ્ય તરફ લક્ષ જતાં જ્ઞાનમાં દ્રવ્યનું જ્ઞાન આવે પણ દ્રવ્ય આવતું નથી. સત્‌નો જેને નિર્ણય થાય તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જ જાય. આ જ કરવાનું છે, બાકી બધું તો ધૂળ-ધાણી છે. ૪૪૩.**

**- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પ્રવચનસાર, ગાથા–૩૭, પ્રવચન નં. ૩૫
## તા. ૧૦-૦૧-૧૯૭૯
## [૩]

'પ્રવચનસાર', ગાથા--૩૭. અહીં સુધી એકડા પહેલા આવી ગયું છે. શું કહ્યું છે આમાં ? કે આત્મા છે એ સર્વજ્ઞસ્વરૂપી છે. દરેક આત્મા...! એટલે કે શક્તિએ કેવળજ્ઞાનસ્વરૂપી જ છે. એની જ્યારે પ્રગટતા–કેવળજ્ઞાન થાય છે; સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના સાધન વડે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે એવું કેવળજ્ઞાન થાય (છે), (ત્યારે) એ કેવળજ્ઞાન ત્રણકાળ - ત્રણલોકના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે. વર્તમાન વર્તતી પર્યાયને તો જાણે પણ ભૂતકાળ–ગયા કાળની જે પર્યાયો નષ્ટ થઈ તેને પણ વર્તમાનવત્ જાણે ! આહા..હા...! અને ભવિષ્યમાં (થવાવાળી) જે અનંતી પર્યાય થશે, અત્યારે થઈ નથી, તેને પણ વર્તમાનવત્ જાણે !! ઓ..હો..હો...! એવો ચૈતન્યનો ચમત્કારિક જ્ઞાનસ્વભાવ છે !! આહા..!

એવું કેવળજ્ઞાન જગતમાં છે અને ત્રણકાળ, ત્રણલોકની પર્યાય જાણે છે તો એનો અર્થ એ થયો કે વીતરાગે જે સમયે, જે પર્યાય, જેની (થવાની) દીઠી, તે થાશે. એમાં વીતરાગ(ને) પણ પોતાની (જે) પર્યાય જે સમયે થશે તે થાય છે, એને (વીતરાગ પોતે) પણ ફેરવી શકે નહિ. તો બીજાની પર્યાયને બીજો ફેરવી શકે એ તો નથી પણ એ બીજો પણ પોતાની પર્યાયને આડી–અવળી કરી શકે (કે) ફેરફાર (કરી શકે) એ નથી. અરે...! આવી વાત ! ઝીણો માર્ગ છે !

ભગવાને જે દીઠું – 'જે જે દેખી વીતરાગને, તે તે હોસી વીરા, અનહોની કબહુ ન હોસી, કાહે હોત અધીરા ?' એવી જેની દૃષ્ટિ થાય, એની દૃષ્ટિનો વિષય સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ છે. એ સર્વજ્ઞને (અર્થાત્) પોતાના સ્વભાવને એ જાણે ને માને. આહા..! અને સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ એટલે કે જ્ઞાનસ્વરૂપી–પૂર્ણ જ્ઞાનસ્વરૂપને જે જાણે અને સ્વસન્મુખ થઈને એની પ્રતીતિ કરે અને સ્વરૂપમાં રમણતા કરે એને કેવળજ્ઞાન થાય ! આહા..હા...! કોઈ ક્રિયાકાંડને લઈને કેવળજ્ઞાન થાય - એમ નથી. કેમકે એનો જાણવાનો સ્વભાવ છે કે જેથી કેવળજ્ઞાન ત્રણકાળ, ત્રણલોકની પર્યાયને જાણે. એમ નીચે શ્રુતજ્ઞાની પણ પરોક્ષ રીતે ત્રણકાળ - ત્રણલોકના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે. અને જાણવા છતાં એની દૃષ્ટિ સ્વરૂપ ઉપર હોય. ધર્મીની દૃષ્ટિ પર્યાયમાં જાણે એની ઉપર ન હોય. અરે..! આવી વાતું છે ! ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ છે તેમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તેની દૃષ્ટિ હોય છે તેથી તેને સમ્યગ્દર્શનમાં શ્રદ્ધા છે કે જે સમયે જે જડની, જે ચૈતન્યની જે પર્યાય થાય તે થાય, એવી માન્યતાને લઈને એ પરનો પણ ફેરફાર ન કરી શકે; પરનો તો કરી શકે જ નહિ પણ પોતાની પર્યાયમાં ફેરફાર કરી શકે નહિ, આહા..હા...!

શ્રોતા :– કર્મમાં તો ફેરફાર થાય કે નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કર્મમાં પણ કાંઈ ફેરફાર (થઈ શકે નહિ). ક્રમબદ્ધપર્યાય તેમાં થવાની તે થાય છે.

શ્રોતા :– ઉદીરણા કેમ કહેવાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઉદીરણાનું તો નામ કહેવાય છે. બાકી એ સમયે ઉદીરણા થવાને લાયક છે (માટે થાય છે). એવો પાઠ શાસ્ત્રમાં છે. ઉદીરણા થવાને લાયક છે તેની ઉદીરણા થાય, એમ વાત છે.

શ્રોતા :– વહેલો ઉદય આવી ગયો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ.. નહિ.., ઉદીરણાનો સમય તે છે. તે સમયે તે કર્મની ઉદીરણાનો પર્યાય થવાનો તેનો સ્વકાળ છે. આવી વાત છે ! ઝીણી બહુ...! સમજાય છે ?

એ પ્રશ્ન અમારે સંપ્રદાયમાં પણ ઘણો થઈ ગયો છે કે આ કર્મને તો ફેરવી શકે ને ? પણ કર્મના પરમાણુમાં પણ જે સમયે જે પર્યાય કર્મની થવાની છે તે સમયે થાય અને જે સમયે જવાની તે સમયે જાય. આત્માએ પુરુષાર્થ કર્યો માટે ત્યાં જાય (છે, એમ નથી). એના પર્યાયમાં કર્મપણે નહિ થવાની પર્યાયની લાયકાત હતી તેથી અકર્મપણે થઈ. આકરું કામ બહુ !

જીવમાં જ ક્રમબદ્ધ છે અને જડમાં નથી - એમ નથી. દરેક પરમાણુમાં પણ જે સમયે જે પર્યાય ઉત્પત્તિનો એને જન્મક્ષણ છે, તે વખતે તે પર્યાય ઉત્પન્ન થાય, આત્માને લઈને નહિ. અને જે સમયે તે પર્યાયનો વ્યય થવાનો છે તે જ સમયે થાય, તે આત્માને લઈને નહિ. આહા..હા...! વીતરાગમાર્ગ ઝીણો માર્ગ બહુ, બાપુ !

અહીંયાં તો એ સિદ્ધ કરવું છે કે **'(ત્રણે કાળના પર્યાયોનું વર્તમાન પર્યાયોની માફક,...)'** છે એકડાની ઉપર ? **'ત્રણે કાળના પર્યાયોનું...'** – પર્યાય એટલે અવસ્થા. આહા..હા..!

***આ મોટો અત્યારે વાંધો (ચાલે) છે ને ! કે પર્યાયને આડી-અવળી–ફેરફાર કરી શકે ! એણે નથી જાણી પદાર્થની વ્યવસ્થા (અને) કેવળજ્ઞાનમાં જાણ્યું તે થાય, એની એને શ્રદ્ધા નથી. આહા..હા...! આકરી વાત છે !***

'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં આવે છે ને, ભાઈ ? 'કાળાદિ લબ્ધિ જોતાં,...' (એટલે) જે સમયે તે પર્યાયની કાળપ્રાપ્તિ છે તે સમયે (તે પર્યાય) થશે. જડમાં કે ચૈતન્યમાં કે છ દ્રવ્યમાં (બધાંમાં આ જ સિદ્ધાંત લાગુ પડે છે). આહા..હા...! આકરું કામ, ભાઈ ! અત્યારે તો ગડબડ બહુ થઈ ગઈ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એની દૃષ્ટિ જ્ઞાયકસ્વરૂપ (ઉપર) છે. અને ભગવાન જેમ જાણે છે એમ હું પણ એક જાણનાર છું. ભલે અલ્પજ્ઞાનમાં (એમ જાણે છે) પણ જાણનારો ત્રિકાળ છે ને ! એ ત્રિકાળી જાણનાર ઉપર જેની દૃષ્ટિ છે, એને જે સમયે જે પર્યાય થવાની, તેને એ જાણનારો રહેશે. આહા..હા...! ઝીણું ખરું...!

ખરેખર તો એનામાં એક 'ભાવ' નામનો ગુણ છે. એ ગુણને લઈને તે સમયે પર્યાય થાય. થવાની તે (થાય). અનંતગુણની (પર્યાય) થશે. 'ભાવ' (ગુણને) લઈને (થશે) પણ 'ભાવ'નું રૂપ બધાં ગુણમાં છે ને ! તો જ્ઞાનમાં પણ જે સમયની જે પર્યાય થવાની છે, એવું જ્ઞાનગુણમાં ભાવગુણનું રૂપ છે. આહા..હા...! આકરું કામ બહુ, બાપુ ! વીતરાગમાર્ગ (બહુ ઝીણો) ! વાણિયાને નવરાશ ન મળે અને બે ઘડી સાંભળવા જાય ને જે કહે, ઇ, હા (પાડે)..! આહા..હા...!

સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં ત્રણકાળની પર્યાયને જાણે ! આ..હા..હા...! થઈ ગઈ, છે અને થશે. એ કહ્યું ને (અહીંયાં) ? **'(ત્રણે કાળના પર્યાયોનું),...'** પર્યાય એટલે અવસ્થા, **'(...વર્તમાન પર્યાયોની માફક,...)'** આ..હા..હા...! વર્તમાન અવસ્થા વર્તે છે તેની માફક ! ત્રણે કાળની પર્યાય તેની (વર્તમાન પર્યાયની) પેઠે, **'(...જ્ઞાનમાં જણાવું) અયુક્ત નથી;...'** આ..હા..હા..!

ભાઈએ 'હુકમચંદજી' 'જયપુર' એ હમણા પ્રશ્ન કાઢ્યો છે. બધા આડાઅવળા ફેંકે છે ને ? ક્રમબદ્ધનું અહીંથી તો ઘણા વર્ષોથી પહેલેથી કહીએ છીએ. એણે તો લખ્યું છે કે ક્રમબદ્ધનો શંખનાદ પહેલેથી ફૂંક્યો. એ 'વિદ્યાનંદજી' ને ન ગોઠ્યું. કારણ કે એની બહારની ક્રિયાના ઠેકાણા નથી. આહા..હા...! એના માટે કરેલા ચોકા કરીને આહાર તો લે છે. તો વ્યવહારના પણ ઠેકાણા નથી. નિશ્ચય તો ક્યાં છે ? નિશ્ચય દૃષ્ટિ હોય એને આ વાત બેસી જાય કે જે સમયે જે પર્યાય જેની જે થવાની તે તે દ્રવ્યની થાય, અને તે તે ભગવાને જોયું છે માટે થાય એમ પણ નથી. ત્યાં થવાનો કાળ છે માટે ત્યાં થાય છે. આહા..હા..!

(અહીંયાં) એ કહે છે, **'(ત્રણે કાળના પર્યાયોનું વર્તમાન પર્યાયોની માફક જ્ઞાનમાં જણાવું) અયુક્ત નથી,...'** ત્યાં સુધી આવ્યું હતું. **'કારણ કે–'** હવે ન્યાય આપે છે.

(૧) **'તેનો દૃષ્ટની સાથે (જગતમાં જે જોવામાં આવે છે–અનુભવાય છે તેની સાથે) અવિરોધ છે.'** (એટલે તેની સાથે) વિરોધ નથી આવતો. શું ? **'(જગતમાં) દેખાય છે કે છદ્મસ્થને પણ, જેમ વર્તમાન વસ્તુ ચિંતવતાં તેના આકારને જ્ઞાન અવલંબે છે તેમ,...'** આ..હા..હા...! કાલે 'લોટ'નો દાખલો આપ્યો હતો, નહિ ?

લોટ–આટો જે છે, એમાંથી આમ કાપે છે એ કાપવાની ક્રિયા તો એનાથી એ વખતે થવાની છે, આંગળીથી થઈ નથી; અને એ વખતે લોટની–આટાની રોટલી થશે, એ આવી થશે એવું જ્ઞાન તો તે વખતે થઈ જાય છે. વર્તમાન લોટનો લોયો... 'લોયો' કહે છે ને શું કહે એને ? પિંડલો...! એની પર્યાયનું જ્ઞાન, ભૂત(કાળ)માં એ પોતે ઘઉં હતા, લોટ હતો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એનો આ લોટ (પિંડલો) થયો છે. એ ઘઉંની પર્યાયનું જ્ઞાન, લોટનું જ્ઞાન અને પછી રોટલી થશે–એ પણ વર્તમાનમાં જાણે છે, આહા..હા...! આવી વાત... ધર્મને નામે...! બાપુ ! વીતરાગધર્મ બહુ સૂક્ષ્મ છે ! લોકોએ (જે) જૈનધર્મ માન્યો છે એનાથી વિરૂદ્ધ (છે). આહા..હા...!

જે સમયે જે પર્યાય થાય તે તે વસ્તુનો સ્વભાવ છે. આગળ ૯૯ (ગાથામાં) 'હાર'નો દૃષ્ટાંત આવશે. હાર છે ને હાર ? એમાં જે સ્થાનમાં મોતી છે તે સ્થાનમાં (તે) છે, આઘા--પાછા સ્થાનમાં નહિ. તેમ આત્મારૂપી હાર અને પરમાણુરૂપી હાર, એની જે સમયે જે પર્યાય છે, તે સમયે તે થશે. (હારમાં મોતીનું) ક્ષેત્ર છે (અહીંયાં આત્મા તથા પરમાણુમાં) કાળ (લેવો) છે. તત્ત્વનું સ્વરૂપ જ આવું છે ! હવે એના સ્વરૂપની ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય (એમ કોઈ દિવસ બને નહિ). સમ્યક્જ્ઞાન પણ ન મળે, સમ્યગ્દર્શન ન મળે અને એને ચારિત્ર–સામાયિક ને પોષા ને પડિકમણા ને સાધુપણું આવી જાય...!! (એમ) ત્રણકાળમાં આવે નહિ, આહા..હા...!

(અહીંયાં કહે છે) **'(જગતમાં) દેખાય છે કે છદ્મસ્થને પણ,...'** (એટલે) અલ્પજ્ઞાનીને પણ **'જેમ વર્તમાન વસ્તુ ચિંતવતાં,...'** આહા..હા...! (દૃષ્ટાંતમાં) એ ઘઉં લ્યો, આમ ઘઉં (છે). ઘઉં કહેવાય છે ને ? પહેલા એની પર્યાય ધૂળની હતી, અત્યારે ઘઉંની થઈ અને એ ઘઉંનો આમ લોટ થશે. એની પર્યાય ખ્યાલમાં (આવી જાય છે). (આ રીતે) ઘઉંનો ખ્યાલ આવતાં ભૂત--વર્તમાન–ભવિષ્યનો ખ્યાન નથી આવતો ? સમજાણું કાંઈ ? આહા...!

આ હાથ છે, લ્યો ! એની આ પર્યાય છે. પહેલી પર્યાય આમ હતી ને પછી આમ થઈ તો એ પહેલી પર્યાયનું જ્ઞાન છે, વર્તમાનનું જ્ઞાન છે અને પછીની પર્યાય પણ આમ થશે ને આમ થશે–એનું પણ તેને એક સમયમાં જ્ઞાન છે. આત્મા કરશે તો થશે, એ પ્રશ્ન નથી. ઝીણું બહુ આવું !

વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્માએ જે જોયું છે... આ..હા..હા...! તે ત્રણકાળની પર્યાય વર્તમાનવત્ જોઈ છે, (એમ) કહે છે. આહા...! વર્તમાનમાં પર્યાય અભૂતાર્થ છે છતાં કેવળજ્ઞાન તો ભૂતાર્થ તરીકે જાણે છે ! સમજાણું કાંઈ ? આવી ધર્મની વાતું ! સંસારની કેળવણીમાં એમ.એ. ને એમાં રોકાવું (ભણવું) હોય તો પાંચ–દસ વર્ષ કાઢે ! વીતરાગ કહે છે એ તત્ત્વ શું છે એને સમજવા માટે વખત નથી !! આહા..હા...!

અહીંયાં કહે છે કે **'(જગતમાં) દેખાય છે કે છદ્મસ્થને પણ, જેમ વર્તમાન વસ્તુ ચિંતવતાં તેના આકારને જ્ઞાન અવલંબે છે,...'** જેમ કે એક શરીર છે એ જીવ વિનાનું મડદું થયું. તો પહેલા જીવ અંદર હતો તો આમ હલતી અવસ્થા હતી, અત્યારે (મડદારૂપ) સ્થિર અવસ્થા (છે) અને હમણાં એ પરમાણુની પર્યાય રાખ થાશે, (એમ) ખ્યાલ આવે છે કે નહિ ? આહા..હા...! જગતના છદ્મસ્થ માણસો પણ પરપદાર્થને ચિંતવતાં તેની ભૂત, વર્તમાન ને ભવિષ્ય–ત્રણેનો આકાર એને ખ્યાલ(માં) આવી જાય છે. તો સર્વજ્ઞ પરમાત્માને ત્રણકાળ,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ત્રણલોકનો ખ્યાલ આવે એમાં વિશેષ શું છે ? આ..હા..હા...! આકરું કામ છે ! છે (અંદર) ?

**'છદ્મસ્થને પણ, જેમ વર્તમાન વસ્તુ ચિંતવતાં તેના આકારને જ્ઞાન અવલંબે છે,...'** અવલંબે એટલે ? જ્ઞાનમાં તે નિમિત્ત તરીકે જણાય, આહા...! **'તેમ, વ્યતીત અને અનાગત વસ્તુ ચિંતવતાં (પણ) તેના આકારને જ્ઞાન અવલંબે છે.'** એટલે તેના જ્ઞાનમાં તે વસ્તુ જણાય છે. આહા..હા...!

દાખલો (લઈએ). એક સીસપેન છે. સીસપેન કહે છે ને ? હવે, એ (સીસપેન) પહેલા આખી હતી, પછી આમ છરી મૂકી એટલે અવસ્થા (આમ) થઈ. હવે પહેલી (જે પર્યાય) હતી તે પર્યાયનો પણ ખ્યાલ છે અને આ વર્તમાન થઈ એનો ખ્યાલ છે અને એ તૂટી જશે–ભાંગી જશે ત્યારે આમ થશે તેનો પણ ખ્યાલ છે. અથવા (સીસપેનથી) આમ લખાશે, એ લખાશે એની પર્યાયનો ખ્યાલ છે. કરશે તો લખાશે એમ અહીં નથી (કહેવું), આહા..હા...! આવું છે !

દૂધી...! દૂધી... દૂધી... (હોય છે ને) ? દૂધી આમ છે એ ખ્યાલમાં છે. હવે એના કટકા થાય છે. થાય છે હોં...! કટકા કરે છે (એમ) નથી. તો આખી દૂધીનો ખ્યાલ છે અને કટકા થયા તેનો ખ્યાલ છે અને આ હવે પછી રંધાશે ત્યારે પોચા પડી જશે એનો પણ ખ્યાલ છે. છે કે નહિ ? આ..હા..હા...!

છદ્મસ્થ પણ જગતની ચીજનો વિચાર કરતાં, તેના ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાળનો એના જ્ઞાનમાં ખ્યાલ આવી જાય છે, આહા..હા...! એ કોઈને કરે છે, એમ અહીંયાં પ્રશ્ન નથી. જે થાય છે તેના વર્તમાન, ભૂત અને ભવિષ્યને જાણે છે, આહા...! એને હું આમ કરું, કલમ આમ કરું, સીસપેન આમ કરું–એ પ્રશ્ન નથી. એ કંઈ આત્મા કરી શકતો નથી. આહા..હા....! આવું હવે...!

ભાઈ ! ધર્મ કેમ થાય અમને એ કહોને ! પણ એ આ વાત છે. તારો જ્ઞાનસ્વભાવ–ધર્મ એવો છે કે એક સમયમાં ત્રણકાળ જાણે એવી તાકાતવાળું તારું સ્વરૂપ છે, આહા..હા...! એવા સર્વજ્ઞસ્વભાવીની દૃષ્ટિ કર અને એમાં ઠર–એનું નામ ધર્મ છે. કહો, 'રસિકભાઈ' ! આવી આકરી વાતું ! (સંપ્રદાયમાં) તો કહે, 'વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને પૂજા કરો ને જાત્રા કરો....!' એ તો રાગ છે અને શરીર ચાલે એ તો જડની ક્રિયા છે. 'ગિરનાર' કે 'શેત્રુંજય'ની જાત્રામાં જડ શરીર ચાલે એ તો જડની ક્રિયા છે અને તે જડની તે સમયે તે પર્યાય (થાય છે) અને એ પગ આમ થાય છે, એ ખ્યાલ છે. કરે છે નહિ (પણ) ખ્યાલ છે. આમ થતાં થતાં આ પગ આમ જશે એ પણ ખ્યાલ છે. આહા...! ખ્યાલ છે, હોં...! આત્મા એનો કર્તા નથી. આ તો અજ્ઞાની (એમ માને છે) કે શરીરની અવસ્થાને હું કરું છું, પગને ઉપાડું છે ને આમ મૂકું છું–એ પરની ક્રિયાનો કર્તા મિથ્યાદૃષ્ટિ છે. એને જૈનધર્મની ખબર નથી. આહા..હા....! આવું કામ છે ! પહેલો એકડો (૧) હતો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(એ પૂરો થયો).

**(૨) 'વળી જ્ઞાન ચિત્રપટ સમાન છે, જેમ ચિત્રપટમાં અતીત, અનાગત અને વર્તમાન વસ્તુઓના આલેખ્યાકારો (–આલેખ્ય આકારો),...'** જેમ પાટિયામાં કે સ્થંભમાં ગયા કાળના તીર્થંકરો, વર્તમાનના તીર્થંકરો અને ભવિષ્યના તીર્થંકરો આમ ચીતરે તો (એનો) એક સમયમાં બધો ખ્યાલ આવી જાય છે. (શ્રી 'જયેસનાચાર્યદેવે') 'બાહુબલી'નો દાખલો આપ્યો છે. **'बाहुबलिभरतादि...'** પણ એ 'બાહુબલિ' ને ચિતર્યા હોય (કે) તીર્થંકરને સ્થંભમાં કોતર્યા હોય, ચોવીશ તીર્થંકરો–ભૂતકાળમાં થયા એને વર્તમાન અને ભવિષ્યના (કોતર્યા હોય) તો અહીં એક સમયમાં બધાં તીર્થંકરો જણાય છે. જણાય છે કે નહિ ? આહા..હા...! ભલે છદ્મસ્થને થોડો ક્રમ લાગે, એ જુદી વસ્તુ છે. સમજાણું કાંઈ ? પણ એનો સ્વભાવ તો એક સમયમાં જાણવાનો જ છે. આહા...! કોઈ પરનું કાંઈ કરી શકું એ વસ્તુ નથી. કેમકે પરવસ્તુમાં જે સમયે જે પર્યાય થવાની તે થવાની, હવે એને બીજો કરે શું ? આહા...! આવું છે. આખા જગતથી ઊંધી વાત છે. ઊંધાથી ઊંધી (વાત) છે ! જગતની વાતો બધી ઊંધી અને ભગવાનનો માર્ગ એનાથી ઊંધો ! આહા..હા...!

અહીં કહે છે કે છદ્મસ્થ અલ્પજ્ઞાની પણ કોઈ પણ ચીજને ચિંતવતાં તેની વર્તમાન પર્યાય, ગઈ એ પર્યાય અને ભવિષ્યની પર્યાય (તેના) ખ્યાલમાં આવી જાય છે. આહા..હા...!

ચણાનો લોટ છે, એ પહેલા આખો ચણો હતો એ પર્યાયનો ખ્યાલ આવી જાય છે. અત્યારે આ (લોટ) છે અને તરત હમણાં શેકાશે (એટલે) ભજિયું થશે. હું શેકીશ ને અગ્નિથી શેકાય–એ પ્રશ્ન અત્યારે નથી. 'ભજિયા' કહે છે ને ? શું કહે છે (હિન્દીમાં) ? 'પકોડા...!' આહા..હા...!

આ ચશ્માં છે, જુઓ ! પહેલી અવસ્થા આમ છે, (અત્યારે) આમ આવે છે અને પછી પણ આમ ઊતરશે ત્યારે આમ થાશે, એવો એક સમયમાં ખ્યાલ આવે છે. એને કરી શકે કે કાને ચડાવી શકે એ પ્રશ્ન અહીં છે નહિ, આહા..હા...!

પહેરણ લ્યો પહેરણ...! શું કહે છે અત્યારે પેલાને ? 'ખમીસ.. ખમીસ...!' એ ખમીસ અત્યારે ખુલ્લું છે, (પછી) હાથ નાખ્યો, (એ વખતે) ખ્યાલ આવશે કે આ ખમીસની (બાંય) આમ છે, એ અહીં (ઉપર) આવી જશે, રહેશે. (તો) પહેલી અવસ્થા, રહેશે એ અવસ્થા અને પછી પાછી તરત અવસ્થા બદલશે–આમ થાય... આમ થાય... એનો પણ ખ્યાલ છે. એની અવસ્થા બદલશે, હોં...! આત્મા બદલાવશે, એમ નહિ ! આહા..હા...!

આ તો, ત્રણકાળ ત્રણલોક ભગવાન જાણે છે તેથી ક્રમબદ્ધપર્યાય થાય છે, એવી સમકિતીને શ્રદ્ધા હોય છે. આહા...! કોઈ પણ સમયની પર્યાય કોઈ ફેરવી શકે બીજો તો કરી નહીં શકે પણ એ પોતે ફેરવી શકે એમ નથી. આવે છે ને ભાઈ 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં ? ત્રણકાળ, ત્રણલોકની જે સમયે જે પર્યાય થાય તે જિનેન્દ્ર પણ ફેરવી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શકે નહિ. (ફક્ત) જાણે ! આહા..હા...! આ વાત અંદરથી (બેસવી જોઈએ).

જાણનારો હું છું, એ જાણનારો જાણવાનું કામ કરે. અહીં તો પરને જાણે એટલી અપેક્ષા લેવી છે ને ? એ પર (પદાર્થ) જે સ્થિતિમાં છે અને પહેલી સ્થિતિમાં હતો અને પછીની સ્થિતિમાં થશે એને જ્ઞાન જાણે; પણ જ્ઞાન પરને ફેરવે અથવા ત્રણકાળને ન જાણે, એમ નહિ. વર્તમાન જ જાણે અને ભૂત–ભવિષ્યને ન જાણે, એમ નહિ. આહા..હા...! જ્યારે એ રીતે જેના જ્ઞાનમાં એ વાત(નો) નિર્ણય થઈ જાય ત્યારે એ ક્રમબદ્ધની પર્યાયને જાણનારો થાય, કરનારો પણ નહિ. આહા...!

***વસ્તુ છે–એનો નિર્ણય જે જ્ઞાનમાં થયો તે નિર્ણય (જે) થયો, તે પણ તેનો સમય છે. આહા..હા...! અને એ નિર્ણય પણ ષટ્કારકના પરિણમનથી થયો છે. આહા..હા...! ફક્ત લક્ષ છે જ્ઞાયક ઉપર. (ભલે) લક્ષ છે, લક્ષ હોવા છતાં પણ કર્તા થઈને, પોતાનું કર્મ, કરણ ને સંપ્રદાન પોતાથી કરે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? વીતરાગમાર્ગ બહુ ઝીણો, ભાઈ ! આ તો વીતરાગની કૉલેજ છે !! આહા...! જેને એ જ્ઞાનના ભાન નથી અને કર્તા થઈને આખો દિ' ફરે છે, એ મિથ્યાત્વના પોષણ કરીને ચાર ગતિમાં રખડવાના લખણ (લક્ષણ) છે ! આવી વાત છે, ભાઈ ! આહા..હા...! છે ?***

એ (જ્ઞાન) ચિત્રપટ (સમાન છે). ચિત્રપટ હોય ને આમ ? (તેમાં) ત્રણકાળના તીર્થંકર ચીતર્યા હોય (તો) ખ્યાલમાં આવી જાય છે કે નહિ ? ચિત્રપટમાં સિંહ ચીતર્યો હોય, લ્યો ! વાઘ ચીતર્યો હોય–ગયા કાળમાં આવો હતો, અત્યારે આવો છે અને ભવિષ્યમાં મરી ગયો–એમ ચીતર્યું હોય (તો) ખ્યાલ આવી જાય છે કે નહિ ? આહા..હા...!

જેમ 'મહાવીર ભગવાન'નો આત્મા દસમા ભવમાં સિંહ હતો, સિંહ..! 'ભગવાન મહાવીર'નો આત્મા દસમા ભવમાં સિંહ (હતો). (એ) આમ હરણને મારતો હતો. એ વખતે મુનિ આવ્યા અને મુનિએ કહ્યું કે 'અરે... સિંહ ! તું તો દસમા ભવમાં (થવાવાળો) તીર્થંકર 'મહાવીર'નો જીવ (છો) ! આ શું કરે છે ?' સિંહને પણ ખ્યાલમાં (છે) કે પ્રથમ અવસ્થા આમ હતી, આમ થઈ ગઈ અને આમ રહેશે–એ ખ્યાલમાં છે કે નહિ ? આહા..હા...! પણ આમાં 'ધર્મ' શું આવ્યો ? ધર્મ એ આવ્યો કે જે સમયે જે પર્યાય થાય તેનો તું જાણનારો છો ! એને ફેરવવાનો કર્તા તું નથી. એવો જે સમ્યગ્દર્શન(રૂપી) ધર્મ (તે) આ રીતે થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

(તેથી) **'જ્ઞાન ચિત્રપટ સમાન છે. જેમ ચિત્રપટમાં અતીત,...'** એટલે ગયો કાળ, **'અનાગત,..'** (એટલે) ભવિષ્ય, **'અને વર્તમાન વસ્તુઓના આલેખ્યાકારો (–આલેખ્ય આકારો),...'** છે ને ? આહા..હા...! (નીચે અર્થ છે) આલેખ્ય = આલેખાવાયોગ્ય; ચીતરાવાયોગ્ય. **'સાક્ષાત્ એક ક્ષણે જ ભાસે છે, તેમ જ્ઞાનરૂપી ભીંતમાં (–જ્ઞાનભૂમિમાં, જ્ઞાનપટમાં) પણ અતીત, અનાગત અને વર્તમાન પર્યાયોના જ્ઞેયાકારો સાક્ષાત્ એક ક્ષણે**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**જ ભાસે છે.**' આહા..હા...!

ભગવાન કેવળજ્ઞાનથી આત્માને જાણે છે, (એમ) આવ્યું હતું ને ? (૩૩ ગાથામાં) આવ્યું હતું ને ? આચાર્યો કહે (છે) અમે પણ શ્રુતજ્ઞાનથી આત્મા જ્ઞાયક ત્રિકાળ છે તેને અમે જાણીએ છીએ, આહા...! અમે પણ 'શ્રુતકેવળી' છીએ ! આ..હા..હા...! કેવળજ્ઞાની પરમાત્મા કેવળજ્ઞાનથી આત્માને જાણે છે (અને) અમે શ્રુતજ્ઞાનથી જાણીએ (છીએ). ભલે ક્રમે (થતી) કેટલીક પર્યાય (દ્વારા જાણીએ છીએ), પણ તે પર્યાયથી જાણીએ છીએ ભગવાનઆત્માને ! આહા..હા...! તો ગયાકાળમાં અમારી આ અવસ્થા વિપરીત હતી એને પણ જાણ્યું, વર્તમાનમાં સમ્યક્ થયું એને પણ જાણ્યું અને પછી તેની તે પર્યાય રહેશે એને પણ જાણ્યું, આહા..હા...! આવું છે !

જૈનદર્શનમાં તો આઠ-આઠ વર્ષનાં બાળકો સમ્યગ્દર્શન પામતા !! આહા..હા...! ભગવાનઆત્મા અંદર... આ..હા..હા...! ચૈતન્યસ્વરૂપ, આનંદસ્વરૂપને પકડીને જ્યારે 'સમ્યક્' નિર્ણય થાય ત્યારે તેને ત્રણકાળના, ત્રણલોકના જે દ્રવ્ય–પર્યાય છે એનું એને પરોક્ષજ્ઞાન થાય છે. આહા..હા...! હું કોઈનું કરી દઉં અને મારામાં પરથી કાંઈ થાય–એવું સમ્યક્દૃષ્ટિને રહેતું નથી. આહા..હા...! આમાં વ્રત કરવા ને તપ કરવા, એ ક્યાં ગયું ? પણ હજી સમ્યગ્દર્શન વિના વ્રત, તપ આવ્યા ક્યાંથી તારે ?

જ્ઞાનસ્વભાવ જાણનારો જ છે. રાગનો પણ કરનારો નથી, પરનો પણ કરનારો નથી. પર (પદાર્થ) પણ એની પર્યાય પ્રમાણે (પરિણમી રહ્યાં છે). રાગ પણ ક્રમમાં આવેલો રાગ આવશે અને તે કાળે જ્ઞાન પણ તેને જાણવાના ક્રમમાં તેને અને સ્વને જાણશે. વાત સમજાય છે ? આહા..હા...!

***જ્ઞાનપર્યાય જે (થાય) છે એ પણ ક્રમબદ્ધ જ્ઞાનની પર્યાય છે અને ક્રમબદ્ધમાં રાગ જે પ્રકારનો આવ્યો, તે છે માટે અહીં જાણે છે (એમ) નથી. એના જ્ઞાનના ક્રમમાં સ્વનું અને પરનું જ્ઞાન (કરવાવાળી) પર્યાય (એના) ક્રમમાં આવી એટલે એમાં એ જણાયું છે. બહુ, ઝીણું, બાપુ ! 'મનસુખભાઈ' આમાં ક્યાંય તમારા ધંધાના થોથામાં ક્યાંય હાથ આવે એવું નથી.***

***અરે..રે...! એણે રખડવામાં વખત કાઢ્યો. આહા..હા...! પણ હું એક જાણનાર (તત્ત્વ) છું (એવો નિર્ણય ન કર્યો) ! જેમ ભગવાન બધું–ત્રણકાળ, ત્રણલોકને જાણે (પણ) કોઈના એ કર્તા નથી. એમ હું પણ એક જાણનાર છું. જગતની ચીજો જેમ વર્તે છે, વર્તશે (અને) વર્તી ગઈ, એને હું જાણનારો છું. એમાં હું ફેરફાર કરનારો કે બદલાવી નાખું, એવો હું નથી. આહા..હા...! આ વાત.***

આ મોટા પથરાના કારખાના કરે છે (તો) કહે છે કે આ જગ્યા પહેલા આવી હતી એમ જાણ્યું, પછી ત્યાં કારખાનું થવાનું છે તે આ રીતે થશે એ પણ પહેલેથી જણાયું છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કુંભારે માટી લીધી માટી...! તો માટીનો પિંડ છે તેનું જ્ઞાન છે અને પિંડઅવસ્થા પલટીને હમણાં ઘડો થશે. એ પિંડ વખતે પણ ઘડાનું જ્ઞાન, જ્ઞાનમાં જણાય છે. આ..હા..હા...! સમજાય છે ? કુંભાર ઘડો કરતો નથી પણ ઘડાની અવસ્થા પહેલા પિંડની હતી, પછી ઘડાની થઈ અને એ પહેલા સાધારણ માટીની હતી – એને જાણે છે. આત્માનો સ્વભાવ જાણવું છે. કોઈ ચીજને કરવી અને ફેરવવી એ આત્માનો સ્વભાવ નથી. અરે...! પોતાની જે પર્યાય થવાની તેને પણ ફેરવવાનું એનું સામર્થ્ય નથી. આહા..હા...! આ વીતરાગતા છે !!

આમાં એ કહ્યું **'જ્ઞાનરૂપી ભીંતમાં (–જ્ઞાનભૂમિમાં, જ્ઞાનપટમાં),...'** ત્રણકાળનાં ચીતરેલાં ચિત્રો, **'પણ અતીત, અનાગત અને વર્તમાન પર્યાયોના જ્ઞેયાકારો સાક્ષાત્ એક ક્ષણે જ ભાસે છે.'** આહા..હા...! (એ બીજું થયું).

**(૩) 'વળી સર્વ જ્ઞેયાકારોનું તાત્કાળિકપણું (વર્તમાનપણું, સાંપ્રતિકપણું) અવિરુદ્ધ છે.'** શું કહે છે ? જગતની બધી ચીજો–જ્ઞેય છે એના પર્યાયોના આકાર, [તેનું તાત્કાળિકપણું (વર્તમાનપણું, સાંપ્રતિકપણું) અવિરુદ્ધ છે]. **'જેમ નષ્ટ અને અનુત્પન્ન વસ્તુઓના આલેખ્યાકારો વર્તમાન જ છે,...'** આ..હા..હા...! નીચે (અર્થ) છે ને ? આલેખ્ય = (આલેખાવાયોગ્ય; ચીતરાવાયોગ્ય).

કોઈ પણ ચીજની પર્યાય બદલી અને નષ્ટ અને અનુત્પન્ન (એટલે) ઉત્પન્ન થઈ નથી એ વસ્તુ. એ વસ્તુઓના આલેખ્યાકારો ખ્યાલમાં આવી જાય છે. આહા...! **'વર્તમાન જ છે,...'** આ..હા..હા...!

કોઈ વળી એમ પણ કહે કે 'જે પર્યાય થઈ નથી એને કેવળી જાણે એ તો અસત્ય થયું !' એ પ્રશ્ન આવે છે. અસત્ય નથી, પ્રભુ ! તને ખબર નથી. થઈ છે, (થાય) છે અને થશે–એ (પર્યાય જે) થશે, તેનું (જ્ઞાન) વર્તમાન (જેમ દેખાય છે) એવું જ અહીંયાં દેખાય છે. આહા..હા...! થશે ત્યારે જણાશે, એમ નહિ. (ભવિષ્યમાં જે) થશે તેનું વર્તમાનમાં જણાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

સર્વ જ્ઞેયાકારોનું તાત્કાળિકપણું (અવિરુદ્ધ છે). **'જેમ નષ્ટ અને અનુત્પન્ન વસ્તુઓના આલેખ્યાકારો વર્તમાન જ છે, તેમ અતીત અને અનાગત પર્યાયોના જ્ઞેયાકારો વર્તમાન જ છે.'** આ..હા..હા...! અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ જે જ્ઞેય (છે) અને ભવિષ્યમાં થવાનું એના આકારો પણ વર્તમાનવત્ જ જ્ઞાનમાં જણાય છે. આ કેવળજ્ઞાન !! અને એવો કેવળજ્ઞાન આત્માનો સ્વભાવ !! એ કેવળજ્ઞાન તો એક સમયની પર્યાય છે પણ એવી અનંતી અનંતી પર્યાય થવાનો જ્ઞાનગુણમાં સ્વભાવ (છે) ! એ જ્ઞાનગુણનો ધરનારો 'હું' (છું) ! એવો જ્ઞાયકનો અનુભવ થવો એનું નામ 'સમ્યગ્દર્શન' છે. અને આ સમ્યગ્દર્શન (થયા) પછી સ્વરૂપમાં ઠરે છે એનું નામ 'ચારિત્ર' છે. ચારિત્ર કોઈ નગ્નપણું કે મહાવ્રતના પરિણામ (પાળે), એ કોઈ ચારિત્ર નથી, આહા..હા...! ઝીણું બહુ ! ભાઈએ ઉપાડ્યું છે સારું ઉપાડ્યું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. પંડિતોના અભિપ્રાય લેશે. ક્રમબદ્ધ.

ક્રમબદ્ધમાં જે સમયે જે (પર્યાય) થવાનો (તે થવાનો જ છે) એવું જેને જ્ઞાનમાં બેસે, એનું જ્ઞાન સર્વજ્ઞસ્વભાવી ઉપર ઢળી જાય. એ તો કીધું હતું ને ? (સંવત) ૧૯૭૨ની સાલમાં સંપ્રદાયમાં મોટો પ્રશ્ન ઊઠ્યો. ત્રેસઠ વર્ષ થયાં. 'કેવળજ્ઞાનીએ દીઠું એ થાશે.' એ... 'વીરચંદભાઈ' ! તમારા 'મૂળચંદજી' ને એ બધા જોયા હતા કે નહિ તમે ? 'હિરાજીમહારાજ' બિચારા ભદ્રિક હતા. 'મૂળચંદજી' (કહેતા), 'થવાનું હશે એ થશે, એમાં આપણે શું કરીએ ?' કીધું, 'થવાનું (હશે) તે થશે, (એ) કોણે જોયું ?' (તો એમણે કહ્યું) 'કેવળજ્ઞાનીએ.' (એટલે મેં કહ્યું) 'કેવળજ્ઞાની જગતમાં છે એમ કોણે નિર્ણય કર્યો ?' આ તો '૭૨ની વાત છે. કેટલા વર્ષ થયા ? ત્રેસઠ ! ત્રેસઠ વર્ષ પહેલાની વાત છે !

ભાઈ ! તમે આ ક્રિયા કરો છો. 'લાઠી' માં એક પ્રશ્ન ઉઠ્યો હતો. હું ન બોલ્યો. 'હિરાજીમહારાજ' આહાર કરે ને પછી પાતરા લુવે ને ? પાતરા. ઊભા ઊભા લુતા હતા. એમાં 'મૂળચંદજી' એ કહ્યું, મહારાજ ! નીચે ... ત્યારે 'હિરાજી મહારાજ' બોલ્યા કે એ તો થવાન પર્યાય તે થશે. ત્યારે 'મૂળચંદજી' એમ બોલ્યા કે ભગવાને પ્રયત્ન કરવાનું કીધું છે ને ? 'લાઠી' માં અપાસરાની પાછળ ત્યાં વાત થઈ હતી. કારણ કે ૧૯૭૨ માં પ્રશ્ન થઈ ગયેલો ખરો ને એટલે. ઊભા ઊભા પાતરા લુવે ને પડી જાય. એટલે 'મૂળચંદજી'એ કીધું. ત્યારે કહે, એ તો થવાનું હશે જે પર્યાય તે થશે. ત્યારે આણે કીધું કે પણ ભગવાને પ્રયત્ન કરવાનું કહ્યું છે ને. પ્રયત્ન કીધો છે એ તો જે સમયે તે પ્રકારનો પ્રયત્ન થવાનો છે તેને જણાવ્યું છે. આહા..હા...! ફૂટવાનો હોય છે તે સમયે તે ફૂટશે જ અને જે સમયે રહેવાના છે તે સમયે રહેશે જ. અંદરનું બારણું છે ને ? ત્યાં વાત થઈ હતી. ૧૯૭૩ ની વાત છે. આ વાત ૧૯૭૨ માં થઈ ગયેલી. એટલે આ ૧૯૭૩ ની વાત છે. પછી 'હિરાજી મહારાજ' ગુજરી ગયેલા. આહા..હા...! ગુજરી ગયા ૧૯૭૪ માં, પણ એ ૧૯૭૩ નું ચોમાસુ કરીને આવ્યા હતા પછી આ વાત થઈ હતી. ૧૯૭૩ માં 'દામનગર' ચોમાસુ હતું. આકરી વાતું બહુ, બાપા !

માણસને એમ થઈ જાય છે કે અમે પરનું કાંઈક કરી શકીએ (છીએ). પરની દયા પાળીએ, હિંસા કરી શકીએ, પૈસા રળી શકીએ, પૈસા વાપરી શકીએ. 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં લીધું છે, ભાઈ ! કે 'તને પૈસા મળ્યા તો દાન કરજે ! ઉપકાર કરજે !' એવું આવે છે, હોં ! વાંચનમાં વાત થઈ ગઈ હતી. એ ફક્ત શુભભાવ(ની વાત છે). (અશુભ ભાવની) તીવ્રતા મટાડવાની વાત કરી. સમજાણું ? 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં છે. તને પૂર્વના પુણ્યને લઈને પૈસા મળ્યા છે, એ કંઈ તારા પ્રયત્નથી મળ્યા નથી. એમાં કાંઈક કરજે ! ભાગ પાડજે ! – દાનમાં, ભક્તિમાં, પ્રભાવનામાં,... આહા..હા...! સાંભળ્યું છે ? એમાં છે ક્યાંક. શરૂઆતમાં ક્યાંક છે. ક્યાં હશે શી ખબર પડે ? કાળલબ્ધિ ! (૨૩૨ ગાથા છે). 'જીવદ્રવ્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે તે પોતાના ચેતનાસ્વરૂપમાં, પોતાના જ ક્ષેત્રમાં, પોતાના જ દ્રવ્યમાં તથા પોતાના પરિણમનરૂપ સમયમાં રહીને જ પોતાના પર્યાયસ્વરૂપ કાર્યને સાધે છે.' આહા..હા...! આ 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' ! 'સમયસાર'થી પણ (જૂનું) ! દાનનું ક્યાંક (આવે) છે. અહીં (૨૨૯ ગાથામાં) એ (કહે) છે. 'ત્રણેકાળમાં એક એક સમયમાં પૂર્વ--ઉત્તર પરિણામનો આશ્રય કરી જીવાદિક વસ્તુઓમાં નવા નવા કાર્યવિશેષ થાય છે અર્થાત્ નવા નવા પર્યાય ઊપજે છે.' (અર્થાત્) એના કાળે તે–તે સમયે તે પર્યાય ઊપજે છે. આ 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' 'સમયસાર' કરતાં જૂનો ગ્રંથ છે ! 'શ્રીમદ્'ને મળ્યો ત્યારે બહુ (પ્રસન્ન થયા હતા) !

એમાં ક્યાંક દાનનું છે ખરું ! હાથ આવે ત્યારે ખબર પડે ને ! એમાં કાંઈક કરજે, એમ (કહ્યું છે). એમાં દાનની વાત છે. આપણે વંચાઈ ગયું છે. એનો રાગ ઘટાડવાની વાત કરે ત્યારે તો એ જ આવે. 'પદ્મનંદીપંચવિંશતી'માં 'દાન અધિકાર'માં આવે છે ને ? - કે ભાઈ ! તને પૂર્વના કોઈ પુણ્ય હતા તો આ લક્ષ્મી મળી છે. હવે જો લક્ષ્મીમાં કંઈ ભાગ નહિ પાડ (અર્થાત્) દાનમાં, પૂજામાં, ભક્તિમાં, પ્રભાવનામાં (નહિ વાપરે) તો કંજૂસ થઈ જઈશ ! આહા...! એવી વાત છે. 'પદ્મનંદીપંચવિંશતી'માં પણ છે અને આમાં પણ ('સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં) પણ છે, હોં ! અહીં તો ત્યાં સુધી કીધું (છે) કે લોભ ઘટાડવા (દાન) કરજે ! એ પણ ખરેખર તો કાળે થાય છે. પણ એને જ્યારે રાગ ઘટાડવાનું કહે ત્યારે તો એમ સ્થાપે ને ! સમજાણું કાંઈ ? તીવ્ર લોભ છે એને કાંઈક ઘટાડ, ઘટાડ ! ઓછો કર ! નહિતર તીવ્ર લોભમાં તો માણસ પાપ બાંધશે અને પાપમાં ભવ બગડીને ક્યાંય હાલ્યો જશે. છે એમાં ક્યાંક દાનનું (આવે) છે.

અહીં કહે છે કે સર્વ જ્ઞેયાકારો તાત્કાળિકપણે (જણાય છે). આહા..હા...! એ પૈસાની પર્યાય અહીંયાં પૈસાપણે આવી એ પણ એનો સમય હતો. પાછી જ્યારે કાંઈક જવાની છે ત્યારે પણ એનો એ સમય હતો. આહા..હા...! એણે આપ્યા માટે (પૈસા) ગયા છે (અથવા) અવસ્થા થઈ છે, એમ નથી. આ..હા..હા...! એ તો જ્ઞાનમાં જાણનારો છે કે આ પૈસા અહીં હતા અને અહીં ગયા. હમણા એકે આપ્યા છે, નહિ ? 'મિસરીલાલ' નહિ ? 'કલકત્તા'. 'મિસરીલાલજી ગંગવાલ' છે. તીર્થ કમિટિમાં પાંચ લાખ આપ્યા. પાંચ લાખ. ઓળખો છો 'ચેતનજી' ? 'મિસરીલાલજી' નહિ ? મોટો ગૃહસ્થ છે. તે દિ' જન્મજયંતિમાં દસ હજાર લાવ્યા હતા. પહેલા દિવસે એણે દસ હજાર આપ્યા હતા. 'કલકત્તા' મોટો ગૃહસ્થ છે. ઘણા કરોડપતિ છે. એણે પાંચ લાખ આપ્યા છે. પણ એ પાંચ લાખના પરમાણુ જે છે એ ત્યાં જવાના હતા. એની પર્યાય ત્યાં જવાની થવાની હતી તે થઈ છે. આ તો એનો જાણનાર છે. (તેના બદલે) એમ માને કે 'મેં દીધું છે, એ મારી ચીજ હતી અને મેં દીધી છે !' (તો એ તો) ભ્રમ છે, અજ્ઞાન છે. આવું છે. આહા..હા...!

અહીં તો (કહે છે) **'જેમ નષ્ટ અને અનુત્પન્ન વસ્તુઓના આલેખ્યાકારો વર્તમાન જ**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**છે, તેમ અતીત અને અનાગત પર્યાયોના જ્ઞેયાકારો વર્તમાન જ છે.'** આહા..હા...!

**ભાવાર્થ :– 'કેવળજ્ઞાન સમસ્ત દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયોને યુગપદ્ જાણે છે.'** હજી (તો અજ્ઞાનીને) કેવળજ્ઞાનના નિર્ણયની ખબર ન મળે ! ક્રમબદ્ધનું મૂક્યું તો 'વિદ્યાનંદજી' કહે, નહિ. કારણ કે એને કરવું... કરવું... ને કરવાની બુદ્ધિ છે. બીજાને કરી દઉં, બીજાને આમ કરી દઉં ! બહુ સારી વાત કાઢી છે. ખરું તો હજી પાછળથી નાખશે. હજી આ જન્મક્ષણ ને એ ક્યાં નાખ્યું છે. ઉત્પાદ ઉત્પાદથી છે એ બધું નાખવાનો એને બધો ખ્યાલ છે. હોશિયાર છે.

અહીં કહે છે, કેવળજ્ઞાન સમસ્ત દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયોને–અવસ્થાઓને એક સમયમાં જાણે છે. **'અહીં પ્રશ્ન થવાયોગ્ય છે કે નષ્ટ અને અનુત્પન્ન પર્યાયોને જ્ઞાન વર્તમાન કાળે કેમ જાણી શકે ?'** (અર્થાત્) જે પર્યાય થઈ ગઈ (એ) અત્યારે નથી – નષ્ટ થઈ ગઈ. જે થવાની છે એ અત્યારે થઈ નથી. આહા..હા..! છે ? (એવી) **'નષ્ટ અને અનુત્પન્ન,...'** ગયા કાળની (અને) ભવિષ્યની અનુત્પન્ન (એવી) **'પર્યાયોને જ્ઞાન વર્તમાન કાળે કેમ જાણી શકે ?'**

**'તેનું સમાધાન :– જગતમાં પણ દેખાય છે કે અલ્પજ્ઞ જીવનું જ્ઞાન પણ નષ્ટ અને અનુત્પન્ન વસ્તુઓને ચિંતવી શકે છે,...'** છે ને ? આહા..હા...! (અર્થાત્) પહેલી બાળ અવસ્થા હતી, પછી યુવાન થઈ, પછી વૃદ્ધ થઈ – એ બધી અવસ્થાઓને નથી જાણતો ? આહા...! (એને) વર્તમાન જાણે છે કે નહિ ? શરીર બાળ હતું, પછી જુવાન હતું, પછી વૃદ્ધ થયું અને વૃદ્ધ થયા પછી મસાણની રાખ થાશે. આહા..હા...! કરશે ને બાળશે ને, એ પ્રશ્ન અહીંયાં છે નહિ. અહીં તો (એટલું જ કહેવું છે કે) થશે, થાય છે અને થઈ ગયું – એને જાણવાનો જ્ઞાનસ્વભાવ છે, ભગવાન– આત્માનો (સ્વભાવ છે). આત્માનો હોં..! ભગવાનનો તો છે અને આ આત્માનો પણ એવો સ્વભાવ છે, આહા..હા...! એવું છે.

**'અનુમાન દ્વારા જાણી શકે છે, તદાકાર થઈ શકે છે;...'** જોયું ? જેવું સામે ભૂત–ભવિષ્યનું સ્વરૂપ છે તે આકાર પણ ખ્યાલમાં આવી શકે છે. આહા...! **'તો પછી પૂર્ણ જ્ઞાન નષ્ટ અને અનુત્પન્ન પર્યાયોને કેમ ન જાણી શકે ? ચિત્રપટની માફક જ્ઞાનશક્તિ જ એવી છે,...'** આ..હા..હા...! જ્ઞાનસ્વભાવ જ એવો છે કે એને કોઈ ભૂત અને ભવિષ્યની વાત ન જણાય એવું (નથી). એ તો ચૈતન્યચમત્કારી વસ્તુ છે ! આ..હા..હા...! અને ત્યાં 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં તો એમ પણ કહ્યું (છે) કે જે જે સમયે જે પર્યાય ત્રણકાળમાં થવાની, જિનેન્દ્ર (ભગવાને) દેખી એ પ્રમાણે માને તો સમ્યક્દૃષ્ટિ છે. એનાથી વિરુદ્ધ માને કે 'હું કાંઈક કરી દઉં કે આનું મેં કર્યું !' – (તો) એ મિથ્યાદૃષ્ટિ છે. એ ગાથા ભાઈએ મૂકી છે. સારી મૂકી છે. મૂળ હેતુ ત્યાં ઇ છે. આહા..હા...!

જે સમયે, જે પ્રમાણે (પર્યાય) થવાની, થઈ અને થશે તેને જ્ઞાન જાણે. પણ 'પરનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરી દઉં અને મેં કીધું માટે આને આમ થયું ને મેં પૈસાનો ઉપદેશ આપ્યો માટે આણે દાન આપ્યું, એને લઈને આ થયું !' – એ બધી ભ્રમણા છે. આહા..હા...! ગરીબોને આહાર આપો, ભૂખ્યાને આહાર આપો, તરસ્યાને પાણી આપો, રોગીને દવા આપો – એ બધી વાતું જે સમયે તે થવાની તે થવાની છે. એને 'હું આપું ને કરું' એ વાત વસ્તુમાં નથી. ભગવાનનો સ્વભાવ તો જાણવું છે, બસ ! ભગવાન એટલે આત્મા, હોં..! કેવળીનો જાણવાનો (સ્વભાવ છે) એવો આ ભગવાનઆત્માનો જાણવાનો સ્વભાવ (છે). થયું, થાય ને થશે, તેને તે સમયમાં વર્તમાનવત્ જાણે. આહા..હા...!

વળી, **'જ્ઞાનશક્તિ જ એવી છે કે તે અતીત અને અનાગત પર્યાયોને પણ,...'** એમ. **'પણ'** કેમ લીધું ? (કેમકે) વર્તમાન તો જાણે છે પણ (અતીત અને અનાગતને) **'પણ જાણી શકે છે. વળી, આલેખ્યત્વશક્તિની માફક,...'** (એટલે) આલેખેલા ચિત્ર જેમ દેખાય કે આ પૂર્વભવ હતો, આ વર્તમાન છે અને આ ભવિષ્યનો ભવ છે. ચિત્ર આમ મૂકે ને ? ભગવાનનો પૂર્વે સિંહભવ હતો, પછી આ ભવ હતો અને અત્યારે ભગવાન છે. એમ એકસાથે દેખાય ને આમ ! આહા..હા...!

**'વળી, આલેખ્યત્વશક્તિની માફક, દ્રવ્યોની જ્ઞેયત્વશક્તિ એવી છે,...'** (અર્થાત્) વસ્તુની જણાવાયોગ્ય શક્તિ એવી છે, **'કે તેમના અતીત અને અનાગત પર્યાયો પણ જ્ઞાનમાં જ્ઞેયરૂપ થાય–જણાય.'** જાણનારો તો જાણે પણ એ જ્ઞેયનો એવો સ્વભાવ છે કે ભૂત-ભવિષ્યનું જે સમયે જે થયું તે જણાય. એ જ્ઞેયનો એવો સ્વભાવ છે. આહા..હા...! આવું છે !

**'આ રીતે આત્માની અદ્ભુત જ્ઞાનશક્તિ,...'** આ..હા..હા...! જાણનારો.. જાણનારો... જાણનારો... જાણનારો... જાણે... જાણે... જાણે... જાણે...! ગઈ અવસ્થા, વર્તમાન અને ભવિષ્ય(ને) જાણનાર એવી આત્માની અદ્ભુત શક્તિ !! **'અને દ્રવ્યોની અદ્ભુત જ્ઞેયત્વશક્તિ,...'** આ..હા..હા...! એ જ્ઞેયની પણ જે અવસ્થા થઈ નથી તે અહીં જ્ઞાનમાં જણાય એવી જ્ઞેયની શક્તિ !! જ્ઞાનની શક્તિ તો છે પણ જ્ઞેય પણ એવું છે ! આહા..હા...!

**'આ રીતે આત્માની અદ્ભુત જ્ઞાનશક્તિ અને દ્રવ્યોની અદ્ભુત જ્ઞેયત્વશક્તિને લીધે કેવળજ્ઞાનમાં સમસ્ત દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયોનું એક જ સમયે ભાસવું અવિરુદ્ધ છે.'** એક સમયમાં (બધું) ભાસે ! આહા..હા...! બેસવું કઠણ પડે, ભાઈ ! અભિમાન છે ને (કે) 'એને હું કરી દઉં !! મારે લઈને આ થયું ! મેં જગતને ઉપકાર કર્યો !!' કોણ કરે ? આહા..હા...! એની જે પર્યાય ત્યાં થવાની તે એને કારણે થઈ (છે). આહા..હા...! 'મેં દવા આપી માટે આનો રોગ મટી ગયો.' એ પણ અભિમાન–અજ્ઞાન છે. એ ટાણે પર્યાય ક્રમમાં મટવાની હતી તે મટી (છે), દવાએ મટાડી નથી. આહા..હા...!

***શ્રોતા :– એને (અજ્ઞાનીને) એમ લાગે કે એમાં પુરુષાર્થ ઊડી જાય છે !***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– એમાં જ પુરુષાર્થ છે ! 'હું જાણનારો છું' – (એમ પરિણમવું)***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



*એ પુરુષાર્થ છે. 'પરનું કરનારો છું' – એ વાત ત્રણકાળમાં નથી, એ પુરુષાર્થ (છે), પેલી તો ઊંધી માન્યતા છે. આહા...!* (એ રીતે) **'ત્રણે કાળના પર્યાયોનું એક જ સમયે ભાસવું અવિરુદ્ધ છે.'** એ ૩૭ (ગાથા પૂરી) થઈ.

**'હવે અવિદ્યમાન પર્યાયોનું (પણ) કથંચિત્ (–કોઈ પ્રકારે, કોઈ અપેક્ષાએ) વિદ્યમાનપણું કહે છે :–'** એ વાત વિશેષ કહેશે....

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** અરે! આવી સત્યની વાત હતી જ ક્યાં? જેને આ સત્ય વાત સાંભળવા મળી છે તે ભાગ્યશાળી છે. સાંભળતાં સાંભળતાં સત્યના સંસ્કાર નાખે છે તેને સંસ્કાર નાખતાં અંદરથી માર્ગ થઈ જશે. દરરોજ ચાર પાંચ કલાક આનું આ સાંભળવું-વાંચવું હોય તેને શુભભાવ એવા થાય કે મરીને સ્વર્ગમાં જાય, કોઈ જુગલિયા થાય, કોઈ મહાવિદેહમાં જાય. બાકી જેને સત્યનું સાંભળવાનું પણ નથી એવા ઘણા જીવો તો મરીને ઢોરમાં જવાના. અરે! આવા મનુષ્યના માંડ મોંઘા અવતાર મળે અને પોતાનું હિત નહિ કરે તો ક્યારે કરશે? ખરેખર તો સત્યનું ચાર પાંચ કલાક દરરોજ વાંચન-શ્રવણ આદિ હોવું જોઈએ. ભલેને વેપાર ધંધા કરતા હોય પણ આટલો તો વખત પોતાના માટે કાઢવો જોઈએ. અહીંના સાંભળનારા ઘણા તો રુચિથી આ સંસ્કાર ઊંડા નાખે છે. આવા સત્યના સંસ્કાર લાગી જાય અને ઊંડાણમાં એ સંસ્કાર પડી જાય એને ભવ ઝાઝા હોય નહિ. ધારણા જ્ઞાન થવું તે જુદી ચીજ છે અને અંદરમાં અવ્યક્ત રુચિ થવી તે જુદી વાત છે. ભેદજ્ઞાનના સંસ્કાર ઊંડાણથી નાખવા જોઈએ. અને આ વાતનો ઊંડાણથી મહિમા આવવો જોઈએ કે અહો! આ વાત કોઈ અપૂર્વ છે. એમ પોતાથી અંદરમાં મહિમા આવવો જોઈએ. સાચી રુચિવાળો આગળ વધતો જાય છે. ૪૪૭.**

**– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રી સમયસાર, ગાથા–૭૫, પ્રવચન નં. ૧૬૦**
**તા. ૦૪-૦૧-૧૯૭૯**
**[૪]**

'સમયસાર' ૭૫ ગાથા. અહીંથી (છે). **'પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...'** છે ને ? શું કહે છે ? કર્મ અને નોકર્મ જે પુદ્ગલ છે એ સ્વતંત્રપણે વ્યાપક કર્તા હોવાથી, સ્વતંત્રપણે વ્યાપક એટલે કર્તા હોવાથી **'પુદ્ગલપરિણામનો કર્તા છે...'** ***એ રાગાદિનો કર્તા પુદ્ગલ છે.*** આહા..હા..! અહીં તો એ સિદ્ધ કરવું છે. નહિતર તો રાગાદિ છે એ આત્માની પર્યાયમાં, આત્માની પર્યાયથી ષટ્કારકના પરિણામનથી થાય છે. એ તો એની પર્યાયનું સિદ્ધ કરવું હોય ત્યારે. અને તેના ક્ષણે તે થવાનું છે એમ જ્યારે સિદ્ધ કરવું છે ત્યારે પણ તે વિકાર એના ક્ષણે આત્માની પર્યાયમાં, આત્મામાં થાય છે. એટલું સિદ્ધ કરીને હવે આત્મા જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ છે, એ વીતરાગ સ્વરૂપ છે. એ વીતરાગ સ્વરૂપનું વ્યાપકપણું થઈને વ્યાપ્ય એ રાગ એનું વ્યાપ્ય–કાર્ય ન હોય. સમજાણું કાંઈ ?

આ એક, બે વાત કીધી એ વાત રાખીને વાત છે. પણ અહીંયાં હવે આત્મા વીતરાગ સ્વરૂપ છે, જિનસ્વરૂપ છે. એટલે ? જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ સ્વરૂપ છે તેનું વ્યાપક એટલે પ્રસરીને વ્યાપ્ય જે થાય, એ વિકાર ન થાય. જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ એ કર્તા થઈને અથવા વ્યાપક થઈને કાર્ય થાય તો એ જાણવા-દેખવાના ને આનંદના પરિણામના કાર્ય થાય ! સમજાણું કાંઈ ? આહા..હા..! આવી વાત છે.

એથી અહીં કહે છે કે વિકારી પરિણામ જે થાય અને શરીરની આ પર્યાય થાય એ પુદ્ગલ પરિણામને, **'પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલપરિણામનો કર્તા છે...'** કર્તા સ્વતંત્રપણે કરે એમ અહીં કહે છે. કર્મ પોતે સ્વતંત્ર થઈને વિકારના પરિણામનો કર્તા થાય. અહીંયા એનો જે આત્માનો સ્વભાવ (છે) એ તો જિનસ્વરૂપી, વીતરાગ સ્વરૂપી પ્રભુ છે. વીતરાગ સ્વરૂપી પ્રભુના તો પરિણામ વીતરાગી થાય. આહા..હા..! એમ સ્વભાવની દૃષ્ટિ રાખીને જે સ્વભાવ વીતરાગપણે પરિણમે એ સ્વભાવ રાગપણે ન પરિણમે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! તેથી તે પર્યાયદૃષ્ટિમાં જે રાગાદિ થાય છે તે સ્વતંત્રપણે પુદ્ગલના નિમિત્તના સબંધે થાય છે માટે તે પુદ્ગલ કર્મ તે કર્તા વ્યાપક અને વિકારી પરિણામ તેનું કાર્ય એટલે વ્યાપ્ય. આવું છે. કેટલા પ્રકારે (વાત આવે એમાં) અપેક્ષા ન સમજે અને ઉપાદાનની જ્યાં વાત આવે તો આત્મા અશુદ્ધ ઉપાદાનપણે એટલે વ્યવહારપણે, પર્યાયપણે, વિકારપણે પરિણમે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે એ પોતે, કર્મ તો નિમિત્તમાત્ર છે. કર્મને તો એ વિકાર થતાં, કર્મને તો એ વિકાર અડતો પણ નથી. તેમ કર્મનો ઉદય છે એ રાગને અડતો પણ નથી. આહા..હા..! ત્યારે તે રાગના પરિણામ એની પર્યાયમાં સ્વતંત્ર ષટ્કારકના પરિણમનથી થાય એમ એની પર્યાય એનાથી છે એમ સિદ્ધ કરવી છે. પણ અહીંયાં તો એ એનો સ્વભાવ નથી (એમ સિદ્ધ કરવું છે). આહા..હા..!

સ્વભાવ જે આત્મા છે તે તો જિનસ્વરૂપી, વીતરાગસ્વરૂપી (છે). આહા..હા..! જિનસ્વરૂપી પ્રભુ તેના પરિણામ સમ્યગ્દર્શનના પણ વીતરાગી પર્યાય થાય. કોઈ કહે છે ને કે સમ્યગ્દર્શન સરાગી હોય. એ વસ્તુ તો બીજી અપેક્ષાથી (છે). વીતરાગ જિનસ્વરૂપી પ્રભુ વીતરાગ સ્વરૂપીની પર્યાય વીતરાગ થાય તો સમ્યગ્દર્શન પણ વીતરાગી પર્યાય છે. અને આગળ જતા ચારિત્ર થાય એ પણ વીતરાગી પર્યાય છે. આહા..હા..! એ વીતરાગ સ્વભાવનું કાર્ય, વીતરાગ સ્વભાવ વ્યાપક અને વ્યાપ્ય અવિકારી પર્યાય એટલો ભેદ પાડીને કથન કરવું એ પણ ઉપચારથી છે. આહા..હા..! એ અવિકારી પરિણામ તેનો કર્તા ને કર્મ પરિણામમાં છે. આત્મા એનો વ્યાપક એટલે પ્રસરીને થાય છે એ પણ એક ભેદનયનું કથન છે. વિકારી પરિણામનો કર્તા આત્મા ને વિકારી પરિણામ કાર્ય એ પણ ઉપચારથી કથન છે. આહા..હા...!

જેમ દ્રવ્યકર્મ ને પરનો કર્તા તો ઉપચારથી પણ નથી. તેમ કર્મ અને શરીર કે આત્માના વિકારી પરિણામનો ઉપચારથી પણ કર્તા નથી. આહા..હા..! પણ અહીંયાં સ્વભાવની દૃષ્ટિથી કથન કરવું છે. આહા..હા..! ભગવાનઆત્માના અનંત ગુણો છે એમાં કોઈ ગુણ વિકારપણે પરિણમે એવો ગુણ નથી. એથી એ સ્વભાવી વસ્તુ સ્વભાવના પરિણામપણે પરિણમે અને એનું એ કાર્ય વ્યાપ્ય છે એમ કહેવાય. પણ વિકારી પરિણામનું કાર્ય સ્વભાવદૃષ્ટિએ આત્માનું છે એમ નથી. આહા..હા..! હવે આટલી બધી અપેક્ષાઓ રાખીની (વાત સમજવી).

અહીં પુદ્ગલદ્રવ્ય સ્વતંત્રપણે વ્યાપક એટલે કર્તા થઈને, સ્વતંત્ર એ કર્તા છે. સ્વતંત્રપણે કર્તા થઈને પુદ્ગલ પરિણામનો એટલે કે રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવનો કર્તા છે, આ દૃષ્ટિએ. સમજાણું કાંઈ ? **'અને પુદ્ગલપરિણામ તે વ્યાપક વડે...'** એ રાગ ને દ્વેષ ને પુણ્ય-પાપના ભાવ એ પુદ્ગલપરિણામને તે વ્યાપક વડે એટલે કર્મના વ્યાપક વડે **'સ્વયં વ્યપાતું...'** સ્વયં થતું, સ્વયં કાર્ય થતું હોવાથી તે તે પુદ્ગલપરિણામનું પુદ્ગલપરિણામ તે પુદ્ગલનું કાર્ય છે. આહા..હા...! આવી વાત છે. કઈ અપેક્ષાએ કથન છે એ જાણીને એક જ પકડે કે બસ..! કર્મથી વિકાર થાય, કર્મથી વિકાર (થાય). ભાઈ! પરદ્રવ્યથી થાય (એમ) ત્રણકાળમાં ન હોય. પર્યાય તો સ્વતંત્ર તે સમયની પોતાથી થાય છે પણ તે ગુણ અને સ્વભાવ નથી. તેથી ગુણ ને સ્વભાવની જ્યાં દૃષ્ટિ થઈ ત્યારે તે વિકારના પરિણામનું કાર્ય તે સ્વભાવ નથી. ત્યારે તેના કાર્યનો કર્તા કર્મ છે એમ કરીને ભિન્ન પરથી જુદું પાડી દીધું, સ્વથી એને જુદું પાડી દીધું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શ્રોતા :- કર્તા નથી, જ્ઞાતા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- જ્ઞાતા છે અને પરિણામ તરીકે ભલે કર્તા કહો પણ કર્તાપણે કરવા લાયક છે એવી બુદ્ધિપણે કર્તા નથી. આહા..હા...! કેટલી અપેક્ષા ! ૪૭ નયમાં એમ કહ્યું કે પરિણમનની અપેક્ષાએ તો જ્ઞાની કર્તા છે, એનો અધિષ્ઠાતા છે. કઈ અપેક્ષાએ? આ 'પ્રવચનસાર' નય અધિકાર. આહા..હા...! એ જ્ઞાન પરિણમન એનું છે એટલું બતાવવા કર્તા તે પરિણમે તે કર્તા છે એમ કહ્યું. પણ અહીંયાં તો સ્વભાવની દૃષ્ટિમાં એનું પરિણમન એ સ્વભાવનું હોય છે. એનું પરિણમન વિકૃત છે એ કર્મનું કાર્ય છે એમ કરીને સ્વભાવના પરિણમનથી એને જુદું પાડી દીધું. કહો, 'દેવીલાલજી' ! આવું હવે આટલું બધું (યાદ રાખવું) ? પેલી વાત ભાઈ ! કહેતા હતા. પેલા છોકરાની વાત છે ને ? ઇ કહે, 'ધામણવાળા' ને બધાને ખબર છે પણ એ માનતા નથી. ભાઈ કહેતા હતા, 'હિંમતભાઈ' કહેતા હતા. 'ધામણવાળા' નહિ ? આ વસ્તુનો કાંઈ મેળ ખાવો જોઈએ ને ? એમ ને એમ ... કરે એનો શું અર્થ ? આહા..હા..!

અહીંયાં તો ભગવાન શુદ્ધ નિશ્ચય સ્વભાવની દૃષ્ટિએ એમ કહે કે જે ભગવાનઆત્મા એનો સ્વભાવ તો વીતરાગ છે ને ! અકષાય સ્વભાવ છે ને ! શુદ્ધ સ્વભાવ દરેક ગુણ શુદ્ધ છે ને ! તે શુદ્ધ વ્યાપક થઈને વિકારી પર્યાય વ્યાપ્ય થાય એ છે નહિ. એટલું સિદ્ધ કરવા એ વિકારી પરિણામનું વ્યાપક કર્મ છે અને વિકારી પરિણામ તેનું વ્યાપ્ય નામ કાર્ય છે. આહા..હા..! આવું છે ક્યાં ? હજી તો આગળ પુદ્ગલ કહી દેશે, પુદ્ગલપરિણામને પુદ્ગલ કહેશે. કહ્યું હતું ને ? નહિ ? પુદ્ગલને ને આત્માને જ્ઞેયજ્ઞાયક છેલ્લો (શબ્દ) છે. એ પુદ્ગલ જ છે, જીવદ્રવ્ય નહિ. આહા..હા..! ભગવાનની ભક્તિ ને સ્તુતિનો રાગ છે એનો પણ કર્તા કહે છે કે કર્મ છે એમ કહે છે અહીં. આહા..હા..!

શ્રોતા :- કર્તા જ્ઞાની કેમ હોઈ શકે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- જ્ઞાન સ્વરૂપમાં ક્યાં પણ વિકારનું પરિણમવું છે ? એના અનંતા અનંતા ગુણો છે પણ કોઈ ગુણ વિકારપણે પરિણમે એવો કોઈ ગુણ નથી. એટલે પર્યાયમાં થાય છે માટે પરના લક્ષે થયેલું અને તેથી તે વ્યાપક ને (તે) તેનું વ્યાપ્ય (એમ કહ્યું). આહા..હા..! ભગવાનઆત્મા નિર્મળ અનંત ગુણ વ્યાપક એટલે કર્તા ને વિકારી પર્યાય વ્યાપ્ય એટલે કાર્ય એ નહિ, બંધબેસતું નથી. આહા..હા..! કહો 'ચેતનજી'! આવી બધી અપેક્ષાઓ ને આ બધું ને... આહા..હા..!

શ્રોતા :- ગુરુગમથી જણાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ગુરુગમ જોઈએ, વાત સાચી. આહા..હા..! લ્યો!

**'સ્વયં વ્યપાતું...'** એટલે સ્વયં થતું, સ્વયં કાર્ય થતું. કર્મને લઈને તે પુણ્ય-પાપના ભાવ, ભક્તિ આદિના ભાવ.... ***આહાહા..! ભગવાનની સ્તુતિ આદિના ભાવ એ કર્મ વ્યાપક થઈને***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***વ્યાપતું એટલે થતું કાર્ય હોવાથી તે પુદ્ગલનું કાર્ય છે. આ..હા..હા..!*** કહો, 'ચીમનભાઈ'! આવી ગંભીર વસ્તુ છે, બાપુ ! આહા..હા..!

**'તેથી પુદ્ગલદ્રવ્ય વડે કર્તા થઈને...'** જોયું ? પુદ્ગલકર્મ વડે કર્તા થઈને તે **'કર્મપણે કરવામાં આવતું જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્ગલપરિણામ...'** જોયું ? એ કર્મના પરિણામ ને નોકર્મ શરીર આદિના, ભાષા આદિના એ પુદ્ગલ પરિણામ, **'તેને જે આત્મા, પુદ્ગલ-પરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ...'** આહા..હા..! દાખલો જુઓ ! પુદ્ગલ પરિણામ ને આત્મા, **'પુદ્ગલપરિણામને અને આત્માને....'** એ રાગના, દ્વેષના પરિણામને ને આત્માને **'ઘટ અને કુંભારની જેમ...'** કુંભાર વ્યાપક અને ઘટ એનું વ્યાપ્ય નથી. આહાહા..! આ ઘડો નથી કરાતો, કહે છે. કુંભારથી નથી થતો, માટીથી થાય છે. બાપુ ! પરદ્રવ્યને શું સંબંધ છે ? પરદ્રવ્ય નિમિત્ત માત્ર હો પણ એથી કરીને એનું કાર્ય એ કેમ કરે ? આહા..હા..!

**'ઘટ અને કુંભારની જેમ...'** એટલે ? રાગ-દ્વેષના પરિણામ અને આત્માને **'ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** આહા..હા..! કેટલી ટીકા... ઓ..હો..હો...! ગંભીર છે. શું કહ્યું? - કે દયા, દાન, વ્રત આદિના કે ભગવાનની સ્તુતિના જે પરિણામ છે તે પરિણામને ને આત્માને, તે પરિણામને અને આત્માને, **'ઘટ અને કુંભારની જેમ...'** ઘટ વ્યાપ્ય અને કુંભાર વ્યાપક એમ નથી. તેથી તે પરિણામ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ નથી. ઘટ-કુંભારની જેમ **'વ્યાપ્ય-વ્યાપકભાવના અભાવને લીધે...'** આહા..હા..! કુંભાર વ્યાપક થઈને પ્રસરીને ઘટનું કાર્ય કરે એવો અભાવ છે. એમ આત્મા વ્યાપક થઈને પ્રસરીને વિકારના પરિણામ કરે એનો અભાવ છે. આહા..હા..! બહુ આવી વાતું છે.

શ્રોતા :– એ તો જ્ઞાનીને એવું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અહીં સ્વભાવની વાત કીધી ને. વસ્તુ સ્વભાવ છે ને એની દૃષ્ટિ થઈ છે, સ્વભાવ છે એની દૃષ્ટિ થઈ છે એટલે સ્વભાવનું પરિણમન તે વિકારી પરિણમન ન હોય. એ અહીં વાત લેવી છે. આગળ તો લેશે (કે) મિથ્યાત્વ ને અવ્રત ને પ્રમાદના પરિણામ જીવના છે અને એ જડના છે, બેય જુદા છે. આગળ લેશે... ગાથા. આહા..હા..!

અહીંયાં તો વસ્તુનો સ્વભાવ ચૈતન્યમૂર્તિ ભગવાન રાગના પરિણામથી ભિન્ન પ્રભુનો સ્વભાવ (છે) એવું જ્યાં અંતર જ્ઞાન થયું તે જ્ઞાનીને રાગ તેનું વ્યાપ્ય ને આત્મા તેનો વ્યાપક નથી. કોની પેઠે ? ઘટ અને કુંભારની પેઠે. કુંભાર વ્યાપક અને ઘટ એનું વ્યાપ્ય–કાર્ય નથી. તેમ આત્મા વ્યાપક સ્વભાવ અને વિકારી પરિણામ વ્યાપ્ય ઘટ, કુંભારની જેમ નથી. આહા..હા..! કેટલું યાદ રાખવું ? આહા..હા..!

એ મહાપ્રભુ છે. ચૈતન્ય સ્વભાવ જેનો છે. આહા..હા..! પર્યાયનો અંશ વિકૃત છે એ વસ્તુ જુદી–ભિન્ન કરી નાખી. ભગવાનઆત્મા... આહા..હા..! ઘટ અને કુંભારની જેમ એટલે કુંભાર કર્તા ને ઘટ કર્મ, કુંભાર વ્યાપક અને ઘટ વ્યાપ્ય નથી, તેમ આત્મા વ્યાપક અને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વિકારી પરિણામ વ્યાપ્ય એમ નથી. આહા..હા..! આવો માર્ગ (છે). વસ્તુનું સ્વરૂપ આવું છે.

**'ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...'** ઘટનો કર્તા કુંભાર એની અસિદ્ધિ હોવાથી. એમ વિકારી પરિણામનો કર્તા આત્મા એ અસિદ્ધિ હોવાથી. આહા..હા..! **'પરમાર્થે કરતો નથી,...'** આહા..હા..! ઘટને જેમ કુંભાર પરમાર્થે કરતો નથી એમ વિકારી પરિણામને આત્મા સ્વભાવથી પરમાર્થે કરતો નથી. આહા..હા..! ભાષા તો સાદી પણ બાપુ ! ભાવ તો જે છે એ છે. ભાવ શું થાય ? આહા..હા..!

**'પરંતુ (માત્ર) પુદ્ગલપરિણામના જ્ઞાનને...'** આહા..હા..! એટલે ? - કે રાગાદિ, ભક્તિ આદિ, સ્તુતિ આદિનો વિકલ્પ થાય પણ તેના જ્ઞાનને–પુદ્ગલપરિણામના જ્ઞાનને. એ પણ નિમિત્તથી કથન છે. જે પરિણામ થયા તેના જ્ઞાનને, તેનું જાણવું તેના તે સમયે જ્ઞાનની પર્યાય ષટ્કારકરૂપે પરિણમતી જ્ઞાનની પર્યાય ઊભી થાય છે. આહા..હા..! તે પરિણામના જ્ઞાનને, આમ પરિણામના જ્ઞાનને ભાષા આમ છે. પણ ખરેખર તો તે જ્ઞાનની પર્યાય પોતાથી ષટ્કારકરૂપે પરિણમે છે. જેને રાગના પરિણામનું જ્ઞાન એવી પણ અપેક્ષા નથી. ભાઈ ! આહા..હા..! પણ અહીં એને જરી સમજાવવું છે. એટલે કે પુદ્ગલપરિણામના જ્ઞાનને એટલે કે જે કાંઈ દયા, દાન, ભક્તિ, સ્તુતિનો વિકલ્પ થયો તે કાળે અહીંયાં જ્ઞાન પોતે સ્વપર પ્રકાશમાં પોતાપણે પોતાથી પરિણમે છે તેને અહીંયાં રાગના પરિણામના જ્ઞાનને, રાગના ભાવના જ્ઞાનને, તે જ્ઞાનના પરિણામને કરતો આત્મા. આહા..હા..! છે ? રાગના પરિણામના જ્ઞાનને કર્મપણે કરતો. આહા..હા..! એ પણ ઉપચારથી છે, ભાઈ ! એમાં આ કળશ છે ને ? કળશ. ૪૯ માં ભાઈમાં નાખ્યું છે, 'કળશ-ટીકા'માં.

જ્ઞાનની પર્યાયનો કર્તા અને આત્મા કર્મ એ પણ ઉપચારથી (છે). ભેદ છે ને ? આહા..હા..! એમાં છે, ભાઈ ! 'કળશ-ટીકા'માં છે. ***પરનો તો ઉપચારથી કર્તા નથી, રાગનો આત્મા ઉપચારથી પણ સ્વભાવદૃષ્ટિએ કર્તા નથી પણ રાગનું જે જ્ઞાન કહેવામાં આવે છે એ પણ અપેક્ષિત સમજાવવા માટે (કહેવામાં આવે છે). એ વખતે જ્ઞાનની પર્યાય સ્વ-પરપ્રકાશકપણે સ્વતઃ પરિણમનનો સ્વભાવ છે તેથી ષટ્કારકપણે તે જ્ઞાન પરિણામ પરિણમે છે. તે જ્ઞાન પરિણામને પુદ્ગલના પરિણામના જ્ઞાનને એમ કીધું છે. સમજાણું કાંઈ ? બહુ ગંભીર વસ્તુ છે, બાપુ ! આહા..હા...!***

એ **'પુદ્ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે...'** એ આત્મા તે જ્ઞાનના કાર્યપણે પરિણમે છે. જ્ઞાનનું કાર્ય તે પણે પરિણમે છે, રાગનું કાર્ય તે પણે પરિણમતું નથી. આહા..હા..! સમજાય છે ? ભાષા તો બહુ સાદી પણ બાપા ! ભાવ તો જે છે ઇ છે ને, ભાઈ ! આહા..હા..! અહીં તો પ્રભુની પ્રભુતાનું વર્ણન છે. પામરતા જે થાય છે એ પ્રભુતાનું કાર્ય નહિ એમ બતાવવું છે. આહા..હા..! આ..હા..હા...!

પ્રભુ ! પ્રભુત્વ ગુણે ભરેલો ભગવાન અનંતા ગુણના પ્રભુત્વથી ભરેલો પ્રભુ એ પોતે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રાગના પરિણામને વ્યાપકપણે કર્તા થઈને કરે એ કેમ બને ? આહા..હા..! કેમકે એના દ્રવ્યમાં નથી, એના ગુણમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

એ '**પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' આહા..હા..! આ આવી ભાષા. ***ખરેખર તો એ જ્ઞાન જે છે એ પુદ્ગલપરિણામનું જ્ઞાન છે એ કહેવું વ્યવહાર છે. એ જ્ઞાનનો પર્યાય તે કાળે ષટ્કારકપણે સ્વતંત્ર સમયનો પરિણમે છે, જેને પરની અપેક્ષા તો નથી, પણ દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. એ..ઇ...! આહા..હા..!*** અરે..રે..! આવું તત્ત્વ એને લોકો કંઈક કંઈક દૃષ્ટિએ વીંખી, પીંખી નાખે છે, પોતાની દૃષ્ટિએ એને (પીંખી નાખે છે). આહા..હા..!

કળશમાં લીધું છે, હોં! આમાં પછીનો કળશ આવશે ને ? ૪૯. એમ કે પોતાના જ્ઞાનના પરિણામને કરે એ પણ ઉપચારથી છે. ભેદ થયો ને એટલો? પરિણામ પરિણામને કરે છે તે યથાર્થ છે. આહા..હા..! શું કીધું એ ? ***રાગનું જ્ઞાન એ તો નિમિત્તથી કથન (થયું). એ જ્ઞાનના પરિણામને આત્મા કરે એ પણ ઉપચાર ભેદથી (કહ્યું). બાકી જ્ઞાનના પરિણામને પરિણામ ષટ્કારકરૂપે પોતે પર્યાય કરે છે. એ નિશ્ચય છે. આહા..હા..!*** કહો, 'પંડિતજી' ! સમજ મેં આતા હૈ ? વાત ખ્યાલ આવે (એવી) ભાષા તો સાદી છે. ભગવાન ! તારી મહત્તાની શું વાત કરવી !! આહા..હા..! પ્રભુત્વ ગુણથી ભરેલો ભગવાન એ પામર રાગના પરિણામમાં કેમ વ્યાપે ? આહા..હા..! એમ કહે છે. એ રાગના પરિણામનું જ્ઞાન તે આત્માનું કાર્ય એ પણ ભેદથી કથન છે. પરિણામ પરિણામનો કર્તા-કાર્ય, પરિણામ કારણ અને પરિણામ કાર્ય, એના એ પરિણામ. કર્તા કહો કે કારણ કહો. કાર્ય કહો કે કર્મ કહો. આહા..હા..!

શ્રોતા :– તો જ સ્વતંત્રતા રહી ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સ્વતંત્ર જ છે. ***દરેક સમયનો પર્યાય સત્ છે, તેને હેતુ ન હોય.*** આહા..હા..! છે એને હેતુ શો ? છે એ પોતાથી છે એને પરથી છે એમ કહેવું ? આહા..હા..! રાગ થયો એનું જે જ્ઞાન થયું એમ કહેવું એ વ્યવહાર છે. અને એ જ્ઞાનના પરિણામને આત્મા કરે છે એમ કહેવું એ વ્યવહાર છે. આહા..હા..! અને જ્ઞાનના પરિણામને આત્મા કરે છે એ વ્યવહાર છે. પરિણામ પરિણામને કરે છે, રાગની અપેક્ષા વિના દ્રવ્ય, ગુણની અપેક્ષા વિના. આહા..હા..!

તેથી તે કળશકારે લીધું છે. આમાં કળશ છે ને ? આમાં લીધું છે. કેટલામો છે આ ? ૪૯. વ્યાપ્યવ્યાપક છે ને ? દ્રવ્ય પરિણામી પોતાના પરિણાનો કર્તા વ્યાપ્ય પરિણામ કાર્ય. જેમાં આવો ભેદ કરવામાં આવે તો થાય, ન કરવામાં આવે તો નથી થતો. આહા..હા..! જીવ તત્ત્વથી પુદ્ગલ દ્રવ્યનું તત્ત્વ ભિન્ન છે. ... વ્યાપક, વ્યાપકનો નથી, ભાવાર્થ એમ છે કે ઉપચાર માત્રથી ... પોતાના પરિણામનો કર્તા છે. આહા..હા..! રાગનો કર્તા તો નહિ, પણ રાગ સંબંધીનું જ્ઞાન કહેવું એ નિમિત્ત છે અને એ જ્ઞાનના પરિણામનો આત્મા કર્તા કહેવો એ ઉપચાર છે. આહા..હા..! કારણ કે પરિણમન–પર્યાય ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. સ્વતંત્રપણે કર્તા થઈને પરિણમે એનો કોઈ બીજું કારણ હોય નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ ? ઝીણું છે બહુ.

શ્રોતા :– દ્રવ્ય અને ગુણ બન્ને હેતુ નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ. કીધું ને ? ઉપચાર માત્રથી દ્રવ્ય પોતાના પરિણામનો... જ્ઞાનના પરિણામનો કર્તા ઉપચારથી છે. તે જ પરિણામ દ્રવ્યથી કરાયેલો તેમાં દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્યનો ઉપચારમાત્રથી પણ નથી. ***રાગના પરિણામનું અહીં જ્ઞાન થયું એ તો જ્ઞાનનું જ્ઞાન છે, રાગના પરિણામનું નથી.*** છતાં એને સમજાવવું છે એટલે કે આ ભગવાનની સ્તુતિ આદિનો રાગ થયો, એ રાગનું અહીં જ્ઞાન થયું એ નિમિત્તથી કથન (છે). બાકી જ્ઞાન જ્ઞાનથી થયું છે એ રાગથી નથી, દ્રવ્ય-ગુણથી નથી. આહા..હા..! આવા જ્ઞાન પરિણામનો સ્વતંત્રપણે ષટ્કારકરૂપે પર્યાય પરિણામે છે. દ્રવ્ય એનો કર્તા કહેવો, દ્રવ્ય સ્વભાવ કર્તા કહેવો એ પણ ઉપચાર ને વ્યવહાર છે. આહા..હા...! એની દૃષ્ટિએ મેળ નહોતો ખાતો. પછી શું બદલે ? તું બદલી જા ને હવે. આહા..હા..! સમજાય એવું છે, હોં! ઝીણું છે. ન સમજાય એવું નથી. કેમ ? લ્યો ! અમારો 'જીતુ' પાછો લખે છે ને અંદર. આહા..હા..!

**'પરંતુ પુદ્ગલપરિણામના જ્ઞાનને...'** ભાષા છે ? ***ખરેખર તો એ જ્ઞાન પરિણામ આત્માના પણ નથી, પરિણામ પરિણામના છે. આહા..હા..!*** પણ અહીં સમજાવવું છે એટલે શી રીતે સમજાવવું એને ? રાગનો કર્તા નથી એમ સમજાવવું છે. ત્યારે કોનો કર્તા છે ? - કે રાગ સંબંધીનું જે જ્ઞાન પોતાથી પોતામાં થયું તેનો તે કર્તા કહેવામાં આવે છે, તે પણ ભેદથી. આહા..હા..! ગજબ વાત છે. આવી વાત સર્વજ્ઞ સિવાય, વીતરાગી સંતો સિવાય ક્યાંય હોય નહિ. આહા..!

**'પુદ્ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે,...'** જોયું ? પછી પેલા રાગને જાણે છે એમ પણ નહિ. રાગના પરિણામને આત્મા કરતો, પરિણામને (–આત્માને) જાણે છે, રાગને જાણે છે એમ નહિ. આહા..! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન આવે છે ને ? એ અહીં ઊડાડી દીધું. આહા..હા..! આ તો બાપા ! એક એક અક્ષર આ તો સર્વજ્ઞની વાતું છે. આહા..! સર્વજ્ઞના કેડાયતો સંતોની વાતું, બાપા ! આ કાંઈ કથા નથી, વાર્તા નથી. આહા..હા..!

**'એવા પોતાના આત્માને જાણે છે,...'** જોયું ? એ પેલા પરિણામને જાણે છે એમ કહ્યું. રાગને જાણે છે એમ નહિ. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઉઠ્યો. આહા..હા..! તેનું અહીં જ્ઞાતાપણે પર્યાયમાં જ્ઞાન કરે છે તે પણ વ્યવહાર કહ્યો અને તે પરિણામ પોતાના આત્માને જાણે છે, તે પરિણામ પોતાના છે એ રાગના નહિ, રાગથી થયા નથી, એ રાગને જાણતું નથી, એ પરિણામને જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? **'એવા પોતાના આત્માને જાણે છે,...'** એ પર્યાયને જાણે છે એમ. આત્માને જાણે છે, નહિ કે રાગને જાણે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'તે આત્મા (કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન...'** રાગ અને શરીરના પરિણામથી અત્યંત ભિન્ન. **'જ્ઞાનસ્વરૂપ થયો થકો...'** જ્ઞાનસ્વરૂપ થયો થકો-જાણવાના સ્વભાવપણે થયો થકો **'જ્ઞાની છે.'** આહા..હા..! આ એની મેળે વાંચે તો કાંઈ બરાબર બેસે એવું નથી. કાંઈકનું કાંઈક ખતવી નાખે. આહા..હા..! એવી વાત છે.

શ્રોતા :- જ્ઞાની જ્ઞાન પરિણામને જાણે છે કે આત્માને જાણે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ જ્ઞાન પરિણામને જાણે, આત્માને જાણે, એ આત્માના પરિણામ છે માટે આત્માને જાણે છે, એમ અહીં કહે છે. અહીં તો રાગને જાણતું નથી એમ બતાવવા આત્મા પોતાના પરિણામને જાણે છે. તે આત્મા આત્માને જાણે છે એમ કીધું. એ એના પરિણામ થયા ને ? **'પોતાના આત્માને જાણે છે,...'** આહા..હા..! કેમકે તે જ્ઞાનના પરિણામ સ્વજ્ઞેયને જાણે છે અને પરજ્ઞેયને જાણે છે એમ ન કહેતા તે પરિણામ સ્વજ્ઞેયને જાણે છે અને પરિણામ પરિણામને જાણે છે, તેથી આત્માને જાણે એમ કીધું છે. શું કહ્યું એ? તે પરિણામ સ્વજ્ઞેયને જાણે છે અને તે પરિણામ પરિણામને જાણે છે, તેથી આત્માને જાણે છે એમ કહેવામાં આવ્યું છે. આહા..! આકરું છે. ગાથા જ અલૌકિક છે. હિન્દીમાં સમજમાં આવે છે કે નહિ ? હિન્દી. ભાઈ જરી નવા છે. આહા..હા..!

**'અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.'** લ્યો ! આહા..હા..! રાગથી ભિન્ન પણ રાગનું જે જ્ઞાન પરિણામ થયું એ પોતાથી થયું છે. આહા..હા..! એવો જ્ઞાની થયો થકો આત્મા તે જ્ઞાની છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ટીકા ઘણી ગંભીર છે, ઘણી ગંભીર છે, બહુ ઊંડી. ઓ..હો..હો..!

**'(પુદ્‌ગલપરિણામનું જ્ઞાન આત્માનું કર્મ કઈ રીતે છે...'** રાગનું જ્ઞાન થયું એ છે તો જ્ઞાનનું જ્ઞાન પણ અહીં સમજાવવું છે ને ? આહા..હા..! પુદ્‌ગપરિણામનું જ્ઞાન એટલે કે દયા, દાન, વ્રત, ભક્તિ, સ્તુતિનો જે વિકલ્પ ઉઠ્યો એનું જ્ઞાન. આ નિમિત્ત એનું જ્ઞાન એને અહીં થાય છે ને ? એટલે છે તો પોતાથી સ્વ-પરપ્રકાશક પણ આ છે એમ થયું. લોકાલોકનું જ્ઞાન એમ કીધું ને ? એ લોકાલોકનું જ્ઞાન નથી, ખરેખર તો જ્ઞાન જ્ઞાનનું છે. સમજાણું કાંઈ ?

શ્રોતા :- પરપ્રકાશકમાં તો એમ ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- પરપ્રકાશક પણ એ પોતાનો સ્વભાવ છે, પરને લઈને પ્રકાશક છે એમ નથી.

શ્રોતા :- પરસંબંધીનું જ્ઞાન...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ પરસંબંધીનું પોતાનું પરસંબંધી જ્ઞાન છે. સર્વજ્ઞ સ્વરૂપમાં ત્યાં આત્મજ્ઞ કીધું છે. શક્તિમાં લીધું ને ? ભાઈ ! સર્વજ્ઞ એ આત્મજ્ઞ છે, એ પરજ્ઞ નહિ. આહા..હા..! સર્વજ્ઞ સ્વભાવ જ સ્વનો સ્વતઃ છે. એ પર્યાયમાં સર્વજ્ઞપણું આવ્યું એ સર્વ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એટલે કે પર છે એમ નહિ. એ આત્મજ્ઞ છે. એ આત્મજ્ઞ સર્વજ્ઞને આત્મજ્ઞ કહેવામાં આવે છે. આહા..હા..! હવે આવી વાતું ક્યાં (સાંભળવા મળે ?)

**'પુદ્ગલપરિણામનું જ્ઞાન...'** એટલે કે દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એનું અહીં જ્ઞાન. કારણ કે જ્ઞાન જ્ઞાનનું છે ને ? જ્ઞાન રાગનું, પરનું નથી. છતાં પરનું જ્ઞાન કહ્યું એટલે એને સમજાવે છે કે એ પરિણામનું જ્ઞાન. જ્ઞાન પરિણામનું નથી. જ્ઞાન તો જ્ઞાનનું છે, પણ એ સંબંધીનું ત્યાં લોકાલોક જાણવામાં આવ્યું એટલે લોકાલોકનું જ્ઞાન કહ્યું પણ લોકાલોકનું નથી, જ્ઞાન જ્ઞાનનું છે. આહા..હા..!

**'(પુદ્ગલપરિણામનું જ્ઞાન આત્માનું કર્મ કઈ રીતે છે તે સમજાવે છે :–)'** આહા..હા..! **'પરમાર્થે પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી...'** આહા..હા..! **'પુદ્ગલપરિણામના જ્ઞાનને...'** એટલે રાગનું જે અહીં જ્ઞાન થયું તેને **'અને પુદ્ગલને...'** એટલે રાગને **'ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ...'** છે. આહા..હા..! કુંભાર વ્યાપક અને ઘટ વ્યાપ્ય નથી એમ રાગનું જ્ઞાન એ આત્માનું વ્યાપક છે પણ એ પુદ્ગલ અને રાગનું જ્ઞાન છે માટે રાગ વ્યાપક છે અને જ્ઞાન પરિણામ અહીં વ્યાપ્ય થયું એમ નથી. એ રાગ કહો કે કર્મ કહો. કર્મ વ્યાપક થયું માટે અહીં જ્ઞાન વ્યાપ્ય થયું એમ નથી. આહા..હા..!

**'પરમાર્થે પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને...'** આહા..હા...! **'ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે...'** આહા..હા..! જેમ કુંભાર ઘટનો કર્તા નથી એમ રાગના પરિણામનો આત્મા કર્તા નથી. આહા..હા..! વ્યવહાર રત્નત્રયના રાગનો કર્તા આત્મા નથી. આહા..હા..! કથનથી વ્યવહાર કહે.

'નિયમસાર'માં કહ્યું છે ને ? - કે આત્મા સ્વને જાણે છે ને લોકાલોકને જાણતું નથી એમ કહે તો શું વાંધો ? આવે છે ને ? વ્યવહારથી એમ કહ્યું કે વ્યવહારથી પરને જાણે અને વ્યવહારથી સ્વને ન જાણે. પણ વ્યવહારથી તન્મય થઈને સ્વને ન જાણે. આહા..હા..! આવી વસ્તુ છે, બાપુ ! 'સમયસાર' તો 'સમયસાર' છે. ક્યાંય એવી બીજી વાત છે નહિ. આહા..હા..!

**'પરમાર્થે પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને...'** જોયું ? આહા..! રાગને. આ જ્ઞાનને ને રાગને **'ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી...'** આહા..હા..! **'કર્તાકર્મપણાની અસિદ્ધિ છે...'** કર્મ કર્તા અને જ્ઞાનના પરિણામ તેનું કાર્ય એનો અભાવ છે. પુદ્ગલ કર્મ કર્તા, રાગ કર્તા અને રાગનું પરિણામ તેનું કાર્ય તેનો અભાવ છે. આહા..હા..! આજે ઘણો ઝીણો વિષય છે. આહા..! આવું છે. શાંતિથી આ તો પકડાય એવી વાત છે.

**'આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી...'** જોયું ? આત્માના પરિણામને એટલે જે જ્ઞાનના પરિણામ થયા તેને અને આત્માને **'વ્યાપ્યવ્યાપકભાવનો**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**સદ્ભાવ હોવાથી...**' આત્મા વ્યાપક છે અને જ્ઞાનના, દર્શનના, આનંદના પરિણામ છે તે એનું વ્યાપ્ય છે, એનો સદ્ભાવ છે. આહા..! '**કર્તાકર્મપણું છે.**' એટલું સિદ્ધ કર્યું. આત્મા કર્તા અને જ્ઞાનના પરિણામનું કાર્ય એનું વ્યાપ્ય એટલું છે, ભેદથી. આહા..હા..!

'**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' ભગવાનઆત્મા કર્તા એટલે સ્વતંત્રપણે કર્તા હોવાથી, સ્વતંત્રપણે વ્યાપક એટલે પ્રસરતો હોવાથી. કર્તા હોવાથી વ્યાપક એટલે કર્તા. '**આત્મપરિણામનો એટલે કે...**' આત્મપરિણામનો એટલે કે '**પુદ્ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે.**' આહા..હા..! સમજાવવામાં શું આવે શૈલી ? આહા..હા...! '**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામ...**' એટલે વીતરાગી પરિણામ, જ્ઞાનના પરિણામ, શ્રદ્ધાના પરિણામ, શાંતિના પરિણામ, આનંદના પરિણામ. જ્ઞાનના પરિણામ એટલે આ બધા પરિણામ.

'**એટલે કે પુદ્ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે...**' આહા..! એ રાગના જ્ઞાનનો આત્મા કર્તા છે, રાગના જ્ઞાનનો આત્મા કર્તા છે. આહા..હા..! રાગનો નહિ. '**અને પુદ્ગલપરિણામનું જ્ઞાન...**' એટલે રાગનું જ્ઞાન. સમજાવવું છે ને ? '**તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...**' આહા..હા..! '**કર્મ છે.**' એ આત્માનું કાર્ય છે. પુદ્ગલપરિણામનું જ્ઞાન એટલે ભગવાનની સ્તુતિ આદિના રાગનું જ્ઞાન '**તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...**' એ આત્મા વડે સ્વયં કર્તા હોવાથી, '**(વ્યાપ્યરૂપ થતું હોવાથી)...**' એટલે કાર્યરૂપ થતું હોવાથી કાર્ય છે. કાર્યરૂપ હોવાથી કાર્ય છે '**કર્મ છે.**' એમ છે. ઝીણું ભારે આવ્યું ભાઈ આજે તો.

શ્રોતા :- ફરીને લેવું.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ આવે છે તો શબ્દે શબ્દનો (ભાવ). આહા..હા..! આવું છે.

'**વળી આ રીતે (જ્ઞાતા પુદ્ગલપરિણામનું જ્ઞાન કરે છે...)**' આહા..હા..! ભગવાનઆત્મા રાગનું જ્ઞાન કરે છે તેથી '**એમ પણ નથી કે પુદ્ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે;...**' એ રાગનું જ્ઞાન કરે છે માટે રાગ-પુદ્ગલપરિણામ જે રાગ એ જ્ઞાતાનું વ્યાપ્ય એમ નથી. આહા..!

ફરીને, '**આ રીતે (જ્ઞાતા પુદ્ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી) એમ પણ નથી કે પુદ્ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે;...**' રાગનું જ્ઞાન કરે છે માટે રાગ આત્માનું વ્યાપ્ય છે એમ નથી. રાગનું અહીં જ્ઞાન કરે છે માટે આત્માનું રાગ વ્યાપ્ય છે કે વ્યાપક છે ને આ જ્ઞાન છે એનું વ્યાપ્ય છે એમ નથી. રાગ વ્યાપક છે, કર્મ વ્યાપક છે ને જ્ઞાનના પરિણામ વ્યાપ્ય છે એમ નથી. આહા..હા..! આ 'સમયસાર' !

વ્યાપ્યરૂપ થતું હોવાથી, આ રીતે જ્ઞાતા-આત્મા પુદ્ગલપરિણામનું એટલે કે રાગનું જ્ઞાન કરે છે તેથી એમ પણ નથી, રાગનું જ્ઞાન કરે છે માટે પુદ્ગલપરિણામ આત્માનું વ્યાપ્ય છે, રાગનું જ્ઞાન કરે છે માટે રાગ આત્માનું પરિણામ-વ્યાપ્ય છે એમ નથી. રાગનું જ્ઞાન કરે છે માટે રાગ આત્માનું કાર્ય-વ્યાપ્ય છે એમ નથી. આહા..હા..! કહો, 'ચીમનભાઈ' ! આવું ઝીણું છે. આહા..હા..! 'સમયસાર', 'સમયસાર' !!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'આ રીતે...'** આત્મા રાગનું જ્ઞાન કરે છે તેથી એમ પણ નથી કે રાગ જે પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે એમ નથી. આહા..હા..! જ્ઞાતાનું વ્યાપ્ય તો જ્ઞાનના પરિણામ છે. રાગનું જ્ઞાન (થયું) માટે એ જ્ઞાતાનું વ્યાપ્ય છે એમ નથી. આહા..હા..!

શ્રોતા :– રાગ તો પુદ્‌ગલ પરિણામ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો પુદ્‌ગલ કહ્યું. પુદ્‌ગલ પરિણામ પરિણામ અત્યાર સુધી કહ્યું પણ હવે ટૂંકું કરી નાખીને એને પુદ્‌ગલદ્રવ્ય કહી દેશે. આહા..હા..!

શ્રોતા :– રાગ ... જ નથી તો વ્યાપ્ય કેવી રીતે થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– છે નહિ, કાર્ય જ નથી. અહીં તો રાગનું જ્ઞાન કરે છે ને ? એમ કીધું ને ? રાગનું જ્ઞાન છે ને ? રાગનું જ્ઞાન છે ને ? તો રાગ એનું વ્યાપ્ય થયું કે નહિ ? ના. આહા..હા..! કહો, આમાં 'નાઈરોબી' માં ક્યાં સંભળાય એવું છે આવું ? આહા..હા..!

મને તો પેલા છોકરાને કહે કે તું મહાવિદેહમાં ગયો તો મહાવિદેહમાં મુનિને લંગોટી છે ? - કેવળીને લંગોટી છે કે નહિ ? લંગોટી તેં ભાળી હોય તો તું મહાવિદેહમાં ગયો જ નથી. આહા..! લંગોટી કહે છે ને એ લોકો ? ભાઈ ! તીર્થંકરને લંગોટી કહે છે. પ્રતિમા ઉપર લંગોટી નાખે છે પણ ભગવાનને લંગોટી જરી નાખે છે. આહા..હા..! કંદોરો એ લંગોટી છે. ભગવાનને લંગોટી કહે છે. છદ્મસ્થ છે ને એમ કહે એને. આહા..! જો ભગવાનને લંગોટી ભાળી હોય ને સાધુને વસ્ત્ર ભાળ્યા હોય તો તેં મહાવિદેહ જોયું નથી. એ વાત આખી બધી બનાવટી. મારા હિસાબે તો કો'ક માણસે ગમે તે રીતે એને તૈયાર કર્યો છે. આવું તો બધું તર્કટ. એના માણસોએ ના પાડી, એના 'ધામણવાળા' ના માણસો. ઇ કહે છે અમે માનતા નથી, એને માનતા નથી. કેટલાકને તો એ વાત બરાબર (લાગે છે). આહા..હા..!

શ્રોતા :– ઇ તો એમ કહે છે અતિશયથી કપડું દેખાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કાંઈ દેખાય નહિ. એ વાત ખોટી. આહા..! અને તો પછી અહીંથી જો એ બરાબર જોઈએ તો ન્યાં 'અગાસ' ને બધાને કહી દેવું જોઈએ કે આ બે ભાગ છે એ કાઢી નાખો. ભગવાનને ઉપર, દિગંબર અને હેઠે શ્વેતાંબર. થઈ રહ્યું તો પછી તેં જોયું નથી અને જોયું હોય તો કહે એને કે માર્ગ આ છે, આ માર્ગ નથી. આવી વાતું છે, બાપુ ! અહીં તો ન્યાયનો તોલમાં જરી પણ ફેર પડે તો આખું ચક્ર ફરી જાય એવું છે. આહા..! જુઓ ! હવે ખૂબી.

**'પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે; કારણ...' 'એમ પણ નથી કે પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે.'** સમજાણું ? અત્યાર સુધી પુદ્‌ગલપરિણામ પરિણામ કહેતા હતા. હવે એને પુદ્‌ગલ કહી દીધા. આહા..હા..! ભગવાનની ભક્તિ ને સ્તુતિનો ભાવ પુદ્‌ગલ છે. આહા..હા..! પુદ્‌ગલના પરિણામ તે પુદ્‌ગલ છે એમ અભેદ કરી નાખ્યું, અભેદ કરી નાખ્યું. **'કારણ**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**કે પુદ્‌ગલને અને આત્માને...**' એટલે કે પુદ્‌ગલના પરિણામ એ પુદ્‌ગલને, એમ. એને પુદ્‌ગલ કીધા '**અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં...**' આહા..હા..! રાગને એટલે પુદ્‌ગલને અને આત્માને જ્ઞેય, રાગ જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે એવો સંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં. આહા..હા..! '**પણ પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે...**' કોનું ? જ્ઞાનનું. જ્ઞાન થાય છે તેમાં નિમિત્ત છે. '**એવું જે જ્ઞાન...**' '**પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન...**' આહા..હા..! રાગ એ પુદ્‌ગલ. એ જ્ઞાનના પરિણામને નિમિત્ત છે. એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે. તે જ જ્ઞાતાનું કાર્ય ને વ્યાપ્ય છે. આહા..હા..! તે તેની પર્યાય છે, તે તેનું કાર્ય છે, તે તેનું વ્યાપ્ય છે. આહા..હા..! માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ. લ્યો ! ઘણું ઝીણું આવ્યું, હોં ! આહા..હા..! શું કીધું સમજાણું ?

આત્મા જ્ઞાતા છે અને રાગનું જ્ઞાન છે માટે તે રાગનું વ્યાપકપણું ને જ્ઞાન પર્યાય વ્યાપ્યપણું એમ નથી. રાગને જાણે છે એમ કહ્યું ને ? માટે રાગ વ્યાપક છે ને અહીં જાણવાનું કાર્ય વ્યાપ્ય છે એમ નથી. આત્માનું વ્યાપ્ય તો જ્ઞાતાના પરિણામ છે તે આત્માનું વ્યાપ્ય છે, એનો વ્યાપક એ છે. એ પણ ભેદથી, એ પણ ભેદથી. બાકી તો પરિણામ જે જ્ઞાતાના છે એ રાગના નથી તેમ દ્રવ્ય-ગુણના પણ નથી. આહા..હા..! તે પરિણામ પરિણામના છે. છતાં જ્ઞાતાનું એ વ્યાપ્ય છે એમ કહેવું એ વ્યવહારથી કહે છે. આહા..હા..! રાગ એનું વ્યાપ્ય છે ને એ તો છે જ નહિ. કહો ! ઓ..હો...! બહુ સરસ !! આહા..હા..! ટીકા તે ટીકા છે ને !! 'અમૃતચંદ્રાચાર્ય' ઓહો..હો..! વસ્તુની સ્થિતિ એવી, વસ્તુની મર્યાદા, મર્યાદા પુરુષોત્તમ પુરુષ આત્મા. આ..હા..હા..!

એ પોતાના જ્ઞાન પરિણામનો કર્તા. રાગનું જ્ઞાન (થયું) માટે રાગનું વ્યાપ્ય જ્ઞાન એમ નહિ. રાગનું જ્ઞાન એમ કીધું ને ? વ્યવહાર રત્નત્રય થયો તેનું જ્ઞાન કીધું ને ? એટલે કરીને રાગ તે વ્યાપક ને જ્ઞાન પરિણામ વ્યાપ્ય એમ નથી. આહા..હા..! એ તો જ્ઞાન પરિણામ વ્યાપ્ય ને આત્મા વ્યાપક. એ રીતે ફક્ત વ્યવહારથી સિદ્ધ કરીએ છીએ. આહા..હા..! પેલું તો વ્યવહારથી પણ નહિ. આહા..હા..! લ્યો ! વિશેષ કહેવાશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** પરમાત્માના ઘરમાં પેસવું છે અને હું તો પામર...પામર...પામર...એ બે વાતમાં મેળ નથી. પહેલી ચોટમાં હું સિદ્ધ છું, એવું લક્ષમાં લેતો નથી તેને જિજ્ઞાસુ જ કહેતાં નથી. ૨૫૮.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૬૧ થી ૬૨, પ્રવચન નં. ૧૩૫
## તા. ૧૩-૧૧-૧૯૭૮
## [૫]

'સમયસાર' ૬૧ ગાથાનો ભાવાર્થ છે. ભાવાર્થ છે ને ? ૬૧ ગાથા. શું કહે છે ? સાંભળો ! **'દ્રવ્યની સર્વ અવસ્થાઓને વિષે દ્રવ્યમાં જે ભાવો વ્યાપે તે ભાવો સાથે દ્રવ્યનો તાદાત્મ્યસંબંધ કહેવાય છે.'**શું કહ્યું ? દ્રવ્ય નામ વસ્તુ–પદાર્થ. એ દ્રવ્યની સાથે સર્વ અવસ્થાઓમાં. દરેક અવસ્થા, અનાદિઅનંત જેટલી અવસ્થા છે તે બધી અવસ્થાઓમાં દ્રવ્યમાં જે ભાવ, જે ભાવ વ્યાપે તે ભાવો સાથે દ્રવ્યનો તાદાત્મ્યસંબંધ–તદ્રૂપ સંબંધ છે.

જેમ કે આત્મા. એની દરેક અવસ્થામાં જ્ઞાન, આનંદાદિ રહે છે તો જ્ઞાન અને આનંદ સાથે તાદાત્મ્યસંબંધ છે. તેને આત્મા કહે છે. અને રાગ દયા, દાનાદિ ભાવ (થાય છે તે) આત્માની દરેક અવસ્થામાં નથી માટે તે પુદ્ગલ અવસ્થામાં જાય છે. પુદ્ગલની સાથે તાદાત્મ્યસંબંધમાં જાય છે. આહા..હા...!

પહેલો સિદ્ધાંત તો એટલો કહ્યો છે કે કોઈપણ દ્રવ્ય–વસ્તુ જે છે, એની બધી અવસ્થામાં રહે અને વ્યાપ્ત થાય તો એ દ્રવ્યની સાથે તે ભાવને તાદાત્મ્ય કહે છે. પણ કોઈ વખતે હોય અને કોઈ સમયે ન હોય તો એ દ્રવ્યના ભાવને તાદાત્મ્યસંબંધ નથી. એ રાગાદિ ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ છે તે આત્માની દરેક અવસ્થામાં રહેતા નથી. સંસાર અવસ્થામાં છે છતાં મોક્ષ અવસ્થામાં નથી તો એ તાદાત્મ્યસંબંધ, રાગનો આત્માની સાથે તાદાત્મ્ય–તદ્રૂપ સંબંધ નથી. આહા..હા...! એ રાગનો સંબંધ પુદ્ગલની સાથે તાદાત્મ્ય સંબંધ છે. આહા..હા...! આવી વાત છે. ઝીણી વાત છે, ભાઈ !

**'પુદ્ગલની સર્વ અવસ્થાઓને વિષે પુદ્ગલમાં વર્ણાદિભાવો...'** વર્ણ એટલે રંગ, ગંધ, રસ, સ્પર્શ, શુભભાવ, અધ્યવસાય, ગુણસ્થાન આદિ **'વ્યાપે છે...'** અહીં તો પુદ્ગલમાં વ્યાપે છે એમ કહે છે. આહા..હા...! શરીર, વાણી, મન, કર્મ એ જડપર્યાય પુદ્ગલ છે. અહીં કર્મ જે પુદ્ગલ છે તેની સાથે એ પુણ્ય આદિ પરિણામ શુભભાવ (વ્યાપે છે). જ્યાં જ્યાં કર્મ છે ત્યાં ત્યાં રાગ છે. રાગ છે ત્યાં કર્મ છે. એમ કર્મની સાથે રાગનો તાદાત્મ્યસંબંધ છે. આહા..હા...! આવી વાત (છે). હવે અહીંયા તો એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ ધર્મ છે અને ધર્મનું કારણ છે એમ માને છે. દૃષ્ટિ વિપરીત મિથ્યાત્વ છે. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાય છે કાંઈ ?

**'પુદ્ગલની સર્વ અવસ્થાઓને વિષે...'** એનો અર્થ એ જે ભેદ અંદર પડે છે ને ? ગુણની પર્યાયમાં ભેદ પડે છે. લબ્ધિ, સ્થાન, સંયમ આદિ લીધા ને ? એ ભેદ પણ અભેદ આત્મા સાથે વ્યાપક નથી. કોઈ વખતે હોય અને કોઈ વખતે ન હો એ આત્મા સાથે વ્યાપક નથી. શરીર, વાણી, મન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શને પુદ્ગલ સાથે તાદાત્મ્યસંબંધ છે. એમ શુભરાગ, દયા, દાન ભાવને પુદ્ગલ સાથે સંબંધ છે. એમ સાધકની જે સંયમની પર્યાય, ભિન્ન અવસ્થા, લબ્ધિસ્થાનને પુદ્ગલ સાથે સંબંધ છે. અભેદ આત્માની સાથે સંબંધ નથી. આહા..હા...! આવું કામ છે. અરે...! સમ્યગ્દર્શન આદિ જે પર્યાય છે એ ભેદરૂપ છે. આહા..હા...! અંતર ત્રિકાળ જ્ઞાનની સાથે તે અભેદ નથી. આહા..હા...! આકરી વાત (છે). ચૌદ પ્રકારની જે માર્ગણા છે, જ્ઞાનના ભેદો, દર્શનના ભેદો, ચારિત્રના ભેદો એ બધા ભેદો પુદ્ગલ સાથે સંબંધ ધરાવે છે, એમ કહે છે. આહા..હા...! અહીં પહેલા કહ્યું સાંભળ્યું નહિ ? ભાઈ ! ગોત્યા કરે છે. ત્રણ વાર તો કહ્યું, ૬૧ મી ગાથાનો ભાવાર્થ. ધ્યાન ન રાખ્યું. ૬૧ મી ગાથાનો ભાવાર્થ. વચમાં બધું મફતનું ગયું. ***સાંભળનારને પણ હજી... આહા..હા...! શું કહ્યું સમજાણું ? એણે પહેલેથી ધ્યાન રાખવું જોઈએ. આ તો વીતરાગની વાણી છે. આહા..હા...! આ તો સર્વજ્ઞ પરમાત્માનું કથન છે એ સંતો, દિગંબર સંતો એ કથન કરે છે. આહા..હા...!***

અહીંયાં કહે છે કે **'દ્રવ્યની સર્વ અવસ્થાઓને વિષે દ્રવ્યમાં જે ભાવો વ્યાપે તે ભાવો સાથે દ્રવ્યનો તાદાત્મ્ય (–તદ્રૂપ) સંબંધ કહેવાય છે.'** કેટલી વાત ! હવે આટલી વાત કરીને કહે છે કે **'પુદ્ગલની સર્વ અવસ્થાઓને વિષે...'** કર્મ જે જડ પુદ્ગલ છે... આહા..હા...! તેની સર્વ અવસ્થામાં. રંગ, ગંધ, શુભભાવ, ગુણસ્થાન ભેદ આદિ ભાવ **'વ્યાપે છે તેથી વર્ણાદિભાવો સાથે પુદ્ગલનો તાદાત્મ્યસંબંધ છે.'** પુદ્ગલનો તાદાત્મ્યસંબંધ છે. આહા..હા... એ પુદ્ગલની સાથે (સંબંધ છે). ***ભેદ, રાગ અને જડની પર્યાય એ બધાનો પુદ્ગલની સાથે તાદાત્મ્યસંબંધ છે. આહા..હા...!*** જીવ-અજીવ અધિકાર છે ને ?

શ્રોતા :– એમાંથી નીકળી જાય છે માટે એના નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એનામાં છે નહિ. અભેદ છે એની સાથે તાદાત્મ્યસંબંધ છે. ભેદ પડ્યો એ તાદાત્મ્યસંબંધ નથી. ભેદ તો અમુક કાળ રહે પછી નથી રહેતો. એની દરેક અવસ્થામાં ભેદ દશા રહેતી નથી. એ કારણે પુદ્ગલની એ ભેદ અવસ્થા છે. રાગ પુદ્ગલમાં છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! જૈનદર્શન પરમાત્માએ કહેલું એ સમજવું સૂક્ષ્મ છે, સૂક્ષ્મ છે. અહીંયા જીવ-અજીવ અધિકાર લીધો.

અહીંયા તો કહે છે કે આત્મામાં જે દયા, દાનાદિ રાગ થાય છે અને પર્યાયમાં જે ભેદ પડે છે તે આત્માની દરેક અવસ્થામાં નથી રહેતા. માટે દરેક અવસ્થામાં રહેવાવાળા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પુદ્ગલ સાથે એને સંબંધ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ વાત છે, ભાઈ !

**'સંસાર-અવસ્થાને વિષે જીવમાં...'** ભેદ, રાગ, રંગ આદિ ભાવ **'કોઈ પ્રકારે...'** પર્યાયનયે, વ્યવહારનયે સમયની સ્થિતિ જોઈને વ્યવહારથી કહેવામાં આવે છે. **'પણ મોક્ષ અવસ્થાને વિષે જીવમાં વર્ણાદિભાવો...'** ગુણસ્થાન આદિ, ભેદ આદિ, દયા, દાનાદિ રાગ એ ભાવ મોક્ષ અવસ્થામાં **'સર્વથા નથી તેથી વર્ણાદિભાવો સાથે જીવનો તાદાત્મ્યસંબંધ નથી...'** આહા..હા...! જેમ અગ્નિને અને ઉષ્ણતાને તાદાત્મ્યસંબંધ છે. એમ ભગવાનઆત્માની સાથે દયા, દાનનો રાગ અને ગુણસ્થાન ભેદનો તાદાત્મ્યસંબંધ નથી. આહા..હા...! આવી વાત છે. છે ?

**'વર્ણાદિભાવો સાથે જીવનો તાદાત્મ્યસંબંધ નથી એ ન્યાય છે.'** આ વાત ન્યાયથી સિદ્ધ છે. આહા..હા...! જેને આત્મદ્રવ્ય દષ્ટિમાં લેવું હોય તો એણે તો અભેદ છે તેની દષ્ટિ કરવી. ***આહા..હા...! જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય, ધર્મની પહેલી સીઢી પ્રાપ્ત કરવી હોય તેણે આત્મદ્રવ્ય અભેદ પૂર્ણ ગુણનું અભેદ આત્મદ્રવ્ય (છે) તે દષ્ટિમાં લેવાનું છે.*** બપોરે ૩૭૬ માં આવી ગયું. નહિ ? પૂર્ણ ગુણોનું અભેદ પૂર્ણ દ્રવ્ય. આહા..હા...! તેને દષ્ટિમાં લેવું. આહા..હા...! સમ્યગ્દર્શનનો વિષય પૂર્ણ ગુણથી પૂર્ણ ભરેલ દ્રવ્યસ્વભાવ છે તે સમ્યગ્દર્શનનો વિષય છે. આહા..હા...!

સમ્યગ્દર્શનનો વિષય વર્તમાન રાગ પણ નથી, ભેદ પણ નથી, મનુષ્યપણું આદિ સંઘયણ, સંસ્થાન પણ નથી. આહા..હા...! અભેદ ચિદાનંદ ભગવાન પૂર્ણ સ્વરૂપ, જેની સાથે અનંતા ગુણોને તાદાત્મ્યસંબંધ છે. ભગવાનઆત્માની સાથે અનંતા જ્ઞાનાદિ ગુણોનું તદ્રૂપ–તાદાત્મ્ય સ્વરૂપ છે તો તેની ઉપર દષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. આહા..હા...! હજી તો ધર્મની પહેલી સીઢીની વાત છે. ચારિત્રની વાત ક્યાંય દૂર છે. એ તો બાપુ ! આહા..હા...! એ ૬૧ ગાથાનો ભાવાર્થ પૂરો થયો. ૬૨ (ગાથા).

હવે કોઈ **'એવો મિથ્યા અભિપ્રાય કોઈ કરે...'** કોઈ એવી મિથ્યાશ્રદ્ધા–અભિપ્રાય પ્રગટ કરે કે **'જીવનું વર્ણાદિક સાથે તાદાત્મ્ય છે...'** આત્માને રંગ ને રાગ, રંગ ને રાગ સાથે તાદાત્મ્ય છે, એકરૂપ છે એવો મિથ્યા અભિપ્રાય કરે તો **'તેમાં આ દોષ આવે છે એમ ગાથામાં બતાવે છે.'** કોઈ એમ કહે કે આત્મા ભગવાન જ્ઞાયક સ્વભાવની સાથે રાગ, દયા, દાનાદિ રાગ, ગુણસ્થાન આદિ ભાવ અને પર્યાયના ભેદને આત્મા સાથે તાદાત્મ્યસંબંધ છે એમ કોઈ ભ્રમ કરે તો તેને અહીંયા દોષ બતાવે છે. આહા..હા...! ૬૨ (ગાથા).

**जीवो चेव हि एदे सव्वे भाव त्ति मण्णसे जदि हि।**
**जीवस्साजीवस्स य णत्थि विसेसो दु दे कोई।।६२।।**

**આ ભાવ સર્વે જીવ છે જો એમ તું માને કદી,**
**તો જીવ તેમ અજીવમાં કંઈ ભેદ તુજ રહેતો નથી ! ૬૨.**

એ રાગાદિ, પુદ્ગલાદિના પરિણામ તારા છે એમ માને... આહા..હા...! સૂક્ષ્મ ગાથાઓ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. આખું 'સમયસાર' જ સૂક્ષ્મ છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભગવાનઆત્મા (છે). આહા..હા...! ચૈતન્ય ભગવાન અનંત ગુણથી તાદાત્મ્યસ્વરૂપ પ્રભુ ઉપર દૃષ્ટિ દેવાથી ધર્મની સમ્યગ્દર્શનની પહેલી શરૂઆત થાય છે. બાકી લાખ, કરોડ, અનંત દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા અનંત કરે તેનાથી સમ્યગ્દર્શન થતું નથી. એ તો રાગ છે. આહા..હા...! એ તો પુદ્ગલના પરિણામ સાથે તાદાત્મ્ય છે. ***જ્યાં જ્યાં પુદ્ગલ ત્યાં ત્યાં ભેદ અને રાગ, એમ કહે છે. જ્યાં જ્યાં ભગવાનઆત્મા ત્યાં ત્યાં રાગ અને પુદ્ગલ ભેદ નથી. આહા..હા...!*** આવું તો હજી સાંભળવું કઠણ પડે. વીતરાગ જિનેશ્વરદેવ પરમેશ્વર ત્રિલોકનાથ દિવ્યધ્વનિમાં એમ કહેતા હતા એ આ 'કુંદકુંદાચાર્યદેવ', 'અમૃતચંદ્રાચાર્યદેવ' દિગંબર સંતો એ વાત જગત પાસે જાહેર કરે છે. આહા..હા...! આવી વાત બીજે ક્યાંય નથી. આહા..હા...! ઓ..હો..હો...! અલૌકિક વાત છે, પ્રભુ ! શાંતિથી સમજવું.

'**જેમ વર્ણાદિ...**' રંગ, ગંધ, રાગાદિ ભાવ '**ક્રમે આવિર્ભાવ (પ્રગટ થવું, ઊપજવું) અને તિરોભાવ (ઢંકાવું, નાશ થવું) પામતી એવી તે તે વ્યક્તિઓ વડે (અર્થાત્ પર્યાયો વડે) પુદ્ગલદ્રવ્યની સાથે સાથે રહેતા થકા,...**' આહા..હા...! એ તો કાલે એક વાર કહ્યું હતું ને ? નિમિત્તથી થયું છે એ થયું છે તો પોતાથી થયું છે. એ સમયે ગુણસ્થાન ભેદ રાગ ઉત્પન્ન થવાનો જન્મક્ષણ છે તો તેનાથી ઉત્પન્ન થયા છે પણ એ જે ઉત્પન્ન થયા છે તે આત્મામાં ત્રિકાળ વ્યાપ્ત નથી. એ કારણે એ રંગ, ગંધ ને દયા, દાનના ભાવ પુદ્ગલની સાથે પુદ્ગલ જ્યાં વ્યક્ત થાય છે ત્યાં થાય છે અને તેમાં વ્યાપે છે. આહા..હા...! આવું કામ.

એક કોર એમ કહેવું કે પુણ્ય અને પાપના ભાવ પર્યાયમાં થાય છે અને તેનો કર્તા-ભોક્તા જીવ છે. એ જ્ઞાનપ્રધાન કથન છે. અહીં દૃષ્ટિપ્રધાન કથનમાં... આહા..હા...! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પંચ મહાવ્રતના ભાવ હો, અહીં છે પ્રભુ ! દિગંબર સંતો પ્રભુ કહે છે તે કહે છે. એ કેવળીના કેડાયતો દિગંબર સંતો છે. એ કેવળી પરમાત્માએ કહ્યું તેની સાક્ષીથી તેઓ કહે છે. આહા..હા...! પ્રભુ ! એકવાર સાંભળ ! એ રાગ અને પુણ્ય ને પાપના ભાવ આદિની પ્રગટતા થાય છે... આહા..હા...! ઊપજે છે અને નાશ પામે છે એ બધું પુદ્ગલની સાથે છે. આહા..હા...! એ ઉત્પાદ-વ્યય તારી સાથે નથી, એમ કહે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવું ઝીણું તત્ત્વ.

***દયા, દાન, વ્રત, શુભ વાંચન આદિ કરવું એનો રાગ થવો, શ્રવણનો જે રાગ આવે છે એ રાગ પુદ્ગલની સાથે ઉત્પન્ન થાય છે અને પુદ્ગલમાં વ્યય થાય છે. આત્માના એ ઉત્પાદ-વ્યય નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?*** અહીં દ્રવ્ય સ્વભાવનું વર્ણન છે ને ? અને જીવદ્રવ્યનું વર્ણન છે એમાં અજીવના ભેદ નથી. તો એ ભેદ અને રાગ પણ અજીવ છે. આહા..હા...! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન, વિકલ્પ, નવ તત્ત્વની શ્રદ્ધાનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રાગ, છ કાયની દયાનો રાગ એ બધા કહે છે કે પુદ્‌ગલની સાથે ઉત્પન્ન થાય છે અને પુદ્‌ગલમાં નાશ પામે છે, પોતાની સાથે નહિ. 'દેવીલાલજી' ! આવી વાત દિગંબર સંત સિવાય ક્યાંય નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ તે (કંઈ) વાત ! આ..હા..હા...! કેટલું સ્પષ્ટ કરી નાખ્યું છે !

ઉત્પાદ-વ્યય છે તેમાં પણ દ્રવ્યસ્વભાવમાં તે નથી. એ કારણે રાગની ઉત્પત્તિ અને રાગનો નાશ પુદ્‌ગલની સાથે સંબંધ રાખે છે. આવિર્ભાવ, તિરોભાવ. શું કહ્યું ? આવ્યું ને ? આવિર્ભાવ. રાગાદિનું ઉત્પન્ન થવું અને રાગાદિનો તિરોભાવ–નાશ પામતી **'એવી તે તે વ્યક્તિઓ વડે (અર્થાત્ પર્યાયો વડે) પુદ્‌ગલદ્રવ્યની સાથે સાથે રહેતા થકા,...'** આહા..હા...! શુભ-અશુભરાગ જે ઉત્પન્ન થાય છે અને વ્યય–નાશ થાય છે તો કહે છે કે તેનું પુદ્‌ગલની સાથે વ્યાપ્તપણું છે. આહા..હા...! અને આવિર્ભાવ અને તિરોભાવ–પ્રગટ થવું અને છૂટી જવું એ બધું પુદ્‌ગલ સાથે છે. આહા..હા...!

**'તે તે વ્યક્તિઓ વડે (અર્થાત્ પર્યાયો વડે) પુદ્‌ગલદ્રવ્યની સાથે સાથે રહેતા થકા, પુદ્‌ગલનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે...'** એ પુદ્‌ગલ સાથે તાદાત્મ્ય પ્રસિદ્ધ કરે છે, વિસ્તારે છે. એ પુદ્‌ગલનો વિસ્તાર છે. આહા..હા...! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુનો એ વિસ્તાર નથી, સ્વભાવનો વિસ્તાર નથી. અહીંયાં આ લેવું છે. ભગવાન ચિદાનંદ પ્રભુ અખંડાનંદ જિનસ્વરૂપી પ્રભુ એ જિનસ્વભાવી ભગવાનનો એ રાગાદિ વિસ્તાર નથી. આહા..હા...! રાગાદિની પ્રસિદ્ધિ એ ભગવાનસ્વરૂપ જિનસ્વરૂપની પ્રસિદ્ધિ નથી. આહા..હા...! જુઓ ! આ સંતો ! સર્વજ્ઞ કહે છે તે દિગંબર સંતો કહે છે. આહા..હા...! અને તે પણ પંચમઆરાના પ્રાણીને કહે છે. આ કંઈ ચોથા આરાના સાધુ નથી અને ચોથા આરાના (શિષ્યને) સમજાવતા નથી. આહા..હા...! પંચમ આરાના પ્રાણીને પંચમ આરાના સંતો (સમજાવે છે). આહા..હા...! કોઈ એમ કહે કે આ વાત તો ચોથા આરાની છે. ચોથા આરામાં સમજવાની છે. એમ નહિ, પ્રભુ ! સાંભળ તો ખરો. પંચમ આરામાં પણ તું આત્મા છો કે નહિ ? આત્મા શું છે ? એ પોતાના ગુણથી અભેદ એવો આત્મા છે. અત્યારે એવો છે.

અહીંયા કહે છે કે જેને અભેદ આત્માની દૃષ્ટિ કરવી હોય તેને આ રાગાદિ પરિણામ અજીવના પરિણામ છે (એમ લેવું). આહા..હા...! હવે અહીં અત્યારે એમ કહે કે શુભજોગ જ અત્યારે હોય, ધર્મ હોય નહિ. અર..ર..ર...! અને શુભજોગ જ અત્યારે ધર્મનું કારણ છે. અરે...! પ્રભુ ! શું કરે છે ? પ્રભુ તું ?

***એ પુદ્‌ગલમાં વ્યાપનારા ભાવ પોતાના છે અને એનાથી લાભ માનવો એ તો મહામિથ્યાત્વ અજ્ઞાન છે. આહા..હા...!*** એ.. 'દેવાનુપ્રિયા' ! અંદર છે કે નહિ ? શું સાંભળો છો આ ? ઇ કહેતા હતા ને ? આવો માર્ગ છે, બાપા ! આહા..હા...! (આ) 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે. (તેઓ) ભગવાન પાસે ગયા હતા. 'સીમંધર' પરમાત્મા ત્રિલોકનાથ મહાવિદેહમાં બિરાજે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે તેમની પાસે ગયા હતા. ઓ..હો..હો...! આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને શાસ્ત્ર બનાવ્યા અને પછી હજાર વર્ષે 'અમૃતચંદ્રાચાર્યદેવ' (થયા). આ 'કુંદકુંદાચાર્યદેવ' (છે અને આ) 'અમૃતચંદ્રાચાર્યદેવ' (છે) તેમણે આ ટીકા બનાવી. આહા..હા...!

અહીં તો કહે છે, પ્રભુ ! શાંતિથી સાંભળ ! આહા..હા...! એ શુભ-અશુભરાગની ઉત્પત્તિ અને વ્યય પુદ્‌ગલ સાથે સંબંધ રાખે છે. ભગવાનઆત્માની સાથે તેને સંબંધ નથી. એ સંબંધ હોય તો તેમાં ત્રિકાળ રહેવા જોઈએ. રાગની ઉત્પત્તિ અને રાગનો વ્યય આત્મામાં ત્રિકાળ રહેવો જોઈએ. (ત્રિકાળ રહેતા નથી) તો એ આત્માની ચીજ નથી. પૈસા, શરીર, ધૂળ, લક્ષ્મી આદિ તો ક્યાંય પર રહી ગયા. એ તો પુદ્‌ગલ પર રહી ગયા. એની સાથે અહીં કંઈ સંબંધ જ નથી. આહા..હા...! આ શરીર માટી–ધૂળ એ અંદર આવી ગયું. વજ્રનારાચસંહનન, ઔદારિક, વૈક્રિયક શરીર આવી ગયું છે. આહા..હા...! એ બધું તો પુદ્‌ગલની સાથે એ પર્યાય ઉત્પન્ન થાય છે અને વ્યય થાય છે તે પુદ્‌ગલ સાથે છે. પણ અહીંયા તો રાગ ઉત્પન્ન થાય છે અને રાગનો વ્યય થાય છે તે સંબંધ ભગવાનની સાથે નથી. જો આત્માની સાથે હોય તો કાયમ અવસ્થામાં રહેવા જોઈએ. આહા..હા...!

અરે...! આ સાંભળવા મળે નહિ અને મનુષ્યપણા ચાલ્યા જાય છે. ક્યાં જાશે એ અવતાર ? આહા..હા...! આ સંસ્કાર જો અંદર ન પડ્યા (તો) ચોરાશીના અવતારમાં ક્યાં ઉતારા થશે ? ભાઈ ! આહા..હા...! ભગવાન તો અનાદિઅનંત નિત્ય રહેવાનો છે તો આ ભવ પલટીને ક્યાંક જાશે તો ખરો. આ..હા...! તો જેણે રાગ મારો છે અને રાગથી મને લાભ થશે (એમ માન્યું છે એવા) મિથ્યાદૃષ્ટિ ક્યાં જશે ? મિથ્યાત્વમાં નરક ને નિગોદના અવતારમાં જાશે. આહા..હા...!

અહીંયા તો કહે છે, પ્રભુ ! આહા..હા...! જે કારણે તીર્થંકર ગોત્ર બંધાય... પ્રભુ ! સાંભળો ! આહા..હા...! એ ભાવ રાગ છે. તે પુદ્‌ગલની સાથે સંબંધ રાખે છે. એમાં છે કે નહિ ઇ ? આહા..હા...! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ તો શુભરાગ છે. બંધનું કારણ એ કંઈ ધર્મ નથી, છે તો રાગ. ષોડષકારણભાવના... આહા..હા...! એ રાગ અજીવ છે. આહા..હા...! જેના ફળમાં અજીવ બંધાય છે. એ રાગ પુદ્‌ગલની સાથે સંબંધ રાખે છે. એ ઉત્પન્ન અને વ્યય, પુદ્‌ગલદ્રવ્ય સાથે તેના ઉત્પાદ-વ્યયનો સંબંધ છે. આહા..હા...! 'ચીમનભાઈ' ! આવી ઝીણી વાતું છે. લોકોને 'સોનગઢ'નું એવું લાગે. આ 'સોનગઢ' નું છે કે આ ભગવાનનું છે ? આહા..હા...!

પ્રભુ ! તારું ઘર તપાસવા માટેની વાત કરે છે. તારું ઘર જો. એમાં રાગ ને દ્વેષની ઉત્પત્તિ ને વ્યય નથી. આ..હા..હા...! તારો નાથ ભગવાન છે ત્યાં તો આનંદની ઉત્પત્તિ અને આનંદનો વ્યય છે. એની સાથે ભગવાનને તો સંબંધ છે. આહા..હા...! કહો, 'શાંતિભાઈ' ! એ રાગ ચાહે તો પંચ મહાવ્રતનો વિકલ્પ રાગ હો, ચાહે તો દયા, દાન, ભક્તિનો રાગ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હો... આહા..હા...! એ રાગનું ઉપજવું, પ્રગટ થવું, વ્યય થવો, નાશ થવો એવો ઉત્પાદ-વ્યયનો સંબંધ, આવિર્ભાવ-તિરોભાવ પુદ્ગલ સાથે સંબંધ રાખે છે. આહા..હા...! આવું બેસવું જગતને કઠણ (પડે).

***શ્રોતા :– આચાર્યને ભય નથી લાગ્યો કે કોઈ નિશ્ચયાભાસી થઈ જશે ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– દુનિયા દુનિયાની જાણે. નાગા તે બાદશાહથી આઘા છે. એને દુનિયાની શું પડી છે ? માર્ગ આ છે. એ તો એક ભવ કરીને મોક્ષ જવાના છે. દિગંબર સંતો 'કુંદકુંદાચાર્યદેવ' આ..હા..હા...! એને જગતની કંઈ પડી નથી. સમાજ સમતોલ રહેશે કે નહિ ? (એની દરકાર નથી). આહા..હા...!***

ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમાત્માએ કહ્યું તે આ સંતો જગતને કહે છે. આહા..હા...! આવી વાણી અને આવો ભાવ દિગંબર શાસ્ત્રો સિવાય ક્યાંય નથી, પ્રભુ ! આહા..હા...! પણ એના વાડામાં રહ્યા એને ખબર ન મળે. આહા..હા...! ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવ', 'કુંદકુંદાચાર્યદેવ' નો પોકાર છે, પ્રભુ ! તારી પ્રસિદ્ધિ રાગથી હોય ? આહા..હા...! રાગની પ્રસિદ્ધિ તો પુદ્ગલની પ્રસિદ્ધિ છે, કહે છે. આહા..હા...! ગજબ વાત કરે છે ને ! તારી પ્રસિદ્ધિ પ્રભુ જ્ઞાન ને આનંદની પર્યાયથી તારી પ્રસિદ્ધિ થાય છે. એ દ્રવ્ય સ્વભાવના અભેદ ઉપર દૃષ્ટિ પડતાં... આહા..હા...! જે શાંતિ અને આનંદની પર્યાય ઉત્પન્ન ને વ્યય થાય એ તારી પ્રસિદ્ધિ છે. આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે ને ? આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે. આ તો અલૌકિક વાતું છે, બાપા ! 'સમયસાર' એટલે જગતચક્ષુ, અજોડ ચક્ષુ !! આહા..હા...! પંચમ આરાના સંતો અને આ ટીકાકાર પણ હજાર વર્ષ પહેલા હજી થયા. 'કુંદકુંદાચાર્યદેવ' તો બે હજાર વર્ષ પહેલા થયા અને આ ટીકાકાર હજાર વર્ષ પહેલા થયા. આ..હા..હા...! જગતની બેદરકારી કરી સત્ય આ છે, એ સત્યના ડંકા માર્યા છે !! આ..હા..હા...!

પ્રભુ ! એકવાર એ આવ્યું હતું, નહિ ? 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજરો મુજ રોગ લે હરી' પ્રભુ તારી પ્રભુતા તો ત્યારે કહીએ કે નિર્મળ પર્યાયની ઉત્પત્તિ અને વ્યય થાય એ તારી પ્રભુતા છે. રાગની ઉત્પત્તિ અને વ્યય થવો એ તારી પ્રભુતા નહિ, નાથ ! આહા..હા...! પેલું તો બીજું કીધું હતું. આહા..હા...! 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી' હે નાથ ! તારી પ્રભુતા તો ત્યારે ખરી કે 'મુજરો મુજ રોગ લે હરી' રાગની ઉત્પત્તિ મારામાં નહિ. રાગની ઉત્પત્તિ અને વ્યય મારામાં નહિ. આ..હા..હા...! એ.. 'શાંતિભાઈ' ! આ છોકરાને ઉત્પન્ન કરતા ને પૈસાને ઉત્પન્ન કરતા, શું છે આ બધું ? શું છે આ તે ભ્રમણા ? આહા..હા...! અરે..રે...! એણે ક્યાં જાવું ? આહા..હા...! આવી વાતું છે, ભાઈ ! આહા..હા...!

એ તો એનો (–પુદ્ગલનો) વિસ્તાર છે, કહે છે. શું કહે છે ? શુભ-અશુભ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ તો પુદ્ગલનો વિસ્તાર છે, પુદ્ગલની પ્રસિદ્ધિ છે, પુદ્ગલ પ્રસિદ્ધ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થાય છે, એમાં ભગવાન પ્રસિદ્ધ થતો નથી. આહા..હા...! શું એની ગંભીરતા ! શું એ ટીકાના મર્મો !! આહા..હા...! અમૃતવાણી 'અમૃતચંદ્રાચાર્યદેવ' ની. સંતો દિગંબર સંત એટલે... આ..હા..હા...! ભગવાનને ૧૦૦૮ નામ આપ્યા છે ને ? ભાઈ ! ભગવાનને ૧૦૦૮ નામ 'જિનસેનઆચાર્યે' આપ્યા છે. 'આદિપુરાણ' ના કર્તા. ત્યાં પ્રભુને કહ્યું, પ્રભુ ! આ..હા..હા...! શું કહેવું હતું ? એમાં પ્રભુને એમ કહ્યું, પ્રભુ ! તમે મુમુક્ષુ છો. પ્રભુ ! તમે મનીષ છો. અમારે આ ભાઈનું 'મનીષ' નામ છે ? 'પ્રવીણ' ના દીકરાનું. મનીષ કીધું છે, મનીષ. મનીષ એટલે પ્રભુ ! આપ જ્ઞાનના ઈશ્વર છો. પ્રભુ ! તારા વખાણ કઈ રીતે કરીએ ? આ..હા..હા...! એવી વાત પરમાત્મા... આહા..હા...! જેની પર્યાયમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ ખીલી નીકળ્યા છે... આહા..હા...! પરમાત્મા હજાર પાંખડીએ ખીલ્યો છે. ગુલાબ જેમ હજાર પાંખડીએ ખીલે, આ પ્રભુ તો અનંત પાંખડીએ ખીલ્યો. એ એની પ્રસિદ્ધિ (છે). અનંત આનંદ, જ્ઞાનની અનંત ગુણનો ઉત્પાદ-વ્યય થવો, ગુણના આશ્રયે થવો તે આત્માનો સ્વભાવ છે. પરના આશ્રયે જે રાગાદિ થાય તે આત્માનો સ્વભાવ નહિ. આહા..હા...! આવું આકરું પડે પણ શું થાય ? ભાઈ ! માર્ગ તો આ (છે).

ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમેશ્વર ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે આ કહેતા હતા એ આ સંતો કહે છે. આહા..હા...! ભગવાન મહાવિદેહમાં બિરાજે છે ત્યાં આ કહેતા હતા એ વાત 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' અહીં કહે છે. 'કુંદકુંદાચાર્યદેવ' તો ત્યાં ગયા હતા પણ 'અમૃતચંદ્રાચાર્યદેવ' નહોતા ગયા છતાં અંદરના ભગવાન પાસે ગયા હતા. એથી આ પ્રસિદ્ધિ કરી. આહા..હા...!

અમે આત્મા છીએ એ કોણ ? આ..હા..હા..! અમે આત્મા આનંદનો નાથ પ્રભુ અનંત અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા એવી એક એક ગુણની પૂર્ણતા એવા અનંત ગુણની પૂર્ણતાનો પ્રભુ હું આત્મા (છું). આહા..હા...! એની ઉત્પત્તિ તો નિર્મળ પર્યાય થાય, નિર્મળ પર્યાય વ્યય થાય એ એનો સ્વભાવ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અરે..રે...! પ્રભુ ! શું કરે ? - કેટલાક આ વ્રત ને તપ ને ભક્તિથી ધર્મ માને તો કેટલાક ગુરુ-દેવની અને શાસ્ત્રની ભક્તિ કરીએ તો ધર્મ માને. બધા એક જાતના છે. આહા..હા...! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ છે એ રાગ છે અને રાગ છે એ પુદ્‌ગલ સાથે સંબંધ રાખે છે, કહે છે. અર..ર..ર...! આત્માની સાથે સંબંધ રાખતો હોય તો આત્મા છે ત્યાં બધે હોવો જોઈએ. આહા..હા...! ભગવાનઆત્મા તો નિર્મળાનંદ જ્યારે થાય ત્યારે તે હોતો નથી. માટે તે રાગની ઉત્પત્તિ અને વ્યય ભગવાનઆત્મા સાથે સંબંધ રાખતા નથી. આહા..હા...!

શ્રોતા :– દુનિયાથી વાત સાવ છેદાય છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બધી વાતું દુનિયાની, પાગલની. પુણ્ય કોને કહેવું, પાપ કોને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહેવું એની ખબર નથી. શુભભાવ અને અશુભભાવ બેમાં પુણ્ય ઠીક છે અને પાપ અઠીક છે એમ માને એને 'કુંદકુંદાચાર્યદેવ' 'પ્રવચનસાર' ૭૭મી ગાથામાં કહે છે, ઘોર હિંડંતિ સંસાર મોહ સંછણ્ણો. મિથ્યાત્વથી ઢંકાયેલો ઘોર સંસારમાં રખડશે. એ... 'દેવાનુપ્રિયા' ! અહીં કાંઈ ચાલે એવું નથી.

શ્રોતા :– દુનિયામાં ચાલે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ન્યાં ચાલે. 'શાંતિભાઈ' ને બધા બેઠા હોય ને જ્યાં ત્યાં ચલાવે. આહા..હા...! ૭૭ ગાથામાં 'કુંદકુંદાચાર્યદેવે' 'પ્રવચસાર' માં એમ કહ્યું છે કે જે કોઈ શુભ-અશુભભાવ છે તે બેમાં વિશેષ માને કે શુભ ઠીક છે અને અશુભ અઠીક છે તો બેમાં વિશેષ માનનારા ઘોર સંસારમાં મોહથી મિથ્યાત્વથી ઢંકાયેલો રહ્યો થકો રખડશે. મોહ સંછણ્ણો, એમ પાઠ છે. ભાઈ ! દિગંબર ધર્મ સમજવો એ કોઈ અલૌકિક વાતું છે. એ કંઈ વાડો મળી ગયો માટે દિગંબર ધર્મ (થઈ ગયો એમ નથી). આહા..હા...!

દિગંબર ધર્મ એ કોઈ પંથ, પંક્ષ નથી. એ વસ્તુનો સ્વભાવ છે. આહા..હા...! વસ્તુનો સ્વભાવ છે કે જેમાં દયા, દાન ને તીર્થંકર (ગોત્ર) બંધાય એ ભાવ પણ આત્મામાં નથી. એ આત્મા સાથે સંબંધ રાખતા નથી, એ આ માર્ગ છે.

**'વર્ણાદિક ભાવો, ક્રમે આવિર્ભાવ અને તિરોભાવ પામતી એવી તે તે વ્યક્તિઓ વડે જીવની સાથે સાથે રહેતા થકા,...'** શું કહે છે ? પહેલા એમ કહ્યું કે પુદ્‌ગલની સાથે આવિર્ભાવ-તિરોભાવ, ઉત્પન્ન ને વ્યય થાય છે. એમ આત્માની સાથે પણ ઉત્પન્ન અને વ્યય થાય... આહા..હા...! છે ? **'જીવની સાથે સાથે રહેતા થકા, જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે,...'** પ્રસિદ્ધ કરે છે એમ માને છે **'એમ જેનો અભિપ્રાય છે તેના મતમાં, અન્ય બાકીના દ્રવ્યોથી અસાધારણ એવું વર્ણાદિસ્વરૂપપણું–કે જે પુદ્‌ગલદ્રવ્યનું લક્ષણ છે–તેનો જીવ વડે અંગીકાર કરવામાં આવતો હોવાથી,...'** જે પુદ્‌ગલનું સ્વરૂપ તે જીવ દ્વારા અંગીકાર કરવામાં આવતું. આહા..હા...! **'જીવ-પુદ્‌ગલના અવિશેષનો પ્રસંગ આવે છે,....'** જીવ અને પુદ્‌ગલ બે એક છે એવો પ્રસંગ આવે છે. આહા..હા...!

વિશેષ (કહીએ). જેમ પુદ્‌ગલ જડ કર્મ અજીવ (છે) તેની સાથે રાગાદિ અજીવ ઉત્પન્ન થાય છે અને વ્યય થાય છે તેની સાથે તાદાત્મ્યસંબંધ છે. એમ કોઈ અભિપ્રાય રાખે કે જીવની સાથે રાગનું–અજીવનું ઉત્પન્ન થવું અને વ્યય થવું સંબંધ રાખે છે તો તેણે પુદ્‌ગલને જ જીવ માન્યો. આહા..હા...! જીવદ્રવ્ય ભિન્ન છે એમ ન માન્યું. આહા..હા...! આ વાત વીતરાગ માર્ગ... બાપા ! અને જે વીતરાગ માર્ગ સમજે, એક ક્ષણ પણ સમજાય તો ભવનો અંત આવી જાય છે. આહા..હા...! આવી વાત છે. આહા..હા...!

શું કહે છે ? - કે જેમ પુદ્‌ગલની સાથે, જડ કર્મની સાથે રાગ, દ્વેષ ઉત્પન્ન થાય છે અને વ્યય થાય છે તે ત્યાં સંબંધ રાખે છે. એમ જો આત્મા સાથે રાગ અને દ્વેષની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સાથે ઉત્પત્તિનો સંબંધ રાખે તો આત્મા પુદ્‌ગલ થઈ જાય, તો જીવદ્રવ્ય રહે નહિ. આહા..હા...! જે પુણ્ય-પાપના ભાવનો આત્મા સાથે સંબંધ માને છે તો તેને જીવદ્રવ્ય રહ્યું નહિ, પુદ્‌ગલ(દ્રવ્ય) થઈ ગયું, એમ કહે છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ !

જે આત્માએ એવો અભિપ્રાય રાખ્યો કે મારી સાથે રાગની ઉત્પત્તિ અને રાગનો વ્યય થાય છે તો તેણે પુદ્‌ગલને જ પોતાનો માન્યો, આત્મા ભિન્ન છે એમ માન્યું નહિ. આહા..હા...! આવી વાત. 'શ્રીમદ્' માં 'અગાસ' માં એક કલાક વ્યાખ્યાન થયું. રાત્રે થોડા પ્રશ્ન (થયા) પણ એ વાત સાચી એનું સાધન શું ? સાધન એમ કે આ ભક્તિ આદિ કરીએ એ સાધન. અરે..રે...! પ્રભુ ! આહા..હા...! ભગવાનની ને ગુરુની ને શાસ્ત્રની ભક્તિ એ તો રાગ છે. રાગની ઉત્પત્તિ અને વ્યયનો સંબંધ નિશ્ચયથી તો પુદ્‌ગલ સાથે છે. વ્યવહારથી એક સમયની પર્યાયમાં સંસાર અવસ્થામાં હો, પણ તાદાત્મ્યસંબંધ નથી.

શ્રોતા :– એ વ્યવહારથી કહેવાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ વ્યવહારથી એક સમયની પર્યાયની અપેક્ષાએ કહ્યું પણ તાદાત્મ્ય સંબંધ નથી. કાયમ નથી રહેતા માટે સંબંધ નથી. આહા..હા...! પછીની ગાથામાં એ કહેશે. આહા..હા..! એ પછીની ગાથામાં કહેશે. સંસારમાં છે એને પણ તું માન કે આ મારું છે, તો એ પુદ્‌ગલ થઈ ગયું. અને પુદ્‌ગલની મુક્તિ થઈ. આહા..હા...! શું આ વાત ! એ શ્વેતાંબરના ૪૫, ૩૨ સૂત્ર વાંચે તો આ વાત ત્યાંથી નીકળે નહિ. આહા..હા...!

આ તો ભગવાન ત્રિલોકનાથ જિનેશ્વરેદવની પાસે ગયેલા (અને) અંતરમાં જિનેશ્વર પ્રભુ પાસે ગયેલા એની આ સંતોની વાણી છે. આહા..હા...! જ્યાં અમે ગયા ત્યાં તો રાગ અને દ્વેષ છે નહિ ને ! આહા..હા...! અમારો પ્રભુ જે આત્મા શુદ્ધ ચિદાનંદ ત્યાં અમે ગયા ત્યાં તો રાગ, દ્વેષ, સંસાર છે નહિ ને ! તે રાગ-દ્વેષનો સંબંધ આત્મા સાથે છે નહિ. આહા..હા...! આ તો 'અમૃતચંદ્રાચાર્યદેવ'. 'કુંદકુંદાચાર્યદેવ' પછી હજાર વર્ષે થયેલા અને તે તો ભગવાન પાસે ગયા પણ નહોતા. આ તો અહીં (અંદર) ગયેલા ને ! આહા..હા...! વાણી સાંભળવી મુશ્કેલ પડી જાય એવું છે.

***એક કોર એમ કહે કે પુણ્ય, પાપ ને રાગ જીવની પર્યાયમાં (થાય છે), જીવ તેનો કર્તા-ભોક્તા છે. એ જ્ઞાનની અપેક્ષાએ (કહે). એક કોર દષ્ટિની અપેક્ષાએ કહે કે રાગ અને દ્વેષની ઉત્પત્તિને પુદ્‌ગલ સાથે સંબંધ છે. સ્વભાવની દષ્ટિએ જોતાં તે પરના છે. આહા..હા...! આવી વાત છે.***

જો એ પુણ્ય ને પાપના ભાવ, દયા, દાનાદિના ભાવ પુદ્‌ગલની સાથે ઉત્પાદ-વ્યય ધારણ કરતાં, વ્યાપ્ત થતાં દેખાય છે તેમ જો આત્મા સાથે પણ એ દેખાય તો તો પુદ્‌ગલ થયું. આત્મા પુદ્‌ગલ થયો, જીવ રહ્યો નહિ. રાગ વિના અખંડાનંદ પ્રભુ રાગરહિત એ જીવદ્રવ્યનો તો નાશ થયો અને પુદ્‌ગલદ્રવ્યની પ્રસિદ્ધિ થઈ. આહા..હા...! આ..હા..હા...! ભગવાનઆત્મા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર પ્રભુ બિરાજે છે ને, પ્રભુ નાથ ! આ..હા..હા...! એને તું રાગવાળો માન તો તો એ પુદ્ગલમય થઈ ગયો. એ જીવ ત્યાં ન રહ્યો, પ્રભુ ! આહા..હા...! અરે...! રાગના શુભભાવને તું ધર્મ માન અને એ રાગ મારો માન, પ્રભુ ! ત્યાં આત્મા ન રહ્યો, હોં ! આહા..હા...! એ પુદ્ગલની જાહેરાત અને પ્રસિદ્ધિ થઈ. આહા..હા...! કહો, 'દેવાનુપ્રિયા' ! આમાં ના પડાય એવું નથી કાંઈ. આહા..હા...! આવું છે. આ ધીરાના કામ છે, બાપા ! આહા..હા...! શું પણ સંતોએ ગજબ (કર્યા છે).

ન્યાય પ્રાપ્ત શબ્દ આવ્યો ને ? આહા..હા...! ત્યાં પહેલામાં આવ્યું હતું ને ? **'એ ન્યાય છે.'** ભાવાર્થમાં છેલ્લો શબ્દ છે. લોજીકથી–ન્યાયથી આ માર્ગ પ્રાપ્ત છે. આહા..હા...! ભગવંત તારા સ્વરૂપમાં જે રાગ-દ્વેષની ઉત્પત્તિ તારાથી થાય તો તો તું પુદ્ગલમય થઈ ગયો, આત્મા રહ્યો નહિ. આ..હા..હા...! કેમ કે રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય તે રાગ-દ્વેષ તો અજીવ છે. સમજાય છે કાંઈ ? એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ અજીવ છે. એ અજીવ તારાથી ઉત્પન્ન થાય તો તું જીવ તો રહ્યો નહિ. એ..ઇ...! આ જીવ-અજીવ અધિકાર છે. આહા..હા...! ત્યાં 'ધનબાદ' માં ... મળે એવું નથી.

શ્રોતા :– એટલે તો અહીંયા આવીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ત્યારે જ આવીએ છીએ, એમ કહે છે. આહા..હા...! આવી વાત, બાપુ ! શું થાય ? અત્યારે તો બહુ ગડબડી કરી નાખી છે. પંડિત લોકો અને સાધુઓ એવી પ્રરૂપણા કરે કે આ વ્રત ને તપ ને ભક્તિ કરો (તો) ધર્મ થશે. પ્રભુ.. પ્રભુ.. પ્રભુ...! પંચમકાળમાં બીજું ન હોય, શુભભાવ જ હોય, એમ કહે છે. અર..ર..ર...! પણ આત્મામાં શુભભાવ છે જ નહિ. એ શુભભાવ પુદ્ગલ સાથે સંબંધ રાખે છે.

શ્રોતા :– આપ એકલા થઈ ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એકલો કોણ અને બેકલો કોણ ? ભગવાન ! અહીં તો છે ઇ છે. આહા..હા...! શું પણ સંતો દિગંબર મુનિઓએ ગજબ કામ કર્યા ! પ્રભુ ! આહા..હા...! કેવળજ્ઞાનીના વિરહ ભુલાવ્યા છે પ્રભુએ–સંતોએ. આહા..હા...! ભાઈ ! તું એમ કહે કે એ શુભરાગની મને લાભ થાય, શુભરાગ મારો.. પ્રભુ ! એ તો પુદ્ગલની પ્રસિદ્ધિ થઈ. નાથ ! તારી પ્રસિદ્ધિ એમાં ન આવી, એમાં તારી પ્રસિદ્ધિ ન આવી. આહા..હા...! તેં તો રાગને પ્રધાનપદ આપી દીધું. છે ? ***રાગ તો પુદ્ગલ સાથે સંબંધ રાખે છે. તાદાત્મ્યસંબંધ ત્યાં છે. જ્યાં જ્યાં કર્મ ત્યાં ત્યાં રાગ.***

'આત્માવલોકન' માં એક (વાત) આવી છે, ભાઈ ! જ્યાં સુધી નિમિત્ત છે ત્યાં સુધી રાગ છે. એ શું કામ (કહ્યું) ? બેનો સંબંધ બતાવવો છે. 'આત્માવલોકન' માં એવું છે. જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી રાગ છે. કર્મ ન હોય તો રાગ નથી. એમ કરીને અનિત્યતા સ્થાપવી છે અને પુદ્ગલના સંબંધના લક્ષે થાય છે માટે તે આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'આત્માવલોકન' માં છે. તે દિ' વાંચ્યું ત્યારે ચિહ્ન કરેલા. કાલે જોયું હતું, ભાઈ 'હિંમત' લાવ્યો હતો. આહા..હા...!

ભગવાનઆત્મા તો અનંત અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત વીતરાગતાનો ભંડાર ભગવાન (છે). એમાંથી ભંડારથીમાંથી નીકળે તો રાગ નીકળે ? એમાં ક્યાં છે ? રાગની ઉત્પત્તિનો કોઈ ગુણ જ નથી ને ! આહા..હા...! એવો જે ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ એનો જ્યાં સ્વીકાર થાય છે ત્યાં તો પર્યાયમાં અનંત આનંદ, શાંતિ આદિની પર્યાય ફાટે. એ ઉત્પાદ-વ્યયનો સંબંધ દ્રવ્ય સાથે છે. આહા..હા...! કે જે ઉત્પાદ અને વ્યય સિદ્ધમાં પણ રહે છે. આહા..હા...!

એક ફેરી મગજમાં આવ્યું હતું, પ્રભુ ! તેં મને અહીં ક્યાં મોકલ્યો ? એમ આવ્યું હતું. એનો અર્થ કે પ્રભુ ! તારા જ્ઞાનમાં હું આવ્યો એવું ક્યાંથી જ્ઞાનમાં આવ્યું ? તારા જ્ઞાનમાં એવું આવ્યું પ્રભુ ! કે હું અહીં આવીશ. એ તેં મોકલ્યો એમ મેં કીધું. ભાઈ ! સમજાણું ? આહા..હા...! એનો અર્થ ઇ કે પ્રભુ ! તારા જ્ઞાનમાં એમ હતું ને કે અહીં આવે. આહા..હા...! એ અપેક્ષાએ. આવી વાત છે. આહા..હા...! આ..હા..હા...! 'અમૃતચંદ્રાચાર્યદેવે' અમૃત રેડ્યા છે.

અહીં કહે છે, પ્રભુ ! એકવાર સાંભળ ! ચાહે તો ભક્તિનો રાગ, પરમાત્માના સ્મરણનો, પાંચ પરમેષ્ઠીના સ્મરણનો (રાગ હો)... વળી એક જણાએ એમ કહ્યું છે, નામ નથી આપતા, એમ કે ભગવાનું સ્મરણ છે એમાં કષાય ક્યાં આવ્યો ? ખબર નથી ? એમ કે ન્યાં કષાય ક્યાં આવ્યો ? ભગવાનનું સ્મરણ કરવું તેમાં (કષાય શું) ? પણ સ્મરણ કરવું એ જ વિકલ્પ, રાગ છે. ત્યાંથી 'ઇસરી' થી આવ્યું છે એમાં આવ્યું છે. એમ કે પરમાત્માના ગુણો સ્મરણ કરવા. પણ એ પરદ્રવ્યના ગુણો સ્મરણ કરતાં વિકલ્પ (થાય) છે, ભાઈ ! આહા..હા...! એમ કહે છે કે ક્યાં કષાય આવ્યો ? બાપુ ! એ પોતે કષાય છે, ભાઈ ! અને એ કષાયની ઉત્પત્તિ અને વ્યય પુદ્ગલ સાથે સંબંધ રાખે છે. પ્રભુ ! આહા..હા...! ગજબ વાત છે, ભાઈ !

એ જ્યારે ભગવાન ત્રણલોકના નાથ દિવ્યધ્વનિ દ્વારા આ અર્થો કરતા હશે... આહા..હા...! અને ગણધરો અને એકાવતારી ઇન્દ્રો જ્યાં (હોય). ગણધર એ ભવે મોક્ષ જવાના, ઇન્દ્રો એકાવતારી (છે). એને પણ જ્યાં વિસ્મય લાગતા હશે એ કેવી વસ્તુ હશે ?

એ અહીં કહે છે, **'કે જે પુદ્ગલદ્રવ્યનું લક્ષણ છે...'** દ્રવ્યોથી અસાધારણ છે ને ? **'એમ જેનો અભિપ્રાય છે તેના મતમાં, અન્ય બાકીનાં દ્રવ્યોથી અસાધારણ એવું વર્ણાદિસ્વરૂપપણું–કે જે પુદ્ગલદ્રવ્યનું લક્ષણ છે...'** રાગાદિ. **'તેનો જીવ વડે અંગીકાર કરવામાં આવતો હોવાથી,...'** એ પુદ્ગલના સ્વભાવને જીવની સાથે અંગીકાર કર્યો તેણે **'જીવ-પુદ્ગલના અવિશેષ...'** જીવ અને પુદ્ગલની ભિન્નતા રહી નહિ, એકરૂપતાનો પ્રસંગ આવ્યો. આહા..હા...! કહો ! એ શુભરાગથી આત્માને ધર્મ થાય છે એમ માનનારા, એને કહે છે કે તેં પુદ્ગલને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આત્મા માન્યો. આહા..હા...! **'જીવનો જરૂર અભાવ થાય છે.'** આહા..હા...! એ રાગનો વિકલ્પ જે છે તે આત્માની સાથે સંબંધ રાખે છે એમ જો માન તો એ તો પુદ્‌ગલનું, અજીવનું લક્ષણ છે. એ તો અજીવની સાથે તાદાત્મ્ય છે અને અજીવનું લક્ષણ છે. આહા..હા...! કેમ કે રાગ પોતે અજીવ છે. આહા..હા...! એ જીવ સ્વરૂપ નહિ. આહા..હા..! અને જીવસ્વરૂપ નહિ છતાં તેનો સંબંધ પોતામાં માન તો આત્મા પુદ્‌ગલ થઈ ગયો, જીવ તો ભિન્ન રહ્યો નહિ. આહા..હા...! **'જીવનો જરૂર અભાવ થાય છે.'** લ્યો ! બહુ સરસ ટીકા આવી ! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એ મૂળ સિદ્ધાંતમાંથી કેટલું સિદ્ધ થાય છે!! આમાં બાર અંગનું સ્પષ્ટીકરણ નીકળે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એનો અર્થ એ થયો કે એની પર્યાય પોતાથી જ થાય છે અને તે ક્રમબદ્ધ થાય છે. એક સિદ્ધાંત બરાબર પકડે તો બધું આવી જાય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એટલે પગ જમીન ઉપર પડે છે એ પગ જમીનને અડતો નથી. જો જમીનને અડે તો બે દ્રવ્ય એક થઈ જાય. આ તો મિથ્યાત્વને તોડવાની ચાવી છે. દરેક દ્રવ્ય પોતાના નિશ્ચયમાં જ પ્રાપ્ત છે. આત્મા શરીરને અડતો નથી. કર્મથી આત્મા દુઃખી થાય એ વાત ખોટી છે. કર્મને આત્મા અડતો નથી તો એનાથી દુઃખી કેમ થાય? પદાર્થ જુદે જુદા છે તે એક બીજાને કરે શું? પણ આટલી સમજવાની ગરજ કોને પડી છે? દવાના રજકણ રોગને અડ્યા નથી. પાણી ગરમ થાય તે અગ્નિથી તો નહિ જ પણ એના ધ્રુવ દ્રવ્યથી પણ નહિ. એ પાણીની ઉષ્ણ પર્યાય એના કાળે ષટ્‌કારકથી સ્વતંત્ર થઈ છે. નરકના સંયોગોનું જીવને દુઃખ નથી, સંયોગ જીવને અડતાં નથી પણ પોતાના દ્વેષથી દુઃખ થાય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ-એમાં તો ત્રણલોકના નાથ તીર્થંકર અને તેમની વાણી પણ તારા ઉત્પાદનું કારણ નહીં એમ આવ્યું. જગતને પાગલ લાગે તેવું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ એમાં તો બાર અંગના તાળા ખોલી નાખ્યા છે!! ૨૭૯.**

**– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા–૫૧-૫૨, પ્રવચન નં. ૩૩
## તા. ૧૩-૦૭-૧૯૭૬
## [૬]

'પરમાત્મપ્રકાશ' ૫૧ ગાથા છે. ભાવાર્થ.

શ્રોતા :– ૫૨.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ૫૧, ૫૧, ૫૧ બાકી. ૫૧ છે. આ આત્મા **'વ્યવહારનયસે કેવળજ્ઞાનરૂપ કર લોક-અલોકકો જાનતા હૈ...'** લોકાલોકને વ્યવહારનયથી જાણે છે, નિશ્ચયથી નહિ. એટલે કે તન્મય થઈને જાણતો નથી માટે વ્યવહારથી જાણે છે એમ કહ્યું. પોતાના જ્ઞાનને જાણે એ તો તન્મય થઈને જાણે છે, જેથી એનું સુખ, આનંદનું વેદન (થાય છે). પોતાને તન્મય થઈને જાણે તેથી આનંદનું વેદન પોતામાં છે. પરને તન્મય થઈને જાણે તો એના સુખ-દુઃખનું વેદન અહીં આવે. સમજાણું ? આ 'સમયસાર'માં 'સર્વવિશુદ્ધ અધિકાર'માં આવ્યું છે. સંસ્કૃત ટીકા, 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. એમાં લખ્યું છે.

વ્યવહારનયથી **'કેવલજ્ઞાનકર લોક-અલોકકો જાનતા હૈ. શરીરમેં રહનેપર ભી નિશ્ચયનયસે અપને સ્વરૂપકો જાનતા હૈ...'** ***જ્ઞાન જ્ઞાનને જાણે છે.*** 'સમયસાર' ૧૭-૧૮ ગાથામાં આવ્યું ને ? જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક જ જણાય છે. શું કહ્યું ઇ ? ***જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય જ, પોતાનું દ્રવ્ય છે એ જ જણાય છે. પણ અજ્ઞાનીની દૃષ્ટિ તે દ્રવ્ય ઉપર નથી એથી જ્ઞાનમાં આ આત્મા જાણનારો જ પર્યાયમાં જણાય છે, પર નહિ (એ ખ્યાલમાં નથી આવતું). ૧૭-૧૮ (ગાથા).*** બધાને (જણાય છે) પાછું એમ કીધું ત્યાં તો. સદા સર્વ જીવને... આહા..હા..! ***ભગવાનઆત્મા એની જ્ઞાનની પર્યાયમાં (જણાય છે). કેમકે એ પર્યાયને સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી તે સ્વ જાણનારને જ જાણે છે. છતાં અજ્ઞાનીની દૃષ્ટિ એ 'જ્ઞાનની પર્યાયમાં જાણનારો જણાય છે' એ ઉપર નહિ હોવાથી એને એમ થાય છે કે આ રાગને ને આને જાણે છે. સમજાણું કાંઈ ?*** એટલે શું કહ્યું ?

જ્ઞાનની પર્યાય છે એનો ત્રિકાળ કાયમ સ્વપરપ્રકાશક સ્વભાવ જ છે. તો ખરેખર તો જ્ઞાનની પર્યાય દ્રવ્ય જે છે તેને જાણે છે અને એમાં પરપ્રકાશકપણું ભેગું આવી જાય છે. સ્વને જાણતા રાગને જાણે એવું એ તો સ્વતઃ સ્વ-પરપ્રકાશકપણું આવી જાય છે પણ અજ્ઞાનીને 'જ્ઞાનની પર્યાયમાં સ્વપ્રકાશ સામાર્થ્યથી જાણનારો જણાય છે' એમ એનું લક્ષ નથી. એથી એને રાગ ને પરપ્રકાશક છે, એકલો પરપ્રકાશક છે એવું મિથ્યાદૃષ્ટિને ભાસે છે. સમજાણું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ ? આહા..હા..! સમજાણું કાંઈ આમાં ? 'સુજાનમલજી' ! આ ઝીણી વાત છે. આહા..હા..!

૧૭-૧૮માં કહ્યું, સદા સૌને જણાતો હોવા છતાં તેનું તેને લક્ષ નથી તેથી તે જ્ઞાનમાં પર્યાયમાં રાગ અને પરજ્ઞેય જણાય છે, એકલો પરપ્રકાશક અજ્ઞાનીને ભાસ થાય છે. સમજાણું કાંઈ ? માર્ગ બાપા ! ઝીણી વાત છે, ભાઈ ! સમજાણું કાંઈ ?

ત્યાં તો કહ્યું છે, ૬૬ માં નથી ? તે દિ' એક ફેરી કહ્યું હતું... લાડવો મેં ખાધો, .... આ મેં છોડ્યું. એ કંઈ તન્મય થયો નથી, છોડે શું ? .... આ મકાન બનાવ્યું. એ તો વ્યવહારથી બોલવામાં આવે. એમાં બનાવ્યું છે અંદર તન્મય થઈને ? લાડવો ખાધો, એ લાડવાના રજકણોને ખાય છે ? એ તો રાગને ખાય છે. વ્યવહારથી એમ કહેવાય કે લાડવો ખાધો, રોટલી ખાધી, મેસુબ ખાધો. સમજાણું કાંઈ ?

એમ આ મકાન બનાવ્યું. મકાન બનાવ્યું છે એણે ? રાગને બનાવ્યો છે. કોણ બનાવે ? એ તો પરમાણુની પર્યાય બનાવે છે. પરમાણુઓમાં કર્તા ને કરણ નામના ગુણ છે કે નહિ ? એના વડે આ પર્યાય થાય છે. પણ કહે છે કે આ કર્યું એમ કહેવું એ વ્યવહાર છે એમ કહેવું છે. આની સાથે મેળવવું છે ને ?

લોકાલોકને આત્મા જાણે છે એ વ્યવહાર છે કેમકે પરને જાણતા પરની સાથે એકમેક થઈને જાણતો નથી. અને પોતાને જાણતા તન્મય થઈને, તેની પર્યાયમાં તન્મય થઈને પર્યાયને જાણે છે. તમારો દ્રવ્યનો પ્રશ્ન છે એટલે કીધું. પર્યાયને જાણતા પર્યાયમાં તન્મય થઈને પર્યાયને જાણે છે. પરને જાણતા પરમાં તન્મય થઈને જાણતો નથી એથી વ્યવહારે જાણે છે તેમ કહેવામાં આવે છે. 'ચંદુભાઈ' ! આમાં ઘણું લાંબુ છે, હોં ! આહા..હા..! ...

શ્રોતા :– પરને જાણવું ખોટુ છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા તો એમ જ છે. પરને જાણવું ખોટુ ! કહેશે આમાં, આમાં પણ કહ્યું છે. તો પછી વ્યવહારે સર્વજ્ઞ છે ને ? એમ પૂછ્યું છે. વ્યવહારે સર્વજ્ઞ છે ને ? આહા..! લાડવો આદિ રોટલી, દાળ, શાક, ભાત. ભોક્તં એ તો વ્યવહાર છે. એને ક્યાં ઇ ભોગવે છે ? ... આ છોડ્યું, એણે ક્યાં છોડ્યું છે ? .... ખરેખર તો એણે રાગને કર્યો ને રાગને ભોગવ્યો છે. લાડવાને ખાધો છે ને ઘરને ને મકાનને બનાવ્યું છે એમ છે નહિ. ઇત્યાદિ અનેક પર્યાય .... નિશ્ચય-વ્યવહારનયને જાણવો. ત્યારે પ્રશ્ન આવ્યો. ઇ આ લખ્યું છે ને ? 'પરમાત્મપ્રકાશ' ૫૫ પાનું અને અહીં લખ્યું છે ૬૬ પાનું.

.... શું કહ્યું એ ? નિશ્ચયથી સર્વજ્ઞ આ બધાના જાણનાર નથી, વ્યવહારે પરના જાણનાર થયા તો નિશ્ચયથી સર્વજ્ઞ ન થયા. .... જેમ પોતાના આનંદ અને જ્ઞાનમાં તન્મય થઈને જાણે છે તેમ પરદ્રવ્ય ન જાનાતિ ! આહા..હા..! જાણે છે તો બરાબર. ..... પરને તન્મય થઈને જાણે તો પરના જે સુખ-દુઃખ એટલે કલ્પનાનું સુખ, હોં ! એની સાથે એને તન્મય(પણું થાય) તો એનું સુખ-દુઃખ અહીં વેદાય જાય. ઇ કહ્યું, જુઓ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'નિશ્ચયનયસે અપને સ્વરૂપકો જાનતા હૈ,...'** જ્ઞાન જ્ઞાનને જાણે છે. ઇ આવ્યું નથી આપણે ? ભાઈ ! પેલો કળશ. પોતે જ્ઞેય, ***પોતે જ્ઞાતા, પોતે જ્ઞાન. જ્ઞાન આ ને જ્ઞેય પર એમ નથી. પરજ્ઞેયને જાણે છે એ તો વ્યવહાર થયો અને એને જાણવાનું જે જ્ઞાન પોતામાં થયું, પોતાનું તેને જ્ઞેય તરીકે જાણે છે તે નિશ્ચય છે. આહા..હા..!*** **'ઇસ કારણ જ્ઞાનકી અપેક્ષા તો વ્યવહારનયસે સર્વગત હૈ,...'** આ આપેક્ષાએ. **'પ્રદેશોંકી અપેક્ષા નહીં હૈ.'** પરના ક્ષેત્રમાં જ્ઞાન જાય છે (અને) એ જાણે છે એમ નહિ. પોતાના પ્રદેશમાં રહીને જાણે છે. દૃષ્ટાંત આપ્યા છે.

**'જૈસે રૂપવાલે પદાર્થોંકો નેત્ર દેખતે હૈં,...'** નેત્ર રૂપને દેખે છે, રૂપમાં તન્મય થઈને દેખે છે ? લ્યો ! **'પરંતુ ઉન પદાર્થોંસે તન્મય નહીં હોતે,...'** આંખ પરને જાણે, અગ્નિને જાણે, બરફને જાણે, લ્યો ! અગ્નિમાં તન્મય થઈને જાણે છે ? (તન્મય થઈને જાણે) તો તો આંખ ઊની થઈ જાય. આંખ ઊની નથી થતી. આંખમાં ઊનાપણાનું જ્ઞાન પોતાનું છે તે થાય છે. ***અગ્નિને જાણતા અગ્નિ સંબંધીનું સ્વ પોતાનું જે જ્ઞાન છે એ જાણે છે. અગ્નિ સંબંધીનું પોતાનું જે જ્ઞાન છે તેને એ જાણે છે. અગ્નિને જાણે છે એમ કહે તો તો એની સાથે, અગ્નિ સાથે એકમેક થઈ જાય, (પરંતુ) એમ તો છે નહિ. આહા..હા...!*** **'ઉસરૂપ નહીં હોતે હૈં.'**

**'યહાં કોઈ પ્રશ્ન કરતા હૈ, કિ જો વ્યવહારનયસે લોકાલોકકો જાનતા હૈ, ઔર નિશ્ચયનયસે નહીં, તો વ્યવહારસે સર્વજ્ઞપના હુઆ,...'** ત્યાં કહ્યું હતું ઇ. તો વ્યવહારનયથી સર્વજ્ઞ થયું. **'નિશ્ચયનયકર ન હુઆ ? ઉસકા સમાધાન કરતે હૈં-જૈસે અપની આત્માકો તન્મયી હોકર જાનતા હૈ, ઉસ તરહ પરદ્રવ્યકો તન્મયીપનેસે નહીં જાનતા,...'** લ્યો ! એ અપેક્ષાથી વ્યવહાર કહ્યો. પોતાનું ને પરનું જાણવું એ તો તન્મય છે તે પોતામાં છે. સમજાણું કાંઈ ? **'પરદ્રવ્યકો તન્મયીપનેસે નહીં જાનતા, ભિન્નસ્વરૂપ જાનતા હૈ,...'** એ મારાથી ભિન્ન છે એમ જાણે છે. અગ્નિને જાણતા જ્ઞાન જાણે છે કે અગ્નિ ભિન્ન છે. લોકાલોકને જાણતા જ્ઞાન જાણે છે કે લોકાલોક ભિન્ન છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'વ્યવહારનયસે કહા, કુછ જ્ઞાનકે અભાવસે નહીં કહા.'** શું કહ્યું ઇ ? પરના જ્ઞાનનો અહીંયાં અભાવ છે માટે એને વ્યવહારે પરને જાણે છે એમ કહ્યું એમ નથી. એમાં તન્મય થઈને જાણતો નથી માટે નથી જાણતો (એમ કહ્યું). પણ જાણવું તો તન્મય પોતામાં છે. સ્વ-પરપ્રકાશકનું... ૪૭ શક્તિમાં આવ્યું નથી ? આત્મજ્ઞ છે એ, સર્વજ્ઞ છે એ આત્મજ્ઞ છે. એ તો સર્વજ્ઞપણું જ, આત્મજ્ઞપણાનું જ એટલું સામર્થ્ય છે. એને જાણે છે એમ કહેવું તો વ્યવહાર છે. પણ સર્વજ્ઞપણાની પર્યાય જે છે એ પોતાને સર્વજ્ઞપદને પોતે જાણે છે, સ્વ અને પરને પૂર્ણ જાણે છે. એ આત્મજ્ઞ છે, સર્વજ્ઞ નહિ. આહા..હા..! ભિન્નતા બતાવે છે.

ભિન્નતાનું જ્ઞાન હોવા છતાં ભિન્નતાને લઈને નથી. સમજાણું કાંઈ ? ભિન્ન પદાર્થનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાન અહીં થાય છે એ ભિન્ન પદાર્થ છે માટે થાય છે એમ નહિ અને ભિન્નને જાણે છે એમાં તન્મય થઈને જાણે છે એમ નહિ. એ ભિન્ન સંબંધીનું જે જ્ઞાન (થાય છે) એ પોતાના સામાર્થ્યથી થયેલું પોતામાં થઈને જાણે ને પોતામાં રહેશે. આહા..! આવી ઝીણી વાતું.

**'ભિન્નસ્વરૂપ જાનતા હૈ, ઇસ કારણ વ્યવહારનયસે કહા, કુછ જ્ઞાનકે અભાવસે નહીં કહા.'** પરના જ્ઞાનનો અહીંયા અભાવ છે માટે પરને જાણે એ વ્યવહાર કહ્યો એમ નહિ. પર સંબંધીના જ્ઞાનનો તો પોતામાં સદ્‌ભાવ છે પણ પરને જાણવું એમ જે કહેવું એ વ્યવહાર છે. સમજાણું કાંઈ આમાં ?

સર્વજ્ઞ એટલે કે સર્વને જાણે એમ કહેવું એ તો વ્યવહાર છે. કેમકે સર્વને જાણતા, સર્વ ચીજમાં તે જ્ઞાન અડીને, પ્રવેશ કરીને જાણે છે એમ નથી. આહા..હા..! આ લાકડાને આમ જાણે છે. આ લાકડામાં જ્ઞાન પ્રવેશ કરીને જાણે છે ? (-નહીં !) છતાં એ સંબંધીનું અહીં જ્ઞાન થાય છે એ તો પોતાના સ્વ-પર સામર્થ્યને લઈને થયું છે. આને લઈને થયું છે, એમાં જઈને થયું છે એમ નથી. આહા..હા..!

શ્રોતા :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રવેશ તો છે, પર્યાયમાં પ્રવેશ નથી ? એ વળી જુદું, એ પ્રશ્ન જુદો. એ તો ખબર છે તેથી તો પહેલેથી વાત કરીએ છીએ. દ્રવ્યમાં એ તન્મય થઈને જાણે છે એનો અર્થ પર્યાયના પ્રદેશો એક છે એમ ગણીને. ***બાકી ખરેખર તો પર્યાય દ્રવ્યમાં તન્મય થઈને જાણે છે એમ નથી.*** અહીં એ વાત નથી કરવી. અહીં તો પરને જાણતા પરમાં તેનું અડવું, સ્પર્શવું થયું નથી તેથી તેને વ્યવહારે જાણે એમ કહ્યું. પણ પરસંબંધીનું જ્ઞાન અને સ્વસંબંધીનું જ્ઞાન એ જ્ઞાનનો એમાં અભાવ છે એમ નહિ. જ્ઞાન તો સ્વ-પરપ્રકાશક પોતાના સામર્થ્યથી થયેલું છે. સમજાણું કાંઈ ? આરે... આરે..! આવું છે. સર્વજ્ઞને સિદ્ધ કરવા એને પણ એને... આહા..!

સર્વજ્ઞ એ સર્વને જાણે, સર્વજ્ઞ સર્વને જાણે એટલે સર્વજ્ઞ એમ નહિ. સર્વને જાણતા તે સર્વજ્ઞની પર્યાય પરમાં ગઈ નથી, પરને અડી નથી. આહા..! પણ એ પરનું જ્ઞાન અહીંયા પોતાથી પોતા વડે થયું છે તેથી તન્મય થઈને જાણે છે એમ કહીને નિશ્ચય કહ્યો. પરમાં તન્મય થઈને જાણતું નથી માટે વ્યવહાર કહ્યો. સમજાણું કાંઈ ? અહીં પાછું ઇ ન લેવું. એ તો મગજમાં પહેલેથી હતું. તન્મય કીધું ત્યારે જ્ઞાનની પર્યાય દ્રવ્યને જાણે છે તો તન્મય થઈને જાણે છે ? ઇ અહીં અત્યારે નથી લેવું. સમજાણું કાંઈ ? આહા..હા..!

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યને જાણે છે. (પર્યાય પર્યાયમાં) રહીને દ્રવ્યને જાણે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ વ્યવહાર નહિ. એ વ્યવહારનો અર્થ કે એ બે ભિન્ન છે. આ ને આ બે ભિન્ન ચીજ છે ને ? એ અપેક્ષાએ એને જાણે છે એમ તન્મયથી પોતાના અસંખ્ય પ્રદેશમાં છે માટે. બાકી ખરેખર પર્યાય દ્રવ્યમાં એક થતી નથી. એ તો કાલે ઘણી વાત થઈ ગઈ. સમજાણું કાંઈ ? ઇ અત્યારે પ્રશ્ન નથી. અત્યારે તો પરને જાણે એ વ્યવહાર અને પોતાને જાણે તે નિશ્ચય એટલું સિદ્ધ કરવું છે. આ કારણે, બસ એટલું. આહા..હા..!

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પોતાનામાં એ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે આવ્યા. સમજાણું કાંઈ ? પણ પછી જ્યારે બેનો ભેદ પાડવો હોય તો પર્યાય એક સમયની જે છે એ આખું પૂર્ણ દ્રવ્ય છે તેને જાણે છે. એ તો ઘણી વાત કાલે થઈ હતી. અને તેથી ત્યાં ૧૭-૧૮માં કહ્યું ને કે ***બધાને જ્ઞાનની પર્યાયમાં સ્વદ્રવ્ય જ જણાય છે. કેમકે પર્યાયના પોતાના સ્વ-પરપ્રકાશક સ્વભાવનું સામર્થ્ય છે. એ દ્રવ્યને લઈને નહિ. સમજાણું કાંઈ ? એ પર્યાયનું, એક સમયની પર્યાય છે એનું સામર્થ્ય છે. સ્વ અને પરને પોતામાં રહીને જાણવું એવી એની તાકાત છે.*** આહા..! આવો માર્ગ ઝીણો (છે), ભાઈ !

અત્યારે તો ફક્ત પરને જાણે છે માટે એ વ્યવહાર કીધો એટલે પરનું જ્ઞાન અહીં નથી એમ નથી. ***પરનું જ્ઞાન એ પોતાનું જ્ઞાન છે. સ્વનું જ્ઞાન અને પરનું જ્ઞાન એ સ્વનું જ્ઞાન છે. સર્વજ્ઞપણાનો અભાવ નથી. પર સંબંધીનું જ્ઞાન ને સ્વસંબંધીના જ્ઞાનનો અભાવ નથી.*** ફક્ત પરને જાણે છે એ તન્મય થઈને નહિ માટે વ્યવહારે કહ્યો પણ સર્વજ્ઞપણું જે છે એ વ્યવહાર છે એમ નહિ. સમજાણું કાંઈ ? 'નવરંગભાઈ'! આવી વાતું છે આ બધી. આહા..હા...! જૈન પરમેશ્વરનું કથન અલૌકિક છે, એવું બીજે ક્યાંય છે નહિ. આહા..હા..!

**'વ્યવહારનયસે કહા, કુછ જ્ઞાનકે અભાવસે નહીં કહા.'** જોયું ? એટલે શું કહ્યું ? - કે સર્વને જાણે છે કહેવું એ તો વ્યવહાર છે. ત્યારે સર્વનું જ્ઞાન અહીં નથી ? - કે સર્વનું જ્ઞાન એ પોતાનું જ્ઞાન અહીં છે. સર્વનું જ્ઞાન .... એ તો નિમિત્ત છે પણ તે સંબંધીનું, સ્વ સંબંધીનું જ્ઞાન પર્યાયમાં પોતાથી છે. એ જ્ઞાનનો સ્વ-પરપ્રકાશનો જ્ઞાનનો અભાવ નથી. પરપ્રકાશક જ્ઞાનનો એમાં અભાવ નથી, પરવસ્તુનો અભાવ છે. સમજાણું કાંઈ ? આહા..હા..! એટલું સામર્થ્યનું અસ્તિત્વ સિદ્ધ કરે છે. એક સમયની પર્યાય.... આહા..હા..!

કાલે રહી ગયું હતું. અહીંથી ગયા પછી તમે ગયા પણ મને યાદ હતું. અલિંગ્રહણનો ૨૦ મો બોલ, ભાઈ ! આત્મા પોતાના દ્રવ્યને અડતો નથી. ૨૦ મો બોલ. પ્રત્યભિજ્ઞાનનું કારણ એવી જે ચીજ, પ્રત્યભિજ્ઞાનનું કારણ એવો જે દ્રવ્ય સ્વભાવ તેને આત્મા અડતો નથી, આલિંગન કરતો નથી. એ વર્તમાન પર્યાયનું વેદન છે તેટલા પૂરતો આત્મા છે. તમારે 'જીવાભાઈ'એ કીધું હતું, નહિ ? પોર આવ્યા હતા ને દર્શન કરવા ? 'લોટિયા વોરા'.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા..! મહારાજ ! 'લોટિયો વોરો' મુસલમાન ૯૩-૯૪ વર્ષની ઉંમર, ઘરે વાંચે, વાંચીને દર્શન કરવા આવ્યા. શરીર ધ્રુજે એટલે વ્યાખ્યાનમાં ન આવ્યા. શેઠ ! 'જીવાજીભાઈ' કરીને 'લોટિયા વોરા' છે, 'રાજકોટ'. એ વાંચન એટલું કરે. ૯૩-૯૪ વર્ષની ઉંમર છે અને એટલું વાંચન કે ૧૮-૧૯-૨૦ બોલનું વાંચન કરીને ઘરે આવ્યા અને કહે... આહા..હા...! શું ૧૮-૧૯-૨૦ બોલનું.... કમાલ કરી નાખી છે.

શું ૧૮ માં છે ? - કે ***આત્મા ગુણવિશેષને સ્પર્શતો નથી, ભેદને સ્પર્શતો નથી.*** એવો ૧૮ મો બોલ છે. એવું વાંચીને ઘરે મનન કરીને આવ્યા અને એવો ખુશી થાય એવો... આહા..હા..! આ વસ્તુ !! અમે તો પામી ગયા છીએ, અમારે તો મોક્ષ થવાનો છે, એમ કહે. ૧૮ મો બોલ એવો છે. અલિંગગ્રહણ એટલે કે અર્થાવબોધરૂપ ગુણવિશેષ... આ પાઠ છે. અર્થાવબોધરૂપ ગુણવિશેષ તેને આલિંગ કરતો નથી. એવો તે આત્મા શુદ્ધાત્મા છે. એટલે કે ગુણી, ગુણના ભેદને સ્પર્શતો નથી. અભેદ છે. ભેદ કરવો એ તો વ્યવહાર થઈ ગયો. આહા..હા..! ઝીણી વાત છે.

અર્થાવબોધરૂપ ગુણવિશેષ તેને આલિંગન નહિ કરતો એવો આત્મા શુદ્ધ છે એમ પાઠ છે. એટલે કે આત્મા ગુણી એ ગુણના ભેદમાં આવતો નથી. શેઠ ! એ વોરા આવું લઈને આવ્યા. ઘરે વાંચીને, હોં ! છે ને, હજી છે. હમણા આવ્યા હતા. અમે ગયા હતા ને. આ ફેરી વ્યવહારનું બીજું લાવ્યા હતા. આત્માને દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ નથી. આજે લાવ્યા હતા. ૭ મી ગાથા આવે છે ને ? આહા..હા..! બહુ સૂક્ષ્મ વિચારક છે. પહેલા સાંભળવા આવતા (પછી) જંગલમાં ધ્યાન કરવા ચાલ્યા જતા. મુસલમાન લોટિયો વોરો. આત્મા છે કે નહિ ?

એટલે પહેલો બોલ એ છે કે અર્થાવબોધરૂપ ગુણવિશેષને આત્મા આલિંગન કરતો નથી એવો એ શુદ્ધ આત્મા અભેદ છે. ૧૯. અર્થાવબોધરૂપ પર્યાયવિશેષ... હવે પર્યાય આવી. એને નહીં આલિંગન કરતો એવો આત્મા શુદ્ધાત્મા છે. આહા..હા..!

પછી ત્રીજું પ્રત્યભિજ્ઞાનનું કારણ આ છે... છે... છે... છે... છે... છે... આત્મા ધ્રુવ (છે), પ્રત્યભિજ્ઞાનનું કારણ એ છે... છે... છે... છે... એને આત્મા નહિ આલિંગન કરતો પર્યાયમાત્ર છે. અનુભવમાં પર્યાય આવે છે, દ્રવ્ય અનુભવમાં આવતું નથી. વેદનમાં તો પર્યાય આવે છે. આહા..હા...! દૃષ્ટિ એની દ્રવ્ય ઉપર છે પણ વેદનમાં પર્યાય છે. અનુભવ છે એ દ્રવ્ય, ગુણનો ધ્રુવનો અનુભવ ન હોઈ શકે. સમજાય છે કે નહિ કાંઈ ? ***વેદનમાં તો પર્યાય જ આવે. કેવળીને પણ પર્યાયનું વેદન છે, દ્રવ્ય-ગુણનું (વેદન) હોય નહિ. દ્રવ્ય-ગુણનું જ્ઞાન હોય પણ વેદન દ્રવ્ય-ગુણનું નહિ. આહા..!*** જુઓને એક ન્યાય તો જુઓ ! ઓહો..હો..!

આનંદના અનુભવમાં વેદન પર્યાયનું છે છતાં તે જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય ને ગુણનું જ્ઞાન છે પણ દ્રવ્ય-ગુણનું વેદન નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! એક સમયની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાયમાં આખા દ્રવ્યનું અનંત ગુણનો પિંડ વસ્તુ, તેનું તેમાં જ્ઞાન છે પણ તે પર્યાયમાં દ્રવ્ય-ગુણનું વેદન નહિ. આહા..હા...! શેઠ ! આ લોટિયા વોરા લઈના આવ્યા. ઘરે અભ્યાસ કરે. (સંવત) ૧૯૮૯ ની સાલથી વ્યાખ્યાનમાં આવે છે. ૧૯૮૯ ની સાલ. વ્યાખ્યાનમાં કાયમ (આવે). બે, ત્રણ જણા (આવતા). એક બિચારા ગુજરી ગયા. બે લોટિયા હતા. છોકરાઓને પણ ... ઘરે આખો દિ' આ વાત કર્યા કરે. છોકરાઓ છે પણ એને પણ... આહા..! વાત ભારે ! હવે અહીં વાણિયાને ખબર ન મળે. એના ઘરમાં (છે), જૈનમાં જન્મ્યો. ૧૯૮૯ ની સાલ, ૧૯૮૯ ની સાલમાં વસ્ત્ર વ્હોરાવ્યું. ૧૯૮૯ ની સાલમાં વસ્ત્ર વ્હોરવ્યું. તે દિ' બહારનું હતું ને. ગામ નહિ ? 'રાજકોટ'થી ક્યું ગામ ? આ તમારા બાપનું હતું. 'મોહનભાઈ'નું હતું તે દિ'. પેલા 'મોહનભાઈ'નું, હોં ! આ નહિ. પેલા 'મોહનભાઈ'. 'મોહન દામોદર' 'થોરાળા' ૧૯૮૯ માં ઉઠ્યા ત્યારે 'થોરાળે' ભાઈનું 'મોહનલાલ દામોદર'નું જમણ હતું. ઘણું માણસ આવ્યું હતું, ઘણું, 'થોરાળ' તે દિ' ત્યાં 'જીવાજીભાઈ' આવ્યા હતા અને કાપડ વ્હોરાવવાનું કહ્યું. પછી લીધું કે નહિ ખબર નથી. તે દિ' ૧૯૮૯ ની સાલમાં. જુઓ ! આ ત્રણ બોલ વાંચીને લઈને આવ્યા. અલિંગગ્રહણનું ન્યાં ઘરે વાંચ્યું. આહા..હા..!

ભગવાનઆત્મા એક સમયની જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય આખા દ્રવ્યને જાણે, આખા લોકાલોકને જાણે. સ્વપ્રકાશક તરીકે દ્રવ્યને જાણે, પરપ્રકાશક તરીકે લોકાલોક (જાણે). એ પણ સ્વ-પરપ્રકાશકનું સામર્થ્ય પોતાનું છે, પરને લઈને નહિ. એ પરનું જ્ઞાન થયું એટલે પરને લઈને થયું છે એમ નહિ. સમજાણું કાંઈ ? આવો માર્ગ (છે) પણ માણસને નવરાશ ક્યાં છે નક્કી કરવા ? આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ... આહા..હા...! જેને ઇન્દ્રો, ગણધરો સાંભળે. આહા..હા..! ચૌદ પૂર્વ ને બાર અંગની અંતર્મુહૂર્તમાં ગણધરે રચના કરી એ ગણધર પણ સાંભળવા બેસે. સમજાણું કાંઈ ?

અહીં ઇ કહે છે **'યહાં કોઈ પ્રશ્ન કરતા હૈ, કિ જો વ્યવહારનયસે લોકાલોકકો જાનતા હૈ, ઔર નિશ્ચયનયસે નહીં, તો વ્યવહારસે સર્વજ્ઞપના હુઆ, નિશ્ચયનયકર ન હુઆ ? ઉસકા સમાધાન કરતે હૈં-જૈસે અપની આત્માકો તન્મયી હોકર જાનતા હૈ, ઉસ તરહ પરદ્રવ્યકો તન્મયીપનેસે નહીં જાનતા,...'** એટલું સિદ્ધ કરવું છે. **'ભિન્નસ્વરૂપ જાનતા હૈ, ઇસ કારણ વ્યવહારનયસે કહા, કુછ જ્ઞાનકે અભાવસે નહીં કહા.'** પરને પોતાના જ્ઞાનનો જ્યાં અભાવ છે સ્વનું જ જ્ઞાન છે અને પરનું જ્ઞાન નથી એમ નથી. આત્માને સ્વનું જ જ્ઞાન છે ને પરનું નથી એમ નથી. **'કુછ જ્ઞાનકે અભાવસે નહીં કહા.'** સમજાણું કાંઈ ? આહા..હા..!

**'જ્ઞાનકર જાનના તો નિજ ઔર પરકા સમાન હૈ.'** જોયું ? આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં નિજ આખું દ્રવ્ય, ગુણ, પર્યાય અને પર લોકાલોક ઇ આખું અસ્તિત્વ છે, અહીં આખું આ અસ્તિત્વ છે. બેયનું જ્ઞાન તો સમાન છે. આહા..હા..! **'નિજ ઔર પરકા સમાન હૈ.'** એટલે ? નિજનું જ્ઞાન પણ પોતામાં છે ને પરનું જ્ઞાન પોતાથી થયેલું એ પોતામાં છે, સમાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે ત્યાં. નિજનું જ્ઞાન અને પર સંબંધીનું પોતાનું જ્ઞાન એ બે સમાન છે. એ તો પરમાં પેસતું નથી માટે પરને જાણતો નથી, પરને જાણે એ વ્યવહાર કહ્યો. પરમાં પેસતો નથી, અડતો નથી. આહા..હા..! અને ખરેખર તો લોકાલોકની હયાતી છે માટે જ્ઞાનની પર્યાયમાં પરપ્રકાશકપણું જ્ઞાન આવ્યું એમ પણ નથી. આહા..હા..!

એ તો (સંવત) ૧૯૮૩ ની સાલમાં મોટી ચર્ચા થઈ હતી, 'દામનગર'. ૧૯૮૩ માં. 'વીરજીભાઈ' ને ... 'દામોદર' શેઠ કહે લોકાલોક છે તો અહીં જ્ઞાનની પર્યાય એને જાણવાની થઈ. એમ નથી. જ્ઞાનની પર્યાયનું જ સામર્થ્ય એવું છે, સ્વને ને પરને જાણવાનું સમાન સામર્થ્ય છે એમ કીધું ને ? ***પરને જાણવા માટે પરની હયાતી છે માટે જાણે છે (એમ નથી). અરે..! દ્રવ્યને જાણવા માટે દ્રવ્યની હયાતી છે માટે પર્યાય જાણે છે એમ પણ નથી. પર્યાયનું જ એટલું સામર્થ્ય છે. સ્વને જાણવું ને પરને જાણવું બેય સમાન સરખા પોતાથી છે. આહા..હા..!*** 'ગીરધરભાઈ' ! આ ક્યાં કોઈ દિ' વિચાર પણ ક્યાં કર્યા છે બધા ? એમ ને એમ મજુરીઓ કરી સંસારની. એક તો શેઠિયા ને વળી પાછું કાર્યકર્તા ! ગુચાય ગયા અંદર, થઈ રહ્યું.

શ્રોતા :– કીચડ કીચડ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કીચડ છે, વાત સાચી છે. તોપણ બધા ભાગ્યશાળી છે. આહા..હા...!

શું કહ્યું ? જુઓ ! '**નિજ ઔર પરકા સમાન હૈ.**' ઇ શું કહ્યું ? - કે પોતાનું જ્ઞાન થાય ને પરનું જ્ઞાન એ પોતાથી સમાન બરાબર છે. એમ નહિ કે પર છે માટે અહીં થાય છે. એ પોતાનું ને પરનું જ્ઞાન પોતામાં સામર્થ્યથી પોતામાં છે. આહા..હા..! 'નવરંગભાઈ' ! એક ફેરી 'મગનભાઈ' અપાસરામાં એમ બોલ્યા હતા, (સંવત) ૧૯૮૯ની સાલ. કોણ જાણે એના મોઢામાંથી કેમ એવું નીકળી ગયું કે આ તમારો નવો શ્રાવક આવ્યો. એમ બોલ્યા હતા. તમને ખબર નહિ હોય. અપાસરામાં બોલ્યા હતા. ૧૯૮૯ની સાલ. એને એ વખતે કોણ જાણે એવી ભાષા આવી. મને બરાબર યાદ છે. (એમ બોલ્યા હતા કે) આ તમારો શ્રાવક આવ્યો. મેં કીધું, ઠીક ! આ તો તમારો દીકરો છે. ૧૯૮૯ ની વાત છે, હોં ! એક ફેરી વ્હોરવા ગયા હતા. પેલી કોર રહેતા. ખબર છે ? પહેલા બીજે રહેતા. આઘે ક્યાંક માણેકચોકની પેલી કોર રહેતા હતા. વ્હોરવા ગયા હતા. આહા..હા...! ૧૯૮૯ ની વાત છે. પહેલાની વાત છે.

અહીં કહે છે... આહા..હા..! જ્ઞાનકર નિજનું ને પરનું જાણપણું સરખું છે. આહા..હા..! એટલે ? પોતે પોતાના જ્ઞાનમાં તન્મય થઈને જાણે છે એમ પર સંબંધીનું અહીં જ્ઞાન છે ઇ એમાં તન્મય થઈને એને જાણે છે, પરમાં તન્મય થઈને નહિ. આહા..હા..! શું કહ્યું ઇ ? વીતરાગ માર્ગ... બાપા ! જ્ઞાનકર જાણપણા, જ્ઞાનકર જાણવું એ તો નિજ ને પરનું સરખું છે. આટલા શબ્દોમાં કેટલું સમાડી દીધું છે, જોયું ? પોતે જે દ્રવ્ય, ગુણ, પર્યાય છે તેને જાણે છે એમ પરના લોકાલોકના દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રિકાળ (છે) એને જાણે છે એ જાણવું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો સમાન જ છે. સ્વનું ને પરનું જાણવું પોતામાં સમાન છે. પરને જાણવું એમ કહેવું એ વ્યવહાર છે. એથી પર સંબંધીનું પોતાનું જે જ્ઞાન છે એનો અભાવ નથી. આહા..હા..! સર્વજ્ઞપણું એ આત્મજ્ઞપણું છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? આત્મજ્ઞ જ એવી સ્થિતિ છે કે સ્વને, પરને જાણવાની સ્થિતિવાળું આત્મજ્ઞપણું સામર્થ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..! ખુલાસો કેવો છે, જોયું ?

**'જ્ઞાનકર જાનના તો નિજ ઔર પરકા સમાન હૈ. જૈસે અપનેકો સન્દેહ રહિત જાનતા હૈ,...'** જોયું ? **'વૈસા હી પરકો ભી (સન્દેહ રહિત) જાનતા હૈ,...'** પર સંબંધીનું જ્ઞાન નિઃસંદેહ પોતામાં છે એમ કહે છે. **'પરકો ભી જાનતા હૈ, ઇસમેં સન્દેહ નહીં સમઝના,...'** પરને જાણવું એમ વ્યવહાર કહ્યો માટે પર સંબંધીનું અહીં જ્ઞાન નથી એમ નહિ. એ પર સંબંધીનું જ્ઞાન એ પોતાનું જ્ઞાન અહીં છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવું ઝીણું (છે), બાપુ ! વસ્તુનું સ્વરૂપ એવું છે. આહા..હા..!

એથી રાગને જ્ઞાન જાણે એને સદ્ભૂત ઉપચાર વ્યવહારનય કહ્યો. ચાર નય કીધી ને ? સદ્ભૂત ઉપચારનય, સદ્ભૂત અનઉપચારનય, અસદ્ભૂત ઉપચારનય, અસદ્ભૂત અનઉપચારનય. રાગ છે એ ખ્યાલમાં આવે એટલો રાગ તેને અસદ્ભૂત ઉપચાર કહ્યો. અને તે વખતે રાગનો ભાગ ખ્યાલમાં આવ્યાની પાછળ, ખ્યાલમાં આવ્યો નથી એને અસદ્ભૂત અનઉપચાર કહ્યું. પણ એ સંબંધીનું જ્ઞાન થયું છે. આનું જ્ઞાન, આનું જ્ઞાન એ બધું અસદ્ભાવ પણ એ સંબંધીનું જ્ઞાન પોતામાં થાય છે એ તો પોતાથી થયેલું છે. સમજાણું કાંઈ ? આહા..હા..! એટલે ? બે થયા.

ત્રીજું. રાગને જ્ઞાન જાણે એવો જે સદ્ભૂત ઉપચાર પ્રમાણનું, એ પ્રમાણને પણ સદ્ભૂત ઉપચાર કહ્યો. રાગને જાણે ઇ સદ્ભુત ઉપચાર. અને જ્ઞાન તે આત્મા એ અસદ્ભૂત અનઉપચાર. પણ ઇ ઉપચાર કહ્યો પણ જાણવાની જે પર્યાય થઈ છે, રાગને જાણવાની, અનઉપચારને જાણવાની, ઉપચારને (જાણવાની) એ પર્યાય પોતાથી થઈ છે. આહા..હા..! એ ચૈતન્ય-સૂર્ય ભગવાન ચૈતન્ય તેજ એના છે, જેના ચૈતન્યના નૂરના તેજ પ્રકાશના પૂર પડ્યા છે. આહા..હા..! જેના વેણલા પર્યાયમાં આમ ભાસ થયો સ્વનો ને પરનો એ પોતાની ચીજ છે કહે છે. એ પરને લઈને નથી. સમજાણું કાંઈ ? કહો, 'શેઠ' ! આ સમજાય એવું છે. ભાષા તો સાદી છે, ભાવ ભલે ઊંચા. 'ભગવાનદાસ' કરતા એમને વધારે રસ છે. નિવૃત્તિ લ્યે છે. બાપુ ! આ કરવા જેવું છે. બાકી તો શું છે ઇ બધી ખબર નથી ? આહા..હા..! ઓહો..હો..!

કહે છે **'જૈસે અપનેકો સન્દેહ રહિત જાનતા હૈ, વૈસા હી પરકો ભી જાનતા હૈ, ઇસમેં સન્દેહ નહીં...'** પરને જાણવું એમ કહેવું એ વ્યવહાર છે પણ પર સંબંધીનું જ્ઞાન છે એમાં સન્દેહ નહિ. ઇ પોતાનું જ્ઞાન છે. આહા..હા..! ભાઈ ! વિષય જરીક ઝીણો આવી ગયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવી વાત છે. જેટલું એનું અસ્તિત્વ સામર્થ્ય છે એટલું એને ખ્યાલમાં આવવું જોઈએ ને ! શું કહ્યું સમજાણું ? જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વનું સામર્થ્ય એટલું છે કે સ્વ અને પરને જાણવાનું પોતાથી પોતાને લઈને છે. એવું એ પર્યાયનું સામર્થ્ય છે. એ પર્યાયને માની ત્યારે કહેવાય કે જેટલું એનું સામર્થ્ય છે તે રીતે માને તો એ માન્યું કહેવાય. સમજાણું કાંઈ ? સમ્યગ્દર્શન તેને કીધું ને ? સમ્યક્ એટલે જેવું સત્નું સ્વરૂપ દ્રવ્ય, ગુણ, પર્યાયનું છે તે રીતે સમ્યક્ પ્રતીતિ થાય, જેવું છે તે રીતે પ્રતીતિ થાય તો એ સમ્યગ્દર્શન છે. આહા..હા...!

**'લેકિન નિજ સ્વરૂપસે તો તન્મયી હૈ, ઔર પરસે તન્મયી નહીં. ઔર જિસ તરહ નિજકો તન્મયી હોકર નિશ્ચયસે જાનતા હૈ,...'** એ જ ખુલાસો ત્યાં કર્યો. **'ઉસી તરહ યદિ પરકો ભી તન્મય હોકર જાને, તો પરકે સુખ, દુઃખ, રાગ, દ્વેષકે જ્ઞાન હોને પર સુખી, દુઃખી, રાગી, દ્વેષી હો,...'** જાય. જ્ઞાનની પર્યાય પરના સુખ, દુઃખમાં તન્મય થઈને જાણે તો અહીં (સુખી, દુઃખી થઈ જાય). સુખ એટલે ? સાંસારિક સુખ, હોં ! ઇન્દ્રિયના સુખની વાત છે. ઇન્દ્રિયના સુખ-દુઃખને તન્મય થઈને જાણે તો અહીં ઇન્દ્રિયનું સુખ આવી જાય. સમજાણું કાંઈ ? તો અહીં રાગ-દ્વેષ થઈ જાય. પરના રાગ-દ્વેષને તન્મય થઈને જાણે તો રાગ-દ્વેષ અહીં આવી જાય. આહા..હા...! અગ્નિમાં તન્મય થઈને જાણે તો જ્ઞાન ઊનું થઈ જાય. બરફને તન્મય થઈને જાણે તો જ્ઞાન ઠંડુ થઈ જાય, ઊનું-ઠંડુ તો જડની અવસ્થા છે, સ્પર્શની અવસ્થા છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એવો માર્ગ છે, ભાઈ !

**'સો ઇસ પ્રકાર કભી નહીં હો સકતા.'** જ્ઞાન પરને જાણતા પરમાં જો તન્મય હોય તો જ્ઞાનમાં સુખ-દુઃખ ને રાગ-દ્વેષ થઈ જાય. તો એમ છે નહિ. આહા..હા..! પાપીના પરિણામ જ્ઞાન જાણે પણ એ પાપીના પરિણામ છે માટે જાણે છે એમ નહિ. એ પોતાના સામર્થ્યથી જાણે છે. એને અડ્યા વિના એની હયાતી છે માટે જાણે એમ પણ નથી. આહા..હા..! એવી આની હયાતીનું સામર્થ્ય છે. સત્... સત્... સત્... સમજાણું કાંઈ ?

**'સો ઇસ પ્રકાર કભી નહીં હો સકતા. યહાં જિસ જ્ઞાનસે સર્વવ્યાપક કહા, વહી જ્ઞાન ઉપાદેય અતીન્દ્રિયસુખસે અભિન્ન હૈ,...'** લ્યો ! આહા..હા..! જે જ્ઞાન ઉપાદેય સર્વવ્યાપક કહીને સર્વ એટલે સર્વને જાણવું એમ. વ્યાપકનો અર્થ (ઇ). જે જ્ઞાન સર્વને જાણવાનું કહ્યું, વ્યાપકનો અર્થ ઇ. **'વહી જ્ઞાન ઉપાદેય અતીન્દ્રિયસુખસે અભિન્ન હૈ,...'** આહા...હા..! એ જ્ઞાનને ઉપાદેય જાણતા અતીન્દ્રિય આનંદ આવ્યા વિના રહે નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? જે સર્વ વ્યાપક એટલે સ્વને, પરને જાણવાનો જે પર્યાયધર્મ એવું જે જ્ઞાન એને જાણતા એ ઉપાદેય છે. એ ઉપાદેય એટલે તેની સન્મુખ થઈને અતીન્દ્રિય જ્ઞાન દ્વારા, અતીન્દ્રિય આનંદ દ્વારા એને ઉપાદેય કર્યું ત્યારે ઉપાદેય થયું, ત્યારે અતીન્દ્રિય આનંદ સાથે છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

એમ કેમ કહ્યું ? - કે ભાઈ ! આવો આવો આત્મા સ્વપરપ્રકાશક... એને ઉપાદેય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કર્યો. ઉપાદેય ક્યારે થાય ? એ શુદ્ધરૂપે અંદર પરિણમે ત્યારે. ત્યારે આનંદ ભેગો આવે જ એને, એમ કહે છે. આહા..હા...! ઉપાદેય ધારણામાં કર્યું એ જુદી (ચીજ) અને ઉપાદેયરૂપે પરિણમ્યો એ જુદી ચીજ છે. સમજાણું કાંઈ ? આહા..હા..! ઉપાદેયરૂપે પરિણમે ત્યારે તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ પણ ભેગો આવે એમ કહે છે. આહા..હા..! કેમ કે ત્યાં સ્વભાવમાં જ્ઞાનની સાથે અતીન્દ્રિય આનંદ ભેગો છે. એટલે એ જ્ઞાનને જ્યાં ઉપાદેય તરીકે પરિણતિથી થયું ત્યાં અતીન્દ્રિય આનંદ સાથે આવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'વહી જ્ઞાન ઉપાદેય અતીન્દ્રિયસુખસે અભિન્ન હૈ, સુખરૂપ હૈ, જ્ઞાન...'** આહા..હા..! સુખરૂપ એ જ્ઞાન છે એમ કીધું ને ? ક્યું (જ્ઞાન) ? નિજપરનું પરિણતિનું જે જ્ઞાન, પોતાનું જ્ઞાન એને જ્યાં ઉપાદેય તરીકે કરવા જાય છે ત્યારે તેને અતીન્દ્રિય સુખથી અભિન્ન હોવાથી એ જ્ઞાન સુખરૂપ પરિણમે છે. એ જ્ઞાન આનંદરૂપે પરિણમે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? **'જ્ઞાન ઔર આનન્દમેં ભેદ નહીં હૈ,...'** કેમકે અંતરમાં જ્ઞાન ને આનંદ અભિન્ન છે તો અંતરમાં નિર્મળ પરિણતિ દ્વારા જ્યાં એ જ્ઞાનનો આદર કર્યો તો ભેગો જ્ઞાન અને આનંદ સાથે આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

કહ્યું હતું ને કાલે ? નહિ ? ૨૯ કળશ. અશુદ્ધ પરિણતિનો અભાવ, ત્યાં શુદ્ધ પરિણતિનો સદ્ભાવ. શુદ્ધ પરિણતિ પણ હોય ને અશુદ્ધ પરિણતિ પણ ભેગી હોય (એમ નથી). જેવું અશુદ્ધપણું અનાદિનું છે એવું ને એવું રહે ને શુદ્ધ પરિણતિ થાય એમ બને નહિ. આહા..! ૨૯ કળશમાં (આવ્યું છે). ૨૮ માં મરણપ્રાપ્ત (આવ્યું). આહા..હા..! એટલે ? - કે એકલા પુણ્ય-પાપના રાગની હયાતીને સ્વીકારનાર આખું તત્ત્વ છે તેને એ મારી નાખે છે, અનાદર કરે છે. પુણ્યના દયા-દાનના, વ્રતના પરિણામ શુભ છે એટલી હયાતીનો સ્વીકાર કરનાર ત્રિકાળી આનંદનો નાથ છે તેનો અસ્વીકાર કરે એટલે મરણતુલ્ય કરી નાખે છે. એ..ઇ..! આ..હા..! આવું છે. એ ૨૮ માં આવ્યું, ૨૯ માં એ આવ્યું.

સ્વભાવ–અનંત આનંદ આદિ એનો સ્વભાવ છે એનો જે આદર કરે ત્યારે એની શુદ્ધ પરિણતિ થયા વિના આદર થઈ શકે જ નહિ. તે વખતે અશુદ્ધ પરિણતિ રહે નહિ. અસ્થિરતાની રહે એ અહીં પ્રશ્ન નથી. શુદ્ધ પરિણતિમાં, જે અશુદ્ધ પરિણતિ મિથ્યાત્વ સહિતની હતી, (તે હોય નહિ). આહા..હા..! સમજાણું કાંઈ ?

**'જ્ઞાન ઔર આનન્દમેં ભેદ નહીં હૈ, વહી જ્ઞાન ઉપાદેય હૈ,...'** આહા..હા..! જે જ્ઞાનમાં નિજ અને પરનું જાણવાનું સમાનરૂપે પોતાથી પોતાથી થયું છે... આહા..હા..! એવા જ્ઞાનને આદર કરનારો એ આનંદથી ખાલી ન હોય. કેમકે જ્ઞાન ને આનંદ અભિન્ન છે. 'મણિયાર' આવી વાતું છે આ. પેલા તો (કહે), એકેન્દ્રિયની દયા પાળો ને આ કરો. આહા..હા..! કાલે 'અમરચંદજી' નું આવ્યું છે. 'અમરચંદજી' નું પેલામાં આવ્યું હશે. છે ને એક 'અમરચંદ' શ્વેતાંબર છે. આવે છે, પહેલા અહીં આવતો. પછી તો શ્વેતાંબરનું, દિગંબરનું જુદું પડ્યું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ એને સારુ ન લાગ્યું. 'શ્રીમદ્' બે એક સરખા કહે છે અને તમે જુદું પાડો છો. 'અમરચંદ' કાલે કાગળ આવ્યો છે. પેલું આવ્યું હશે ને કે પરની દયા, પૂજા એ બધો શુભરાગ છે, એ કાંઈ ધર્મ નથી, એ તો નુકસાન કરનાર છે.

શ્રોતા :– અચેતન છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, અચેતન. તમે દયા, દાનના પરિણામને અચેતન કહો છો. રાગ છે ને ? અચેતન કહો છો (તો) દુનિયાને ડુબાવી દશો. એ દોઢડાહ્યો થયો છે. પહેલા આવતો. પછી જ્યારે શ્વેતાંબર, દિગંબરનું જુદું પડ્યું ને કે એ બે એક નથી. ખરેખર તો શ્વેતાંબર ને સ્થાનકવાસી અન્યમતિ છે, જૈનમતિ નથી. એ..ઇ..! 'ટોડરમલ્લે' કહ્યું છે.

શ્રોતા :– 'ટોડરમલે' કહ્યું માટે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ, વસ્તુ સ્થિતિ છે એટલે. 'કુંદકુંદાચાર્યે' કહ્યું ને '...' 'કુંદકુંદાચાર્યે' કહ્યું. '...' વસ્ત્રનો ટૂકડો જેને નથી અને જેને ત્રણ કષાયના અભાવની દશા પ્રગટી છે એવા નાગાનો મોક્ષ છે. એ સિવાય બધા ઉનમાર્ગ છે. શ્વેતાંબર ને સ્થાનકવાસી માર્ગ નથી, ઉન્માર્ગ છે એમ કહ્યું. 'કુંદકુંદાચાર્ય' નો પોકાર છે. સમજાણું કાંઈ ? આહા..!

**'યહ અભિપ્રાય જાનના.'** લ્યો ! આ બધું કહેવાનો અભિપ્રાય આ છે કે જે જ્ઞાનમાં સ્વ ને પરને જાણવાનું પરના સંબંધ વિના, પરની હયાતીના સ્વીકાર વિના પોતાની જ આટલી હયાતીનો સ્વીકાર છે એ જ્ઞાન આદરણીય છે. સમજાણું કાંઈ ? ઝીણું થોડું પડે, 'પોપટભાઈ' ! માર્ગ આ છે, બાપુ ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર... આહા..હા..!

**'ઇસ દોહામેં જીવકો જ્ઞાનકી અપેક્ષા સર્વગત કહા હૈ.'** લ્યો ! એ સિદ્ધ કર્યું. જ્ઞાનની અપેક્ષાએ, જાણવાની અપેક્ષાએ સર્વગત કહ્યું પણ ફેલાવાની અપેક્ષાએ સર્વગત કહ્યો નથી. લ્યો ! વખત થઈ ગયો લ્યો. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*** વ્યવહારરત્નત્રયનો રાગ આવ્યો તેને જ્ઞાને જાણ્યું, ત્યાં જ્ઞાન પોતાની પર્યાયને જાણે છે, રાગને નહીં. જાણનાર સ્વને જાણતાં પરને જાણવાપણે પરિણમે છે તોપણ તેને જ્ઞેયકૃત જ્ઞાન થયું છે તેમ નથી પણ તેને જ્ઞાનકૃત જ્ઞાન છે. સમ્યગ્દષ્ટિ ચક્રવર્તીને રાગનું જ્ઞાન થયું તે રાગના લઈને થયું નથી પણ સ્વપરપ્રકાશક શક્તિને લઈને જ્ઞાન જ્ઞાનને જાણે છે, જ્ઞેયને જાણે છે તેમ કહેવું એ તો વ્યવહાર છે. રાગને જાણતાં જે જ્ઞેયાકારે જણાયો તે આત્મા જણાયો છે, રાગ જણાયો નથી, કેમકે તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી. ૨૭૫.**

**– દ્રવ્યદષ્ટિ જિનેશ્વર - પર્યાયદષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા-૬૭-૬૮, પ્રવચન નં. ૪૪
## તા. ૨૫-૦૭-૧૯૭૬
## [૭]

**'શુદ્ધાત્મા તો કેવળજ્ઞાનાદિ સ્વભાવ હૈ,...'** આત્મા ત્રિકાળી શુદ્ધ આત્મા વસ્તુ એ તો એકલા જ્ઞાન, આનંદ આદિ સ્વભાવ સ્વરૂપ છે. કેવળ એટલે એકલું, કેવળ (-જ્ઞાનની) પર્યાય નહિ. એકલું જ્ઞાન, એકલું દર્શન, એકલો આનંદ એવો શુદ્ધાત્મા એનો સ્વભાવ છે. **'જડરૂપ નહીં હૈ,...'** એ શરીરરૂપ નહિ, રાગરૂપ નહિ. એ આત્મા ઉપાદેય-દૃષ્ટિમાં ગ્રહણ કરવા લાયક છે એમ કહેવું છે. આવી વાત છે. **'ઉપાધિરૂપ નહીં...'** ભગવાનઆત્મા એનો દ્રવ્ય સ્વભાવ, નિત્ય સ્વભાવ એ જ્ઞાન ને આનંદ એનું સ્વરૂપ સ્વભાવ છે. એ કદી રાગરૂપ થયો નથી. શરીરરૂપ તો થયો નથી પણ રાગરૂપ એ વસ્તુ થઈ નથી. આહા..!

**'ઉપાધિરૂપ નહીં હૈ,...'** ચૈતન્યબિંબ પ્રભુ જે સમ્યગ્દર્શનનો વિષય, જે પર્યાયમાં ઉપાદેય કરવા લાયક એવો જે શુદ્ધાત્મા તે રાગરૂપ થયો નથી. **'શુદ્ધાત્મસ્વરૂપ હી હૈ.'** એ તો શુદ્ધ ચૈતન્યઘન નિર્મળાનંદ પ્રભુ (છે). **'પર જો કામ-ક્રોધાદિ પર વસ્તુ ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ હૈં, વે પર હી હૈં,...'** ઇચ્છા, ક્રોધ, રાગ, દ્વેષ, દયા, દાનના ભાવ, જડ કર્મ ને શરીર એ બધા પર છે. **'અપને નહીં હૈ,...'** એ સ્વરૂપમાં નહિ, સ્વરૂપના નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ ?

**'જો યહ આત્મા...'** ત્યારે કહે કે છે ને પર્યાયમાં ? **'સંસાર-અવસ્થામેં યદ્યપિ અશુદ્ધનિશ્ચયનયકર...'** પર્યાયમાં અશુદ્ધતા છે એ **'અશુદ્ધનિશ્ચયનયકર કામ-ક્રોધાદિરૂપ હો ગયા હૈ,...'** પર્યાયમાં અશુદ્ધનિશ્ચયથી, શુદ્ધનિશ્ચય તો ત્રિકાળ શુદ્ધ છે. આહા..હા..! એ જ આદરણીય છે પણ એની પર્યાયમાં અશુદ્ધનિશ્ચયથી કામ-ક્રોધાદિરૂપે થયા છે. **'તો ભી પરમભાવકે ગ્રાહક શુદ્ધનિશ્ચયનયકર...'** આહા..હા..! તોપણ ત્રિકાળી એનો સ્વભાવ જે છે એ દૃષ્ટિથી એને જોવો તો... પરમભાવ ગ્રાહક (અર્થાત્) ત્રિકાળી સ્વભાવને જાણનારી, ગ્રહનારી એવી જે શુદ્ધનિશ્ચયનય... છે ? **'અપને જ્ઞાનાદિ એક સ્વભાવકો છોડકર...'** એક શબ્દ રહી ગયો છે. અંદર સંસ્કૃતમાં છે. **'શુદ્ધનિશ્ચયકર અપને જ્ઞાનાદિ એક નિજસ્વભાવ...'** એક નિજસ્વભાવ એમ. એકરૂપ જે ત્રિકાળ સ્વભાવ છે. સમજાણું કાંઈ ? આહા..હા..! ચિદ્ઘન પ્રભુ જ્ઞાનસ્વભાવી વસ્તુ એ શુદ્ધનિશ્ચયથી એને જોઈએ તો એક સ્વભાવી જ્ઞાન સ્વરૂપ ત્રિકાળ છે. એણે કોઈ દિ' એના નિજ સ્વભાવને છોડ્યો નથી. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વસ્તુ છે એનો જે જ્ઞાન આનંદ આદિ સ્વભાવ (છે એ) શુદ્ધ નિશ્ચયથી જુઓ તો એણે કોઈ દિ' છોડ્યો નથી અને રાગને ને કામ-ક્રોધને કે વિકલ્પને કોઈ દિ' ગ્રહ્યા નથી. આહા..હા..! આવી વાત છે. **'કામ-ક્રોધાદિરૂપ નહીં હોતા, અર્થાત્ નિજભાવરૂપ હી હૈ.'** શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિથી જોઈએ તો નિજભાવરૂપ શુદ્ધ એકરૂપ ત્રિકાળ સ્વભાવ છે અને એ જ ઉપાદેય છે. પર્યાયમાં ઉપાદેય (અર્થાત્) એની સન્મુખ થઈને તેનો જ આદર કરવા જેવું છે. આહા..હા..! આ ધર્મની રીત છે. અહીં તો કહે છે કે દયા, દાન, વ્રત, વ્યવહાર રત્નત્રય જે છે એ રૂપે નિજ સ્વભાવ કદી થયો જ નથી. શું છે ?

શ્રોતા :– કામ-ક્રોધાદિ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– કામ-ક્રોધાદિ વિકાર છે. વિકાર આવ્યું ને ? વ્યવહાર રત્નત્રય વિકાર છે, શુભરાગ છે. જો કે પર્યાયમાં અશુદ્ધ નિશ્ચયથી હો પણ એ તો પર્યાયમાં અશુદ્ધ છે, વસ્તુમાં નથી. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો. રાગાદિરૂપ નથી થતો. એ આવ્યું કે નહિ ?

**'નિજભાવરૂપ હી હૈ. યે રાગાદિ વિભાવપરિણામ ઉપાધિક હૈં,...'** શું આવ્યું ? આવ્યું કે નહિ ઇ ? આહા..હા..! ભગવાન ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ રાગની ઉપાધિથી રહિત છે, સ્વભાવના એકરૂપ સ્વભાવથી ભરેલું એ તત્ત્વ છે. વીતરાગ માર્ગ ઝીણો (છે), બાપુ ! લોકોએ બહારથી માનીને મનાવ્યું છે, એ વીતરાગ માર્ગ નથી. આહા..હા...!

શ્રોતા :– માન્યો મનાવ્યો છે ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ મનાવ્યું છે. રાગથી ધર્મ ને પુણ્યથી વ્યવહારથી ને એ શુભરાગથી (ધર્મ છે). એ જ વાંધા ઉઠ્યા છે ને બધાના ? શુભ ઉપયોગ છે એ જ અત્યારે કરવા જેવો છે. આહા..હા..! ભાઈ ! એ તો અનંતકાળથી કરે છે. જે સ્વભાવમાં નથી એવી પર્યાયમાં શુભભાવ તો અશુદ્ધ નિશ્ચયથી અનાદિથી કરી રહ્યો છે, એ કાંઈ નવી ચીજ નથી. નવી તો એ શુદ્ધભાવથી શુભથી ભિન્ન ભગવાન પૂર્ણાનંદનો નાથ વીતરાગમૂર્તિ પ્રભુ છે તેને ઉપાદેય કરવો એનું નામ ધર્મ છે.

શ્રોતા :– વીતરાગ મૂર્તિ તો ત્યાં (મંદિરમાં) છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અહીં છે. એ તો સ્થાપના નિક્ષેપ છે. આ ભાવનિક્ષેપ છે. એ તો સ્થાપના છે. ભાવ સ્વરૂપ અહીં છે. વીતરાગ સ્વરૂપી શુદ્ધાત્મા એકલો જ્ઞાન સ્વરૂપ, વીતરાગ સ્વરૂપ, અકષાય સ્વરૂપ એવો ભગવાન નિત્યાનંદ પ્રભુ પર્યાયમાં ઉપાદેય છે. એ તો છે એ છે. આહા..હા..! એના તરફની દૃષ્ટિ કરવી એ જ એનું ઉપાદેયપણું છે. સમજાણું કાંઈ ? આવો માર્ગ છે, ભાઈ !

**'એસા યોગીશ્વર કહતે હૈં.'** મુનિઓ એમ કહે છે કે ત્રિકાળી સ્વભાવ ભગવાનઆત્મા એ કદી રાગરૂપ, વ્યવહારરૂપ થયો જ નથી અને પર્યાયમાં થયો છે એ તો અશુદ્ધનયનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વિષય છે એટલે કે વ્યવહારનો વિષય છે. એ વસ્તુ નથી. આહા..હા..! જેમાં જન્મ-મરણ ને જન્મ-મરણના ભાવ નથી પણ એના ભાવ વિનાનો સ્વભાવ જેમાં છે એનો આશ્રય કરવાથી જન્મ-મરણ મટે એવું છે. આ ચોરાશીના અવતાર, એક એક ભવના દુઃખનું વર્ણન શાસ્ત્રમાં (આવે છે). નિગોદના જીવો એક શ્વાસમાં અઢાર ભવ કરે. એ દુઃખની કેટલી પરાકાષ્ટા ! આ..હા..હા..! ભગવાનઆત્મા પૂર્ણાનંદના નાથનો આશ્રય લીધો નહિ, એને સ્વીકાર્યો નહિ કે હું પૂર્ણાનંદ સ્વરૂપ છું. એને લઈને અશુદ્ધ પરિણતિમાં પુણ્ય ને પાપના ભાવમાં રોકાઈ અને એણે પરિભ્રમણ કર્યું. સમજાણું કાંઈ ?

**'યહાં ઉપાદેયરૂપ મોક્ષ-સુખ સે તન્મય...'** એટલે ? ભગવાનઆત્મા અતીન્દ્રિય સુખથી અભિન્ન છે. મૂળ શબ્દ અભિન્ન છે. એનો અર્થ તન્મય કર્યો છે. ટીકામાં **'मोक्षसुखादुपादेयभूतादभिन्नः'** ભાઈ ! પેલા રાગાદિને ભિન્ન કહેવા છે ને એટલે મોક્ષના સુખને અભિન્ન કહેવું છે. સંસ્કૃતમાં છે. હેઠેથી સંસ્કૃતની બીજી લીટી. આહા..! એટલે **'मोक्षसुखादुपादेयभूतादभिन्नः'** આહા..હા..! એવો શુદ્ધાત્મા... આહા..હા..! જે પરમાનંદનો નાથ પ્રભુ મોક્ષના સુખથી તે અભિન્ન છે અને કામ-ક્રોધાદિના વ્યવહાર વિકલ્પથી ભિન્ન છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે.

કાલે કાગળ આવ્યો હતો. કો'કનો છે કે હું સાંભળવા આવ્યો હતો પણ મને કાંઈ સમજાણું નહિ.

શ્રોતા :– દિવ્યધ્વનિ જેવું લાગે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ બોલ્યા હતા કે તમે હસતા-હસતા કાંઈક વાત કરતા હતા એથી જાણે દિવ્યધ્વનિ હોય એવું લાગતું હતું. પણ શું કહે છે (એ સમજાણું નહિ). વાત તો એવી લાગતી હતી કે જાણે હસતા કહેતા દિવ્યધ્વનિ આવતી હોય ! એમ લખ્યું છે. કાગળ આવ્યો છે ને કાલે ? કાલે વાંચ્યો. પણ કાંઈ સમજ્યો નથી, મને હવે સમજવાની જિજ્ઞાસા છે. પુસ્તકો મફત મોકલો એમ લખ્યું છે. આહા..હા..!

પ્રભુ ! તું અનાદિથી અજાણ્યો રહ્યો. શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એ અનાદિથી અજાણી રહી અને શુભાશુભભાવનો જાણપણાનો પરિચય કર્યો. આહા..હા..! એ શુભભાવ કાંઈ નવી ચીજ નથી. એમ કહે છે કે તમે શુભભાવનું હવે કાંઈક કહો, સુધારો કરો. શુભભાવને હેય બતાવો છો એને સુધારો એમ કહે છે. અરે..! ભગવાન !

શ્રોતા :– વ્યવહાર રત્નત્રય છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો અનાદિથી છે, એ નવી ક્યાં ચીજ છે ? એ તો શુદ્ધ ચૈતન્યના સ્વભાવનું ભાન દશા થાય એને વ્યવહાર રત્નત્રયનો આરોપ શુભભાવમાં અપાય. લ્યો ! આટલું આવે. જેને ભગવાનઆત્મા વીતરાગ આનંદનો નાથ પ્રભુ પૂર્ણ સ્વરૂપ છે એને જેણે ઉપાદેય કરીને નિશ્ચયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયું છે એને જે રાગાદિ છે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એને વ્યવહાર રત્નત્રય અને પરંપરા મોક્ષનું કારણ (છે) એમ એને આરોપ કરીને કહેવાય છે. સમજાણું કાંઈ ? છે, વસ્તુ નથી પણ બંધનું કારણ છે. એને આરોપથી મોક્ષનું કારણ કહ્યું. એ કીધું ને ? આહા..હા..! આવી વાત છે, બાપુ ! એણે કોઈ દિ' નિજ સ્વભાવનું અવલંબન લીધું નથી. આ રાગના ઓથે આલંબન લઈને પડ્યો છે, એમાં એને મજા પડે છે, એ રખડવાના રસ્તા છે. આહા..હા..! આરોપિત એ વસ્તુ છે. કીધું ને નિશ્ચય સમ્યગ્દર્શન.

શ્રોતા :– લોકો ભ્રમમાં પડી જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– લોકો ભ્રમમાં પડી જાય એ એ... ન સમજે એ તો ભ્રમમાં પડ્યા જ છે. આત્મા શુદ્ધ ચૈતન્ય ભગવાન આનંદ સ્વરૂપ એની શ્રદ્ધા ઉપાદેય કરીને નિશ્ચય સમ્યગ્દર્શન થયું, એની સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ જે છે તેને સહજ નિમિત્તરૂપે દેખી, સહચર દેખી ઉપચારથી વ્યવહારે તેને સમકિત કહ્યું છે. આટલા શબ્દ છે. છે ? 'મોક્ષમાર્ગ પ્રકાશક' સાતમા અધ્યયનમાં (આવે છે). આહા..હા..!

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– સીધુ કીધું છે ને બંધનું જ કારણ કીધું છે. પણ અહીંયાં આ છે એનો આરોપ દઈને સહચર સાથે દેખીને આરોપથી વ્યવહાર કહ્યો છે. એ નથી ? 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં. આહા..હા..! બહુ સરસ વાત. અને એણે તો ત્યાં સુધી કહ્યું કે આ લક્ષણ જે બાંધુ છું એ નિશ્ચય (અને) સર્વ વ્યવહારનું લક્ષણ સર્વત્ર જાણવું. આહા..હા..! જ્યાં ક્યાંય રાગને સાધક તરીકે કીધો હોય ત્યાં પણ તેને ઉપચારથી, વ્યવહારથી, આરોપથી સાધન કહ્યું છે. ખરું સાધન તો ભગવાનઆત્મા રાગથી ભિન્ન પડીને અનુભવની ક્રિયા કરે, પ્રજ્ઞાછીણી છેદી રાગથી ભિન્ન પાડે એ સાધન છે. આહા..હા..!

શ્રોતા :– અનુભવની રીત બતાવો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– રીત આ છે. આહા..હા..! અને જેમાં આનંદ આવે એને સાધકપણું કહીએ. રાગ આવે એમાં તો દુ:ખ આવે છે. વ્યવહાર રત્નત્રયનો રાગ છે એ તો દુ:ખ છે. દુ:ખને મોક્ષના ઉપાયમાં આરોપથી કથન (કર્યું છે). એ તો આરોપથી કથન છે, નિરૂપણની શૈલી છે, વસ્તુસ્થિતિ એ નથી. આહા..હા..!

***અરે..! ભગવાન આવો વખત મળ્યો, ભાઈ ! જગતને આમ જોઈએ છીએ. આહા..હા..! કેટલા જીવો પડ્યા છે થરના થર, આ લીમડા જુઓ ! ઓહો..હો..! પાંદડાની એક કટકીમાં અસંખ્ય જીવ જામીને પડ્યા (છે). બિચારા કે દિ' માણસ થાય ? તરવાના ઉપાયને સાંભળવાનું કે દિ' મળે એને ? આહા..હા..! આવી દુર્લભ ચીજ છે એને સમજી લે કહે છે. આહા..હા...!*** દુર્લભ કીધું છે. આ ૮૫ મી ગાથામાં કાલે આવ્યું હતું ને ? '**कालु लहेविणु जोइया**' એના અર્થમાં હતું એકેન્દ્રિય, બેઇન્દ્રિય ને ત્રણેન્દ્રિય કરતાં... કરતાં... કરતાં... કરતાં... એમ લીધું છે, હોં ! ૮૫ નહિ ? ૮૫ છે ને ? કાલે નહોતી યાદ આવતી એ યાદ આવી હતી ને ઇ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'कालु लहेविणु जोइया'** ૮૫ (ગાથા). એ કાળની લબ્ધિ પામીને હે યોગી ! **'जिमु जिमु मोहु गलेइ तिमु तिमु दंसणु लहइ जिउ णियमें अप्पु मुणेइ'** આહા..હા..! એ પછી એમાં ખુબ ખુલાસો કર્યો છે. **'એકેન્દ્રીયસે વિકલત્રય ... દુર્લભ હૈ, વિકલત્રયસે પંચેન્દ્રિય, પંચેન્દ્રિયસે સૈની પર્યાપ્ત, ઉસસે મનુષ્ય હોના કઠિન હૈ. મનુષ્યમેં ભી આર્યક્ષેત્ર, ઉત્તમકુલ, શુદ્ધાત્માકા ઉપદેશ આદિ મિલના...'** આહા..હા..! જૈનમાં જન્મ હોય ને પાછો શુદ્ધાત્માનો ઉપદેશ મળવો..! આહા..હા..! **'દુર્લભ સામગ્રી મિલને પર ભી જૈન-શાસ્ત્રોક્ત માર્ગસે મિથ્યાત્વાદિકે દૂર હો જાનેસે આત્મસ્વરૂપકી પ્રાપ્તિ હોતે હુએ, જૈસા જૈસા મોહ ક્ષીણ હોતા જાતા હૈ, વૈસા શુદ્ધ આત્મા હી ઉપાદેય હૈ, એસા રુચિરૂપ સમ્યક્ત્વ હોતા હૈ.'** આહા..હા..!

કેટલું દુર્લભ છે. અરે..! એને ભૂલી ન જા, ભાઈ ! બહારના રસના પ્રેમમાં કાળ ચાલ્યો જશે તો એ તો જે અનંતકાળ કર્યું છે એ માયલું છે. ભગવાન અનંત આનંદનો નાથ પ્રભુ છે ને ! આનંદની નિધિ છે, જ્ઞાનની નિધિ છે, શ્રદ્ધાની નિધિ છે, શાંતિની નિધિ છે. આહા..હા..! ઈશ્વર શક્તિઓની એ નિધિ છે. એને તું સાધારણમાં ન ખપવી નાખ, ભાઈ ! એ શુભ ઉપયોગથી ને એમાંથી થાશે. ભાઈ ! એ તો સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે, વિરુદ્ધ ભાવથી સ્વભાવભાવ થાય ?

શ્રોતા :– અશુભથી તો બચશે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બચે એ કોણ ? જે સમકિતી હોય ઇ. જેને શુદ્ધ ચૈતન્યનું ભાન થયું છે એને શુભરાગમાં અશુભથી બચવું થાય છે, મિથ્યાદૃષ્ટિને તો આખી દૃષ્ટિ જ ત્યાં પડી છે, અશુભથી બચે છે ક્યાં ઇ ? ભાઈ ! 'દેવીલાલજી' ! ભગવાન ! આવું તારું સ્વરૂપ છે ને ? એને પામરમાં ન નાખ. આહા..હા..! ભાઈ ! તને નુકસાન છે એમાં. દુનિયા રાજી થશે ને તું રાજી થઈશ. આહા..હા..! શુભભાવ થાય છે ને... શુભભાવ થાય છે ને... ભાઈ ! એ શુભભાવ તો નિગોદમાં પણ અનંતવાર કર્યો છે. નિગોદમાં પણ શુભભાવ અનંતવાર કર્યો છે. એ કોઈ ચીજ નથી. આહા..હા..! ભગવાન શુભભાવની પાછળ... ઇ અહીં કહ્યું મહાપ્રભુ પડ્યો છે ને ! આહા..હા..! જે પોતે કદી શુભરાગ (રૂપ) થયો જ નથી. આહા..હા..! અને રાગ તે શુદ્ધાત્મારૂપે કદી થયો નથી. આહા..હા..!

શ્રોતા :– શુદ્ધાત્માની પર્યાયબુદ્ધિમાં રાગ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ હવે પછી આવશે. અહીં તો હજી અહીં ૬૭ સુધી લીધું. હવે ૬૮ (ગાથામાં) આગળ આવશે, આગળ વધતી જાય છે ને ગાથા. આહા..હા..!

**'ઉપાદેયરૂપ મોક્ષ-સુખ સે તન્મય...'** અભિન્ન. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદથી તન્મય છે. અંદર સ્વભાવમાં અતીન્દ્રિય આનંદથી અભિન્ન છે એ. આહા..હા..! **'કામ-ક્રોધાદિકસે ભિન્ન છે જો શુદ્ધાત્મા હૈ, વહી ઉપાદેય હૈ, એસા અભિપ્રાય હૈ.'** લ્યો ! હવે આગળ વધીને જાય છે. આ ૬૮ ગાથા તો બહુ ઊંચી છે. ૩૨૦ ગાથાની ટીકામાં પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ નાખ્યું છે, 'જયસેનાચાર્ય'ની ટીકામાં. ૩૨૦ (ગાથા) હમણાં 'મુંબઈ' વંચાય ગઈ છે. હજારો (માણસો), દસ-દસ હજાર માણસ, પંદર-પંદર હજાર માણસ. ૩૨૦ ગાથા, 'જયસેનાચાર્ય'ની (ટીકા છે) એમ આ ગાથા છે. હવે તો લોકો સાંભળે છે, સાંભળે છે. બાપુ ! સાંભળો, ભાઈ ! અરે..! ભગવાન પક્ષને છોડી દ્યો ! ફલાણા આમ કહેશે ને ઢીંકણા આમ (કહેશે, એ) રહેવા દે, બાપા ! ત્રણલોકના નાથ જિનવરદેવ શું કહે છે એને જોને તું. આહા..હા..!

એ પરમાત્મા તો એમ કહે છે કે ત્રિકાળી શુદ્ધ આત્મા જે છે એ રાગરૂપ થયો નથી. આહા..હા..! અને રાગ છે તે શુદ્ધાત્મારૂપ થયો નથી. અહીં સુધી ૬૭ મી ગાથાએ વાત કરી. હવે ૬૮ માં આગળ લઈ જાય છે. અલૌકિક વાત છે, બાપુ ! તાકડે વળી રવિવાર છે. અમારે આ 'ભાવનગર'વાળા આવ્યા છે ને, 'મનસુખભાઈ' ને 'જયંતિભાઈ' ને.

શ્રોતા :- તમારા ભાવનગરવાળા છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- 'ભાવનગર' વાળા એ અમારા છે. જે 'ભાવનગર'વાળા હોય એ બધા છે. એ તો આ લોકો રવિવારે આવે છે ને, રવિવારે આવે છે.

શ્રોતા :- પણ અમે તમારા છીએ કે નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- અહીં કોઈના નથી. આહા..! ૬૮. ભાઈ ! આ સમજાય છે ? અશુદ્ધનય ! ભાઈએ પૂછ્યું.

શુદ્ધનિશ્ચય એ વસ્તુ. વસ્તુને શુદ્ધનિશ્ચય કીધી, પરમ શુદ્ધનિશ્ચય. ત્રિકાળ. અને પર્યાયમાં અશુદ્ધતા... અરે..! શુદ્ધતા હોય તોપણ તેને અશુદ્ધનય કહે છે. પર્યાયમાં શુદ્ધતા... ૪૭ નય આવે છે ને ? 'પ્રવચનસાર'. ૪૬, ૪૭ છેલ્લી (નય). માટીને એના વાસણવાળી દશાથી જુઓ તો તે અશુદ્ધનય છે. એમ ભગવાનઆત્માને પર્યાયનયથી જોવો (તો) એ અશુદ્ધ છે. સમજાણું કાંઈ ? માટીને માટીરૂપે એકલી જોવો તે એ શુદ્ધ છે. એમ ભગવાનને એની નિર્મળ પર્યાયથી પણ ન જોવો (અને) એકલા દ્રવ્યને જોવો એ શુદ્ધ છે. ૪૬, ૪૭ અશુદ્ધનય ને શુદ્ધનય છે ને ? આહા..હા..! અરે..! દિગંબર સંતોએ તો જગતને ન્યાલ કરી નાખ્યા છે. આહા..! કેવળજ્ઞાનના કેડાયતો ! એકલો માલ પીરસ્યો છે. એવી વાત ક્યાંય નથી, ભાઈ ! સમજાણું કાંઈ ? આગળ લઈ જાય છે.

***'શુદ્ધનિશ્ચયનયકર આત્મા જન્મ,...' નામ એને ઉત્પાદ પર્યાય નથી. મરણ નામ વ્યય એમાં નથી. એને બંધ નથી ને મોક્ષ કરતો નથી. એ ઉત્પાદને કરતો નથી, વ્યયને કરતો નથી, બંધને કરતો નથી, મોક્ષને કરતો નથી. આહા..હા..!*** પાઠ શું છે ?

**ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।**
**जिउ परमत्थेँ जोइया जिणवरु एउँ भणेइ।।६८।।**

ત્રણલોકના નાથ જિનવર એમ કહે છે. આહા..! જીવ જેને અમે કહીએ... આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ જીવ ઉત્પન્ન થતો નથી, પર્યાયમાં આવતો નથી, પર્યાયને વ્યય કરતો નથી. એ જીવ એને અમે કહીએ છીએ કે તે બંધને કરતો નથી અને તે મોક્ષને ને મોક્ષના કારણને– માર્ગને કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એવો પ્રભુ એક સમયમાં ચૈતન્ય ધાતુએ ધરેલો, ધાતુ એટલે સ્વભાવથી ધારી રાખેલું એવું જે ત્રિકાળી તત્ત્વ એને જિનવર એમ કહે છે, એવો જે જીવ, એ જીવ (છે). આહા..હા..! 'અમરચંદભાઈ' ! આહા..હા..!

***એવો જે જીવ ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ પરમાત્મા પોતે એ મોક્ષના માર્ગને કરતો નથી. આહા..હા..! મોક્ષને કરતો નથી, તો બંધ અને બંધના માર્ગને તો કરતો નથી. એ ઉત્પાદ પર્યાયમાં આવતો નથી, એ વ્યય પર્યાયમાં આવતો નથી. આહા..હા..! એવા જીવને જિનવર જીવ કહે છે. આહા..હા..!*** 'સમયસાર'ની ૩૨૦ મી ગાથા છે એની ટીકામાં આ ગાથા નાખી છે.

**ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।**
**जिउ परमत्थेँ जोइया जिणवरु एउँ भणेइ।।६८।।**

ત્રણલોકના નાથ આને જીવ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? જે સમ્યગ્દર્શનનો વિષય જે જીવ છે એ નથી મોક્ષની પર્યાયને કરતો, નથી મોક્ષને કરતો. આહા..હા..! મોક્ષમાર્ગને કરતો નથી. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયને જીવ કરતો નથી. આહા..હા..! એ પર્યાયને પર્યાય કરે છે. સમજાણું કાંઈ ?

સમ્યગ્દર્શનની પર્યાયને જીવ કરતો નથી. કેમ ? - ***કે એ પર્યાયમાં ષટ્કારકરૂપે પરિણમવાની પર્યાયની તાકાતથી તે પર્યાય પરિણમે છે. સમ્યગ્દર્શનની પર્યાય કર્તા, કર્મ, પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય સાધન,... આહા..! પર્યાય અપાદાન, પર્યાય સંપ્રદાન, પર્યાય કરીને પર્યાય રાખે, પર્યાયનો આધાર પર્યાય. એ એક સમયની સમ્યગ્દર્શનની પર્યાય ષટ્કારકરૂપે પરિણમતી (ઉત્પન્ન થાય છે). એ દ્રવ્ય તે રૂપે પરિણમતું નથી. એ દ્રવ્ય તે સમકિતને કરતું નથી.*** આહા..હા..! 'શેઠ' ! આવી વાત છે, બાપા ! અરે..રે..! એની વાસ્તવિક સત્ય. 'રમણીકભાઈ' ! હમણાં વળી ઠીક કર્યું અહીંયાં. ધંધા છોડીને આવ્યા. આ તો સમજવા જેવું છે, બાપા ! શું થાય ? અરે..રે..! દુનિયામાં માર્ગને ફેરફાર કરી નાખ્યો એથી માર્ગ નહિ ફરે. માર્ગ તો માર્ગ રહેશે, ભાઈ ! આહા..હા..!

અહીં પરમાત્મા એમ કહે છે, '**जिणवरु एउँ भणेइ**' જિનવર ત્રિલોકનાથ તીર્થંકર ઇન્દ્રો ને ગણધરની સભામાં એમ કહેતા હતા. આહા..હા..! એમ સંતો કહે છે. આહા..હા..! એ વીતરાગી સંત વીતરાગના માલના આડતિયા છે. ઇ કહે છે કે જિનવર આમ કહે છે, પ્રભુ ! પણ તમે પણ મુનિ છો ને કહો તો એ વ્યાજબી (છે). પણ (આ) તો જિનવર એમ કહે છે. આહા..હા..! ભાઈ ! આ વાદ-વિવાદની વસ્તુ નથી. આ તો અંતરમાં સમાવાની વસ્તુ છે. આહા..હા...! જ્યાં ચીજ છે ત્યાં જવા માટે છે. એ જવાની પર્યાયને પણ એ કરતો નથી, કહે છે. આહા..હા..! એ ધ્રુવ ભગવાન ઉત્પાદ-વ્યયની પર્યાયને–નિર્મળને–

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મોક્ષમાર્ગની પર્યાયને કરતો નથી. 'પંડિતજી' ! આહા..હા..! આવી વાત છે, ભાઈ ! આચાર્યે તો ત્યાં સુધી કહ્યું, **'जिणवरु एउँ भणेइ'** શું કહ્યું ? જીવો–એને જીવ કહીએ. એને જીવને ભગવાને એમ કહ્યું કે એવો જીવ તે જીવ, તે બંધ ને મોક્ષની પર્યાયને કરતો નથી તે જીવને અમે જીવ કહીએ. આહા..હા..!

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– જુદો જ છે. ***પર્યાય ને દ્રવ્ય બે એક છે જ નહિ. આહા..હા..! પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન આવે પણ પર્યાયમાં દ્રવ્ય ન આવે. આહા..હા..!*** પરમભાવ સ્વભાવભાવ ભગવાન નિત્યાનંદ પ્રભુ એવો જે જીવ, એ એક સમયની જ્ઞાનની પર્યાયમાં એ આખું તત્ત્વ છે એવું અહીં જ્ઞાન આવે પણ એ દ્રવ્ય અહીં ન આવે. આહા..હા..! જુઓ ! વીતરાગ માર્ગની બલીહારી. આહા..હા..! એક સમયની પર્યાયમાં લોકાલોકનું જ્ઞાન આવે, લોકાલોક ન આવે. એક પર્યાયમાં આખું દ્રવ્યનું જ્ઞાન આવે, આવી ચીજ છે એવું જ્ઞાન આવે, વસ્તુ ન આવે. આહા..હા..! અરે..! આવું માર્ગનું તત્ત્વ છે, ભાઈ !

તું રાગની એકતામાં ભીડાય ગયો, પ્રભુ ! ભીંસમાં આવી ગયો છો. પર્યાય ભીંસમાં આવી છે, હોં ! દ્રવ્ય તો દ્રવ્યરૂપે સદાય એકરૂપ રહ્યું છે. એ રાગની ભીંસમાં આવતું નથી, એ મોક્ષમાર્ગની પર્યાયમાં પણ આવતું નથી. આહા..હા..! રાગની ભીડમાંથી, ભીંસથી છૂટ્યો તો એ પર્યાયમાં દ્રવ્ય નથી આવતું. આહા..હા..! આવી ચીજ છે. ક્યાં છે ? બાપુ ! આહા..હા..! જિનવર ત્રિલોકનાથ એમાં એ દિગંબર ધર્મ એ સનાતન જૈનદર્શન. આહા..હા..!

શ્રોતા :– પર્યાય વગરનું દ્રવ્ય તો...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ***એ તો પરની અપેક્ષાએ પર્યાયનું દ્રવ્ય, સ્વની અપેક્ષાએ પર્યાય વિનાનું દ્રવ્ય છે. બે છે કે નહિ ? - કે એક છે ? પર્યાય ને દ્રવ્ય બે વાચક છે ને ? તો વાચ્ય બે છે. તો બે ભિન્ન ચીજ છે. ખરેખર તો દ્રવ્ય પર્યાયને અડ્યું નથી.*** એ નથી આવતું આપણે ૪૯ બોલમાં ? અલિંગ્રહણમાં. પર્યાયને દ્રવ્ય અડતું નથી. આહા..હા..! ૪૯ માં આવે છે. વ્યક્ત-અવ્યક્તનું એક સાથે જ્ઞાન હોવા છતાં વ્યક્તને પ્રભુ સ્પર્શતો નથી. આહા..! પર્યાયને આત્મા અડતો નથી. આહા..હા..! જુઓ ! એ જિનવરની (કથની) ! આહા..હા..!

ભાઈ ! તારી સ્થિતિ આવી છે. આહા..હા..! એને તું લક્ષમાં તો લે. એ ભગવાનઆત્મા, (તેને) લક્ષમાં લેનારી પર્યાયમાં આવતો નથી. આહા..હા..! આવું છે, બાપુ ! આ તો વીતરાગ સ્વરૂપની વાત છે, ભગવાન ! આમાં રાગથી રાજીપા થવા ને હરખ ને હોંશો આદિ બાપા ! એ તો ઉન્માદતા છે. અહીં તો પરમાત્મા પોતે જિનવરદેવ એમ કહે છે કે એને અમે જીવ કહીએ છીએ કે જે જીવ બંધ ને મોક્ષની પર્યાયમાં આવતો નથી, એને કરતો નથી એને અમે જીવ કહીએ છીએ કે ઉત્પાદ-વ્યયની દશામાં એ આવતો નથી. આહા..હા..! સમજાણું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ ? આવો ઉપદેશ હવે આકરો લાગે ને માણસને ? પેલો બિચારો કહે, હું કાંઈ સમજ્યો નથી. કોઈ દિ' કંઈ સાંભળ્યું ન હોય એટલે બિચારા (એમ કહે). શું થાય ? બાપુ ! તારા ઘરની વાત છે, ભાઈ ! આહા..હા..!

આવો જે પર્યાયમાં જે આવતો નથી, મોક્ષની પર્યાયમાં આવતો નથી એવો આત્મા દૃષ્ટિમાં લેવો છતાં એ દૃષ્ટિમાં એ વસ્તુ આવતી નથી. આહા..હા..! શ્રદ્ધાની પર્યાયમાં એ વસ્તુ છે એવી શ્રદ્ધા આવે. એ વસ્તુ કેવડી ને જેવડી છે એવી શ્રદ્ધાની પર્યાયમાં આવે છે પણ પર્યાયમાં એ વસ્તુ આવતી નથી. આહા..હા..! આ શરાફી ધંધો છે. અમારે શેઠ શરાફ છે ને. આહા..હા..! શરાફી ધંધો આ છે, બાપા ! આહા..હા..! ભાઈ ! એને વાદ-વિવાદમાં ન નાખ. સમજાણું કાંઈ ? એને જેમ છે તેમ રાખ. આહા..હા..! ભાષા જુઓને ! આહા..!

**'जिणवरु एउँ भणेइ'** જિનવર એમ કહે છે. એને અમે જીવ કહીએ છીએ કે જે જીવ પર્યાયના મોક્ષમાં આવતો નથી, મોક્ષની પર્યાયને કરતો નથી એને અમે જીવ કહીએ છીએ. આ ગજબ વાત છે ! આહા..હા..! ગાથા તે ગાથા છે ને !! અમૃત રેડ્યા છે, અમૃત રેડ્યા છે. આહા..હા..!

**'ण वि उप्पज्जइ'** એ જીવ ઉત્પાદ પર્યાયમાં આવતો નથી, ગજબ વાત ! પ્રભુ ! આત્મા તો ઉત્પાદવ્યયધ્રુવયુક્તમ સત્ છે ને ? એ તો પ્રમાણના વિષયનું સત્ છે. સમજાણું કાંઈ ? **'શુદ્ધનિશ્ચયનયકર...'** એટલે કે ત્રિકાળી વસ્તુને જોનારી નયથી જોઈએ તો **'આત્મા...'** પાઠમાં જીવ છે. અહીં 'આત્મા' શબ્દ લીધો. વળી કોઈ એમ કહે કે જીવ ને આત્મા બે જુદી જાત છે. આ વેદાંતવાળા એમ કહે છે ને ? અંતકરણ વિશિષ્ટ તે જીવ ને નિર્મળ તદ્દન ત્રિકાળ તે આત્મા. એમ છે નહિ. આહા..!

**'શુદ્ધનિશ્ચયનયકર...'** ભગવાનઆત્મા ધ્રુવ જે છે તેને અહીંયાં આત્મા કહીએ. આહા..હા..! નિત્યાનંદ સ્વભાવ છે તેને અહીંયાં આત્મા કહીએ. એ આત્મા જન્મતો નથી એટલે ઉત્પાદમાં આવતો નથી, મરતો નથી (એટલે) વ્યયમાં આવતો નથી. આહા..હા..! ઉત્પાદવ્યયધ્રુવયુક્તમ સત્ છે ને ? પણ એ તો આખા દ્રવ્યની વાત કરી, પણ મૂળ દ્રવ્ય જે ધ્રુવ છે એની વાતમાં આ વાત છે. સમજાણું કાંઈ ?

**'जैसा है वैसा ही है,...'** આહા..હા..! એ તો ભગવાન જેવો છે એવો ને એવો એકરૂપ છે. એકેન્દ્રિયની પર્યાય, સિદ્ધની પર્યાય કે મોક્ષમાર્ગની પર્યાય (હો) બધે ઇ તો જે છે એ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આજ વળી રવિવાર આવી ગયો છે ને આ ગાથા પણ આવી ગઈ. 'જયંતિભાઈ' ! આહા..હા..! અરે..! ભગવાન ! તું કેવડો ક્યાં છો એની પ્રભુ વાત કરે છે. કેવડો ક્યાં છો ? એને અમે આત્મા કહીએ. એ ક્યાં છો ? - કેવડો છો ? આહા..હા..! ત્રણલોકના નાથ જિનવરદેવ દિવ્યધ્વનિ દ્વારા એમ ફરમાવે છે. જીવો એ બંધ ને મોક્ષની પર્યાયને કરતો નથી એમ અમે કહીએ છીએ, એને જીવ કહીએ છીએ. આહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ ?

સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ છે, પર્યાય નહિ. સમ્યગ્દર્શન પર્યાય (છે)... આહા..હા..! પણ એનો વિષય છે તે ત્રિકાળી વસ્તુ છે. આહા..હા..! એ પર્યાયમાં આખી ચીજ છે એની શ્રદ્ધા આવે પણ શ્રદ્ધાની પર્યાયમાં એ વસ્તુ ન આવે. સમજાય છે કાંઈ ? શ્રદ્ધાની પર્યાયમાં એની પાચન શક્તિ શ્રદ્ધામાં છે. અગ્નિ જેમ પચવી નાખે છે ને ? ગમે તેવા અનાજ હોય એને (પચવી નાખે). એમ સમ્યગ્દર્શનની પર્યાયમાં પાચન શક્તિ આખો પૂર્ણ પ્રભુ છે તેને પાચન કરી નાખે છે. સમજાણું કાંઈ ? એ પ્રતીતિમાં આખા પૂર્ણાનંદને લે છે. છતાં એ પ્રતીતિમાં પૂર્ણાનંદની શ્રદ્ધા લીધી પણ પૂર્ણાનંદનો નાથ શ્રદ્ધાની પર્યાયમાં ન આવ્યો. આહા..હા..! 'જયંતિભાઈ' ! આવી ચીજ છે, બાપુ ! અત્યારે તો ભારે ગડબડ કરી નાખી છે.

અહીં આવ્યું હતું ને ? ભેદાભેદરત્નત્રયની ભાવના. પાઠમાં તો એટલું છે–ભેદાભેદ ભાવના. એનો અર્થ ઇ છે. ૬૭ (ગાથામાં) ભાઈ આવ્યું હતું ને ? ૬૭. આગળ ભેદાભેદ રત્નત્રયની ભાવનાથી નવ સૂત્ર કહેશે. એ માહ્યલું આ સૂત્ર છે ને. છે ? પાઠમાં ભેદાભેદ છે, ભેદાભેદની ભાવના, ખુલાસો ભેદાભેદરત્નત્રય. એ પણ આ કથન છે. સમ્યગ્દર્શન ચારિત્ર જે નિશ્ચય છે આનંદ દાતા એ પર્યાયને અભેદ કહે છે ત્યારે જોડે રાગનો ભાગ છે. શ્રદ્ધાનો વ્યવહારે શ્રદ્ધાનો, જ્ઞાનનો, મહાવ્રતનો વિકલ્પ એને નિમિત્તપણું દેખીને અને સાથે છે માટે ઉપચારથી એને વ્યવહાર રત્નત્રયનું આરાધન કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

અભેદ રત્નત્રયના પરિણામ જેમાં નથી. આહા..હા..! અને અભેદ રત્નત્રયના પરિણામમાં આત્મા નથી. એ ભેદ રત્નત્રયમાં આત્મા ક્યાંથી આવ્યો ? આહા..હા..! માર્ગ એવો છે, બાપુ ! એ દેહ વિલાય જશે, ભાઈ ! અને કોઈ સાથે નહિ આવે. બહારની અનુકૂળતા લોકો રાજી થયા હશે, રાજી રાખીએ... આહા..હા..! એ કોઈ મદદ નહિ કરે, બાપુ ! આહા..! જેની શરણે જાવું એ ત્રણલોકનો નાથ છે. આહા..હા..! એ શરણે જવાની પર્યાય પણ જેમાં નથી અને જેમાં એ આવતો નથી. આહા..હા..!

**'કેવળી પણત્તો ધમ્મો શરણં'** મોક્ષનો માર્ગ છે, નિશ્ચયે એ શરણ છે. એ શરણની પર્યાયમાં ધ્રુવ આવતો નથી. આહા..હા..! એવું આત્માનું શરણ છે. સમજાણું કાંઈ ? - કેટલાક બિચારાએ આ વાત સાંભળી ન હોય. આ દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, ત્યાગ કરો એવી વાત પેલા સાધુ કરે એટલે સરળ લાગે, અમને સમજાય. તમારી વાત સમજાતી નથી, છે કાંઈક ખરું એમ કહ્યું. પણ કાંઈ સમજાણું નહિ, કાંઈ સમજાતું નથી. એવો કાગળ આવ્યો. કોઈ ગામનો છે. 'દિલ્હી' ? 'દિલ્હી'નો.

હવે અહીં એમ કહે કે નિશ્ચય મોક્ષમાર્ગ જે છે એ સ્વને આશ્રયે પ્રગટ્યો. છતાં આશ્રયે પ્રગટ્યો એટલે ? દ્રવ્યમાંથી આવ્યું ? દ્રવ્ય તો દ્રવ્ય છે એમ કહે છે. આહા..હા..! એ ભાષા તો એમ જ આવે. વસ્તુસ્થિતિ જ આખી પડી છે ને ? એમાંથી નિર્મળ પરિણતિ આવે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે ને ? ભેદ થયો, એમ ભેદથી કહે, ભેદથી એમ કહેવાય. બાકી વસ્તુ છે તે વસ્તુ છે, પર્યાય પર્યાયમાંથી થાય છે, પર્યાય પર્યાયથી થાય છે. આહા..હા..! પર્યાય દ્રવ્યથી પણ નહિ. આહા..! આવો વીતરાગ માર્ગ. જિનવરદેવની... આહા..હા..! પરમ નિધાનને, 'પરમ નિધાન પ્રગટ મુખ આગળે, પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી જાય જિનેશ્વર' એ પરમાત્મા પરમ નિધાન પડ્યું છે એને ઓળંગીને પર્યાય ને રાગમાં ચોંટ્યા છે. 'પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી જાય.' આહા..હા..!

શ્રોતા :– ***પર્યાય ધ્રુવ... ધ્રુવ પર્યાયની એકતા કરે કે ન કરે ?***

પૂજ્ય ગુરુદેવશ્રી :– ***એકતા કરતી નથી ત્રણકાળમાં. એકતા કહેવાનો અર્થ એ બાજુ ઢળી માટે એકતા (કરી એમ કહ્યું). બાકી પર્યાય ને દ્રવ્યની એકતા ત્રણકાળમાં કોઈ દિ' થાય નહિ. સામાન્ય વિશેષમાં ન આવે ને વિશેષ સામાન્યરૂપે ન થાય. બે ધર્મ ભિન્ન છે. આહા..હા..!*** આ તો ગાથા આવી છે. આવી વાતું છે, ભાઈ ! ધ્રુવ તો સદશરૂપે ત્રિકાળ એકરૂપ છે, કૂટસ્થ છે, બદલ્યા વિનાનું છે.

ક્યાંક એવું હોય તો 'પંચાધ્યાયી' માં એમ પણ કહેવાય છે કે ગુણ છે એ પર્યાય થાય છે તો બદલે છે, ગુણ પણ બદલે છે. એ તો પર્યાય આવે ને જાય એ અપેક્ષાએ (કહ્યું) પણ ગુણ ને દ્રવ્ય સદશ ત્રિકાળ છે. 'પંચાધ્યાયી' માં છે. એમ કે પર્યાય પલટે છે એમ ગુણ પલટે છે કે નહિ ? ગુણ પણ પલટે છે. બદલે છે ને ? પેલી પર્યાય આવે જાય. નવી થાય, જુની થાય. એ અપેક્ષાએ ગુણને પર્યાયનયે પલટે છે એમ કહ્યું. દ્રવ્યનયે જુવો... આહા..હા..! (તો) એકરૂપ આમ પરમાત્મા આખો બીરાજે છે. એને જન્મ પણ નથી, મરણ પણ નથી, બંધ પણ નથી, મોક્ષ પમ નથી.

**'જૈસા હૈ વૈસા હી હૈ, જૈસા હૈ વૈસા હી હૈ, એસા નિરૂપણ કરતે હૈં -' 'હે યોગીશ્વર !'** હે સંત ! આહા..હા..! 'પ્રભાકર ભટ્ટ'ને કહે છે ને ! **'નિશ્ચયનયકર વિચારા જાવે...'** આ 'દ્રવ્યસંગ્રહ' માં છે, હોં ! પાનું ૨૦૮. 'દ્રવ્યસંગ્રહ' માં પણ આ વાત છે. ધ્યાન વિનશ્વર છે, 'દ્રવ્યસંગ્રહ'માં ૨૦૮ પાનું લખ્યું છે. 'સમયસાર' નું પાનું ૪૨૪, આ ૩૨૦ ગાથાનું. લખી છે, તે દિ' લખી લીધેલું.

હે સંત ! **'નિશ્ચયનયકર...'** પરમાર્થ નિશ્ચયનયથી જોઈએ. પરમાર્થ શબ્દ છે ને ? પરમાર્થે જોઈએ તો. આહા..હા..! **'યહ જીવ ન તો ઉત્પન્ન હોતા હૈ, ન મરતા હૈ ઔર ન બંધ મોક્ષકો કરતા હૈ, એ શુદ્ધનિશ્ચયનયસે બંધમોક્ષસે રહિત હૈ,...'** ભગવાન તો વસ્તુ છે એ નિશ્ચયથી બંધ હોય તો કોઈ દિ' છૂટે નહિ. બંધ હોય તો એનો અભાવ થઈ જાય છે. **'શુદ્ધનિશ્ચયથી બંધ-મોક્ષસે રહિત હૈ, એસા જિનેન્દ્રદેવ કહતે હૈં.'** આહા..હા..!

વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા–૮૮-૮૯, પ્રવચન નં. ૬૭
## તા. ૨૦-૦૮-૧૯૭૬
## [૮]

'પરમાત્મપ્રકાશ' ૮૮ ગાથા. ભાવાર્થ ફરીને. અમારા 'વિમલચંદજી' એ માંગણી કરી છે. 'વિમલચંદજી' ! (એમણે કહ્યું કે) ફરીથી લેવી. ભાવાર્થ, હોં ! **'યદ્યપિ વ્યવહારનયકર યહ આત્મા...'** દિગંબર, શ્વેતાંબર, બૌદ્ધના આચાર્ય (આદિ) **'અનેક ભેખોંકો ધરતા હૈ,...'** વ્યવહારથી ભેખને ધરે છે એમ કહેવામાં આવે છે. **'તો ભી શુદ્ધનિશ્ચયનયકર કોઈ ભી ભેષ જીવકે નહીં હૈ,...'** આ અઠ્યાવીસ મૂળગુણ રાગાદિ કે નગ્ન દેહ એ બધા દેહના ધર્મ છે. આહા..હા..! **'દેહકે હૈં.'** આહા..હા..!

**'યહાં દેહકે આશ્રયસે જો દ્રવ્યલિંગ હૈ, વહ ઉપચરિતાસદ્ભૂતવ્યવહારનયકર જીવકા સ્વરૂપ કહા જાતા હૈ,...'** ઉપચારથી જૂઠી વ્યવહારનયથી કહેવામાં આવે છે. આહા..હા..! અસદ્ભુત કહ્યું ને ! ઉપચરિત (કહ્યું) કેમ કે બાહ્ય ભેખ છે ને ! **'અસદ્ભૂતવ્યવહારનયકર જીવકા સ્વરૂપ કહા હૈ, તો ભી નિશ્ચયનકર જીવકા સ્વરૂપ નહીં હૈ.'** એ લિંગ આદિ જીવનું સ્વરૂપ જ નથી. આહા..હા...! અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ છે એ પણ જીવનું સ્વરૂપ નથી. એ અસદ્ભુતવ્યવહારનયથી છે. આહા..હા...!

**'ક્યોંકિ જબ દેહ હી જીવકી નહીં, તો ભેષ કૈસે હો સકતા હૈ ?'** દેહ જ આત્મા નથી તો દેહના ભેષને આત્માનો કેમ કહેવામાં આવે ? **'ઇસલિયે દ્રવ્યલિંગ તો સર્વથા હી નહીં હૈ,...'** હવે ભાવલિંગ ઉપચારથી કહેવું છે ને (એટલે આ) સર્વથા નથી એમ કહ્યું છે. આહા..હા...! નગ્નપણું કે ભેખ છે એ સર્વથા આત્માના નથી. કથંચિત્ આત્માનો, કથંચિત્ (દેહનો) એમ નહિ. આત્માની પર્યાયથી એ તો સર્વથા ભિન્ન વસ્તુ છે. **'દ્રવ્યલિંગ તો સર્વથા હી નહીં હૈ ઔર વીતરાગનિર્વિકલ્પસમાધિરૂપ ભાવલિંગ...'** આહા..હા...! જુઓ ! મોક્ષનો માર્ગ ! જે જૈનશાસન... આહા..હા...! જે પોતાનું અબદ્ધસ્પૃષ્ટ સ્વરૂપ છે તેને જોનારી નય અથવા જોનારો ભાવ એ જૈનશાસન ભાવલિંગ છે. આહા..હા...! સમજ મેં આયા ? જે પોતાને અબદ્ધસ્પૃષ્ટ જાણે, માને તે પર્યાયને જેને અહીંયા જૈનશાસન કહે છે, એ ભાવલિંગ નિર્વિકલ્પ દશા છે. આહા..હા...!

**'યદ્યપિ શુદ્ધાત્મસ્વરૂપકા સાધક હૈ,...'** શું કહે છે ? એ શુદ્ધ પૂર્ણાનંદની પ્રાપ્તિમાં નિશ્ચય મોક્ષમાર્ગ નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એ મોક્ષમાર્ગના સાધક હોવાથી **'ઉપચારનયકર જીવકા**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**સ્વરૂપ કહા જાતા હૈ,...**' સાધક છે એ અપેક્ષાએ. મોક્ષનું સાધક છે... આહા..હા...! એ વીતરાગી જૈનશાસનની પર્યાય પણ મોક્ષની સાધક હોવાથી '**ઉપચારનયકર જીવકા સ્વરૂપ કહા જાતા હૈ,...**' આહા..હા...! સમજાય છે કાંઈ ? અહીં તો વ્યવહારના વિકલ્પ અને વ્યવહારની ક્રિયાથી મને ધર્મ થશે (એમ માને છે). આહા..હા...!

અહીં તો ત્યાં સુધી લગાવે છે કે નિમિત્તનું લક્ષ તો છોડ, રાગનું લક્ષ છોડ અને પર્યાયનું લક્ષ છોડ. સમજાય છે કાંઈ ? એ નિર્વિકલ્પ મોક્ષમાર્ગ જે વીતરાગી પર્યાય છે તેનું પણ લક્ષ છોડ. આહા..હા...! સમજાય છે કાંઈ ? માર્ગ બહુ (સૂક્ષ્મ છે), ભાઈ ! આ લોકો એમ કહે છે ને કે ભક્તિથી મુક્તિ થાય. ભગવાનની ભક્તિથી થાય. અરે..! પ્રભુ ! ભગવાનની ભક્તિ તો શુભરાગ છે. 'परदव्वादो दुग्गई' એવો પાઠ છે. પરદ્રવ્યના લક્ષે આ રાગ થાય છે તે આત્માની ગતિ નથી, એ તો દુર્ગતિ છે, ચાર ગતિનું કારણ છે. ભલે સ્વર્ગનું કારણ કહો. સ્વર્ગ અને મનુષ્યનું કારણ એ તો દુર્ગતિ છે, દુઃખ છે. આહા..હા...! ઝીણી વાત ભારે, ભાઈ ! લોકોને સ્થૂળ મળ્યું એટલે લોકોને આ વાત એવી લાગે, એકાંત છે. અરે...! એકાંત જ છે. સમ્યક્ એકાંત ! અનેકાંતનો નય છે એ સમ્યક્ એકાંત છે. અનેકાંતમાં સમ્યક્ નય છે એ એકાંત છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભાઈ ! માર્ગ બહુ સૂક્ષ્મ છે. આહા..હા...!

કહે છે, '**શુદ્ધસ્વરૂપકા સાધક હૈ,...**' કોણ ? નિર્વિકલ્પ નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર, સ્વસંવેદનજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન આદિ નહિ અને સ્વરૂપની રમણતા એ ભાવલિંગ શુદ્ધાત્મસ્વરૂપ, પૂર્ણ મુક્તિની પ્રાપ્તિ, શુદ્ધાત્મસ્વરૂપની તેનું સાધક હોવાથી, શુદ્ધાત્મપર્યાયની પ્રાપ્તિ સાધક હોવાથી '**ઉપચારનયકર જીવકા સ્વરૂપ કહા જાતા હૈ.**' આહા..હા...! એને ઉપચારથી કહીએ. પેલો સિદ્ધાંત છે એ કંઈ બરાબર જોયો નથી. ... એ કાલે રાત્રે યાદ આવ્યું હતું. 'આલાપપદ્ધતિ' માં છે. ઉપચાર ક્યારે કહીએ કે મુખ્યનો એમાં અભાવ છે. આહા..હા...! વસ્તુ જે મુખ્ય વસ્તુ છે અખંડ આનંદકંદ પ્રભુ, એ મુખ્યનો પર્યાયમાં અભાવ છે. નિર્મળ વીતરાગી મોક્ષમાર્ગ, હોં ! રાગની તો વાત જ અહીંયા ક્યાં છે ? વીતરાગી પર્યાય જે મોક્ષનો માર્ગ, વીતરાગસ્વરૂપ ભગવાન, તેના આશ્રયે પર્યાયમાં ઉત્પન્ન થયો, નિર્વિકલ્પ આનંદની દશા, વીતરાગી દશા (પ્રગટી). એ વીતરાગી દશા–ભાવલિંગ મોક્ષની, શુદ્ધાત્મસ્વરૂપની પ્રાપ્તિ એટલે મોક્ષ–શુદ્ધાત્મસ્વરૂપ, એની સાધક હોવાથી ઉપચારથી જીવનું સ્વરૂપ કહેવામાં આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવો માર્ગ છે, ભાઈ ! ઝીણો તો છે, પણ શું થાય ? લોકો હજી બહારથી રાડ્યું પાડે છે કે વ્યવહાર કરતા કરતા થાય. વ્યવહાર તો રાગ છે. આ તો કહે છે કે નિર્વિકલ્પ દશા શુદ્ધાત્મસ્વરૂપની સાધક હોવાથી ઉપચારથી જીવનું સ્વરૂપ કહેવાય છે, વ્યવહારથી (કહેવાય છે) કેમ કે એ પર્યાય છે. આહા..હા...! ભગવાન ! હવે આગલી લીટી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'તો ભી...'** આમ કહ્યું તો પણ **'પરમસૂક્ષ્મ શુદ્ધનિશ્ચયનયકર ભાવલિંગ ભી જીવકા નહીં હૈ.'** આહા..હા...! નિશ્ચય મોક્ષમાર્ગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, નિશ્ચય વીતરાગી પર્યાય, જૈનશાસન (તે પણ જીવનું સ્વરૂપ નથી). આહા..હા...! ૧૫ મી ગાથામાં કહ્યું ને ? 'जो पस्सइ अप्पाणं' આત્મા દેખે, શ્રદ્ધે તે પર્યાયને જૈનશાસન કહેવામાં આવે છે. પર્યાયને કહે છે ને ? આહા..હા...! જે ભગવાનને દેખે છે, પોતાનો ભગવાન, હોં ! પર ભગવાન અને ગુરુને દેખે તો ત્યાં તો રાગ થશે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

આચાર્ય તો એમ કહે છે, ભગવાન એમ કહે છે કે પ્રભુ ! તું અમારી સન્મુખ જુએ છે તો એક વાર તારી સન્મુખ જો ને ! જ્યાં તારું નિધાન છે ત્યાં જો ને ! તારું નિધાન અમારી પાસે ક્યાં છે કે તું અમારી સામે જોવે છે ? આ..હા..હા..! સમજાય છે કાંઈ ? ત્રણલોકના નાથ વીતરાગની દિવ્યધ્વનિમાં એમ આવે છે... આહા..હા...! અમારી સન્મુખ જોવાથી પ્રભુ તને રાગ થશે. રાગ તો બંધનું કારણ છે. આહા..હા...! તારી સન્મુખ જો. તારું નિધાન અંદર પડ્યું છે, નાથ ! તું નિર્વિકલ્પ આનંદનો કંદ છે ને ! જે પર્યાયમાં આવતું નથી અને પર્યાય ત્યાં પેસતી નથી. સમજાય છે કાંઈ ? આવો માર્ગ છે. અરે...! પિતાજી કંઈક નિધાન મુકી જાય તો વારસો લેવા તરત તપાસ કરે. પ્રભુ કહે છે કે તારી પાસે નિધાન પડ્યું છે ને, ભગવાન ! આહા..હા...! સ્વસન્મુખ જોવાથી જે પર્યાય ઉત્પન્ન થાય છે તે પણ જીવનું વ્યવહાર સ્વરૂપ છે. એ વાસ્તવિક જીવ નહિ. આહા..હા...! એ ઉપચારિક જીવ છે. આહા..હા...! કહો, 'ચંદુભાઈ' ! 'શાંતિભાઈ' ક્યાં બેઠા છે ? 'ભાવનગર'. સમજાય છે કાંઈ ? આ ફેરી રોકાણા છે. આ..હા...!

પ્રભુ ! તારો માર્ગ... વીતરાગ ત્રણલોકના નાથ સર્વજ્ઞની વાણીમાં એમ આવ્યું, પ્રભુ ! તું અમારી સામે, દેવ-ગુરુ-શાસ્ત્ર સામે જોવે છે તો રાગ થશે. 'पस्सइ अप्पाणं' આહા..હા...! તારો નાથ તો તારી પાસે અંદર પડ્યો છે ને ! ત્યાં નિધાન ઉપર નજર કરવાથી તને આનંદ આવશે. અમારા ઉપર નજર કરવાથી પ્રભુ ! તને દુઃખ થશે. 'અમરચંદભાઈ' ! આવો માર્ગ સાંભળવા મળતો નથી. એમ ને એમ જિંદગી ચાલી જાય છે. ધૂળમાં ને ધૂળમાં. આ પૂજા ને ભક્તિ ને જાત્રા કરી તો થઈ ગયો ધર્મ. ભાઈ ! એ તો રાગ છે. એ તો ધર્મ નહિ અને ધર્મનું કારણ નહિ. પણ જે વીતરાગી નિર્વિકલ્પ મોક્ષમાર્ગ છે તેનું વ્યવહાર કારણ નહિ પણ નિશ્ચય મોક્ષમાર્ગ છે તેનું કારણ દ્રવ્ય સ્વભાવ છે. સમજાય છે કાંઈ ? અને એ દ્રવ્ય સ્વભાવ જે ત્રિકાળી છે તેની આ મોક્ષમાર્ગ પર્યાય છે ? તો કહે છે, ના. તે ઉપચાર છે. આહા..હા...! ગજબ વાત છે. સમજાય છે કાંઈ ? આ વાત તો શાસ્ત્ર ચાલતું હોય ત્યારે કહેવાય. એમ ને એમ કહીએ તો ઝટ ન પકડાય. આ તો અધિકાર ચાલે છે, સામે ગાથા છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'ઉપચારકર જીવકા સ્વરૂપ...'** (કહેવાય છે). ગજબ વાત, પ્રભુ ! રાગ તો તેનું સ્વરૂપ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નહિ, દેહ તેનું સ્વરૂપ નહિ, પરદ્રવ્ય તેનું સ્વરૂપ નહિ. આહા..હા...! ***પરદ્રવ્ય તેનું સ્વરૂપ નહિ, રાગ તેનું સ્વરૂપ નહિ, દેહ તેનું સ્વરૂપ નહિ પણ મોક્ષનો માર્ગ પણ જીવનું સ્વરૂપ ઉપચારથી છે. આહા..હા...! ગજબ વાત (છે). કેમ ? - કે એ પર્યાય છે. એ દ્રવ્યની પર્યાય ઉપચારથી છે. આ..હા...! દ્રવ્યમાં પર્યાય નથી.*** સમજાય છે કાંઈ ? આહા..હા...! આવો માર્ગ છે. લોકોને એવું લાગે, હોં ! આ વાત તૂટી ગઈ હતી ને ? (સાંભળવામાં કાને) નહોતી પડી. પછી એવું બોલે. કહો, બાપા ! ભગવાન ! આહા..હા...! નિશ્ચયાભાસી એકાંતી છે, એમ કહે. કહે, બાપુ ! (એને) ખબર નથી. પરમાત્મા તો આમ કહે છે.

ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ ગણધરો અને ઇન્દ્રોની વચમાં આ કહેતા હતા. એ સંતો કહે છે. દિગંબર સંતો સર્વજ્ઞ કહે છે તે કહે છે. સમજાય છે કાંઈ ? શ્વેતાંબરની જેમ નથી કે ભગવાને કહેલા તે શાસ્ત્ર અમે તમને કહીએ છીએ. આ તો અમારા વૈભવથી ભગવાને કીધું એ કહીએ છીએ. આહા..હા...! ગજબ વાત છે, ભાઈ ! એ સત્ય વાત કાને પડવા માટે ભાગ્ય જોઈએ. આ પૈસા-બૈસાના ભાગ્ય નહિ, હોં ! છ છોકરા ને બે કરોડ રૂપિયા, એમ લોકો કહે. કોઈનો આંકડો અત્યારે બહાર પાડવાની જરૂર નથી કારણ કે અત્યારે બધે વિરોધ છે ને. આ તો અપેક્ષાથી કહીએ છીએ. લોકોમાં બહારમાં વિરોધ છે. પૈસા આટલા હોય તો આમ લાવો, ઢીકણું લાવો, એમ કહે છે. હોય ઇ ખરું. સરકાર તરફથી (એમ કહે છે). બધી ખબર છે ને. બાપા ! આંકડા ગમે તો હો. આહા..હા...! પ્રભુ ! એ તો જડના કાંકરા છે. એ તો જડના કાંકરા પરમાણુ (છે). એ તારા ક્યાંથી થયા ? અહીંયા તો કહે છે, રાગ તારો નહિ અને નિર્વિકલ્પ મોક્ષનો માર્ગ ઉપચારથી તારો છે. ગજબ વાત છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! લ્યો, 'વિમલચંદજી' ! 'વિમલચંદજી' એ કાલે કહ્યું હતું કે કાલે ફરીને થોડું લેજો. સારી વાત છે. એને રસ, પ્રેમ છે ને. આ એનો દીકરો છે–'અર્હંતપ્રકાશ'. એને દોઢ વર્ષથી તો રાત્રે આહાર-પાણી નથી. રાત્રે આહાર-પાણી બિલકુલ નહિ. અત્યારે આટલી ઉંમરથી. બે વર્ષથી તો આઠમ-ચૌદસના એકટાણા કરે છે. એને સાંભળવામાં રસ છે. એનું નામ 'અર્હંતપ્રકાશ' છે. આ આત્મા અર્હંતપ્રકાશ છે. પરમાત્મપ્રકાશ કહો કે અર્હંતપ્રકાશ કહો. 'હુકમચંદજી' નો 'પરમાત્મપ્રકાશ'. 'હુકમચંદજી'ના મોટા દીકરાનું નામ 'પરમાત્મપ્રકાશ' છે. આ 'હુકમચંદજી' પંડિત, 'જયપુર'. નાના દીકરાનું નામ 'અધ્યાત્મપ્રકાશ' છે. ઘરમાં સંસ્કાર... આહા..હા...!

અહીં કહે છે, ગજબ વાત કરી છે. એ તો કહે છે, પૂર્ણ શુદ્ધાત્માનું સ્વરૂપ પ્રાપ્ત થાય એનો મોક્ષમાર્ગ સાધક હોવાથી ઉપચારથી જીવનું (સ્વરૂપ) છે એમ કહીએ છીએ. આહા..હા...! આ તો શુદ્ધાત્માની પર્યાય પ્રાપ્ત થાય એનું સાધક અહીં સિદ્ધ કરવું છે. એ શુદ્ધાત્માની પર્યાય પૂર્ણ પ્રાપ્ત થાય એનું સાધક હોવાથી જીવનું (સ્વરૂપ) ઉપચારથી છે એમ કહીએ છીએ. સમજાય છે કાંઈ ? આહા..હા...! આ બધા વ્યવહારના ઝઘડા ને નિમિત્તના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ને ક્રમબદ્ધના. એ ત્રણે ઝઘડા સોનગઢના નામે (ચાલે છે).

ક્રમબદ્ધ. એક પછી એક ક્રમબદ્ધ થાય છે. તો કહે, નહિ. હશે, ભગવાન ! તો સર્વજ્ઞ જ રહ્યા નહિ. સર્વજ્ઞે જોયું છે કે જે સમયે (જે પર્યાય) થાય છે તે સર્વજ્ઞે પહેલેથી જોયું છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! સોનગઢનું છે કે ભગવાનના ઘરનું છે ? અરે..! પેલી વાણી 'સમ્યક્જ્ઞાન દીપિકા' બ્રહ્મચારી ક્ષુલ્લકની છે. એણે અમુક સિદ્ધાંત સિદ્ધ કર્યો છે. એ વાત એની (ખોટી) નથી. હવે એ સોનગઢને નામે લગાવી દઈને કહે, એ..ઇ...! સોનગઢવાળા આમ કહે છે. અરે..! ભગવાન ! ભાઈ ! ન હોય, આમ ન ચાલે. અહીંયા વીતરાગના વિરહ પડ્યા એમાં આવા અન્યાય ન ચાલે. સમજાય છે કાંઈ ? આહા..હા...! ભાષા વાણી તો જુઓ ! આવી સાંભળવા મળવી મુશ્કેલ છે. જિંદગી એમ ને એમ અજ્ઞાનમાં ચાલી જાય છે. આહા..હા...! સરવાળે ચાર ગતિમાં રખડવું. આહા..હા...!

પરિભ્રમણના અંત લાવવા માટે મોક્ષનો માર્ગ (છે). એ મોક્ષનો માર્ગ પણ પર્યાય છે માટે ઉપચાર છે. આહા..હા...! વાસ્તવિક જીવ સ્વરૂપમાં એ નથી. ત્રિકાળી ભગવાન આનંદનો નાથ પ્રભુ ધ્રુવ ધ્રુવ સ્વરૂપ.. આહા..હા..! **'પરમસૂક્ષ્મ શુદ્ધનિશ્ચયનયકર ભાવલિંગ ભી જીવકા નહીં હૈ.'** દ્રવ્યલિંગ તો નહિ. ઇ શબ્દ પડ્યો છે ને ? દ્રવ્યલિંગ તો નહિ, ભાવલિંગ પણ નહિ. પ્રભુ ! તું તો સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ છે ને ! આહા..હા...! વીતરાગમૂર્તિ તારી ચીજ છે. અકષાયરસ તારું સ્વરૂપ છે. અનંત શક્તિનો સંગ્રહાલય, ગુણનું ધામ–ગોદામ તું છો. એમાં આ પર્યાય છે તે નથી. સમજાય છે કાંઈ ?

દૃષ્ટિનો વિષય બતાવે છે. દૃષ્ટિનો વિષય, મોક્ષમાર્ગ પર્યાય પણ દૃષ્ટિનો વિષય નથી. દૃષ્ટિનો વિષય દૃષ્ટિ નહિ. ગજબ વાત છે. સમજાય છે કાંઈ ? સમ્યગ્દૃષ્ટિનો વિષય સમ્યગ્દૃષ્ટિ નહિ. આહા..હા...! તો સમ્યગ્દર્શનનો વિષય વ્યવહાર રત્નત્રય તો ક્યાંય રહી ગયું. સમ્યગ્દર્શનનો વિષય મોક્ષનો માર્ગ નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવો માર્ગ છે. ***દેહાદિ તો નહિ, રાગાદિ તો નહિ, વ્યવહાર રત્નત્રય તો જીવનું સ્વરૂપ નહિ. આહા..હા...! અસદ્‌ભુત વ્યવહારનયથી કહો, જૂઠી નયથી કહો. આહા..હા...! અને આ મોક્ષનો માર્ગ જે નિર્વિકલ્પ ભાવલિંગ એ સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે. સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે તો એ જીવનું (સ્વરૂપ) ઉપચારથી કહેવામાં આવે છે. આહા..હા...!*** આ માર્ગ આવો છે. શું કરે ? પહેલા એનો પક્ષ તો કરવો જોઈએ. માર્ગ આવો છે. આ કોઈ ઘરની વાત, પક્ષની વાત નથી. આ તો ત્રણલોકના નાથના ઘરની વાત છે, પ્રભુ ! ***પરમેશ્વરની પર્યાય જેવડો તું નથી. મોક્ષમાર્ગની પર્યાય જેવડો નહિ, સિદ્ધની પર્યાય, પરમાત્માની પર્યાય જેવડો નહિ. પરમાત્મા સિદ્ધની પર્યાય પણ સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે. કેવળજ્ઞાન સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયનો વિષય નથી. સમજાય છે કાંઈ ? આહા..હા..!*** પર્યાય છે ને ? દ્રવ્યમાંથી ભેદ પડ્યો ને ? ભેદ પડ્યો અને એની છે માટે સદ્‌ભુત. સદ્‌ભુત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વ્યવહારનયનો વિષય કેવળજ્ઞાન છે. ગજબ વાત છે, પ્રભુ ! આહા..હા...! તો તેનો સાધક છે તે તો ઉપચારથી કહેવામાં આવે છે. આહા..હા..!

***આવી વાત પણ ક્યાં છે ? પ્રભુ ! આહા..હા...! જિંદગી ચાલી જાય છે, સમયે સમયે મૃત્યુની સમીપ જાય છે. જે સમય ગયો તે ફરીને નહિ આવે. આહા..હા...! જિંદગીના અંત આવવાની તૈયારીઓ છે. દેહ છૂટી જશે, ભગવાન ! જો આત્માનું શરણ ન લીધું તો કાંઈ ન કર્યું, તેં કાંઈ ન કર્યું.***

શ્રોતા :– એ સમયે યાદ આવશે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– યાદ કર્યું હોય તો આવે ને ! યાદ શું આવે ? યાદ આવે એમાં શું છે ? યાદ આવે એ તો ધારણા થઈ. અંતરમાં આત્માની દૃષ્ટિ થઈ હોય તો મરણ ટાણે તે દૃષ્ટિ આવશે. સમજાય છે કાંઈ ? યાદ આવે એમાં શું થયું ! એ તો ધારણ થઈ. ઝીણી વાત છે, બાપુ ! વીતરાગનો માર્ગ એવો છે. જન્મ-મરણનો અંત લાવે એવી વાત છે. ચોરાશીનો સિંધુ–દરિયો. શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ ! આ ભવસિંધુ એ અમારું રૂપ નહિ ! ભવસિંધુનું કારણ રાગ એ પણ અમારું રૂપ નહિ. આહા..હા...! 'કહે વિચક્ષણ પુરુષ સદા મૈં એક હૂં, અપને રસશું ભર્યો અનાદિ ટેક હૂં' અનાદિ મારી ચીજ આનંદકંદ શુદ્ધ ચૈતન્યઘન નિર્વિકલ્પ આનંદ સામાન્ય ધ્રુવ સ્વરૂપ હું ત્રિકાળ છું. 'કહે વિચક્ષણ પુરુષ સદા મૈં એક હૂં, અપને રસ સૌ ભર્યો અનાદિ ટેક હૂં, મોહકર્મ મમ નાહિ, મોહકર્મ મમ નાહિ, નાહિ ભ્રમ કૂપ હૈ.' એ ભ્રમનો કૂવો છે. અને શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ, શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ... આહા..હા..! જેમાં પર્યાય પણ નથી. આવી વાત છે, પ્રભુ ! આહા..હા..! અમારે 'વિમલચંદજી' કહે, ફરીને વાંચવું. એટલે ફરીને લીધું. એને રસ છે ને, પ્રેમ છે ને. અરે...! ભાઈ ! આ વસ્તુ ક્યાં છે ? બાપા ! એ ધૂળ ને ધાણી, આબરૂ ને પાણી બધા મીંડા વાળવા જેવા છે. ભરેલો ભગવાન ગુણનો સાગર તો પ્રભુ અહીં અંદર છે. એ રાગથી ખાલી, પર્યાયથી ખાલી (છે). આહા..હા...! એ દૃષ્ટિનો વિષય છે. સમ્યગ્દર્શનનો આધાર -વિષય આ છે. જો કે નિશ્ચયથી મોક્ષમાર્ગની જે પર્યાય છે એ પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાયનો આધાર પર્યાય, પર્યાય થઈને પર્યાય રાખે છે અને પર્યાયમાંથી પર્યાય આવે છે. આહા..હા..!

***નિશ્ચય મોક્ષમાર્ગ જે છે તે પણ પર્યાય છે અને પર્યાયના કર્તા-કર્મ ષટ્કારક પર્યાયમાં છે. એ આત્માના કહેવા તે ઉપચારથી છે, કહે છે. આહા..હા...! જે ભગવાનમાં કર્તા, કર્મ, કરણ ગુણ ત્રિકાળ પડ્યા છે. આ તો એક સમયની પર્યાયના કર્તા-કર્મ થયા. સમજાય છે કાંઈ ? આહા..હા...!*** વસ્તુમાં તો ત્રિકાળી કર્તા, ત્રિકાળી કર્મ ગુણો–શક્તિ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, સ્વચ્છતા, પ્રભુતા, જીવતર આદિ અનંત શક્તિનો સંગ્રહ, અનંત શક્તિનો પિંડ પ્રભુ (છે), જેમાં આ વ્યવહાર ઉપચારથી ભાવલિંગ કહ્યું તે જીવનું (સ્વરૂપ)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નહિ. અરે..રે...! બાયડી, છોકરા ને પૈસા ક્યાં ગયા ? 'પોપટભાઈ' ! આ મારો 'હસમુખ' ને આ મારી આ, આ મારા મકાન ને આ મારી લાદીઓ. આહા..હા...!

શ્રોતા :– ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઊડી જ ગયેલું છે, એમાં હતું કે દિ' ? એમાં છે ક્યાં ? આહા..હા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યની ઉપર લોટે છે. બહિર્લુટંતી શબ્દ છે, સંસ્કૃત છે. કળશ છે. એક દ્રવ્ય ઉપર લોટે છે. પેલા શંકરવાળા નથી આવતા ? શંકરના બાવા. એ આમ ઘંટ રાખે. પછી પૈસા આપતા વાર લાગે કે લાકડી બહાર ફેરવે (એટલે) અંદર લોલક હલે. સમજાય છે કાંઈ ? આ ઉપર ઉપર આખું દ્રવ્ય રહે છે. બહિર્લુટંતી એમ શાસ્ત્રમાં પાઠ છે. શરીર, કર્મ, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર બધા બહિર્લુટંતી છે. તારે અને એને શું સંબંધ છે ?

અહીંયા તો કહે છે કે તારે તો રાગ સાથે પણ સંબંધ નથી. અરે...! તારામાં નિર્વિકલ્પ પર્યાયનો સંબંધ કહેવો તે વ્યવહારથી છે. આહા..હા...! 'માણેકચંદભાઈ' ! આવી વાતું છે, પ્રભુ ! ભાઈએ ફરીને વાંચવાનું કહ્યું તો ફરીથી વાંચ્યુ. આહા..હા...! ભગવાનઆત્મા છે ને ? ભાઈ ! એ ભગવાનઆત્મામાં ભાવલિંગ પણ જીવનું નથી. આહા..હા...! કેમ કે પલટતી દશા છે. મોક્ષમાર્ગ એ તો એક સમયની દશા છે. ભાવલિંગ છે તે એક સમયની દશા છે અને વસ્તુ ત્રિકાળ છે. સમજાય છે કાંઈ ? હવે આમાં 'ડાલચંદજી' ને 'માણેકચંદજી' ક્યાંય રહી ગયા. આ શું કહે છે ? અંદરમાં સમજવું તે કરવું. આહા..હા...!

ભગવાનઆત્મા વસ્તુ જે સ્વરૂપ ચિદ્‌ઘન આનંદકંદ નિત્યાનંદ છે તેમાં તો ભાવલિંગની પરિણતિ પણ નથી. અથવા એ ભાવલિંગ જીવનું સ્વરૂપ નથી, એ તો પર્યાયનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ ? હવે આટલું સ્પષ્ટ કથન (છે). આ 'પરમાત્મપ્રકાશ' છે ને ? તો કહે છે કે ભાવલિંગ છે તે પરમાત્મપ્રકાશ વસ્તુમાં નથી. પરમાત્મ પર્યાય જે પ્રગટી એ પરમાત્મ સ્વભાવમાં નથી. આહા..હા...! પરમાત્મ સ્વભાવ તો ધ્રુવ ત્રિકાળ આનંદકંદ છે. એવી પરમાત્મ પ્રકાશની અનંતી અનંતી અનંતી પર્યાયનો પિંડ એ તો છે. સમજાય છે કાંઈ ? અરે...! એણે આત્મા સાંભળ્યો નથી. આહા..હા...!

'પદ્મનંદિ પંચવિંશતિ' માં બાર-તેર બોલ લખ્યા છે. આત્મા સાંભળવો, આત્મા પૂછવો, આત્માના પ્રશ્ન કરવા, આત્માના વિચાર કરવા, આત્માનું ચિંતન કરવું, એનું મનન કરવું, ... કરવી એવા તેર બોલ લીધા છે. 'પદ્મનંદિ પંચવિંશતી' છે ને ? 'પદ્મનંદિ પંચવિશંતી' છે તેમાં આ લીધું છે. ૨૬ અધિકાર છે પણ ૨૫ નામ આપ્યું છે. અધિકાર ૨૬ છે. 'પદ્મનંદિ પંચવિંશતિ'. બધું જોયું છે ને. બધા શાસ્ત્ર (જોયા છે). એમાં ૨૬ અધિકાર છે, પણ નામ ૨૫ આપ્યું છે. 'પદ્મનંદિ પંચવિંશતિ' બનાવ્યું ને ? એમાં આ લેખ છે. પ્રભુ ! તારે આત્મા સાંભળવો, આત્મા વિચારવો, ચિંતવન કરવું, પૂછવું. આત્મા કેવો છે ? એ પૂછવું. બીજી વાત છોડી દે, તું આ કર. 'પદ્મનંદિ પંચવિંશતિ' ની અંદર તેર બોલ છે. ૨૬ તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અધિકાર છે, એમાં નામ આપ્યું પંચવિંશતિ. એમાં વચમાં છે. ઘણું કરીને નિશ્ચય અધિકારમાં હશે. નિશ્ચય અધિકાર છે ને ? નિશ્ચય અધિકાર છે. છે, બધું વાંચ્યું છે, વ્યાખ્યાનમાં વાંચ્યું છે. ત્યાં નિશ્ચય (અધિકારમાં) હશે. વ્યાખ્યાન થઈ ગયા છે. એ અધિકાર વાંચ્યો છે. ૪૨ મું ચોમાસુ ચાલે છે. અહીંયા ૪૨ મું ચોમાસુ ચાલે છે. આહા..હા...!

**'ભાવલિંગ ભી જીવકા નહીં હૈ. ભાવલિંગ સાધનરૂપ હૈ,...'** એ તો પર્યાયરૂપ સાધન છે એમ કહે છે. આહા..હા...! **'યહ ભી પરમ અવસ્થાકા સાધક નહીં હૈ.'** અર્થાત્ દ્રવ્યને સિદ્ધ કરવામાં એ પર્યાય સાધન છે પણ દ્રવ્યમાં એ પર્યાય સાધન નથી. સમજાય છે કાંઈ ? પર્યાય જે સાધનરૂપ છે તે દ્રવ્યમાં નથી. દ્રવ્યમાં આ છે તેને સિદ્ધ કરી શકતી નથી. દ્રવ્યમાં આ છે એમ પર્યાય સિદ્ધ નથી કરી શકતી. દ્રવ્ય તો દ્રવ્ય છે. આહા..હા...! આવું દ્રવ્ય ભગવાન સાક્ષાત્ પરમાત્મ સ્વરૂપ છે. ૮૮ (ગાથા પૂરી) થઈ. બે આઠડા છે. આઠ કર્મનો અભાવ. ભાવલિંગનો અભાવ. આહા..હા...!

**'આગે યહ ગુરુ-શિષ્યાદિ ભી નહીં હૈ :–'** જુઓ ! આ ગુરુ મારા ને આ દેવ મારા, એમ છે નહિ, એમ કહે છે. આહા..હા...! ૮૯.

**अप्पा गुरु णवि सिस्सु णवि णवि सामिउ णवि भिच्चु।**
**सूरउ कायरु होइ णवि णवि उत्तमु णवि णिच्चु।।८९।।**

ભગવાનઆત્મા ગુરુ નથી. આહા..હા...! ગુરુ મારા છે એમ નથી, અહીં તો કહે છે. શિષ્ય પણ નથી. સ્વામી પણ નથી અને નોકર પણ નથી. ગુરુ નહિ, શિષ્ય નહિ, સ્વામી નહિ, ભૃત નામ સેવક નહિ. ભૃત એટલે સેવક–નોકર. **'शूरः कातरः नैव'** ભગવાનઆત્મા શૂરવીર નહિ. પર્યાયના શૂરવીર, હોં ! અને પરમાત્મા કાયર પણ નથી. આહા..હા...! એ શૂરવીર અને કાયર તો પર્યાયની વાત છે. સમજાય છે કાંઈ ? ઉત્તમ અને નીચ નહિ. ઊંચ કૂળ નહિ. અમે ઊંચ કૂળમાંથી છીએ. નીચ કુળ પણ નહિ. એ બધું ગુરુ, શિષ્ય, સ્વામી, સેવક આદિ સંબંધ. જુઓ ! સંબંધ. આત્માને ગુરુ ને શિષ્યનો સંબંધ નથી. આહા..હા...! એ તો વ્યવહારથી કહેવામાં આવે છે એટલું છે, એમ કહે છે. ગુરુ એમ કહે છે કે અમે તારા નથી, તારા અમે નથી, તું અમારો શિષ્ય નથી. બધે ગડબડ છે, ખબર છે ને, ભાઈ !

અહીં તો ૮૭ વર્ષ શરીરને ચાલે છે. અહીં તો (સંવત) ૧૯૬૫ ની સાલથી તો આ શાસ્ત્ર અભ્યાસ છે. 'પાલેજ' માં પિતાજીની દુકાન (હતી). અમે તો ત્યાં શાસ્ત્ર વાંચતા હતા. પૂર્વના સંસ્કાર હતા ને, પણ શ્વેતાંબરના. શ્વેતાંબર હતા ને ? એક કલ્પદ્રૂમ હતું. 'અધ્યાત્મ કલ્પદ્રૂમ'. શ્વેતાંબરનું પુસ્તક છે. પહેલા એ હાથમાં આવ્યું હતું, લ્યો ! 'અધ્યાત્મ કલ્પદ્રૂમ' શ્વેતાંબરનું એક શાસ્ત્ર છે. ગ્રંથ છે, હોં ! ત્યાં અમારે 'કુંવરજીભાઈ' નું મકાન હતું એ 'ચુનીલાલ મોતીલાલ' શ્વેતાંબરનું હતું. એની પાસે હતું. પણ આ તો ૧૯૬૫ ની સાલની વાત છે. ૧૯૬૫. ૬૭ વર્ષ થયા. બધું જોતા હતા. એ વખતે શ્વેતાંબરના શાસ્ત્ર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'દશવૈકાલિક', 'ઉત્તરાધ્યયન', 'આચારાંગ', 'સૂયગડાંગ' બધું જોતા હતા. ઇનામમાં 'કબીર' ના પુસ્તક આવતા હતા તો એ જોતા હતા. જૈન સમાચાર પત્ર અમે મંગાવતા હતા. 'વાડીલાલ મોતીલાલ' (કરીને) સ્થાનકવાસીના 'અમદાવાદ' માં હતા. જૈનસમાજના પત્રકાર હતા. એ મંગાવતા હતા, પણ હું એકલો (વાંચતો), બાકી બધા સૌ ધંધામાં (રહેતા). એમાં 'કબીર' નું એક પદ ભેટમાં આવ્યું. 'કબીર' નું પુસ્તક પણ વાંચ્યું હતું. પણ આ જૈનદર્શનની વાત ક્યાંય છે નહિ. એ 'કબીર' બૌદ્ધ મિથ્યાદૃષ્ટિ. હવે એ બૌદ્ધ ને મહાવીર બન્ને મોક્ષ પધાર્યા એમ કહે છે. 'ચીમન ચકુ' સ્થાનકવાસીનો માણસ છે. કહો, આ તે કંઈ ગજબ વાત છે ! ક્યાં બૌદ્ધ ગૃહીત મિથ્યાદૃષ્ટિ, ક્યાં ભગવાન કેવળજ્ઞાની ! બન્ને મોક્ષ પધાર્યા છે, એમ કહે છે. આ..હા..! અત્યારે આંધળુ તે ચાલે છે. સ્થાનકવાસીમાં કોઈ એવો વિચાર કરનાર પણ નથી કે તું આ શું કરે છે ? અને તું શેનું આ બોલે છે ?

શ્રોતા :– ઊંડો ઉતરીને..

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ આમાં ઊંડું ક્યાં છે ? બૌદ્ધ અને પરમાત્મા ક્યાં ? સૂક્ષ્મ વાત હજી નિશ્ચય-વ્યવહારની હોય તો ઝીણી (પડે), પણ ક્યાં બૌદ્ધ અને ક્યાં ભગવાન ત્રણલોકનો નાથ અને ક્યાં ગૃહીત મિથ્યાદૃષ્ટિ ક્ષણિક માનનારો. વૈરાગી હતો બિચારો રાજા હતો ને રાજા ! પણ ક્ષણિકને માનનારો. દુઃખથી વૈરાગ્ય (આવેલો) પણ વસ્તુ ત્રિકાળ શું છે ? એ બૌદ્ધ નિત્ય તો માનતો જ નહોતો. આહા..હા...! 'શ્રીમદ્' માં પણ પાછળ લખાણ છે. ૨૭ પ્રશ્નોત્તર છે એમાં કોઈએ પ્રશ્ન કર્યો છે. બૌદ્ધ છે ? બૌદ્ધ એમના શાસ્ત્રથી જોઈએ તો તે બૌદ્ધ ધર્મ પામેલા નથી, એમ લખ્યું છે. 'શ્રીમદ્' ની તો દૃષ્ટિ નિર્મળ હતી. એક આ શ્વેતાંબર-દિગંબરની ભિન્નતા પહેલા નહોતી થઈ, પાછળથી કરી પણ હવે એ લોકો એના ભક્તો માને નહિ. પાછળથી સ્પષ્ટ કરી નાખ્યું છે. સત્શ્રુત બધા દિગંબરના નામે ૧૯ આપ્યા છે. સત્સૂત્ર આ છે. એક વીસમો ગ્રંથ 'હરિભદ્રસૂરિ' નો બનાવેલો છે. 'દશવૈકાલિક', 'ઉત્તરાધ્યયન' આપ્યું જ નથી. લોકોને આ પકડ હોય એને છૂટવી (કઠણ પડે). સંપ્રદાયનો આગ્રહ (છૂટે નહિ).

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– નથી, વસ્તુ એમાં છે નહિ. મૂળ તો ગૃહીત મિથ્યાદૃષ્ટિ થયા પછી શાસ્ત્ર રચ્યા છે. ક્યાંય નથી. થોડુંક કાઢ્યું છે ઇ આપણું આમાંથી લઈને. 'સમયસાર' માંથી લઈને થોડુંક નાખ્યું છે, હમણા નવું બનાવ્યું છે. આ વસ્તુ, બાપુ ! આ તો સનાતન સત્ય (છે). આહા..હા...! સનાતન સત્યનો પ્રવાહ વહે છે. આવો માર્ગ છે, બાપુ ! આ ભગવાનનો કહેલો છે. આહા..હા...! 'ચીમનલાલજી' !

શ્રોતા :– 'સમયસાર' ને પણ માનતા નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ના, એ માને નહિ. દિગંબરનો ગ્રંથ એ શેના માને ? 'સમયસાર'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ને માને તો શ્વેતાંબર ધર્મ આખો ખોટો થઈ જાય. એને ક્યાંથી માને ઇ ? એને હોય શેનું ? આ..હા...!

અહીં તો બીજું લેવું છે કે ગુરુ ને શિષ્ય પણ વ્યવહારનયથી કહેવામાં આવે છે. આહા..હા...! આ મારા ગુરુ અને આ મારો શિષ્ય, એ તો વ્યવહારથી કથન છે. ગુરુ-શિષ્ય કેવા ? ભગવાનઆત્મામાં દ્વૈત કેવું ? આહા..હા...! વિકલ્પનું દ્વૈત જેમાં નથી, અરે...! નિર્મળ પર્યાયનું દ્વૈત જેમાં નથી, એને ગુરુ-શિષ્ય ક્યાંથી આવ્યા ? અદ્વૈત ભગવાન... અન્યમતિ કહે છે એમ નહિ, હોં ! અદ્વૈત કહે છે ને ? વેદાંત... વેદાંત. એ નહિ. આ અદ્વૈત એટલે તો એકરૂપ વસ્તુ, જેમાં પર્યાયની દ્વૈતતા નથી. એ પંચ પરમેષ્ઠીમાં આવે છે. હું દ્વૈત પણ નથી, હું અદ્વૈત પણ નથી. હું તો જેવો છું તેવો છું, એમ આવે છે. દ્વૈત નામ દ્રવ્ય-પર્યાય. 'પદ્મનંદિ પંચવિંશતિ'. એ આમાં શ્લોક આવે છે. 'નિયમસાર' માં એ આધાર આવે છે. આહા..હા...! દ્રવ્ય અને પર્યાય એવો દ્વૈત પણ નહિ અને હું દ્રવ્ય છું એવો અદ્વૈતનો વિકલ્પ પણ નહિ. આહા..હા...! આવો માર્ગ છે, પ્રભુ ! સમ્યગ્દર્શનનો વિષય અલૌકિક ચીજ છે. લોકો માની બેસે કે અમે સમ્યગ્દષ્ટિ છીએ ને પછી પડિમા લઈ લ્યો ને વ્રત લઈ લ્યો. માને. હજી સમ્યગ્દર્શન કેમ થાય (એની ખબર નથી). આહા..હા...!

અરે...! સમ્યગ્દર્શન થયું તો વસ્તુ છે એ મોક્ષસ્વરૂપ છે. સમ્યગ્દર્શનમાં મોક્ષસ્વરૂપનું ભાન થયું તો અંદર મોક્ષ થઈ ગયો. પર્યાયમાં મોક્ષ થવાનો છે, દ્રવ્ય મોક્ષ તો અંદર આવી ગયો. અબદ્ધ કહો કે મોક્ષ કહો. આહા..હા...! એવી ચીજમાં ગુરુ, સેવકાદિ તો વ્યવહારથી છે. આહા..હા...! ઠીક ! અહીં તો (એમ કહે), અમારા ગુરુને અમે માનીએ તો અમારો મોક્ષ થાય. હવે ક્યાં રહ્યું ? ગુરુને માને તે તો વિકલ્પ છે. આ માર્ગ તો વીતરાગ છે. મોઢા સામે કોળિયો કોને ન ગોઠે ? આ (-વીતરાગ) તો ના પાડે છે કે અમારી સામે જોશો તો રાગ થશે. એ..ઇ...! આ વીતરાગ માર્ગ છે, ભાઈ !

જુઓ ! અહીં કહે છે, ગુરુ અને શિષ્ય વ્યવહારથી છે. '**શુદ્ધનિશ્ચયનયસે શુદ્ધ આત્માસે જુદે હૈં,...**' ગુરુ કોણ ? એનો આત્મા ભિન્ન, તારો આત્મા ભિન્ન. શિષ્યનો આત્મા ભિન્ન. તને આવું કેમ આવે છે ? સમજાય છે કાંઈ ? અહીં કહે છે કે ગુરુની ભક્તિ કરતા કરતા મોક્ષ થશે, લ્યો ! 'રતિભાઈ' ! 'રતિભાઈ'એ કાલે કહ્યું હતું, એ લોકો એમ કહે છે કે ગુરુની ભક્તિ કરશું તો મુક્તિ થાશે. 'શ્રીમદ્' માં ઘણા બધાને એ લાકડું ગરી ગયું છે. ખબર છે. અમારા 'વીરચંદભાઈ' ના બાપ હતા. એ વળી ત્યાં (સંવત) ૨૦૧૦ ની સાલ. 'વીરચંદ ભૂરા' 'શિવલાલભાઈ' ! નહિ ? ૨૦૧૦ ની સાલમાં વ્યાખ્યાન ચાલતા હતા. ૨૨ વર્ષ થયા. મ્યુનિસિપાલટીમાં વ્યાખ્યાન સાંભળ્યું હતું. અહીં 'બોટાદ'. મંદિર નહોતું થયું, હવે મંદિર થઈ ગયું છે. ત્યારે વ્યાખ્યાન ચાલતું હતું. એમણે પ્રશ્ન કર્યો, મહારાજ ! દેવ, ગુરુ ને શાસ્ત્ર તો શુદ્ધ છે. એ પરદ્રવ્ય ? આ 'શ્રીમદ્' ના વાંચનારા અને ત્યાં 'અગાસ'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



માં જનારા. આ તમારા બાપને પણ બધું એ હતું. એ તો બિચારા પાછળથી... જાણે ગુરુની ભક્તિ કરીએ, બસ ! આપણને મુક્તિ થઈ જશે. ભાઈ ! ગુરુની ભક્તિ તો રાગ છે. ભગવાન તો ત્યાં સુધી કહે છે.... આગળ આવશે. આવી ગયું છે ? '....' એમ આવે છે.. આવી ગયું ? હવે આવશે. ક્યાંક છે. એમાં શું આવ્યું ? રાગ છે, શુભ છે.

અનંતવાર સમવસરણમાં જઈને સાક્ષાત્ ત્રણલોકના નાથને હીરાના થાળ, મણિરત્નના દીવા, કલ્પવૃક્ષના ફૂલથી. 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં આવે છે, 'સમ્યક્જ્ઞાન દીપિકા' માં પણ આવે છે. 'સમ્યક્જ્ઞાન દીપિકા' માં વિશેષ આવે છે, સ્પષ્ટ કરી દીધું છે. અનંત વાર પૂજા (કરી). શું થયું ? એ તો શુભભાવ છે. સાક્ષાત્ ત્રિલોકનાથ સમવસરણમાં (બિરાજે છે). સિદ્ધની તો પરોક્ષ ભક્તિ કરે છે. વર્તમાન નથી ને ! તો પરોક્ષ ભક્તિ સિદ્ધની કરે. અને આ ભગવાન તો સમવસરણમાં પ્રત્યક્ષ છે. સિદ્ધની ભક્તિ પરોક્ષ છે. અહીંયા છે નહિ ને. અરિહંત ભગવાન તો સાક્ષાત્ બિરાજે છે. સમવસરણમાં એવી ભક્તિ (કરી). એ શું છે ? એ તો રાગ છે. તેનાથી બંધ થાય છે. આ ગજબ વાત છે, ભાઈ ! 'મોક્ષ પાહુડ' માં ત્યાં સુધી કહ્યું છે, 'परदव्वादो दुग्गई' ૧૬ મી ગાથા. પરદ્રવ્ય ઉપર લક્ષ જાશે તો તને રાગ જ ઉત્પન્ન થશે, તારી ગતિ ચૈતન્યની નહિ રહે. આહા..હા...! આવી વાતું. દિગંબર મુનિઓ નાગા બાદશાહથી આઘા. એને જગતની ક્યાં પડી છે ? કેમ માને, ન માને તમે જાણો. માર્ગ આ છે. આહા...હા...!

'સમંતભદ્ર' માં નથી આવતું ? 'સમંતભદ્રાચાર્ય' ની સ્તુતિ. ભગવાને ઉપદેશ કહ્યો પણ એનું ફળ ... એ તો કેવળી છે. ચોવીસમાં આવે છે. 'સ્વયંભૂસ્તોત્ર'. ભગવાને માર્ગ કહી દીધો. ઘણું કરીને 'ધર્મનાથ' નું છે. આ 'ધર્મનાથ' ની સ્તુતિમાં છે. ચોવીશ સ્તુતિ છે ને ? 'સમંતભદ્રાચાર્યદેવ' નું 'સ્વયંભૂ સ્તોત્ર'. ભગવાને ધર્મ કહી દીધો પણ એનું ફળ આવ્યું કે નહિ એ કોણ જોવે ? એ તો કેવળજ્ઞાની છે. એમ અહીંયા ધર્માત્મા મુનિઓએ સત્ય વાત કરી. કોને બેઠી, ન બેઠી એનાથી શું કામ છે ? આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીંયા જુઓને (કહે છે), ગુરુ-શિષ્ય નહિ. ગુરુનો આત્મા ભિન્ન, તારો આત્મા ભિન્ન. દેવનો આત્મા ભિન્ન, તારો ભિન્ન. ભવે ભવે પૂજ્યો છે. ૨૨૮ પાનું આમાં છે, ગાથા ૧૪૩ છે. બીજા ભાગની ૧૪૩, હોં ! બીજા ભાગની ૧૪૩ ગાથા. જુઓ ! વચમાં છે. '...' એવું શાસ્ત્રનું વચન છે. અર્થાત્ ભવ ભવમાં આ જીવે જિનવર પૂજ્યા અને ગુરુને વંદન કર્યા. અનંત વાર ગુરુને વંદન કર્યા ને અનંત વાર જિનવર પૂજ્યા. ૧૪૩ ગાથા છે. બીજો ભાગ, હોં ! પહેલા ભાગની નહિ. બે ભાગ છે, બીજો ભાગ. એનો ભાવાર્થ છે ને ? ભાવાર્થ પછી, ૯-૧૦ લીટી પછી. ભવે ભવે જિન પૂજિઓ. આહા..હા...! .... સમકિત વિના ભાવભક્તિના અભાવથી જિનસ્વામી ન પામ્યા. જિનસ્વામી પણ નથી પામ્યા, કહે છે. એનો અર્થ–સમ્યગ્દર્શન વિના જિનસ્વામી કહેવામાં આવતા નથી. આહા..હા...! બહુ સારો અર્થ કર્યો છે. ૧૪૩ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



..... બે નથી પામ્યો–જિનસ્વામી અને સમકિત. એ જિનસ્વામી ક્યારે પામ્યો કહેવાય ? - કે જે સમ્યગ્દર્શન પામે એને જિનસ્વામી (પામ્યો) કહેવાય. 'પરમાત્મ પ્રકાશ' ની ગાથા બહુ સારી છે. બીજા ભાગમાં. આહા..હા...!

શુદ્ધનિશ્ચયથી ગુરુ ને શિષ્ય જુદા (છે). શૂરવીર અને સ્વામી, કાયર અને નીચતા - બધું આત્માથી ભિન્ન છે. **'આત્માકે નહીં હૈ, ત્યાગને યોગ્ય હૈં,...'** **'हेयभूतान्'** સંસ્કૃતમાં **'हेय'** છે. એ ગુરુ આદિ ત્યાગને યોગ્ય છે, એમ કહે છે. દૃષ્ટિનો વિષય નથી ને. ઝીણી વાતું છે, બાપા ! જ્યાં સુધી પર ઉપર લક્ષ રહેશે ત્યાં સુધી રાગ, વિકલ્પ ઉઠશે. આહા..હા...! આવો માર્ગ છે.

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– જાડું-ફાડું કે દિ' હતું ? 'લીંબડી' માં સાધુની એક ગાદી છે, નહિ ? સ્થાનકવાસીએ વળી ગાદી રાખી. દેખી છે. આહા..હા...!

**'ઇન ભેદોંકો વીતરાગપરમાનંદ નિજ શુદ્ધાત્માકી પ્રાપ્તિસે રહિત બહિરાત્મા મિથ્યાદષ્ટિજીવ અપને સમજતા હૈ,...'** ભાષા જુઓ ! આ મારા ગુરુ ને આ મારા શિષ્ય, બહિરાત્મા મિથ્યાદષ્ટિ પોતાના માને છે. એ..ઇ...! શેઠ ! જોયું ? ૮૯ ગાથા. હવે તો હિન્દી ચાલી ગયું તોપણ આ હિન્દી ચાલે છે. આ તો હિન્દી પુસ્તક છે ને ? હિન્દી ચાલે છે.

**'વીતરાગપરમાનંદ નિજ શુદ્ધાત્માકી પ્રાપ્તિ...'** ભાષા જુઓ ! **'વીતરાગપરમાનંદ નિજ શુદ્ધાત્માકી પ્રાપ્તિસે રહિત બહિરાત્મા મિથ્યાદષ્ટિ જીવ અપને સમજતા હૈ,...'** આ મારા ગુરુ ને આ મારા શિષ્ય એમ અંતરમાં નિશ્ચયથી માને એ તો બહિરાત્મા છે. આહા..હા...! પરદ્રવ્ય મારા. તો પછી આ 'હસમુખ' ને ઇ તો ક્યાંય ગયો. આ મારો 'હસમુખ'. ભાઈ હોંશિયાર છે ને ? ઇ આ લાવ્યો છે ને ? આ સંચો ઇ લઈ આવ્યો છે, હોં ! એનો દીકરો. સાડા ત્રણ લાખ અક્ષર. 'ઇટાલી' થી ઇ લઈ આવ્યો છે. એને કહ્યું કે જુઓ ! ભાઈ ! અમારે ધર્મ કરવો છે. ન્યાં કંઈ રળવું નથી. છપાવું નથી. એમ કરીને આપ્યું. નહિતર હિન્દુસ્તાનમાં પહેલુંવહેલું આપ્યું છે. ઇ 'હસમુખ' જે પહેલુંવહેલું લાવ્યો છે. છે ને ? સંચો પડ્યો છે. આહા..હા...! ચારે કોર છે. જિનવાણી માતા ... ધર્મશાળા, નથી આવ્યું ? સુધા ધર્મસાધની ધર્મશાળા.. આહા..! એમાં એ આવે છે. ક્ષુધા મોહતાપની નાશની... મોક્ષદાની. આહા..હા...! જિનવાણીની વાત, બહુમાન તો આવે ને ! સર્વજ્ઞની વાણીનું બહુમાન આવે. વિકલ્પ છે ને ? આવે. આહા..હા...! પણ એનાથી એમ માની લે કે એનાથી આપણને કલ્યાણ થઈ જશે (તો એમ નથી). મિથ્યાદષ્ટિ એમ સમજે છે, ગુરુ મારા અને શિષ્ય મારો એ મિથ્યાદષ્ટિ માને છે, કહે છે. આ..હા..હા...! આ મારા શિષ્ય છે. કોના શિષ્ય ? બાપા ! પર વસ્તુ ભિન્ન છે. તારી પાસે આવ્યા નથી. તારી પરિણતિ જે શુદ્ધ છે તે પણ તારી ચીજમાં નથી તો આ ચીજ ક્યાંથી અંદરમાં આવી ? આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'ઔર ઇન્હીં ભેદોંકો વીતરાગ નિર્વિકલ્પસમાધિમેં રહતા હુઆ અંતરાત્મા સમ્યગ્દૃષ્ટિજીવ પર રૂપ (દૂસરે) જાનતા હૈ.'** પણ પરરૂપ જાણે છે ક્યારે ? પરરૂપ ક્યારે જાણે છે ? વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં રહેતો થકો. અંતરમાં વીતરાગી નિર્વિકલ્પ શુદ્ધમાં રમતો થકો અંતરાત્મા કાયમ એ પરને જુદા જાણે છે, એમ કહે છે. શુદ્ધ વીતરાગી આનંદ પ્રભુ (છું) એવી દૃષ્ટિ કરનારો અંતરાત્મા કાયમ એ ચીજને જુદી જાણે છે. જુદો થયો છે તો જુદા જાણે છે. નિર્વિકલ્પ અનુભવમાં એ ચીજ જુદી થઈ તો નિર્વિકલ્પ અનુભવમાં જુદા જાણે છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** ભાઈ! આ મનુષ્યભવ અમૂલ્ય છે. તેનો એક સમય પણ કૌસ્તુભમણિ કરતાં પણ મહા મૂલ્યવાન છે. પોતાનું હિત કરવા આ અવતાર છે. આ ભવ, ભવનો અભાવ કરવા માટે છે. શરીરમાં રોગ આવે, ઇન્દ્રિયો હીણી પડી જાય, માંડ માંડ અક્ષરો દેખાય, બહુ ધ્યાન રાખે તો કાને માંડ સંભળાય-એ પહેલાં તું તારા આત્માનું કામ કરી લે ને પ્રભુ! ભાવપ્રાભૃતમાં કહ્યું છે કે-**

***રે! આક્રમે ન જરા, ગદાગ્નિ દહે ન તનકુટિ જ્યાં લગી,***
***બળ ઇન્દ્રિયોનું નવ ઘટે, કરી લે તું નિજહિત ત્યાં લગી.***

**જ્યાં સુધી ઘડપણ ઘેરી ન વળે, રોગરૂપી અગ્નિ કાયારૂપી ઝૂંપડીને બાળે નહિ, ઇન્દ્રિયો નબળી પડે નહિ, તે પહેલાં પ્રભુ! તું તારું હિત કરી લે. ગમે તેવા વિકટ પ્રસંગમાં તું તારું કામ કરી લે. વાયદા કરીશ તો પછી નહિ થાય. માટે ગમે તેમ કરીને તારા જ્ઞાન-ધ્યાનનો સમય કાઢી લે. સમજાણું કાંઈ? બહારના સંયોગમાં મોટા ફેરફાર થઈ જાય-ચારે બાજુએ આફતથી-દુઃખથી ઘેરાઈ ગયો હોય; અરે પ્રભુ! તું ક્યાં અટકી ગયો? એવા સમયમાં પણ તું તારા જ્ઞાન-ધ્યાનનો સમય કાઢી લેજે. આવો મનુષ્યભવ ફરી ફરી નહિ મળે. ૩૯૦.**

**– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૩૨૦], પ્રવચન નં. ૯
## તા. ૧૭-૦૮-૧૯૭૦
## [૯]

'સમયસાર' ૩૨૦ ગાથા, 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'. 'જયસેનાચાર્યદેવ' ની ટીકા ચાલે છે. ત્રીજા પાનાનો ત્રીજો પેરેગ્રાફ થઈ ગયો. બરાબર છે ? ત્રીજામાં શું કહ્યું ? માટે એ સિદ્ધ થયું... એકલી ચીજ માખણ એકલી ચીજ છે. જેને ધર્મ કરવો હોય તો એણે મોક્ષ સ્વભાવ જે ત્રિકાળ સ્વરૂપ ધ્રુવ છે તેની દૃષ્ટિ કરવાથી જ સમ્યગ્દર્શન થશે. બાકી કોઈ બીજો ઉપાય નથી. તો કહે છે કે માટે એમ સિદ્ધ થયું કે શુદ્ધ પારિણામિકભાવ વિષય. એ દ્રવ્યનયનો વિષય થયો. આવા ચાર બોલ પહેલા આવ્યા હતા, આ પાંચમો બોલ આવ્યો.

શુદ્ધ પારિણામિકભાવ વિષય. પોતાનો જે સહજ ધ્રુવ જ્ઞાયક અભેદ સામાન્ય નિત્ય એકરૂપ એવું જે તત્ત્વ છે, એ તત્ત્વને વિષય કરનારી, એ તત્ત્વને ધ્યયે કરનારી એવી ભાવના. સમજાય છે કાંઈ ? એ ભાવના. તે રૂપ જે ઉપશમ આદિ ત્રણ ભાવ છે... તે રૂપ પારિણિકભાવ ત્રિકાળ એ તો ધ્રુવ ભાવ છે, તે તો ધ્યેય, વિષય, લક્ષ કરવાલાયક છે. જેને ધર્મ કરવો હોય, સુખના પંથે પડવું હોય... સમજાય છે કાંઈ ? દુઃખનો નાશ કરવો તે પણ નાસ્તિથી વાત છે. સુખના પંથમાં આવવું હોય... અનાદિથી દુઃખી છે. સમજાય છે કાંઈ ? પોતાનો અકષાય જ્ઞાયક સ્વભાવભાવને ભુલીને રાગાદિ વિકલ્પ આદિ મારા છે તે જ સંસારનો મિથ્યાત્વભાવ બીજ છે. સમજાય છે કાંઈ ? રાગાદિ પુણ્યાદિ વિકલ્પ મારા છે એ મિથ્યાત્વ ભાવ છે તો તેનાથી રહિત પારિણામિકભાવ મારો છે એ સમ્યક્ ભાવ છે. પંડિતજી !

ભગવાનઆત્મા પોતાનો જ્ઞાયકભાવ પૂર્ણ ધ્રુવ સ્વરૂપ અવિનાશી પદ, તેને ભુલીને રાગાદિ વિકલ્પ ચાહે તો મહાવ્રતનો વિકલ્પ હો કે દયા, દાનનો, ભક્તિ, પૂજાનો (વિકલ્પ હો) પણ એ વિકલ્પ બીજું તત્ત્વ છે. બીજા તત્ત્વ સહિત સ્વ તત્ત્વ છે એવી માન્યતા મિથ્યાત્વ છે, એ સંસારનું બીજ છે. એ માન્યતાનો નાશ કરવાનો નથી. ભગવાનઆત્મા પારિણામિકભાવ છે તે તરફનો ઝુકાવ, એવી જે ભાવના, એવો જે મોક્ષનો માર્ગ તેનો વિષય–ધ્યેય તો ધ્રુવ છે. 'નંદકિશોરજી' ! વાત તો આવી છે. લોકોને બહારમાં... અંતર ચીજ પાતાળમાં મહા ભગવાન પૂર્ણાનંદ પડ્યો છે. સમજાય છે કાંઈ ? અંતર અંતર પાતાળમાં પર્યાયબુદ્ધિ છોડીને જાય. આ પર્યાયબુદ્ધિ છોડીને. સમજાય છે કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક સમયની પર્યાય–અવસ્થા કે રાગ કે પર બધું એ તો ક્યાંય દૂર રહી ગયા. એની રુચિમાં પડ્યા છે તે મિથ્યાત્વભાવ છે, નિગોદના પંથે પડવાના એ પંથ છે. સમજાય છે કાંઈ ? પાનું છે કે નહિ ? 'મનસુખભાઈ' ! બે છે ને ? બે ક્યાંથી આવ્યા ? ન હોય તો અહીંથી લઈ જજો. વાંચે, સાંભળે તો ખરા. 'પાલેજ' માં આવું વંચાય નહિ. આહા..હા...!

અહીં કહે છે, પરમ સ્વભાવ ભગવાન પૂર્ણ ધ્રુવને વિષય કરનારી ભાવના તે રૂપ ઉપશમિક આદિ ત્રણ ભાવ. આગળ જ્ઞાનપ્રધાનતાથી ક્ષયોપશભાવ એક લેશે, ભાઈ ! અહીંયા દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેની અપેક્ષા લઈને ત્રિકાળ વસ્તુનો વિષય દર્શને કર્યો, જ્ઞાને કર્યો અને તેમાં લીન થયો, એવો જે ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ એ ત્રણ ભાવ સમસ્ત રાગાદિથી રહિત હોવાને કારણે. જુઓ ! લોકોને એવું થાય છે કે સમસ્ત રાગાદિ રહિત તો તેરમે, બારમે (ગુણસ્થાને) થાય. અરે...! એ ક્યાં ? એ તો બીજી વાત છે. એ તો પર્યાયનો જ્ઞાનમાં રાગનો જે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હતો તે બારમે છૂટી જાય છે. અહીંયા તો દૃષ્ટિમાંથી રાગાદિ બધું છૂટી ગયું (તેની વાત છે). સમજાય છે કાંઈ ?

અહીંયા પહેલા કહ્યું ને ? બે વાત તો પહેલા કરી કે વિકલ્પ રાગ છે, પુણ્ય છે તે સહિત હું છું એ તો મિથ્યાત્વભાવ છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' ની ૧૪ મી ગાથા. સમજાય છે કાંઈ ? ભગવાન ચૈતન્યતત્ત્વ નિર્મળ જ્ઞાન ભગવાન, જ્ઞાન ભંડાર પરમાત્મા એ તો મોક્ષસ્વરૂપ જ છે. આવશે, જુઓ ! શક્તિ પછી આવશે. આવી દૃષ્ટિ વિના એક સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ જે રાગ છે, ગુણી-ગુણનો ભેદ, ગુણી–ભગવાનઆત્મા દ્રવ્ય અને તેમાં રહેનારો જ્ઞાયકભાવ, આવો ભેદરૂપ જે વિકલ્પ છે, એ વિકલ્પ નામ રાગ છે. રાગ સહિત આત્માને માનવો એ મિથ્યાત્વભાવ છે. આહા..હા...! ભારે વાત !

ત્રિકાળ શુદ્ધભાવમાં અશુદ્ધતા સહિત માનવું.. બીજી ભાષાએ લઈએ તો.. આહા..હા..! શાંતિથી સમજવાની ચીજ છે. આ તો કોઈવાર વંચાય છે. અહીંયા તો ક્લાસ વખતે વાંચવાનો વિકલ્પ હતો તો ક્લાસ વખતે આવી ગયું. વાત તો આમ છે. આવી વાણી, આવો વીતરાગનો ભાવ કોઈ કોઈ વખતે નીકળે. સમજાય છે કાંઈ ?

શ્રોતા :– વાણી ક્રમબદ્ધ પર્યાયમાં...

પૂજ્ય ગુરુદેવશ્રી :– તે તો તેને કારણે છે. કોઈ વખતે એ પણ એવું થાય છે. આહા..હા...!

અહીં તો ભગવાન આચાર્ય મહારાજ પરમેશ્વરનો જે ભાવ છે તેને ખુલ્લો કરે છે. મર્મ–રહસ્ય (ખુલ્લું કરે છે). તારી ચીજ જે પૂર્ણ છે, તેને વિષય કરનારી, ધ્યેય કરનારી ભાવના ત્રણરૂપ છે–ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. અહીં ત્રણ કહે છે પછી જ્ઞાનપ્રધાનમાં એ ક્ષયોપશમજ્ઞાન (લેશે). આ સાધકની વાત છે ને ? આ ક્ષાયિકભાવ ઉપલા (ગુણસ્થાનની) વાત નથી. કેવળીના ક્ષાયિકભાવની અહીંયા વાત નથી. અહીં તો સાધકભાવમાં જે ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક છે તેની વાત છે. શું કહ્યું સમજાણું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક જે ત્રણ ભાવ કહે છે તે ક્ષાયિક કેવળીના ક્ષાયિકની અહીં વાત નથી. સમજાય છે કાંઈ ? અહીંયા તો નીચલા દરજ્જામાં જે સમ્યગ્દર્શન સ્વરૂપ પરમાત્મા આનંદનું ધામ છું એવી દૃષ્ટિ થઈ, તે દૃષ્ટિને ઉપશમભાવ કહે છે, ક્ષયોપશમભાવ કહે છે અને ક્ષાયિકભાવ કહે છે. અહીં તો નીચલા (ગુણસ્થાનની વાત છે). કેમ કે તેના ત્રણે બોલમાં જ્ઞાનની કથન શૈલી આવશે તો એ ત્રણેમાં ક્ષયોપશમ જ્ઞાનરૂપ પર્યાય સ્વસંવેદન છે એમ કહેશે. સમજાય છે કાંઈ ?

કહે છે કે ત્રણ ભાવ સમસ્ત રાગાદિથી રહિત. સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ ઉઠે છે તેનાથી પણ ભગવાન પર્યાયમાં તદ્દન ભિન્ન (છે). ***દ્રવ્ય તો ભિન્ન છે જ. સમજાય છે કાંઈ ? દ્રવ્ય તો પર્યાય રહિત છે પણ આ તો પર્યાય રાગરહિત થઈ. સમજાય છે કાંઈ ? આહા..હા...!*** ભારે વાત, ભાઈ ! માર્ગ તો ટુંકામાં ઘણો છે પણ લાંબી લાંબી વાત કરી દીધી એટલે ક્યાંય પત્તો નથી લાગતો.

ત્રિકાળ જ્ઞાયકભાવને વિષય કરીને, ધ્યેય કરીને જે પર્યાય ઉત્પન્ન થઈ તો કહે છે કે દ્રવ્યમાં તો એ પર્યાય પણ નથી, પણ એ મોક્ષમાર્ગની પર્યાય જે સમ્યગ્દર્શન આદિ પ્રગટ થયા તે પર્યાયમાં રાગ નથી. 'શોભાલાલજી' ! પાનું રાખ્યું છે ને ? પછી ઘરે લઈ જજો, હોં ! ન્યાં બરાબર વિચાર કરજો. આહા..હા...!

કહે છે, આવા રાગાદિ રહિત થવાને કારણે. જુઓ ! કારણ તો સિદ્ધ કરવું છે, ભાઈ ! પણ રાગાદિ રહિત એ ચીજ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપ તરફના આચરણની દશા, એ ત્રણે પર્યાય વિકલ્પ નામ અશુદ્ધતાથી રહિત છે. સમજાય છે કાંઈ ? આમ હોવાથી તેનું શું નામ આપ્યું ? જુઓ ! શુદ્ધ ઉપાદાન કારણભૂત. આ પર્યાયની વાત છે. સમજાય છે કાંઈ ? શુદ્ધ ઉપાદાન કારણભૂત. એમ લીધું છે ને ? આ પર્યાયનું શુદ્ધ ઉપાદાન. દ્રવ્યનું ત્રિકાળી શુદ્ધ ઉપાદાન પહેલા આવી ગયું. અહીંયા તો ત્રિકાળ ભગવાનઆત્મા, પરમાત્માનો મૂળ માર્ગ, દ્રવ્યને ધ્યેયે બનાવીને જે પર્યાય ઉત્પન્ન થઈ તે પર્યાય શુદ્ધ ઉપાદાન કારણભૂત હોવાથી. શુદ્ધ ઉપાદાન. પેલું અશુદ્ધ કાઢી નાખ્યું ને ? ભાઈ ! અશુદ્ધતા જે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે એ તો કાઢી નાખ્યો. સમજાય છે કાંઈ ? આહા..હા...!

ભગવાનઆત્મા પોતાના ધ્રુવ ધ્યેય ઉપર દૃષ્ટિ પડતાં જ અને જ્ઞાનની વર્તમાન પર્યાય ધ્રુવને જ્ઞેય કરતાં જ અને સ્વરૂપમાં એકાકાર ચારિત્રની દશા ઉત્પન્ન થતાં જ રાગનો અભાવ (થઈ જાય છે). સમજાય છે કાંઈ ? એ વિકલ્પ વ્યવહાર રત્નત્રય કહે છે ને ? વ્યવહાર મોક્ષમાર્ગ, મોક્ષમાર્ગ. એ વ્યવહાર મોક્ષમાર્ગ એમાં છે જ નહિ, એમ કહે છે.

શ્રોતા :– તો પછી એ શું છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ રાગ છે એ બંધનું કારણ છે. બંધના કારણનો પર્યાયમાં અભાવ છે. કેમ કે આત્મા અબંધ સ્વરૂપ છે, અબંધ સ્વરૂપ છે–મોક્ષ સ્વરૂપ જ છે. લ્યો !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'શ્રીમદ્' માં આવે છે ને ? ભાઈ ! દિગંબરના આચાર્યોએ એમ માન્યું છે કે... આવે છે ? એક વાર આવ્યું હતું. એ 'આત્મધર્મ' માં આવી ગયું છે. મોક્ષ સમજાય છે. જુઓ ! શ્વેતાંબરના આચાર્યની વાત ક્યાંય લીધી નથી. કારણ કે એમાં એ છે નહિ. સમજાય છે કાંઈ ? - કેટલામું વર્ષ ? ૩૨ માં આવે છે ? ૪૯૮ પાનું. અમુક આચાર્ય એમ કહે છે કે... જુઓ ! 'શ્રીમદ્' ને પણ આ ખ્યાલ આવી ગયો. શ્વેતાંબરની શૈલીનો ખ્યાલ ત્યાં છોડી દીધો. અમુક આચાર્ય એમ કહે છે કે દિગંબરના આચાર્યે એવો સ્વીકાર કર્યો છે કે... દિગંબર સંતો આચાર્યોએ એવો સ્વીકાર કર્યો છે કે... દિગંબરના આચાર્યોએ. બહુવચન છે ને ? જુઓ ! દિગંબર સંતો સનાતન માર્ગના સાધક એવા મુનિઓ 'કુંદકુંદાચાર્ય' આદિ બધા દિગંબર આચાર્યોએ એમ સ્વીકાર કર્યો છે કે જીવનો મોક્ષ થતો નથી. જીવનો મોક્ષ થતો નથી.

વાત જરી, સાંભળો ! ***ત્રિકાળ ભગવાનઆત્મા મુક્તસ્વરૂપ જ છે. બંધ વસ્તુમાં કેવો ? બંધ તો પર્યાયનો આવ્યો. બંધપર્યાય તો એમાં છે નહિ. બંધસહિત દ્રવ્ય માનવું એ તો મિથ્યાત્વમાં લઈ લીધું. સમજાય છે કાંઈ ?*** બંધસહિત કહો કે અશુદ્ધતાસહિત કહો કે રાગસહિત કહો એક જ વાત છે. સમજાય છે કાંઈ ? ભગવાનઆત્મા અબંધસ્વરૂપી પ્રભુ ! અબંધ સ્વરૂપ કહો (તો) અબંધ તો નિષેધથી આવ્યું. મોક્ષસ્વરૂપ કહો. એ તો મોક્ષ સ્વરૂપ જ છે. એમ ભગવાન મોક્ષ સ્વરૂપ પરમાત્મા, આચાર્યોએ એમ સ્વીકાર્યું છે કે જીવનો મોક્ષ થતો નથી. 'ડાલચંદજી' ! ભારે વાત.

જુઓ ! અહીં દિગંબરની વાત સનાતન સત્ય છે તેને અહીંયા પ્રસિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ ? પરંતુ મોક્ષ સમજાય છે. સમજાય છે, મોક્ષ સમજાય છે. ફક્ત જે વિકલ્પ સહિત હું છું એમ માન્યું હતું એ માન્યતા બંધ સહિતની જે માન્યતા હતી, માન્યતા હતી એ છૂટી ગઈ. 'મૂળચંદભાઈ' ! આ કોઈ દિ' ન્યાં સાંભળ્યું પણ ન હોય. આટલા વર્ષ વાડામાં ગાળ્યા. હવે તો એને ઉત્સાહ થાય છે ને ! આહા..હા..!

ભગવાન ! અહીં તો કહે છે, જુઓ ! સીધી વાત છે, બહુ સીધી છે કે જે વિકલ્પ રાગ છે તે ભાવબંધ છે. દ્રવ્યબંધની વાત છોડી દે. કર્મનો બંધ એમાં છે જ નહિ, એ તો પર છે. વિકલ્પ જે રાગ છે તે ભાવબંધ છે. ભાવબંધ કેમ માન્યો ? - કે હું મુક્ત નથી, બંધ છું એવી માન્યતામાં એ રાગ ઊભો હતો. હું રાગ સહિત, ભાવબંધ સહિત છું એવી માન્યતા કરી હતી. સમજાય છે કાંઈ ? 'ધન્નાલાલજી' ! જુઓ ! આહા..હા...! ક્લાસ માટે રાખ્યું હતું. કીધું, આ ક્લાસમાં સાંભળે તો ખરો. અહીંયા જંગલમાં ૩૬મુ વર્ષ થયું. જંગલમાં ૩૬મુ ચોમાસુ છે. સાંભળે તો ખરા. આ તો જંગલ હતું ને. આ તો હવે વસી ગયું. અહીં તો જંગલ હતું, એકલું મકાન હતું. અમારે 'જીવરાજજી મહારાજ' ને નીચેથી કોઈક જંગલનું જનાવર ખાઈ ગયું હતું. જંગલમાં જાનવર ઘુસી ગયા હતા. કારણ કે એ તો ખુલ્લું હતું ને. એ વખતે તો... શું કહેવાય એને ? વંડી. વંડી પણ નહોતી. એકલું મકાન,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એકલું મકાન. જંગલમાં એકલું (મકાન). વંડી તો પછી થઈ. ખુલ્લું. એમાં 'જીવરાજજી' નીચે કોઈ શિયાળ કે કોઈ જંગલી જાનવર નીચે ઘુસી ગયું હતું. જંગલ હતું, તદ્દન જંગલ. મકાન તો ક્યાં હતા ? અહીંયા ૩૬મે વર્ષે સાંભળે તો ખરા. એ ખ્યાલમાં આવ્યું હતું, હોં ! ૬ અને ૩ = ૯ ! આ ૩૬મા વર્ષે વીતરાગનો માર્ગ કાંઈક સાંભળે (તો ખરા).

(અહીંયા) કહે છે કે મોક્ષ સમજાય છે, મોક્ષ થતો નથી. સમજાય છે ? તે એવી રીતે કે જીવ શુદ્ધ સ્વરૂપી છે. ભગવાનઆત્મા તો પરમ શુદ્ધ સ્વભાવે વસ્તુ છે. શુદ્ધ સ્વરૂપી છે. અશુદ્ધ સ્વરૂપી તો માન્યતામાં કર્યું હતું. આહા..હા...! ત્રિકાળ વસ્તુ શુદ્ધ સ્વરૂપ જ છે. જીવ શુદ્ધ સ્વરૂપ છે તેને બંધ થતો નથી. શુદ્ધ સ્વરૂપમાં અશુદ્ધતા આવતી જ નથી. બંધનો અર્થ શુદ્ધ સ્વરૂપી ભગવાનમાં ભાવબંધ અશુદ્ધતા થતી જ નથી. આહા..હા...! જુઓને! વાત કેવી કરી છે ! દિગંબર આચાર્યોએ એમ માન્યું છે એમ કરીને સંતોની વાત સત્ય પરમ પ્રસિદ્ધ કર્યું છે. સમજાય છે કાંઈ ? આવી વાત બીજે ક્યાંય હોતી નથી.

કહે છે કે શુદ્ધ સ્વરૂપી છે તેને બંધ થયો નથી. તો પછી મોક્ષ થવાપણું ક્યાં રહે છે ? જ્યાં બંધ થયો નથી પછી મોક્ષ થવો ક્યાંથી આવ્યો ? આહા..હા...! સમજાય છે કાંઈ ? માર્ગ આ છે. આહા..હા...! કહે છે કે શુદ્ધ સ્વરૂપી છે તેને અશુદ્ધતા થઈ જ નથી. બંધ થયો નથી એનો અર્થ શું ? અશુદ્ધતા છે જ નહિ, અશુદ્ધતા થઈ જ નથી. આહા..હા...! તો પછી મોક્ષ થવાપણું ક્યાં રહે છે ? આ હિન્દી હશે, આપણે હિન્દી છે. 'વડવા' વાળા પંડિતે કર્યું છે. 'જગદીશ'. આપણે અહીંયા આ ચાલે.

પરંતુ એણે માન્યું છે. જુઓ ! ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપી બંધમાં છે જ નહિ. શુદ્ધ છે તે અશુદ્ધ થયું જ નથી, એમ કહે છે. છતાં માન્યું છે કે હું બંધાણો છું. માન્યતામાં બંધ થયો છે એમ માન્યું છે. કેમ કે વસ્તુ તો શુદ્ધ ત્રિકાળી જ્ઞાયકભાવ છે. એણે માની રાખ્યું છે કે રાગ સહિત છું, રાગ સહિત છું, બંધ સહિત છું. એવી માન્યતા હતી. આહા..હા...! 'મણિભાઈ' ! કહો, સમજાય છે આમાં ? સમજાય છે એ એમારી ગુજરાતી ભાષા છે. સમજાય છે કે નહિ ?

માન્યું છે કે હું બંધાયો છું. ભાષા જુઓ ! માન્યું છે કે હું અશુદ્ધ છું, હું અશુદ્ધ છું. અશુદ્ધ છું કે બંધાયો છું, એક જ વાત છે. સમજાય છે કાંઈ ? એ માનવાપણું વિચાર વડે કરી સમજાય છે. એ માન્યું હતું. ભગવાન શુદ્ધ સ્વરૂપી પ્રભુ, એ શુદ્ધ તે દ્રવ્ય વસ્તુ અશુદ્ધ થઈ જ નથી પણ માન્યતામાં માન્યું કે હું અશુદ્ધ છું. એવી માન્યતામાં હું બંધ (સ્વરૂપ છું એમ માન્યું હતું). અશુદ્ધ કહો કે બંધ કહો, એક જ વાત છે. હું બંધ સહિત છું એમ માન્યું હતું એ માનવાપણું વિચાર વડે કરી સમજાય છે. બીજા કોઈ ક્રિયાકાંડ નહિ કે આ વ્યવહાર કષાયની મંદતા, વ્રતની ક્રિયા કરી તેનાથી આ (થયું) એમ નહિ. શેઠ ! આ તમારા દાન.. શેઠિયાઓ બધા દસ-વીસ હજાર દાન આપે. ઇ થોડા આપે, એટલું બધું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ આપે નહિ. લાખ, બે લાખ, પાંચ લાખ ન આપે. દસ-વીસ હજાર ખર્ચે. લાખ રૂપિયા હમણા ખર્ચ્યા હતા ને ? સમજાય છે કાંઈ ? પચાસ-સાંઈઠ લાખવાળા કાંઈ પચાસ લાખ આપી દે ?

અહીં તો કહે છે કે મારા છે એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ તો ઠીક પણ એમાં જે રાગ છે એ રાગસહિત છું, રાગસહિત છું, હું બંધાયેલો છું એવી માન્યતા મિથ્યાત્વમાં છે. એ વિચાર વડે (સમજાય છે). ઓ..હો...! આ ચીજમાં બંધ છે જ નહિ, એમાં અશુદ્ધતા છે જ નહિ. સમજાય છે કાંઈ ? કલ્પના હતી, માન્યતા (હતી). આહા..હા...! સમજાય છે કાંઈ ? મિથ્યા માન્યતા. બંધ સહિત છું. ખરેખર એ એનો વિષય થયો જ નથી. સમજાય છે કાંઈ ? મિથ્યા માન્યતાનો એ વિષય થયો નથી. આહા..હા...! માન્યું કે હું અશુદ્ધ છું, હું બંધ છું. આહા..હા...! એ મિથ્યાત્વ વિચાર વડે કરીને સમજાય છે. જ્ઞાન દ્વારા સમજાય છે કે હું બંધ નથી. જુઓ ! હજી સમ્યગ્દર્શનની, સમ્યગ્જ્ઞાનની વાત ચાલે છે, ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે.

શ્રોતા :– ગુરુના જ્ઞાન દ્વારા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આત્મા દ્વારા. આત્મા ગુરુ, આત્મા તીર્થ, આત્મા દેવ અને આત્મા ધર્મ, આત્મા દેવ. કહો, સમજાય છે કાંઈ ? એવી વાત છે. છે કે નહિ ? પાનું છે કે નહિ ? તે સમજાય છે કે મને બંધન નથી. આહા..હા...! જુઓ ! એ વસ્તુ, જુઓ ! અશુદ્ધ અશુદ્ધ હું છું, એવી મિથ્યાત્વની માન્યતા હતી. માન્યતા હતી, હોં ! આહા..હા...! કઈ શૈલી, જુઓ તો ખરા ! એ વસ્તુની. સ્વતંત્ર વસ્તુ એવી છે. એ તત્ત્વમાં અશુદ્ધતા કેવી ? ભાવબંધ કેવો ? ભાવબંધ હું છું એવી માન્યતા તો ઊભી કરી હતી. તેમાં નથી. સમજાય છે કાંઈ ? એવી માન્યતા ઊભી કરી હતી. આહા..હા...! બનાવટી. શાહુકાર ના એના વેષ કરે છે કે નહિ ? બનાવટી વેષ અજ્ઞાનીએ ઉભો કર્યો છે. આહા..હા...! તેનું સ્વરૂપ તો મુક્ત છે. રાગ અને વિકલ્પના બંધથી રહિત છે. આહા..હા...! એ... 'મનસુખભાઈ' ! સમજાય છે કે નહિ ? આ તમારા રાજકુમારને આવું ઝીણું સમજાય છે કે નહિ ? ન્યાં 'પાલેજ' માં કાંઈ મળે એવું નથી.

શ્રોતા :– હવે અહીં લેવા આવ્યા છે ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો 'મનસુખભાઈ' બહુ કહે એને.

શ્રોતા :– એકવાર માલ ચાખી જાય તો વારંવાર આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એને જિજ્ઞાસા થઈ ત્યારે આવ્યા ને. આ..હા..હા...! શું પણ વાત ! દરિયા અંદર ડોલ્યા ! આનંદકંદ પ્રભુ છે. એવી જ્યાં માન્યતા જ્ઞાનથી થઈ કે મને બંધન નથી. કેમ કે બંધ અને અશુદ્ધતા તો ભિન્ન તત્ત્વ છે. તેની દ્રવ્ય સાથે એકતા નથી. સમજાય છે કાંઈ ? તે મને બંધન નથી. અર્થાત્ મને અશુદ્ધતા નથી. આહા..હા...! એ..ઇ..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'જયકુમારજી' ! બહુ સરસ ? આ તમારી બધી ગડબડમાંથી આ બધી વાત (આવી). આ પાનું વાંચવાનો ભાવ .... 'જ્ઞાનચંદજી' ચાલ્યા ગયા. એ તો રોકાઈ ગયા. એને તો જિજ્ઞાસા છે. આહા..હા...! શું કહે છે ?

દિગંબર આચાર્યોનું એમ માનવું છે કે જીવનો મોક્ષ થતો નથી. આહા..હા...! કેમ કે એનામાં અશુદ્ધતા રૂપી બંધનભાવ નથી. માન્યતા રૂપે માન્યું હતું કે હું અશુદ્ધ અને ભાવબંધ રૂપે છું, એ જ્ઞાન વડે સમજાયું કે હું રાગ નથી, અશુદ્ધતા હું નથી. હું તો ત્રિકાળી આનંદકંદ છું. 'ચીમનભાઈ' ! આ તો સમજાય એવું છે, હોં ! સાદી ભાષામાં છે પણ ભાવ ભલે ઊંચા હો. આહા..હા...!

મને બંધન નથી. ધર્મીને જ્યાં સ્વભાવ ઉપર દૃષ્ટિ પડી ત્યાં એ તો મુક્તસ્વરૂપ છે, મને બંધન છે જ નહિ. આહા..હા...! અશુદ્ધતા છે જ નહિ. બંધન કહો કે અશુદ્ધતા કહો, એક વાત છે કે નહિ ? એ..ઇ..! 'ધન્નાલાલજી' ! અશુદ્ધતા કહો કે બંધન કહો, બે એક વાત છે કે ફેર છે ? ભાઈ ! આસ્રવ સહિત છું એમ કહો, બંધ સહિત છું કહો, હું બંધાયેલો છું, હું અશુદ્ધતા સહિત છું કહો, એ માન્યતા હતી. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ માનવાપણું શુદ્ધ સ્વરૂપ સમજાયાથી રહેતું નથી. આવી માન્યતા શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્મા જણાયો તો એ માન્યતા–અશુદ્ધ છું, ભાવબંધ છે, એ વાત રહેતી નથી. સમજ મેં આયા ? જુઓ ! સમ્યગ્દૃષ્ટિની ધ્યેય વસ્તુ બંધરહિત છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

આમાં એવું લખ્યું છે, શુદ્ધસ્વરૂપ સમજવાથી, પણ સમજાયાથી જોઈએ. મૂળ શબ્દ બીજે ઠેકાણે એમ શબ્દ હતો. એ માનવાપણું–જે મિથ્યાત્વની ગાંઠ હતી કે હું અશુદ્ધ છું, અશુદ્ધ તત્ત્વ તો ભિન્ન છે, તો જ્ઞાયક સાથે માન્યતાથી અશુદ્ધતા ભેળવી. આહા..હા...! સમજાય છે કાંઈ ? માને છે. તો એ માન્યતા શુદ્ધ સ્વરૂપ સમજાયાથી રહેતી નથી. અર્થાત્ મોક્ષ સમજાય છે. મોક્ષ સમજાય છે, મોક્ષ સમજાય છે, મોક્ષ થતો નથી. સમજાય છે કાંઈ ? પંડિતજી !

આ વાત શુદ્ધનયની નિશ્ચયનયની છે. વાસ્તવિક તત્ત્વદૃષ્ટિનો વિષય છે. પર્યાયાર્થિકનયવાળાઓ એને વળગી આચરણ કરે તો રખડી મરે. રાગ ઉપર લક્ષ છે, પર ઉપર લક્ષ છે અને પછી આચરણમાં કહે કે અમે શુદ્ધ છીએ, શુદ્ધ છીએ. એમ કહીશ મરી જાઈશ, ચાર ગતિમાં રખડીશ, એમ કહે છે. આ તો 'શ્રીમદ્ રાજચંદ્ર', ૪૯૮ પાને છે. ૩૨ મું વર્ષ, ૪૯૮ પાનું. એમાં વર્ષ (પ્રમાણે) છે ને ? સમજાય છે કાંઈ ? ઠીક આવ્યું. આહા..હા...!

એક તત્ત્વમાં બીજા તત્ત્વને માન્યું હતું એમ કહે છે. એક તત્ત્વમાં બીજું તત્ત્વ મારું છે એમ માન્યું હતું, થયું નથી, એમ કહે છે. જ્ઞાયક તો જ્ઞાયક જ ત્રિકાળ રહ્યો છે. 'પ્રવચનસાર' માં આવે છે ને ? ભાઈ ! 'પ્રવચનસાર' માં ૨૦૦ મી ગાથા. છેલ્લે (આવે છે). ભગવાનઆત્મા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાયક શુદ્ધ તો શુદ્ધ જ રહ્યો છે, જ્ઞાયક તો જ્ઞાયક જ રહ્યો છે. અન્ય રીતે અધ્યવસિત થયો છે. એ વાત અહીંયા (છે). ઓ..હો..હો...! ઠીક ! ... આ તો અત્યારે ખ્યાલ આવ્યો. ક્યાંનું ક્યાં... લ્યો, ૨૦૦ ગાથા જુઓ !

શુદ્ધ આત્મા સહજ અનંત શક્તિવાળા જ્ઞાયકભાવ વડે એકરૂપતાને છોડતો નથી. અનાદિ સંસારથી આ સ્થિતિએ જ્ઞાયકભાવપણે રહ્યો છે. ટીકા 'અમૃતચંદ્રાચાર્યદેવ' ની છે. ૨૦૦ ગાથા. 'પ્રવચનસાર' ૨૦૦ ગાથાની ટીકા. શું કહ્યું ? હું તો અનાદિ સંસારથી જ્ઞાયકભાવપણે જ આત્મા રહ્યો છે. ટીકામાં છે. સમજાય છે કાંઈ ? અને એમ હોવા છતાં મોહ વડે અન્યથા અધ્યવસિત થાય છે. લ્યો, ભાઈ ! આ તો બરાબર આવ્યું. સમજાય છે કાંઈ ? આચાર્યે દિગંબર આચાર્યે એ વાત લીધી. ક્યાંનું ક્યાં આવ્યું, લ્યો ! આ તો ખબર પણ નહિ, હોં ! આચાર્યોએ (કહ્યું) કે આત્મા તો જ્ઞાયકભાવ જ રહ્યો છે. એ જ્ઞાયક મટીને અન્યથા થયો નથી. અનાદિથી. પણ મોહ વડે નામ મિથ્યાત્વ દ્વારા... ઓ..હો...! જુઓ ! વાહ ! ક્યાંનું ક્યાં મળ્યું, જુઓ ! કુદરતે ક્યાં (મળ્યું) ! મોહ–મિથ્યાત્વ વડે અન્યથા અધ્યવસિત થાય છે. મિથ્યાત્વ વડે બીજી રીતે જાણવામાં આવે છે. કલ્પના. સમજાય છે કાંઈ ? જુઓ ! આ 'અમૃતચંદ્રાચાર્યદેવ' ની ટીકા. દિગંબર સંતોએ એમ કહ્યું કે જ્ઞાયક તો જ્ઞાયક જ રહ્યો છે. સમજાય છે કાંઈ ? પણ મિથ્યાત્વ દ્વારા અન્યથા અધ્યવસિત, અન્યથા નિર્ણય અજ્ઞાનીએ કર્યો છે. (પરંતુ) એમ છે નહિ. 'મૂળચંદભાઈ' ! આ એવી વાતું છે. આહા..હા...! દિગંબર સંતોએ કેવળજ્ઞાનના પેટ ખોલીને મૂક્યા છે પણ એની દૃષ્ટિ જાતી નથી અને આ વાત અંદર પેસતી નથી. અંદર ખટક.. ખટક (રહે છે). હું અશુદ્ધ છું, હું અશુદ્ધ છું, હું અશુદ્ધ છું. સમજાય છે કાંઈ ?

શ્રોતા :– ગુરુ મળશે ત્યારે બેસશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આત્મા અંદરમાં ધ્યાન કરશે તો બેસશે. ત્યારે ગુરુ મળ્યા એમ વ્યવહારે આરોપ દેવામાં આવે છે. નિશ્ચય થયો તો વ્યવહારમાં આરોપ દેવામાં આવે છે. સમજાય છે કાંઈ ?

જુઓ ! સંસ્કૃત છે, હોં ! '......' માન્યું હતું. આ હું, મારી માન્યતામાં જે હતું કે હું અનેરો અધ્યવસાય કર્યો કે હું અશુદ્ધ છું, એ મોહને હું ઉખેડી નાખું છું. એ મોહને હું છોડી દઉં છું. હું અશુદ્ધ છું નહિ. એ.. 'વજુભાઈ' ! જુઓ ! અહીંની સાક્ષી આપી. આચાર્યોએ ક્યાં કહ્યું છે ? આ કહ્યું છે, ભાઈ ! ૨૦૦ મી ગાથામાં કહ્યું છે, લ્યો ! સમજાય છે કાંઈ ? અહીં વળી સાક્ષી મળી ગઈ. ક્યાંનું ક્યાં આવ્યું. ઓ..હો...! અન્ય રીતે અધ્યવસિત થાય છે. એમ થયું નથી. છે તો જ્ઞાયકરૂપી જ્ઞાયકભાવ. મિથ્યાત્વથી અનેરો અધ્યવસાય–નિર્ણય કર્યો છે. એ મોહનો નિર્ણય છોડી દે. છે તે છે. સમજાય છે કાંઈ ?

આપણે અહીંયા આવ્યું, જુઓ ! અહીં રાગાદિરહિત (કહ્યું છે) એમાં બધું આવ્યું. સમસ્ત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રાગાદિથી રહિત. એટલે કોઈ એમ કહે કે એ રાગાદિ... અરે...! સાંભળ તો ખરો ત્રિકાળ રાગથી રહિત જ છે. સમજાય છે કાંઈ ? ભગવાનઆત્મા ચૈતન્ય જ્ઞાયકભાવ તો ત્રિકાળ એવો ને એવો રહ્યો છે. મોહ દ્વારા, મિથ્યાત્વ દ્વારા જે અન્યથા નિર્ણય કર્યો હતો કે હું અશુદ્ધ, હું અશુદ્ધ, હું ભાવબંધ છું - એમ (નિર્ણય) કર્યો હતો તે છોડી દીધો. તે સમસ્ત રાગાદિથી રહિત થવાને કારણે. શુદ્ધ ઉપાદાન કારણભૂત હોવાથી. એ પર્યાય. પર્યાયમાં અશુદ્ધતા હું છું, એવી જે દૃષ્ટિ હતી એ છૂટી ગઈ. કેમ કે ત્રિકાળ સ્વભાવ તરફનું ધ્યેય-વિષય કરવાથી. તેને ધ્યેય બનાવવાથી છૂટે છે. છૂટે છે. છોડતો નથી, છૂટી જાય છે. આહા..હા...! ભ્રાંતિ-ભ્રમ જે છે કે હું અશુદ્ધ છું, બંધ છું, તેની જે ઉત્પત્તિ થઈ છે તે ઉત્પત્તિનો નાશ તો બીજે સમયે સહજ થાય જ છે. કરવો પડતો નથી. તેમાં નિમિત્તપણું પણ નથી. શું કહ્યું ?

ફરીને, જે મોહથી એકત્વ માન્યું હતું એવી જે એક સમયની પર્યાય બીજે સમયે વ્યય થશે, થશે ને થશે જ. એમાં કોઈ આત્માનો પુરુષાર્થ કર્યો તો નિમિત્ત થયો અને નાશ થયો એમ નથી. ક્ષણિકના અર્થમાં થોડો મર્મ છે કે આ મોહ જે અધ્યવસાય નિશ્ચિત કર્યો હતો એ ભાવ તો ભાવ છે. હવે એ તો પર્યાય છે તો બીજે સમયે પર્યાયનો નાશ થાય છે, પણ એ પર્યાયમાં પોતાના શુદ્ધ ધ્યેયનું પરિણમન થઈને, જે મિથ્યાત્વની ઉત્પત્તિ થવાની હતી તે ન થઈ તેને મિથ્યાત્વનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આ મર્મ છે. એ..! 'હીરાભાઈ' ! કહો, સમજાય છે કાંઈ ?

શુદ્ધ ઉપાદાન પર્યાયે ધ્રુવને ધ્યેયમાં લીધો કે હું તો શુદ્ધ ત્રિકાળ જ્ઞાયકભાવ છું. એમ લીધું તો મિથ્યાત્વની ઉત્પત્તિ થઈ નહિ. પહેલા જે મિથ્યાત્વ હતું તે તો તેને કારણે નાશ થાય જ છે. એ તો પર્યાયનો ધર્મ છે કે બીજે સમયે રહે નહિ. સમજાય છે કાંઈ ? પણ જે મિથ્યાત્વનો નિર્ણય હતો એ જ્ઞાયકભાવનો નિર્ણય-સન્મુખ થયો તો મિથ્યાત્વની ઉત્પત્તિ થઈ નહિ તેને મિથ્યાત્વનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહા..હા...! નાશ કોને કરે ? ભગવાનઆત્મા નાશ કરે એવું તો આત્મામાં છે નહિ. રાગના નાશનું કર્તાપણું આત્મામાં છે નહિ. નાશનું કર્તાપણું એમાં નથી, હોં ! આવી ચીજ છે. સમજાય છે કાંઈ ? ઘણી વાત કરી, હોં !

પહેલા બોલમાં એમ લીધું, શરૂઆતમાં લીધું ને કે કર્તા-ભોક્તા નથી, ભાઈ ! પહેલા શરૂઆતમાં આવ્યું ને ? અકર્તૃત્વ-અભોક્તૃત્વ પહેલા (આવી ગયું). એમાં એમ લીધું કે ભગવાનઆત્મા જેમ અહીંયા અધ્યવસાયથી માન્યું હતું, એમ ભગવાનઆત્મા ત્રિકાળી શુદ્ધ છે તે પરનો કર્તા તો નથી પણ રાગનો કર્તા પણ નથી. સમજાય છે કાંઈ ? જો રાગનો કર્તા દ્રવ્ય હોય તો ત્રિકાળી રાગ કરવામાં જ એની દૃષ્ટિ થઈ જાય, કદી સમ્યગ્દર્શન થાય નહિ. સમજાય છે કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ જ આવ્યું કે અશુદ્ધતા વિકાર જે છે એ તો માની રાખ્યું હતું કે મારો છે. એ દૃષ્ટિ છૂટી ગઈ તો આત્મા રાગનો કર્તા તો નથી પણ રાગનો નાશકર્તા પણ નથી. કેમ કે રાગના નાશકર્તામાં પણ આત્મા નિમિત્ત છે એમ છે નહિ. કર્તાપણામાં નિમિત્ત નથી તો નાશકર્તામાં પણ નિમિત્ત નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

એ રાગનો કર્તા અજ્ઞાનપણે માન્યું હતું. પરદ્રવ્યની પર્યાયનો તો કર્તા નહિ પણ પરદ્રવ્યની પર્યાયમાં જે રાગ અને કંપન નિમિત્ત થાય છે તેનો કર્તા જ્ઞાની નથી. અજ્ઞાની માને છે કે રાગ ને કંપન મારા છે. એવી માન્યતાવાળો જીવ બીજા દ્રવ્યની પર્યાયના કાળમાં એ માન્યતાવાળા જીવની પર્યાય નિમિત્ત થાય છે. નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ તો એની એ વાત ઉભી થઈ.

રાગ અને કંપન છે તે અશુદ્ધતા છે, લ્યો ! બરાબર છે ? અશુદ્ધતા સહિત છું એવી જેની માન્યતા છે તે મિથ્યાદૃષ્ટિનો રાગ અને કંપન અશુદ્ધ પર્યાય, દૃષ્ટિ ત્યાં છે તે કારણે જગતની, જડની પર્યાય થાય છે તેમાં અજ્ઞાનીના (રાગને) નિમિત્તકર્તાનો આરોપ આપે છે. જ્ઞાની તો નિમિત્તકર્તા પણ નથી. આ..હા..હા...! કેમ કે રાગ અને કંપનથી ભિન્ન (છે). એ અશુદ્ધભાવ છે ને ! ભાવબંધ છે ને ! તો ભાવબંધ તો માન્યો હતો એ માન્યતા છૂટી ગઈ. હું તો જ્ઞાયક શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છું. એવી દૃષ્ટિ થઈ તો કંપન અને રાગથી મુક્ત થયો. એ રાગનો કર્તા પણ નથી અને રાગનો નાશકર્તા પણ નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...! ભારે વાત, ભાઈ ! ઓ..હો...!

કહે છે, શુદ્ધ ઉપાદાન હોવાથી મોક્ષનું કારણ છે. કોણ ? જે ત્રણ ભાવરૂપ મોક્ષમાર્ગ તે અંતર ધ્રુવ સ્વભાવનું અવલંબન લઈને મિથ્યાત્વની પર્યાયનો નાશ થઈ ગયો, ઉત્પન્ન ન થયું તે, તો સમ્યગ્દર્શન-જ્ઞાનની શાંતિની પર્યાય ઉત્પન્ન થઈ તે ત્રણ ભાવરૂપે છે. તે શુદ્ધ ઉપાદાન કારણભૂત પર્યાય છે. મોક્ષનું કારણ એ છે. મોક્ષનું કારણ છે. જુઓ ! રાગાદિ વિકલ્પ-ફિકલ્પ મોક્ષનું કારણ નથી. મોક્ષના કારણ બે છે એમ નથી, એમ અહીંયા લીધું. મોક્ષનું કારણ એક જ છે, બીજું મોક્ષનું કારણ નથી. આહા..હા...! કોણ જાણે એવા ગડબડ કરે છે ને ! મોક્ષનું કારણ કહ્યું છે. અરે...! સાંભળ તો ખરો. એ તો કથનની શૈલી છે. નિરૂપણ બે પ્રકારે છે, વસ્તુ બે પ્રકારે નથી. શું કહે છે ? જુઓને ! કારણ કે વ્યવહાર રત્નત્રય તો ઉદયભાવ છે. સમજાય છે કાંઈ ? ઉદયભાવ સહિત છું એમ જ્યાં સુધી માને છે ત્યાં સુધી તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! સમજાય છે કાંઈ !

અહીંયા તો ઉદયભાવ તો નહિ પણ આ એક સમયની શુદ્ધ પર્યાય થઈ તેનાથી રહિત મારી ચીજ છે. એવી દૃષ્ટિ થઈ તો નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ. મલિન પર્યાય ઉત્પન્ન ન થઈ અને નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ એ મોક્ષનું કારણ નિર્મળ પર્યાય છે. નિશ્ચય મોક્ષમાર્ગ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાય તે જ મોક્ષનું કારણ છે, વ્યવહાર રત્નત્રય મોક્ષનું કારણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી, એમ અહીંયા સિદ્ધ કરી દીધું છે. એમાં છે કે નહિ ? આહા..હા...!

શ્રોતા :– છે એ અમને તો દેખાયું નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હવે જુઓ. જોનારો જોશે. બીજો કોણ જોશે ? સમજાય છે કાંઈ ?

શ્રોતા :– તેથી તો તમારી પાસે આવ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પાસે તો પોતાની સમીપ જવું તે પાસે જવું છે. આહા..હા...!

પરંતુ શુદ્ધ પારિણામિકભાવ નહિ. મોક્ષનું કારણ ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? મોક્ષનું કાર્ય, તેનું કારણ પારિણામિક ધ્રુવ ચીજની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા જેને અહીંયા ત્રણ ભાવ કહ્યા તે મોક્ષનું કારણ છે. વ્યવહાર મોક્ષનું કારણ નથી, દ્રવ્ય મોક્ષનું કારણ નથી. શું કહ્યું ? વ્યવહાર કારણ નથી એ તો રાગાદિ રહિતમાં આવી ગયું. હવે અહીં શુદ્ધ પારિણામિક નથી એમાં દ્રવ્ય આવી ગયું. સમજાય છે કાંઈ ? ભારે પણ અલૌકિક ગાથા ગોઠવી છે, હોં ! વસ્તુના સ્વરૂપના આધારે જંગલમાં રહીને... આહા..હા...! ખજાના ખોલી દીધા છે, ખજાના ! આહા..હા...!

એ શુદ્ધ પારિણામિક નહિ. શું નહિ ? એ મોક્ષનું કારણ નહિ. કોણ ? ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ મોક્ષનું કારણ નથી. એ તો ત્રિકાળ મોક્ષ સ્વરૂપ જ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! જે શક્તિરૂપ મોક્ષ છે, લ્યો ! હવે પેરેગ્રાફ આવ્યો. જે શક્તિરૂપ મોક્ષ છે. શક્તિ એટલે પૂર્ણ મુક્ત સ્વરૂપ ધ્રુવ છે એ મોક્ષ તો પહેલેથી છે. અનાદિથી એ તો શુદ્ધ પારિણામિક છે. શક્તિરૂપ મોક્ષ જે ત્રિકાળ છે, જે અહીંયા કહ્યો કે આત્માની મુક્તિ થતી નથી. મુક્ત છું એમ સમજાય છે. રાગથી બંધાયો નથી, માન્યતામાં હતું કે રાગથી બંધાયો છું, અશુદ્ધતાથી બંધાયો છું. આહા..હા...! જુઓ ! દૃષ્ટિના વિષયમાં ક્યાં જોર જાય છે ? અને પેલામાં પર્યાયમાં જોર જાય છે એની એને ખબર પડતી નથી. એ.. 'જયકુમારજી' ! સૂક્ષ્મ ભાવ છે.

શાસ્ત્રથી ચર્ચા કરતા કરતા તો દોષ જોયા. હવે, સાંભળ તો ખરો. આહા..હા...! આવે એ જાણે, જણાય. એ જણાય. એનું જોર શું ? જણાય છે માટે દોષનો નાશ થાય છે ? દોષના નાશની ઉત્પત્તિ તો સ્વભાવનો આશ્રય લે છે તો ઉત્પત્તિ થતી નથી. સમજાય છે કાંઈ ? એ તો વ્યવહારના કથન એવા આવે. દોષની ઉત્પત્તિ ન થાય તે કોના આશ્રયે ? ભગવાન ચિદાનંદ પ્રભુ શુદ્ધ ધ્રુવનું માહાત્મ્ય આવ્યું અને તેની ઉપર દૃષ્ટિ પડી તો (દોષ) ઉત્પન્ન થતા નથી. જેટલા અંશે અંતર એકાગ્રતા થાય છે તેટલે અંશે અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી. અશુદ્ધતાના નાશનો ઉપાય આ આત્મદ્રવ્ય છે. સમજાય છે કાંઈ ?

કહે છે કે જે શક્તિરૂપ મોક્ષ છે... આ તો મોક્ષનું કારણ કહ્યું ને ? તો મોક્ષ શું ? જે પર્યાયમાં મોક્ષ થાય છે તેની વાત ચાલી. અને શક્તિરૂપ જે મોક્ષ ત્રિકાળ છે, પહેલા જે કહ્યું કે મોક્ષરૂપ જ પારિણામિક સ્વભાવ છે. એ તો ત્રિકાળ મોક્ષસ્વરૂપ જ છે. એ તો શુદ્ધ પારિણામિક છે. એ તો પ્રથમથી જ વિદ્યમાન છે. એ મોક્ષ તો પ્રથમથી જ ત્રિકાળ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વિદ્યમાન છે. આહા..હા...! અનાદિથી છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! અમારા 'રાજમમલજી' બહુ ખુશી થાય છે. જુઓ !

પ્રથમથી જ વિદ્યમાન છે. શું કહે છે ? મોક્ષ તો પહેલેથી છે, શક્તિરૂપ મોક્ષ તો પહેલેથી છે. આહા..હા...! સમજાય છે ને ? '' '' ક્યાં ગયા ? પાનું છે કે નહિ ? સારું. એ તો અનાદિની ભૂલ હોય, હોય તો શું છે ? મારામાં ભૂલ જ નથી અહીં તો એમ કહે છે. સમજાય છે કાંઈ ? ભૂલ જ નથી, ભગવાનમાં ભૂલ કેવી ? ભગવાનને ભૂલવાળો માનવો એ મિથ્યાત્વભાવ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

શ્રોતા :– આપ શું કહો છો તે કાંઈ સમજાતું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અચ્છા. એમ કહી રહ્યા છીએ કે ***ભગવાન શુદ્ધ સ્વરૂપી પ્રભુને અશુદ્ધ કહેવો, ભૂલવાળો કહેવો, ભૂલવાળું દ્રવ્ય કહેવું એ મિથ્યાત્વભાવ છે. આહા..હા...!*** એ તો અશુદ્ધતા રહિતને અશુદ્ધતા માનવી કે ભૂલરહિતને ભૂલસહિત માનવું બન્ને એક જ ચીજ છે. આ તો બીજી રીતે કથન થયું. આહા..હા...! કહે છે કે આવો મોક્ષનો માર્ગ ? આવી કથા હશે ? એમાં આમ ને તેમ ને ફલાણું...

શ્રોતા :– 'કુંદકુંદાચાર્યદેવે' તો પાંચમી ગાથામાં પ્રતિજ્ઞા કરી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હું તો શુદ્ધ સ્વરૂપ કહીશ. તો કેવું શુદ્ધ છે ? - કે જેમાં પ્રમત્ત-અપ્રમત્ત પર્યાય નથી એવો એ શુદ્ધ છે. એ છઠ્ઠી ગાથાથી શરૂ કરી દીધું છે. કેવો શુદ્ધ છે કે જેને જાણવો જોઈએ ? ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' ઉત્તર આપે છે. પરમેશ્વર છે ને ! આચાર્યપદમાં છે ને ! પંચ પરમેષ્ઠીમાં છે. આહા..હા...! તેને અમે શુદ્ધ કહીએ છીએ કે ***જેમાં પ્રમત્ત અને અપ્રમત્ત, નિર્મળ પર્યાય અને મલિન પર્યાય જેમાં નથી તેને અમે શુદ્ધ કહીએ છીએ. પ્રમત્ત-અપ્રમત્ત ચૌદ ગુણસ્થાન જ જેમાં નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? તેને અમે શુદ્ધ કહીએ છીએ.*** એ શુદ્ધ તરફની સેવા કરવાથી નિમિત્તનું લક્ષ અને પરનું લક્ષ છોડીને દ્રવ્યના લક્ષમાં જે આવ્યો, સેવા કરી કે આ શુદ્ધ છે. સમજાય છે કાંઈ ? છતાં આ શુદ્ધ છે એવી પર્યાય પણ દ્રવ્યમાં નથી. આહા..હા...! એ તો એમાં ઘણું સ્પષ્ટીકરણ આવી ગયું. સમજાય છે કાંઈ ?

પ્રથમથી જ વિદ્યમાન છે. 'જ' (કીધું). ભગવાન ! તારી મુક્તિ તો પહેલેથી અનાદિથી છે.

શ્રોતા :– જૈનદર્શનમાં 'જ' નથી વપરાતો, મહારાજ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ 'જ' વાપર્યો છે, જુઓ ! આ ક્ષુલ્લકજીએ કહ્યું કે આમાં 'જ' આવ્યો છે. જોરદાર આવ્યું. 'જ' આવ્યો ને 'જ' ! નિત્ય છે તો નિત્ય જ છે. નિત્ય છે એટલે અનિત્ય પણ છે - એમ છે ? શુદ્ધ ધ્રુવ તે ધ્રુવ જ છે. વળી અશુદ્ધ પણ છે એમ છે નહિ. (આ) સમ્યક્ એકાંત. માર્ગ આવો છે, ભગવાન ! સમજમાં તો લે, વાત જ્ઞાનમાં તો લે. તેને ખ્યાલમાં તો લે કે માર્ગ... આહા..હા...! અલૌકિક માર્ગ લૌકિકમાં ક્યાંય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મળતો નથી. સંપ્રદાયમાં પણ દિગંબર સંપ્રદાય સિવાય વાત નથી. દિગંબર સંપ્રદાયમાં તો અત્યારે સંપ્રદાયના નામે શું થાય છે ? શરીરની ક્રિયાથી ધર્મ થાય છે, એવા તો પ્રશ્ન ચાલે છે. ગજબ વાત, પ્રભુ ! જૈનદર્શનમાં આવી વાત કલંક છે. આહા..હા...! એ..ઇ...! 'શોભાલાલજી' ! શરીરની ક્રિયાથી ધર્મ થાય છે. અરે..! ભગવાન ! શું કહે છે ? પ્રભુ ! આહા..હા...! અશુદ્ધતા દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી ધર્મ થાય છે તે પણ વસ્તુમાં નથી. આ..હા...! અને એ અશુદ્ધતા વસ્તુમાં નથી. અશુદ્ધતાથી ધર્મ થાય છે તે તો નહિ પણ એ અશુદ્ધતા વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ ? એવી વસ્તુની દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા મોક્ષનું કારણ છે, પરમ સ્વભાવ નથી. કેમ કે એ મોક્ષ તો ત્રિકાળ છે. આ તો વ્યક્તિરૂપ મોક્ષનો વિચાર ચાલી રહ્યો છે. પ્રગટરૂપ દશાની વાત ચાલી રહી છે. વિશેષ કહેશે... પેરેગ્રાફ પાછળ આવશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. વીતરાગ સ્વરૂપ આત્મા છે તેના આશ્રયથી વીતરાગતા પ્રગટે એ ધર્મ છે. કર્તા, કર્મ, કરણ આદિ છએ કારકો વીતરાગી ગુણ છે. ષટ્કારકથી સ્વતંત્ર પરિણમવું એવો આત્માનો ગુણ છે અને અનંતા ગુણોમાં તેનું રૂપ છે. વીતરાગપણે પરિણમવું એવો એનામાં ગુણ છે, રાગરૂપે થવું એવો એનામાં ગુણ નથી. અકર્તા થવું એ આત્માનો ગુણ છે. રાગનું ન કરવું, રાગને ન ભોગવવું એવા ગુણો આત્મામાં છે. આહાહા! વસ્તુની આવી જ મર્યાદા છે. વસ્તુ એની મર્યાદામાં જ રહે છે. મર્યાદા બહાર વસ્તુ જતી નથી. બધા આત્મા વીતરાગ સ્વરૂપ છે. રાગ એ તો પુણ્ય-પાપ તત્ત્વમાં જાય છે. આત્મા તો એકલો વીતરાગ જ્ઞાયકસ્વરૂપ છે એને જ્ઞાનપ્રધાનથી કહો તો જ્ઞાનસ્વરૂપ છે, દર્શનપ્રધાનથી કહો તો દર્શનસ્વરૂપ છે, ચારિત્રપ્રધાનથી કહો તો ચારિત્ર સ્વરૂપ છે, વીર્યપ્રધાનથી કહો તો વીર્યસ્વરૂપ છે, સ્વચ્છત્ત્વ, વિભુત્વ, પ્રભુત્વ આદિની પ્રધાનતાથી કહો તો પ્રભુત્વ આદિ સ્વરૂપ જ છે. આહાહા! આત્મા એકલો વીતરાગ સ્વભાવનો દરિયો છે. વીતરાગ કહો કે અકષાય સ્વભાવ કહો. સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય. સર્વજ્ઞસ્વરૂપની દૃષ્ટિ થઈ એટલે પર્યાયમાં જિન થયો, અમૃતનો સાગર ઊછળ્યો. ૩૮૬.**

**– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પ્રવચનસાર, ગાથા–૩૮, પ્રવચન નં. ૩૬
## તા. ૧૧-૦૨-૧૯૬૫
## [૧૦]

('પ્રવચનસાર'), ૩૮ (ગાથાનું) મથાળું. (અહીંયાં) કેવળજ્ઞાનને સિદ્ધ કરે છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં (૨૯મા સૂત્રમાં આવે) છે ને ? '**सर्वद्रव्यपर्यायेषु केवलस्य**' ! પંડિતજી ! આ તો 'તત્ત્વાર્થસૂત્ર'માં (આવે) છે. સર્વ દ્રવ્ય અને ત્રિકાળ પર્યાય કેવળજ્ઞાનમાં (જણાય છે). એ અહીંયાં કહે છે, જુઓ !

'**હવે અવિદ્યમાન પર્યાયોનું,...**' છે ? (અર્થાત્) દ્રવ્યમાં ભૂતકાળની અને ભવિષ્યની અવિદ્યમાન (પર્યાયો). આવો 'હીરાભાઈ' આવો. શું કહે છે ? જૈનદર્શનનો બહુ જ તાત્ત્વિક વિષય (આવ્યો છે). 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં 'ધર્માનુપ્રેક્ષા'માં આવ્યું છે ને ? (ત્યાં) 'ધર્માનુપ્રેક્ષા'માં (એમ કહ્યું છે કે) ધર્મના મૂળ કહેનાર–વક્તા 'સર્વજ્ઞ' છે. (એમ) 'ધર્માનુપ્રેક્ષા'માં આવ્યું છે, 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'. જેને સર્વજ્ઞનો જ્યાં સુધી યથાર્થ નિર્ણય નથી એને તો જિનશાસનની કોઈ ચીજનો નિર્ણય નથી. આહા...! એ 'ધર્માનુપ્રેક્ષા'માં આવ્યું છે, એ વાત આપણે થઈ ગઈ છે. જૈનધર્મનું મૂળ તો સર્વજ્ઞ છે.

બીજી રીતે કહીએ તો જીવનો સ્વભાવ જ સર્વજ્ઞ છે. 'સર્વજ્ઞશક્તિ' છે કે નહિ ? 'સર્વદર્શી, સર્વજ્ઞ (શક્તિ) !' આહા...! ચિતિ, દશિ, જ્ઞાન આદિ (શક્તિ) લ્યો ! એ શક્તિ પૂર્ણ છે. સ્વભાવ પરમાત્મસ્વરૂપ જ છે. સર્વજ્ઞસ્વરૂપી, સર્વદર્શિસ્વરૂપી, અનંત અમૃતરૂપ વિજ્ઞાનઘનસ્વરૂપી ! અનંત પ્રભુત્વસ્વરૂપી ! આ..હા..હા...! 'બેહદ' આવ્યું હતું ને ? આહા...! એવો એનો સ્વભાવ જ (છે). સર્વજ્ઞપ્રભુનો – આત્માનો દરેકનો (એવો સ્વભાવ) છે. અભવીનો સ્વભાવ પણ સર્વજ્ઞ છે ! આહા..હા...!

એ પ્રશ્ન (સંવત) ૧૯૮૫(ની સાલમાં) ઊઠ્યો હતો. 'મોહનલાલજી' એ 'મોહનમાળા' બનાવી. 'વઢવાણ' ભેગા થયા હતા. 'નારણભાઈ' ને દીક્ષા લેવાની હતી. 'મોહનમાળા' મોકલી હતી. ૧૯૮૫ ની વાત છે. કેટલા વર્ષ થયા ? પચાસ ! તે વખતે પ્રશ્ન ઊઠ્યો હતો કે જીવને અનાદિ(થી) મિથ્યાત્વ, મિશ્ર અને સમકિત એ ત્રણ પ્રકૃતિ હોય છે, એમ એણે 'મોહનલાલજી' એ કહ્યું. ભલે સમકિતમોહની ન હોય પણ બે તો હોય જ – (મિથ્યાત્વમોહની) અને મિશ્ર(મોહની). એટલે ભવિ જીવને સત્યાવીસ પ્રકૃતિ હોય છે. અભવીને અઠ્ઠ્યાવીસ હોય છે. મોહનીયની વાત સમજાય છે કાંઈ આમાં ? (એમણે એમ કહ્યું કે) ભવિ છે એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમકિત પામવાનો છે. માટે એને સમકિતમોહની, મિશ્રમોહની (અને મિથ્યાત્વમોહની) એમ અઠ્ઠ્યાવીસ પ્રકૃતિ હોય છે. (અને) અભવિને છવ્વીસ (પ્રકૃતિ) છે. (મેં કહ્યું) 'એમ નથી !' આ તો ૧૯૮૫માં ચર્ચા (થઈ હતી). 'મોહનલાલજી' 'લીંબડી' સંપ્રદાયના હતા ને ? નાના અપાસરામાં અગ્રેસર (હતા). તમે તો જાણો છો. 'મોહનલાલજી', 'મણિલાલજી'. સાંભળે. 'મોહનલાલજી' જરી તર્ક કરે. 'મણિલાલજી' એમ કહે, સાંભળો. મારી છાપ એવી હતી કે જો કદાચિત્ એ ના પાડે તો એનું ન માને, અમારું માને એવી છાપ હતી. તે દિ' હોં, પચાસ વર્ષ પહેલા. 'મણિલાલજી' કહે, બોલો નહિ, સાંભળો. એ શું કહે છે ?

મિથ્યાદૃષ્ટિને અનાદિની છવ્વીસ જ પ્રકૃતિ હોય છે. સત્તાવીસ અને અઠ્ઠાવીસ થાય એ સમકિત પામ્યા પછી. એને એમ કહેવું હતું કે (જે) સમકિત પામે છે અને કેવળજ્ઞાન પામે છે એને કેવળજ્ઞાનાવરણીય હોય. પણ કેવળજ્ઞાન નથી પામતા એને કેવળજ્ઞાનાવરણીય ન હોય. આમાં શું કીધું કાંઈ સમજાણું ? ભાઈ ! 'હીરાલાલજી' ! એણે એમ પ્રશ્ન મૂક્યો.... એણે મને ૧૯૮૦માં ચોપડી મોકલી હતી. બધે આપી હતી. પછી ૧૯૮૫માં ભેગા થયા ત્યારે વાત કરી કે 'તમારી આ વાત ખોટી છે.' એ તો મોટી દીક્ષાવાળા. હું હોઉં તો કોઈ વ્યાખ્યાન વાંચી શકે ને ! સાંભળે બધાં બેસીને !

(એમણે) કહ્યું કે 'કેવળજ્ઞાનાવરણીય અભવીને હોય નહિ.' કેમ (ન હોય) ? (કેમકે) એને કેવળજ્ઞાન થતું નથી. મેં કહ્યું, 'જૂઠી વાત છે !' (પછી મેં પૂછ્યું કે) 'તો અભવીને કેટલી (પ્રકૃતિ) હોય ?' તો કહે, 'ત્રણ (હોય).' મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય (એમ) ત્રણ હોય. (મનઃપર્યય અને કેવળજ્ઞાનાવરણીય) બે ન હોય. સાંભળ્યું ભાઈ ? પંડિતજી ! મેં કહ્યું, 'અભવીને પણ પાંચ પ્રકૃતિ હોય.' કેમકે અંદર એનું કેવળજ્ઞાનસ્વરૂપ છે. એટલે કેવળજ્ઞાનસ્વરૂપ અને કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ અભવીને પણ છે, ભાઈ ! ઝીણી વાત છે, બાપા ! ***આ તો અંદર પૂર્વના સંસ્કાર હતા તે અંતરથી આવતું હતું !*** આ તો પચાસ વર્ષ પહેલાની વાત છે !

એ કહે કે જેને કેવળજ્ઞાન ન થાય એને કેવળજ્ઞાનાવરણીય હોય નહિ. કારણ કે એને અંદર કેવળજ્ઞાન ક્યાં છે ? 'ચેતનજી' ! મેં કહ્યું, જૂઠી વાત છે. અભવીને પણ પાંચ આવરણ છે. મતિઆવરણ, શ્રુતઆવરણ, અવધિ, મનઃપર્યય અને કેવળ(જ્ઞાન આવરણ). (અભવીને કેવળજ્ઞાન) થતું નથી, એ જુદી વાત છે, પણ આવરણ પાંચ છે અને અંદર કેવળજ્ઞાન(સ્વરૂપ) છે. આ તો ૧૯૮૫ ની અને ૧૯૭૧ ની બધી જૂની વાતો પહેલા પણ કહી હતી. આહા..હા...! 'મણિલાલજી' ના પાડે એટલે પછી સામે બોલે નહિ. એ કહે, 'કાનજીમુનિ શું કહે છે, સાંભળો ! બહુ બોલશો નહિ. નહિતર લોકો તમારું નહિ માને ને એમનું માનશે ! એની પ્રસિદ્ધિ છે !' આ તો ૧૯૮૫ની વાત છે, હોં ! પંદર-સોળ વરસની દીક્ષા ! આહા...! મેં કહ્યું, 'એમ નથી, અભવીને પણ કેવળજ્ઞાનાવરણીય છે.' 'હીરાલાલ' આમાં કાંઈ સમજાય છે ? મારે આમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શું સિદ્ધ કરવું છે ? (કે) કેવળજ્ઞાન છે, સર્વજ્ઞપણું છે એનામાં. 'ચેતનજી' ! તેથી કેવળજ્ઞાનાવરણીય છે. આહા..હા...! મનઃપર્યયજ્ઞાન થતું નથી માટે મનઃપર્યયજ્ઞાનાવરણ ન હોય. (પરંતુ એમ નથી). પાંચેય છે. અભવીને પણ પાંચેય છે અને ભવીને (પણ પાંચેય છે). પછી બોલે નહિ. 'મોહનમાળા' પુસ્તક ૧૦૦૦ છપાવેલા એમાં આ છાપી દીધેલું કે અભવીને ત્રણ પ્રકૃતિ હોય અને બે ન હોય. અનાદિથી ભવીને સત્તાવીસ હોય અને અભવીને છવ્વીસ હોય. મેં કહ્યું, સત્તાવીસ હોય નહિ. અનાદિની છવ્વીસ જ હોય. (એમનું એમ કહેવું હતું કે) મિશ્ર અને સમકિત (મોહની) બન્ને હોય ને તો એ સમકિત પામી શકે. મેં કહ્યું, એ પ્રશ્ન ખોટો છે. ન્યાય સમજાય છે આમાં કાંઈ ? આહા..હા...! અભવી અને ભવી– બધા જીવો સર્વજ્ઞસ્વરૂપી જ છે, આ..હા..હા...!

લોકોને નિર્ણય કરવો નથી. સત્ય વસ્તુ શું છે ? ભગવાન શું કહે છે ? અને વસ્તુનો સ્વભાવ પણ શું છે ? (એનો) એણે તટસ્થ (થઈને), મધ્યસ્થ (થઈને) નિર્ણય કરવો જોઈએ. બાપુ ! આવા વખત કે દિ' મળશે ? આહા...!

અભવીને તમે છવ્વીસ પ્રકૃતિ કહો છો ને ભવીને સત્તાવીસ (પ્રકૃતિ) કહો છો, એ પણ ખોટું (છે) અને અભવીને ત્રણ આવરણ છે અને ભવીને પાંચ આવરણ છે, એ પણ ખોટું. વાત સમજાય છે ? કેમ (બધાં જીવોને પાંચેય આવરણ છે ?) (કેમકે) જ્યારે કેવળજ્ઞાનાવરણીય છે તો અંદર કેવળજ્ઞાન શક્તિ–સર્વજ્ઞ શક્તિ છે. તેથી તેને આવરણ છે. નિશ્ચયથી તો પોતાની હીણી દશા તે આવરણ છે. પણ કેવળજ્ઞાનાવરણીય નિમિત્તથી આવરણ કહેવામાં આવે છે, ભાઈ !

આપણે અહીંયા એ પ્રશ્ન ઊઠ્યો હતો. 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં (આવે) છે ને કે 'અપૂર્વ પુદ્‌ગલની શક્તિ કે જે કેવળજ્ઞાનાવરણીએ કેવળજ્ઞાનને રોક્યું !' એવો પાઠ છે. પુસ્તક હોય તો બતાવીએ. 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા' છે. (એમાં) એવો પાઠ છે. એ 'સોમચંદભાઈ' એ કાઢ્યું હતું. 'સોમચંદ અમથાલાલ'. 'જુઓ આ પુદ્‌ગલની (શક્તિ) !' (મેં કહ્યું) પુદ્‌ગલની શક્તિ એટલે આવરણ છે, એમ અહીંયા નથી કહેવું. અહીંયાં તો કહેવું છે કે પરમાણુઓમાં નિમિત્તપણે કેવળજ્ઞાનાવરણીય (રૂપે) પરમાણુ પરિણમે છે, એવી પર્યાય એને જ હોય છે. એવી પર્યાય પુદ્‌ગલમાં બીજે હોતી નથી. શું કીધું સમજાણું કાંઈ આમાં ? આવું ને આવું (સમજે)...! 'પુદ્‌ગલની અપૂર્વ કેવળજ્ઞાનાવરણીય શક્તિ કે જે કેવળજ્ઞાનને આવરે !' એમ પાઠ છે. એનો અર્થ કે નિમિત્તથી કથન છે. એ કેવળજ્ઞાનાવરણીય નિમિત્ત છે, અને અંદર પોતે હીણા ભાવપણે પરિણમે છે, એવું ભાવકર્મ છે, ત્યારે પેલું (કર્મ) નિમિત્ત (કહેવામાં આવે) છે. પણ એટલું લાંબું–લાંબું ન કહેતાં એમ કહેવામાં આવે. એક વાત (થઈ).

બીજી વાત કે જગતમાં ઘણા પ્રકારે પરમાણુઓ પરિણમે છે, એમાં જે કેવળજ્ઞાનાવરણીયપણે પરિણમે છે એ કોઈ અલૌકિક રીતે (પરિણમે) છે. સમજાણું કાંઈ ? બીજા પરમાણુઓ ગમે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તે રીતે પરિણમે–મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીયપણે, શાતા–અશાતા(પણે પરિણમે) પણ પરમાણુમાં કેવળજ્ઞાનાવરણીય જે પર્યાય થાય, એ એવી કોઈ પરમાણુ(ની) પર્યાયમાં શક્તિ (છે), આ..હા..હા...! કે અહીં કેવળજ્ઞાન છે તેના આવરણમાં નિમિત્ત કહેવામાં આવે છે. આહા...! આવી લાંબી વાતું...! મોટી ચર્ચા થઈ હતી. 'રામજીભાઈ' ને ખબર છે. 'સોમચંદ અમથાલાલ' સાથે.

અહીં તો એમ સિદ્ધ કરવું છે કે ભગવાન કેવળજ્ઞાન વડે ભૂત અને ભવિષ્યની પર્યાયો વિદ્યમાન નથી છતાં તેને જાણે છે, તેથી (તે પર્યાયો) અવિદ્યમાન હોવા છતાં, જાણવાની અપેક્ષાએ તે વિદ્યમાન છે તેમ કહેવામાં આવે છે. આ..હા..હા...! સમજાય છે કાંઈ ? તેથી તો એમ કહ્યું કે એ ન્યાય છે કે આ આત્મા અને પરમાણુઓ આદિ છ દ્રવ્ય છે એની અનંતી પર્યાયો વીતી ગઈ, એ અત્યારે નથી. વર્તમાન એક સમયની અનંતી (પર્યાયો) છે. એક સમયની એક (પર્યાય) છે પણ એક ગુણની એક છે તો અનંત ગુણની અનંતી છે. અનંતી એવી પર્યાય વીતી ગઈ, નષ્ટ થઈ ગઈ અને હજી અનંતી પર્યાય અનુત્પન્ન છે. ભવિષ્યની પર્યાય ઉત્પન્ન થઈ નથી. છતાં એ અપેક્ષાએ તેને અસદ્‌ભૂત, અભૂતાર્થ એમ કહેવામાં આવે. છતાં તે જ્ઞાનનો એવો સ્વભાવ છે (એટલે કે) કેવળજ્ઞાનનો એવો સ્વભાવ છે... આ..હા..હા...! કે એ અવિદ્યમાનને પણ વર્તમાન ભૂતાર્થ તરીકે જાણે (છે). 'છે' એમ એ જાણે છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? અરે...! આવો નિર્ણય કરે ત્યાં તો એને સર્વજ્ઞસ્વભાવી (પોતાના આત્માનો) નિર્ણય થઈ જાય ! વાત પણ લોકોને (રુચવી કઠણ છે). મૂળ ચીજ તો આ છે. જૈનદર્શનનું મૂળ તો આ છે.

ભાઈએ કહ્યું ને ? ક્રમબદ્ધમાં નાખ્યું ને ? હમણા બોલ્યા ને ? ઇ 'દાર્શનિક' શબ્દ છે, હોં ! એ તો દાર્શનિક ઉપલબ્ધિ છે. વાસ્તવિક દર્શન–જૈનદર્શનની દાર્શનિક ઉપલબ્ધિની પ્રાપ્તિ છે. 'ક્રમબદ્ધ' એ તો જૈનદર્શનની દાર્શનિક પ્રાપ્તિ છે !! એમાં તો કેવળદર્શન, કેવળજ્ઞાન અને પદાર્થની વ્યવસ્થિત સ્થિતિ સિદ્ધ થાય છે. આહા..હા...! ત્રણ બોલ મૂક્યા છે. 'ઇસ મહાન દાર્શનિક ઉપલબ્ધિકો વ્યર્થ વાદવિવાદને સામાજિક વ રાજનીતિકા વિષય બના લિયા હૈ. યહ એક શુદ્ધ દાર્શનિક વિષય હૈ. યહ વાદવિવાદ એવં હંસી–મજાકકા વિષય નહીં હૈ.' (અર્થાત્) તમે તો થવું હોય તે થાશે...! એવા માનનારા છો ! એમ કહીને મશ્કરી કરે ! 'ઇસ પર વિશુદ્ધ દાર્શનિક એવં આધ્યાત્મિક દૃષ્ટિકોણસે વિચાર કિયા જાના ચાહિયે.' વિચાર કરવો જોઈએ. એમને એમ પંડિતોએ માની લેવું, એમ નહિ.

જૈનદર્શન એ કોઈ સંપ્રદાય નથી. જૈનદર્શન એ વસ્તુનું દર્શન છે. વિશ્વ જેવું છે, (જેવું એનું) સ્વરૂપ છે, એને જાણ્યું છે, એવું એમણે કહ્યું છે અને એ રીતે માર્ગને સાધવો. કેમકે ભૂતાર્થ ત્રિકાળ વસ્તુ જે છે એનો આશ્રય લેવો એ જૈનદર્શનનું તાત્પર્ય છે. 'ક્રમબદ્ધ'(નો) નિર્ણય કરવામાં પણ ભૂતાર્થ છે તેનો આશ્રય કરતાં 'ક્રમબદ્ધ'નો નિર્ણય થાય છે. ભાઈ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ..હા..હા....! અગિયારમી ગાથા ('સમયસાર') ! **'भूदत्थमस्सिदो खलु'** ! આ..હા..હા....! એક સમયમાં 'ભૂતાર્થ' (વસ્તુ છે). 'ભૂત'... 'ભૂત'... એટલે ભૂત વળગ્યું છે, એ નહિ ! આ 'ભૂત' એટલે છતી ચીજ, આહા...! છતો પદાર્થ ! સકળ નિરાવરણ અખંડ એક પ્રભુ આત્મા ! આ..હા..હા...! એ જૈનદર્શનનું રહસ્ય અને તત્ત્વ છે. આ..હા..હા...!

એક (વિદ્વાને એક) ઠેકાણે લખ્યું છે કે 'ક્રમબદ્ધપર્યાયકી બાત પહલે હમારે ધ્યાનમેં નહીં આયી.' અત્યાર સુધી એ શબ્દ જ (ધ્યાનમાં) નહોતો આવ્યો. 'ઔર વહ ઇસ યુગમેં એક ઐસે વ્યક્તિકે માધ્યમસે પ્રસ્તુત હુઈ...' (એટલે) અહીંથી ('પૂજ્ય ગુરુદેવશ્રી'થી). 'ઇસ યુગમેં એક ઐસે વ્યક્તિકે માધ્યમસે પ્રસ્તુત હુઈ જિસે હમ કિસી કારણવશ પસંદ નહીં કરતે,...' (એટલે એમ કે) ઢૂંઢીયામાંથી નીકળેલા... આ વ્યક્તિએ વળી ક્રમબદ્ધ કાઢ્યું ! અને નહિ પંડિત, નહિ વિદ્વાન કે નહિ ભણેલા સંસ્કૃત કે વ્યાકરણ...! 'તો ઇસકા મતલબ યહ તો નહીં હોના ચાહિયે કિ હમ સર્વજ્ઞકી ભવિષ્યજ્ઞતાસે ભી ઇન્કાર કર અપને પૈરોં પર હી કુલ્હાડી માર લેં !' ભવિષ્યની જે સમયે જે પર્યાય થવાની તે ભગવાન અત્યારે જ જાણે છે. જો તું ભવિષ્યની (જે) પ્રમાણે (પર્યાય થવાની) છે એ પ્રમાણે થાય, એમ ન માન તો સર્વજ્ઞ ઉપર કુહાડો પડે છે !! તારા પગમાં કુહાડો પડે છે !! સમજાય છે કાંઈ ? આહા..હા...! ઝીણી વાતું બહુ, બાપુ !

લોકો, જૈનદર્શન શું છે ? (એ) કાંઈ સમજે નહિ ને એમને એમ (ચાલે રાખે છે) ! જે વાડામાં જન્મ્યા (તેવી માન્યતા કરી લીધી). જે કુળમાં જન્મ્યા અને જેનો સંગ (થયો) એને માન્યું, થઈ રહ્યું...! વ્યર્થ જિંદગી ગુમાવી. આહા...!

અહીં એ કહ્યું 'ઇન્કાર કર અપને પૈરોં પર હી કુલ્હાડી માર લેં ! ઇસ આત્મઘાતી કદમ ઊઠાને કે પૂર્વ,...' એ 'આત્મઘાતી કદમ' છે !! 'ક્રમબદ્ધ'નો નિષેધ કરનારો સર્વજ્ઞનો નિષેધ કરે છે ! કેવળજ્ઞાની ત્રણકાળ જાણે તેનો નિષેધ કરે છે !! આહા...! 'યહ આત્મઘાતી કદમ ઊઠાને કે પૂર્વ ચિંતકવર્ગસે એકબાર પુનઃ વિચાર કર લેનેકા સાનુરોધ આગ્રહ હૈ.' વિચાર કરો ! એક વાર વિચાર કરો.. વિચાર કરો...!! એમને એમ ન માનો. એક વ્યક્તિએ કીધું માટે અમારે માની લેવું ! અમારા આટલા–આટલા સાધુ થઈ ગયા (અને) અત્યારે કોઈ કહેતા નથી ને (આમનું માની લેવું ?!) આહા...! ભાઈએ બહુ સારું લખ્યું છે, હજી તો વધારે લખશે. આ..હા..હા...!

અહીં એ કહે છે, **'હવે અવિદ્યમાન પર્યાયો,...'** છે ને માથે ? 'અવિદ્યમાન' એટલે ભૂતકાળની અત્યારે છે નહિ, ભવિષ્યની ઉત્પન્ન થઈ નથી, એને **'(પણ) કથંચિત્ (–કોઈ પ્રકારે, કોઈ અપેક્ષાએ),...'** એટલે ? - કે ત્યાં ભૂત(કાળની પર્યાયો) અત્યારે નથી અને ભવિષ્યની છે નહિ, પણ જ્ઞાનનો એવો કોઈ સ્વભાવ છે કે જે આમ થશે, જે થઈ (ગઈ) જે વખતે, એવું જ અહીં જાણે છે !! એ અપેક્ષાએ (એટલે) જ્ઞાનની અપેક્ષાએ તેને 'ભૂતાર્થ'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહેવામાં આવે છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? Logic–ન્યાય બહુ ઝીણા છે, ભાઈ ! જૈનદર્શન કોઈ અપૂર્વ ચીજ છે !! જગતમાં કોઈ બીજો છે નહિ !! જૈનદર્શન સિવાય કોઈ ધર્મ ત્રણકાળમાં સત્ય છે નહિ. સમજાણું કાંઈ ?

એ અહીં કહે છે. હજી માથે મથાળું ચાલે છે. **'અવિદ્યમાન પર્યાય,...'** 'અવિદ્યમાન' એટલે 'નથી.' ભૂત(કાળ)ની નથી ભૂત (એટલે) ગયાકાળની, ભવિષ્યની નથી. એનું પણ... એમ છે ને ? જુઓને ! (સંસ્કૃતમાં છે) **'अथासद्भूतपर्यायाणां कथंचित्सद्भूतत्वं विदधाति'** (અર્થાત્) કોઈ અપેક્ષાએ એટલે કે 'છે' એમ કહીએ છીએ. (કોઈ) અપેક્ષાએ એટલે જ્ઞાન આમ જાણે (છે), બધું પ્રત્યક્ષ જાણે છે. માટે 'નથી' તેને અમે 'છે' એમ કહીએ છીએ ! આ..હા..હા...! પંડિતજી !

(હવે) ૩૮ ગાથા :–

**जे णेव हि संजाया जे खलु णट्ठा भवीय पज्जाया।**
**ते होंति असब्भूदा पज्जाया णाणपच्चक्खा।।३८।।**

આ..હા..હા...! શું ગાથા છે !! જૈનદર્શનના પ્રાણ છે !!

હરિગીત :–

**જે પર્યયો અણજાત છે, વળી જન્મીને પ્રવિનષ્ટ જે,**
**તે સૌ અસદ્ભૂત પર્યયો પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. ૩૮**

આ..હા..હા...! ભગવાન પરમેશ્વરના મહામંત્રો છે !! આ..હા..હા...! અમે આમ કરીએ ને અમે આમ કરીએ ને આમ કરી દઈએ ને કો'કનું કરી દઈએ ને મારી પર્યાય પણ હું ફેરવી દઉં ને... આ..હા..હા...! એ બધાં અભિમાનના ઝેર ઉતારવાના આ મંત્ર છે !! સર્પના ઝેર ઉતારવાનો મંત્ર હોય છે ને ! એમ આ મિથ્યાત્વના ઝેર ઉતારવાના મંત્ર છે !! આ..હા..હા...!

**ટીકા :– 'જે (પર્યાયો),...'** 'પર્યાય' સમજાય છે ? (પર્યાય એટલે) અવસ્થા. દરેક દ્રવ્ય અને ગુણ ત્રિકાળ રહે છે અને અવસ્થા ક્ષણે.. ક્ષણે.. ક્ષણે.. ક્ષણે... પલટે છે. ક્રમસર પલટે છે. એક પછી એક... એક પછી એક... એક પછી એક... લોકો ગયાકાળની (પર્યાયોને કેવળજ્ઞાન જાણે) એમ માને. ગયાકાળની સમયે–સમયે થઈ છે એ બરાબર, માટે એને માને. પણ ભવિષ્યની થઈ નથી, જે સમયે (થવાની) તે જ થશે, એવું માનવું કઠણ પડે છે. કારણ કે ગયાકાળની જે પર્યાયો થઈ ગઈ, થઈ ગઈ તે તો જે સમયે થઈ હતી તે (તો) તે સમયે (જ) થઈ હતી. એટલે એને તો ઠીક છે કે ક્રમબદ્ધ માનો. પણ ભવિષ્યની જે સમયે થશે તે જ સમયે થશે, આઘી–પાછી નહિ. આ..હા..હા...! એનું જે માનવું એ લોકોને કઠણ પડે (છે). તેથી તે સર્વજ્ઞને પણ ઉડાડે !! કારણ કે સર્વજ્ઞ જ ભવિષ્યની બધી પર્યાયો નથી છતાં જ્ઞાનમાં પ્રત્યક્ષ (જાણે) છે. આ..હા..હા...! એ જ્ઞાનનો–કેવળજ્ઞાનની પર્યાયનો કોઈ અલૌકિક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચૈતન્યસ્વભાવ (છે) કે એક સમયની પર્યાય સિવાય અનંતકાળ(ની) ભવિષ્યની કોઈ પર્યાય વર્તમાનમાં નથી. છતાં આ ભગવાનના જ્ઞાનમાં જાણે આમ વર્તમાન છે તેમ એ જાણે છે !!

ત્યારે કો'કનો પ્રશ્ન એ આવ્યો હતો કે '(જે પર્યાય) નથી તેને (પ્રત્યક્ષ) જાણે એ તો વિપરીત થયું !' અરે...! પણ સાંભળ તો ખરો ! એ તો ત્યાં ઉત્પન્ન થઈ નથી, એ અપેક્ષાએ નથી. પણ જ્ઞાનમાં તો જે વખતે ઉત્પન્ન થશે તેવું જ અહીં જ્ઞાન થયું છે. આ..હા..હા...! આવી વાતું છે ! બહુ આકરું કામ ! આહા..હા...! ભવિષ્યની જે સમયે જે પર્યાય થશે તે સમયે થશે, એ માનવું લોકોને (કઠણ પડે છે). પણ એનો અર્થ એવો છે પ્રભુ ! જુઓ ! (અહીં શું કહે છે ?)

**'જે (પર્યાયો) અદ્યાપિ ઉત્પન્ન થયા નથી,...'** છે ને ? ભવિષ્યની...! ભવિષ્યની પર્યાયો વર્તમાનપણામાં નથી, ઉત્પન્ન થઈ નથી. કાલે જે પર્યાય થવાની એ અત્યારે ઉત્પન્ન થઈ નથી. એટલે કે એ પર્યાયો 'અદ્યાપિ' (અર્થાત્) અત્યાર સુધી ઉત્પન્ન થયા નથી **'તથા જે ઉત્પન્ન થઈને વિલય પામી ગયા છે,...'** પર્યાયો ઉત્પન્ન થઈને વિલય થઈ ગઈ છે. આહા..હા...! વિલય થઈ છે એ વર્તમાન પર્યાય નથી એ અપેક્ષાએ (કહ્યું છે). બાકી (જે) પર્યાય વિલય થઈ છે એ ગઈ છે દ્રવ્યમાં. આહા..હા...! પણ વર્તમાન વિલય છે ને (એટલે વિલય થઈ ગઈ, એમ કહ્યું છે). ગયા કાળની પર્યાય વર્તમાન નથી. એ વિલય થઈ ગઈ છે. અને પેલી (ભવિષ્યની) ઉત્પન્ન થઈ નથી.

**'તે (પર્યાયો), ખરેખર અવિદ્યમાન હોવા છતાં,...'** ભાષા પાછી આમ જોઈ ! ખરેખર અભૂતાર્થ હોવા છતાં... આ..હા..હા...! પાઠ છે ખરો ને ? ખરેખર નથી એમ હોવા છતાં–અવિદ્યમાન (હોવા) છતાં **'જ્ઞાન પ્રતિ નિયત હોવાથી,...'** આ..હા..હા...! આ તે કાંઈ વાત (છે) !! પણ કેવળજ્ઞાનની પર્યાયમાં તો પ્રત્યક્ષ... પ્રત્યક્ષ... પ્રત્યક્ષ... જેમ વર્તમાન છે તેમ ભૂત અને ભવિષ્યની (પર્યાયોને) વર્તમાન દેખે છે. આ..હા..હા...! આ તે કાંઈ (વાત છે) !! એ ચૈતન્યના ચમત્કારી પર્યાયનું સામર્થ્ય છે !! આ..હા..હા...!

જે પર્યાયો ઉત્પન્ન થઈ નથી અને ઉત્પન્ન થાય છતાં દ્રવ્યમાં તો જેટલી શક્તિ છે તેટલી કાયમ રહે !! પર્યાય ઉત્પન્ન થઈ માટે પૂર્ણ (સ્વરૂપ) છે એમાં કંઈ ખામી આવી, (એમ નથી). આ પણ કંઈ અચિંત્ય વાત છે ને !!

અહીં તો કહે છે, પ્રભુ ! માર્ગ પ્રભુનો એવો છે...! આહા...! જડ અને ચૈતન્ય છએ દ્રવ્યની ભૂતકાળની દશાઓ અને છએ દ્રવ્યની ભવિષ્યની દશાઓ–અનુત્પન્ન અને વિનષ્ટ (એવી પર્યાયો) એ અપેક્ષાએ અસદ્‌ભૂત હોવા છતાં... આ..હા..હા...! (તેને પ્રત્યક્ષ જાણે છે) !! પ્રભુ ! પણ તારી શક્તિ એવી છે ને ! આ..હા..હા...! દ્રવ્યની શક્તિ એવી છે ને પર્યાયની શક્તિ એવી છે !! આ..હા..હા...! દ્રવ્યની શક્તિ હોય તો પર્યાયની શક્તિમાં આવે ને ! આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાનની એક સમયની પર્યાય વિનષ્ટ–અવસ્થાઓ થઈ ગઈ અને ઉત્પન્ન થઈ નથી, એ અપેક્ષાએ તેને અવિદ્યમાન કહીએ પણ જ્ઞાનની અપેક્ષાએ પ્રભુ ! અમે પ્રત્યક્ષ કહીએ (છીએ) !! આ..હા..હા...! પણ જ્ઞાનનો કોઈ એવો સ્વભાવ (છે)... આ..હા..હા...! કેવળજ્ઞાનની પર્યાયનો એવો કોઈ સ્વભાવ (છે)... આ..હા..હા...! ખરેખર અવિદ્યમાન (હોવા) છતાં તેને જ્ઞાનમાં પ્રત્યક્ષ, વર્તમાન, ભૂતાર્થ છે. પર તરીકે થયું ને એટલે વ્યવહારે ભૂતાર્થ છે.

અહીં પોતાની પર્યાય પણ થઈ નથી એને પણ કેવળજ્ઞાન (જાણે છે). ભવિષ્યની અનંતી પર્યાયો થઈ નથી એને પણ કેવળજ્ઞાન પ્રત્યક્ષ જાણે છે, આ..હા..હા...! કેવળજ્ઞાન પણ એક સમયે, બીજે સમયે, ત્રીજે (સમયે)... નવું–નવું થયા જ કરે છે ને ! જે (પર્યાય) હજી થઈ નથી તેને પણ કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે, એમ જાણે છે ! એ જ્ઞાનની અપેક્ષાએ તેને ભૂતાર્થ કહેવામાં આવે છે. ભલે વ્યવહાર શબ્દ વાપર્યો. ઘણી ઝીણી વાત છે, ભાઈ ! અહીં 'સોનગઢ'માં આ વાત ન થાય તો (બીજે) ક્યાં થાય ભાઈ ?

આ..હા..હા...! ભગવાન ! તું એવો (છો), તારું એવું સામર્થ્ય અંદર છે કે ભૂત અને ભવિષ્યની પર્યાય ન હોય છતાં પણ જ્ઞાનમાં નિર્ણય કરવા જાય તો એ શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ એ પરોક્ષ છે, કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ છે. પણ પરોક્ષ પણ પ્રમાણ છે ને ! શું કહ્યું સમજાય છે ? આહા...! કેવળજ્ઞાનની પર્યાયમાં, નથી અને ઉત્પન્ન થઈ નથી, થઈ ને ગઈ અને નથી થઈ, એ અપેક્ષાએ તો ખરેખર અવિદ્યમાન છે, છે નહિ પણ જ્ઞાન એવું છે કે જ્ઞાન તેને પ્રત્યક્ષ કરે છે ! માટે તેને વ્યવહારે 'ભૂતાર્થ' કહેવામાં આવે છે. (પણ) 'છે' એ વ્યવહારે ! આ..હા..હા...! સમજાણું કાંઈ ? આવો માર્ગ ! પેલું તો વ્રત કરવા ને તપસ્યા, અપવાસ કરવા ને ચહુવિયાર કરવો... એ.. ધર્મ થઈ ગયો ! છ પરબી બ્રહ્મચર્ય પાળવું, છ પરબી કંદમૂળ ન ખાવા... બાપા ! એ બધી વાતું... 'આ હું છોડું છું ને આ હું ખાઉં છું' એ બધી જડની ક્રિયા (છે). (તે) 'હું કરું છું', એ માન્યતા જ મિથ્યાત્વ છે ! આ..હા..હા...!

આહા...! અહીંયાં તો (એમ કહે છે કે) કેવળજ્ઞાન અને તારી શ્રુતજ્ઞાનની પર્યાય પણ જે દ્રવ્યની પર્યાય થઈ ને ગઈ અને થઈ નથી, તેને શ્રુતજ્ઞાનની પર્યાય પરોક્ષ રીતે છે એમ ભૂતાર્થ છે. પરોક્ષ પણ પ્રમાણ છે ને ! આ..હા..હા...! સમજાણું કાંઈ ?

(હવે કહે છે) **'જ્ઞાન પ્રતિ નિયત હોવાથી (જ્ઞાનમાં નિશ્ચિત–),...'** જ્ઞાનમાં તો નિશ્ચિત છે, નિશ્ચય છે. (વર્તમાનમાં) નથી માટે જ્ઞાનમાં વ્યવહાર છે, એમ નથી. આહા..હા...! જ્ઞાનસ્વરૂપ ભગવાનના જ્ઞાનમાં ક્રમબદ્ધ જે પર્યાય થવાની અને થઈ ગઈ એ જ્ઞાનમાં નિશ્ચિત છે. **'(...જ્ઞાનમાં નિશ્ચિત–સ્થિર–ચોંટેલા હોવાથી,...)'** આ..હા..હા...! એ પર્યાયો જાણે જ્ઞાનમાં ચોંટી ગયા હોય ! આ..હા..હા..! એક સમયનું (કેવળ)જ્ઞાન બાપુ ! એ શું છે ભાઈ ! આ..હા..હા...! સમય એક, જાણે ત્રણકાળ ! સમય એક–વર્તમાન અને જાણે ત્રણકાળ !! આહા..હા...! બાપુ ! એ વસ્તુ કેવી ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નવ તત્ત્વમાં મોક્ષતત્ત્વ–કેવળજ્ઞાનતત્ત્વનો નિર્ણય કરવો (પડશે), ભાઈ ! મોક્ષ તત્ત્વ છે ને ? કેવળજ્ઞાન..! આ..હા..હા...! એ થાય છે દ્રવ્યના આશ્રયે, પણ થયેલી પર્યાયનું એટલું સામર્થ્ય છે (કે બધાંને) પ્રત્યક્ષ જાણે છે.

**'(ચોંટેલા હોવાથી, જ્ઞાનમાં સીધા જણાતા હોવાથી),...'** (અર્થાત્) નથી છતાં જ્ઞાનમાં સીધા જણાય છે. આ..હા..હા...! આ..હા..હા...! આમ 'છે' એમ જ્ઞાનમાં સીધા જણાય ! આહા..હા...! પ્રભુ ! તારા પર્યાયમાં ચૈતન્યનો સ્વભાવ તો જો !! આહા..હા...! સીધા.. જ્ઞાનમાં સીધા (જણાય છે). (કોઈ) એમ કહે કે થશે ત્યારે જાણશે, વર્તમાનમાં થશે ત્યારે જાણશે, એમ નહિ. વર્તમાનમાં થયા નથી તેને 'સીધા' જાણે છે. આ..હા..હા...! આડ મારીને થશે એમ નહિ, (પણ) સીધા જાણે છે, આહા..હા...!

આ નવ તત્ત્વમાં મોક્ષતત્ત્વ–કેવળજ્ઞાનતત્ત્વનો નિર્ણય કરાવે છે ! આ..હા..હા...! જોકે છે તો પર્યાયનો નિર્ણય, પણ પર્યાયનો નિર્ણય દ્રવ્યના આશ્રયે થાય છે. પર્યાયનો નિર્ણય પર્યાયને આશ્રયે ન થાય. આ..હા..હા...! કેવળજ્ઞાનનો નિર્ણય કરવા જાય કે એની એક સમયની પર્યાય અનંત... અનંત... પર્યાય ઉત્પન્ન થઈ નથી અને અનંત ઉત્પન્ન થઈને ગઈ છે તેને જ્ઞાનની પર્યાય સીધી જાણે છે. 'સીધું જાણે છે...!' આ..હા..હા...! એટલે કે વર્તમાન જેમ છે એમ સીધું જાણે છે. આ..હા..હા...! આ વર્તમાન પર્યાય છે માટે પછી ભવિષ્યમાં ક્રમે કરીને થશે, એમ અનુમાન કે આડકતરી રીતે જાણતો નથી. એમ કહે છે. આ..હા..હા...! જ્ઞાનમાં, એક સમયની પર્યાયમાં સીધું જાણે છે. અનંત કાળ પછી જે પર્યાય થશે એને જ્ઞાન સીધું (અર્થાત્) પ્રત્યક્ષ જાણે છે ! આ..હા..હા...! શું કહે છે આ ! વિચારકોને વિચાર અને મંથન કરવાની આ વાત છે. આહા..! એમને એમ માની લે એ કાંઈ વસ્તુ નથી.

અંદરમાં આ વાસ્તવિક સ્વભાવ છે (એનો નિર્ણય કરવો). (જે પર્યાયો) થઈ ગઈ અને થશે તેને જ્ઞાનનો એવો કોઈ સ્વભાવ છે (કે), સીધું (જાણે છે) !! આ વર્તમાન છે તો પછી (ભવિષ્ય) હશે, વર્તમાન છે તો ભૂતકાળ હશે, એમ (નથી જાણતું). સમજાણું કાંઈ ? આ..હા..હા...! ધન્ય ભાગ્ય ! વીતરાગની આવી વાણી મળે, બાપુ !

તેથી ત્યાં 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં એમ કહ્યું છે ને ! ભગવાન, ઇન્દ્ર અને જિનેન્દ્ર જે સમયે જેની પર્યાય થશે, જે રીતે, જે ક્ષેત્રે, જે કાળે, જે નિમિત્તમાં જે પ્રકારે (થવાની હશે તે પ્રકારે થશે). તે પ્રકારે માને તો તે સમકિતદૃષ્ટિ છે અને એથી વિરુદ્ધ માને તો મિથ્યાદૃષ્ટિ છે. 'સ્વામીકાર્તિકેય !' અહીં નથી. સમજાણું કાંઈ ? 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં ૩૨૧--૩૨૨ ગાથા (છે). આ..હા..હા...!

આ ચર્ચવા જેવું છે, આ ગુપ્ત રાખવા જેવું નથી. ભલે ઝટ દઈને બેસે નહિ પણ વાત ગુપ્ત રાખવા જેવી નથી. ભાઈ 'હુકમીચંદજી' આવ્યા હતા ને ? (સંવત) ૨૦૦૧ ની સાલ. પહેલુંવહેલું સાંભળ્યું કે ઉપાદાનની પર્યાય તે કાળે થશે ત્યારે નિમિત્ત હો, પણ નિમિત્તથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થતું નથી. તે પર્યાય પોતાથી થાય. મેં કીધું, છંછેડો, પંડિતોમાં છંછેડો, બહારમાં વાત છંછેડો. (સંવત) ૨૦૦૧ ની સાલમાં પહેલા આવ્યા હતા ને ? ૩૪ વર્ષ થયા. એને બહુ થઈ ગયું હતું કે બધાએ માનવું પડશે. સ્વામીજી કહે છે. માનવું પડશે. ઉપાદાનની જે સમયે જે પર્યાય થવાની તે થશે. નિમિત્ત આવે તો થાય છે એ ત્રણકાળમાં નથી. ઘડો કુંભારથી થાય એ ત્રણકાળમાં નથી. ઘડો માટીથી જે સમયે થવાનો તે સમયે ઘડો થશે. જે સમયે ઘડો માટીમાંથી થવાનો તે સમયે થશે. આઘેપાછે કુંભાર એને ફેરવી શકે એમ ત્રણકાળમાં છે નહિ. મેં કીધું, છંછેડો. આ વાત પંડિતોમાં મુકો. આહા..હા...! ભાઈ ! આ તો વસ્તુનો સ્વભાવ જ આવો છે ને પ્રભુએ કહ્યો છે, એને છંછેડવો નહિ ? છંછેડો, ચોપાનિયે ચડાવો, પુસ્તકો બનાવો, ચર્ચા કરો, પંડિતોમાં મુકો. હવે આ ક્રમબદ્ધ આવ્યું છે. આહા..હા...!

એ એક વાર 'ગજપંથા'માં પ્રશ્ન થયો હતો. (ત્યાં) એક શ્વેતાંબર સાધુ હતા. અમારું વાંચ્યું અને બધી વાતો કરવા માંડ્યો. મેં કીધું, આનું હૃદય તો લઉં. અમે ગયા ત્યારે આવ્યા, પગે લાગ્યા, પણ પછી આવ્યા નહિ. અંદરથી બીક ને. અમારે તો સાંજે જાવું હતું (એટલે પછી) બારણાં બંધ કરીને બેઠા હતા. (અમે ગયા ત્યારે) પગે લાગ્યા. મેં કહ્યું 'શાસ્ત્રમાં પાઠ છે કે કાળે મુક્તિ થાય અને અકાળે મુક્તિ થાય, (એમ) બે પાઠ છે. ('પ્રવચનસાર') ૪૭ નયમાં (આવે છે). કાળે પણ મૃત્યુ થાય અને અકાળે પણ મૃત્યુ થાય, (તેનું) શું છે ?' (તેમણે કહ્યું) 'મેં કાંઈ વિચાર કર્યો નથી.'

'પ્રવચનસાર'માં એવો પાઠ છે કે કાળે પણ મોક્ષ થાય અને અકાળે પણ મોક્ષ થાય. પણ એમ જ માને કે જે સમયે થવાનું તે થવાનું. તો આ અકાળે મોક્ષ થાય, એમ કહ્યું છે. (એનો અર્થ એમ છે કે) કાળે (મોક્ષ) થતા વખતે સ્વભાવ, પુરુષાર્થ છે તેને અકાળ કહેવામાં આવે છે. તે દિ' ભાઈ ત્યાં હતા. 'રૂપચંદજી' નહિ ? 'મલકાપુર' વાળા. એ એના ભગત હતા. ઇ બેઠા હતા. કઈ સાલ કીધી ? (સંવત) ૨૦૧૩. અમે બેઠા હતા. વાંચી–વાંચીને બેસાડ્યું હતું, ન્યાયથી અંદર બેઠું નહોતું. (મેં કીધું) કાળે પણ મોક્ષ થાય અને અકાળે પણ મોક્ષ થાય (એવો) પાઠ છે. જે કાળે, જે સમયે (મોક્ષ) થવાનો તે થવાનો. છતાં અકાળે મુક્તિ (પણ આવે) છે. છે ને આમાં ? આમાં છે ? આ 'પ્રવચનસાર' છે ને ? જુઓ ! ૩૦ અને ૩૧ (મો નય છે). ૪૯૮ પાનું છે.

**'આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે,...'** છે ? **'ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક. (કાળનયે આત્મદ્રવ્યની સિદ્ધિ સમય પર આધાર રાખે છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતી કેરીની માફક).'** (૩૦)

**'આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે,...'** ઠીક ! **'કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક.'** (૩૧). કીધું, શું છે આ ? એટલે અહીં પુરુષાર્થ અને સ્વભાવને ભેગો સ્થાપે છે. સમજાણું કાંઈ ? આ તો (સંવત) ૨૦૧૩(ની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સાલની) વાત છે. અહીં તો પહેલેથી (આ વાત) ચર્ચાય છે ને ! એ આમાં છે આમાં– 'વ્યવહારથી મુક્તિ થાય ને નિશ્ચયથી મુક્તિ થાય ને ક્રિયાનયથી થાય ને જ્ઞાનનયથી થાય' પણ આનો અર્થ શું ? તે જાતની યોગ્યતા તે સમયે ગણી. બાકી તો જે સમયે મુક્તિ થવાની, જે સમયે ભગવાને દીઠું તે સમયે મોક્ષ થવાનું. આઘો–પાછો (થવાનો નથી). પણ 'અકાળે (મુક્તિ)' કીધું એ (શું છે) ? (તે વખતે) સ્વભાવ છે, પુરુષાર્થ છે; એકલો કાળ નથી. અકાળે એટલે પુરુષાર્થ, સ્વભાવ, નિયતિ, ભવિતવ્યતા અને ભાવ બધું ભેગું છે. એને 'અકાળ' કહેવામાં આવે છે. આહા..હા...! ઝીણી વાતું બહુ, બાપુ ! વીતરાગમાર્ગ ઝીણો બહુ, ભાઈ ! માણસને નવરાશ ન મળે...! આ..હા..હા...!

શ્રોતા :– અકાળમૃત્યુમાં કયો કાળ લાગે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એકાળ એ છે. અકાળ કાંઈ છે નહિ. પણ કર્મની સ્થિતિ એવી હતી કે એ પ્રમાણે ત્યાં પૂરી થવાની હતી એ અકાળ કીધું. બાકી તો જે સમયે... 'પદ્મનંદીપંચવિંશતી' ! 'અનિત્ય અધિકાર' આપણે અહીં વાંચ્યો હતો. '...' ગુજરી ગયા હતા ત્યારે અન્યમાં ગુરુ વાંચે ને ? આપણે અનિત્ય પંચાશત ... એમાં એ આવ્યું – જે સમયે, જે પ્રકારે, જે ક્ષેત્રે દેહની (સ્થિતિ) પૂર્ણ થવાની તે થવાની. એક સમય આઘો–પાછો નથી. અને તમારે લોકમાં નથી કહેવાતું લોકમાં કે 'પાંચમની છઠ થાય નહિ' ! કહેવાય છે કે નહિ ? પાંચમને દિવસે દેહ છૂટવાનો હશે તો પાંચમને (દિવસે જ છૂટશે), છઠ ત્રણકાળમાં (થવાની નથી), આ..હા..હા...!

(સંવત) ૧૯૭૨ માં પ્રશ્ન ઉઠ્યો. એના ગુરુ હતા બિચારા ભદ્રિક હતા. હજારો માણસોમાં વ્યાખ્યાન આપતા અને કષાય મંદ. વાંચે તો હાથમાં ... રાખે. સ્થાનકવાસી હાથમાં ... રાખે. વાત ઇ કે પરની દયા પાળો, બાપુ ! ભગવાનનો માર્ગ આ છે. આ વાત કાને ન પડી. એટલે ૧૯૭૨ માં મેં જ્યારે ગામડામાં કહ્યું, 'વીંછિયા' થી 'પાળિયાદ' જતાં ગામડું આવ્યું. જુઓ ! આ ઠેકાણે આ ઉતારામાં આ ચર્ચા થઈ હતી. ૧૯૭૨ ના ફાગણ ૧૩. ત્યાં આ ચર્ચા થઈ હતી, કેવળજ્ઞાનીએ દીઠું હશે તે થાશે, એમાં આપણે શું કરીએ ? પણ કેવળજ્ઞાનીએ દીઠું તે થશે (વાત બરાબર છે) પણ કેવળજ્ઞાન જગતમાં છે એવી માન્યતા કોને છે ? એ માન્યતા કરનારનો સ્વભાવ તરફ પુરુષાર્થ જાય છે. આહા..હા...! ત્યારે એ વખતે તો એણે હા પાડી. પછી 'પાળિયાદ' ગયા. ભદ્રિક હતા અને મારી વાત એમને ઠીક લાગી. વસ્તુની ખબર નહિ એટલે વળી પાછું પડિકમણું કરીને .... ચાર વાગે પડિકમણું કરે ને ? રજોણા આમ મૂકીને પછી બોલ્યા, 'મૂળચંદજી' ! તું કહેતો હોય તો પાંચ સમવાય સિદ્ધ થઈ જશે. જે સમયે થવું હોય તો થાય. પાંચ સમવાય સિદ્ધ થશે. એ સમવાય માને નહિ. આ તો ૧૯૭૨ ના ફાગણ (મહિનાની) વાત છે. .... કેટલા વર્ષ થયા ? ૬૩. કીધું, નહિ, ભગવાને જોયું છે તેમ થશે એવો નિર્ણય કોણ કરે ? કોણે કર્યો ? કરે છે ત્યાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પાંચે સમવાય આવી જાય છે.

'મોક્ષમાર્ગ પ્રકાશક' માં નથી કહ્યું ? - કે ભગવાને કહ્યું એવો માર્ગ જો આદરે તો એને પાંચે કારણ ભેગા હોય જ છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક' ના નવમા અધ્યયનમાં (છે). 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં 'ટોડરમલજી' એ બહુ સારો ખુલાસો કર્યો છે.

અહીં કહે છે, આ..હા..હા...! શું વાત (છે) !! ગયા કાળની પર્યાય વર્તમાન(માં) નથી. અનંત.. અનંત.. અનંત.. અનંત... અનંત... કાળ(નું) ભવિષ્ય વર્તમાન(માં) નથી. એ અપેક્ષાએ ખરેખર તો અવિદ્યમાન જ છે. પણ જ્ઞાનનો કોઈ એવો સ્વભાવ છે કે જેમ એ પ્રત્યક્ષ હોય - વિદ્યમાન હોય તેમ પ્રત્યક્ષ જાણે છે !! આ..હા..હા...! આવું કેવળજ્ઞાન ! બાપુ ! એની પર્યાયની આટલી તાકાત !! તો એના ગુણનું શું કહેવું ! અને અનંતગુણના પિંડ (એવા) દ્રવ્યનું શું કહેવું !! આ..હા..હા...! એ દ્રવ્યની દૃષ્ટિ !! એ દૃષ્ટિ થયા વિના સમ્યગ્દર્શન થાય નહિ. આહા..હા...! પર્યાયની દૃષ્ટિ નહિ. કેવળજ્ઞાન છે એ પણ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. એ વિષય પણ જ્યારે આવો છે કે અવિદ્યમાનને પણ પ્રત્યક્ષ જાણે છે, એ શું છે, બાપુ ! નથી તેને પ્રત્યક્ષ જાણે છે કે આ રહી !! આ..હા..હા...!

શ્રોતા :– દ્રવ્યમાં તો શક્તિરૂપ યોગ્યતા રહેલી છે (એટલે જાણે છે) ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો ત્રિકાળ (છે). એ પ્રશ્ન નથી. અહીં તો ભવિષ્યની જે પર્યાય થઈ નથી અને ભૂત(કાળની) થઈ ગઈ, તેને આમ પ્રત્યક્ષ જાણે છે કે આ છે !! દ્રવ્યને જાણે (છે) માટે છે, એમ નહિ. આ જાણે છે માટે છે.

શ્રોતા :– દ્રવ્યમાં શક્તિભૂત યોગ્યતા રહેલી છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ.. નહિ.. નહિ...! એ શક્તિરૂપ યોગ્યતા(ની વાત નથી). આ તો એની ગયા કાળની અને ભવિષ્યની પર્યાય અત્યારે નથી, તે જ્ઞાનમાં વર્તમાન પ્રત્યક્ષ જાણે છે. દ્રવ્યમાં ભવિષ્યની શક્તિ છે, માટે જાણે છે, એમ નહિ. ભવિષ્યની જે સમયે, જે પ્રકારે (પર્યાય) થવાની તેને જ્ઞાન આમ પ્રત્યક્ષ જાણે છે !! આ તો બાપુ વીતરાગની વાતું (છે) !! આ..હા..હા..હા...! જિનેશ્વરદેવ, પ્રભુ પરમાત્મા... આ..હા..હા...! એના એક–એક વાક્યોની શ્રદ્ધા, એનું જ્ઞાન થવું, બાપુ ! એ કોઈ અલૌકિક વાત છે !! એ કંઈ સાધારણ વાત નથી. આહા..હા...!

શ્રોતા :– કેવળજ્ઞાનમાં..

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ કીધું ને. જેમ પ્રત્યક્ષ છે એમ.

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ, શક્તિ નહિ. એ (વાત) એક ફેરી કહી હતી કે વર્તમાન નથી ને કેવળજ્ઞાનમાં નિમિત્ત કેમ થયું ? ભવિષ્યમાં (જે પર્યાય થશે) એ બધું વર્તમાનવત્ (કેવળજ્ઞાનને) નિમિત્ત થાય છે. ભવિષ્યમાં થશે માટે (અહીં કેવળજ્ઞાનમાં) નિમિત્ત થાય છે,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ નહિ. આ..હા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! આ બધા પ્રશ્ન થઈ ગયેલા છે. એ દ્રવ્યની પર્યાય જે રીતે થશે (તે પ્રમાણે જાણે છે). વર્તમાન યોગ્યતા છે તે વર્તમાનને જાણે છે માટે ભવિષ્યને જાણે છે, એમ નહિ. એ..ઇ...! સમજાણું કાંઈ ? વર્તમાન દ્રવ્યમાં ભવિષ્યની યોગ્યતા છે અને ભૂતકાળની યોગ્યતા છે માટે એને જાણતાં, ભૂત–ભવિષ્યને જાણે (છે), એમ નહિ. અહીં તો એની પર્યાયોને જાણે છે. એ તો શક્તિને જાણે, એમ કીધું. આ..હા..હા...! ભાઈ ! આ વીતરાગમાર્ગ કોઈ ગંભીર છે !! આ..હા..હા...! અરે..રે...! આવો માર્ગ અલૌકિક છે, પ્રભુ !

(અહીંયાં કહે છે) એ પર્યાયો **'(જ્ઞાનમાં સીધા જણાતા હોવાથી)...'** **'જ્ઞાન પ્રતિ નિયત'** એમ છે ને ? એનો અર્થ કર્યો છે. જ્ઞાન પ્રત્યે તો નિશ્ચય છે. ત્યાં ભલે નથી પણ જ્ઞાન પ્રત્યે તો નિશ્ચય છે, આ..હા..હા...! એ **'જ્ઞાનપ્રત્યક્ષ વર્તતા થકા,...'** **'જ્ઞાન પ્રતિ નિયત હોવાથી'** (અર્થાત્) જ્ઞાન પ્રત્યે નિશ્ચય હોવાથી **'જ્ઞાનપ્રત્યક્ષ વર્તતા થકા,...'** દેખો ! એ 'જ્ઞાનમાં પ્રત્યક્ષ વર્તતા થકા' (એમ કહ્યું છે). (અર્થાત્) ભૂત અને ભવિષ્ય જ્ઞાનમાં પ્રત્યક્ષ વર્તતા થકા (એમ કહે છે). આ..હા..હા...! સમજાય છે ને ? આહા...! આવી વાત છે, બાપા ! આ..હા..હા...! ત્રિલોકનાથ વીતરાગનું એક–એક વાક્ય, એક એક તત્ત્વ કોઈ અલૌકિક છે !! લોકોને સાંભળવા મળ્યું નથી, આહા...! આ..હા..હા...!

શું કહે છે ? ગયા કાળમાં થઈને નષ્ટ થઈ ગયા, ભવિષ્યના ઉત્પન્ન થયા નથી, એ રીતે ખરેખર તો (તે પર્યાયો) અવિદ્યમાન છે, વર્તમાન નથી પણ જ્ઞાનનો કોઈ એવો સ્વભાવ છે કે જ્ઞાનમાં તે નિયત–પ્રત્યક્ષ જણાય છે. આ..હા..હા...! થશે ત્યારે જણાશે, એમ નહિ. તેમ દ્રવ્યમાં એવી યોગ્યતા છે માટે દ્રવ્યને જાણે માટે ભવિષ્યની પર્યાય જાણે છે, એમ પણ નહિ. આ..હા..હા...! આવો ઉપદેશ !! છે ?

'જ્ઞાન પ્રતિ' એટલે જ્ઞાન અને આત્મા (પ્રતિ) નિયત હોવાથી (અર્થાત્) નિશ્ચયથી સીધા જણાતા હોવાથી, જ્ઞાનમાં પ્રભુને સીધા જણાતા હોવાથી **'જ્ઞાનપ્રત્યક્ષ વર્તતા થકા,...'** (પ્રત્યક્ષનો) નીચે અર્થ કર્યો છે. પ્રત્યક્ષ એટલે અક્ષ પ્રતિ. (તેની નીચે) અક્ષનો અર્થ છે. બે (અર્થ કહ્યા છે) અક્ષ એટલે આત્મા ને અક્ષ એટલે જ્ઞાન. અક્ષ એટલે આત્મા અને અક્ષ એટલે જ્ઞાન. પ્રત્યક્ષ = અક્ષ પ્રતિ એટલે આત્મા પ્રત્યે (અને) જ્ઞાન પ્રત્યે. અક્ષની સામે એટલે આત્માની સામે (અને) જ્ઞાનની સામે. અક્ષની નિકટમાં એટલે આત્માની નિકટમાં (અને) જ્ઞાનની નિકટમાં. અક્ષના સંબંધમાં એટલે આત્માના સંબંધમાં (અને) જ્ઞાનના સંબંધમાં હોય એવું. અક્ષ = (૧) જ્ઞાન; (૨) આત્મા. સમજાણું કાંઈ ? ભાઈ ! આ કાંઈ કથા–વાર્તા નથી. આ..હા..હા...! આ તો અંદર વસ્તુનું સ્વરૂપ કોઈ અચિંત્ય, અદ્ભુત (છે તેની વાત ચાલે છે) !! આ..હા..હા...! આવી રીતે ન માને તો એ કેવળજ્ઞાનને માનતો નથી.

કેટલાક તો કેવળજ્ઞાનમાં શંકા ઉઠાવવા લાગ્યા (કે) ભવિષ્યમાં થશે ત્યારે જાણશે,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અત્યારથી ન જાણે ! માનનારામાં શંકા પડી. 'જૈનતત્ત્વ મિમાંસા' માં મુક્યું છે ને ? આમાં પણ મુક્યું છે. ક્યાંક છે ખરું. 'ફિર ભી જબ ન્યાય વિષયક અનેક ઉપાધિઓં સે... સર્વજ્ઞ મેં ભી આશંકાએ વ્યક્ત કરને લગતા હૈ. યા ઉસકી નયી નયી વ્યાખ્યાએં પ્રસ્તુત કરને લગતા હૈ. તો આશ્રય હુએ બિના...' છે ને અંદર ? જ્યારથી ક્રમબદ્ધ મૂક્યું ત્યારે તો લોકોએ કંઈક શંકા ઉઠાવી. આવું ? સર્વજ્ઞ વર્તમાન એક સમયમાં જાણે !? ભવિષ્યની પર્યાય થશે તે વર્તમાનમાં (જાણે) !?' અરે...! એમ ન જાણે તો દિવ્યજ્ઞાન કોને કહીએ ? એ કહેશે, ૨૯ (ગાથામાં) એ કહેશે. આ..હા..હા...! ભાઈ ! પરમાત્માનું એક તત્ત્વ – એક પર્યાય – કેવળજ્ઞાનની એક પર્યાયની પણ આટલી વિસ્મયતા !! આશ્ચર્યતા !! આ..હા..હા...! એ '**જ્ઞાનપ્રત્યક્ષ વર્તતા થકા,...**' એનું વિશેષ આવશે...

*** પ્રત્યેક પદાર્થની થવાવાળી ક્રિયા પોતાની કાળલબ્ધિથી થઈ છે, નિમિત્તથી થઈ નથી. પ્રત્યેક પરિણામ પોતાની ઉત્પત્તિના જન્મક્ષણથી ઉત્પન્ન થાય છે, નિમિત્તથી થયા નથી. અક્ષર લખાય છે તે કલમથી લખી શકાતા નથી. અક્ષરના પરમાણુની ક્રિયાનો કર્તા અક્ષરના પરમાણુ છે. સારી કલમથી સારા અક્ષર થાય કે લખનારની આવડતથી સારા મરોડદાર અક્ષર થાય તેમ નથી. અજ્ઞાની જગતને આવી વાત પાગલ જેવી લાગશે. પણ બાપુ! તારે જગતથી-સંસારથી છૂટવું છે ને?-તો વસ્તુસ્થિતિની મર્યાદાનો સ્વીકાર કર્યા વિના બીજો કોઈ ઉપાય નથી. દુનિયા ભલે પાગલ માને, 'લોક મૂકે પોક,' તારે દુનિયાનું શું કામ છે? દુનિયા દુનિયાનું જાણે તું તારા આત્માનું હિત થાય તેમ કરી લે ને! આ તો આત્મહિત કરી લેવાની મોસમ પાકી છે. આવા ટાણાં ચૂક્યે ફરી હાથ નહીં આવે. ભાઈ! બહારનું બધું તો એક-બે ચાર નહીં પણ અનંત-અનંતવાર કરી ચૂક્યો છો, તેમાં શું નવું છે?-ને કોઈ શું માનશે કે શું કહેશે એનું તારે શું કામ છે? બીજાને રાજી રાખવામાં કે રાજી કરવામાં તારો આત્મા દાઝી રહ્યો છે. પણ એની તેં કદી દરકાર ક્યાં કરી છે?-હવે તો જાગ! ભેદજ્ઞાનનો માર્ગ આચાર્યદેવ તારી સામે ખૂલ્લો કર્યો છે. અરે! તેં ભોગવેલાં દુઃખોનું પૂરું વર્ણન ભગવાનની વાણીથી પણ થઈ શકતું નથી એટલા તો તેં દુઃખ ભોગવ્યા છે, હવે એકવાર તો તારા આત્માની સામે જો! હવે તો પરથી ખસ, સ્વમાં વશ-આટલું બસ. ૩૯૮.**

**– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી કળશટીકા, કળશ–૨૫૮, પ્રવચન નં. ૨૭૬
## તા. ૨૧-૧૨-૧૯૬૫
## [૧૧]

બારમો કળશ છે.

**( શાર્દૂલવિક્રીડિત )**

**विश्रान्तः परभावभावकलनान्नित्यं बहिर्वस्तुषु**
**नश्यत्येव पशुः स्वभावमहिमन्येकान्तनिश्चेतनः।**
**सर्वस्मान्नितस्वभावभवनज्ञानाद्विभक्तो भवन्**
**स्याद्वादी तु न नाशमेतिसहजस्पष्टीकृतप्रत्ययः।।१२-२५८।।**

શું કહે છે ? આ સ્વભાવની અસ્તિ બતાવવી છે. એમાં પહેલા પરભાવથી અસ્તિ માનનાર એકાન્તી કેવા હોય છે એની વાત કરે છે. ઝીણું તો છે, આ અનેકાન્ત ઝીણી વસ્તુ છે. ધ્યાન રાખીને બરાબર લક્ષમાં રાખવું. એમાં વધારે ધ્યાન રાખવું એમ એનો અર્થ છે. ઝીણું એટલે બરાબર એણે ધ્યાન રાખવું જોઈએ તો સમજાય. આકરું (કહે છે પણ) આ દુનિયાની વાત કેટલી સંઘરે છે ! મમતાના ભંડોળ. મમતાનો ભંડોળ કેટલો છે એની પાસે. ઓહોહો..! અંદરથી ચાલી નીકળ્યો છે. ઇ અહીં કહે છે કે તારી શક્તિમાં તું છો કે નહિ ? તારા કોઈ સ્વભાવમાં શક્તિ છે કે નહિ ? - કે તું પર શક્તિથી નભી રહ્યો છો ? એમ અહીંયાં કહે છે. સમજાણું કાંઈ ?

**'ભાવાર્થ આમ છે...'** કહેવું છે તે એ છે કે એમ. **'એકાન્તવાદી...'** એક પક્ષે જોનારો **'મિથ્યાદષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને પર્યાયમાત્ર માને છે,...'** એટલે કે આત્માને પરશક્તિથી જ હું છું એમ માને છે. સમજાણું કાંઈ ? **'દ્રવ્યરૂપ નથી માનતો;...'** હું સ્વશક્તિવાન સ્વભાવ સામર્થ્યવાળો છું એમ અજ્ઞાની માનતો નથી. એની પર્યાયમાત્રની વ્યાખ્યા ઇ છે. **'તેથી જેટલી-સમસ્ત-જ્ઞેયવસ્તુઓના જેટલા છે શક્તિરૂપ સ્વભાવ...'** શું કહે છે ? જેટલી સમસ્ત જાણવા યોગ્ય જે વસ્તુ છે એની જેટલી શક્તિ (છે). બે બોલ, જેટલી જાણવા યોગ્ય વસ્તુ–એક અને જેટલી એની શક્તિ–બે. આત્મામાં શરીર, દેહ આદિ બધા પરપદાર્થ, જેટલા પરપદાર્થ છે અને એમાં જેટલી શક્તિનું સામર્થ્ય છે. શરીરમાં જેમાં હલન-ચલન આવી શક્તિ, પરમાણુમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



લાલ-પીળા આદિની શક્તિ. અનેક પ્રકારના સંઘયણ નામ મજબુતની શક્તિ. સમજાય છે? એવી અનેક પ્રકારની વસ્તુના–પરપદાર્થના જેટલા ભાવ છે (શક્તિ એટલે ભાવ અંદર) **'તેમને જાણે છે જ્ઞાન,...'** આ જ્ઞાનની અવસ્થા એ બીજા પદાર્થના શક્તિરૂપ સામર્થ્યને જ્ઞાનનો પર્યાય જાણે છે.

**'જાણતું થકું તેમની આકૃતિરૂપે પરિણમે છે,...'** જ્ઞાનની અવસ્થા પરપદાર્થના સામર્થ્યની શક્તિઓને જાણતા પોતે જ્ઞાન પર્યાયે પરિણમે છે. **'તેથી જ્ઞેયની શક્તિની આકૃતિરૂપ છે જ્ઞાનના પર્યાય,...'** એ જાણવાની જે પર્યાય એ **'જ્ઞેયની શક્તિની આકૃતિરૂપ છે જ્ઞાનના પર્યાય, તેમનાથી જ્ઞાનવસ્તુની સત્તા માને છે;...'** એટલી જ જ્ઞાનની સત્તા એ માને છે. શું કીધું ? જરીક ઝીણું છે. આત્માનો જ્ઞાન પર્યાય બીજા અનંત પદાર્થ ને એની સામર્થ્ય–શક્તિ એ રૂપે જ્ઞાનની પર્યાય–જ્ઞાન દશા જાણવારૂપે પરિણમે છે, એટલો જ આત્મા છે ને એટલો જ આત્મા છું અજ્ઞાની એમ જીવને માને છે. સમજાણું કાંઈ?

શરીરની સંઘણની મજબુતાઈ એના જ્ઞાનની પર્યાયમાં ખ્યાલમાં આવે કે આ શરીરનું સંઘયણ મજબુત છે. એવો જ્ઞાન પર્યાય એને જાણે. જ્ઞાન પર્યાય એની શક્તિને જાણતા એટલું પરિણમન છે, શક્તિને અવલંબે પરિણમન પોતાનું (છે) એટલો જ આત્મા છે, એટલો જ શક્તિવાન આત્મા છે એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ?

શુભાશુભભાવ કે દેહ આદિની શક્તિ કે સામા ગુણોના ગુણની શક્તિ છે ને ? પરમાણુમાં એકદમ રંગ પલટે, લીલાનો ધોળો થાય. આમ ફટ અંદરમાં ઠંડી થઈ જાય, ક્યારેક ગરમી થઈ જાય એવી શક્તિઓ છે ને એનામાં–પુદ્ગલોમાં ? એ શક્તિઓને જાણતો જ્ઞાન પર્યાય (એમ જાણે છે કે) ઓહોહો..! એ શક્તિ પ્રમાણે જ્ઞાનનો પર્યાય એના આકારરૂપે પરિણમે એવો પર્યાયનો ધર્મ (છે) પણ એટલા પર્યાય પૂરતો આત્મા છે એમ માને છે, એ આત્મા એનાથી ભિન્ન અનંત ગુણની શક્તિ ચૈતન્ય આનંદકંદ છે, જ્ઞાનનો સાગર છે એવી શક્તિને અજ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ ?

જુઓને ! ઘણા એવા હોય છે ને ? પરપદાર્થની શક્તિ (જોવે તો) ઓહોહો..! ઓ..હો..હો..! (થઈ જાય). રોકેટ જાય છે. હું વિમાન કહેવાનો હતો. આમ જાય, એક મિનિટમાં આમ જાય, એક કલાકમાં આમ જાય, એક કલાકમાં પાંચસો માઈલ જાય, ધૂમાડો નીકળે ઇ. એક કલાકમાં આટલું જાય. એ બધી પુદ્ગલોની શક્તિઓ અને કોઈ જીવની બહારની પર્યાયમાં રાગાદિ, વિકાર આદિની શક્તિ, એવી શક્તિને જાણતો જ્ઞાનનો પર્યાય વર્તમાનમાં એ શક્તિના આકારે પરિણમે એવો પર્યાયધર્મ (છે) પણ એટલો પરશક્તિના આકારે પરિણમ્યો એટલો જ આત્મા માનનાર પોતાની મહાન ચૈતન્ય આનંદ શક્તિ છે તે દૃષ્ટિને ભૂલી જાય છે. સમજાણું કાંઈ ? જુઓને ! અત્યારે તો એ બધી પરના શક્તિના માહાત્મ્ય બહુ આવે છે લોકોને.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– એમ આવે છે સાયન્સનો ખાં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સાયન્સનો ખા ! એ તો ધૂળની શક્તિ, એમાં થવાની હતી એમ થઈ છે. આણે આમ કર્યું, આમ કર્યું. જુઓ! કેટલી શક્તિ ફોરવી ! એ જ્ઞાનની પર્યાયમાં વર્તમાન જાણવા તરીકે પરદ્રવ્યની શક્તિનું જ્ઞાન પરિણમે પણ એટલો જ જ્ઞાન આત્મા છે ? એટલો જ આત્મા છે ? એ શક્તિના પરિણમન ઉપરાંત પોતે ત્રિકાળ અનંત જ્ઞાનની મૂર્તિ ચિદાનંદ છે. એ રૂપે જ્ઞાનને પરિણમીને પોતાનું જ્ઞાન સ્વરૂપ જાણવું જોઈએ એને ઠેકાણે આટલો પરિણમેલો હું છું તે જ આત્મા છે એ પરશક્તિથી પોતાને માને છે, પોતાની શક્તિથી પોતાને માનતો નથી. કહો, સમજાણું ? 'જમુભાઈ' ! શું કીધું આ ? જુઓ ! આ બધા હાડકાની શક્તિ, દવાની શક્તિ, ફલાણી શક્તિ છે એને માને છે કે નહિ ? ફલાણા પુદ્‌ગલની શક્તિ, આની આ શક્તિ...

શ્રોતા :– ઇંજેક્શનની શક્તિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, ઇંજેક્શનની શક્તિ. ક્યાં ગયા ? એવી શક્તિ કે આમ ફટ... એવી પરપદાર્થની શક્તિ છે પરમાં, પણ એ શક્તિનું વર્તમાન જ્ઞાનની અવસ્થામાં એ જ્ઞેયાકારે પરિણમન થાય. એટલો જ આત્મા છે એમ માનનાર મૂઢ પોતાના અનંત જ્ઞાન શક્તિનો ભંડાર ભંડોળમાં અનંત જ્ઞાન ને આનંદની શક્તિ પડી છે એ શક્તિની એ શ્રદ્ધા કરતો નથી. સમજાણું કાંઈ ? કહો, 'રમણીકભાઈ' ! તમારા 'મુંબઈ'માં તો બહુ આમ ચાલે અંદર આ.હા..! હો..હા..! બાવીસ માળના માળ ને આહાહા..! ત્યાં થાય છે કે નહિ ? ત્યાં શું કહે છે ઇ? (નરીમન) પોંઇટ... પોંઈટ... આપણને યાદ રહેતું નથી.

શ્રોતા :– મોટા મકાનો થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મોટા મકાનો થાય. ન્યાં પથરા બહુ પડ્યા હતા. અમે દિશાએ જાતા ને. બહુ પથરા પડ્યા હતા કે હવે અહીં (મકાન) થવાના છે. (અજ્ઞાનીને એમ લાગે કે) ઓહોહો..! માણસની શું શક્તિ ! માણસની શું શક્તિ, શક્તિ તો બધી એને કારણે ન્યાં પરમાણુ ખડકાઈ ગયા. શું શક્તિ ! ઓહોહો..! સંચો ઉપાડે, આમ મોટો સંચો ઉપાડે. કહો, મોટા મોટા મકાનો સંચાથી ઉપડે. લાકડાના થાય છે ને મોટા મોટા ત્રીસ-ત્રીસ માળના ! સંચેથી ઊપડે ને સંચેથી એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જાય. એની શક્તિનું જ્ઞાનમાં પરિણમન થતાં એમ માને છે કે ઓહોહો..! આટલો હું. એમાં આખો બહિરવસ્તુમાં અર્પાઈ જાય છે. કહો, 'ભીખાભાઈ'!

શ્રોતા :– શક્તિ નથી એનામાં ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એની શક્તિ એનામાં રહી પણ એની શક્તિનું અહીં જ્ઞાન થયું એટલો આત્મા છે ? એટલી શક્તિવાળો આત્મા છે ? એટલો શક્તિવાળો આત્મા છે ? એથી તો અનંત... અનંત... ગુણી શક્તિનો ગુણ અને એની શક્તિને જાણવાપણે (પરિણમતી)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય, એવડી પર્યાયને પણ એ જાણતો નથી. શું કીધું ? સમજાણું કાંઈ ?

એક સમયમાં ભગવાન અનંત જ્ઞાનની મૂર્તિ, અનંત આનંદનું સ્વરૂપ એવી અનંત શક્તિઓનું સત્ત્વ, એ શક્તિને આશ્રયે જે જ્ઞાન થાય, એ શક્તિના અવલંબે થયેલી જ્ઞાનની પર્યાય આત્માની ખરી. એ તો અભેદ થઈને પોતાને માન્યો કે હું આવો આખો આત્મા છું. સમજાણું ? પણ એ પર્યાયમાં પરની શક્તિનું જ્ઞાન થતાં એને શક્તિનું જ્ઞેયાકાર પરિણમ્યું એનું માહાત્મ્ય લાગી ગયું કે ઓહોહો..! સમજાણું કાંઈ ? એ પરશક્તિને લઈને હું છું એમ એણે જાણ્યું.

બીજી ભાષા એમ કરી છે કે એ શક્તિનું અહીં જ્ઞાન પરિણમ્યું એટલો (આત્મા) માન્યો એનો અર્થ કે પર્યાયને એણે માની, દ્રવ્યને માન્યું નહિ. એક સમયમાં જાણવાની શક્તિ છે એને જાણી, માની તે પણ એટલી પરશક્તિને જાણવાનો પર્યાય, સ્વશક્તિને જાણવાનો પર્યાય રહી ગયો આખો. સમજાણું કાંઈ ? આહા..હા..!

એક સમયમાં ભગવાન અનંત જ્ઞાન, અનંત દર્શન આનંદનો કંદ મહા અનંત ગુણનું મહા સ્વરૂપ છે. અનંત શક્તિ ! એક જ્ઞાન ગુણમાં, એક આત્માના એક જ્ઞાન ગુણમાં અનંતી શક્તિ અને અનંતી પર્યાય. શું કીધું ? જ્ઞાન ગુણ એક, એક હોં ! એક ગુણ. એમાં અનંતી શક્તિ અને એક એક ગુણની અનંતી પર્યાય. એવડા ગુણને આશ્રયે જે પર્યાય થવી જોઈએ એ તો આત્માનો પર્યાય ખરો ને એ પર્યાય દ્રવ્ય સાથે અભેદ થયો એટલે એણે પર્યાય ને દ્રવ્ય બેયને માન્યા. આ તો એક સમયનો પર્યાય જ્યાં નિમિત્તને અવલંબે પ્રગટ્યો એમ એને લાગ્યું. જુઓ ! આ શાસ્ત્ર ભણ્યો, આ ભણ્યો, આ ભણ્યો, આનું લક્ષ બહુ રાખ્યું ને એનાથી આ જ્ઞાનની પર્યાય પ્રગટી એમ માન્યું અને એ ઉપરાંત એને આકારે જ્ઞાનનો પર્યાય પરિણમ્યો એટલો હું છું એમ માન્યો એ મૂઢ મિથ્યાદૃષ્ટિ એકાન્તવાદી છે, એને સ્વશક્તિના માહાત્મ્યની ખબર નથી. કહો, સમજાણું કે નહિ ?

એકદમ રંગ પીળો થઈ જાય, એકદમ લીલો થઈ જાય. આહાહા..! શું શક્તિ ! (એમ) કહે. પાણીમાં નથી હોતા ? 'મૈસુર' કે શું ક્યાંક ? પાણીની અંદર... હેં ? આવડા મોટા મોટા મુકેલા અંદર. પ્રકાશ (થાય) ! ઓહો..! (થઈ જાય). શું છે પણ ઓહો..? સૌની સાથે ગયા હતા ને ! ન્યાં ઓહો ક્યાં ગરી ગયું એમાં ? કહો, સમજાણું આમાં ? એ તો જ્ઞાનનો એક સમયનો પર્યાય, એક સમયનો વીર્યનો પર્યાય પોતાને આશ્રયે પ્રગટેલો છે એમાં એ પરની શક્તિનું જ્ઞાન પોતે સ્વતઃ થઈ જાય છે. એને ઠેકાણે પરશક્તિના જ્ઞાન તરફ દોરાયેલો (અજ્ઞાની) એણે એ પર્યાયને ન્યાં ઢોળી દીધી. એ જ જ્ઞેય આકારે જ્ઞાન થયું માટે એનાથી થયું અને એ આકારે જ્ઞાન થયું એટલો જ હું છું (એમ અજ્ઞાની માને છે). સમજાણું કાંઈ ? આહા..! ઝીણું છે, ભાઈ !

બે અસ્તિત્વ તત્ત્વો આખા. અંદર પૂર્ણ શક્તિનો ભંડાર ભંડોળ છે. અનંત... અનંત...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શક્તિ એક એક ગુણમાં, હોં ! એવી અનંતી શક્તિઓ. આત્મદ્રવ્યમાં અનંત ગુણ એટલે શક્તિ (છે). એની એક શક્તિનું અનંત સામર્થ્ય. એની અનંત સામર્થ્યની અનંતી પર્યાય. એમાં એક જ પર્યાય જ્યાં પરાલંબીની આકૃતિની શક્તિરૂપે જાણી, તેટલો માન્યો (તે) પર્યાયમૂઢ છે (એને) દ્રવ્યની ખબર નથી. કહો, સમજાણું કાંઈ ? એટલી અવસ્થામાત્ર આત્માને માને છે. પરભાવના પરિણમનના જ્ઞાનમાત્ર ભાવરૂપવાળો છું એમ માને છે. પણ હું એક અનંત ગુણનો શક્તિ મહાન (પદાર્થ છું) એનું લક્ષ, ત્યાં દૃષ્ટિ ઉપર દ્રવ્યની શક્તિઓના અનંત અમાપ ગુણની પ્રતીતિનો ત્યાં અભાવ છે. ફક્ત એટલી પર્યાયની પ્રતીતિનો ત્યાં ભાવ વર્તે છે. તેને એકાન્તપક્ષી મૂઢ મિથ્યાદૃષ્ટિ કહે છે. સમજાણું કાંઈ ? આહા..! ભારે વાત, ભાઈ !

**'સમસ્ત-જ્ઞેયવસ્તુઓના જેટલા છે શક્તિરૂપ સ્વભાવ તેમને જાણે છે જ્ઞાન,...'** તેમને **'જાણતું થકું તેમની આકૃતિરૂપે પરિણમે છે, તેથી જ્ઞેયની શક્તિની આકૃતિરૂપ છે જ્ઞાનના પર્યાય,...'** જ્ઞેયની શક્તિરૂપે પરિણમી છે જ્ઞાનની પર્યાય. બસ ! **'તેમનાથી જ્ઞાનવસ્તુની સત્તા માને છે;...'** એનાથી જ્ઞાનનું હોવાપણું માને છે. સમજાણું ? જ્ઞાન તો ત્રિકાળ જ્ઞાન અનંત કેવળજ્ઞાનનો કંદ છે એ તો. સમજાણું કાંઈ ? અથવા જેવું જેવું એને નિમિત્તમાં લક્ષ જાય છે ને ? તેવો તેવો જ્ઞાનનો પર્યાય પ્રગટે છે ને ? એટલે એ પર્યાય જાણે નિમિત્તના લક્ષમાંથી આવ્યો છે, એમાંથી આવ્યો છે એમ માનનાર મૂઢ છે. એને જ્ઞાન શક્તિનું અનંતપણું છે એની એને પ્રતીત નથી. કહો, સમજાણું કાંઈ ? આહાહા..!

મારો જ્ઞાન પર્યાય જેટલો પરના લક્ષવાળો થાય, જાજા બહુ પરનું લક્ષ કરે તો જ્ઞાન પર્યાય ખુબ પ્રગટે. આ મુસાફરી (કરે છે). આવ્યું હતું અંદરમાં. આ મુસાફરી નથી કરતા છોકરાઓ ? દેશાટન. બુદ્ધિ ફાટે. બહુ ફરે, ચારે કોર જાય તો બુદ્ધિ ખીલે. દેશ દેશના રંગ, દેશ દેશના માણસો, દેશ દેશના કપડા, દેશ દેશની બોલણી–બોલી (જાણે તો) વિચિક્ષણ થાય. મૂઢ છો, કહે છે. આહાહા..! ધૂળેય થાતો નથી. એ તો જ્ઞાનની એ સમયે એ જાતની શક્તિરૂપે પરિણમવાની તાકાત (છે). તે એને લઈને પરિણમી નથી. આ તો એ છે માટે પર્યાય મને થયો એ તો મોટો મૂઢ છે ! એની તો વાત અહીં લીધી જ નથી. શું કીધું ? એ ફર્યો માટે આ જ્ઞાનનો પર્યાય થયો એ વાત તો અહીં લીધી નથી. પણ અહીં તો એ આકૃતિ પ્રમાણે જ્ઞાનમાં ખ્યાલ આવ્યો, પરઆકૃતિની શક્તિ પ્રમાણે (ખ્યાલ આવ્યો) એટલાને જ આત્મા માન્યો એ વસ્તુને માનતો નથી. સમજાણું કાંઈ ? આહા..!

જુઓને ! આ કેટલા રંગ ને રંગ ને આ બધા નથી થાતા ? શું કહેવાય ? સાડલા બાયુના અંદર છાપ મારે છે–ડિઝાઈન. કેટલી ડીઝાઈનો ને કેટલી ઓલી આમ જાણે... આહાહા..! એટલી શક્તિ ! ડિઝાઈન (જોવે તો) આ..હા..! આ તે કોણે આવો રંગ લીધો હશે ! એવું માહાત્મ્ય પરશક્તિમાં જાય છે. સમજાય છે ? આહાહા..! કોરી નાખી ને એક એકમાં આમ ફુદડા ફુદડા (કર્યા હોય), લીલા પાંદડા હોય, ઉપર હોય લીલું ને હેઠે પીળું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પાંદડા, ફૂલઝાડ. આહા..! આ તે ભારે શક્તિ ! પણ શું છે ? હોય છે ને ? ભાઈ ! ફુલઝાડમાં.

શ્રોતા :- બાંધણી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, એ બાંધણી. આ તો ફુલની વાત કરું છું. બાંધણી તો એવી કરે. આ તો ફુલ, લીલા ફુલ. વનસ્પતિના ફુલ એવા હોય કે ઉપર હોય પીળો રંગ ને હેઠે હોય લીલો પાદડામાં, એક જ પાંદડામાં બે (રંગ). સમજાણું કાંઈ ? એની શક્તિને આમ જોતા કહે કે આ..હા..! એને વિસ્મય જાય થઈ જાય છે એનું અને એ આકારે પરિણમ્યો એટલો જ આત્મા ન્યાં સમાઈ જાય છે. એને દ્રવ્યશક્તિનું લક્ષ અને દૃષ્ટિ રહેતી નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ? ભાઈ ! તમારે હશે કે નહિ ? આ બધું મોટરના શું કહેવાય ? મોટરના પાર્ટ-ભાગ, પાર્ટ હશે, ભાગ કહેતા હતા કો'ક, એના ભાગ. ટુકડા-ટુકડા... આહા..! આમ ને આમ ને આમ... બહુ હોશિયાર માણસ ! સમજાણું ?

શ્રોતા :- એની કિંમત યાદ રાખે..

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, એની કિંમત યાદ રાખે ને આ રાખે. આવા પાર્ટ અહીં (લાગે) ને અહીં (લાગે)... 'ભોપાળ'માં હતો કે નહિ ? 'પ્રાણભાઈ'નો દીકરો છે ને ? આપણા 'પ્રાણભાઈ'. 'રાજકોટ'. મોટરની .... તરત કહે, મારી પાસે છે, મારી પાસે છે, લઈ જાવ. આ તો તૈયાર. આમ જાણે કમ્પલીટ જાણે આ બધા સાધન રાખીને શક્તિઓ તૈયાર રાખી હતી.

શ્રોતા :- કામમાં આવ્યું ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :- શું કામ આવે ? એ તો ન્યાં પર્યાય થવાની હતી એ થઈ, ન્યાં એને લઈને થઈ છે એમેય નથી. પણ એની શક્તિને લઈને આ બધી શક્તિઓ થાય છે, એક દ્રવ્યની શક્તિ બીજા દ્રવ્યની શક્તિને આપે છે એ માનનાર દ્રવ્યની પૂર્ણ શક્તિ સ્વતંત્ર છે તેને એ માનતો નથી, એમ કહે છે, લ્યો ! સમજાણું કાંઈ ?

**'જ્ઞાનવસ્તુની સત્તા માને છે; તેમનાથી ભિન્ન છે પોતાની શક્તિની સત્તામાત્ર, તેને નથી માનતો;...'** જુઓ ! છે ? પાંચમી લીટી છે. ભગવાનઆત્મા..! અહીં તો જ્ઞાન પ્રધાનથી વાત લીધી છે પણ એને એમ પરમાં જે કાંઈ શક્તિ ભાસે છે ને ? એ શક્તિ જ્ઞાનમાં ભાસે કે આહાહા..! શું મજા આમાં ! ચેન પડે, મજા કહે છે, શું કહે છે ? સમજાણું ? આમાં ભારે મજા પડે છે, હોં ! ભારે મજા ! પેલી શક્તિને દેખીને એ શક્તિને લઈને મારામાં મને મજા આવી. એ પરની મજાની શક્તિ (જોઈને) મને મજા આવી, એમ માનનાર મજા મારા આત્માના આનંદમાં છે એને માનતો નથી. એ પોતાનો આનંદ અંદરમાં પડ્યો એ આનંદને માનતો નથી, એ શક્તિને સ્વશક્તિ પોતાથી છે એમ માનતો નથી. આ બધો આનંદ આવ્યો પરથી. કહો, એ તો બરાબર હશે કે નહિ ? લ્યો ! ના પાડે છે ભાઈ ! એ...! આ શરીર સુખી તો સુખી, નહોતું સવારે કહેતા ? કહે છે કે શરીરની શક્તિને લઈને મને સુખ થયું મારા જ્ઞાનમાં એ માનનારો મોટો મૂઢ છે. એને આત્મામાં અતીન્દ્રિય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આનંદની શક્તિ છે એની શ્રદ્ધાની ખબર નથી. લ્યો ! એમ માને છે.

શ્રોતા :– મૂઢમાંય મોટો ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– મૂઢમાં મોટા છે બધા, મૂઢમાં છે ને બધા ! મૂઢમાંય મોટા-નાના તો હોય ને એની પર્યાય પ્રમાણે. કોઈ બહુ મૂઢ હોય, કોઈ થોડો હોય. શું સમજાણું આમાં ?

પરની શક્તિનું સત્ત્વ જોતા તે શક્તિથી મારા જ્ઞાનમાં શક્તિ આવી એમ માનનાર એક તો પરને જ પોતાનું માને છે અને બીજું, એને આકારે થયેલું જ્ઞાન એટલો જ જ્ઞાનનો પર્યાય એમ માનનારો પણ એક અંશને આખું તત્ત્વ માને છે. આખો શક્તિનો પિંડ ભગવાન છે એને એ શ્રદ્ધામાં, જ્ઞાનમાં લેતો નથી. લ્યો ! એનું નામ મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે, આમાં અસત્યબુદ્ધિ થઈ જાય છે, એનું નામ મહાન પાપ-પાખંડ છે. સમજાણું કાંઈ ? બીજાના ટેકાએ, મદદે મારી પર્યાયમાં શક્તિ આવી એમ માનનાર પણ પોતાની આત્મશક્તિને માનતો નથી. કેમ હશે ? ભાઈ !

આ લાડવા ખાય, પેલું ખાય તો શક્તિ નથી આવતી શરીરમાં ? અને એ શક્તિ આવે તો આત્મામાં એટલું બળ વધે કે નહિ ? સારી રીતે શક્તિ ખાય, કેસરીયા દૂધ પીવે, બદામના દૂધ પીવે. કહો, સમજાણું ? મોસંબી શું કહેવાય પેલું ? મૂસળીપાક ! સાલમપાક ! કહો એને લઈને કાંઈ તાકાત આવતી હશે કે નહિ આત્મામાં ? ખાય કોણ ? એ તો કહે છે કે જ્ઞાનની પર્યાયમાં એ શક્તિઓનું રૂપ જણાય છે છતાં અજ્ઞાની એમ માને છે કે આ શક્તિને લઈને મને શક્તિ આવી, મને બોલવાની શક્તિ એને લઈને આવી, નહિતર મારામાં તાકાત નહોતી.

આ મરતા નથી કરતા ? અહીંયાં ચોપડે. શું કરે છે કાંઈક ? પહેલા (કરતા), અત્યારે તો ક્યાં હતું ? એક સોટી, આમ સોનાની થાતી ને ? કિરણગળ. ગોળીઓ આવે છે ને ! અમે જોઈ હતી, ત્યાં 'પાલેજ'માં હતી. એક વેચવા આવ્યો હતો, સાધુ હતો એ લેતો હતો. મેં કીધું, એલા.. શું તમે લ્યો છો ? 'બરવાળા'નો સાધુ હતો. તે દિ' પહેલી જોયેલી. ઘણા વખતની વાત છે, (સંવત) ૧૯૬૭ની સાલની વાત છે. આટલી સોગઠી જેવું હોય, સમજ્યા ને ? એમાં બધી ધાતુ ને (બધું હોય). થોડુંક કામ હોય (તો) પૂછી લેવું હોય તો પૂછી લે. પછી ભલે મરી જાય, પણ થોડું પૂછી લઈએ. બે મિનિટ વાતચીત કરી લે. તે દિ' સાંભળેલું. આપણે તો સોગઠી પણ જોયેલી ને બધું જોયેલું. કીધું, શું છે આ ? - કે આવું થાય. કીધું, આ વેશમાં પણ હજી ભ્રમમાં પડ્યા છે.

એ પરની શક્તિને લઈને મારામાં શક્તિ આવે છે એમ માનનારને પોતાની શક્તિની દૃષ્ટિની ખબર નથી. સમજાણું ? એક સમયની પર્યાયની શક્તિ પણ પોતાથી છે. એને ઠેકાણે એનાથી આ મને આવી (એમ માનનાર અજ્ઞાની છે). બોલવાની કાંઈ શક્તિ ન હોય. એમ હશે કે નહિ ? જ્ઞાનમાં તીવ્રતા થાય કે નહિ જરી આમ ? આ બ્રાહ્મી, બ્રાહ્મી દવા શું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહેવાય ? બ્રાહ્મી.. બ્રાહ્મી કહેવાય કે નહિ ? આ બ્રાહ્મી નથી આવતી ? તેલ માથામાં નાખે તો મગજ તર થઈ જાય. એક જણો (સંવત) ૧૯૮૧માં મારી સાથે હતો. આમ ભણતો હતો. પછી બ્રાહ્મી તેલ ખાનગી મંગાવેલું. મેં કીધું, આ શું છે ? બુદ્ધા ક્યાં હતા તે (એનાથી) થાતા હતા ? બ્રાહ્મી તેલને લઈને બુદ્ધિ પ્રગટ થતી હશે ? સમજ્યા ને ?

શ્રોતા :– થાય છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– થયા, ધૂળેય થાતું નથી. એ તો એના પર્યાયનો એ જાતનો ક્ષયોપશમનો અવસ્થા હોય તો એ પોતાથી થાય છે. એ માનનાર પરથી થાય, બ્રાહ્મી તેલથી બુદ્ધિ ઉઘડે (એમ માનનાર) મૂઢ છે એમ કહે છે. એને તો અહીં તો કાઢી જ નાખ્યો છે.

અહીં તો જ્ઞાનની પર્યાયમાં એ શક્તિનું જ્ઞાન થયું, પરપદાર્થની શક્તિનું જ્ઞાન થયું અને સ્વશક્તિનું જ્ઞાન પર્યાયમાં રહી ગયું, શક્તિ તો આખી રહી ગઈ, પણ એનું જ્ઞાન રહી ગયું ને એટલી શક્તિના આકારે પરિણમ્યું એ જ્ઞાન એટલો આત્માને માને (તો એ પણ) મિથ્યાદૃષ્ટિ અસત્યબુદ્ધિ, પાપબુદ્ધિ છે. કહો, સમજાણું કાંઈ ? જેટલું સત્ત્વનું એનું તત્ત્વ છે એટલું ન માનતા એ પરને લઈને માન્યું એ પોતાના ભાવની શક્તિને માનતો નથી. સમજાણું કાંઈ ? આહા..! **'એવો છે એકાન્તવાદી.'**

**'તેના પ્રતિ સ્યાદ્વાદી સમાધાન કરે છે કે જ્ઞાનમાત્ર જીવવસ્તુ સમસ્ત જ્ઞેયશક્તિને જાણે છે...'** જ્ઞાનમાત્ર ભગવાનઆત્મા બધી શક્તિઓના ગુણોને, એ પદાર્થના ગુણોને, બીજા પદાર્થના ગુણોને જ્ઞાન પર્યાય જાણે ખરી. પર્યાયમાં ગુણ–ભાન ન આવે ? - કે આનો આ ગુણ છે, આનો આ ગુણ છે, આનો આ ગુણ છે, આનો કડવો છે, આનો લીલો છે, આનો પીળો છે, આ ખાટો છે, આ ગળ્યો છે. સમજાય છે ? એમ જ્ઞાનની પર્યાય **'જીવવસ્તુ સમસ્ત જ્ઞેયશક્તિને જાણે છે એવું સહજ છે; પરંતુ પોતાની જ્ઞાનશક્તિથી અસ્તિરૂપ છે.'** પણ પોતાના જ્ઞાન ગુણના સત્તાથી તેનું હોવાપણું છે, પરને લઈને હોવાપણું નથી. સમજાણું કાંઈ ?

ધ્રુવ સ્વરૂપ છે એમાંથી જ્ઞાનનું પરિણમન આવે છે અને એ શક્તિનો પ્રવાહ છે એમ ન માનતા જ્ઞાનનો પ્રવાહ પર શક્તિને જાણવા પૂરતો છે એટલો પ્રવાહ માને તે પર્યાયને માને (છે અને) વસ્તુને માનતો નથી. સમજાણું ?

**'पशुः नश्यति एव'** અહીં સુધી તો એનો ઉપોદ્ઘાત કર્યો, હોં ! ભાવાર્થ. આમ કહેવું છે એમ આમાં કહેશે એમ કહ્યું. **'पशुः' 'એકાન્તવાદી...' 'नश्यति' 'વસ્તુની સત્તાને સાધવાથી ભ્રષ્ટ છે,...'** ભગવાનઆત્મા અનંત... અનંત... કેવળજ્ઞાનની શક્તિનો રસ છે. એ એક સમયની આકૃતિમાં પોતાનું (અસ્તિત્વ) માનનાર (તેને) શક્તિ તરફની દૃષ્ટિ એની રહેતી નથી. તેથી શક્તિની શ્રદ્ધામાં નાશ માને છે. સમજાણું કાંઈ ? મારામાં અનંત જ્ઞાન, દર્શન, આનંદનો સ્વભાવ છે એવી શક્તિ ઉપર પ્રતીત જોઈએ એ પ્રતીત આને અજ્ઞાનીને રહેતી નથી, પર ઉપરની પ્રતીત રહે છે. સમજાણું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પેલામાં આવે છે ને ? ઇન્દ્રિયને ખુબ પુષ્ટ કરું તો જ્ઞાન પુષ્ટ થાય. નથી આવતું ? શું આવે છે ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે ને ? એમ કે જ્ઞાન કેમ મારું વધે ? ઇન્દ્રિયની ખુબ પુષ્ટિ કરું, આ કરું તો મારું જ્ઞાન વધે, તો મને વિશેષ જાણવા જાજા મળે, જાજા મળે. એને લઈને જ્ઞાન ખીલે એમ. પણ જ્ઞાન અંદર રાગ રહિત થઈને આત્માની શક્તિની પ્રતીત કરતાં જે જ્ઞાનનો અંશ ખીલે (તેમાં) સર્વ લોકાલોકને જાણવાની શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ તાકાત છે. સમજાણું કાંઈ ?

એ શક્તિવાન ભગવાનઆત્માને જાણતા, એને જાણતા એની શક્તિને સ્પર્શતા જે પર્યાયમાં જ્ઞાનનો અંશ આવ્યો (તે અંશમાં) કેવળી જાણે તેટલી લોકાલોકને જાણવાની શક્તિની તાકાત છે. પરોક્ષ (રીતે જાણે) પણ પરને પૃથક એ રીતે જાણે એવી તાકાત છે. એવી તાકાતને અજ્ઞાની માનતો નથી. સમજાય છે કાંઈ ? જેટલા નિમિત્તોનો સંબંધ થયો, જાજાનો થયો તો જ્ઞાનશક્તિ વધારે ખીલી. પણ એક જ દ્રવ્યની મહા શક્તિને એક વાર આમ અડું તો મહા શક્તિ ખીલે એવી એને શ્રદ્ધા ને જ્ઞાનની પ્રતીત છે નહિ. સમજાણું કાંઈ ? એકાન્તવાદી પશુ ઢોર જેવો છે, કહે છે.

**'વસ્તુની સત્તાને સાધવાથી ભ્રષ્ટ છે,...'** ભગવાનઆત્મા જેની શક્તિના સત્ત્વની પ્રતીત કરતાં પર્યાયમાં સત્‌નો મોટો મહા પ્રવાહ વહે એવી શક્તિની સત્તાને નાશ કરી નાખે છે. પરની જ પર્યાયબુદ્ધિમાં અટકી ગયેલો છે. સમજાણું કાંઈ ? ભાષા ભારે ! **'નિશ્ચયથી...'** એવું અજ્ઞાની માને છે. એવું થઈ જાય છે, એમ કહે છે.

**'કેવો છે એકાન્તવાદી?' 'बहिः वस्तुषु नित्यं विश्रान्तः' 'સમસ્ત જ્ઞેયવસ્તુની અનેક શક્તિની આકૃતિરૂપે પરિણમ્યા છે જ્ઞાનના પર્યાય,...'** જોયું ? પાઠ તો **'बहिः वस्तुषु'** છે, ભાઈ ! પણ એ બહિર વસ્તુ થઈ ગઈ. જ્ઞાનનો પર્યાય પરદ્રવ્યના ગુણોને જાણવાપણે પરિણમ્યો એ દશાને બહિર વસ્તુ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ ? ભાષા જ એવી કરી, જુઓ ! **'बहिः वस्तुषु'** એટલે આત્મા સિવાય બધી જ્ઞેયવસ્તુની અનેક શક્તિ નામ ગુણો, એની આકૃતિરૂપ પરિણમી, એના જ્ઞેયપણે પોતે જેવું જ્ઞેય છે એ પણે જાણવાનો પર્યાય પરિણમ્યો એવી પર્યાય **'તેમાં...' 'नित्यं विश्रान्तः' 'સદા વિશ્રાન્ત છે અર્થાત્ પર્યાયમાત્રને જાણે છે જ્ઞાનવસ્તુ,–એવો છે નિશ્ચય જેનો, એવો છે.'**

ભાષા તો કેવી છે કે પરવસ્તુને પોતાની માને છે એ વાત તો અહીં કરી જ નથી. પણ પરવસ્તુના ગુણોના જેવા શક્તિ ને સ્વભાવ છે એ પ્રમાણે પરિણમેલો જ્ઞાનનો પર્યાય એ **'बहिः'** છે. એ **'बहिः'** જ્ઞાનનો પર્યાય પણ **'बहिः'** છે. સમજાય છે ? એને આખું તત્ત્વ માને છે તે મૂઢ જીવ મિથ્યાદૃષ્ટિ છે. ઓ..હો..! 'હરીભાઈ' ! આવું બધું ક્યાં 'મુંબઈ'માં છે ત્યાં ? આત્મા છે, પણ ત્યાં 'મુંબઈ'માં હલવાઈ ગયા (છે). સમજાણું આમાં ? આહા..! ભાષા કેવી કરી છે ! **'बहिः वस्तुषु'** કો'ક કહે કે ભાઈ ! બહિર વસ્તુની શક્તિમાં પોતાની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શક્તિ માની છે એ તો ઠીક, પણ અહીં તો બહિર વસ્તુની શક્તિના ગુણો, ગુણની શક્તિઓ એનું પરિણમ્યું જે જ્ઞાન, એકલો બહિરઆકાર શક્તિપણે પરિણમેલું જ્ઞાન, એ વસ્તુને જ બાહ્ય વસ્તુ કહે છે. સમજાણું કાંઈ ?

અંતર ચિદાનંદ ભગવાન જ્ઞાન ને આનંદનો કંદ (છે) એને આકારે, એના લક્ષે, ધ્યેયે જે પરિણમ્યું જ્ઞાન એને સ્વવસ્તુ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ ? અહીં તો હજી બહારના નિમિત્તોના જેટલા સાધન સરખા હોય એટલી મને શક્તિ પ્રગટે (એમ અજ્ઞાની માને). વજ્રવૃષભનારાચ સંઘયણ હોય તો કેવળજ્ઞાન પ્રગટે, લ્યો ! વળી એ આવ્યું. સમજાણું કાંઈ ? વજ્રવૃષભનારાચ સંઘયણ હોય, એ શક્તિ મજબુત હોય (તો કેવળજ્ઞાન પ્રગટે).

પંખીને ઉડવું હોય તો પણ કાંઈ મગના ઢગલા ઉપર બેઠું ઉડી શકે ? પણ કઠણ જમીન નીચે હોય તો ઉડી શકે. એ ઉડવાની શક્તિ કઠણને લઈને આવી એમ અજ્ઞાની માને છે. એમ આત્માના જ્ઞાનનો પર્યાય આમ ઊડે-પ્રગટ થાય એ સંઘયણની મજબુતાઈને લઈને પ્રગટે છે. 'બાહુબલી' જેવા બાર-બાર મહિના સુધી ધ્યાનમાં રહ્યા, લ્યો ! શરીરની મજબુતાઈ હોય તો એ ધ્યાનની પર્યાય પ્રગટ થઈ શકે. એ તો પોતાના પર્યાયની તાકાત નથી. શરીરને લઈને શું છે ? એ ભાષા બોલે બધી એ તો વ્યવહારની વાતું છે. સમજાણું કાંઈ ? ***એ શરીર મજબુત (છે) માટે કેવળજ્ઞાન થાય એ તો ખોટો છે, એ તો મિથ્યાદૃષ્ટિ છે પણ શરીરની મજબુતાઈની તાકાતના જ્ઞાનપણે જ્ઞાન પરિણમ્યું એટલાને આત્મા માને તો એ મૂઢ ને મિથ્યાદૃષ્ટિ છે.*** એ... 'હરીભાઈ' ! આહાહા..!

આ બધા ડાહ્યા દુનિયાના કહેવાય. સંચા ને ફંચા ને (ચલાવે). હમણાં સંચાઓ બહુ નીકળે છે હમણાં નહિ ? સંચા ને શું કાંઈક ? કો'ક કહે, બંગડીનો સંચો, કો'ક કહે, ફલાણો સંચો. કોણ કહેતું હતું હમણાં ? છત્રીનો સંચો. એ..ઇ..! 'ઝોબાળીયા' ! એને છત્રીનું કારખાનું હતું, શું હતું ? કો'ક કહેતું હતું, આપણને ક્યાં (ખબર હતી). ફલાણા સંચા, ઢીંકણા સંચા.. હમણા સંચા ને સંચા થઈ ગયા બધા અને એમાંથી પૈસા જાજા પેદા થાય છે. એ પણ એક કારીગરીની શક્તિ જોઈ છે ને આત્મામાં ? નહિ ?

કહે છે કે એને લઈને શક્તિ તો નથી પણ એ શક્તિપણે જે ગુણ એનામાં છે, એનામાં ગુણો જે છે, પરમાણુઓમાં, ખાંડમાં, સાકરમાં, ગોળમાં આ બધી શક્તિઓ છે ને જુદી જુદી જાતની ? સમજાય છે કે નહિ ? લોટમાં, દવામાં, અમુક અમુક દવાની કેવી શક્તિઓ કહે છે જુઓ ! આ શક્તિથી આમ થઈ ગયું. આ ઇન્જેકશન એકદમ શક્તિ આપે ને ફટ ફટ લોહી ફરતું થાય. આમ લોહીમાં સીધુ નાખે, આમ રગમાં પકડીને નાખે. ગ્લુકોઝ છે એ અમથુ મોઢે પાય અને એમાંથી (રગમાંથી) નાખે તો એકદમ ઝટ લોહી થઈ જાય. એવી શક્તિઓ એનામાં એને કારણે છે. એને ગ્લુકોઝને કારણે અહીં (શક્તિ) આવી છે એમ તો નથી પણ અહીં આવેલી શક્તિનું (માપ) જે જ્ઞાનમાં આવે કે આ શક્તિ. એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રમાણે જે જ્ઞાન પરિણમ્યું એટલા ઉપર જેનું લક્ષ અને ધ્યેય પડ્યું છે એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. ઇ જ કહે છે, મૂઢ છે. તારી પર્યાયની મૂઢતા તારે કારણે આવી ગઈ છે, પરને કારણે નહિ.

કહે છે ને, આવ્યું છે ને, હમણાં આવ્યું હતું ને ? જુઓ ! આ દારૂ પીવે તો આમ થાય છે. લખ્યા કરે. દારૂ પીવે તો આમ થાય. અરે..! ભગવાન ! એવી વાત તો ક્યાંય રહી ગઈ, બાપા ! જેને પરદ્રવ્ય અડતું જ નથી જ્ઞાનની પર્યાયને. સમજાય છે ? એ સમયે પોતાના જ જ્ઞાન પર્યાયમાં મૂઢ થવાની લાયકાતને લઈને થયું છે, દારૂને લઈને નહિ, કેફને લઈને નહિ. કહો ! જુઓને કેટલાક કેફ આપે ને બહુ દુઃખ હોય તો કેફ આપે તો આમ પડ્યો રહે. એની પર્યાયમાં જ મૂઢતા થવાની લાયકાત છે, પરદ્રવ્યને લઈને નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ ! સમજાણું ?

કેવી શક્તિ જુઓને ! પેલા બલુનમાં જાય છે ને ? શું કહેવાય ? પછી છત્રી લઈને હેઠે ઉતરે. કાંઈક કહે છે ને ? કોઈ માણસ વાતું કરે છે. છત્રીમાં લઈને આમ ઉતરે, લ્યો ! ઇ શક્તિઓ તો પરમાણુનો પર્યાય છે. એ શક્તિ એને લઈને મને શક્તિ આવી, મારા જ્ઞાનમાં વિચિક્ષણતા આવી એ મૂઢ છે, કહે છે. સમજાણું કાંઈ ?

શ્રોતા :– બધી ડિગ્રીઓ મળે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ જ વાત કહે છે ને આ. શું કહે છે ? સોનોગ્રાફ કર્યો હતો ને ? પણ એ તો એની શક્તિ એની હતી, એને લઈને તને જ્ઞાન થયું છે એમ નથી. અને તારો જ્ઞાનનો આકાર પર્યાય એ શક્તિને ખ્યાલમાં લીધો એટલો તું નથી. આખો ત્રણકાળ, ત્રણલોકને જાણે એવી તો એક સમયની પર્યાયની તાકાત છે અને આખા દ્રવ્યની તો એથી અનંતગુણી તાકાત છે. એક સમયની પર્યાય ત્રણકાળ, ત્રણલોકને પરનું લક્ષ કર્યા વિના સ્વલક્ષે જાણે એવી એની તાકાત છે. એવા આત્માના દ્રવ્યને, એની શક્તિને અને એ શક્તિ તરફ વળેલી પર્યાયની આટલી તાકાત છે એ અજ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ ?

બદામ-પિસ્તાને નોકર્મ કીધું છે ને ? નોકર્મ કીધું છે. બદામ-પિસ્તા. બ્રહ્મચર્ય હોય તો બદામ-પિસ્તા ખાય. એટલે નોકર્મ કીધું છે. અરે..! શું છે પણ ? જુઓ ! મતિજ્ઞાનમાં નોકર્મ કીધું છે. ધૂળેય નથી લખ્યું. એ તો કહે છે, અહીં થયું હોય ત્યારે કોણ નિમિત્ત હતું એનું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું ? આ વિદ્યાર્થી ભણે ત્યારે કરે છે ને ? - કેસરીયા દૂધ પાય, સરખા બદામ-બદામ અંદર માવો નાખીને કરે સરખું, મગજ ઠંડું થાય, વિદ્યા બહુ વધે. અક્કલ કરો. અક્કલ ક્યાંકથી વેચાતી મળતી હશે ? એની તો વાત નથી કરી, એ તો મહા મૂઢ જીવ છે. પરદ્રવ્યની પર્યાયની શક્તિથી મારી પર્યાય પ્રગટી, એ તો મહા મૂઢ છે. એ તો બે સાથે એકત્વ છે. એ તો બે દ્રવ્યની સાથે એકત્વબુદ્ધિ છે, એની અહીં વાત નથી કરી. અહીં તો એના ગુણોના પણે જ્ઞાન પરિણમ્યું કે આવો ગુણ આનામાં ગુણ, આવો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ગુણ, આવો ગુણ (છે). એ પણે (જ્ઞાન) પરિણમ્યું એટલી પર્યાયને પણ આત્મા માને એ મૂઢ જીવ ને અજ્ઞાની છે એમ કહેવામાં આવે છે.

કહો ! હવે આ વકીલાત-બકીલાતનું વળી યાદ આવ્યું. કહો, આ વકીલાત-બકીલાત હોશિયાર હોય તો ભણે. કહો, એ જ્ઞાનકળા બધી વકીલાતના ભણવાના ચોપડામાંથી પ્રગટી હશે કે નહિ ? ભણ્યા વિના થાય ? આહાહા..! કહે છે, એ બધી શક્તિઓ અહીંથી આવી એની તો વાત નથી, પણ એ જ્ઞેયની શક્તિને આકારે અહીંયાં ખ્યાલમાં આવ્યું કે પુસ્તકમાં આમ છે, આનો આ કાયદો છે, આનું આમ છે. એવો અહીં ખ્યાલ આવ્યો, એ ખ્યાલપણાનું પરિણમન પરજ્ઞેયાકારની શક્તિપણે જ્ઞાન પરિણમ્યું છે, સ્વજ્ઞાનની શક્તિપણે પરિણમ્યું નથી. એને આત્મા માનવો, એને આત્મા માનવો, એને જીવ માનવો તેને મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની કહે છે. આહાહા..! ભારે વાત, ભાઈ !

શ્રોતા :- ભિન્ન કરવા માટે આટલી બધી ઝીણવટથી વિચારવું પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એટલું બધું ક્યાં આવ્યું ? એક શક્તિનો પિંડ આખો દ્રવ્ય છે અને એને અવલંબે થતી પર્યાયની તાકાત એના પોતાને કારણે છે. બસ ! આટલી વાત છે. આ તો ભિન્ન ભિન્ન દાખલા આપીએ તો એના ખ્યાલમાં આવે કે આ શું કહેવા માગે છે. સમજાય છે કાંઈ ? ***ભિન્ન ભિન્ન કાળે ભિન્ન ભિન્ન પદાર્થની શક્તિનું જ્ઞાન થતાં તે શક્તિઓ આને લઈને (છે), એ શક્તિને લઈને ખીલી (એમ માને) એ તો બે દ્રવ્યની એકતા, એ તો બે પદાર્થની એકતાબુદ્ધિ (થઈ), તે તો મૂઢ જીવ છે. પણ અહીં તો એને આકારે પરિણમેલું જ્ઞાન એટલાને માનવું તે મૂઢ ને મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!*** સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ !

મગજ તર થઈ ગયું, મારું જ્ઞાન ઉઘડી ગયું. બદામ (દૂધ) પીધું ને ! એ તો કહે છે, મૂઢ છે, એની વાત તો અહીં કરતા નથી.

શ્રોતા :- આપનો ઉપદેશ સાંભળીને જ્ઞાન ઉઘડી જાય ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ સાંભળીને ઉઘડી જાય એ વાત પણ ખોટી છે. એ શબ્દને આકારે જ્ઞાન પરિણમ્યું છે પોતાની યોગ્યતાથી. એ શબ્દને આકારે પરિણમ્યું છે જ્ઞાનની પર્યાય પોતાથી. આ તો એને લઈને થઈ એ તો વાત અજ્ઞાન છે. જ્ઞાનશક્તિનું તત્ત્વ આખું છે એનાથી, એની દૃષ્ટિ અને એની પ્રતીતમાંથી જ્ઞાન આવવું જોઈએ. એને જ્ઞાન ને આત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ ? બહુ ઝીણું, ભાઈ !

વળી પાછા પ્રતિમા ને મંદિર કરે છે. આવી વાત કરવી ને વળી આવા પ્રતિમા ને મંદિર બનાવે. કાંઈ મેળ ખાતો નથી, એક જણો એમ કહેતો હતો. ભાઈ ! એ તો એના કાળે શુભરાગ હોય, લક્ષ હોય એ જ્ઞાનનો પર્યાય પણ જાણે પણ એટલો જ પર્યાય આત્માનો છે એમ છે નહિ. એનું લક્ષ એના ઉપર એકલું નથી. ચૈતન્યમૂર્તિ જ્ઞાતાના લક્ષે પરિણમેલું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાન તેના શુભરાગને જાણે અને પર જે વસ્તુ છે તેને જાણવારૂપે પરિણમે એવો પર્યાયનો ધર્મ છે. 'હરીભાઈ' ! ભારે વાત ! અને એ જ્ઞાનની પર્યાય સ્વલક્ષે પોતાને કારણે પરિણમી એમાં શુભરાગનું જ્ઞાન થયું અને જે નિમિત્તનું જ્ઞાન (થયું) એ રીતે તે વખતના પર્યાયનો ધર્મ છે એમ ન જાણે તો એના પર્યાયની તાકાતની પણ ખબર નથી. ઉડાવી દે કે નહિ આ નહિ... આ નહિ... આ નહિ... પણ એ વખતે એ જ નિમિત્ત ને એ જ રાગનું જ્ઞાન ત્યાં પરિણમવું જોઈએ. પર આકારે થાય પણ સ્વ આકારના લક્ષમાં પરનું આ (જ્ઞાન) થાય એવા પર્યાય સહિતનો ત્રિકાળી આત્મા તેને આત્મા કહે છે. આહાહા..! સમજાણું કાંઈ ? વ્યવહારું જ્ઞાન થયું કહેવાય. અને નિશ્ચય સ્વને આશ્રયે થયું તે નિશ્ચય. તે નિશ્ચય ને વ્યવહાર બે ભેગા થયા. આહા..! ઝીણું ભારે વાત, ભાઈ !

**'बहिः वस्तुषु' 'સમસ્ત જ્ઞેયવસ્તુની અનેક શક્તિ...'** ગુણો એટલે પરમાં પણ અનંત ગુણ છે ને ? એની આકૃતિ એટલે એના ભાવરૂપે (અર્થાત્) જેવો એનો સ્વભાવ છે એવું અહીં જ્ઞાન પોતાને કારણે જ્ઞાનની પર્યાય પરિણમે. **'તેમાં સદા વિશ્રાન્ત છે...'** એમાં ઠરી ગયો. એટલે કે ઓહો..! બસ.. બસ ! એવી જ્ઞાનની પર્યાયમાં જેનો વિશ્રામ એટલે દૃષ્ટિ પડી છે, ત્યાં જ જેનો વિસામો છે, ત્યાં જ જેનું સમાપ્ત થાય છે, ત્યાં જ જેની પૂર્તિ માની છે એ મિથ્યાદૃષ્ટિ છે. **'જ્ઞાનવસ્તુ, – એવો છે નિશ્ચય જેનો, એવો છે.'** એ આખો આત્મા છે એમ માનનાર તે મૂઢ ને અજ્ઞાની છે. આહાહા..!

પોતાનો અનંત શક્તિ–સ્વભાવ, બેહદ એક એક ગુણનો સ્વભાવ, એને એ માનતો નથી. ફક્ત આટલી શક્તિઓથી થયેલી પર્યાય અને કાં એને આકારે પરિણમ્યું જ્ઞાન, એવી ચીજને માને એ જ્ઞાન પદાર્થને, જ્ઞાન ત્રિકાળ પદાર્થને માનતો નથી. સમજાણું કાંઈ ? ફેર કેટલો પડે છે ? બહિરલક્ષ અને સ્વલક્ષ એટલો ફેર પડે છે. અરે..! તકરાર તો ક્યાં લોકો કરીને બેઠા છે ! હજી તો બહારમાં આમ થાય ને ધર્મ આમ થાય ને ધર્મ આમ થાય.

શુભભાવથી તો ધર્મ નથી પણ શુભભાવનું આ શુભ છે એવું જ્ઞાન (એ) આકારે પરિણમ્યું એટલો એ ધર્મ નથી. જેમાં શક્તિ–સત્ત્વ પડ્યું છે, ખાણ–મહા અનંત ગુણની શક્તિની ખાણ ભગવાન, એમાં નજર આપતા જે પર્યાય પરિણમે એ પર્યાયને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ ? હવે આ વાદવિવાદે ક્યાં પાર પડે એવું છે ? લખાણ કેટલા ને કેટલી વાત. અત્યારે ભાઈ રોકાઈ ગયા, પરીક્ષા ચાલે છે.

**'શા કારણથી એવો છે ?'** હવે કહે છે, ક્યા કારણે એમ અજ્ઞાની માની રહ્યો છે ? કારણ આપે છે. **'परभावभावकलनात्, परभावभावकलनात्' 'જ્ઞેયની શક્તિની આકૃતિરૂપે છે જ્ઞાનનો પર્યાય,...' 'परभावभावकलनात्'** ની વ્યાખ્યા પણ આ. વ્યાખ્યા પણ જુઓ ! ભારે ભાઈ ! ટીકાકાર ટીકા તો ગજબ કરે છે ! કહે છે, **'परभावभावकलनात्'** આ જ્ઞેય શક્તિના ગુણો એનો જે ભાવ એની આકૃતિરૂપ. સમજાય છે ? જ્ઞાનની પર્યાય. એનું નામ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'परभावभावकलनात्' 'અવધાર્યું છે...'** એ નિશ્ચય ધાર્યો છે એને.

**'જ્ઞાનવસ્તુનું અસ્તિપણું, – એવા જૂઠા અભિપ્રાયના કારણથી.'** આહા..! કહો, સમજાય છે આમાં કાંઈ ? **'परभावभावकलनात्'** એની વ્યાખ્યા કે આ જગતમાં જેટલા અનંત પદાર્થના ગુણો–ભાવ છે એવા **'परभावभावकलनात्'** એની વર્તમાન જ્ઞાન પર્યાયમાં એના આકારરૂપે પરિણમ્યું જ્ઞાન, એ પર્યાય પરભાવ, એ **'भावकलनात्'**. **'परभाव'** એટલી વાત. હવે એમાં **'भावकलनात्' 'અવધાર્યું છે જ્ઞાનવસ્તુ...'** મારો આત્મા આટલો છે એમ જેણે માન્યું છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ?

ફરીને, **'परभाव'** એટલો **'परभाव'** એટલી વ્યાખ્યા. **'परभाव'**ની વ્યાખ્યા શું ? - કે જે અનંત પદાર્થો છે, એના જે ગુણો–શક્તિ છે, એનું જે જ્ઞાનનું પરિણમવું એનું નામ **'परभाव'** ભાઈ ! ઓ..હો..હો..! **'परभाव'** કોને કહેવો ? - કે જે અનંત... અનંત... ગુણોરૂપ જ્ઞેય છે એની શક્તિને જાણવારૂપે જ્ઞાનનો પર્યાય પરિણમ્યો એ જ્ઞાનની પર્યાયને પરભાવ કહેવામાં આવે છે. આહાહા..! એણે જે મૂળ રાખ્યું છે એની વાત કરે છે. સમજાણું કાંઈ ?

સ્વભાવ તો અનંત ગુણનો પિંડ પ્રભુ છે. એવો જે સ્વભાવ, એ જે સ્વભાવ, એની તો એણે નાસ્તિ કરી. એક સમયની દશામાં જે અનંત જ્ઞેયના ગુણોરૂપે જાણવારૂપે પરિણમ્યો. એના ગુણને લઈને પરિણમ્યો એમ તો નહિ. સમજાણું કાંઈ ? પરભાવની શક્તિને કારણે, એ ગુણોને કારણે આ પર્યાય થઈ એમ તો નહિ, પણ એ પરભાવની શક્તિનું જ્ઞેયપણું, એને અહીંયાં જ્ઞાનની પર્યાયમાં તેટલું આકૃતિરૂપ જ્ઞાન પરિણમ્યું એને **'परभाव'** કહેવામાં આવે છે. 'હરીભાઈ' ! એ સાંભળ્યું નહિ હોય કોઈ દિ' ત્યાં. પુસ્તક આવ્યું છે કે નહિ ત્યાં ? આવા અર્થ ઝીણા છે એમાં. આહા..! 'કનુભાઈ' !

**'परभाव'**ની વ્યાખ્યા આ. ભગવાનઆત્મા અનંત... અનંત... સ્વભાવનો પિંડ એ સ્વભાવ અને એક સમયમાં એક જ પર્યાયમાં અનંતી શક્તિપણાને લઈને પરિણમ્યું નહિ, પણ આ જ્ઞાનનો પર્યાય પરજ્ઞેયને જાણવારૂપે પરિણમ્યો એટલો જે પરાકારપણે પરિણમ્યો એવો જ્ઞાન પર્યાય તેને પરભાવ કહેવામાં આવે છે. એવા પરભાવમાં મારો સ્વભાવ છે એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! અહીં તો હજી આ મારા... આ મારા... આ મારા..., બાયડી મારી, છોકરા મારા, ધૂળ મારા, ધમાહા મારા.. એ..ઇ..! 'ધર્મચંદજી' ! આહાહા..!

કહે છે કે પ્રભુ ! તારો ભાવ તો અનંત છે ને ! અનંત... અનંત... ભાવનો પિંડ પ્રભુ એવો સ્વભાવ (છે) એને ન માનતા એક સમયની પર્યાયમાં આવા અનંતી શક્તિઓને જાણવારૂપે (જ્ઞાન) પરિણમ્યું એ તો **'परभाव'** છે. **'परभाव'** છે એ સ્વભાવ નથી. 'નેમિદાસભાઈ' ! આ શાસ્ત્રનો આધાર આપે છે કે 'રાજમલજી' ખોટા છે, એમ ઇ કહે છે. તને અક્કલ નથી, હવે સાંભળને !

બાપુ ! આ વસ્તુ એવી છે કે આમ એક સમયનો ભગવાન... આહાહા..! અનંતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનંતા એક એક ગુણના સ્વભાવ–શક્તિઓ, એવું આખું તત્ત્વ (છે). એવા સ્વભાવને સ્વભાવ તરીકે અસ્તિ તરીકે ન માનતા એક સમયની પર્યાયમાં પરના ગુણપણે આકૃતિની શક્તિને ખ્યાલમાં લીધું, પરની અનંતી શક્તિઓ ખ્યાલમાં લીધી, ખ્યાલ પરિણમ્યો પોતે, એટલા ખ્યાલને જ પરભાવ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ ? આ પુણ્ય-પાપના ભાવ તો પરભાવ, આહાહા..! અરે..! ભગવાન! એ.. 'ભગવાનભાઈ' ! કોઈ દિ' ૭૫ વર્ષે એણે સાંભળ્યું નહિ હોય. કહો, 'વજુભાઈ'! સમજાય છે આમાં ? કહો, સમજાણું આમાં ? 'નેમિદાસભાઈ' ! શું (કહ્યું) ?

એ શરીર ને 'કંચનબેન' તમારા નહિ, એમ કહે છે. હવે એની બુદ્ધિની શક્તિનો ખ્યાલ તમને આવે તો એની બુદ્ધિને લઈને તમારો પર્યાય થયો છે એમ નહિ. કે ભાઈ ! ઘરનું કામ બહુ સંભાળી લીધુ ને બહુ કર્યું મને આમ છે ને તેમ છે. હવે એ શક્તિ એનામાં હતી એનો જે ખ્યાલ આવ્યો, એટલો ખ્યાલ એ આત્માનો છે એ પરભાવને પોતાનો આત્મા માન્યો છે એમ કહે છે. આ તો દાખલો (આપ્યો હોય તો) ઠીક પડે ને ! આ તો કહે કે 'કંચનબેન' આવ્યા તો પૈસા થયા, રૂપિયા થયા એમ લોકો વાતું કરે છે એમ કહે છે. લોકો વાતું કરે છે. 'કંચન'નું નામ ને પૈસા પાછા લાખો આવ્યા. પહેલા સાધારણ થઈ ગયા હતા વળી રૂપિયા આવ્યા. નાખે ત્યાં પણ આમાં આવ્યા એમ માણસ વાતું કરે છે. કહો, સમજાણું કાંઈ ? એ..ઇ..! અરે.. અરે..! ભારે વાત, ભાઈ ! કહે છે, અરે..! ભગવાન ! તારી તો બલિહારી છે ને, કહે છે.

અરે..! તારા એક સમયના શક્તિના સામર્થ્યની શું વાત કરવી ! એક સમયના એક ગુણના સામર્થ્ય, બીજા ગુણના અનંત ગુણના સામર્થ્યની શું વાત કરવી !! એવો ***ભગવાન ધ્રુવ ચિદાનંદ મહાશક્તિનો એકલો સાગર ! એવા શક્તિને સ્વભાવ તરીકે ન માનતા એક સમયની પર્યાયમાં પરશક્તિના આકારે પરિણમેલા જ્ઞાનને પોતાનું માનવું, એ પરભાવને પોતાનો આત્મા માને છે. આહા..!*** એ... 'હરીભાઈ' ! આહાહા..!

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– સાચી વાત છે. આહાહા..! ભારે પણ ટીકાકાર ! કહેવું છે આચાર્યને એ જ હૃદય ખોલીની વાત કરી છે, હોં !

અહીં તો હજી શુભરાગ મારો એ તો ક્યાંય ગયું મિથ્યાત્વમાં. કારણ કે એ તો તત્ત્વ જ બીજું, એ તો તત્ત્વ બીજું. અહીં તો પોતાના જ્ઞાન પર્યાયમાં પરશક્તિના ગુણોના ખ્યાલરૂપે પોતાથી જ્ઞાન પરિણમ્યું, એ પરભાવ (છે). સમજાણું કાંઈ ? આખું તત્ત્વ મહાન છે અને તે પણ એનો એક સમયનો પર્યાય સ્વના અનંત ગુણને આકારે પરિણમવું જોઈએ એ પણ ન આવ્યો. સમજાણું કાંઈ ? ભગવાન અનંત શક્તિનો પિંડ પ્રભુ, જેના લક્ષે, આશ્રયે, શ્રદ્ધાએ, પ્રતીતે જે પર્યાય પરિણમે એ તો આવી નહિ. પર્યાય ન આવી, વસ્તુ તો ન આવી એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય પણ ન આવી. 'છોટાભાઈ' ! આહાહા..!

કહે છે, ***એ પરભાવ એટલે જ્ઞાનની પર્યાય પરઆકારે પરિણમી ઇ.*** એવો **'भावकलनात्'** એટલે પોતાનો ભાવ તેમાં છે એમ માન્યું છે. **'भावकलनात्'** એટલે ભાવનો અનુભવ. **'कलनात्'** એટલે અભ્યાસ. **'परभावभावकलनात्'** જ્ઞાનના પર્યાયમાં અનંત ગુણોનો, પરદ્રવ્યની શક્તિનો ખ્યાલ પોતાપણે પરિણમ્યો જ્ઞાનનો પર્યાય એ **'परभाव'**. એમાં **'भावकलनात्'** મારો આત્મા એમાં છે, એ હું સ્વભાવ છું, એ મારું સ્વરૂપ છે એમ ભાવનો અભ્યાસ જેને થયો છે તેને એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ કહે છે. કહો, સમજાય છે કે નહિ આમાં ? એ... 'પ્રેમચંદભાઈ' ! કોઈ દિ' સાંભળ્યું નહિ હોય ન્યાં. ભગવાન જાણે શું હશે ? તકરાર(માં) પડ્યા, બહારમાં હજી તો માથાકુટ (કરે છે). આહા..! અકાળ મરણ ને કાળ મરણ ને ભગવાને નિયત દીઠું ને... ક્યાંના ક્યાં સલવાઈ ગયા. આહા..! સમજાણું ? આહાહા..!

કહે છે કે કેવળજ્ઞાનનો પર્યાય ને કેવળવીર્યનો પર્યાય પૂર્ણ ભગવાનનો લ્યો ને, ભાઈ ! કહો, સાંભળો ! ભગવાનનું આમ અનંત વીર્ય ને અનંત જ્ઞાન એ પરજ્ઞેય છે. એનાથી મને જ્ઞાન થયું એ તો નહિ, પણ જ્ઞાનનો પર્યાય એ પરના જ્ઞેયની શક્તિપણે પોતાના પર્યાયમાં પરિણમ્યો કે આવું એનું જ્ઞાન છે એટલું. એ પર્યાયને પરભાવ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ ? રેકર્ડમાં ઉતરવા માટે તો આ નીકળે છે. **'અવધાર્યું છે...'** **'भावकलनात्'** એટલે એટલો જેણે આત્માનો નિર્ણય કર્યો છે. એવા જૂઠા અભિપ્રાયને કારણે એકાન્તવાદી ત્યાં વિશ્રામ (કરીને) પડ્યો છે, તેને મિથ્યાદૃષ્ટિ કહે છે. હવે આગળ સવળું શું છે એ લેશે.

( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ ! )

*** યોગીન્દ્રદેવ કહે છે કે અરે જીવ! હવે તારે ક્યાં સુધી સંસારમાં ભટકવું છે? હજુ તું થાક્યો નથી! હવે તો આત્મામાં આવીને આત્મિક આનંદને ભોગવ! આહાહા! જેમ પાણીના ધોરીયા વહેતાં હોય તેમ આ ધર્મના ધોરીયા વહે છે. પીતાં આવડે તો પી. ભાઈ! સારા કાળે તો કાલનો કઠીયારો હોય તે આજે કેવળજ્ઞાન પામે એવો તે કાળ હતો. જેમ પુણ્યશાળીને પગલે પગલે નિધાન નીકળે તેમ આત્મપિપાસુને પર્યાયે પર્યાયે આત્મામાંથી આનંદના નિધાન મળે છે. ૪૦૧**

**– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પ્રવચનસાર, ગાથા–૩૮-૩૯, પ્રવચન નં. ૩૭
## તા. ૧૨-૦૨-૧૯૭૯
## [૧૨]

('પ્રવચનસાર', ૩૮મી ગાથા ચાલે છે). જે છ દ્રવ્યના પર્યાયો ઉત્પન્ન થયા નથી, **'તથા જે ઉત્પન્ન થઈને વિલય પામી ગયા છે,...'** (એટલે) ભૂતકાળની (પર્યાયો) ઉત્પન્ન થઈને નાશ થઈ ગઈ. **'તે (પર્યાયો), ખરેખર અવિદ્યમાન હોવા છતાં,...'** ખરેખર તો વર્તમાનની અપેક્ષાએ તો અવિદ્યમાન છે. આહા..હા...! ત્રણકાળ(ની) ભૂત–ભવિષ્યની પર્યાયો – અવસ્થાઓ વર્તમાન અવિદ્યમાન હોવા છતાં, છે ને ? **'જ્ઞાન પ્રતિ નિયત હોવાથી,...'** આ..હા..હા...! જ્ઞાનની પર્યાયમાં એ તો નિયત છે, નિશ્ચય છે. (વર્તમાનની) અપેક્ષાએ ભૂત અને ભવિષ્યની પર્યાયો અસદ્ભૂત છે, પણ પણ જ્ઞાનની અપેક્ષાએ તો પ્રત્યક્ષ–સદ્ભૂત છે. આહા..હા...! ઝીણી વાત બહુ !

એ કેવળજ્ઞાનની પર્યાયનો એવો સ્વભાવ (છે) કે ભવિષ્યની પર્યાય થઈ નથી, ભૂતની–ગયા કાળની થઈને નષ્ટ થઈ ગઈ, એ અપેક્ષાએ અસદ્ભૂત છે. છતાં જ્ઞાન પ્રત્યે નિશ્ચિત થયેલી છે. જ્ઞાન એને પ્રત્યક્ષ–સદ્ભૂત તરીકે જાણે છે. આ..હા..હા...! જ્ઞાનમાં એ ત્રણકાળની પર્યાયો અંદરમાં નિયત–નિશ્ચયથી જણાય છે. જ્ઞાનનો પ્રત્યક્ષ સ્વભાવ છે. આહા..હા...! આ તમારા 'ક્રમબદ્ધ'નું આવી ગયું !!

દ્રવ્યની જે પર્યાય છે, તે સમયે તે ખરેખર ઉત્પન્ન થવાની છે અને ભૂત(કાળની) વીતી ગઈ એ પણ જે સમયે હતી તે સમયે હતી (અને) તે સમયે વીતી ગઈ. ભવિષ્યમાં પણ જે સમયે થવાની તે સમયે થશે, તે (વર્તમાનમાં) ઉત્પન્ન થઈ નથી. એ બધી ક્રમબદ્ધ પર્યાય છે. એક પછી એક, જે થવાનો કાળ છે તે રીતે થશે. એમ ભગવાનનાં જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય છે, એમ કહે છે.

***હવે, કોઈ એમ કહે કે પર્યાયને અમે ફેરવી શકીએ, પુરુષાર્થથી આડી–અવળી કરી શકીએ, તો એને કેવળજ્ઞાનનો (વિશ્વાસ) નથી રહેતો, આ..હા..હા...! કેવળજ્ઞાનને જ એણે જાણ્યું નથી. સમજાય છે ? (જે સમયે જે પર્યાય) થવાનો છે તે ત્યાં થાય છે, બસ ! ભલે નિમિત હો. નિમિત્તે કરી નથી અને નિમિત્તથી થઈ છે એમ કહેવામાં આવે તે તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. આવી વાતું છે, પણ ક્યાં લોકોને અભ્યાસ (છે) ! આ..હા..હા...!***

એ અહીં કહે છે–ભૂત અને ભવિષ્યની છ દ્રવ્યો(ની પર્યાયો) – પરમાણુની અનંત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાળ પછી થવા(વાળી) પર્યાય એ અત્યારે તો અવિદ્યમાન છે પણ જ્ઞાન પ્રત્યે તો નિયત – નિશ્ચય છે. આ..હા..હા...! (અર્થાત્) જ્ઞાન તો તેને પ્રત્યક્ષ જાણે છે. પછી ક્યારેક જાણશે, એમ નહિ. ઝીણી વાત, ભાઈ ! અહીં તો જ્ઞાનસ્વભાવના પર્યાયધર્મને સિદ્ધ કરે છે. આહા..હા...! એમાં એક સમયનો જ્ઞાનપર્યાય – પૂર્ણ કેવળજ્ઞાન (ભૂત ને ભવિષ્યની પર્યાયો) અવિદ્યમાન હોવા છતાં, અહીં તો અસદ્દ્ભૂતનું જ્ઞાન થઈ જાય છે. અસદ્દ્ભૂતનું જ્ઞાન થઈ જાય છે એ નિયત–નિશ્ચય થાય છે. (પર્યાય) થશે ત્યારે (જ્ઞાન) થાશે, એમ નહિ. આ..હા..હા...! છે ?

**'(જ્ઞાનમાં નિશ્ચિત–સ્થિર–ચોંટેલા હોવાથી, જ્ઞાનમાં સીધા જણાતા હોવાથી),...'** જોયું ? થશે ત્યારે (જણાશે) એમ નહિ, અત્યારે સીધા જણાય છે. આ..હા..હા...! ભૂત અને ભવિષ્ય, ગયાકાળની અને ભવિષ્યકાળની પર્યાયો વર્તમાનમાં નથી, એ અપેક્ષાએ એને અસદ્દ્ભૂત કહ્યું પણ જ્ઞાનની પર્યાયમાં સર્વજ્ઞ પરમાત્માને પ્રત્યક્ષ વર્તમાન સીધું જણાય છે. આ..હા..હા...! સમજાય છે કાંઈ ? આ..હા..હા...! આવું વસ્તુનું સ્વરૂપ (છે) ! એવું સમકિતદૃષ્ટિ માને છે.

અજ્ઞાની તો (એમ માને છે કે) એનું હું આમ કરી દઉં, પરનું આમ કરી દઉં ને પરથી મારામાં કાંઈક થાય, હું આમ કરું તો આમ થાય, આમ ન કરું તો આમ ન થાય, એ પ્રશ્ન જ વસ્તુમાં નથી.

(અહીંયાં કહે છે) એ જ્ઞાનમાં સીધા જણાય જાય. **'જ્ઞાનપ્રત્યક્ષ વર્તતા થકા,...'** છે ? **'જ્ઞાનપ્રત્યક્ષ વર્તતા'** અક્ષ નામ આત્મામાં એ ભૂત અને ભવિષ્યની પર્યાયો પ્રત્યક્ષ વર્તતી થકી. આત્મામાં કે આત્માના જ્ઞાનમાં એ ભૂત અને ભવિષ્યની પર્યાય વર્તમાન પ્રત્યક્ષ વર્તતી (થકી, એમ કહે છે). આ..હા..હા...! કાલે અહીં સુધી આવ્યું હતું.

(હવે આગળ કહે છે) **'પથ્થરના સ્તંભમાં કોતરાયેલા,...'** જેમ પથ્થરનો થાંભલો હોય (એમાં) ગયાકાળમાં 'ભરત' અને 'બાહુબલી' થઈ ગયા, એને સ્થંભમાં ચીતર્યા હોય. 'બાહુબલીજી' અને 'ભરત' આમ ચીતર્યા હોય પથ્થરમાં – એ ભૂત(કાળના). ભાવિ(ના) – 'શ્રેણિકરાજા' ભવિષ્યમાં તીર્થંકર થવાના છે, એને ચીતર્યા હોય. ગયાકાળના 'ભરત – બાહુબલીજી' અને ભવિષ્યના 'શ્રેણિકરાજા' આદિ. એ ચીતર્યા હોય તો એક સમયમાં આમ પ્રત્યક્ષ દેખાય છે. સમજાય છે કાંઈ ? ઝીણો સ્વભાવ, ભાઈ ! એવી વાત છે. અત્યારે તો આ બધી ગડબડ થઈ ગઈ છે.

'હુકમચંદજી' એ ક્રમબદ્ધ કાઢ્યું છે, બહુ સારુ કાઢ્યું છે, લેખ કાઢ્યો છે. પંડિતોને ચેલેન્જ આપી છે કે તમે આમાંથી વિચાર કરો અને આમાં શું છે ? વિચારો આમાં શું છે ? ખબર તો પડે. આહા..હા...! મોટો લેખ લખ્યો છે.

ભગવાને જાણ્યું છે તે પ્રમાણે અહીં (પર્યાય) થાય છે અને તેથી જાણ્યું માટે (ત્યાં પર્યાય) થાય છે, એમ પણ નહિ. ત્યાં તો થવાને કાળે પોતાને લઈને થાય છે, નિમિત્તને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



લઈને નહિ. આ..હા..હા...! ભગવાનના જ્ઞાનમાં જણાયું છે માટે ત્યાં થાય છે, એમ પણ નહિ. આ નિમિત્ત છે માટે એનાથી થાય છે, એમ પણ નહિ. આ..હા..હા...! આવું ઝીણું છે !

જ્ઞાયકસ્વભાવને સિદ્ધ કરે છે ! ભગવાનઆત્માનો જ્ઞાયક સ્વભાવ છે, ભાઈ ! આ..હા..હા...! એ જ્ઞાયકસ્વભાવની જ્ઞાયક અને સર્વજ્ઞ પર્યાય પ્રગટ થતાં એ તો બધું એક સમયમાં જાણે. (કોઈ એમ) કહે કે ભવિષ્યનું નક્કી ક્યાં છે કોની (પર્યાય) કેમ થાશે. (તો કહે છે કે) નક્કી છે. 'શ્રેણિકરાજા' ભવિષ્યમાં તીર્થંકર થશે, એ નક્કી છે. 'બ્રહ્મદત્ત (ચક્રવર્તી)' ભવિષ્યમાં સાતમી નરકમાં ૩૩ સાગર રહેશે એ નિશ્ચય છે. આહા..હા...! ભૂતકાળમાં 'ભરત' ને 'બાહુબલી' થઈ ગયા, એ બરાબર થયા. પણ એ તો થઈ ગઈ (એ) તે કાળે થવાની હતી તે કાળે (થઈ). પણ (થઈ) નથી (એ) તે જ કાળે થાય એ કેમ ? તો--તો નિયત થઈ જશે ! નિયત જ છે ! જે દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની (એમાં) ઇન્દ્ર, નરેન્દ્ર ને ગણધર આદિ પણ ફેરફાર કરી શકે નહિ. આહા..હા...!

એ અહીં કહે છે, **'પથ્થરના સ્તંભમાં કોતરાયેલા ભૂત,...'** ભૂત એટલે ગયાકાળના 'ભરત' અને 'બાહુબલી' **'અને ભાવિ દેવોની,..'** (એટલે) 'શ્રેણિકરાજા' આદિ **'(તીર્થંકરદેવોની) માફક પોતાનું સ્વરૂપ અકંપપણે,...'** પથ્થરમાં કોતરાયેલા ભૂત અને ભાવિ વર્તમાન પ્રત્યક્ષ દેખાય ને એમ **'પોતાનું સ્વરૂપ અકંપપણે,...'** જગતમાં જેટલા અનંતા જ્ઞેયો છે (અને) એની જે ભૂત અને ભવિષ્યની પર્યાયો છે તે બધી **'પોતાનું સ્વરૂપ અકંપપણે (જ્ઞાનને) અર્પતા,...'** (અર્થાત્) એ જ્ઞેયો જે છે એ અકંપપણે જ્ઞાનમાં વર્તે છે.

ભાઈ ! આજે તો વિચાર એક આવ્યો હતો – 'પરિણમ્ય-પરિણામકત્વશક્તિ' છે ને ? આત્મામાં એક 'પરિણમ્ય-પરિણામકત્વ' નામનો ગુણ છે. આ..હા..હા...! જગતના જે પદાર્થોની દ્રવ્ય–ગુણ આદિની પર્યાયો છે એ જ્ઞેયાકારને ગ્રહે અને પોતાના જ્ઞાનાકારને પરના જ્ઞાનમાં પ્રમેય તરીકે પકડાય. શું કીધું એ ? ગુણ છે ને ? પંદરમો છે. ૪૭ શક્તિ છે ને ? (એમાં) પંદરમો છે. જીવત્વ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિત્વ, સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ, પ્રકાશ, અસંકુચિતવિકાસત્વ, અકાર્યકારણત્વ, પરિણમ્યપરિણામકત્વ. પંદરમી શક્તિ છે.

આત્મામાં એક પરિણમ્ય-પરિણામકત્વ નામનો ગુણ છે. એટલે કે જ્ઞેયોના સમય--સમયના જે કાંઈ પરિણામ–આકાર થાય તેને જ્ઞાન જાણે. આહા..હા...! અને પોતે જે જ્ઞાનાકાર છે તે સામાના કેવળજ્ઞાનાદિ પર્યાયમાં તે જ્ઞાનાકાર ગ્રહણ થાય. પરનું પ્રમેય કરે અને પરના જ્ઞાનમાં તે (પોતે) પ્રમેયત્વ થાય. આ તો ઝીણી વાતું બહુ, બાપુ ! આહા..હા...! સમજાણું કાંઈ ? પંદરમો ગુણ છે ને ! 'પરિણમ્યપરિણામકત્વશક્તિ' ! એ પરિણમ્યપરિણામકત્વ એટલે જ્ઞેયાકારને ગ્રહણ કરે અને જ્ઞાનાકારને ગ્રહણ કરાવે. બીજાના જ્ઞાનમાં જ્ઞાનાકાર (ગ્રહણ કરાવે). એને હિસાબે તો (બીજા જીવના હિસાબે તો) અહીં જ્ઞેયત્વ છે ને ! પણ અહીં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાનાકાર જેવી પોતાની દશા છે તેવું તેમાં પ્રમેયપણે થાય–જણાય અને પરનું પ્રમેયપણું પોતામાં પ્રમાણ થાય, આ..હા..હા...! શું કહ્યું એ ?

ત્રણકાળ ત્રણલોકની જેટલી પર્યાયો છે એ બધી જ્ઞેય તરીકે કેવળજ્ઞાનની પર્યાયમાં અર્પાઇ જાય છે. આહા..હા..! છે ? **'અકંપપણે (જ્ઞાનને) અર્પતા એવા (તે પર્યાયો), વિદ્યમાન જ છે.'** જોયું ? આ..હા..હા...! બહુ અલૌકિક વાતું છે, બાપુ ! એમને એમ માનવું એ કાંઈ આ વાત નથી. આ..હા..હા...! જ્ઞાનની પર્યાયમાં જેટલા જ્ઞેયો–પર્યાયો છે તે બધી એક સમયમાં અહીંયાં જ્ઞાનમાં અકંપપણે (પોતાને) અર્પે છે. જેમ (કે) ત્રણકાળ(નું) બધું એકદમ સ્થિર હોય એવું અકંપપણે અર્પે છે !! ગયાકાળની પર્યાય, ભવિષ્યની (પર્યાય) અને વર્તમાન(ની) બધી (પર્યાય) આમ જાણે સ્થિર હોય !! એવી રીતે અર્પે છે. આ..હા..હા...! કહો, 'રસિકભાઈ' ! આવું છે ! પોતાનો પણ જે પૂર્ણ જ્ઞાનપર્યાય છે (અને) અનંતગુણની પર્યાય છે એ પણ પરના જ્ઞાનમાં જ્ઞેયપણે અકંપપણે વર્તે છે. આ..હા..હા...!

આવું જ્યાં સ્વરૂપ છે અને ક્રમબદ્ધ (જો) ન માને તો તો એ વસ્તુની સ્થિતિ જ માનતો નથી ! અને વસ્તુની સ્થિતિ માનતો નથી તો કેવળજ્ઞાનને પણ માનતો નથી. ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા... આ..હા..હા...! સાક્ષાત દિવ્યધ્વનિ મહાવિદેહમાં વર્તે છે !! એ આ વાણી છે !! ત્યાં 'કુંદકુંદાચાર્ય' ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા (અને ત્યાંથી) આ લાવ્યા !! ભવ્યજનોને–લાયકજીવોને માટે આ લાવ્યા !! આહા...!

ભાઈ ! તું જ્ઞાન છો ને ! તું આત્મા છો ને ! આત્મા એટલે જ્ઞાન. એ જ્ઞાન છે એ જગતની ચીજોની પર્યાયોને–ગયાકાળની અને ભવિષ્યની બધી (પર્યાયોને) વિદ્યમાન છે તેમ જાણે ને ! આ..હા..હા...! અસદ્‌ભૂત છે અને વિદ્યમાન છે–(એમ કહ્યું તો) બન્ને જૂઠું નથી થાતું ? હવે કોઈક એમ કહે છે. ભૂત અને ભવિષ્ય અવિદ્યમાન છે, એમ કહ્યું. છતાં જ્ઞાનમાં (તો) વિદ્યમાન જ છે. બાપુ ! તને ખબર નથી, ભાઈ ! જ્ઞાનસ્વરૂપમાં તો એ પ્રત્યક્ષ વિદ્યમાન જ છે. આહા...! એવો જ્ઞાનનો સ્વભાવ છે !! આ..હા..હા...! પ્રભુ ! તારો સ્વભાવ જ સર્વજ્ઞસ્વરૂપી છે ! એ સર્વજ્ઞસ્વરૂપી સર્વજ્ઞપર્યાય પ્રગટ થાય છે તેમાં ત્રણકાળના પર્યાયો અકંપપણે એટલે કે આમ ધ્રૂજે (એમ નહિ પણ) સ્થિરબિંબ પડ્યું છે જાણે !! આ..હા..હા...! હજી તો લખે છે, 'આત્મધર્મ' માં આપવું.

આ..હા..હા...! આવી વાત છે, ભાઈ ! જૈનદર્શનને સમજવું, માનવું એ કોઈ અલૌકિક વાત છે !! અને જેને આ જ્ઞાનમાં યથાર્થ(પણે) બેઠું એને ભવનો અંત આવી ગયો !! આહા...! એને કેવળજ્ઞાન થયે છૂટકો !! એના ક્રમમાં એને કેવળજ્ઞાન આવશે !! આ..હા..હા...! અને એ ક્રમમાં (જે) કેવળજ્ઞાન આવશે એ પણ બીજાના જ્ઞાનમાં અકંપપણે–જ્ઞેયપણે ત્યાં અર્પાઈ ગયું છે. આ જગતમાં ત્રણકાળ છે તો ત્રણકાળના જાણનારાઓ ત્રણકાળમાં કોઈ સમયે ન હોય એમ બને નહિ. શું કીધું એ ? ત્રણકાળ(ની) જે વસ્તુ–જ્ઞેય છે ત્યારે તેને જાણનારો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(એટલે કે) ત્રણકાળને જાણનારો ત્રણકાળમાં કોઈ વખતે ન હોય, એમ (બને) નહિ. ભૂતકાળમાં પણ કેવળી થઈ ગયા, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં (પણ થશે). કેવળીઓનો વિરહ કદી નથી. આહા...! ત્રણકાળ અને ત્રણલોક એવું જે જ્ઞેયસ્વરૂપ છે તો એ ત્રણેકાળને એક સમયમાં જાણનારોઓનો આ જગતમાં કોઈ દિ' વિરહ ન હોય. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

ભગવાન 'મહાવીર'નો જીવ સિંહ(ના ભવમાં) હતો (ત્યારે) સિંહ આમ હરણને (મારીને ખાતો હતો). (બે) મુનિ ઉપરથી ઊતર્યા ! (અને કહ્યું) 'અરે સિંહ ! તું તો આત્મા (છો) ! તીર્થંકર દ્રવ્ય (છો) ! દસમા ભવમાં 'મહાવીર' થવાનો !!' એ નક્કી થઈ ગયેલું. આહા..હા...! સર્વજ્ઞ પરમેશ્વરે મુનિઓને કહ્યું છે. ભાષા કેવી હશે મુનિઓની !? આહા..હા...! આકાશમાં જાતા હતા (ત્યાં) ઉપરથી ઊતર્યા (અને) સિંહ પાસે આવ્યા. સિંહને એમ થયું કે મારી પાસે કોઈ જાનવર કે મનુષ્ય આવે - નજીકમાં આવે એવા ભાગી જાય છે અને આ દૂરથી ઉપરથી મારી પાસે હેઠે આવ્યા !! (આમ જોવે છે ત્યાં) એકદમ વૃત્તિમાં ફેર પડી ગયો, આ શું ! ઓ..હો..હો...! આ શું છે પણ આ !? મારી નજીકમાં કોઈ અજાણ્યો આવી જાય તો ભાગે અને આ તો ઉપરથી (નીચે આવ્યા) !! આમ તીરછો (જમીન ઉપરથી) નજીકમાં આવે તોપણ ભાગે (તો) આ તો ઉપરથી (જાતા હતા) જેમાં મારી નજર ન જાય, મારી છલાંગ ન જાય (અને આ નીચે આવ્યા) !! આ..હા..હા...! એ મુનિ આવ્યા અને આમ હાથ કર્યો... કેવી ભાષા હશે મુનિઓની !? એ તિર્યંચપણે કેવી ભાષાને સમજ્યા હશે ?! આ..હા..હા...! કેવી (સિંહની) યોગ્યતા અને કેવી ભાષાની યોગ્યતા !! આહા..! મેળ કેવો ખાઈ જાય છે !! એ બરાબર ભાષાએ ભાષા સમજ્યો. અરે.. પ્રભુ ! તું તો દસમે ભવે તીર્થંકર 'મહાવીર' થવાનો છે ! આ શું ? આ..હા..હા...! (અહીંયાં) છે ને આપણે ચિત્ર ? આહા..હા...! (એ) નક્કી થઈ ગયેલું. આહા...!

(સિંહની) આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે...! અરે... આ શું !? એમ અંદર ધારા ચાલી જાય છે. એમ અંદર વિચારધારામાં ચડતાં... આ..હા..હા...! કર્મની ધારા ખસી જાય છે અને સમ્યગ્દર્શન પામે છે !! બાપુ ! આ શું વસ્તુ છે, ભાઈ ? સમ્યગ્દર્શન !! આમ હરણ એક બાજુ પડ્યું છે... અંદર ખાધું હશે કે કેમ ? પણ અંદરમાં (એમ થાય છે કે) આ શું કહે છે આ પ્રભુ ?! તું તીર્થંકરનો જીવ છો ! દસમે ભવે 'મહાવીર' થવાનો ! પ્રભુ ! તું 'વીર--મહાવીર' (થવાનો છો) !! આહા...! ભાષા કેવી રીતે સમજ્યા હશે !? ક્યા દેશના મુનિ ? ક્યા દેશની ભાષા ? ક્યાં આ જંગલનો સિંહ ? આહા..હા...! એક નિમિત્ત-નૈમિત્તિક મેળ ખાઇ જાય છે ને ! આહા..હા...! એની સમજવાની લાયકાત (હતી તે) આમ સમજે છે ! આહા..હા...! પશ્ચાત્તાપ કરતા કરતા આંસુની ધારા ચાલી જાય છે...! અને અંતર સ્વભાવ સન્મુખ જાય છે... આ..હા..હા...! ત્યાં આગળ સમ્યગ્દર્શન થાય છે !! 'મહાવીર'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાનનો આત્મા દસમે ભવે સિંહ(ની પર્યાયમાં સમ્યગ્દર્શન પામે છે) !! આ..હા..હા...! એ ક્રમની પર્યાયમાં તેને એ થવાનું હતું. ભગવાનનાં જ્ઞાનમાં હતું. હતું કે નહિ ? ત્યારે તો મુનિએ કહ્યું – 'અરે.. સિંહ ! ભગવાન મને આમ કહે છે. પ્રભુએ મને તો કહ્યું છે !' આ..હા..હા...! 'તું અત્યારે આ સ્થિતિમાં છો અને તું તો ભગવાન તીર્થંકર થવાનો છો !' આ..હા..હા...! એ (સિંહ) અંદર જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે ત્યાં ઊતરી જાય છે ! આ..હા..હા...!

એક (બીજી વાત પણ) આવે છે ને ? 'ઋષભદેવ' ભગવાનને આહાર આપ્યો હતો ત્યારે નોળિયો ને એ ચાર જણા હતા, ચાર જાનવર (હતા) અને (આહારદાનનો) આમ પ્રમોદ કર્યો ને (પછી) મરીને જુગલીયા થયા. ભોગભૂમિના જુગલીયા ! એમાં મુનિ આવ્યા છે અને આમ ઉપદેશ આપે છે. નોળિયો અને (એ) ચાર જણા છે. અત્યારે (નોળિયા સ્વરૂપે) નથી અત્યારે જુગલિયા (સ્વરૂપે છે). પૂર્વે નોળિયો (વગેરે) હતા. (મુનિરાજ) કહે છે, 'અરે... આત્માઓ ! તમારી કાળલબ્ધિ પાકી ગઈ છે !' ત્યાં એવો પાઠ છે. 'તમને જે સમયે દર્શન-જ્ઞાન થવાનું છે તે તમારી કાળલબ્ધિ પાકી ગઈ (છે) !' (એમ) મુનિ કહે છે ! ગજબ વાત છે ! આ..હા..હા...! છદ્મસ્થ મુનિ એને દેખીને કહે છે. (સામે છે) જુગલિયા ! ભોગભૂમિના મનુષ્યો ! એ પૂર્વે તિર્યંચ હતાં ! ચાર હતાં ને ? ચાર હતાં – વાંદરો, નોળિયો... (વગેરે હતાં). કથા બહુ યાદ ન હોય, (પણ) ભાવ અંદર યાદ હોય. (મુનિરાજ કહે છે) 'અરે.. આત્માઓ ! તમારી કાળલબ્ધિ પાકી ગઈ છે ! તમે સમ્યગ્દર્શન (પ્રગટ) કરો !' આ..હા..હા...! ત્યાં એ આમ અંદરમાં ઊતરી જાય છે ! અને સમકિત પામે છે !! ભોગભૂમિ ! ત્યાં બેન-ભાઈ (તરીકે) જન્મે (અને) એ પાછા પતિ–પત્ની થાય. આ..હા..હા...! પણ એને કાળલબ્ધિ પાકી ગઈ ! એમ છદ્મસ્થ સંતોએ કહ્યું. ***આ..હા..હા...! પ્રભુ ! એને (એ) પર્યાય થવાની છે એ તમે ક્યાંથી જાણી લીધું ? 'પ્રભુ ! કાળલબ્ધિ તમારી પાકી ! તમે હવે અંતર નજર કરો ! તમને સમ્યગ્દર્શન થવાનો કાળ આવી ગયો !' આ..હા..હા...! એ પણ નિયત–ક્રમમાં હતો. આ..હા..હા...! આ વીતરાગમાર્ગ તો જુઓ ! ઓ..હો..હો..હો...!***

આ તિર્યંચો ! ભગવાનને બીજાએ આહાર આપ્યો ત્યાં એ ફક્ત એક કો'ર બેઠાં હતાં. (એમને એવા ભાવ થયા કે) 'ધન્ય અવતાર ! આ લોકો આહાર આપે છે !' એવા ભાવમાં ભોગભૂમિના જીવ થયા. જુગલિયા થયા ! પલ્યોપમનું આયુષ્ય ! પલ્યોપમ એટલે અસંખ્ય અબજ વર્ષ !! આ..હા..હા...! કથામાં પણ ભવિષ્યમાં આ થશે એવી વાતું મૂકી છે ! એ ફરે એવું છે ? આહા...! કેટલીક કથામાં મૂક્યું છે કે આ ત્રણ ભવે મોક્ષ જશે, કોઈ પંદર ભવે મોક્ષ જશે ! આ..હા..હા...! એ જે જ્ઞાનમાં જણાયું છે અને તે ક્રમમાં ત્યારે તે રીતે થવાનું છે. આહા..! એને કોણ ફેરવે ? આહા..હા...! આ દુનિયાથી જુદી જાત છે, બાપા ! આ..હા..હા...!

(અહીંયાં કહે છે) **'ભૂત અને ભાવી દેવોની (તીર્થંકરદેવોની) માફક,...'** દેવ એટલે તીર્થંકરો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આદિ. **'પોતાનું સ્વરૂપ અકંપપણે (જ્ઞાનને) અર્પતા એવા (તે પર્યાયો), વિદ્યમાન જ છે.'** આ..હા..હા...! ભૂત અને ભવિષ્ય અવિદ્યમાન (છે એમ) તો પોતે કહે છે ! પણ જ્ઞાનમાં વિદ્યમાન, પ્રત્યક્ષ છે !! આ..હા..હા...! આ તે શું છે બાપા ? એ કોઈ અલૌકિક વાતું છે !! દ્રવ્યનો સ્વભાવ જ કોઈ એવો છે !! આ..હા..હા...! અસદ્ભૂતને પણ વર્તમાન ભૂતાર્થ તરીકે જાણે છે ! વિદ્યમાન જ છે એને તો, જ્ઞાનમાં તો વિદ્યમાન જ છે આમ ! આ..હા..હા...! એ જ્ઞાનનો અચિંત્ય ચિંતામણિ રત્નનો સ્વભાવ અને જ્ઞેયોનો એ રીતે થાય તે એને અર્પવાનો સ્વભાવ !! આ..હા..હા...! બાપુ ! એની શ્રદ્ધા કરવી એ બહુ આકરી વાત છે ! આહા..હા...!

ભૂત અને ભવિષ્યના તીર્થંકરો–'આદિશ્વર' ભગવાન–આદિ થયા તેને આમ સ્તંભમાં ચીતર્યા હોય (અને) ભવિષ્યમાં 'શ્રેણિક(રાજા)' તીર્થંકર થવાના છે, આ..હા..હા...! એને આમ પથ્થરમાં ચીતર્યા હોય. આપણે એક મોટા શહેરમાં નહોતા ગયા ? ત્યાં બનાવ્યું છે. એક ગૃહસ્થે થાંભલામાં મોટું બનાવ્યું છે ને ! નદી ને બધું બનાવ્યું છે ને ! ત્યાં જોવા ગયા હતા. તમે સાથે નહોતા ? નામ ભૂલી જઈએ છીએ. એક માણસે લાખ્ખો રૂપિયા ખર્ચીને આખું બનાવ્યું છે. ત્યાં જોવા ગયા હતા. આખા દેશમાં ફર્યા છીએ ! ક્યું ગામ (તે યાદ નથી આવતું). આખું આમ ચીતરેલું છે બધું – આમ નદીઓ ને થાંભલાઓમાં તીર્થંકરો ને ઘણું મોટું ચિત્ર (બનાવ્યું છે). જોયું છે. ક્યુ ગામ છે યાદ છે કોઈને ? (જેણે બનાવ્યું છે) એ પોતે જ જોવા લઈ ગયા હતા. મોટું મકાન જબ્બર ! ભૂત--ભવિષ્યના તીર્થંકરોના ચિત્રો બધા બનાવ્યા છે, બધી નદીઓ બનાવી છે. ગામ ક્યું કીધું એ ? 'પોરબંદર' ! ભૂત, ભવિષ્યના તીર્થંકરો અને બીજું બધું આમ વર્તમાનવત્ દેખાય એવું મોટું (બનાવ્યું છે) !

અહીં તો કહે છે કે પથ્થરમાં કોતરાયેલા ભૂત, ભવિષ્યના તીર્થંકરોની માફક બીજા બધા જ્ઞેયો પોતાનું સ્વરૂપ **'(જ્ઞાનને) અર્પતા એવા (તે પર્યાયો), વિદ્યમાન જ છે.'** ગજબ વાત છે ! એક કો'ર કહે કે અવિદ્યમાન છે, ખરેખર અવિદ્યમાન છે ! એની અપેક્ષાએ એ અવિદ્યમાન છે પણ અહીં જ્ઞાનની અપેક્ષાએ વિદ્યમાન છે. આ..હા..હા...! આ તે કંઈ વાત છે !! ગજબ વાત છે ! બાપુ ! તારું ચૈતન્ય(સ્વરૂપ) (અને તેનો) જ્ઞાનસ્વભાવ (તેની) અચિંત્યતા...!! આ..હા..હા...! એને તું ઓળખ ! એને જાણ ! અને એને અનુભવ ! એમ કહે છે. આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

એક જ ગાથામાં (એમ કહ્યું), **'ખરેખર અવિદ્યમાન હોવા છતાં'** ભાષા એમ છે – ખરેખર નથી... આ..હા..હા...! પણ જ્ઞાન પ્રત્યે તો વિદ્યમાન જ છે. 'છે'. આ..હા..હા...! એવો કોઈ જ્ઞાનનો સ્વભાવ (છે). પ્રભુ ! તારો સ્વભાવ એવો છે ! આહા..હા...! કે જે અવિદ્યમાનને પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ કરે એવી રીતે તારા જ્ઞાનમાં વિદ્યમાન છે ! આ..હા..હા...!

એક જ્ઞાનગુણનો પણ આવો સ્વભાવ ! આ..હા..હા...! એવા અનંતા.. અનંતા.. ગુણોનો કોઈ અલૌકિક સ્વભાવ (છે), ભાઈ ! આહા...! એવું ચૈતન્યદ્રવ્ય કોઈ ચમત્કારી વસ્તુ છે !!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અરે.. ચૈતન્ય શું જડ પણ એવી કોઈ ચમત્કારી વસ્તુ છે !! જડમાં જડપણા અનુસાર (પર્યાયો) ક્રમે–ક્રમે આવ્યા કરે છે... આહા..હા...! પણ તે જડ તેને જાણતો નથી. એની પર્યાય ક્રમસર થઈ, થવાની (અને) થશે. એ પરમાણુ માત્રની પર્યાય (ક્રમસર થાય છે). આમાં એક પરમાણુ ભિન્ન છે એની પર્યાય સ્વતંત્ર એમાં થાય છે, આને (બીજા પરમાણુને) લઈને નહિ. પોતાની પર્યાય અંદર ભિન્ન સ્વતંત્ર છે. એ સમયની–સમયની પરમાણુમાં ક્રમબદ્ધ પર્યાય પોતાથી થાય છે. આ સ્કંધ જોડાઈ ગયેલો છે માટે (થાય છે એમ) નહિ. આહા..હા...! એવા પરમાણુની પણ ભૂત અને ભવિષ્યની પર્યાયો વર્તમાનની અપેક્ષાએ, જ્ઞેયની અપેક્ષાએ અવિદ્યમાન છે, પણ જ્ઞાનની અપેક્ષાએ વિદ્યમાન છે ! આ શું કહે છે !! આ..હા..હા...!

(જ્ઞાનને) જ્ઞેય અર્પાઈ ગયું. જ્ઞેયમાં પણ પ્રમેયપણું છે ને ! કીધું ને ! પ્રમેયપણું કહો કે જ્ઞેયપણું કહો (બન્ને એકાર્થ છે). જણાવા યોગ્ય એનો સ્વભાવ છે તે જાણનારમાં અર્પાઈ ગયો છે, પ્રમેય થઈ ગયો છે. આહા..હા...!

શ્રોતા :– જ્ઞેયમાં વિદ્યમાન ગુણ તો છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– (પણ પર્યાય) વિદ્યમાન નથી. આ વાતે જ વાંધા છે ને ! એમ કહે છે કે 'એની શક્તિમાં વર્તમાન વિદ્યમાન છે ને !' (પણ) એમ નથી. ખબર છે બધી, આ પ્રશ્ન કંઈ નવા નથી. અહીં તો (એમ કહેવું છે કે) વર્તમાનમાં નથી તેને અહીંયાં પ્રત્યક્ષ વિદ્યમાન કરી નાખે છે ! એવો જ કોઈ જ્ઞાનનો સ્વભાવ (છે) !! આ..હા..હા...! એવી ચીજ છે, બાપુ !

આત્મા એટલે શું !! એ આત્મા એક સમયની પર્યાયમાં આવું અનંતુ.. અનંતુ.. જાણે છતાં એવી એવી અનંતી પર્યાયો ભલે થાય, છતાં દ્રવ્ય તો પરિપૂર્ણ શુદ્ધ છે તે છે. આ (પર્યાયો) થાય એ કાંઈ વિસ્મય નથી. ભાઈ ! શું કહ્યું એ ? જેમાંથી કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થઈ છતાં તે વસ્તુ તો પૂર્ણ છે ! એવી એવી અનંતી પર્યાય થશે તોપણ વસ્તુ તો દરેક સમયે પૂર્ણ છે. આ તે કંઈ વાત છે, બાપુ ! વસ્તુનો સ્વભાવ કોઈ અચિંત્ય છે, ભાઈ ! આહા..હા...! શું કહ્યું સમજાણું ?

પ્રભુ આત્મા અનંત ગુણનો પિંડ છે. એમાંથી પર્યાય પ્રગટ થઈ, કેવળ(જ્ઞાનની પર્યાય) પ્રગટ થઈ. આ..હા..હા...! તોપણ તે પૂર્ણ છે અને નિગોદના ભવમાં અક્ષરનો અનંતમો ભાગ વિકાસમાં છે તોપણ દ્રવ્ય તો પૂર્ણ છે ! આ શું કહે છે આ !? ગમે તે વખતે હો દ્રવ્ય તો પૂર્ણ જ છે. જરીએ ગુણમાં હીણપ નથી. એ (હીણપ) પર્યાયમાં છે, વસ્તુમાં પૂર્ણ છે. આ તો અદ્‌ભુત છે, બાપુ ! વીતરાગ સર્વજ્ઞે જોયેલા તત્ત્વો અને એમણે કહ્યા એ અલૌકિક વાતું (છે), બાપા !!

ભગવાન તું કોણ છો ! આ..હા..હા...! તારા એક ગુણની પૂર્ણ પર્યાય પ્રગટે કે અપૂર્ણ પ્રગટે પણ વસ્તુ તો પૂર્ણરૂપે પૂર્ણ જ છે. આ તે શું વાત છે !? એ કઈ રીતે છે ? સમજાણું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ ? આ..હા..હા...!

એક સમયમાં ત્રણકાળ ત્રણલોકની પર્યાયો અર્પાઈ જાય એટલું જ્ઞાન તારું પ્રગટ્યું. તે પર્યાય પ્રગટી છતાં આમ તો દ્રવ્યમાંથી જ આવી છે. છતાં દ્રવ્યમાં તો પરિપૂર્ણતા છે !! આવડી મોટી પર્યાય આવી માટે દ્રવ્યમાં કાંઈ ઘટાડો થઈ ગયો છે (એમ નથી). આ શું છે આ તે !? સમજાય છે આમાં ?

જેમ ઓલી પર્યાય અવિદ્યમાન છે છતાં જ્ઞાન પ્રત્યે વિદ્યમાન છે. આ..હા..હા...! એમ એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને પર્યાય જાણે એવડી પ્રગટ થઈ છતાં વસ્તુ છે એ તો પૂર્ણ ને પૂર્ણ (જ છે). ઘટ–વધ એમાં થઈ નથી ! આ..હા..હા...! પ્રભુ ! આવો તારો સ્વભાવ છે !! આ..હા..હા...! એણે સાંભળ્યો નથી. આહા..હા...! આમ અગમ્ય–ગમ્ય જેવું લાગે !!

(અહીંયાં કહે છે) ત્યાં (પર્યાયો) અસદ્‌ભૂત છે, ખરેખર શબ્દ તો એમ છે. છે ને ? પાઠ છે ને સંસ્કૃતમાં ? મૂળ પાઠમાં છે અને સંસ્કૃતમાં પણ (છે). **'किलासद्‌भूता'** સંસ્કૃતનો મૂળ પાઠ છે ને ! મૂળ ગાથામાં છે અને ટીકામાં છે. મૂળ ગાથામાં છે, જુઓ ! **'ते होंति असब्भूदा पज्जाया णाणपच्चक्खा'** આ..હા..હા..હા...! આ તે સંતોની વાત ! એ દિગંબર મુનિઓ તો કેવળજ્ઞાનના કેડાયતો છે !! આ..હા..હા...! અલ્પકાળમાં કેવળજ્ઞાન થવાનું છે. આહા..હા...!

**શ્રોતા** :– પ્રગટ અપેક્ષાએ અવિદ્યમાન છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રગટ નથી માટે અવિદ્યમાન છે. પણ જ્ઞાનમાં પ્રગટ, વિદ્યમાન છે. આ શું !? આ..હા..હા...! બાપુ ! પ્રભુ ! એવા જ કોઈ સ્વભાવની વાતું છે, બાપા ! આ..હા..હા...!

એક પરમાણુમાં પણ એટલા અનંતા ગુણો છે. જેટલા આકાશના અનંત ગુણ છે, એટલાં જ આત્મામાં છે અને એટલા જ એક પરમાણુમાં છે. એને ક્ષેત્રની જરૂર નથી કે ક્ષેત્ર મોટું હોય તો અનંતા (ગુણ રહે). આ..હા..હા...! એવી જ કોઈ સ્વાભાવિક ચીજ છે !!

એમ ભગવાનઆત્માને કેવળજ્ઞાનની પર્યાયમાં (બીજા પદાર્થોના પર્યાયો) અસદ્‌ભૂત હોવા છતાં અહીં વિદ્યમાન તરીકે પ્રત્યક્ષ છે. આહા..હા...! પ્રત્યક્ષ છે એટલે વિદ્યમાન છે, એમ (છે). પ્રત્યક્ષ કોને કહે ? સમજાય છે કાંઈ ? આહા..હા...! પોણો કલાક થયો. ગજબ વાત છે, ભાઈ ! એની ગંભીરતાનો પાર નથી ! આ તો પરમાગમ છે ! 'પ્રવચનસાર', 'સમયસાર' પરમાગમ છે !! એની ગંભીરતા એની ઊંડપનો પાર નથી !! શબ્દોમાં તો શબ્દોના ભાવ છે પણ તે શબ્દો જેને બતાવે છે... આ..હા..હા...! એ ચીજ કોઈ અલૌકિક છે !! આ..હા..હા...!

શ્રોતા :– અનુભવની વાત તર્કથી પકડાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– તર્કથી ખ્યાલમાં આવે એટલું. પણ ખરો નિર્ણય અનુભવ વિના ન થાય. પહેલેથી ખ્યાલમાં એવું આવે, નયથી, પ્રમાણથી, નિક્ષેપથી (એવું) આવે છે ને ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છતાં એ વિકલ્પથી નિર્ણય છે. ('સમયસાર'ની) ૭૩મી ગાથામાં આવે છે ને, ભાઈ ? પહેલા વિકલ્પથી નિર્ણય (કર્યો). પણ એ (વિકલ્પથી થયેલો) નિર્ણય સત્ય નિર્ણય નથી. અંતર જ્ઞાનસ્વરૂપ પ્રભુ (છે) એમાં અંતરમાં જઈને જે અનુભવનો નિર્ણય થાય, એવો નિર્ણય વિકલ્પથી ન થાય. 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂંપ, અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ'. આહા..હા...! મોક્ષનો માર્ગ અને મોક્ષસ્વરૂપ, કોઈ અચિંત્ય વાતું છે, બાપા ! આ..હા..હા...! 'પ્રવચનસાર'માં પણ કહ્યું છે ને ? 'મોક્ષતત્ત્વ' ! મોક્ષમાર્ગ (પ્રગટ) થયો છે એને 'મોક્ષતત્ત્વ' કહ્યું છે ! 'પ્રવચનસાર' છેલ્લી પાંચ ગાથા(માં આવે છે). આ..હા..હા...! શું કહે છે, બાપા ! નિર્વિકલ્પ સ્વભાવ જ કોઈ અલૌકિક છે !! એનો જ્યાં પત્તો લાગ્યો... ઊડી ગયા... (એના) ભવ ઊડી ગયા ! ભવ ન હોય ! આહા..હા...! એ ૩૮ ગાથા પૂરી થઈ. આ બે લીટીમાં આટલું થયું ! પંડિતજી ! આવું છે !

ભગવાન ! તારો સ્વભાવ કોઈ અલૌકિક છે !! સ્વભાવની વાત કોઈ સાધારણ તર્કથી નહિ બેસે. સાધારણ તર્ક, આમ તો તર્કથી સ્પષ્ટ આવે છે ને ? 'સર્વવિશુદ્ધજ્ઞાન (અધિકાર'માં) આવે છે ને ! 'સ્પષ્ટ તર્કણાથી વસ્તુ સિદ્ધ થઈ શકે છે.' પેલું 'છેદન'નું પૂછ્યું હતું ને ! ભાષા તો એમ પણ આવે – કર્મને છેદે ! 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માંથી આવ્યું છે ને ! 'છેદે...! જેમ બંધનને જાણે છતાં બંધનને છેદે નહિ... આત્માને બંધન છે અને શુદ્ધ થઈને બંધનને છેદે નહિ...!' ભાષા તો કેવી આવે ? છેદન કોની અપેક્ષાએ ? આ છેદાઈ ગયું અને ટળી ગયું, એ અપેક્ષાએ છેદન કહેવાય. બાકી આત્મા તો 'છેદન'નો નામમાત્ર કર્તા છે ! એ આવ્યું છે ? ('સમયસાર'ની) ૩૪ ગાથા ! આ તો અલૌકિક વાતું છે, બાપા ! આ..હા..હા...! રાગનો છેદ કરનારો એટલે નાશ કરનારો – એ પણ આત્મામાં નામમાત્ર છે, પરમાર્થે એ નથી. આ..હા..હા...! શું એની શેલી !! આ..હા..હા...! ભાઈ ! માર્ગ ગંભીર છે ! આહા..હા...! 'હીરાભાઈ' ! હવે ૩૯ ગાથા.

**'હવે આ જ અવિદ્યમાન પર્યાયોનું જ્ઞાનપ્રત્યક્ષપણું દૃઢ કરે છે :–'** વધારે દૃઢ કરે છે ! છે ? અવિદ્યમાનપણું (સ્વીકારે) છે છતાં પર્યાયનું જ્ઞાનમાં પ્રત્યક્ષપણું દૃઢ કરે છે ! આ તો અલૌકિક વાતું છે, બાપા ! આહા..હા...! ૩૯.

**जदि पच्चक्खमजादं पज्जायं पलयिदं च णाणस्स।**
**ण हवदि वा तं णाणं दिव्वं ति हि के परूवेंति।।३९।।**

નીચે (હરિગીત) :–

**જ્ઞાને અજાત–વિનષ્ટ પર્યાયો તણી પ્રત્યક્ષતા**
**નવ હોય જો, તો જ્ઞાનને એ 'દિવ્ય' કોણ કહે ભલા ? ૩૯.**

'અજાત' (એટલે) નહિ થયેલું. 'વિનષ્ટ' (એટલે) પૂર્વ થયું એ. આ..હા..હા...! એક–એક તત્ત્વ પણ એવું અલૌકિક છે ! આ કેવળજ્ઞાન તો 'મોક્ષતત્ત્વ'ની વાત છે. આહા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'મોક્ષ'માં તો એવો અર્થ આવે કે દુઃખથી મુક્ત થયો ! 'મોક્ષ' એમ શબ્દ છે ને ? પણ એ પણ નામ માત્રથી કથન છે. આ..હા..હા...!

**ટીકા :– 'જેમણે હયાતી અનુભવી નથી,..'** (અર્થાત્) ભવિષ્યની પર્યાય. ભવિષ્યની પર્યાય છતી, હતી એમ હયાતી અનુભવી નથી. ભવિષ્યની પર્યાય(ની) હયાતી થઈ જ નથી. આ..હા..હા...! આ તો 'પ્રવચનસાર' છે ! ભગવાન ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ ! એ 'દિવ્યધ્વનિ' કહો કે 'પ્રવચન' કહો (બન્ને એકાર્થ છે). 'પ્ર' એટલે દિવ્ય વચનો. એનો સાર– દિવ્યધ્વનિનો સાર છે. સાક્ષાત્ ભગવાન (બિરાજે છે) ! આ..હા..હા...!

**'જેમણે હયાતી અનુભવી નથી,...'** કોણે ? ભવિષ્યની પર્યાયોએ. ભવિષ્યની પર્યાય હજી હયાતીપણે થઈ નથી. **'તથા જેમણે હયાતી અનુભવી લીધી છે,...'** (એટલે) ગયા કાળની (પર્યાયો). ગયા કાળની પર્યાયોએ હયાતી–સત્‌પણે થઈ છે, અનુભવી લીધી છે. આહા..હા...! ગાથાઓ તે ગાથાઓ છે ને !! 'અમૃતચંદ્રાચાર્ય'એ અમૃત રેડ્યા છે !!

**'જેમણે હયાતી અનુભવી નથી,...'** (એટલે) થઈ નથી અને જેની હયાતી થઈ ગઈ છે. થઈ ગઈ છે, **'એવા (અનુત્પન્ન અને નષ્ટ),..'** (અર્થાત્) ઉત્પન્ન નહિ થયેલા અને વિલય થઈ ગયેલા એવા **'પર્યાયમાત્રને,...'** આ..હા..હા...! એવી પર્યાયમાત્રને **'જો જ્ઞાન પોતાની નિર્વિઘ્ન ખીલેલી, અખંડિત પ્રતાપવાળી,...'** આ..હા..હા...! નિર્વિઘ્ન ખીલેલી કેવળજ્ઞાનની પર્યાય ! અને અખંડિત પ્રતાપવાળી ! આ..હા..હા...! જેના જ્ઞાનની પર્યાયનો અખંડ પ્રતાપ છે !! 'પ્રભુત્વશક્તિ' છે ને ? 'પ્રભુત્વશક્તિ' આવે છે ને ? 'સ્વતંત્રપણે જેનો અખંડ પ્રતાપ શોભી રહ્યો છે !' આ..હા..હા...! કેવળજ્ઞાનમાં પણ પ્રભુત્વપણું છે. એની પર્યાયમાં પણ પ્રભુત્વપણું છે. આ..હા..હા...! પ્રભુત્વગુણ છે તેનું રૂપ પર્યાયમાં પણ છે. આ..હા..હા...! જ્ઞાનની પર્યાય, હોં..! તે જ્ઞાનની પર્યાય નિર્વિઘ્ન ખીલેલી (છે). (અર્થાત્) વિઘ્ન વિનાની પોતાથી ખીલેલી ! આ..હા..હા...! જેમ લાખ પાંખડીનું કમળ ખીલે એમ અનંત.. અનંત... ગુણ(રૂપી) પાંખડીનો પિંડ પ્રભુ પર્યાયમાં ખીલી નીકળે (છે) ! આ..હા..હા...! આવું છે !

**'અખંડિત પ્રતાપવાળી, પ્રભુ શક્તિ (–મહા સામર્થ્ય) વડે,...'** આ..હા..હા...! જે પર્યાયો અનંતા આત્મામાં કે જડમાં હજી થઈ નથી અને થઈ ગયેલી તે વિલીન થઈ ગઈ, એને પણ પોતાની નિર્વિઘ્ન ખીલેલી (પર્યાય જાણી લે છે), (એવી) ખીલેલી (એટલે) પ્રગટેલી પર્યાય(નો) અખંડિત પ્રતાપ છે. જેનો પ્રતાપ ત્રણકાળમાં કોઈ ખંડ કરી શકે નહિ. એવી પ્રભુત્વશક્તિ વડે, આ..હા..હા...! **'જોરથી અત્યંત આક્રમીને,...'** આ..હા..હા...!

પેલું 'કર્તા' આવે છે ને ? (શ્રી 'રાજમલ્લજી પાંડે'એ) 'કળશટીકા'માં 'બળજોરીથી કર્તા થાય છે' એવો અર્થ લખ્યો છે. વસ્તુ સ્વભાવ રાગનો કર્તા નથી પણ બળજોરીથી (એટલે) ઊંધો થઈને કર્તા થાય છે. 'કળશટીકા'માં 'કર્તૃત્વ'નો એવો અર્થ કર્યો છે.

જેમ ઊંધા બળજોરીથી કર્તા થાય છે એમ (અહીંયાં) પોતાની બળજોરીથી... આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'અત્યંત આક્રમીને,...'** એટલે પર્યાયને **'(–પહોંચી વળીને),...'** આહા..હા...! **'તે પર્યાયો પોતાના સ્વરૂપસર્વસ્વને અક્રમે અર્પે,...'** તે પર્યાયો પોતાના સ્વરૂપસર્વસ્વને વર્તમાન અર્પે ! આ..હા..હા...! (એટલે કે) **'(–એકી સાથે જ્ઞાનમાં જણાવે),...'** આ..હા..હા...! ભૂતકાળની વીતી ગયેલી અને ભવિષ્યની થઈ નથી, હયાતી થઈ નથી કે હયાતી અનુભવાઇ નથી, એ પર્યાયો પોતાના સ્વરૂપસર્વસ્વને અક્રમે અર્પે (છે). (અક્રમે અર્પે છે એટલે) પહેલું વર્તમાનમાં જણાય અને પછી ભવિષ્યનું જણાય, ભૂતનું પહેલું જણાય... એમ નહિ. એ પર્યાયોનો એવો સ્વભાવ છે ! આ..હા..હા...! પહેલા ભૂતની પર્યાયો જણાય અને પછી ભવિષ્યની (જણાય) એમ પર્યાયોનો એવો સ્વભાવ નથી. આ..હા..હા...!

**'એ રીતે તેમને પોતાના પ્રતિ નિયત ન કરે (–પોતામાં નિશ્ચિત ન કરે, પ્રત્યક્ષ ન જાણે),...'** આ..હા..હા...! **'તો તે જ્ઞાનની દિવ્યતા શી ?'** એ જ્ઞાનની દિવ્યતા..! અલૌકિકતા...! વિસ્મયતા...! છે. આ..હા..હા...! **'તે પર્યાયો પોતાના સ્વરૂપસર્વસ્વને અક્રમે અર્પે (–એકી સાથે જ્ઞાનમાં જણાવે) એ રીતે તેમને પોતાના પ્રતિ નિયત ન કરે (–પોતામાં નિશ્ચિત ન કરે, પ્રત્યક્ષ ન જાણે), તો તે જ્ઞાનની દિવ્યતા શી ?'** આ..હા..હા...!

**'આથી (એમ કહ્યું કે) પરાકાષ્ઠાને પહોંચેલા જ્ઞાનને આ બધું ઉપપન્ન (–યોગ્ય) છે.'** 'પરાકાષ્ઠાને' (એટલે) છેલ્લામાં છેલ્લી જ્ઞાનની ઉત્કૃષ્ટ દશા થઈ ગઈ એને બધું યોગ્ય છે. નહિ થયેલી (અને) થઈ ગઈ એને પણ વર્તમાન પ્રત્યક્ષ જાણે એવો જ કોઈ જ્ઞાનનો સ્વભાવ છે, (એમ કહેવું છે). વિશેષ કહેશે.... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** અંદર ભગવાન આત્મા કે જે અનંત અનંત અતીન્દ્રિય શાંતિ અને આનંદનો સાગર છે, તેનો મહિમા અને રાગાદિ વિકલ્પરૂપ સંસારનો મહિમા-એ બન્ને એકસાથે રહી શકે નહિ. જેને શુભાશુભ રાગનો ને તેના કર્તાપણાનો મહિમા છે તેને આનંદનો નાથ અને વિશ્વનો ઉદાસીન સાક્ષી એવા નિજ ચૈતન્ય પ્રભુનો મહિમા નથી. જેમાં પરનું કરવું-ભોગવવું કાંઈ છે નહિ, માત્ર અંદર સ્વરૂપમાં સ્થિત રહેવાનું છે એવા ચારિત્રવંત શાંત શાંત અકષાયસ્વભાવી નિજ ચૈતન્યનો મહિમા ને રાગાદિ સંસારનો મહિમા એકસાથે રહી શકે નહિ. ૪૧૫.**

**– દ્રવ્યદષ્ટિ જિનેશ્વર - પર્યાયદષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી નિયમસાર, ગાથા–૪૨, પ્રવચન નં. ૪૫
## તા. ૦૮-૦૪-૧૯૬૬
## [૧૩]

આ ‘નિયમસાર’ મોક્ષ શાસ્ત્ર છે, મોક્ષમાર્ગનું શાસ્ત્ર છે. મોક્ષમાર્ગ ક્યાંથી પ્રગટ થાય છે ? એવો શુદ્ધભાવ શું છે એનું આ વર્ણન છે. આત્માના શુદ્ધભાવમાંથી પ્રગટ થાય છે. શુદ્ધભાવ ત્રિકાળ કારણ પરમાત્મા મહા ચૈતન્ય રતન ધ્રુવ પોતાનું મહાન નિધાન પૂર્ણ શુદ્ધ આનંદકંદ એકલો અવિનાશી આનંદરસ એવું જે આત્મતત્ત્વ (છે) એમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને આશ્રયે, એમાંથી, એને આધારે પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ ? એ કહ્યું માથે, જુઓને !

‘**નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપ કારણપરમાત્મસ્વરૂપ જીવ...**’ વાત ઇ છે કે એણે પોતાનું ચૈતન્ય મહાનિધાન રત્ન દૃષ્ટિમાં, વિશ્વાસમાં, અનંત કાળમાં લીધું નથી. સમજાય છે કાંઈ ? પોતાનું મહાનિધાન અનંત અવિનાશી ચૈતન્યરસ ... એણે વિશ્વાસમાં, અંતર પ્રતીતમાં અનંત કાળમાં લીધું નથી. એને ખોઈ અને ક્ષણ ક્ષણમાં રાગી છું, દ્વેષી છું, પુણ્યવાળો, પાપવાળો, શરીરવાળો, આ સત્તાવાળો, આ સત્તાવાળો એવું માનીને પોતાના સ્વરૂપના નિધાનને લુંટાવી અને પરને માગવામાં ભિખારી થઈ રહ્યો છે. સમજાણું કાંઈ ? જ્યાંથી મળે છે એ ચૈતન્યરત્ન કોણ છે એની એને ખબર નથી. જ્યાં નથી મળતું ત્યાં એણે જાવા નાખ્યા છે. જાવા આવ્યા ને આપણી ગુજરાતી કાઠિયાવાડી ભાષા. જાવા સમજો છો ?

પોતાનું એક સમયમાં પરમેશ્વરપદ એવું ને એવું પડ્યું છે. ડાબલીમાં જેમ રત્ન પડ્યું હોય એ પડ ઉઘાડે તો એવું ને એવું પડ્યું છે. એમ રાગ ને પુણ્ય ને આ મારા એવી માન્યતાના પડમાં ચૈતન્ય રત્ન તો એવું ને એવું પડ્યું છે. એ પડને ખોલે તો છે એવું છે. મુખ્ય આ પહેલું એનું કર્તવ્ય છે એ ઉપર એનું લક્ષ અનાદિથી નથી. આ કર્યું ને આ મુક્યું ને આ ક્રિયા ને દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા ને આ ને તે એમ ને એમ જે ક્ષણિક કૃત્રિમ રાગ દશા અને કાં સંયોગી સત્તા, એમાં પોતાપણે માની અને પોતાનું આખું ચૈતન્ય નિધાન પોતે લુંટાવી દીધું છે. સમજાણું કાંઈ ? એ માટે અહીં વાત કરે છે.

ભાઈ ! તારું તો નિત્ય શુદ્ધ ચિદાનંદ કારણપરમાત્મા સ્વરૂપી જીવ (સ્વરૂપ) છે. સમજાણું ? શરીરના એક રજકણની જરીક કાંઈક અનુકૂળતા હોય ત્યાં કહે મને કાંઈક મળ્યું. જરીક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રતિકૂળતા (આવે તો કહે) મને ગયું! હેરાન, હેરાન મૂઢ થઈને પરમાત્માને સંતાડી રાખીને પામરતાને પોતે મહત્તા આપી છે. સમજાણું કાંઈ ? પુણ્ય-પાપના ભાવ, એના બંધન કે એના ફળ એ બધી પામરતા છે, એ કાંઈ વસ્તુનું સ્વરૂપ નથી. 'પોપટભાઈ' ! આમ જ્યાં જરીક કાંઈક ઠીક શરીર કાં વાણી કાં કર્મ સારા બંધાય કાં ભાવ ઠીક થાય શુભ કે આ થયું કે આ થયું... આહા..હા..! મહાન ચૈતન્ય સત્તાનું રત્ન, હીરો એણે પોતાની શ્રદ્ધા પરમાં રાખી અને સ્વને લૂંટાવી દીધું છે. કહો, બરાબર છે ? 'જુગરાજજી' ! આહા..!

કહે છે કે ભગવાન ! તું તો એવો છો ને કે જ્યાં તારી નજર પડે ત્યાં નિધાન આખું ચૈતન્ય પડ્યું છે. એમ ને એમ પડ્યું છે. આ રાગ હું, આ શરીર હું, આ યોની હું, આ કુળ હું, આ નિરોગતા હું, આ પૈસા (મારા) - એની માન્યતાની આડમાં ભગવાન આખો પોતે પોતાને ભૂલી ગયો. કહો, 'જ્ઞાનચંદજી' ! આહા..હા..!

કહે છે, તું તો નિત્ય શુદ્ધ ચિદાનંદ છો ને, પ્રભુ ! અસલ સ્વભાવે કાયમી અસલી મીંજ તારું, અસલી મીંજ તારું ચિદાનંદ શુદ્ધ છો ને. એ તો શુદ્ધ ને જ્ઞાનાનંદનું મીંજ ચૈતન્ય છે. આ પ્રકાર જેટલા વર્ણવે છે એનાથી વિવેક કર કે એ મારા નહિ. તો એ વિવેકરૂપી વૃક્ષના ફળ, અનંત આનંદનું ફળ આવે એવો એ વિવેક છે, એની અહીં વાત ચાલે છે. સમજાણું કાંઈ ?

**'નિત્ય શુદ્ધ ચિદાનંદરૂપ કારણપરમાત્મા...'** પોતાનો સ્વભાવ જ અનંત આનંદ ને અનંત શુદ્ધ ને બેહદ સ્વચ્છતા, આખું પરમેશ્વરરૂપ જ પોતે આત્મા છે. ભગવાન પર્યાયમાં પરમેશ્વર થયા, આ વસ્તુએ પરમેશ્વર છે. ગુપ્ત અને પ્રગટનો જ આંતરો દેખાય છે બાકી કાંઈ ફેર નથી. સમજાણું કાંઈ ? એ ગુપ્ત ચૈતન્ય ભગવાન આવો છે. છે ત્રીજી લીટી ? **'નિત્ય શુદ્ધ...'** કાયમી પવિત્ર, કાયમી પવિત્ર, ચિદાનંદ. તે પવિત્ર શું ? - કે જ્ઞાન ને આનંદ તારું રૂપ છે. જ્ઞાન ને સુખ તારો સાગર સ્વભાવ છે, સુખ સાગર તારો સ્વભાવ છે.

એવો **'કારણપરમાત્મા...'** એટલે કે આખું વસ્તુનું સ્વરૂપ. જેમાંથી કાર્ય (અર્થાત્) કેવળજ્ઞાનના ફળ પાકે આવો જે સ્વભાવ એને આ બધા ભેદથી વિવેક કરવો (કે) આ નહિ, આ નહિ ને આ (હું છું). એવું જે ભેદજ્ઞાન, એવું જે વિવેકનું વૃક્ષ, એના ફળમાં કેવળજ્ઞાન ને સિદ્ધપદના ફળ પાકે. સમજાણું કાંઈ ? અહીં મોક્ષમાર્ગ ને મોક્ષ બે કહેવું છે ને ? આહા..હા..! સમજાણું કાંઈ ?

(આ વાત) એણે સાંભળી નથી. 'શ્રુત પરિચિત અનુભૂતા' એ કરવું કાંઈક રાગ કરવો ને આ કરવું એવું જ એણે સાંભળ્યું છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે. **'श्रुतयरिचितानुभूता सर्वस्थापि कामभोगबन्ध कथा।'** કામ ભોગ શબ્દે વિષય એકલા એમ નહિ. પોતાનો શુદ્ધ આનંદઘન નિત્ય ધ્રુવ આનંદ સ્વભાવ એનો વિષય છોડીને જેટલો પર વિષયના શબ્દો રૂપ, ગંધ, રસ, સ્પર્શ એ પર વિષયની વાણીનું કરવું, આ કરવું, આ રાગ કરવો, આ પુણ્ય કરવું, આ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પાપ કરવું કે આ ભોગવવું એ પુણ્ય-પાપના વિકલ્પને કરવા ને ભોગવવા એ વાત એણે અનંતકાળથી સાંભળી છે. સમજાણું કાંઈ ? એ એના પરિચયમાં આવી ગઈ છે, એ એના અનુભવમાં–વેદવામાં પણ ઝેરના વેદનમાં એ વાત એને આવી ગઈ છે. પણ ભગવાનઆત્મા '....' પરમાત્મા અખંડાનંદ પ્રભુ જ્યાં દૃષ્ટિએ આખી દોલત દેખાય એવો પરમાત્મા હું જ પોતે છું એવી પરથી ભિન્નની દૃષ્ટિ એણે કોઈ દિ' કરી નથી. દૃષ્ટિની ભૂલે ભગવાન સંતાણો છે. સમજાય છે કાંઈ ? હવે એ કિંમત ન થાય ને આ કર્યું ને આ કરવું ને આ કરવું ને.... શું કરે પણ ? એ તો જ્ઞાન ને દર્શન ને આનંદનો સ્વભાવ છે, એ કરે શું ? સમજાય છે કાંઈ ? શું શુભ-અશુભ ભાવને કરે ? વિકારને કરે ? એ સ્વભાવમાં છે? આ શરીરનું કરે ? દેશનું કરે ? કોનું કરે એ ? ઉપદેશનું કરે ? કરે શું એ ? આહા..હા..!

તારી સત્તામાં જે સત્તા નામ હોવાપણામાં તો શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ હોવાપણામાં છે. એની ઉપર સાવધાન કરીને દૃષ્ટિ કર ને જ્ઞાન કર ને ઠર એ તારું કરવાનું છે, એ કર્તવ્ય છે. એ તો પહેલું આવી ગયું છે ને ? '**णियमेण कर्तव्य...**' સમજાય છે ? તારી સત્તા હોવાપણા સિવાયના પુણ્ય-પાપ, શરીર, વાણી, મન આખું એમાં તારું હોવાપણું જેમાં નથી, એનું તું શું રીતે કરી શકીશ ? સમજાણું કાંઈ ?

તારા હોવાપણામાં પુણ્ય-પાપનો ભાવ પણ નથી, કર્મ નથી, શરીર નથી, પરદ્રવ્ય રજકણ નથી. આ પરપદાર્થ બધા તારા ચૈતન્યના મહા નિધાનમાં કાંઈ છે નહિ. હવે નથી તેને તું શું કરીશ ? બનાવીશ મારા ? અનંત કાળથી પરમાણુને પોતાપણે માને છે પણ એક પરમાણુ એનો થયો કોઈ દિ' ? શરીર મારું, રજકણ મારા, આ મારા... ક્યાં કે દિ' થયું પણ તારું કહે ? અનંત કાળથી પુણ્ય ને પાપના વિકલ્પ છે એ મારા માન્યા છે. થયા છે એના કોઈ દિ' ? તન્મય થઈ ગયા છે ગુણમાં ? જ્ઞાન, દર્શન, ચૈતન્ય તત્ત્વમાં એ રાગ-દ્વેષ એકમેક થઈ ગયા છે ? સમજાણું કાંઈ ?

એ તો ચૈતન્યરસ, અનાકૂળ આનંદનો અવિનાશી સાગર આત્મા છે. એ આત્માને દ્રવ્યકર્મ ને ભાવકર્મ છે નહિ. આહા..હા..! નથી તેને (પોતાને) માને છે તે પોતાની સંપદાને લુંટાવે છે એમ કહે છે. આહા..હા...! એ નથી તેથી વિભાવ પરિણતિનો અભાવ હોવાથી. ભગવાનઆત્મામાં વિભાવ નામ વિકારી પરિણતિ પર્યાયનો અભાવ છે. અહીં કીધું ને ? દ્રવ્યકર્મ ને ભાવકર્મના ગ્રહણ યોગ્ય, નિમિત્ત ગ્રહવા યોગ્ય એવો વિભાવ પરિણતિ, વિકારી દશા, જેનાથી ભાવકર્મ થાય અને દ્રવ્યકર્મમાં નિમિત્ત થાય એવો વિભાવ વિકારી પરિણતિનો પ્રભુ તારામાં અભાવ છે. તારો ભાવ આ છે–માથે કીધો એ. સમજાણું કાંઈ ? બહુ ઝીણું પણ આવો વીતરાગ માર્ગ એવો વીખી નાખ્યો છે. પરમ વીતરાગ પરમેશ્વરનો માર્ગ લોકોએ એવી રીતે અન્ય માર્ગને વીતરાગ માર્ગ બનાવી દીધો છે. એ... 'મોહનભાઈ' ! આહા..હા..!

ત્રણલોકનો નાથ આત્મા પરમાત્મા નિર્વાણ નાથ એમ કરીને 'અનુભવપ્રકાશ'માં બોલાવ્યો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. નિર્વાણનાથ, આહા..હા..! આગળ આવશે. મોક્ષ સ્વરૂપ પૂર્ણાનંદ આ એવું આત્માનું નિર્વાણ મોક્ષનો નાથ વર્તમાન મોક્ષ સ્વરૂપનો નાથ છે. પર્યાયમાં પ્રગટ થાય એ જુદી વાત છે. આહા..હા..!

ભગવાન ! તારા હીરા ચૈતન્યની શું કિંમતું કરવી !! સર્વજ્ઞ પણ તેની કિંતમની વાત પૂરી વાણીમાં કહી શક્યા નથી. એવો ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ એવો પ્રભુ એમાં વિભાવ - વિકાર પર્યાયનો અભાવ છે. વિકારી પર્યાયની સત્તા હોવાપણાની પર્યાયમાં અંશમાં છે. સ્વભાવમાં હયાતી નથી, હયાતી નથી તેથી તેને જન્મ નથી. ભગવાનઆત્મા જન્મતો જ નથી. આહા..હા..! જન્મ એ રાગની પરિણતિ અને તેનું કર્મ ગ્રહણ એટલો પર્યાય ભાવ ચૈતન્ય સત્તામાં નથી, પર્યાયમાં છે, સત્તામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એને લઈને આત્માને જન્મ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

દૃષ્ટિ જ્યાં ચૈતન્યના મહા સ્વભાવ ઉપર પડી, એવો ભગવાન ચૈતન્ય મહારત્ન એમાં વિકારની પર્યાયનો અભાવ (છે) તો વિકારથી ગ્રહાય કર્મ. એ વિકારની પરિણતિથી ગ્રહાય શું ? દ્રવ્યકર્મ. ભાવકર્મ ગ્રહણને યોગ્ય. ભાવકર્મને ગ્રહણને યોગ્ય પાછું. એ..ઇ..! ભાષા જુઓને ! ભાવકર્મ વસ્તુમાં ક્યાં છે ? ઊભો કરે છે. એટલે ગ્રહવાને યોગ્ય વિકાર પરિણતિનો જ એમાં અભાવ છે. આહા..હા..! શું કહે છે ? સમજાય છે કાંઈ ? એ ભગવાનઆત્મા વસ્તુમાં વિકારી પુણ્ય-પાપના ભાવને પકડવો એવી વિકારી પરિણતિનો જ ચૈતન્યમાં અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

પુણ્ય-પાપની લાગણીઓને પકડવી, એને પકડવી કે 'આ મારી' એવું ચૈતન્ય સત્તામાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? આવો આત્મા એની અંતર્મુખ દૃષ્ટિમાં આવે ત્યારે આ બધું હોવાપણું અંતરમાં નથી એમ ભાસે ત્યારે તેને પર છે એનું જ્ઞાન રહે. મારી સત્તામાં એ છે નહિ. એનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! એણે સત્યદર્શન કર્યું ને સત્યજ્ઞાન કર્યું. કેમકે પરમ સત્‌માં એ નથી અને અંશમાં છે એ આમાં નથી એવી દૃષ્ટિ કરી ત્યારે એને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થયું. સમજાણું કાંઈ ? પછી ઠરવું વળી એમાં પછી. એ પણ જેટલું આમાં નથી એમ દર્શન-જ્ઞાન કર્યું એટલો સાથે ઠર્યો પણ છે. આહા..હા..! ભારે વાત, ભાઈ ! એ... 'છગનભાઈ' ! નવા માણસને સમજાય કે નહિ આવું ? કો'ક દિ' આવે સાંભળવા (પછી કહે) હવે આ શું કહે (છે) ? લ્યો !

ભાઈ ! આ તો પરમ સત્ય પરમેશ્વરે ત્રિલોકનાથ સર્વજ્ઞ દેવાધિદેવે સમવસરણની અંદર ધર્મ સભામાં સો ઇન્દ્રની ઉપસ્થિતિમાં આખા લોકના લાડા, અર્ધ દેવલોકના સ્વામી, દક્ષિણના શક્રેન્દ્ર, ઉત્તરના ઇશાનેન્દ્ર એવા એવા ચોસઠ સો ઇન્દ્રો એની ઉપસ્થિતિમાં ભગવાનની ધ્વનિ વીતરાગની આમ આવી હતી.

ભાઈ ! તું ચૈતન્ય શુદ્ધ રત્ન છો ને, પ્રભુ ! તારી પ્રભુતામાં એ વિકાર વિકલ્પ ને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવને પકડવું એવો ભાવ તારા સ્વભાવમાં છે નહિ. આહા..હા..! આ મુદ્દાની રકમની વાત (હોય) નહિ અને ઉપરથી પાંદડા તોડવાની વાતું (કરે). આ કર્યા પોષા ને આ કરી સામાયિક ને... શેના સામાયિક ને પોષા ? તારે આવ્યા ક્યાંથી ? હજી સમ્યગ્દર્શનમાં ચૈતન્ય રત્ન પરથી નિરાળો આવો (છે એમ આવ્યું નથી), જેમાં ઠરવાથી શાંતિ થાય એટલે ચારિત્ર થાય એ ચીજની દૃષ્ટિ કરી નથી, દૃષ્ટિમાં દોલતને જોઈ નથી. દોલત જોવે તો ત્યાં ખોદવાનું મન થાય. ખોદવાનું સમજે ને ? નિકાલના.

એમ ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વિકારી અવસ્થાની પર્યાયમાં હયાતી છે, હોં ! વિકારની ઉદયભાવની હયાતી છે. વસ્તુના સ્વભાવમાં તેને ગ્રહવાની વસ્તુના સ્વભાવમાં યોગ્યતા જ નથી. એવું શુદ્ધ ચૈતન્ય રત્ન, એને અંતર દૃષ્ટિમાં લેવું અને આ મારામાં નથી એમ વિવેક કરવો એનું નામ મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન કહેવાય છે. આહા..હા..! લૂંટી લીધા છે, કહે છે. એક તો કુગુરુએ લૂંટ્યા. પોતે લૂંટાણો છે અને એમાં એને એવા મળ્યા કે તારે આમ થાશે, હોં ! આનાથી આમ થાશે. એ 'જુગરાજજી' ! આહા..હા..! તારે આમ થાશે પાંચ લાખ ખર્ચ ને કલ્યાણ થઈ જશે ! મંદિર કર ને કલ્યાણ થઈ જશે ! આ દયા-દાન કર ને કલ્યાણ થઈ જશે ! મારી નાખ્યા, ગળા પકડીને નરકમાં ભેગા લઈ ગયા; ચાલ, અમે જઈએ તું પણ ત્યાં ચાલ. સમજાણું કાંઈ ?

સમ્યક્ ચૈતન્યરત્નની જ્યાં દૃષ્ટિ નથી અને જ્યાં વિકારે ધર્મ મનાવ્યો છે એ મિથ્યાદૃષ્ટિના ફળ જ પરંપરાએ નિગોદ છે. સમજાણું કાંઈ ? આહા..હા..! અને સમ્યગ્દર્શનના ફળ પરંપરાએ કેવળજ્ઞાન છે. આહા..હા...! આમ અંતર પોતાની જ જેને કિંમત ન પડે, હવે એ કિંમત ન પડે એ નમાલો કો'કને જ આપે. આહા..હા...!

જન્મ નથી, જરા નથી. ભગવાનઆત્મા ચૈતન્ય હીરો એમાં વૃદ્ધાવસ્થા કેવી ? વૃદ્ધાવસ્થા તો શરીરની છે. પણ વૃદ્ધાવસ્થાને હું ગ્રહુ એવી યોગ્યતા એનામાં નથી. આહા..હા..! વૃદ્ધાવસ્થા મને, મને એવી યોગ્યતા જ એનામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એવો ભગવાનઆત્મા ચૈતન્યરત્ન શુદ્ધ ભગવાન પરમાત્મા પોતે તે દૃષ્ટિમાં લેતા એનામાં આ જરા ને મરણ છે નહિ. મરણ નથી. ભાવકર્મને પકડવાની યોગ્યતા (અર્થાત્) ગ્રહણને યોગ્ય આ છે એનો અભાવ છે. એને મરણ નથી, એને આ રોગ નથી. કહો, 'જયચંદભાઈ' ! હાય..હાય..! ન્યાં પકડાય ગયા છે.

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે આમ આત્મા જોયો એવો તું આત્મા (છો એમ) એણે પણ તને જોયો. એણે તને જોયો કે તું તો શુદ્ધ આનંદકંદ આત્મા છો એ તું આત્મા (છો). એવા આત્મામાં તું જો, ભગવાને જોયો એવો તું જો કે એ આત્મામાં રોગ નથી. આહા..હા..! રાડે રાડ પાડે છે ને. સમજાણું કાંઈ ? એ તો ધૂળની દશામાં રોગ (છે). આ ધૂળ જ એમાં નથી પછી આત્મામાં રોગ ક્યાંથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવ્યો ? સમજાય છે કાંઈ ? ત્યાં સુધી તો કાલે આવ્યું હતું. આટલું થોડું સ્પષ્ટ વધારે કર્યું.

હવે (કહે છે), એમાં શોક નથી. સમજાણું ? આ દુઃખ–શોક થાય. છોકરો મરી જાય, લક્ષ્મી જાય એમાં સગવડતા હોય ને જાય ! અગવડતા પહેલેથી હોય એને વાંધો નહિ પણ સગવડતા હોય ને જાય. મૂર્ખ છે કે નહિ ? સગવડતા હતી કે દિ' તારે ? એ... 'મૂળચંદભાઈ' ! ભાઈ ! તમે વાતું કરો પણ એ આવે એ સમાય પણ જાય એ સમાય નહિ. વાણિયા એવી વાતું કરે. 'ચીમનભાઈ' ! ધૂળમાંય અનુભવ નથી, સાંભળને ! બાપુ ! અગવડતા, અગવડતા આવી હોય એને ખબર પડે. અગવડતા પણ સ્વરૂપમાં જ નથી, આવે ક્યાંથી ? કોણે કીધું તને એવું ? સ્વરૂપમાં અગવડતા અડતી નથી. સ્વરૂપ ભગવાનઆત્માને અગવડતા સ્પર્શતી નથી. ક્યાંથી આવી તને અગવડતા ? સમજાણું કાંઈ ? માન્યું છે. છે શું ? ક્યાં હતું ? ભ્રમણાથી માન્યું છે કે હું રોગી ને હું આ. એ તો જડમાં છે, તારે શું ? તારામાં છે એ ?

શ્રોતા :– એ ભ્રમણા રાખવી કે કાઢી નાખવી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ શું કરવા વાત ચાલે છે ? સમજાણું કાંઈ ? આહા..હા..! અરે..! પોતાનો રાજા મુકીને બધી વાતું (કરી). પોતે પરમાત્મા એની દૃષ્ટિ છોડી, એના માહાત્મ્ય છોડી, એની કિંમતુ મુકી, આ રોગ મને ને આ નિરોગ મને ને હું સ્વધન છું ને હું નિર્ધન છું ને હું વકીલ છું ને હું પંડિત છું ને હું મૂર્ખ છું ને હું વેપારી છું.... મૂઢ છો. એ એકેય નથી, સાંભળને !

શ્રોતા :– મૂઢ નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– સ્વરૂપમાં નથી. મૂઢને માન્યું છે, મૂઢ છું એમ માન્યું છે. એની ગ્રહવાની શક્તિ અંદરમાં નથી. અદ્ધર ને અદ્ધર લટકાવ્યું છે. આહા..હા..! કેમ 'જ્ઞાનચંદજી' ! બેંકના મેનેજર કહેવાય, આના આમ કહેવાય... બબ્બે હજારના પગાર ને ક્યાં ગ્યા ? 'કોઠારી' આવ્યા છે કે નહિ ? નથી આવ્યા ? 'ખુશાલભાઈ' નથી આવ્યા. સમજાણું કાંઈ ? આરે.. આરે...! મારી નાખ્યા પણ કચડી નાખ્યા એને. દસ હજારનો જ્યાં પગાર ને વીસ હજારનો પગાર મહિને (આવતો હોય)...

શ્રોતા :– કોણે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એણે. (પોતે) સ્વરૂપના ભાનમાં નથી, આ મારા ને મને થયું (એવી માન્યતામાં) એણે મારીને કચડી નાખ્યો. ચૈતન્ય પરમેશ્વરને રગદોળી દીધો. શું કીધું ? શબ્દ આવ્યો નહિ બરાબર. રગદોળ્યો ! એ ભાષા કાઠિયાવાડી છે. એ..ઇ..! ભગવાનને વિકારમાં રગદોળ્યો. મહા ઊંચા મેસુબ ચાર શેર ઘીના પાયેલા આમ જાળીવાળા હોય એ છોકરો હંગ્યો હોય ને એને અડાડીને ખાય, આમ. એમ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો રસ,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એની દૃષ્ટિ છોડી અને આ વિકલ્પ ને રાગ ને શોક ને મારા એ વિષ્ટાને અડાડે છે એમ અહીં કહે છે. એ વિષ્ટામાં આત્માને રગદોળી નાખ્યો. આહા..હા..! આહા..હા..! વાત સાંભળવી કઠણ પડે.

ભગવાન ! તું તો ભગવાન છો. અહીં તો પરમેશ્વર બોલાવે છે. સમજાય છે ? પરમેશ્વર બોલાવે છે કે શીખવું હોય તો મારી પાસે આવ. તું ભગવાન છો. ભગવાન એમ શીખવે છે. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ સો ઇન્દ્રના પૂજનીક પ્રભુ કહે છે, બાળ-ગોપાળ, શરીર, સ્ત્રી, કુટુંબ, શરીર ન જો. અંદર ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ (બિરાજે છે) એને વિકારની લાગણી ને શોક-બોક છે નહિ. 'એ શોક મને છે' એમ કરી ચૈતન્યના રત્નને તું વિષ્ટામાં ન રગદોળ. આહા..હા..! આત્માના માહાત્મ્યના ગાણા એણે સાંભળ્યા નથી. આ તે કોણ છે ? સમજાણું કાંઈ ?

એક રાજા મોટો આવ્યો હોય ને એને કિંમત કરતાં ન આવડે તો શું (થાય) ? લ્યો ! સમજાણું ? 'ભાવસિંહજી' એક ઠેકાણે ગયા હતા ને ? કો'કે રોટલો ને દહીં આપ્યું. એ જાણે કે સાધારણ માણસ છે. (એમણે જઈને કહ્યું કે) મારે ખાવું છે. એને ખબર નહિ કે આ દરબાર છે. એણે લુગડા એવા પહેરેલા. રોટલો ને દહીં (આપ્યા). (ત્યારે દરબારે કહ્યું), ભાઈ ! તમે કોઈ વખતે મારા દેશમાં આવજો. અરે..! તમે પહેલા બોલ્યા નહિ. તમને જેમ-તેમ બેસાડ્યા. આ રોટલો ને દહીં બિચારા ગરીબ માણસને ત્યાં હોય ને ? દહીંનું ગોરડું ભર્યું હોય. જંગલમાં શિકારમાં જતા ને. (દરબાર) બહુ ખુશી થયા (પછી કહ્યું), મારા ગામમાં આવજો. પછી ગામમાં આવ્યા હતા ત્યારે આદર આપ્યો હતો. પણ પહેલા તો ઓળખ્યા નહિ કે આ ભાવનગર દરબાર છે.

એમ આ ભાવનગર દરબાર ચૈતન્ય ભાવનું નગર છે આત્મા ભગવાન, એને ઓળખ્યા વિના એ પુણ્ય ને પાપ ને શોકમાં રગદોળી નાખ્યો ! આ હું... આ હું... આ હું... આ હું... શ્રદ્ધાના વિશ્વાસમાં ઊંધામાં મારી નાખ્યા ચૈતન્યના જીવનને. સમજાણું કાંઈ ? દૃષ્ટિએ મોક્ષ ને દૃષ્ટિએ નિગોદ–બે વાત છે. આહા..હા..!

(અહીંયા) કહે છે કે ભગવાનઆત્મામાં શોક નથી, પ્રભુ ! શોક ક્યાંથી આવ્યો ? જેના ચૈતન્ય રત્ન જબકતા જ્ઞાન ને દર્શન ને આનંદથી તેજ મારતા રત્ન જેના કિરણો છે. સમજાય છે કાંઈ ? ત્યાં કોલસાનો કણ ક્યાંથી આવ્યો ? ભગવાન ! આમ રત્ન એક સાધારણ  હોય આમ હજાર પાસાનું, પાસામાં આમ કાંતિ મારતું (હોય) એમાં કોલસાનો કણ ક્યાંથી આવ્યો ? સમજાણું કાંઈ ? એમ ભગવાનઆત્મા અનંત ગુણના પાસાએ શોભતો, ઓપતો પ્રભુ છે. અનંત ગુણના પાસાથી શોભતો, એવા આત્માને શોક નથી. આ સમજાણું ? કોલસાનો કણ આવ્યો ક્યાંથી એમાં ? 'પોપટભાઈ' ! અમે તો ભાઈ ! દુઃખી. ક્યાંય નાખી નજરું પોગતી નથી. વળી એમ વાતું કરે. છ મહિનાથી હેરાન થઈએ છીએ. કો'ક વળી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચાર વર્ષથી (બોલે છે). કેટલા વર્ષ થયા ? સાડા ત્રણ વર્ષ.

એક બાય હતી. સાડા ત્રણ વર્ષથી બિચારી આમ ઊંધે પડી છે. બહુ રોગ પીડા છે. અરે..! મહારાજ ! (ત્યાં) ગયા હતા. 'પોરબંદર' (સંવત) ૧૯૮૭ ની વાત છે. સીધું સુવાય જ નહિ. આમ પીડા પીડા... પેટમાં કાંઈક હશે. સાડા ત્રણ વર્ષથી બહુ પીડા. હાય..હાય..! અમે પીડાઈએ છીએ, મરી જઈએ. અહીં ભગવાન કહે છે પીડા તો તારા સ્વરૂપમાં ગંધમાં પણ નથી. ક્યાંથી લાવ્યો આ પણ તું ? એલા હીરામાં કોલસા ન હોય. સમજાય છે કાંઈ ? એમ ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટાનાં પૂરમાં પડેલું તત્ત્વ કહે છે કે એને શોક-બોક છે નહિ. પર્યાયમાં શોક છે છતાં વસ્તુમાં નથી એમ અસ્તિ-નાસ્તિ કરવી છે.

હવે **'ચાર ગતિના જીવોના કુળ તથા યોનિના ભેદ જીવમાં નથી...'** એ ચોરાશી લાખ ઉત્પન્ન સ્થાન. ચોરાશી લાખ યોનિ કહે છે ને ? ઉત્પત્તિ સ્થાન-જીવની ઉત્પત્તિ સ્થાનો ચોરાશી લાખ પ્રકારના છે અને એમાં ઊપજેલા શરીરના આકૃતિના કુળો એકસો ને સાડી સત્તાણું લાખ કરોડ છે. જેમ કે છાણ છે ને છાણ ? એમાં જીવડા ઊપજે ને જીવડા ? એ છાણ છે ને છાણ ? છાણ સમજો છો ? ગોબર, ગોબર. થોડો થોડો અભ્યાસ તમે અહીંયા આવીને (કરો). છાણ એટલે ગોબર ... છાણ છે ને ? એ છાણને ઉત્પત્તિ સ્થાન કહેવામાં આવે અને એમાં ને એમાં ઉત્પત્તિ સ્થાનના ઘણા ભંગ હોય.

એક સેકન્ડ પછી એના વર્ણ, ગંધ, રસ ફરી જાય, એક સેકન્ડ પછી ફરી જાય, સેકન્ડ પછી ફરી જાય. એ જેટલા ઉત્પત્તિના સ્થાનમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ફરે છે એટલા યોનિ સ્થાન કહેવામાં આવે છે અને એમાં ભિન્ન ભિન્ન જાતના આકારવાળા જે પોરા, જીવાત, ઇયળ ઊપજે એને કુળ કહેવામાં આવે છે. એ બધા યોનિ ને કુળ ભગવાનઆત્મામાં છે નહિ. ચોરાશી લાખની યોનિ (જીવને) ? - કે ના. ભગવાનઆત્મામાં ક્યાં છે ! ભાઈ ! ચોરાશી લાખમાં જન્મ્યો ને ? એ..ઇ..! સાંભળને. એ તો એક સમયની પર્યાયની યોગ્યતાથી એની એ બધી વાત છે. વસ્તુના સ્વરૂપમાં યોનિમાં ઉત્પન્ન સ્થાન એ આત્મામાં છે નહિ. આહા..હા..!

એ તો કેવળજ્ઞાનની ઉત્પત્તિનું સ્થાન છે. ભગવાન તો કેવળજ્ઞાનની સિદ્ધપદના પવિત્રતાની પર્યાયના ઉત્પત્તિ સ્થાન છે. એ કુળની, યોનિની ઉત્પત્તિ સ્થાન ભગવાનઆત્મામાં નથી. આહા..હા..! જીવોના કુળ કુળ સમજ્યા ? કુળ એટલે આ નહિ, હોં ! બાપ, દાદાની એ વાત નથી. કુળ એટલે જે પાણી આદિ ગંધાયેલું હોય એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ફરે એ ફરતા જાય તેમ તેમ એની ઉપજવાની યોનિ ફરતી જાય. એવા એવા દુનિયામાં ચોરાશી લાખ યોનિના સ્થાન ભગવાને જોયા છે. એમાં જે જીવાત ઊપજે ભિન્ન ભિન્ન આકારવાળા પોરા, જીવાત, ... એવી આકૃતિના કુળના ઊપજે એને કુળ કહેવામાં (આવે છે). એ કુળની જાત એકસો સાડી સત્તાણુ લાખ કરોડ છે. જુઓ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'પૃથ્વીકાયિક જીવોના બાવીશ લાખ કરોડ કુળ છે :...'** પૃથ્વી છે ને પૃથ્વી એકેન્દ્રિય જીવ છે. છે ખરા એમ સિદ્ધ કરે છે, હોં ! પર્યાયમાં પૃથ્વીકાયના જીવ, એ ઉપજવાની યોગ્યતા એની પર્યાયમાં છે, વસ્તુના સ્વભાવમાં નથી. જુઓ ! આ વાત સર્વજ્ઞ ભગવાને જોયેલું તે વાત કહેતા જાય છે. આમ અન્યમતિ લોકો વાત કરે, ચોરાશી લાખ પણ ચોરાશી લાખ શું ? એની એને ખબર નથી.

અહીં તો કહે છે પૃથ્વીના જીવ થાય છે ને ? એક કણમાં પૃથ્વી (હોય). આ સચેત મીઠુ હોય, સંચળ હોય, ... એક કણમાં અસંખ્ય જીવ છે, એ અસંખ્ય જીવમાં એના જીવના શરીરના આકારે ઊપજે એને કુળ કહેવામાં આવે છે. પૃથ્વીના એવા બાવીશ લાખ કરોડ કુળ છે.

**'અપ્કાયિક જીવોના સાત લાખ કરોડ કુળ છે :...'** પાણીનું બિંદુ છે ને ? એક બિંદુ પાણીમાં જીવ ઉપજવાના સાત લાખ કરોડ કુળ છે. એના જીવની યોગ્યતાને લીધે. **'તેજકાયિક જીવોના ત્રણ લાખ કરોડ કુળ છે :...'** બધે કરોડ લેવું. કરોડ લેવું, કરોડ. અગ્નિના એટલા ત્રણ લાખ (કરોડ કુળ છે). અગ્નિના જીવ છે ને ત્રણ લાખ (કરોડ) ઉપજવાના સ્થાન છે. વસ્તુ દ્રવ્ય ચૈતન્યરત્નમાં એ છે નહિ. આહા..હા..! પર્યાયના અંશમાં છે, વસ્તુદૃષ્ટિમાં નથી. ચૈતન્ય શુદ્ધભાવ, ભગવાન શુદ્ધભાવ એમાં એ ઉત્પત્તિ સ્થાન છે જ નહિ. ક્યાં ઊપજે ? સમજાણું ?

**'વાયુકાયિક જીવોના સાત લાખ કરોડ કુળ છે;...'** વાયુ. આ વાયરો છે ને ? એ બધા જીવ છે. **'વનસ્પતિકાયિક જીવોના અઠયાવીશ લાખ કરોડ કુળ છે;...'** વનસ્પતિ છે ને આ ? સમજાણું ? **'દ્વીંદ્રિય જીવોના સાત લાખ કરોડ કુળ છે;...'** બે ઇન્દ્રિય છે ને ? ઇયળ. એને ઉપજવાના આ છાણ, સડેલા દૂધ, ... સડેલા હોય ને એમાં ઊપજે. એ એના પ્રકાર છે જીવ ઊપજે એના કુળ છે.

**'ત્રીંદ્રિય જીવોના આઠ લાખ કરોડ કુળ છે; ચતુરિંદ્રિય જીવોના નવ લાખ કરોડ કુળ છે; પંચેંદ્રિય જીવોને વિષે જળચર જીવોના સાડા બાર લાખ કરોડ કુળ છે; ખેચર જીવોના બાર લાખ કરોડ કુળ છે; ચાર પગવાળા (ગાયુ, ભેંસુ) જીવોના દશ લાખ કરોડ કુળ છે; સર્પાદિક પેટે ચાલનારા જીવોના નવ લાખ કરોડ કુળ છે; નારકોના પચીશ લાખ કરોડ કુળ છે;...'** નારકી છે અસંખ્ય પણ એના કુળની જાતના શરીરના આકારના આટલા પ્રકાર. **'મનુષ્યોના બાર લાખ કરોડ કુળ છે અને દેવોના છવ્વીશ લાખ કરોડ કુળ છે. બધાં થઈને એક સો સાડી સત્તાણું લાખ કરોડ (૧૯૭૫૦૦૦૦૦૦૦૦૦૦) કુળ છે.'** એ આત્મામાં નથી. હાય..હાય..! ભારે વાત. સમજાણું કાંઈ ?

હવે યોનિ. **'પૃથ્વીકાયિક જીવોના સાત લાખ યોનિમુખ છે;...'** પૃથ્વીના જીવો જે સ્થાનમાં ઊપજે એના રંગ, ગંધ, રસ, સ્પર્શની યોગ્યતાનું સરખું હોય એને એક યોનિ, ફેરફાર એની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બીજી યોનિ. એવા એવા પૃથ્વીના સાત લાખ યોનિ એટલે ઊપજવાના સ્થાનો છે. એ ભગવાનઆત્મામાં નથી. સમજાણું આમાં ? આ કુળની વાત નથી, હોં ! કે આ પારેખને કુળે જન્મ્યો, દોશીને કુળે જન્મ્યો કે ઢીંકણાને કુળે (જન્મ્યો). એ કુળ તો છે જ નહિ, એ તો મફતની કલ્પના આપી છે કે આ ફલાણા કુળનો છે ને દોશીનો છે ને...

**'અપ્કાયિક જીવોના સાત લાખ યોનિમુખ છે;...'** પાણીના જીવો છે ને એ ઉપજવાના સ્થાન આટલા છે. એમ અગ્નિના સાત લાખ યોનિ એટલે ઉપજવાના સ્થાન. એમ વાયુના. એ નિત્ય નિગોદી જીવોના સાત લાખ ઉપજવાના સ્થાન છે. નિત્ય નિગોદ જે કોઈ દિ' નીકળ્યા નથી એને એમાં ઉપજવાના સાત લાખ યોનિ સ્થાન છે. **'ચતુર્ગતિ (-ચાર ગતિમાં પરિભ્રમણ કરનારા અર્થાત્ ઇતર) નિગોદી જીવોના સાત લાખ યોનિમુખ છે; વનસ્પતિકાયિક જીવોના દશ લાખ યોનિમુખ છે;...'** વનસ્પતિ પ્રત્યેક (એટલે) આ પીપળો, લીમડો. **'દ્વીંદ્રિય જીવોના બે લાખ યોનિમુખ છે;...'** ઇયળ ઉપજવના (સ્થાન).

**'ત્રીંદ્રિય જીવોના બે લાખ યોનિમુખ છે; ચતુરિંદ્રિય જીવોના બે લાખ યોનિમુખ છે; દેવોના ચાર લાખ યોનિમુખ છે; નારકોના ચાર લાખ યોનિમુખ છે; તિર્યંચ જીવોના ચાર લાખ યોનિમુખ છે; મનુષ્યોના ચૌદ લાખ યોનિમુખ છે. (બધાં થઈને ૮૪૦૦૦૦૦ યોનિમુખ છે.)'** એ જીવ વસ્તુ ચિદાનંદ ભગવાનમાં એ કાંઈ છે નહિ. એક સમયની પર્યાયમાં એટલી યોગ્યતા તે જીવે કોઈ દિ' ગ્રહી નથી. પર્યાયમાં એટલું છે. જીવે કોઈ દિ' અંદર દ્રવ્ય સ્વભાવમાં પ્રવેશ કર્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

એવા કુળ અને યોનિસ્થાનો ભગવાનઆત્મા નિત્ય શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ એમાં નથી. એવો જે શુદ્ધ ભાવ તે અંતરમાં દૃષ્ટિમાં લેવા યોગ્ય છે કે જેથી તેને સમ્યગ્દર્શન ને જ્ઞાન થાય, જેથી તેના ફળમાં તેને મુક્તિ છે. સમજાણું કાંઈ ?

ચૌદ જીવના સ્થાન છે. સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્ત છે. લોકમાં સૂક્ષ્મ જીવ છે. આખા લોકમાં ભગવાને સૂક્ષ્મ જોયા છે. **'સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત,...'** કોઈની પૂરી પર્યાપ્તી ન બંધાણી (હોય) એ જાણવાની વાત છે. **'સ્થૂળ એકેન્દ્રિય પર્યાપ્ત...'** એ સ્થૂળ છે. આ બહાર પૃથ્વિ આદિ દેખાય એ. **'દ્વીંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, ત્રણેન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, ચતુરિન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત ને અ પર્યાપ્ત, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત-એવા ભેદોવાળા ચૌદ જીવસ્થાનો છે.'** જીવના એવા પ્રકાર છે તે જીવ ચૈતન્યધાતુમાં નથી. એવા બધા પ્રકારો પર્યાયના અંશમાં યોગ્યતા છે પણ વસ્તુ દ્રવ્ય સ્વભાવ ચિદાનંદ મૂર્તિ આનંદકંદમાં એ છે નહિ. જીવના સ્થાન જીવમાં નથી.

શ્રોતા :– ગુણસ્થાનો જીવના કીધા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ જીવના કીધા એ પર્યાયનયે, વ્યવહારનયે. સમજાણું કાંઈ ? વ્યવહારનયે પર્યાયમાં છે. એક એક સમયની અવસ્થા (છે), બસ ! એટલી વાત, હોં !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વસ્તુમાં, ત્રિકાળમાં નથી. જેમાં નથી તેની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. છે એની દૃષ્ટિ તો અનાદિની છે એ તો પર્યાયબુદ્ધિ કહે છે. સમજાણું કાંઈ ? આવી વાત ? જૈનદર્શનમાં વીતરાગમાં આવો માર્ગ ! ચોવિહાર કરવો એ હોય, કંદમૂળ ન ખાવા, આ ન ખાવા એવી વાતું હોય. 'ચંદુભાઈ' ! ભગવાન ! સાંભળ તો ખરો, બાપુ ! એ ખાય કોણ ને પીવે કોણ ? અહીં તો ભગવાન વીતરાગ માર્ગમાં એક તત્ત્વની પર્યાય બીજો તત્ત્વ કરી શકે એ ત્રણકાળમાં બનતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? વ્યવહારે એટલે એ તો બોલવા લાયક છે. કરે કોણ વ્યવહારે ? સમજાણું ?

એ ચૌદ જીવના સ્થાન જીવમાં નથી. પ્રકાર પડ્યા ને ? ભેદો પડ્યા ને ? આ બેન્દ્રિય ને ત્રણેન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય. એક સમયની અવસ્થાની લાયકાતમાં ભલે હો, વસ્તુ સ્વભાવમાં એનો સ્પર્શ નથી. એક સમયનો ભગવાન માથે કહ્યો હતો ને ? નિત્ય શુદ્ધ ચિદાનંદરૂપ કારણ પ્રભુ ભગવાનઆત્મા સિદ્ધપદના પર્યાયનું કારણ - સિદ્ધપદની પર્યાયનું કારણ આત્મા તે આવાનું કારણ હોઈ શકતો નથી. એમ કહે છે, જુઓ ! કારણ થઈ શકતો નથી, કહે છે. ઓ..હો..હો...! સમજાણું ?

સંજ્ઞી ને અસંજ્ઞી. અમે સંજ્ઞી છીએ. પેલો કહે કે સંજ્ઞી છીએ માટે અમારે કેવળજ્ઞાન થવાની લાયકાત છે. સંજ્ઞીને લઈને નથી, સંજ્ઞીપણું એ જીવના સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા..! એ આત્મા છે એમાંથી કેવળજ્ઞાન થાય છે. સંજ્ઞીપણું છે માટે થાય છે, મન છે માટે થાય છે (એમ નથી). સમજાણું કાંઈ ? આહા..હા..! કળી કળી ખોલીને મુકી દીધી છે. ભાઈ ! તું ભગવાન છો, બાપુ ! તારા ભગવાન મહિમાવંત પદાર્થમાં જીવના આવા ચૌદ પ્રકાર પડે ને સમયના એ વસ્તુમાં ક્યાં છે, એ તો પર્યાયમાં–અવસ્થામાં ઊભા કરેલા ભાવો છે, નહોતામાંથી ઊભા કર્યા.

સંજ્ઞી તો થયા છીએ ને માટે સંજ્ઞીપણું આપણને મોક્ષમાં કારણ થાય, ધર્મ પામવાનું કારણ થાય ! - કે ના, ધર્મ પામવાનું કારણ આ પોતે આત્મા થાય. આવા ભેદો ધર્મના કારણમાં થાય નહિ, એમ કહે છે.

શ્રોતા :– બીજે ઠેકાણે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બીજે ઠેકાણે હોય. વ્યવહાર કહે નહિ ? નિમિત્તથી કહે. આવું ત્યાં હતું ત્યાં આગળ એનાથી બુદ્ધિ ખસેડીને સ્વભાવમાં આવ્યો છે. એ વખતે બુદ્ધિ ક્યાંથી ખસેડી એ બતાવવા વાત કરે. આહા..હા..! આ તો કટોકટીના ખેલ હોય ને જ્યારે માણસને નથી (હોતું), દેણા હોય ને એવા (પ્રસંગ) હોય (તો) કટોકટીના ખેલમાં માણસને ઝેર પીવાના મન થઈ જાય, લ્યો ! અરે..! આબરૂ કેમ રહે ? આબરૂ કેમ રહે ? એમ બિચારા ઝાંવા નાખે, હોં !

એમ અહીં કહે છે, બાપુ ! આવું ચૈતન્ય રત્ન એમાં કટોકટિના ખેલમાં તું આવું માનીશ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(તો) તેં ઝેર પીવાના પ્યાલા પીધા. છૂટવાના માર્ગના રસ્તા એ નહિ, હું તો ચૈતન્યરત્ન છું. સમજાય છે ? આહા..હા..! આ તો જરીક કાંઈક થાય તો (કહે) હું આવો થયો, હું આવો થયો. એની મૂઢતા પણ બે માપની. 'અનુભવપ્રકાશ'માં કીધું છે ને ? ભાઈ ! જો અવિદ્યા એકલી હોત તો તો અવિદ્યાનું જોર ન ચાલત, ભાઈ ! એમ કીધું. અવિદ્યા એટલે, અવિદ્યા એટલે કર્મ આદિ, હોં ! એકલી કર્મ આદિ ચીજ હોય તો એનું જોર એટલું નહિ કે અવિદ્યા ... પણ આ તો તું પોતે શુદ્ધમાં પણ મોટો ને અશુદ્ધમાં પણ મોટો. અવળાયમાં પણ મોટો ને સવળાયમાં પણ તું મોટો છો. એકલું આવરણ હોત ને તો એની શક્તિ એટલી નહોતી કે આત્માને નિમિત્ત થવામાં ઢાંકી દે. પણ તારામાં અશુદ્ધ શક્તિ પણ મોટી. પર્યાયમાં ઊંધો પડ્યો એટલું માન, જેમાં નથી તેને તું માન. આહા..હા..! સમજાણું કાંઈ ?

જેની સત્તામાં, હોવાપણામાં રાગ નહિ, વિકલ્પ નહિ, યોનિ નહિ, અવતાર નહિ, કુળ નહિ, પર્યાપ્ત, અપર્યાપ્ત નહિ ! નથી તેને માન એ તારી ભ્રમણા છે. સમજાણું કાંઈ ? જાણવા લાયક છે, જાણવા લાયક છે. જાણવા લાયક તો જ્ઞાનનો વિષય છે. સ્વપર જાણે એટલે જાણવાનો વિષય થઈ ગયો. સમજાણું કાંઈ ?

ક્ષણમાં તોડીને કેવળ લે !! કેવળજ્ઞાનનો કંદ છે. ન્યાં ક્યાં એને કાળ માગે છે ? અંદર નજર કટાક્ષ કર્યા (ત્યાં) ફડાક દઈ આમ કર્યું હળહળ જ્યોતિ ચૈતન્ય કેવળજ્ઞાન (પ્રગટ્યું). કઠિયારોનો કેવળી એક સમયમાં ! કહો, સમજાણું કાંઈ ? પણ એને ભરોસો આવતો નથી કે હું આવડો છું. નજર જ્યાં નાખી ત્યાં મોટો છે એની ખબર નથી. એવી શ્રદ્ધા કરવાની દરકાર પણ કરતો નથી. આ કર્યું ને મુક્યું ને લીધું ને દીધું, ધર્મને નામે ક્રિયાકાંડમાં હલવાણો. નવરો નથી એ પાપમાં હલવાણો. રળવું ને ભોગ ને ખાવું ને પીવું ને એમાં (સલવાણો). નવરો થયો ત્યારે આમાં હલવાણો પાછો. આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. એ કરવું, કરવું જે સ્વરૂપમાં રાગનું (કરવું) નથી એને એ જ ચાલ્યું કરવું, કરવું. સમજાણું કાંઈ ?

શ્રોતા :– ઇ સલવાવા નહોતો માગતો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ નહોતો હલવાવા માગતો (એમ) નથી, હલવાણો છે હાથે કરીને, ઇ હોંશે કરીને હલવાણો છે. સમજાણું કાંઈ ? આહા..હા..! 'અનુભવપ્રકાશ'માં દાખલો આપ્યો છે. એક પથરો પુરુષ આકારે મોટો પથરો હતો. એટલે ન્યાં જઈને કહે, તું કેમ અહીં ઊભો ? અંધારું હતું. આમ અડવા ગ્યો તો પડ્યો. ભાઈસાબ હું હાર્યો, ઉઠ. પણ ક્યાં ઉઠે. એ તો પથરો છે. અંજવાળું જ્યાં પડે ત્યાં (ખબર પડી કે) આ તો પથરો હતો. આવી ને આવી મુર્ખાય કરી છે અનંતકાળથી. જડ સાથે લડાઈ કરી, ભાઈસાબ ભાગ ભાઈસાબ. એય શરીર તું હેરાન કરે છે, હોં ! રોગ તું હેરાન કરે છે, હોં ! નિર્ધનતા તું હેરાન કરે છે, હોં ! પણ આ તો જડ છે. જડ હેરાન કરે નહિ ને સુખી પણ કરે નહિ. ક્યાંથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



માંડી તેં આ ? પછી જ્યાં ખબર પડી કે હું તો ચૈતન્ય છું, આ તો બધા જડ (છે). કહો, સમજાણું કાંઈ ? આહા..હા..!

હવે ચૌદ માર્ગણાસ્થાનો નથી, ભગવાને એમ કહ્યું, જોયું ? છે ને છેલ્લે ? આ બધા ભગવાન પરમાત્મા એ 'ગોમ્મટસાર'માં વ્યવહારનયથી વાત કરી છે. વ્યવહારનયથી જીવમાં ગતિ ને છે ને? જુઓ ! **'ગતિ,...'** એ ચાર ગતિ આપણે આવી ગયું છે. નારકત્વ ને એમાં આવી ગયું હતું ને ? પહેલું જ આવી ગયું હતું. એ ચાર ગતિના પર્યાયની યોગ્યતા દ્રવ્ય સ્વરૂપમાં નથી. એ પર્યાયદૃષ્ટિ છોડીને વસ્તુદૃષ્ટિ કરવા જેવી છે. એનું નામ સમ્યગ્દર્શન ને ધર્મ છે. ગતિમાં ચાર ગતિ જ જીવમાં નથી. આહા..હા...! ગતિ હોય તો છૂટે ક્યાંથી ? એક પર્યાયમાં ઊભો કરેલો વિકલ્પ વસ્તુમાં નથી. ગતિ આત્માને મોક્ષનું કારણ નથી. મનુષ્ય ગતિ મોક્ષનું કારણ નથી. આરે..આરે..! મનુષ્ય ભવ મળ્યો હોય તો. ના ના. એ કારણ પ્રભુ ભગવાન છે એ મોક્ષનું કારણ છે, મનુષ્ય ગતિ (મોક્ષનું કારણ) છે નહિ. આહા..હા..!

**'ઇન્દ્રિય,...'** પણ એ કોડી કોડીનો ભિખારી જ્યાં હોય ત્યાં આ હતું ને તો ઠીક છે, આ હોય તો ઠીક છે. મનુષ્ય ગતિ હોય ને તો મને ધર્મ થાય. ભિખારી છે. જ્યાં ચૈતન્ય ચક્રવર્તી પડ્યો છે એ કાંઈ માગતો નથી આ, એને આની જરૂર નથી. એવા ચક્રવર્તી ચૈતન્યના ભાન વિના આ ગતિ હોય તો ઠીક પડે, આવું હોય તો ઠીક પડે, પર્યાપ્ત હોય તો ઠીક પડે ! કોડી કોડીનો ભિખારી ! ચક્રવર્તીનું રાજ મારે ઘરે છે એ ભૂલી ગયો. સમજાણું કાંઈ ?

છ ખંડનો ચક્રવર્તી. આવે છે ને ? 'હરિષેણ' નું શું આવે છે ? 'હરિષેણ' એકલો જાય છે ને ? એની માનું પેલું નાખવા (જાય છે). એને ખબર છે કે હું ચક્રવર્તી થવાનો છું, ચક્રવર્તી થવાનો છું. ભલે અત્યારે એકલો છું. સમજાય છે ? આવે છે ને પેલી કથા નહિ ? ચક્રવર્તી થવાનો છું, છ ખંડનો ધણી થવાનો (છું). મારી માના વીતરાગના જૈન રથને પહેલો ચલાવવાનો છું. ભગવાનનો રથ પહેલો ચાલશે. .... કહે, મારો ચાલશે. આ કહે કે મારી માનો ચાલશે. બહારમાં પણ એટલું પુણ્ય. આ ચક્રવર્તી પદ ભગવાનઆત્મા છે. મારો આનંદકંદનો શુદ્ધ ચૈતન્યનો રથ ચાલશે. રાગના રથ ને ગતિના રથ મારી પાસે છે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ ? એ... 'પોપટભાઈ' ! આહા..હા..!

સાંભળ્યા બધા... જાણે ફુટ્યા કાન. નથી આવતું ? કથા સુણીને ફુટ્યા કાન, તોય ન આવ્યું બ્રહ્મ જ્ઞાન. બધી ઊંધી વાતું સાંભળી બધી. આહા..હા..! આમ કરો, આમ કરો, આમ કરો. 'શ્રીમદ્દે' કહ્યું છે, હોં ! દરરોજ તમે છ કાયના જીવ ને આમ ને (તેમ વાત કરો છો પણ) આ સમકિતની વાત તો લાવો. મહારાજ એ તો વાત કરો કાંઈક. એ 'શ્રીમદ્દે' કીધું. હવે આ તો તમે બહુ વાત કરી, હોં ! ઘણા વર્ષ થયા અમને. પચાસ-પચાસ વર્ષથી સાંભળતા આવીએ છીએ. છ કાયની દયા પાળો ને ફલાણું, ઢીંકણું. હવે સમકિતનું કાંઈ કરો ને. એને ભાન ન મળે, શું કરે બિચારો ? જે મૂળ ચીજ છે, જેનાથી ન્યાલ થવાના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રસ્તા એ તો પહેલા બતાવો. આ તો ઠીક કર્યું. આ મુકચું ને એ તો કોઈ શુભભાવમાં હોય, ઠીક. એ તો સાંભળ્યું હવે મુકોને, આજ સમકિતની વાત તો કરો. 'પોપટભાઈ' !

એ 'અમરચંદભાઈ' કહેતા, હોં ! 'લાલભાઈ'ના બાપ. સમકિત કેવું હશે ? પણ જવાબ કોઈ આપે નહિ. શું હશે આમાં ? સમકિત બધા આવું આવું કહે છે, સમકિત ચીજ તો કાંઈક બીજી હોવી જોઈએ. આહા..હા..! એ ગતિ આત્મામાં નથી. આ ઇન્દ્રિય નથી, પાંચ ઇન્દ્રિયની ખંડ ખંડની યોગ્યતા ભાવ એ પણ પર્યાયના છે, દ્રવ્યમાં નથી. જ્યાં નથી ત્યાં નજર નાખે સમ્યગ્દર્શન થાય. ઇન્દ્રિયના ખંડ ખંડ ઉપર નજર નાખે એકત્વબુદ્ધિ થાય. આ હું એવડો (માને) તો મિથ્યાત્વ થાય. પચેન્દ્રિયપણું હોય તો જ્ઞાન પામે. પચેન્દ્રિય હોય તો આમ થાય. અરે..! સાંભળને હવે. પચેન્દ્રિય આ જડ તો આત્મામાં નથી પણ પચેન્દ્રિયનો જાણવાનો જે ખંડ ખંડ ઉપયોગ છે એ પણ દ્રવ્યમાં નથી. આહા..હા..!

પૂર્વના પુણ્ય કર્યા હોય, મનુષ્ય દેહ મળે, કાન મળે, સાંભળવાનું મળે તો ધર્મ થાય કે નહિ ? અહીં કહે છે કે ના. આ ભગવાનઆત્મા કારણ પરમાત્મા છે તો ધર્મ થાય એમ અહીં તો કહે છે. આ હોવાથી ધર્મ થાય. આ (મનુષ્ય દેહ) હોવાથી થાય એ વસ્તુમાં છે નહિ. આહા..! રાડે રાડ પાડે. એ..! 'સોનગઢ' અરે..! સાંભળને હવે. સોનાને કાટ ન હોય. સાંભળ, 'સોનગઢ' છે આ. એ..ઇ..! આ કહે છે એય... 'સોનગઢ'. હવે સાંભળને ! 'સોનગઢ'ના નેતા આમ કરે છે, એમ વાત કરે છે. કોઈ 'સોનગઢ'નો નેતા પણ નથી, કોઈ નથી, સાંભળને હવે.

શ્રોતા :– કડવી ભાષા વાપરે છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– કડવી ભાષા કોણ વાપરે ?

અહીં તો કહે છે, ભગવાન ! તું ક્યાં છો ? - કેવડો છો ? જ્યાં તું જેવડો છો ત્યાં ઇન્દ્રિઓ નથી. અને જ્યાં ઇન્દ્રિયો છે ત્યાં તું આખો સ્વરૂપ આત્મા છે જ નહિ ત્યાં. આહા..હા..! ભારે વાત, ભાઈ ! આહા..હા..! એ પંચેન્દ્રિયની યોગ્યતા જ્ઞાનના ક્ષયોપશમના ખંડ ખંડ ત્યાં તું નથી અને જ્યાં તું છો ત્યાં એ નથી. બહારની તો ઇન્દ્રિય તો ક્યાંય રહી ગઈ. સમજાણું કાંઈ ? કહો, 'પુનચંદજી' ! શું કરવું ? આ બધા એની સાથે લડાઈ કરે છે, હોં ! ભગવાન ! આ માંડ માંડ સાંભળવાનું મળ્યું. રહેલા દે હવે. લક્ષ્મી ચાંદલો કરવા આવે તો મોઢુ ધોવા દે પહેલું. અરે..! મોઢું ન (ધોવાય). ચાંદલો તો આવશે. પેલી ચાલી જશે. હું મોઢુ ધોઈ આવું સારું લાગશે. ત્યાં પેલી ચાલી ગઈ. લ્યો, હવે. ક્યાં હતી ? એ તો ગઈ. એ કાળ ગયો.

એમ આ સમય આત્માને સમજવાના કાળ છે. એ વખતે તું આ વાતનો આમ ન હોય, આમ ન હોય (એમ) નકાર ન કર, ભાઈ ! આહા..હા..! દિ' ફર્યો છે તારો, કહે છે. પેલા રાજાનું નથી આવતું ? 'રાહ' નામનો મોટો રાજા હતો. એના ચારણ હોય છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઇ જ્યારે ગાદીએ બેસે ત્યારે એની બાય એને આમ ચાંદલો કરે, તીલક કરે. ત્યારે ગાદીએ બેસે. એમાં સાસુ-વહુ હતા અને આ ગયો ન્યાં ચાંદલો કરાવવા. વહુ હતી જુવાન રૂપાળી બહુ. આમ ચાંદલો કરવા ગયો તો રાજા મોહ્યો. ચાંદલો કરવા ન દે. કારણ કે ચાંદલો કરવા દે તો દીકરી થઈ જાય. આમ ફેરવે. એ લોકો ભદ્રિક બહુ હોય. ભદ્રિક, સરળ, સજ્જન. રૂપાળુ શરીર આદિ પરપુરુષ ન હોય, પ્રાણ જાય તો પણ પરપુરુષ નહિ. જુઓને ! પેલી જશોદા કેવી ? જશના. સિદ્ધાર્થ રાજા કહે, રાણી બનાવું. રાજા બોલીશ નહિ. આ તારો ધણિ આવે છે. ઉપાડે ટોપલા. રાજ કહે, રાણી બનાવું. બોલીશ નહિ, બોલીશ નહિ એ વાત અમે નહિ સાંભળીએ. આહા..હા..! લૌકિક નીતિના માણસો એવા. સમજાય છે ?

એમ અહીં ભગવાનઆત્મામાં કહે કે તું રાગવાળો, તને પચેન્દ્રિયથી લાભ થાય (એમ) બોલીશ નહિ, એ સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ ? આહા..હા..! મરી ગયા, હોં ! પછી છેવટે રાજાએ પાછળ માણસ મોકલ્યા. પેલા વશ ન થયા તો મારી નાખ્યા. મરી ગયા પણ વશ ન થયા. સમજાણું ? પેલો ચાંદલો કરવા ગયો ને ના પાડી. બા, સાસુને બા કહે ને ? આ રાહનું મોઢું ફેરવે છે. આ તો બિચારી નિર્દોષ બાય, હોં ! એને ખબર નહિ કે આ શું છે ? આમ મોઢુ ફેરવે છે, બા ! બેન ! એ રાના દિ' ફર્યા છે. અમે દીકરીઓ જેવા, અમે ચાંદલા કરીએ, પ્રજા દીકરીઓ છે. એના ઉપર આની દાનતું બગડી ? દિ' ફર્યો એનો. એને રાજ નહિ રહે. સમજાય છે કાંઈ ?

એમ આત્માની વાત જ્યારે સત્ સાંભળવાને મળે છે (ત્યારે એમ કહે) એ નહિ હમણાં. દિ' ફર્યો તારો, આ નહિ મળે. આહા..હા..! સમજાણું કાંઈ ? રાજ નહિ રહે, નહિ રહે. રાજ ઉડી ગયું, ઉડી ગયું રાજ. આવો કાળ આવી વાત તને પરમાત્મા સ્વરૂપ છો ભગવાન તને સાંભળવાની મળે ને ના પાડે છે. માણસપણા નહિ રહે. નિગોદમાં જઈને હેરાન થઈ જઈશ. આહા..! સમજાણું કાંઈ ?

કહે છે, એ ઇન્દ્રિય નથી. આહા..હા..! પેલા કહે, છે ને. પણ કોણે ના પાડી ? સાંભળને ! એ તો પાંચ ઇન્દ્રિયની યોગ્યતાનો એક સમયનો પર્યાય છે. એક સમયનો પર્યાય–અવસ્થા વસ્તુમાં એ નથી. વસ્તુ અતીન્દ્રિય ભગવાન છે. અતીન્દ્રિય ભગવાનઆત્માની અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. અને ઇન્દ્રિય ઉપર તારે દૃષ્ટિ (કે) આવડો છું, આવડો છું, આવડો હું છું. સમજાણું કાંઈ ?

લીમડી દરબારને ભાઈ ! હતું ને ? શું કહેવાય એનું ? તમારી પાસે ગામડુ નહોતું ? 'બલાળા'. એમાં બે ખેતર હશે. રાજ મળ્યું. દસ લાખનો તાલુકો, દસ લાખનો તાલુકો મળ્યો ને ? પહેલા નોકર હતા. 'વિરજીભાઈ' કહે, નોકર હતા. એ નોકરને દસ લાખનું રાજ મળ્યું. પછી એને .... જમીન હતી, છોડી દીધી. એમ એક સમયની પર્યાય પચેન્દ્રિયની યોગ્યતા એ તું ? - કે હું નહિ. પહેલા મેં માન્યું હતું. મારું ખેતર મોટું છે. હું તો અણઇન્દ્રિય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છું એ મારું ખેતર ને એ મારું ધામ છે. પંચેન્દ્રિય મારામાં છે નહિ. એવી સ્વરૂપની દૃષ્ટિ કરવી ને પર્યાય છે તેને જાણવમાં રાખવી, આદરવામાં નહિ. એનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)

*** શ્રોતા :- સમ્યગ્દર્શન થતાં બધું વ્યવસ્થિત છે?**

**પૂજ્ય ગુરુદેવ :- અમસ્તું પણ બધું વ્યવસ્થિત જ છે, પણ સમ્યગ્દર્શન થતાં એના નિર્ણયમાં આવી જાય છે કે બધું વ્યવસ્થિત જ છે. સમયસાર ગાથા ૩૦૮-૩૧૧માં જીવ અજીવનો કર્તા નથી એમ સિદ્ધ કર્યું છે, પણ ખરેખર તો જીવદ્રવ્ય છે એ એની પર્યાયનો પણ કર્તા નથી, કેમકે દ્રવ્યસ્વભાવ જ્યારે દૃષ્ટિમાં બેઠો એટલે બસ! બધું આવી ગયું.**

**દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામની શક્તિ છે તેના કારણે પર્યાય ઉત્પન્ન થશે; થાય છે તેને કરવું છે ક્યાં? અને જ્ઞાનગુણની પર્યાય પણ ક્રમબદ્ધમાં જે જાતનો રાગાદિ થશે તેને તે પ્રકારે જાણતી તે જ પ્રકારે ક્રમબદ્ધમાં આવશે. તે પર્યાય છે તેનો પણ કર્તા દ્રવ્ય નથી. પર્યાય તે સમયે થશે જ, પર્યાય તે સમયે આવશે જ, તેનો જ્ઞાની કર્તા નથી, પર્યાય જે કાળે થવાની છે તે થાય છે. તે પર્યાયનો કર્તા પર્યાય છે. જે પરિણમે છે તે કર્તા છે, દ્રવ્ય કાંઈ પરિણમતું નથી માટે કર્તા નથી.**

**ભાવશક્તિના કારણે દરેક ગુણની પર્યાય ભવનરૂપ થશે જ, પર્યાય હોય જ છે; હોય છે તેને કરવું છે ક્યાં? ખરેખર તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ-દ્રવ્યનો સ્વીકાર થયો એટલે બસ! પર્યાય પ્રાપ્ત થઈ અને તે પણ તેનો પ્રાપ્ત થવાનો કાળ હતો. તે પર્યાયનો સ્વકાળ હતો, તેનો પણ કર્તા નથી કેમકે ભાવશક્તિના કારણે ભવન તો છે; તો છે એને કરવું શું?**

**આહાહા! દ્રવ્યની સન્મુખ દૃષ્ટિ થઈ પછી જે થવાનું છે તે થાય છે, તેને જાણે છે, એ જાણવાનું કામ સ્વતંત્ર થાય છે. આને જાણવું એવું પણ નથી, ભાવશક્તિ છે તે પર્યાય વિના હોય નહિ. ગુણીને પકડ્યો છે તેણે જે ભવન-પર્યાય હોય છે તેને કરવું છે ક્યાં? થોડી ઝીણી વાત આવી ગઈ છે, આ તો અંદરથી આવે છે. નવું નવું થાય છે તે થવાનું છે તે જ થાય છે, તેને કરવું છે ક્યાં? થાય છે-હોય છે તેને જાણે છે, એ જાણવાની પર્યાય પણ તે કાળે થવાની છે તે થાય છે, કેમકે દરેક ગુણની વર્તમાન પર્યાય ભાવશક્તિના કારણે તે કાળે થાય જ છે. થાય છે તેને કરવું શું? વસ્તુનું સ્વરૂપ એમ જ છે. ૩૬૨. – દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પંચાસ્તિકાય, ગાથા–૮, પ્રવચન નં. ૧૩
## તા. ૨૮-૧૧-૧૯૬૯
## [૧૪]

'પંચાસ્તિકાય'. ષટ્દ્રવ્ય. અસ્તિકાય છે ને ? અસ્તિકાય. અસ્તિ છે. ઘણા પ્રદેશવાળા પાંચ તત્ત્વો છે, પાંચ દ્રવ્ય છે. અહીં શું કહે છે ? આ આત્મા છે કે પરમાણુ છે એનું ત્રણ લક્ષણ સ્વરૂપ છે. દરેક પદાર્થનું ત્રણ લક્ષણ (એટલે) ઉત્પાદ એ પણ છે, વ્યય છે, ધ્રુવ છે. ત્રણ લક્ષણ સ્વરૂપ છે. એ ત્રણ લક્ષણ સ્વરૂપે નથી. એક એક લક્ષણની અપેક્ષાએ એ ત્રણ લક્ષણ સ્વરૂપ નથી, આવી વાત છે. સમજાણું કાંઈ ?

**'જે સ્વરૂપે ઉત્પાદ છે...'** આ આત્મામાં એક સમયની પર્યાયમાં જે ઉત્પાદપણે છે તે રીતે એક ઉત્પાદ એક જ લક્ષણ છે. અહીં તો છએ દ્રવ્યની વાત છે. એક સમયનો જ્ઞાનનો પર્યાય (છે), અનંત ગુણનો જે એક સમયનો પર્યાય છે એ ઉત્પાદ છે, એ ઉત્પાદરૂપે જ છે, એ કાંઈ વ્યય અને ધ્રુવલક્ષણપણે નથી. સમજાણું કાંઈ ? એ ઉત્પાદ એક જ લક્ષણ છે.

**'જે સ્વરૂપે વ્યય છે...'** પહેલા સમયની અવસ્થાનો વ્યય છે, જે સ્વરૂપે અભાવ છે, વ્યય છે **'તેનું (–તે સ્વરૂપનું) તે રીતે વ્યય એક જ લક્ષણ છે...'** સમજાણું કાંઈ ? જેમ કે આત્મામાં અનંત ગુણની એક સમયની જે પર્યાય ઉત્પન્ન થઈ એ ઉત્પન્ન લક્ષણે ઉત્પન્ન સ્વરૂપ જ છે, વ્યય લક્ષણવાળુ સ્વરૂપ ત્યાં નથી. સમજાણું કાંઈ ? એટલે ? - કે એક સમયમાં અહીં આત્મામાં જ્ઞાનની પર્યાયમાં, એ તો અનંતી પર્યાયને સાથે લેવી છે, પછી અનંત પર્યાયમાં પર્યાય જુદી કાઢશે. અહીં તો એક સમયમાં અનંતી પર્યાય છે એ ઉત્પાદ લક્ષણે પર્યાય છે. છે અનંતી એક સાથે. પરમાણુમાં પણ એક પોઈન્ટ રજકણ છે એમાં પણ એક સમયે અનંતા ગુણની અનંતી પર્યાય જે ઊપજે છે એ ઉત્પાદ લક્ષણવાળી છે. આખું લ્યો તો ત્રણ લક્ષણવાળી છે પણ એક એક લ્યો તો એક લક્ષણવાળી છે. એટલે ત્રણ લક્ષણવાળી એક લક્ષણવાળી છે. ત્રણ લક્ષણવાળી મહાસત્તા તે જ એક લક્ષણવાળી અવાન્તર સત્તા છે. સમજાણું કાંઈ ?

જે આત્મામાં એક સમયનો જ્ઞાન પર્યાય ઉત્પન્ન થયો એક ઉત્પન્ન છે. તો એમાં ખરેખર જ્ઞાનનો પર્યાય ઉપજ્યો એ અનંતા સિદ્ધોને ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્યની સિદ્ધની પર્યાયને, સિદ્ધના દ્રવ્યને, અનંતા પરમાણુરૂપી દ્રવ્યને એના ગુણને ને એની પર્યાયને એક સમયનો જ્ઞાન પર્યાય–ઉત્પાદ તેને જાણી લે છે. ***આ બીજી ચીજ છે માટે ઉત્પાદ છે, બીજી***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***ધ્રુવ ચીજ છે માટે ઉત્પાદ છે અથવા પોતે ધ્રુવ છે માટે ઉત્પાદ છે એમ નથી. સમજાણું કાંઈ ?***

એક સમયનો જ્ઞાનનો ઉત્પાદપણે પર્યાય (થાય), જેમાં અનંતા પરમેશ્વરો એક સમયની પર્યાયમાં સમાય ગયા છે. અનંતા સિદ્ધો, અનંતા કેવળીઓ એટલે કે સિદ્ધ કે કેવળી અથવા લાખો કેવળી, અનંતા જીવ જે 'જ્ઞ' સ્વભાવે ધ્રુવ છે અને પરમાણુ જે ધ્રુવ સ્વભાવે નિત્ય છે એ બધાને જ્ઞાનનો એક સમયનો પર્યાય ઉત્પાદ તે પોતાના ઉત્પાદપણે જ છે. સમજાણું કાંઈ ? ***એટલી સામર્થ્યવાળી એક પર્યાય ઉત્પન્ન થાય છે, લ્યો ! એને વ્યયની અપેક્ષા નથી, એને ધ્રુવની અપેક્ષા નથી. સમજાણું કાંઈ ? કહે છે કે એ ઉત્પાદ છે તે ઉત્પાદ સ્વરૂપે જ છે અને પૂર્વની અવસ્થાનો વ્યય છે તે વ્યય સ્વરૂપે છે. ઉત્પાદને લઈને વ્યય છે કે વ્યયને લઈને ઉત્પાદ છે એમ નથી. સમજાણું કાંઈ ?***

**'અને જે સ્વરૂપે ધ્રૌવ્ય છે...'** જ્ઞાનનું જે ધ્રુવપણું અને અનંત ગુણનું ધ્રુવપણું જે છે, ધ્રુવપણું એ ધ્રુવપણું ધ્રુવપણાને લઈને છે. તેના ધ્રુવપણામાં–ભગવાનઆત્માના ધ્રુવપણામાં એકમાં અનંતા પરમેશ્વરો, અનંતા દ્રવ્યો એક સમયની પર્યાયમાં ઉત્પાદરૂપે થયા. એવી એવી અનંતી પર્યાય, અનંતી અનંતી પર્યાય, અનંતા પરમેશ્વરની એક સમયની પર્યાયમાં અનંતા પરમેશ્વર એ અનંતી પર્યાયમાં અનંતા ગુણા પરમેશ્વર, એ બધા પર્યાયનું અંદર ધ્રુવપણું જોવો તો ધ્રુવ ધ્રુવને લઈને છે, ઉત્પાદને લઈને પણ નથી. પરને લઈને તો નથી... સમજાણું કાંઈ? એ જ્ઞાનનો પર્યાય ઉત્પાદ ઉત્પાદને લઈને એટલે પરને લઈને તો નથી... આહાહા..! શું સત્તાની સિદ્ધિ કરે છે ! જોયું ? સમજાણું કાંઈ ? એક સમયનો જ્ઞાનનો પર્યાય ઉત્પાદરૂપે ઉત્પાદ છે તે પરને લઈને તો નથી પણ ધ્રુવને લઈને નથી. સમજાણું કાંઈ? ઓહોહો..!

કહે છે, અંદર ભગવાન મોટો દરિયો ધ્રુવ છે. સમજાય છે ? ધ્રુવમાં મહા ભગવાન અનંતા બિરાજે છે. અનંતા પરમેશ્વર એક પર્યાયમાં એવી અનંતી પર્યાયના પરમેશ્વરો તે એના એક જ્ઞાન ગુણમાં છે. અહીં તો બધા ગુણોનું ધ્રુવપણું એવું એવું સામર્થ્ય એક જ્ઞાનમાં, એવું દર્શનમાં, એવું આનંદમાં એવું ધ્રુવપણું જે છે એ ધ્રુવપણાનું સ્વરૂપ એમાં એક લક્ષણે સિદ્ધ છે. ઉત્પાદને અને વ્યયને લઈને ધ્રુવ છે એમ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

કેટલો જ્ઞાનમહાસાગર છે આત્મા ! ધ્રુવનો જ્ઞાન મહાસાગર !! અનંતા કેવળીઓ એ ઉત્પાદપણે વર્તે છે. એના ઉત્પાદનું જ્ઞાન પોતાને કારણે પોતાનું જ્ઞાન થયું એવો જે ઉત્પાદ એવા એવા અનંતા ઉત્પાદરૂપે ધ્રુવ જે છે ઉત્પાદની અપેક્ષા રાખતું નથી. અંતર ભગવાનઆત્મા જ્ઞાન સ્વભાવ સમુદ્ર અનંતા અનંતા પરમેશ્વરને તો એક પર્યાય પી ગઈ ! એવી અનંતી અનંતી પર્યાયને એક ધ્રુવ પી ગયું !! આહાહા..! સમજાય છે કાંઈ ? એવા અનંત ગુણનો સાહ્યબો આત્મા મહાસત્તા (છે). અત્યારે ત્રણે થઈને (મહાસત્તા), હોં ! એમાં એક અવાન્તર સત્તાનો પેટા ભેદ ત્રણમાંથી એક પડ્યો ને ધ્રુવનો ? ત્રણ થઈને મહાસત્તા ! ત્રિલક્ષણી મહાસત્તા (છે). એ અત્રિલક્ષણી એટલે એક લક્ષણી મહાસત્તા એ રૂપે નથી. અવાન્તર સત્તારૂપે મહાસત્તા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી. સમજાણું કાંઈ ?

આવો પરમેશ્વરનો પરમેશ્વર જાણવાની અપેક્ષાએ, હોં! બીજાનો પરમેશ્વર નથી. એક સમયમાં અનંતા પરમેશ્વરનું અસ્તિત્વ એક સમયમાં જાણ્યું એ પોતાની પર્યાયનો ઉત્પાદ પોતાથી થયો છે, પરમેશ્વર છે માટે થયો છે એમ નથી. સમજાણું કાંઈ ? સમવસરણમાં ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર બિરાજે છે અને જ્ઞાનીનું લક્ષ ત્યાં ગયું તેથી તેની પર્યાયનો ઉત્પાદ થયો, સામે ચીજ છે માટે (ઉત્પાદ થયો) એમ નથી. સમજાણું કાંઈ ? એ જ્ઞાનના પર્યાયનો ઉત્પાદ પોતાથી પોતાને લઈને મહાસત્તા જે ત્રણની ગણી છે એ માહ્યલી અવાન્તર સત્તા પોતાથી ઉત્પન્ન થઈ છે. આહા..હા..! અને તે ઉત્પાદની અવાન્તર સત્તા ધ્રુવની અપેક્ષા રાખતી નથી. પરની અપેક્ષા તો છે જ નહિ કે ભગવાન હતા માટે આ જ્ઞાનનો પર્યાય થયો (એમ નથી). એનો ઉત્પાદ એનામાં છે, આનો ઉત્પાદ અહીંનો આમાં છે. હોવાપણું છે ને અહીંયા. સમજાણું કાંઈ ?

આવો ભગવાનઆત્મા છે (એમ) કોઈ દિ' સાંભળ્યું નહિ હોય. એટલે આત્માને પામર કરી નાખ્યો. રાગનો કર્તા. અરે..! આવો જ્ઞાનનો મહા દરિયો એ રાગનો કર્તા હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ ? એ રાગનો જાણનાર એક સમયની પર્યાયમાં રાગાદિ આખી દુનિયાનો જાણવાનું એક સમયના પર્યાયનું સામર્થ્ય છે. એ જ્ઞાનની પર્યાયનો ઉત્પાદ રાગ છે ને પર છે માટે થાય છે એમ નથી. સમજાણું કાંઈ ? એટલે આ વિકલ્પ ને વ્યવહાર છે માટે તે ક્ષણે અહીં જ્ઞાનની ઉત્પત્તિ છે એમ નથી. બીજે ક્ષણે અહીં રાગની ઉત્પત્તિ છે માટે બીજે ક્ષણે એને કારણે જ્ઞાનનો પર્યાય થયો એ તો વ્યય લક્ષણ વ્યયમાં ગયું. અરે..! જ્ઞાનનો પર્યાય જે પહેલા સમયમાં હતો એ વ્યય લક્ષણ તો વ્યયમાં ગયું અને નવો જે પર્યાય ઉત્પન્ન થયો એ પોતાનો સ્વતંત્ર પર્યાય જ્ઞાનનો ઉત્પાદ લક્ષણે સિદ્ધ થયો છે. સમજાણું કાંઈ ?

અહીં તો હવે કહે છે કે ઉત્પાદ લક્ષણે ઉત્પાદ છે, વ્યય લક્ષણે વ્યય છે અને ધ્રુવ લક્ષણે ધ્રુવ છે. ત્રણ લક્ષણવાળી મહાસત્તા આખી જે ગણવામાં આવી એમાં પેટા ભેદ એક લક્ષણવાળો છે એ ત્રણમાં એનો અભાવ છે. ત્રણમાં એક લક્ષણનો અભાવ છે અને એક લક્ષણમાં ત્રણનો અભાવ છે. અસ્તિ-નાસ્તિ. મહાસત્તામાં અવાન્તરનો અભાવ, અવાન્તરમાં મહાનો અભાવ. ભારે વાત ! સમજાય છે ? પરવસ્તુનો તો અભાવ છે પણ પોતાની એક એક અવસ્થામાં અવાન્તર ભેદમાં પોતાનો બીજો ભેદ છે એ એમાં નથી. એવું એક એક અસ્તિત્વનું લક્ષણ સ્વતંત્ર ઉત્પાદનું, વ્યયનું ને ધ્રુવનું છે. આહા..હા..!

આવો જ્ઞાન સ્વભાવ ધ્રુવ... અરે..! અનંત ગુણનું ધ્રુવપણું અહીં તો લેવું છે. કારણ કે અનંત ગુણને અહીં ત્રણ લક્ષણમાં ધ્રુવને એક લક્ષણ ગણ્યું છે. પછી વળી ધ્રુવને જ્યારે મહાસત્તા ગણીને એના ગુણના પેટા ભેદને અવાન્તર સત્તા ગણે. સમજાણું કાંઈ? ધ્રુવ એક આત્માનું છે એ મહાસત્તા છે અને એની અંદરમાં એક એક ગુણનો પેટા ભેદ છે એ અવાન્તર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સત્તા છે. સમજાણું ?

અહીં તો ત્રણ લક્ષણમાંથી એક લક્ષણ આખું જુદુ પાડવું છે. પણ અહીં તો એક ધ્રુવમાં પાછુ લ્યો તો ધ્રુવ એક જે લક્ષણે છે એમાં જે ધ્રુવ જે મહાસત્તા તરીકે છે એ અનંત પર્યાયમાં પર્યાય ... મહાસત્તા તરીકે અનંત પર્યાયનો પિંડ જે ધ્રુવ છે એનો એક એક ગુણભેદ ગ્રહો, એક જ્ઞાન ગુણ જેમાં અનંતી પર્યાયો સમાઈ ગઈ છે, અનંતા પરમેશ્વરને જાણે, ત્રણકાળ ત્રણલોકને જાણે એથી અનંત ગુણું હોત તો જાણે એવો ભગવાનઆત્માના જ્ઞાનની એક સમયની પર્યાયનું સામર્થ્ય છે. ***એવા સામર્થ્યવાળાને એમ માનવું કે આ રાગ હતો માટે આવી સામર્થ્ય પર્યાય ઉત્પન્ન થઈ, પામર રાગ હતો (તે ગયો માટે) પ્રભુતા ઉત્પન્ન થઈ, અહીં તો કહે છે કે ધ્રુવ હતો માટે પર્યાય ઉત્પન્ન થઈ એમ પણ નથી લે, સાંભળ !*** આહાહા..! શું પણ દરિયો વર્ણવ્યો છે ને મોટો !! ચૈતન્ય રત્ન... હેં ?

હા ... જ્યાં હોય ત્યાં આવે છે ને ? 'બનારસીદાસ' માં આવે છે. આહાહા..! એક જરી મનન તો વિચાર તો કરે કે આ તે હું કેટલો, કેવડો છું ? જેના અનંતા અનંતા ગુણો એક એક દ્રવ્યના, સિદ્ધના, તેનું દ્રવ્ય એના અનંત ગુણો, કેટલા ગુણો છે ? - કે ત્રણકાળના સમયથી અનંત ગુણા ગુણો છે. ત્રણકાળના સમય કરતાં એક દ્રવ્યના અનંત ગુણા ગુણ.

આકાશના પ્રદેશ અનંત છે, ત્રણકાળ કરતાં પણ એ આકાશના પ્રદેશ અનંત ગુણા છે. એનાથી પણ એક દ્રવ્યના અનંત ગુણા ગુણ છે; એવા અનંત ગુણા જે એક એક દ્રવ્યના ગુણ છે અને એની પર્યાય, એના અનંત ગુણનું એકરૂપ એવા અનંતા દ્રવ્યો એક જ્ઞાનની પર્યાયમાં જાણી લીધા છે. એક સમયની પર્યાય ઉત્પાદપણે થઈ એણે જાણ્યું. ઇ છે માટે જાણ્યું છે એમ નહિ, ધ્રુવ છે માટે જાણ્યું છે એમ નહિ. સમજાણું કાંઈ ? અથવા પૂર્વની અવસ્થાનો વ્યય થયો માટે આ ઉત્પાદમાં જાણ્યું છે એમ પણ નહિ. સમજાણું કાંઈ ? 'વજુભાઈ' ! ભારે ભાઈ !

એનું અસ્તિત્વ જ એવડું છે. હોવાપણે એક સમયનો જે અનંત ગુણનો પર્યાય એનું હોવાપણે આટલું સત્ત્વ છે. આહાહા..! ભગવાનઆત્મા અનંત પરમેશ્વરને એક સમયમાં જાણે એવા જ્ઞાનને રાગનું કામ સોંપવું કે ઇ રાગ કરે, દયા, દાન, વ્રતનો રાગ ઇ કરે. પણ રાગ તો સાથે થાય છે, ભાઈ ! સમજાણું કાંઈ ? શું કીધું ? સાધકમાં રાગ તો સાથે થાય છે, (જ્ઞાન અને રાગ ) બેય સાથે થાય છે. ઉત્પાદ, ઉત્પાદપણે છે તો રાગનો ઉત્પાદ છે, અહીં જ્ઞાનનો ઉત્પાદ છે. એક સમયનો ઉત્પાદ બન્ને સાથે છે. હવે એને એમ કહેવું કે આ રાગનો ઉત્પાદ છે, રાગ છે માટે અહીં (જ્ઞાનનો) ઉત્પાદ થાય છે, તો કહે છે એમ નથી. સમજાણું કાંઈ ? આહાહા..!

કઈ રીતે અસ્તિત્વને સિદ્ધ કર્યું છે ? એમ છે એ સિદ્ધ કર્યું છે ને ! અહીં ક્યાં એને કલ્પનાથી સિદ્ધ કર્યું છે. આહા..! દ્રવ્યાનુયોગ તત્ત્વજ્ઞાનનો વિષય મહા સમર્થ છે, ગંભીર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. 'શ્રીમદ્' માં આવે છે ને ? દ્રવ્યાનુયોગ ગંભીર છે, શુક્લધ્યાનનું રહસ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ ? ઓહો..! ભગવાનની વાણી દિવ્યધ્વનિ અને ભગવાન એ બધાને એક સમયમાં જ્ઞાનનો પર્યાય જાણે. એ દિવ્યધ્વનિ છે માટે પર્યાયનું અસ્તિત્વ છે એમ નથી. સમજાણું કાંઈ ? ભગવાનને કોઈને તો આઠ વર્ષે કેવળજ્ઞાન થાય અને દિવ્યધ્વનિ નિકળે. આઠ વર્ષથી ક્રોડ પૂર્વ સુધી. સમવસરણમાં દિવ્યધ્વનિમાં ... એને જે જ્ઞાન ગુણનો ઉત્પાદ છે એ ઉત્પાદ લક્ષણે છે એમ સિદ્ધ કરે છે. આ વાણી છે ને આ છે માટે ઉત્પાદ થયો છે (એમ નથી). આહાહા..! જુઓને એક વાત ! વસ્તુની સ્થિતિ જ આવી છે એની ખબર ન મળે અને દૃષ્ટિમાં વિપરીતપણું અને જેવો સ્વભાવ (છે) તેનો અનાદર (હોય) અને એને ધર્મ થાય. વ્રત પાળીને મરી જાય, અપવાસ કરી કરીને સુકાય જાય તો મિથ્યાત્વનું પાપ થાય. એ..ઇ..! 'જેઠાભાઈ' ! આ અત્યાર સુધી ઇ જ કર્યું છે બધું ? આહાહા..!

બાપુ ! તને ખબર નથી. તારા હોવાપણામાં, એક એક સમયના હોવાપણામાં કેટલું સામર્થ્ય છે ! અરે..! વ્યયના હોવાપણામાં પણ ઉત્પાદને લઈને નથી એવું અભાવરૂપ થવાનું સામર્થ્ય છે. અને ધ્રુવને ધ્રુવ રૂપે રહેવાનું મહા સામર્થ્ય છે, ધ્રુવ મહા પ્રભુ છે. સમજાય છે કાંઈ ? ઉત્પાદ વડે ધ્રુવને જોવે ભલે પણ ધ્રુવ ઉત્પાદને લઈને નથી. સમજાણું કાંઈ ? થોડુ ઝીણું પડે પણ છે કાંઈક એનું ધ્યાનમાં તો રાખવું જોશે કે નહિ ? મહાસત્તાની ખાણની વાતું ચાલે છે. સમજાણું?

અસ્તિકાય સિદ્ધ કરે છે. આહા..હા...! અસંખ્ય પ્રદેશી ભગવાન એ કાય. એમાં જે અનંત ગુણો (અને) પર્યાય. ઉત્પાદ ઉત્પાદને કારણે લક્ષણે સિદ્ધ છે. ધ્રુવ ધ્રુવને લક્ષણે સિદ્ધ છે. ત્રણ લક્ષણવાળી મહાસત્તા, એમાં એક લક્ષણવાળી અવાંતરસત્તાનો ત્રણમાં અભાવ છે. એક લક્ષણવાળી સત્તામાં ત્રણ લક્ષણનો અભાવ છે. ઉત્પાદમાં–પર્યાયમાં ધ્રુવનો અભાવ છે, એ ઉત્પાદમાં વ્યયનો અભાવ છે, વ્યયમાં ઉત્પાદનો અભાવ છે, ધ્રુવમાં ઉત્પાદનો અભાવ છે ને ધ્રુવમાં વ્યયનો અભાવ છે. આવી વસ્તુ સર્વજ્ઞ પરમેશ્વરે જોઈને આવી રીતે કહી છે. આથી બીજી રીતે કહે તો એ પરમેશ્વરને ઓળખતો નથી અને દ્રવ્યને જાણતો નથી, વિપરીત દૃષ્ટિને ઘૂંટે છે. સમજાણું કાંઈ ?

રાગની મંદતા કષાયના પરિણામ વ્રત, નિયમ આદિના થાય ને તો એનાથી આગળ જવાય. એવું અસ્તિત્વનું સ્વરૂપ નથી એમ અહીં કહે છે. આહાહા..! કેમ ? - કે આત્મામાં એક સમયે જ્યારે જ્ઞાનનો પર્યાય ઉત્પન્ન થયો, શ્રદ્ધાનો ઉત્પન્ન થયો એ સમયે હજી રાગનો પણ ઉત્પન્ન થયો. એ ઉત્પન્ન લક્ષણે ઉત્પાદ છે, બસ ! એ ઉત્પાદ, રાગનો ઉત્પાદ જ્ઞાનની પર્યાયને ઉપજાવે (એમ નથી). એ પોતે બન્ને તો ઉપજ્યા છે એમાં ઉપજાવે કોને ? આહાહા..! સમજાણું કાંઈ ? અથવા પૂર્વની મંદ રાગની, મંદ કષાયની પર્યાય છે, વ્રત, નિયમ આદિના ભાવો (છે) માટે તેને અંદર આત્માને પહોંચાડે છે (એમ નથી). (કેમ કે) એ વ્યય તો વ્યય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થઈ ગયો છે. વ્યય થઈ ગઈ એ ઉત્પાદમાં તો આવતી નથી. તો વ્યય થઈ તે ઉત્પાદને કરે એ તો છે નહિ. ભારે ગોટો છે અત્યારે. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે, ઉત્પાદ છે તે ધ્રુવ છે માટે ઉત્પાદ છે એમ પણ નથી. આહાહા..! જુઓને ભાઈ ! આ પર્યાયનું એક સમયનું સ્વતંત્ર (અસ્તિત્વ સિદ્ધ કરે છે). સત્ સત્ છે ને ? સત્‌ને કોઈ હેતુ ન હોય. એક સમયનો ભગવાનઆત્માનો પર્યાય જ્ઞાન, દર્શન, શાંતિ, આનંદ વગેરે કે રાગાદિ (છે) પણ એ ઉત્પાદ ઉત્પાદથી છે, ઉત્પાદ પરથી તો નથી અને તે રાગનો ઉત્પાદ છે તે કર્મથી નથી, એ રાગનો ઉત્પાદ છે તે જ્ઞાનથી નથી, રાગનો ઉત્પાદ છે તે વખતે જ્ઞાનનો ઉત્પાદ રાગને લઈને નથી. આમાં આવે શું ? કાલે તમે નહોતા. આ બધું અહીં પૂછવાનું હતું કાલે. કહો, સમજાણું કે નહિ આમાં ? આમાં ભગવાન રગડાય છે.

એવો ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ અનંત અનંત શાંતિ ને આનંદની અનાકુળની ખાણ એવું જે ધ્રુવ. આહાહા..! મહા દરિયો ચૈતન્ય રત્નાકર ધ્રુવ છે એ ધ્રુવ પોતાના લક્ષણે જ લક્ષિત છે. ઉત્પાદથી જણાય ધ્રુવ, ધ્રુવ કાંઈ ધ્રુવથી જણાય નહિ પણ ઉત્પાદથી જણાય પણ ધ્રુવ ધ્રુવને કારણે રહેલ છે, ઉત્પાદને કારણે ધ્રુવ રહેલ છે એમ છે નહિ. સમજાણું કાંઈ ? આ મૂળ તો તત્ત્વનું હોવાપણું અને એની સત્તા કેવી રીતે છે એની ખબર નથી એટલે આ બધા ગોટા ઊઠ્યા છે. સંપ્રદાયના નામે આ ધર્મ છે ને આ ધર્મ છે. અધર્મ છે તે ધર્મ છે. એ..ઇ..! ભગવાનની ભક્તિ ને વ્રતનો ભાવ એ વિકલ્પ છે, એ વિકલ્પ છે તે અધર્મ ભાવની ઉત્પત્તિ છે. અરે...! ગજબ વાત છે.

શ્રોતા :– સંપ્રદાયને ધર્મ માની લીધો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– માની લીધો. દૃષ્ટિ આખી તત્ત્વ ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદ સાહેબો મોટો છે, આનંદકંદનો નાથ (છે), અનંતા પરમેશ્વર જેણે પેટમાં રાખ્યા છે. અરે..! એની શું ખબર. આખી દુનિયા ત્રણકાળ, ત્રણલોકથી અનંત ગુણા સિદ્ધો હોય, અનંત ગુણો કાળ હોય તો એની એક સમયની પર્યાયમાં જાણી શકે એવી તાકાતવાળો પ્રભુ છે. એ રાગને લઈને નહિ એ આટલા સંયોગો છે માટે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ ? 'બાબુભાઈ' ! સમજાય છે કે નહિ ?

અરે..! જ્યાં નિધાન ભગવાન બિરાજે છે ત્યાં નજર તો કર, કહે છે. અનંતા પરમેશ્વર જેના પેટમાં ગર્ભમાં પડ્યા છે. એના ધ્રુવમાં પુણ્ય-પાપ જરીએ નથી. એ તો ઉત્પાદમાં ગયું. એ ઉત્પાદમાં કહ્યું પહેલું. પુણ્યનો વિકલ્પ ઊઠ્યો તે ક્ષણે ધર્મીને જ્ઞાનનો પર્યાય પણ ઉત્પન્ન થયો તો એ તો એક સમયે બે થયા છે તો પેલાને વ્યવહાર કહેવો આને નિશ્ચય કહેવો પણ વ્યવહાર છે માટે નિશ્ચય છે એમ છે નહિ. એ રાગ છે માટે જ્ઞાનનો ઉત્પાદ છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ ?

અહીં તો છેલ્લું ધ્રુવ આવ્યું ને ? કહે છે, '**જે સ્વરૂપે ધ્રૌવ્ય છે તેનું (–તે સ્વરૂપનું)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**તે રીતે ધ્રૌવ્ય એક જ લક્ષણ છે...**' પરમાણુ છે પરમાણુ, આ પરમાણુ ઝીણો પોઈન્ટ, એમાં પણ અનંતા પર્યાયો જે થાય છે, અનંત ગુણની રંગની અવસ્થા, રંગની અવસ્થા (થાય છે). એક સમયમાં અનંત ગુણની રંગની અવસ્થા છે એ ઉત્પાદ, ઉત્પાદમાં લઈને છે. રંગ ગુણ છે માટે નહિ, એમ કહે છે. આહાહા..! પરમાણુમાં નિમિત્ત આવ્યું માટે રંગ આવ્યો એ તો છે જ નહિ પણ રંગ ગુણ ધ્રુવ પડ્યો છે માટે રંગની પર્યાય અનંત ગુણે વર્ણપણે પરિણમી છે એમ નહિ. અરે...! જગતને સાંભળવા મળે નહિ. આવું તત્ત્વ છે ને આવું વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ ?

અહીં તો .... એ..ઇ..! પેલા પંડિત આવ્યા હતા ને ? (તે કહેતા હતા), દેખાય છે, અગ્નિ આવી તો પાણી ઊનું થયું. ભાઈ ! શું તમે કહ્યું ? અગ્નિ અગ્નિમાં છે, પાણી પાણીમાં છે. પાણીની અવસ્થાનું અસ્તિત્વ પાણીની અવસ્થામાં છે. અગ્નિની હોવાપણાની અવસ્થા અગ્નિમાં છે. એને લઈને અહીં ઊનું થયું એ તમે કેમ કલ્પ્યું શી રીતે ? સમજાણું કાંઈ ? અહીં તો કહે છે કે અગ્નિનો જે ઉત્પાદ તે ક્ષણનો છે એના ઉત્પાદપણે એમાં જ છે અને પાણીનો જે ઉષ્ણપણાનો ઉત્પાદ છે એ પોતે ઉત્પાદ ઉત્પાદને કારણે છે. અગ્નિને કારણે ઉષ્ણની પર્યાય ઉત્પન્ન થઈ છે એમ છે નહિ. ઉત્પન્ન એને લઈને (તો થઈ) નહિ પણ ધ્રુવમાં સ્પર્શ ગુણ છે માટે ઉષ્ણ પર્યાય ઉત્પન્ન થઈ છે (એમ પણ નથી). આહાહા..! એકલી વીતરાગતા ! એકલી જ્ઞાયકતા છે ! આમ કેમ ? એ જ્ઞાનમાં પ્રશ્ન જ નથી. હોવા જ પણે આ રીતે વસ્તુ છે એમાં વળી આમ કેમ એ પ્રશ્નને અવકાશ નથી. સમજાણું કાંઈ ?

આ મોટા મોટા પંડિતોને વાંધા ઊઠે છે, લ્યો ! આ વખતે ભાઈએ પ્રશ્ન કર્યો હતો. 'ધીરૂભાઈ' ના ભાઈએ. એમણે પૂછ્યું, થવાનું હશે તે થશે તો પછી પુરુષાર્થ ક્યાં રહ્યો ? આ બધાને નડે છે. 'ધીરૂભાઈ' ને પૂછ્યું કે 'ધીરૂભાઈ'એ કીધું પણ તું નહિ સમજે હમણાં. થવાનું હશે એ થાશે. ***બાપુ ! થવાનું હશે એ થાશે એટલે ઉત્પાદ. સમજાય છે? થવાનું હશે એ થાશે એ ઉત્પાદનું જ્ઞાન કોણ કરે ? એ જ્ઞાન જાણે. જ્ઞાનનો ઉત્પાદ કેમ થાય ? પોતાને કારણે જ્ઞાનનો ઉત્પાદ થાય. સમજાય છે ? એ થવાનું થશે, થશે એનો નિર્ણય જ્ઞાયકભાવ ઉપર જાય છે. જ્ઞાયકભાવ છું, એકલો જાણનાર છું. એટલે જે સમયની મારામાં પર્યાય થવાની તે થવાની, જડમાં જે સમયે (થવાની) તે થવાની એને હું જાણનાર છું, એ જાણનારનો નિર્ણય કર્યો, જ્ઞાનસ્વરૂપે જ્ઞાયક ભગવાન છું એમ નિર્ણય કર્યો એટલે થવાનો તે થાય ને જાણનાર રહ્યો. એનું નામ પુરુષાર્થ છે. આહા..હા..!*** શું થાય ? એવા ગોટે ચડે ને. એ ઝીણી વાત છે, હોં ! પૂછતા હતા, બિચારા પ્રેમથી પૂછતા હતા, હોં ! (મેં પૂછ્યું), 'ધીરૂભાઈ' ને પૂછ્યું નહિ ? (તો એણે કહ્યું) કે 'ધીરૂભાઈ' એ મને કહ્યું કે પણ તું નહિ સમજે હમણાં. 'ધીરૂભાઈ'ની વાત સાચી. 'ધીરૂભાઈ' ડાહ્યો માણસ છે ને એને અભ્યાસ છે ને. આહા..હા...! એને કહ્યું, ભાઈ! આમ છે, બાપુ! હોં ! માર્ગ આવો છે. આવ્યો હતો, વ્હોરાવીને અહીં આવ્યો હતો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ને ? કીધું, આવો માર્ગ છે, એકદમ બેસે એવું નથી. થવાનું હશે તે થશે, એટલે શું ? એને જાણ્યું કોણે? થવાનું એ થશે એનું જ્ઞાન કર્યું હોય ત્યારે થવાનું હોય એ થશે. ત્યારે થવાનું હશે એ થશે શેમાં ? - કે દ્રવ્યમાં. તો દ્રવ્યનું જ્ઞાન કર્યું હોય તો થવાનું હોય એ થશે તેનો જાણનાર રહે. તે વિના જ્ઞાન થયું ક્યાંથી ? થવાનું હશે એ થવાનું જ્ઞાન ક્યાંથી થયું ? આહાહા..! સમજાણું કાંઈ ? જુઓ ! વીતરાગનો માર્ગ દુનિયા સાથે કાંઈ મેળ ખાય એવો નથી. સમજાણું કાંઈ ? વસ્તુની સ્વરૂપની સ્થિતિ જ એવી છે.

કહે છે કે ભગવાનઆત્મા ધ્રુવ સ્વરૂપ જે ચિદાનંદ અનાદિ અનંત ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... જેમાં અનંતા પરમેશ્વરના પરમેશ્વરના પર્યાયના પિંડપણે ધ્રુવપણું પડ્યું છે. આહાહા..! જેનું ધ્રુવનું જ્ઞાન એ પર્યાયથી પણ અધિક છે અને આખી દુનિયાથી અધિક નામ જુદું છે. સમજાય છે કે નહિ ? '...' બધી ચીજથી જુદો, જ્ઞાન સ્વભાવે અધિક. અધિક એટલે પરથી જુદો એમ જાણ. '...' જ્ઞાન ભગવાનઆત્મા જાણનાર પ્રજ્ઞાબ્રહ્મ ચૈતન્યબિંબ એ રાગ ને પરથી તદ્દન અધિક નામ તદ્દન જુદો છે.

એવું અંતર જ્ઞાન કરે તેને સમ્યગ્દર્શન ધર્મની પહેલી શરૂઆત થાય. પછી એને ચારિત્ર હોય, સ્વરૂપમાં ઠરે ત્યારે ચારિત્ર. એ વ્રત-બ્રતના વિકલ્પ આવે એ ચારિત્ર-ફારિત્ર નથી. ચારિત્ર એટલે ચરવું, ચરવું તે સ્વરૂપ હોય એમાં ચરે કે રાગમાં ચરે ? સમજાય છે કાંઈ ? આહાહા..! એ હંસલા મોતીને ચરે ! એ હંસલા દાણાને ન ખાય ! સમજાણું કાંઈ ? માન સરોવરના હંસલા મોતી ખાય, ભૂખ્યા રહે પણ જુવાર ખાય નહિ. આહા..હા..! એમ ભગવાનઆત્મા તો શુદ્ધ જ્ઞાન ને આનંદના ચારાનો ચરનારો આત્મા છે. એ રાગને ચરે ને રાગને ખાય એ આત્મા નહિ. એ હંસલો નહિ, એ હંસલો નહિ. સમજાય છે કાંઈ ? ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ એ આનંદના ચારાના ચરે એટલે રમે એનું નામ ચારિત્ર (છે). (આત્મા) આનંદનો ચારો ખાય, રાગના ખડ ખાય ? આહા..હા...!

કહે છે, **'ધ્રૌવ્ય છે તેનું (–તે સ્વરૂપનું) તે રીતે ધ્રૌવ્ય એક જ લક્ષણ છે. તેથી વસ્તુના...'** હવે આખી વસ્તુ લીધી. **'ઊપજતા, નષ્ટ થતા અને ધ્રુવ રહેતા સ્વરૂપોમાંના પ્રત્યેકને ત્રિલક્ષણનો અભાવ હોવાથી...'** આખા દ્રવ્યની અપેક્ષાએ ત્રણ લક્ષણ છે. એ આખી ચીજને લઈને ત્રણ લક્ષણ છે પણ પ્રત્યેકને એક એકને ત્રણ લક્ષણનો અભાવ છે. આહા..હા..! અસ્તિ ને નાસ્તિ ! અનેકાંત ! આ વીતરાગનું અનેકાંત જુઓ ! આહાહા..! આ (અજ્ઞાની) તો ખીચડો (કરે), આમ પણ થાય ને આમ પણ થાય. નિમિત્તથી થાય ને ઉપાદાનથી થાય, રાગથી ધર્મ થાય ને વીતરાગ પર્યાયથી ધર્મ થાય. અરે..! એ તો ખીચડો–મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ ?

કહે છે કે **'ધ્રુવ રહેતા સ્વરૂપોમાંના પ્રત્યેકને ત્રિલક્ષણનો અભાવ હોવાથી ત્રિલક્ષણા(સત્તા)ને...'** ત્રિલક્ષણાસત્તાને. એક એક આત્મા, એક એક પરમાણુ એના ત્રણ લક્ષણ હોવાપણાને, **'ત્રિલક્ષણાને અત્રિલક્ષણપણું છે...'** મહાસત્તાની અપેક્ષાએ ત્રણ અને પેટા ભેદની અપેક્ષાએ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક લક્ષણપણું છે એટલે ત્રણ લક્ષણપણું એમાં નથી. સમજાણું કાંઈ ? ધ્રુવમાં કાંઈ ત્રણે લક્ષણ આવી જાય ? ઉત્પાદમાં ત્રણે આવી જાય ? વ્યયમાં ત્રણે આવી જાય ? આખા દ્રવ્યની અપેક્ષાએ ત્રણ થયા. એક એકમાં ત્રણ ન આવે માટે એક મહાસત્તામાં ત્રણ છે ત્યારે એક એકમાં અવાંતરસત્તાનો એમાં અભાવ છે. ભારે ભાઈ ઝીણું.

આ તો વીતરાગ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ભગવાન આ 'મહાવીર મહાવીર' તો બહુ કરે છે બધાય. મહાવીરની દેશના, મહાવીરની દેશના... આવે છે ને 'વર્ધમાન' દેશનું ? 'હેમચંદ્રાચાર્ય' નું. માર્યા (છે), અંદર ગપ્પા માર્યા છે. મહાવીરની દેશના આવે છે એક પુસ્તક 'હેમચંદ્રાચાર્ય' નું. કાંઈ ઠેકાણા ન મળે. માણસને ખબર ન મળે ને કહેનાર જરીક ક્ષયોપશમની દશા વિશેષ દેખે.... આચાર્ય હોય એટલે લાગે કે... આહા..હા..! શું રોચક જ્ઞાન એનું ! શું રોચક કથન ! મિથ્યાત્વનું રોચક છે. આહાહા..! સમજાણું કાંઈ ?

કહે છે કે **'અત્રિલક્ષણપણું છે (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા...'** એટલે મહાસત્તા અને અવાંતર સત્તા આ બધું થઈને જે સત્તા એવી જે **'મહાસત્તારૂપ હોવાથી 'ત્રિલક્ષણા' છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી...'** તે મહાસત્તા તે પણ એક સત્તારૂપે છે. ત્રણ પણ એકપણે છે. **'અવાન્તર પણ હોવાથી 'અત્રિલક્ષણા' પણ છે).'** ઓહોહો..! સમજાણું ? સમજાય છે ? એના પેટા ભેદમાં પણ છે ને અવાન્તર સત્તા ? કહે છે. મહાસત્તા છે એના પેટા ભેદ અવાન્તર સત્તા, એ જ પોતે અવાન્તર સત્તા છે એમ કહે છે. બે બોલ થયા ને ? ત્રીજો, ત્રીજો આવ્યો ને ?

**'(૩) એક વસ્તુની સ્વરૂપસત્તા અન્ય વસ્તુની સ્વરૂપસત્તા નથી...'** એક એક આત્માની, એક એક પરમાણુની જે સ્વરૂપસત્તા છે એ અન્યવસ્તુની સ્વરૂપસત્તા નથી. **'તેથી તે એક (સત્તા)ને અનેકપણું છે...'** જે એક આમ કહ્યું છે બધું થઈને એક છે, બધું થઈને એક છે એમ કીધું હતું પણ એમાં એક એક સ્વરૂપની સત્તા એ બીજા સ્વરૂપસત્તાપણે નથી તેથી તે એક કીધી હતી તે જ અનેક છે. સમજાણું કાંઈ ? વેદાંત કહે છે એમ નથી, હોં ! બધું થઈને આત્મા એક છે એમ નથી. આહા..હા..! એ તો વસ્તુ એક જ કહે છે. આ તો હોવાપણાની અપેક્ષાએ બધું એક છે. એની અપેક્ષાએ એક એક સ્વરૂપની સત્તા ભિન્ન ભિન્ન છે. માટે મહાસત્તાપણે એક છે એ જ અવાન્તરસત્તા પણે અનેક છે. સમજાણું કાંઈ ? આવું તો ભણવામાં પણ આકરું નહિ આવતું હોય, નહિ ? ભણવામાં શું આવે ?

આ તો ભગવાન થવાનો માર્ગ છે ! પરમેશ્વર થવાનો માર્ગ છે ! પોતે પરમેશ્વર સ્વરૂપ જ છે. મહા ચૈતન્યપ્રભુ છે, એ ભાષા એમ બોલે પણ એ કઈ રીતે છે ? સમજ્યા ને ? ... એને બોલે ચૈતન્ય મહાપ્રભુ.... મહાપ્રભુ અહીં બેસતા. બેસે ક્યાં મહાપ્રભુ ? મહાપ્રભુ તો મહાપ્રભુમાં છે. સમજાણું ? આહા..હા...! ન્યાં ધૂળેય નથી, સાંભળને ! મહાપ્રભુ તો અહીં અંદરમાં છે. બહારમાં ક્યાં હતો ? ને બીજો મહા પરમેશ્વર ત્રિલોકનાથ એ સમવસરણમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બેઠા હોય તો એમાં તને શું ? તારે શું ? તારું હોવાપણું એને લઈને છે ? અને એનું હોવાપણું તારે લઈને છે ? તારા શ્રદ્ધાના જ્ઞાનની પર્યાયની ઉત્પત્તિ એ છે તો છે ? આહા..હા..! સમજાણું કાંઈ ? લ્યો! બહુ વેદના એ સમ્યગ્દર્શનનું કારણ, ભગવાનના દર્શન એ સમ્યગ્દર્શનનું કારણ, દેવની મહાઋદ્ધિ દેખે તો... હવે સાંભળ ને એ તો નિમિત્તનું (કથન) છે, નિમિત્ત કોણ હતું એનું કથન છે. એ... 'ભીખાભાઈ' ! આમાં ચર્ચા કોની સાથે કરવી ? એમ નહિ, કોની સાથે આમાં મેળ શી રીતે ખાય ? આખો ઉગમણો, આથમણો ફેર છે.

એ.... ક્રિયાકાંડને ઉથાપે છે. ભાઈ ! મોટું પુસ્તક બનાવ્યું છે ને ? 'ચંદ્રશેખર'. 'પ્રેમવિજય' ના શિષ્ય. એના ગુરુનું પુસ્તક બનાવ્યું. ક્રિયાનો નાશ કરે છે, લાખ વાર નાશ કરે છે, સાંભળને. ક્રિયાકાંડનો વિકલ્પ છે તે વિકાર છે અને વિકાર એ આત્મા નથી ને આત્માનું અસ્તિત્વ એમાં નથી. સમજ્યા ? આસ્રવ તત્ત્વમાં આત્માનું અસ્તિત્વ છે ? આહાહા..! જુઓ ! 'ચંદ્રશેખર' આમ લખે છે માટે આપણે દેરાવાસીએ વાંચવા જેવું છે આ, વાંચો. અરે..! ભગવાન ! તને ખબર નથી, બાપુ ! તારી સંપદા ને તારી ઋદ્ધિ કેવડી મોટી છે એની તને ખબર નથી. મહાપ્રભુ ચૈતન્ય ભગવાન એ રાગની ક્રિયાકાંડે પ્રાપ્ત થાય એ પામરની .. સમજાય છે ? શું કહેવાય ? તમારી ભાષા ભુલી જવાય છે. કોઈની સફારશ.. સફારશ. સફારશ. અહીં રાગની લાગવગ કામ ન આવે કહે છે. એ..ઇ..! 'જયંતિભાઈ' ! વિકલ્પ તો આંધળો છે. એ વ્યવહાર જેટલો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ છે એ તો આંધળો છે, જડ છે, અચેતન છે, એ આત્માનું સ્વરૂપ નથી. અચેતન એટલે એમાં ચૈતન્યનો કણ નથી. આહા..હા..! ભારે આકરું કામ. એ તો અચેતન કહ્યો છે ભગવાને એને તો, રાગના ભાગને અચેતન કહ્યો છે. દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ ઊઠે છે એ અચેતન છે. એમાં ચૈતન્ય ભગવાન જ્ઞાનનો પુંજ પ્રભુ એનો કણ એમાં ક્યાં રાગમાં છે ? એ રાગ તો આંધળો છે. આંધળાથી જાગે ? કોઈ આંધળો કરી શકતો નથી ધૂળેય તે. એ... 'ભીખાભાઈ' ! આહાહા..!

કહે છે, વસ્તુની એક એક સત્તા અવાન્તરથી બીજી રૂપની સત્તાપણે નથી. 'છે' અપેક્ષાએ બધાને એક તરીકે કીધી પણ એકમાં અનેક થઈને એક છે ને ? અનેક થઈને એક છે ને ? અનેક અપેક્ષાએ અવાન્તર સત્તા એકની અપેક્ષાએ નાસ્તિ અને અનેકની અપેક્ષાએ એકપણું પણ નાસ્તિ.

**'(અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી 'એક' છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી 'અનેક' પણ છે).'** લ્યો ! ઓ..હો..હો..! ઘણું સમાડ્યું છે, હોં ! થોડી ભાષામાં. આ વાંચે તો કાંઈ સમજાય નહિ, ઘણા વાંચી જાય. હવે અધ્યાત્મની વાત ચાલી છે ને બહાર ? વાંચો આપણે. (પછી) કાઢે, એની દૃષ્ટિ હોય એવું કાઢ્યા કરે. આહા..હા..! ભગવાન મહાવીરે દીક્ષા લીધી ત્યારે ઇન્દ્રે વસ્ત્ર આપ્યું. અરે..! ભગવાનને વસ્ત્ર ન હોય. મુનિને વસ્ત્ર ન હોય, ભગવાનને કોણ આપે ? એ તો કલ્પીત ઉઠાવેલી ખોટી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાત છે. મુનિ નગ્ન દિગંબર હોય એને વસ્ત્રનો તાણો ન હોય શકે. એવું મુનિપણું હોય એને અંતરમાં ત્રણ કષાયનો અભાવ હોય. સમજાય છે ?

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– દેવા પડ્યા. અમારી દીક્ષામાં ગાયું હતું, ભરત વૈરાગી. 'દેવે દીધા ઓઘા મોહપત્તિ, જૈન શાસનના રાજી ભરતેશ્વર, ભયો રે ભૂપત વૈરાગી' અમારી દીક્ષા થઈ હતી ને. ૫૬ વર્ષ થયા, ૫૬ વર્ષ થશે. ઉતારામાં ગાયું હતું. માગશર સુદ ૯ ની દીક્ષા હતી અને માણસો બહુ આવેલું. દીક્ષા થઈ પછી ગાયું, 'ભરતેશ્વર ભુપત ભયો રે વૈરાગી...' પછી ગાયુ આ અંદર. કેવળજ્ઞાન થયું પણ જ્યાં સુધી ઓઘો અને મુહપત્તી ન આપ્યા ત્યા સુધી કોઈ વંદન ન કરે. આવી વાતું કાળા કેર છે ને ! એ..ઇ...! 'છગનભાઈ' ! સાંભળ્યું છે કે નહિ ?

એમ ભગવાને દીક્ષા લીધી ત્યારે ઇન્દ્રો વસ્ત્ર આપ્યું હતું. શું કરવા આપ્યું ? ખંભે રાખવા. પણ આ કઈ જાતનો ન્યાય ? ઓઢવા માટે નહિ ને ખંભે રાખ્યું. ઇ ગપ જ માર્યો છે ને તદ્દન ! અને પછી પાછો એક બ્રાહ્મણ આવ્યો તો તેને અડધુ ફાડીને આપ્યું. એ કરુણા કરી એણે. કાળા કેર કરે છે. વીતરાગને બીજાને દેવાનો ભાવ !! સમજાણું કાંઈ ? એને વસ્તુના ગુણના અસ્તિત્વની ખબર નથી. મુનિ વીતરાગ દશા જ્યાં પ્રગટી એને વસ્ત્રનો કટકો કેવો ? અને એ વસ્ત્ર રાખે ને બીજાને આપે. અરે..! તદ્દન વિપરીત માન્યતાના લક્ષણ છે બધા. આહાહા..! 'જેઠાભાઈ' !

હવે કહે છે, '**સર્વપદાર્થસ્થિત...**' છે ને ? સર્વપદાર્થસ્થિત, એકપદાર્થસ્થિત. '**(૪) પ્રતિનિશ્ચિત (-વ્યક્તિગત નિશ્ચિત) પદાર્થમાં સ્થિત સત્તાઓ વડે જ પદાર્થોનું પ્રતિનિશ્ચિતપણું (-ભિન્નભિન્ન નિશ્ચિત વ્યક્તિત્વ) હોય છે...**' દરેક વસ્તુ પોતપોતાની સત્તામાં હોવાથી અનેકપણે દરેકનું ભિન્ન ભિન્નપણું (છે). '**તેથી સર્વપદાર્થસ્થિત(સત્તા) (બધા પદાર્થમાં રહેલું હોવાપણું) એકપદાર્થસ્થિતપણું છે...**' સમજાય છે? એકપદાર્થસ્થિતપણું છે. મહાસત્તા તે એક એકની અપેક્ષાએ એક પદાર્થ સિદ્ધ છે. ઓ..હો..હો..! વીતરાગતા કોને કહેવી ? મુનિપણું કોને કહેવું ? આમ સાંજ-સવાર પડિકમણામાં બોલે. કુસાધુને સાધુ નહિ, અસંજમમ પરિણામી,... કર્યું છે ને ? 'ભગવાનભાઈ' ! એ બધા ઘડીયા બહુ કર્યા હતા અમે ત્યાં. અબહુમ પરિણામી, અતપમ્ પરિણામી, અકલ્પને છોડી દઉં છું, કલ્પને અંગીકાર છું. શ્વેતાંબરના સાધુને હોય, શ્વેતાંબરના સાધુને હોય છે અને શ્રાવકને. સ્થાનકવાસીમાં બેયને હોય. ... અજ્ઞાનને છોડું છું, પણ જ્ઞાન કોને કહેવું ને અજ્ઞાન કોને કહેવું એનું ભાન ન મળે. જ્ઞાન છોડી દીધું છે. મિથ્યાત્વને છોડ્યું છે. પણ મિથ્યાત્વ કહેવું કોને એ ખબર ન મળે. શું છોડે ? ધૂળ. સાંજ-સવાર જૂઠા બોલે. ભગવાનની સાક્ષીએ જુઠા બોલે.

અહીં કહે છે, બધા પદાર્થમાં પણ એક એક પદાર્થ ભિન્ન ભિન્ન સ્થિત છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સર્વપદાર્થસ્થિતની અપેક્ષાએ એ જ વસ્તુ એક એક છે તે અવાન્તર સત્તાપણે તે છે. મહાસત્તા મહા વિશ્વરૂપ છે બધું એ એકરૂપ છે, એકની અપેક્ષાએ. જે બધા રૂપે છે એ એકરૂપ પણ છે. **'(અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી 'સર્વપદાર્થસ્થિત' છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી 'એકપદાર્થસ્થિત' પણ છે.)'** સમજાણું કાંઈ ? લ્યો ! એ ચાર બોલ થયા.

**'(૫) પ્રતિનિશ્ચિત એક એક રૂપવાળી સત્તાઓ વડે જ વસ્તુઓનું પ્રતિનિશ્ચિત એક એક રૂપ હોય છે...'** સમજાણું ? આ રૂપ આવ્યું. વિશ્વરૂપ, વિશ્વરૂપ એટલે બધું રૂપ. બધું થઈને બધું. એમાં એક એક રૂપ એ એકરૂપ છે. વિશ્વરૂપની અપેક્ષાએ એકરૂપ અસત્તા છે અને એક સત્તાની અપેક્ષાએ વિશ્વરૂપ અસત્તા છે. **'(અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા...'** સામાન્ય એટલે મહાસત્તા વિશેષ (એટલે) અવાન્તર સત્તા. બધું થઈને સત્તા એવી **'મહાસત્તારૂપ હોવાથી સવિશ્વરૂપ છે...'** બધું, સમસ્તરૂપ. વિશ્વ એટલે સમસ્ત, સમસ્તરૂપ છે.

**'(તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી એકરૂપ પણ છે).'** મહાસત્તાના પેટાભેદમાં એક એક દ્રવ્ય છે એ એકરૂપ પણ છે. એક આ જુદું અને એકરૂપ જુદું. એક આ તે મહાસત્તાને લાગુ પડે અને એકરૂપ અવાન્તર સત્તાને લાગુ પડે. સમજાણું કાંઈ ? થોડું થોડું વાંચીને વિચારવું જોઈએ. સમજાણું ? આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. વસ્તુની સ્થિતિને બતાવનારા છે. છે, છે એમ તો કહે છે પણ છે એ કઈ રીતે છે એમ જે જેમ છે તેમ ન સમજે અને ન માને તો એની વિપરીત દૃષ્ટિ જાય નહિ.

હવે **'(૬) પ્રત્યેક પર્યાયમાં રહેલી (વ્યક્તિગત ભિન્નભિન્ન) સત્તાઓ વડે જ પ્રતિનિશ્ચિત એક એક પર્યાયોનું અનંતપણું થાય છે...'** આહાહા...! એક દ્રવ્ય છે આત્મા, એની અનંતી પર્યાય છે. એ અનંતી પર્યાય મહાસત્તા. એ...ઇ..! એક ભગવાનઆત્મા, એના અનંતા ગુણો. એક દ્રવ્ય છે મહાસત્તા, તે ગુણના પેટા ભેદની અપેક્ષાએ અવાન્તર સત્તા. હવે ગુણની એક સમયની અનંતા ગુણની અનંતી પર્યાય દરેક જીવમાં છે. હવે એ અનંતી પર્યાય એક સમયની તેને મહાસત્તા કરી ત્યારે એનો એક એક પર્યાયને અવાન્તર સત્તા કહી. સમજાણું કાંઈ ?

આત્મામાં અનંતી પર્યાય છે. એ અનંતી પર્યાય એક સાથે અનંત ગુણની છે તે અપેક્ષાએ મહા હોવાપણે છે. એનો એક એક જ્ઞાનનો પર્યાય, એક જ્ઞાનનો પર્યાય અવાન્તર સત્તા છે. એટલી એક સમયની પર્યાય, અનંતા પરમેશ્વરને જાણે એવી એક પર્યાય (છે). છતાં એ અવાન્તર પેટા ભેદ છે. મહાસત્તાની અપેક્ષાએ એક સમયનો પર્યાય ધ્રુવને જાણે, ગુણને જાણે, પરમેશ્વરને જાણે, ત્રણકાળને જાણે, ત્રણલોકને જાણે. છતાં અનંતી પર્યાયો જે અનંત ગુણની છે એમાંની એક સમયની પર્યાય છે અવાન્તર પેટા ભેદ ભિન્ન છે. એ અવાન્તર સત્તા છે તો અનંતી પર્યાય છે એમ નથી. અનંતી પર્યાય છે તો એક અવાન્તર પર્યાયની સત્તા છે એમ નથી. ભારે આવું... સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરમાણુમાં એક સમયમાં અનંતા ગુણોની અનંતી પર્યાય મહાસત્તા. પછી એક ગુણની લીલી પર્યાય છે, બે ગુણ, ચાર ગુણ એ અવાન્તર સત્તા છે. તો કહે છે, બીજી અનંત પર્યાયો છે માટે આ લીલી પર્યાય છે એમ નથી. લીલી પર્યાય અવાન્તર છે માટે બધી પર્યાયો છે એમ નહિ. ઓ..હો..હો..!

જ્ઞાનની એક પર્યાય અવાન્તર સત્તારૂપે, બીજી શ્રદ્ધાની એક પર્યાય અવાન્તર સત્તારૂપે, ત્રીજી આનંદની પર્યાય અવાન્તર સત્તારૂપે એવી એવી અનંતી પર્યાયો ! એકમાં આટલું સામર્થ્ય છે એવું જ એક બીજી પર્યાયમાં શ્રદ્ધામાં પણ એટલું સામર્થ્ય છે ! સમજાણું કાંઈ ?

જ્ઞાનમાં એક સમયમાં અનંતા પરમેશ્વરને જાણવાનું સામર્થ્ય છે એ સ્વતંત્ર અવાંતરસત્તા છે અને બીજી શ્રદ્ધા પર્યાયમાં પણ આટલા બધા આત્માને અને પૂર્ણ આત્માને શ્રદ્ધે એવી સામર્થ્યતા એ આ જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે માટે શ્રદ્ધાની પર્યાયનું સામર્થ્ય છે એમ નથી. સમજાણું કાંઈ ? જુના માણસને બહુ ઝીણું લાગે. પેલું તો એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેઇન્દ્રિય .... જાઓ ! થઈ રહ્યું. ... અપ્પાણં કરીને આત્માને ઓસરાવી દીધો. કાંઈ ભાન ન મળે. શું છે અપ્પાણં અને શું છે તસ્સૂતરી... કાંઈ મળે નહિ. એમ ને એમ ચાલે જાય.

અહીં કહે છે, ભગવાનઆત્મામાં અનંત ગુણની અનંતી પર્યાય છે. અનંતી છે તે સામાન્ય છે. એક એક પર્યાય છે એ સ્વતંત્ર છે. બધું છે માટે એક છે એમ નથી. અને એક જ્ઞાનની, શ્રદ્ધાની આવડી પર્યાય છે, આટલા મોટા દ્રવ્યને, ગુણને, ત્રણકાળના પરમેશ્વરને શ્રદ્ધે એવી એક સમયની પર્યાય (છે) માટે જ્ઞાનની પર્યાયનું જ્ઞાનપણું છે એમ નથી. ચારિત્રની પર્યાય એવડી મોટી એક સમયની છે કે આ પૂર્ણ દ્રવ્ય ને પૂર્ણ ગુણમાં એકાગ્ર થઈને સ્થિરતા (થઈ) એટલું સામર્થ્ય છે એનું, સ્થિરતાનું એટલું સામર્થ્ય છે છતાં એ સામર્થ્ય શ્રદ્ધાની પર્યાય ને જ્ઞાનની પર્યાયને લઈને નથી. સમજાણું કાંઈ ? આહા..હા..!

'**(૬) પ્રત્યેક પર્યાયમાં રહેલી (વ્યક્તિગત ભિન્નભિન્ન) સત્તાઓ વડે જ પ્રતિનિશ્ચિત એક એક પર્યાયોનું અનંતપણું થાય છે...**' એક એક ... થાય છે એમ કહે છે. '**તેથી અનંતપર્યાયમય(સત્તા)ને એકપર્યાયમયપણું છે (માટે અનંતને એકપણું છે) (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી 'અનંતપર્યાયમય' છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી 'એકપર્યાયમય' પણ છે).**' આ રીતે અવાન્તર પર્યાય સત્તા તે મહાસત્તા નથી, મહાસત્તા તે એક સમયની પર્યાયપણે નથી. એવું અસ્તિ-નાસ્તિનું અનેકાન્તપણું વસ્તુના સ્વભાવમાં બિરાજમાન છે. આવું જે સમજણ સમજે એને સમ્યગ્દર્શન ને જ્ઞાન થયા વિના રહે નહિ. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્રી નિયમસાર, ગાથા–૨૫ થી ૨૭, પ્રવચન નં. ૫
## તા. ૩૧-૦૩-૧૯૭૧
## [૧૫]

'નિયમસાર'. 'અજીવ અધિકાર'. કારણપરમાણુ અને કાર્યપરમાણુ, જઘન્યપરમાણુ અને ઉત્કૃષ્ટપરમાણુ એમ ચાર વર્ણન કર્યું. કારણપરમાણુ એ કે જે સ્કંધ છે એનું કારણ છે માટે એને કારણપરમાણુ (કહ્યું). એ જ કારણપરમાણુને બે લાગુ પડે. એમ છે ને પાઠમાં ? તે જ પરમાણુ એમ. જે પરમાણુ છે રજકણ પોઈન્ટ એવો એક વસ્તુનો સ્વભાવ. ભલે નાનો છે પણ દ્રવ્ય છે. સ્વભાવને કોઈ ક્ષેત્રની, મોટપની જરૂર નથી. એક પરમાણુનો આવો સ્વભાવ કે જે સ્કંધનું કારણ થાય એ જ પરમાણુમાં એક ગુણ આદિ ચીકાશ હોય તો બંધને અયોગ્ય છે. એ જ પરમાણુને જઘન્યપરમાણુ કહેવામાં આવે છે. એક, બે, ત્રણ આદિ હોય, બે, ત્રણ, ચાર આદિ બે ને બે ચાર કે ત્રણ ને બે પાંચ એ આદિ હોય તો એને બંધને યોગ્યને કારણે ઉત્કૃષ્ટ કહેવામાં આવે છે, એના એ પરમાણુને. જુઓ ! એક આ વસ્તુનો જડનો સ્વતઃ સ્વભાવ ! એને તો કાંઈ ખબર પણ નથી. ખબર તો આત્માને છે કે આમ આમાં થાય છે. એવો પરમાણુ, સ્કંધનો છેલ્લો ટૂકડો, ટૂકડા કરતાં કરતાં બાકી રહી જાય એને કાર્યપરમાણુ કહે છે. આ ચાર પ્રકાર થયા. છે તમારે ત્યાં એમાં ? નથી ?

હવે 'પ્રવચનસાર'માં ૧૬૫-૬૬ની ગાથા દ્વારા 'કુંદકુંદાચાર્ય' કહે છે

**णिद्धा वा लुक्खा वा अणुपरिणामा समा व विसमा वा।**
**समदो दुराधिगा जदि बज्झंति हि आदिपरिहीणा।।१६५।।**
**णिद्धत्तणेण दुगुणो चदुगुणणिद्धेण बंधमणुभवदि।**
**लुक्खेण वा तिगुणिदो अणु बज्झदि पंचगुणजुत्तो।।१६६।।**

એ બાજુ છે. ૫૬ પાને એનો અર્થ : **'પરમાણુ-પરિણામો...'** પરમાણુ જે એક રજકણ પોઈન્ટ છે એના પરિણામ એટલે પર્યાય. **'સ્નિગ્ધ હો કે રૂક્ષ હો,...'** ચિકાશ હોય કે રૂક્ષ હોય. **'બેકી અંશવાળા હો કે એકી અંશવાળા હો,...'** બે અંશવાળા, ચારવાળા, છવાળા હો કે ત્રણ, પાંચ ને સાતવાળા જે હોય. **'જો સમાન કરતાં બે અધિક અંશવાલા હોય...'** બે ને બે ચાર, ત્રણ ને બે પાંચ, સાત ને બે નવ, આઠ ને બે દસ એમ બે અધિકવાળા હોય,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'તો બંધાય છે;...'** એકમાં બંધાય નહિ. એક અંશ પરમાણુ બંધને યોગ્ય નહિ.

એમ આત્મામાં પણ છેલ્લો અવગુણનો જે છેલ્લો અંશ છે એ એના બંધનું કારણ નહિ. સમજાણું કાંઈ ? ઇ શું કહ્યું ? મોહનો રાગનો છેલ્લો અંશ છે એ પોતે પોતાના બંધનું કારણ નહિ, બીજાના બંધનું કારણ થાય. રાગનો અંશ રાગને બાંધે એમ નહિ. સમજાણું કાંઈ ? 'જેઠાભાઈ' ! અહીં જેમ પરમાણુમાં એક ચીકાશ કે એક લુખાશની પર્યાય છે તે બંધને લાયક છે નહિ. એમ આત્મામાં પણ જે ક્રોધ, માન, માયા, દર્શનમોહ, સમકિતમોહ પણ એનો છેલ્લો અંશ છે, લ્યોને, દર્શનમાં. તે સમકિતમોહનો અંશ પણ દર્શનમોહને ન બાંધે. છેલ્લો અંશ છે ને ! એમ રાગાદિનો છેલ્લો અંશ છે એ એના રાગાદિને ન બાંધે. એ રાગનો અંશ છ કર્મનું બંધન ભલે થાય. એવો જ વસ્તુનો સ્વપર સ્વભાવ છે. આહા..! ઇ ગાથા કીધી.

બીજી ગાથા. **'સ્નિગ્ધપણે બે અંશવાળો પરમાણુ ચાર અંશવાળા સ્નિગ્ધ (અથવા રૂક્ષ) પરમાણુ સાથે બંધ અનુભવે છે;...'** જોયું ? 'અનુભવે' શબ્દ છે. એને અનુભવવું છે ક્યાં ? પણ થાય, અનુસરીને થાય. સમજાણું ? **'અથવા રૂક્ષપણે ત્રણ અંશવાળો પરમાણુ...'** એ તો દાખલા આપ્યા છે, હોં ! રૂક્ષ ત્રણવાળો ને એ તો ચિકાશની ત્રણવાળો, પાંચવાળો હોય તો બંધ બને પાંચ. **'પરમાણુ પાંચ અંશવાળા સાથે જોડાય થકો બંધાય છે.'** શું કહ્યું ? 'પંડિતજી' ! ત્રણ રૂક્ષવાળો પાંચ રૂક્ષવાળા સાથે બંધાય એ તો દૃષ્ટાંત (થયું) પણ ત્રણ ચિકાશવાળો પણ પાંચ ચિકાશવાળા સહિત બંધાય. બે ને બે ચારવાળુ, ત્રણ ને બે પાંચવાળુ એમ રૂક્ષ કે ચિકાશ ગમે તે હોય એ પ્રમાણે બંધાય. એક ન બંધાય. એકડે એક, બગડે બે. એક અંશવાળો બંધાય નહિ, બે અધિક અંશવાળો બંધાય. જુઓ ! પુદ્‌ગલનો પણ એવો સ્વભાવ ! એક ન બંધાય.

**'હવે (૨૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોકદ્વારા પુદ્‌ગલની ઉપેક્ષા કરી શુદ્ધ આત્માની ભાવના કરે છે) :–'**

**स्कन्धैस्तैः षट्प्रकारैः किं चतुर्भिरणुभिर्मम।**
**आत्मानमक्षयं शुद्धं भावयामि मुहुर्मुहुः।।३९।।**

**'તે છ પ્રકારના સ્કંધો કે ચાર પ્રકારના અણુઓ સાથે મારે શું છે ?'** ઇ જ પર છે હું તો એનો જાણનાર છું. તે પણ મારામાં રહીને મારાથી જાણનાર (છું). આહા..! **'હું તો અક્ષય શુદ્ધ આત્માને ફરી ફરીને ભાવું છું.'** મને આનંદનું પ્રયોજન છે તો મારો આનંદ આત્મા મારો સચ્ચિદાનંદ છે. એ આનંદના અક્ષય સુખ, અક્ષય શુદ્ધ આત્મા, એને હું ફરી ફરીને ભાવું છું. મારું આનંદનું પ્રયોજન છે તો આનંદ તો મારી પાસે છે એવા અક્ષય–ક્ષય ન થાય એવો શુદ્ધ આત્મા, દ્રવ્ય સ્વભાવ પરિપૂર્ણ, એને હું ભાવુ છું. ભાવુ છું અર્થ શેમાં થયો ? ફરી ફરીને ભાવુ છું એવો પાઠ છે. લ્યો ! **'भावयामि'** ચિંતયામિ એ વિકલ્પ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે ? એકાગ્રતાની વાત છે.

શુદ્ધાત્મા અક્ષય ત્રિકાળ ધ્રુવ સ્વરૂપ એવો ભગવાનઆત્મા એની અંદર એકાગ્રતા હું કરું છું ! મારે તો એ કામ છે. પરમાણુના પ્રકાર ચાર હો તો હો મારે એની સાથે પ્રયોજન નથી. આહા..! મારો ભગવાન અનંત આનંદ ને અનંત સ્વચ્છતા, શાંતિ, સ્થિરતા વગેરે શક્તિઓથી અક્ષય શુદ્ધ આત્મા છે. એવા આત્માને હું અંતર્મુખ થઈને ફરી ફરીને ભાવું છું, વારંવાર એમાં એકાગ્રતા કરું છું. આ કરવાનું છે. આહા..! જુઓ ! સરવાળો આ કર્યો. અજીવ જાણવા યોગ્ય છે પણ જાણીને એના ઉપર (એનું) લક્ષ છોડીને સ્વરૂપનું ધ્યાન, સ્વરૂપની ભાવના કરવાની છે. સમજાણું કાંઈ ? ૨૬. પરમાણુનું વિશેષ કથન.

**अत्तादि अत्तमज्झं अत्तंतं णेव इंदियग्गेज्झं।**
**अविभागी जं दव्वं परमाणू तं वियाणाहि।।२६।।**

**જે આદિ-મધ્યે અંતમાં પોતે જ છે, અવિભાગી છે,**
**જે ઈંદ્રિથી નહિ ગ્રાહ્ય છે, પરમાણુ જાણો તેહને. ૨૬.**

આહા..હા..! એ પરમાણુમાં પણ નાનું ક્ષેત્ર અંગુલના અસંખ્યમાં ભાગનું (હોય) છતાં જીવના ગુણની જેટલી સંખ્યા છે એટલા ગુણ એમાં છે. જીવમાં જેટલા ગુણની સંખ્યા છે એટલા જ ગુણની સંખ્યા ભલે ચૈતન્ય ન હોય એમાં પણ જડની પર્યાય ગુણની સંખ્યા એટલી જ અનંતી છે એમાં. શું કહ્યું ? બે વાર કહ્યું તોપણ... નામ કહેતા હશે. એક આત્મામાં જેટલા ગુણ છે એટલા જ ગુણ પરમાણુના જડના છે. એ નહિ પણ એટલા. શું કહ્યું? એક આત્મામાં જેટલા ગુણની સંખ્યા (છે), અનંતા ગુણ (છે) એટલા જ ગુણો એક પરમાણુમાં (છે), એવા નહિ પણ એટલા. સંખ્યાએ એટલા છે. શું કહ્યું ? 'પંડિતજી' !

સંખ્યાએ એટલા. એ ગુણ નહિ. આત્મામાં તો જ્ઞાન આનંદ આદિ છે. સમજાય છે કાંઈ ? આહા..! આ તો અસંખ્ય પ્રદેશી (છે), પેલો એક પ્રદેશી (છે). વસ્તુ સ્વભાવ છે એ વસ્તુ સ્વભાવ છે. એમ મહાત્મ્ય આવતા આ તારો સ્વભાવ, તારો સ્વભાવ છે અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે. એના સ્વભાવની ગુણની પહોળાઈ અસંખ્ય પ્રદેશી છે. પેલા પરમાણુના ગુણની એક પ્રદેશી પહોળાઈ છે. તારા ગુણની અસંખ્ય પ્રદેશી પહોળાઈ છે. એવા અંતર સ્વભાવ અનંત જ્ઞાન, દર્શન, આનંદ પડ્યો છે એનો આશ્રય કર, એની ભાવના કર. બસ ! કરવાનું આ છે. કરી કરીને ભણી, ભણીને બધું જાણીને પણ આ કરવાનું છે, સુખી થવું હોય તો.

ટીકા :– '**આ પરમાણુનું વિશેષ કથન છે. જેમ સહજ પરમપારિણામિકભાવની વિવક્ષાનો આશ્રય કરનારા...**' શું કહે છે ? જુઓ ! સહજ સ્વભાવિક પરમપારિણામિકભાવ આત્માનો ત્રિકાળ (સ્વભાવ). એની વિવક્ષાનો આશ્રય કરનારા, એના કથનનો, એના ભાવનો આશ્રય કરનારા સહજ નિશ્ચયનયની અપેક્ષાએ. ભગવાનઆત્મા સ્વભાવિક પરમપારિણામિકભાવની વિવક્ષા કરવી છે જેમાં. જેમાં ઉદયની, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકની નહિ. ત્રિકાળી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાયકભાવ પરમ સ્વભાવભાવ એ જ જેમાં કહેવું છે, એવો સહજ નિશ્ચયનય. સ્વભાવિક નિશ્ચયનય. જુઓ ! એ નિશ્ચયનયની અપેક્ષાએ ભગવાન નિત્ય છે. એ નિત્યથી કોઈ દિ' ચ્યુત થયો નથી. પરમપારિણામિકભાવ સ્વભાવથી કોઈ દિ' ચ્યુત થયો નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'અને અનિત્ય નિગોદથી માંડીને સિદ્ધક્ષેત્ર પર્યંત રહેલા જીવોનું...'** નિગોદથી માંડીને પર્યાય છે ને એ બધી ? તે સિદ્ધ સુધી. **'જીવોનું નિજ સ્વરૂપથી અચ્યુતપણું કહેવામાં આવ્યું,...'** છે. એ નિગોદથી માંડી સિદ્ધની પર્યાય સુધીમાં બધા એના દ્રવ્યો જે પરમ સ્વભાવભાવ છે એનાથી કોઈ દિ' ચ્યુત થયા નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? ફરીને, અમારા 'શેઠી' ને ફરીને ફરીને કહે છે ને ?

જે આ આત્મા નિત્ય વસ્તુ છે. કેવી ? - કે સ્વભાવિક પરમપારિણામિકભાવનો કથન કરવાવાળો જે નય એ નયની અપેક્ષાએ આત્મા ત્રિકાળી નિત્ય... નિત્ય... નિત્ય... ધ્રુવ છે. અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, પ્રભુતા એવી શક્તિઓથી ભરેલું તત્ત્વ સહજ પારિણામિક સ્વભાવે નિત્ય છે. તે આત્મા આ અપેક્ષાથી સહજ પારિણામિકભાવની નિશ્ચયનયની અપેક્ષાએ નિગોદથી માંડીને સિદ્ધ સુધીની જે પર્યાયવાળા છે એ જીવો પણ આવા નિત્ય ત્રિકાળ છે. એ નિત્યથી કોઈ દિ' ચ્યુત થયા નથી. આહા..હા..! વસ્તુના સ્વભાવની કથન કરવાની શૈલી દિગંબર સંતોની ક્યાંય છે નહિ.

શ્રોતા :– અલૌકિક....

પૂજ્ય ગુરુદેવશ્રી :– અલૌકિક વસ્તુ સ્વભાવ વર્ણવે છે. આહા..હા..! એવી વાત સાંભળવા બીજા સંપ્રદાયમાં મળે એવી નથી, એવી આ ચીજ છે. કારણ કે ત્યાં છે નહિ. આ તો હતું એમાંથી આવ્યું છે. સમજાય છે કાંઈ ? શું કહે છે ?

પરમાણુની વ્યાખ્યા કરતા (કહે છે), પરમાણુ જેમ પોતે પોતાથી આદિ, મધ્ય અને અંત છે એમ આત્મા પણ વસ્તુ સ્વભાવે, પરમ સ્વભાવ નિશ્ચયથી, નિશ્ચયનયની અપેક્ષાએ એ પોતે પોતાથી કોઈ દિ' ચ્યુત થયો નથી. પોતે પોતાની આદિમાં, પોતે પોતાના મધ્યમાં, પોતે પોતાના અંતમાં એ વસ્તુ ધ્રુવ છે એ છે, એમ ને એમ. સમજાણું કાંઈ ?

અનિત્ય એવો નિગોદથી માંડીને, પર્યાયની વાત છે ને, સિદ્ધક્ષેત્ર પર્યંત. એ સિદ્ધની પર્યાયમાં પણ પરમ સ્વભાવભાવ જે ધ્રુવ છે એ પર્યાયમાં આવ્યો નથી. એ ધ્રુવપણે ચ્યુત થયો નથી. આહા..હા..! એ ચૈતન્ય મહા હીરો એની કિંમતુ શું !! જેના મુલ્યાંકન કરતાં પોતાની બુદ્ધિમાં મુલ્યવાળો થઈ જાય છે, અમુલ્ય રહેતો નથી, એવી ચીજ આ છે. આહા..હા..!

ભગવાનઆત્મા પરમસહજ, પરમપારિણામિકભાવ, સહજ સ્વભાવિક પરમપારિણામિક જેને કોઈ પર્યાયની, ઉદયની અપેક્ષા નથી. એવો જે સ્વભાવ, એવી સહજ નિશ્ચય. પરમપારિણામિકભાવને કહેવાવાળી એવી સહજ અને નિશ્ચય, એમ. એવો જે આત્મા, જેમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરમાણુની આદિ, અંત ને મધ્યમાં પોતે જ છે, એમ આત્માના પરમપારિણામિકભાવમાં નિત્યતામાં પોતે જ કાયમ છે. એમાંથી કોઈ દિ' ખસ્યો નથી. આહા..હા..! **'નિજ સ્વરૂપથી અચ્યુતપણું કહેવામાં આવ્યું,...'** કઈ નયે ? **'સહજ પરમપારિણામિકભાવની વિવક્ષાનો આશ્રય કરનારા...'** એનો કહેવાનો આશ્રય કરનારી એવી નિશ્ચયનય, એની અપેક્ષાએ પોતે નિત્ય છે. તે અનંત જીવો, પર્યાયમાં નિગોદ હો કે પર્યાયમાં ત્રસ હો કે પર્યાયમાં સિદ્ધ હો, છતાં એ જીવોનું **'નિજ સ્વરૂપથી અચ્યુતપણું...'** નિશ્ચયથી, નિત્યથી અચ્યુત છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! જુઓ તો ટીકા ! સમજાણું કાંઈ ?

કહે છે કે ***નિગોદની પર્યાય હો, સાતમી નરકના નારકીની પર્યાય હોય, અંતિમ ગ્રૈવેયકની મિથ્યાદષ્ટિની પર્યાય હોય કે ક્ષાયિક સમકિતીની પર્યાય હોય કે સિદ્ધની પર્યાય હોય. આહા..હા..! જેમાં અનંતો આનંદ ને અનંતી શાંતિ પ્રગટી છે એવી પર્યાય હો છતાં વસ્તુ જે નિત્ય છે એમાંથી એ કોઈ દિ' ચ્યુત થઈ નથી. આહા..હા..!*** સમજાણું કાંઈ ? એ રહેલા જીવોનું. ઘણા બધા જીવ છે ને ? અનંત, એક જીવ નથી. અનંત આત્માઓ છે, નિગોદથી માંડીને સિદ્ધ. ન્યાં સુધી લીધા ને ?

નિગોદના અનંત આત્માઓ અને સિદ્ધના અનંત આત્માઓ અને વચમાં સાધક ને બાધક એવા અસંખ્ય આત્માઓ. સમજાણું કાંઈ ? નિગોદને અક્ષરના અનંતમાં ભાગની જ્ઞાનની પર્યાય ઉઘડી બાકી છે અને કેવળજ્ઞાનની પર્યાય ઉઘડેલી છે પૂરી અને વચમાં સાધક જીવને મોક્ષમાર્ગની પર્યાય ઉઘડેલી છે. મિથ્યાદષ્ટિ પચેન્દ્રિય આદિમાં બધા આવી ગયા. એની પર્યાયમાં તીવ્ર મિથ્યાત્વ–ગ્રહીત મિથ્યાત્વનો પર્યાય પરિણમ્યો છે કે સિદ્ધ અનંત કેવળજ્ઞાનપણે થયા છે. આહા..હા..! છતાં એ જીવો પોતાના નિત્ય ધ્રુવ સ્વરૂપથી કોઈ દિ' ખસ્યા નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? 'પંડિતજી' ! વાહ..! બે લીટીમાં તો કેટલું સમાડી દીધું !!

પરમાણુ, જીવો, અજીવ પદાર્થ એને પણ, એને રહેવાને કોઈની જરૂર નથી. એ પોતે જ પોતાથી છે, પોતે પોતાથી આદિમાં, મધ્યમાં ને અંતમાં છે. એમ ભગવાનઆત્મા નિગોદથી માંડીને સિદ્ધ સુધી બધા આવી ગયા વચમાં ? વાઘ ને વરુ માંસના ખાનારાના પર્યાય, એ તો એની પર્યાય છે બાકી માંસ ખાનારા ... એવી પર્યાયમાં પણ, સિદ્ધની પર્યાયમાં પણ, તીવ્ર ગ્રહીત મિથ્યાત્વની પર્યાયમાં પણ... સમજાણું કાંઈ ? આહા..હા..! વસ્તુ નિત્ય ધ્રુવ તો પોતાથી કદી ખસી નથી. કદી એ પર્યાયમાં આવી નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? કહો, આ વાત હતી ? વાત છે પરમાણુની, એમાં નાખ્યો આત્મા.

**'તેમ પંચમભાવની અપેક્ષાએ...'** દેખો ! **'પરમાણુદ્રવ્યનો પરમસ્વભાવ હોવાથી...'** પંચમભાવની અપેક્ષાએ, હોં ! **'પરમાણુદ્રવ્યનો પરમસ્વભાવ હોવાથી પરમાણુ પોતે જ પોતાની પરિણતિનો...'** પરિણતિ શબ્દે અહીંયાં પર્યાય ન લેવી. કેમકે અહીંયા પંચમભાવની ત્રિકાળની અપેક્ષા છે. સમજાણું કાંઈ ? પરમાણુનો પંચમભાવ જે ત્રિકાળી એની અહીં વાત છે. નહિતર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એની પર્યાય પારિણામિકભાવની પર્યાય છે પણ અહીં એને નથી સિદ્ધ કરવું. પાઠમાં તો આદિ,... એક સૂક્ષ્મ પરમાણુ પોતે વસ્તુ છે, એ પોતે પોતાની આદિ, પોતે પોતાનું મધ્ય ને પોતે પોતાનો અંત. સમય કહેવા માટે (છે) બીજો કાંઈ ભેદ છે નહિ. એમ પંચમભાવની અપેક્ષાએ, કોનો આ પંચમભાવ ? પરમાણુનો.

'**પરમાણુદ્રવ્યનો પરમસ્વભાવ હોવાથી...**' દેખો ! એમ લીધું ને ન્યાં ? એનો પરમસ્વભાવ છે એટલે દ્રવ્ય લીધું. '**પરમાણુ પોતે જ પોતાની પરિણતિનો આદિ છે,...**' એટલે કે પરમાણુ પોતે પોતાના ભાવની આદિ છે, એમ. પરિણતિ શબ્દે અહીં પર્યાય નહિ પણ એનો ભાવ. સમજાણું કાંઈ ? '**પોતે જ પોતાની પરિણતિનું મધ્ય છે...**' એટલે પોતે જ પોતાના સ્વભાવનું પણ પોતે જ મધ્ય છે. વસ્તુ ધ્રુવ ધ્રુવ દ્રવ્ય. આહા..હા..!

'**અને પોતે જ પોતાનો અંત પણ છે (અર્થાત્ આદિમાં પણ પોતે જ,...)**' એમ લીધું. જુઓ ! સરવાળો. પરિણતિમાં... પંચમભાવ છે ને અહીં તો ? અને પરમસ્વભાવ લીધો છે ને ? પંચમભાવમાં પરમ સ્વભાવ સાથે ન લેતા પછી લીધો એટલે ત્યાં તો દ્રવ્ય જ સિદ્ધ કરવું છે. વસ્તુ પરમાણુ દ્રવ્ય. આહા..હા..! અતીન્દ્રિય વસ્તુ એક પરમાણુ, એક આકાશના પ્રદેશમાં એવા અનંતા પરમાણુના અનંતા ખંડ સમાય એવો એક પરમાણુ આવો છે, કહે છે. આહા..હા..! જેની આદિ, અંત ને મધ્યમાં વસ્તુ પોતે જ છે, બસ ! કહો, સમજાણું ?

'**(ક્યારેય નિજ સ્વરૂપથી ચ્યુત નથી).**' શું કીધું ? એ પરમાણુ જે દ્રવ્ય છે એ કોઈ દિ' ચીકાશ, લુખાશની પર્યાયમાં આવતો નથી. એક ચીકાશ ગુણ હો, બે હો, ત્રણ હો કે બંધ યોગ્ય હો કે બંધને અયોગ્ય હો, વસ્તુ દ્રવ્ય જે છે, વસ્તુ પંચમભાવવાળું તત્ત્વ (છે) એ કોઈ દિ' પર્યાયમાં આવતું નથી. ઓહો..હો..! નહિતર એની પરમાણુની જે પર્યાય છે એ તો પરમપારિણામિકભાવની જ પર્યાય છે કારણ કે એને ઉદય કે એવું કાંઈ છે નહિ, પણ એ વસ્તુ જે ત્રિકાળ પંચમભાવ છે વસ્તુ, શક્તિ, ભાવ શક્તિ... અરે..! જુઓ તો ખરા ! વસ્તુ નાની-મોટી એમ ન દેખવી. એનો સ્વભાવ (જોવો). અરે...! આવા પરમાણુનો આવો સ્વભાવ કે એક ગુણની ચીકાશ હોય, અનંત ગુણની ચીકાશ હોય, એક ગુણની લુખાશ હોય, અનંત ગુણની લુખાશ હોય. ભારે પણે પરિણમ્યો હોય કે હળવા પણે પરિણમ્યો હોય છતાં પરમાણુ તો તે ને તે જ છે, એ ભારે-હળવામાં આવ્યો નથી. સમજાણું કાંઈ ? કહો, 'પ્રકાશદાસજી'! કહો, ત્રણ વર્ષમાં કોઈ દિ' સાંભળ્યું હતું ? આહા..હા..!

'**(ક્યારેય નિજ સ્વરૂપથી ચ્યુત નથી).**' એટલે ? પંચમભાવવાળું અજીવ પરમાણુ તત્ત્વ ક્યારેય પોતાની પર્યાયમાં આવ્યું નથી. દુર્ગંધ પર્યાય હો કે સુગંધ હો, ચીકાશની હોય કે લુખાશની હોય કે ઠંડાની હોય કે ગરમીની હોય કે ભારેની હોય કે હળવાની હોય. પરમાણુમાં ભારે પર્યાય હોય ? છે. પરમાણુની ભારે ને હળવી પર્યાય થઈ છે, જુઓ ખુબી ! આમાં ભારે હળવી થઈ છે. પરમાણુ એકની, હોં ! અને જુદો છે એમાં. છતાં ભારે અને હળવાની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાયમાં પંચમભાવનું દ્રવ્ય આવ્યું નથી. આહા..હા..! જુઓને ! કેટલું લોજીક છે કે નહિ આ બધું ! કે તમારું વકીલાતનું લોજીક હશે એકલું ? વસ્તુ વિજ્ઞાન છે, આ વસ્તુવિજ્ઞાન છે. આહા..હા..!

આમાં પરમાણુ ભારે છે કે એવો ને એવો રહ્યો છે ? આ જુઓ સ્કંધમાં આવતા ફર્યો કે નહિ એટલો ? સ્કંધમાં આવ્યો ત્યારે પર્યાય થઈ ને ? પરને લઈને થઈ ? એ ખોટી વાત છે. સ્કંધમાં આવ્યો માટે પરમાણુ ભારેની પર્યાયપણે પરિણમ્યો છે એ ખોટી વાત છે અને ભારેપણાની પર્યાય પરિણમ્યું છતાં દ્રવ્ય એમાં પર્યાયમાં આવ્યું છે એમ નથી. સમજાણું કાંઈ ? 'વજુભાઈ' ! ભાઈ ! આ હજી વાંચવાનું થયું ને તો પહેલા નહોતું વાંચ્યું. પાંચ વર્ષ પહેલા આ અજીવને મુકી દીધું હતું. અજીવ, વ્યવહાર અને છેલ્લો ઉપયોગ એ ત્રણ મુકી દીધા હતા. પછી કીધું, આ ફેરી બધું સરખું વાંચવું. પહેલા વાંચન કર્યું હતું ત્યારે આ અધિકાર છોડી દીધા હતા. આ વ્યવહાર અધિકાર છે ને તો છોડી દીધો હતો. વ્યવહાર અધિકાર, આ અધિકાર અને છેલ્લો ઉપયોગનો અધિકાર છે. આ વખતે સળંગ લીધું છે. સારું કર્યું, એમ અમારા 'વજુભાઈ' કહે છે.

શ્રોતા :– વ્યવહાર બહાર છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– અંદર એમ છે. વ્યવહાર નિશ્ચયને બતાવે છે. સમજાય છે કાંઈ ? એમ ન માનવું કે આ પરમાણુની ને આવી વ્યાખ્યા શું ? એ વ્યાખ્યામાં ભગવાન સમજાય છે એમાં. આહા..હા..!

કહે છે કે આવા પરમાણુઓ એની ગમે તે પર્યાયપણે થયેલ હો ભારે, હળવો... શું કહેવાય પછી બે ? ચાર ચીકળા, લુખાશ તો છે, ઠંડુ, ઊનું તો પેલામાં આવી ગયું, આ ચાર, ચાર કર્કશ ને સુંવાળું એ બન્ને આવવું જોઈએ. કર્કશ અને સુંવાળી પર્યાય, ભારે ને હળવી પર્યાય સ્થૂળમાં થાય છે, પરમાણુમાં પણ થાય છે. તે સમયે પણ એ પરમાણુ એમાં નથી આવ્યો, દ્રવ્ય એમાં નથી આવ્યું. ***આહા..હા..! પર્યાય પર્યાયપણે થઈ છે, દ્રવ્ય પર્યાયપણે આવ્યું નથી.***

***શ્રોતા :– ધ્રુવ, પર્યાયપણે આવી જાય તો ધ્રુવનો નાશ થઈ જાય.***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– નાશ થઈ જાય. પણ આવે જ નહિ. બે અંશો ભિન્ન છે. સમજાણું કાંઈ ?*** એમ ભગવાનઆત્મા નિગોદથી માંડીને કેટલા જીવો લીધા ? એક શરીરમાં અનંત જીવ. એક આંગળના અસંખ્ય ભાગમાં શકરકંદના, બટાકાના અસંખ્ય શરીર, એક શરીરમાં સિદ્ધ કરતાં અનંત ગુણા અનંત જીવ, એ બધાની પર્યાયપણે ભલે અભવીની પર્યાય હોય, કહે છે... આહા..હા..! ગ્રહીત મિથ્યાત્વના તીવ્રપણે કસાયખાના માંડી મોટો બબ્બે માઈલમાં કારખાના એક સાથે આમ બધા ગોઠવે, ભાવમાં હોં ! ભાવની પર્યાય. ગાયુ ને ભેંસુ રાખે છે ને આમ ? પડે માથેથી આમ ફડાક..! પેલી કોર જુદું અને જુદું (થઈ જાય). એવી કસાયની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જે તીવ્ર મિથ્યાત્વની અવસ્થા છે એમાં પણ દ્રવ્ય તો નિત્ય છે, એ દ્રવ્ય એમાં આવ્યું નથી. સમજાણું કાંઈ ?

જે સિદ્ધપણે પરિણમ્યા... આહા..હા..! એ પર્યાયપણે પણ દ્રવ્ય તો આવ્યું નથી, કહે છે. અહો..! એવું ને એવું છે કહે છે. એમાં ભેદ કે ખંડ કાંઈ છે નહિ ? આહા..હા..! એવો ભગવાનઆત્મા એની અંતરમાં એકાગ્રતા કર એ તારા કલ્યાણનો રસ્તો છે. આહા..હા..! બાકી બધી વાતું કરીને મરી ગયો. આ વ્રત ને આ તપ ને હેરાન-હેરાન (થઈ ગયો). કાયક્લેશ (કર્યા). સમજાણું ? સહજાનંદ પ્રભુ સહજ પરમપારિણામિકભાવની કહેનારી એવી સહજ નિશ્ચયનયથી એ તો એવો ને એવો છે.

**'જે આવો હોવાથી...'** એ પરમાણુ **'ઇન્દ્રિય જ્ઞાનગોચર નહિ હોવાથી...'** ઇન્દ્રિય જ્ઞાન-ગોચર નથી **'અને પવન, અગ્નિ ઇત્યાદિ વડે નાશ પામતો નહિ હોવાથી અવિભાગી છે તેને હે શિષ્ય ! તું પરમાણુ જાણ.'** આને તું પરમાણુ જાણ. આહા..હા..! 'યોગસાર'માં તો કહ્યું છે કે છ દ્રવ્યને પ્રયત્નથી જાણ. એવી ગાથા આવે છે. છ દ્રવ્યનું વ્યવહારુ જ્ઞાન પણ પ્રયત્નથી જાણ.

**'૨૬ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :'**

**अप्यात्मनि स्थितिं बुद्ध्वा पुद्गलस्य जडात्मनः।**
**सिद्धास्ते किं न तिष्ठंति स्वस्वरूपे चिदात्मनि।।४०।।**

આહા..હા..! **'જડાત્મક પુદ્ગલની સ્થિતિ પોતામાં જાણીને...'** જ્યારે આવો જડ પરમાણુ પણ પોતામાં રહે છે. આહા..હા..! એમ કહે છે. જેને કંઈ ભાન નથી, જેમાં જ્ઞાન નથી એવો પરમાણુ પણ પોતે પોતામાં દ્રવ્ય તરીકે કાયમ રહે છે. **'(અર્થાત્ જડસ્વરૂપ પુદ્ગલો પુદ્ગલના નિજ સ્વરૂપમાં જ રહે છે એમ જાણીને), તે સિદ્ધભગવંતો પોતાના ચૈતન્યાત્મક સ્વરૂપમાં કેમ ન રહે ?'** જ્યારે પરમાણુ પણ આવા દ્રવ્ય સ્વરૂપમાં ત્રિકાળ રહે છે તો સિદ્ધ સ્વરૂપ એવો ભગવાનઆત્મા... સિદ્ધ ભગવંતોની વ્યાખ્યા–ભાષા લીધી પણ બધા આત્માની વાત છે. અરે..! આ આત્મા પોતાના દ્રવ્યમાં કેમ ન રહે ? દ્રવ્ય તો એવું ને એવું છે ત્યાં કેમ ન જાય ? આહા..હા..! સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ !

દિગંબર સંતોની કથની જડની હોય તોપણ જુદી, ચૈતન્યની જુદી, વાતું જુદી, ભાઈ ! માણસ માને છે કે આ સંપ્રદાય છે, વાડો છે. એમ નથી, ભગવાન ! આ તો વસ્તુની સ્થિતિની મર્યાદાની વાત છે. સમજાણું કાંઈ ? ***આહા..હા..! ભગવાન ! પરમાણુ જ્યારે પોતાના, જડની સ્થિતિમાંથી ખસતો નથી તો દ્રવ્ય સ્વભાવ એવો ભગવાન પોતામાં કેમ ખસે પોતાથી ? અને ત્યાં દૃષ્ટિ માંડીને એમાં રહે એમ કહે છે. પર્યાયમાં પાછો, હોં ! આવું સ્વરૂપ છે કે ખસ્યું નથી એવું જેને જ્ઞાન થાય તે એમાં રહે છે. રહેલો છે જ, દરેકનો રહ્યો છે.*** સમજાણું કાંઈ ? આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહે છે કે જડ સ્વરૂપ પુદ્ગલ જ્યારે પોતાની જાતમાં રહે છે તો આ ભગવાન પોતે દ્રવ્ય સ્વભાવ જેવો છે એમાં કેમ ન રહે હવે ? પર્યાયથી કેમ ન રહે ? એમ કહે છે. સમજાણું કાંઈ ? એની જ્ઞાનની પર્યાયમાં એમ આવે કે આ તો આમ ને આમ છે. ત્યારે તેને આમ ને આમ છે એમ જાણ્યું કહેવાય. 'પોપટભાઈ' ! આહા..! પોપટ છે એ ભુંગળીને પકડીને આમ (ઊંધો) થઈ ગયો. એનામાં ઉડવાની શક્તિ તો છે પણ આમ થઈ ગયો છે તો જાણે કે હું ઊંધો છું. આમ છોડે એટલે ઉડી જાય. ભલે માથુ આમ નીચે હોય.

અરે..! આવો તારો સ્વભાવ પરમાણુએ જ્યારે નિત્યપણું છોડ્યું નહિ તો તારો નિત્ય આનંદકંદ પ્રભુ કેમ પોતાને છોડે ? એવી દૃષ્ટિ કેમ ન કરે ? ને એવી સ્થિરતા કેમ ન કરે ? એમ અહીં તો કહે છે. આહા..હા..! 'જેઠાલાલભાઈ' ! એ નિત્ય છે પરમાણુ આવો ને આવો રહ્યો છે એવું એને એની પર્યાયને ખબર નથી. પરમાણુની પર્યાયની ખબર છે ? આની પર્યાયને આને ખબર છે કે પરમાણુ એવો ને એવો નિત્ય રહ્યો છે. એ રીતે પરમાણુ જ્યારે આમ એનામાં રહે છે અને પર્યાયમાં આવતો નથી તો હું એક દ્રવ્ય સ્વભાવ ત્રિકાળી આનંદકંદ પ્રભુ હું કેમ પર્યાયમાં આવું ? એમ માનતા પર્યાયને દ્રવ્યમાં સ્થિર કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? 'વાડીભાઈ' ! દિગંબર સંતોની આવી લહેર છે !! આહા..હા..! આ મુનિ છે માટે એની ટીકા માન્ય નથી, એમ (કોઈક) કહે છે. અરે..! ભગવાન ! શું કરે છે તું આ ? ભાઈ ! તને ખબર નથી, બાપા ! આહા...હા...! એણે ક્યાં લઈને મુક્યું જોવો તો ખરા ! વાત પરમાણુની કરે છે ને વાત અહીં કરી નાખી.

ભાઈ ! પરમાણુની આદિ-અંતમાં પોતે છે એને કોઈ અપેક્ષાની જરૂર નથી. એને તો ખબર પણ નથી કે હું આદિ-અંતમાં હું નો હું છું કે નહિ. એના જાણનારની પર્યાયમાં એમ આવ્યું કે આ તો એમ ને એમ છે. ત્યારે એ જાણનારની પર્યાય આ આત્મા એમ ને એમ છે એમાં કેમ ન ઠરે ? એમ કહે છે. 'હીરાભાઈ' !

**'સ્વરૂપમાં જ રહે છે એમ જાણીને...'** જાણીને કહ્યું છે ને ? **'वियाणाहि'** હતું ને ? ભગવાન 'કુંદકુંદાચાર્યે' **'वियाणाहि'** એમ હતું ને ? વિશેષે જાણ. પણ એ જાણવાનું પ્રયોજન શું પાછું ? - કે આવો પરમાણુ છે, જેણે–જે જ્ઞાનની દશાએ (એમ જાણ્યું). એક એક પરમાણુ એવા કેટલા ? આત્માની સંખ્યા કરતાં અનંત ગુણા. એવા પરમાણુ પણ દ્રવ્યે એમ ને એમ રહે છે, એવી જ વસ્તુની સ્થિતિ છે, એની તો એને ખબર નથી. એને ખબર કરનારું આ જ્ઞાન એ દ્રવ્યને એમ ને એમ રહે છે એમ જાણે છે તો તું પણ એમ ને એમ સહજ પારિણામિકભાવે છો. એમાં કેમ સ્થિર ન થાય ? એમાં કેમ ન જાય ? આહા..હા..! એ... 'હીરાભાઈ' ! ઊંચા કર્યા છે આમ.

અરે..! સિદ્ધ ભગવંત. એ સિદ્ધ ભગવાન જ આ આત્મા છે. નિશ્ચયથી સિદ્ધ ભગવાન જ છે ને. વસ્તુ પોતે સિદ્ધ જ છે. શુદ્ધ ધ્રુવ. એ પોતાના ચૈતન્ય સ્વરૂપમાં **'ચૈતન્યાત્મક**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**(ચૈતન્યરૂપ) સ્વરૂપમાં કેમ ન રહે ?'** આહા..હા...! જ્યારે જેના જ્ઞાનમાં એમ આવ્યું કે પરમાણુ દ્રવ્ય અનંતા અનંતા જડ (છે), જેને કાંઈ જ્ઞાન નથી, જેની કાંઈ ખબર નથી, અમે જગતના તત્ત્વ છીએ કે નહિ એવી પણ જેને ખબર નથી. આહા..હા..! એવા તત્ત્વો, એવું ને એવું દ્રવ્ય રહે છે એવો જાણનાર ભગવાન, એ અનંતા પરમાણુ દ્રવ્યપણે તો એમ ને એમ છે, પર્યાયમાં આવ્યા નથી. એવું જાણનારો જ્ઞાનનો પર્યાય એ તારું દ્રવ્ય પણ એમ ને એમ છે, બહાર આવ્યું નથી એવો સ્વરૂપ તરફ નિર્ણય કરીને કેમ ન ઠરે ? આહા..હા..! ૩૨, ૪૫ (શ્વેતાંબરના શાસ્ત્ર) વાંચો તો આ મળે એવું નથી, લ્યો !

આ એક એક કડીમાં... આહા..હા..! આ દિગંબર ધર્મ એટલે આત્મધર્મ. 'છોટાભાઈ' કહેતા કે હવે આ દિગંબર ધર્મ બહાર આવ્યો. નહિતર સંતાય ગયો હતો. દિગંબર ધર્મ કાંઈ ગણતરીમાં નહોતો. 'અમદાવાદ'માં ને બધામાં શ્વેતાંબર શ્વેતાંબર. બે, ત્રણ દિ' પહેલા ભાઈ કહેતા. 'છોટાભાઈ' કહેતા હતા. અરે..! દિગંબર ધર્મ એટલે આવું આત્માનું સનાતન સ્વરૂપ. એ કોઈ પક્ષ ને વાડો નથી.

શ્રોતા :– સમજાવનાર નહોતા એટલે ક્યાંથી બહાર આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જે વખતે હોય એમ આવે ને. કહો, સમજાણું કાંઈ ? આહા..! ભારે વાત, ભાઈ ! કારણપરમાણુ, કાર્યપરમાણુ... કાઢીને પાછું નાખ્યું કે એ પરમાણુદ્રવ્ય પર્યાયમાં નથી આવ્યું, હોં ! ગમે એટલો એક ગુણપણે પરિણમે કે દસ ગુણપણે પરિણમે. ગજબ વાત છે ! વસ્તુની સ્થિતિને પ્રસિદ્ધ કરવાની રીત અલૌકિક છે. ઓ..હો...! પરમાણુ જેવા જડ પણ ગમે તેટલી ભારે-હળવી ચીકાશ, લુખાશપણે દ્રવ્યુ થતું નથી. ઓહો..હો..! તો આવું દ્રવ્ય ભગવાનઆત્માનું દ્રવ્ય એ સંસારની પર્યાયપણે કેમ આવે ને કેમ જાય ? કેમ થાય ? એટલે એની દૃષ્ટિ દ્રવ્યમાં જતાં એ સિદ્ધપણે પરિણમવાની લાયકાતવાળું દ્રવ્ય થઈ જાય છે. સમજાણું કાંઈ ? લ્યો ! એ ૪૦ મો શ્લોક થયો, હોં ! ૨૭ મી ગાથા.

**एयरसरूवगंधं दोफासं तं हवे सहावगुणं।**
**विहावगुणमिदि भणिदं जिणसमये सव्वपयडत्तं।।२७।।**

**બે સ્પર્શ, રસ-રૂપ-ગંધ એક, સ્વભાવગુણમય તેહ છે;**
**જિનસમયમાંહી વિભાવગુણ સર્વાક્ષપ્રગટ કહેલ છે. ૨૭.**

**ટીકા :– 'આ, સ્વભાવપુદ્‌ગલના સ્વરૂપનું કથન છે. તીખો, કડવો, કષાયલો, ખાટો અને મીઠો એ પાંચ રસોમાંનો એક રસ;...'** પરમાણુમાં હોય છે. સમજાણું કાંઈ ? કેમકે પરમાણુનો રસ ગુણ છે એ તો ત્રિકાળ છે, આ તો પર્યાયો છે, આ પર્યાયો છે. ખાટો, મીઠો એ પર્યાય છે, ગુણ નથી. શું કહ્યું ? 'પંડિતજી' ! પર્યાય છે. રસ ગુણ છે. આ ખાટો, મીઠો તો પર્યાય છે. ઇ રસ ગુણ પણ પર્યાયમાં આવ્યો નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'ધોળો, પીળો, લીલો, રાતો અને કાળો એ (પાંચ) વર્ણોમાંનો એક વર્ણ;...'** વર્ણોમાંનો. વર્ણ એટલે ગુણનો નહિ આ, વર્ણગુણ તો ત્રિકાળી છે, તેની આ પર્યાય છે. પર્યાયને અહીં ગુણ કહેવામાં આવે છે. આહા..! છતાં એ કાળી, રાતી આદિ પર્યાયમાં દ્રવ્ય નથી આવ્યું. નિત્ય રંગ, રસથી ભરેલું તત્ત્વ આવી પર્યાયપણે આવતું નથી. આહા..હા..! આ વીતરાગનું વિજ્ઞાન જ જુદી જાતનું છે. આ અજીવનું પહેલા આ વાંચ્યું નહોતું ને ? હવે વાંચ્યું.

**'સુગંધ અને દુર્ગંધમાંની એક ગંધ;...'** સુગંધ, દુર્ગંધ તો પર્યાય છે, ગંધ નામનો ગુણ ત્રિકાળ છે. આહા..હા..! અરે..! પરમાણુનો ધ્રુવ ગુણ પણ જ્યાં પર્યાયમાં ન આવે, દ્રવ્ય પર્યાયમાં ન આવે એનો અર્થ કે દ્રવ્યના અનંતા ગુણો પર્યાયમાં ન આવે. આહા..હા..! વીતરાગના કથનો વીતરાગભાવની પ્રસિદ્ધિ કરે છે. આહા..! ભગવાન ગમે તે પર્યાયપણે તારી દશા હો એને ન જો, એમ કહે છે. તારું તત્ત્વ ત્રિકાળ પર્યાયમાં નથી આવ્યું એને જો. આ એમાં આવે છે ને ? જુઓને ! ચૌદ માર્ગણામાં. ભાઈ ! માર્ગણા ન જો. માર્ગણા એ જીવદ્રવ્યમાં નથી. આહા..હા..! તું ભવી-અભવી એમ ન જો. આહા..હા..! દ્રવ્યને જોયું એટલે ખલાસ થઈ ગયું. આહા..! ચૌદ માર્ગણામાં આવે છે ને ? ગતિ, જાતિ માર્ગણા આવે છે ને ? એ જીવમાં નથી એમ 'જીવ અધિકાર'માં આવશે. જીવમાં નથી. ત્યારે એ જીવ નહિ ? - કે ના. એ પર્યાય જીવ, વ્યવહાર જીવ (છે). આહા..હા..! ભારે વાત, ભાઈ ! કેવળજ્ઞાનમાં જીવ આવ્યો નથી. એક અંશમાં આખો અંશી ન આવે, એમાં ન સમાય. આહા..હા..! જ્ઞાન ને આનંદ ગુણનું તત્ત્વ, સત્ત્વ પ્રભુ એની પર્યાયમાં આવતું નથી, એમ આ પરમાણુઓ આવા રંગ, રસમાં આવતા નથી, પર્યાયમાં છે. આહા..હા...!

**'કઠોર, કોમળ, ભારે, હળવો,...'** જુઓ આવ્યું. **'હળવો, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ (ચીકણો) અને રૂક્ષ (લૂખો) એ આઠ (પર્યાય છે) એ આઠ સ્પર્શોમાંથી છેલ્લા ચાર સ્પર્શોમાંના અવિરુદ્ધ બે સ્પર્શ;...'** એક પરમાણુમાં લેવા છે ને ? એક પરમાણુના બે અવિરુદ્ધ સ્પર્શ. ઠંડો હોય તો ઊનો ન હોય ને ઊનો હોય તો ઠંડો ન હોય તો ઊના ને ચીકણો, ટાઢો ને ચીકણો એવું હોય. **'આ જિનોના મતમાં...'** ઓહો..હો..! વીતરાગ ભગવાનના અભિપ્રાયમાં, **'પરમાણુના સ્વભાવગુણો છે.'** એ પરમાણુ દ્રવ્યના સ્વભાવ પર્યાય છે.

**'વિભાવપુદ્ગલ વિભાવગુણાત્મક હોય છે.'** બે પરમાણુથી માંડીને અનંતા પરમાણુઓ સ્કંધ એ વિભાવગુણ છે. જુઓ ! વિભાવગુણ એટલે વિભાવપર્યાય. **'આ દ્વિ-અણુકાદિસ્કંધરૂપ વિભાવપુદ્ગલના વિભાવગુણો સકળ ઇન્દ્રિયસમૂહ વડે ગ્રાહ્ય છે.'** પેલો પરમાણુ ઇન્દ્રિય ગ્રાહ્ય નહોતો કહ્યો અને આ પર્યાય ઇન્દ્રિય ગ્રાહ્ય છે. **'વિભાવપુદ્ગલના વિભાવગુણો સકળ ઇન્દ્રિયસમૂહ વડે જણાવાયોગ્ય છે.-આમ (આ ગાથાનો) અર્થ છે.'** આહા..!

**'એવી રીતે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પંચાસ્તિકાયસમયમાં (૮૧ મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–'** લ્યો ! આ કાલ કહ્યું હતું એ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**एयरसवण्णगंधं दोफासं सद्दकारणमसद्दं।**
**खंधंतरिदं दव्वं परमाणुं तं वियाणाहि।।**

આ એક આંગળીનો સ્કંધ પિંડ છે એમાં એક એક રજકણ પોતાના સ્વચતુષ્ટયથી રહેલો છે. જ્યારે નિત્ય પર્યાયમાં તો આવ્યું નથી પણ પર્યાય અહીં બીજાને અડી નથી, એમ કહે છે. એક રસની પર્યાયવાળો પરમાણુ, એક રંગની પર્યાયવાળો પરમાણુ એ ગંધવાળો પરમાણુ કે બે સ્પર્શવાળો પરમાણુ **'શબ્દનું કારણ છે,...'** પણ શબ્દ પોતે અશબ્દ છે, પરમાણુ પોતે અશબ્દ છે. એક રજકણ એમાં શબ્દ નથી પણ શબ્દનું કારણ છે.

**'સ્કંધની અંદર હોય તોપણ...'** આહા..હા..! જુઓ તો ખરા આ રજકણ દેહમાં હોય, આમાં હોય, સ્કંધમાં (હોય) તોપણ તે, **'સ્કંધની અંદર હોય તોપણ દ્રવ્ય છે (અર્થાત્ સદાય સર્વથી ભિન્ન, શુદ્ધ એક દ્રવ્ય છે).'** શુદ્ધનો અર્થ એકલો. છે તો વિભાવરૂપે પરિણમેલું, ભાઈ ! પણ છતાં તે બંધ પર્યાયવાળો કીધો, પર્યાયવાળો પણ... પર્યાયવાળો કીધો ને ?

**'પરમાણુ શબ્દનું કારણ છે, અશબ્દ છે અને સ્કંધની અંદર હોય તોપણ દ્રવ્ય છે (સર્વથી ભિન્ન, શુદ્ધ એક દ્રવ્ય છે).'** વસ્તુ તરીકે ગણો તો શુદ્ધ દ્રવ્ય છે, પર્યાય તરીકે ગણો તો એ પરના સંબંધ વિનાની ભિન્ન ચીજ છે. સમજાણું કાંઈ ? લ્યો ! આટલામાં એક રહેલો (છે) પણ પોતાના સ્વ ચતુષ્ટયમાં એ છે. આહા..! આવું જ્ઞાન સર્વજ્ઞ સિવાય (ક્યાંય નથી) અને તે પણ એના જ્ઞાનગમ્ય થઈ શકે એ રીતે (રહેલું છે). સમજાણું કાંઈ ? એક એક પરમાણુ એના સ્કંધમાં હોવા છતાં સદા સર્વથી ભિન્ન, શુદ્ધ એક દ્રવ્ય છે. લ્યો !

**'વળી માર્ગ પ્રકાશમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'** શબ્દનું કારણ છે. કોણ ? એક પરમાણુ, હોં ! શબ્દનું કારણ આત્મા છે એમ નહિ. આ હોઠ શબ્દનું કારણ છે એમ નહિ. શબ્દનું કારણ પરમાણુ છે. આહા..! આત્મા શબ્દનું કારણ નથી. શબ્દની ઉત્પત્તિ આત્મા છે માટે થાય છે એમ નથી. આહા..હા..! ભારે વાત !

શ્રોતા :– હોઠ હલે છે તો થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હોઠ હલે. હોઠ છે એ વર્ગણા બીજી છે–આહાર વર્ગણા (છે), પેલી શબ્દ વર્ગણા છે. આહાર વર્ગણા તે શબ્દ વર્ગણાની ઉત્પત્તિ ન થાય. ભારે આકરું કામ જગતને. હજી તો પરદ્રવ્યનો કર્તા ન માને તો દિગંબર જૈન નહિ, એમ કહે. અર..ર..! શું કર્યું ભગવાન તેં ? અરે..! વ્યવહારે ભિન્ન છે એટલું પણ ખ્યાલમાં લેતા તને આકરું પડે છે. ***આત્મા શરીરમાં હોવા છતાં શરીરથી તદ્દન જુદો છે. રાગ સાથે દેખાવા છતાં રાગથી તદ્દન જુદો છે અને પર્યાયવાળો દેખાવા છતાં દ્રવ્ય પર્યાયથી જુદો છે. એવી દૃષ્ટિ કર્યા વિના એને સમ્યગ્દર્શન થશે નહિ. કહો, સમજાણું કાંઈ ?*** લ્યો ! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા-૫૮, પ્રવચન નં. ૧૩૯
## તા. ૨૧-૧૧-૧૯૭૬
## [૧૬]

'પરમાત્મપ્રકાશ' ૫૮ ગાથા. **'આગે ઐસા કહતે હૈં, કિ નિર્મળ સમ્યક્ત્વધારી જીવોંકા મરણ ભી સુખકારી હૈ,...'** ગાથામાં લેશે. ગાથામાં નિજ દર્શન અભિમુખ લેશે. એનો અર્થ કે સમકિત સહિત. જે પ્રાણીને આત્મ દર્શન છે, આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ સ્વરૂપ સત્ (છે) એનો અનુભવ થઈને જે અનુભૂતિ થઈને રુચિ થાય એનું નામ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન સહિત મરણ પણ પામે, મરી જાય, દેહ છૂટી જાય તોપણ એ સુખકારી છે. **'ઉનકા મરના અચ્છા હૈ, સમ્યક્ત્વકે બિના પુણ્યકા ઉદય ભી અચ્છા નહીં હૈ-'** આહા..હા..! સમકિત વિના આત્મદર્શન શુદ્ધ ચૈતન્યઘન એની જેને અનુભૂતિથી પ્રતીતિ નથી એ જીવના પુણ્ય મોટા હોય તોપણ એ પુણ્ય એને નરકમાં લઈ જશે. સમજાણું કાંઈ ? એકવાર પુણ્યથી કદાચિત્ રાજપદ મળે પણ પછી નરક-નિગોદમાં જશે. આમ, સમ્યગ્દર્શનનું આટલું માહાત્મ્ય છે. એ કહે છે. ૫૮.

**वर णिय-दंसण-अहिमुहउ मरणु वि जीव लहेसि।**
**मा णिय-दंसण-विम्मुहउ पुण्णु वि जीव करेसि।।५८।।**

આહા..હા...! બહુ મર્મની વાત, જૈન દર્શનનું રહસ્ય છે. આહા..! **'હે જીવ, જો અપને સમ્યગ્દર્શનકે સન્મુખ હોકર...'** સન્મુખનો અર્થ અહીં સહિત છે. સાતમા અધ્યયનમાં મિથ્યાદૃષ્ટિ સમકિત સન્મુખ (કહ્યો) છે એ નહિ. આહા..હા...! જેને આત્મદર્શન, આત્મજ્ઞાન આત્મા જે વસ્તુ પૂર્ણ પરમાત્મ સ્વરૂપ (છે) એની સન્મુખ થઈને જે અનુભવમાં પ્રતીતિ થાય, અનુભૂતિ થઈને, આત્માની અનુભૂતિ થઈને... જેવો છે તેવો અનુભવ થઈને રુચિ થાય તેનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! એ સમ્યગ્દર્શન સહિત મરણ પણ સારુ છે. મરણ સહિત દેહ છૂટી જાય તોપણ સારુ છે.

**'પરન્તુ હે જીવ, અપને સમ્યગ્દર્શનસે વિમુખ...'** આહા..હા..! જે એકલી પુણ્ય દયા, દાન, વ્રતની ક્રિયામાં મશગૂલ છે. ભગવાનઆત્મા નિજ સ્વરૂપની જેને અંતર્મુખ દૃષ્ટિનો અભાવ છે. આહા..હા..! ભગવાન શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવ અનંત જ્ઞાન સ્વભાવભાવ, પર્યાયમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અલ્પજ્ઞતા છે, પણ વસ્તુ છે તે અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત દર્શન આદિથી ભરેલ વસ્તુ છે. આહા..હા..! એનું એને ભાવભાસન થવું જોઈએ એમ કહે છે. આહા..હા..! એ ચીજ આ છે એવું એને જ્ઞાનમાં ભાસન થવું જોઈએ. આહા..હા..! એ સમ્યગ્દર્શન સહિત દેહ છૂટી જાય, મરણ હો તોપણ એ સારુ છે. એ સ્વર્ગમાં જશે અને ત્યાંથી મનુષ્યપણું પામીને મોક્ષ જશે. આહા..હા..! અને એનાથી વિમુખ છે (અર્થાત્) સ્વરૂપની દૃષ્ટિનું ભાન નથી. અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત શાંતિ, સ્વચ્છતા, ઈશ્વરતા, પ્રભુતા એવા અનંત ગુણનો પિંડ એકરૂપ દ્રવ્ય વસ્તુ એની દૃષ્ટિનો જેને અભાવ છે, એવા સમ્યગ્દર્શનનો જેને અભાવ છે... આહા..હા..! એ પુણ્ય પણ કરે - દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ પુણ્ય કરે તોપણ સારુ નથી. 'ભભુતમલજી' !

શ્રોતા :– શું કરવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– શું કરવું શું ? અંદર દૃષ્ટિ કરવી એ કરવાનું છે એમ કહે છે. આહા..હા..! પરમાત્મ સ્વરૂપ બિરાજે છે અંદર, તારું સ્વરૂપ જ પરમાત્મ સ્વરૂપ છે. એની સન્મુખ થઈને અનુભવ કરીને દૃષ્ટિ કરવી એ કરવાનું છે, બાકી બધું થોથા છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ ?

શ્રોતા :– પણ એ તો બહુ કઠણ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કઠણ માન્યું છે. વસ્તુ તો પોતાનું નિજઘર છે, અંદર પડી છે. છે તેની પાસે જવાનું છે. એમાં શું કઠણ છે ? કઠણ માની લીધું છે અને પરુષાર્થ કર્યો નથી. આહા..હા..! સહજાત્મ સ્વરૂપ સ્વભાવિક આત્મસ્વરૂપ જે અનાદિ મહા સત્તા ચૈતન્યની, આનંદની મહા સત્તા હોવાપણે ભગવાન છે એનો એણે સન્મુખ થઈને વિશ્વાસ કર્યો નથી. બાકી બધા શાસ્ત્રના જાણપણા કર્યા, વ્રત પાળે, ભક્તિ કરે, પૂજા કરે, દાન કરે ! કહો 'ભભુતમલજી' ! એણે આઠ લાખનું દાન કર્યું હતું. મંદિર, મંદિર (બનાવ્યું). 'બેંગલોર'. એમાં શું છે ! રાગ મંદ હોય તો પુણ્ય છે. આહા..હા..! આવી વાત છે.

ભગવાનઆત્મા પૂર્ણાનંદનો જ્યાં સ્વીકાર નથી, ચૈતન્ય મહાપ્રભુ અતીન્દ્રિય અનંત આનંદનો કંદ છે. આહા..હા..! કહ્યું નહોતું એકફેરી અમે ? શક્કરીયાનું. શક્કરીયા, શક્કરીયા સમજાય છે ? શક્કરકંદ, શક્કરકંદ નથી થતા ? એની ઉપરની લાલ છાલ છે એ સિવાય દેખો તો આખું શક્કરકંદ–સાકરની મીઠાશનો પિંડ છે. આહા..હા..! એમ અહીંયાં આત્માની પર્યાયમાં જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ થાય એ છિલકા–છાલ હૈ. છાલની પાછળ જેમ શક્કરકંદ છે, શક્કર, શક્કર એટલે સાકર, સાકરની મીઠાશનો પિંડ (છે). આહા..! અરે..! એણે કેદિ' પ્રયત્ન (કર્યા છે) ? એની દરકાર ક્યાં (કરી છે) ?

ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર છે. લ્યો ! શેઠનું આવ્યું 'સાગર'. આ સાગર છે, કહે છે. આહા..હા..! એ અતીન્દ્રિય અનંત આનંદ અને અતીન્દ્રિય અનંત જ્ઞાન, એનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાન અંતરદૃષ્ટિ થતાં જે સમ્યગ્દર્શન થાય... આહા..હા..! એ કહે છે કે ભલે દેહ છૂટી જાય, મરણ (વખતે) બહારમાં કોઈ શરણ ન હોય તોપણ એ મરણ સારુ છે. સમકિતનું દેહ છૂટવું પણ સારુ છે અને સમ્યગ્દર્શન રહિત એ પુણ્ય કરે અથવા પૂર્વના પુણ્યનો મોટો ઉદય (હોય), અબજો પેદા કરતો હોય, બાળ-બચ્ચા (સારા હોય), દુકાનો ચાલતી હોય, દસ-દસ, વીસ-વીસ દુકાનો (હોય)... આહા..હા..! કહે છે કે એ સમ્યગ્દર્શન વિના પુણ્ય પણ કરે તો પણ સારુ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..!

ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ બિરાજે છે એનો જેને સ્વીકાર નથી અને એક સમયની પર્યાય ને રાગ પુણ્યના ભાવનો સ્વીકાર છે એ મિથ્યાદૃષ્ટિ ભલે પુણ્ય કરે (તોપણ) સારુ નથી. કેમકે એ પુણ્યના ફળમાં કોઈ સ્વર્ગ આદિ જશે કે રાજા (થશે), ન્યાંથી મરીને નરકમાં જશે. આહા..હા..! આચાર્યોએ કરુણા કરીને અજ્ઞાનીને ઉદ્ધારનો રસ્તો શું છે એ કહ્યો છે. આહા..! સમજાય છે કાંઈ ?

પ્રથમમાં પ્રથમ એણે સમ્યગ્દર્શન કરવું.

**લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાઓ;**
**તોરિ સકલ જગદંદ-ફંદ, નિજ આતમ ધ્યાઓ.**

દ્વૈતપણું છોડીને (અર્થાત્) આ દ્રવ્ય ને આ પર્યાય બે છે એ પણ લક્ષ છોડી દઈને. આહા..હા..! નજિ આતમ ઉર ધ્યાવો. નિજ આતમ (ધ્યાવો) ભગવાન (ધ્યાવો એમ) નહિ. નિજ આતમ ઉર ધ્યાવો. ધ્યાનનો વિષય નિજ આત્માને બનાવ. આહા..હા..! એવું જે સમ્યગ્દર્શન, એનાથી રહિત પુણ્ય પણ કરે, ભલે વ્રત પાળે, ભક્તિ કરે, પૂજા કરે, લાખો, કરોડો રૂપિયાના દાન કરે, ધર્મશાળાઓ બનાવે... લ્યો ! વળી શેઠનું યાદ આવ્યું, શેઠે ન્યાં ધર્મશાળા બનાવી છે ને સાગરમાં ? ત્યાં હતાને અમે ! ઉદ્ઘાટન થયું ને ? તમારી ધર્મશાળા. ત્રણ લાખની ધર્મશાળા બનાવી. એ કહે છે કે બધું પુણ્ય છે, રાગની મંદતા છે. પણ એ પુણ્ય સમ્યગ્દર્શન વિના (પરિભ્રમણનું કારણ છે). આહા..હા..! સમ્યગ્દર્શન નથી તો એ પુણ્યથી તો સ્વર્ગ આદિ, રાજાદિ (પદવી) મળશે. કહેશે હમણાં. આ તો હજી ૫૮ મી ચાલે છે ને ?

૬૦ (ગાથામાં) કહેશે. પુણ્યથી વૈભવ આ બહારની ધૂળ મળશે. અબજો રૂપિયા ! પ્રારબ્ધની સુધી. હવે અબજો સુધી ગયું છે, પહેલા તો પ્રારબ્ધ હતું. સો કરોડનો અબજ ને સો અબજનો ખર, ખર, નિખર્વ, મહાપદ્મ, ... અમારા વખતમાં અઢાર બોલ, પ્રારબ્ધ સુધી હતું. સો અબજનો ખર્વ, સો ખર્વનો નિખર્વ, ખર્વ, નિખર્વ, મહાપદ્મ. ... ૧૮ મો બોલ છે. એ કહે છે કે અબજો રૂપિયા દિવસના પેદા કરતો હોય તોપણ શું ? એ સમ્યગ્દર્શન વિના પુણ્યથી એને મદ ચડશે, અભિમાન થશે. સ્વભાવની દૃષ્ટિનું અધિકપણું ભાસ્યું નથી એથી એનાથી એને પુણ્યનું અધિકપણું ભાસશે. આહા..હા..! એને મદ ચડશે. ૬૦ મી ગાથામાં કહેશે. છે ને ૬૦ મી ? જુઓ ! ૬૦ મી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'पुण्णेण होइ विहवो'** આપણે આ ચાલે છે ૫૮ એની ૬૦, છે ? ૬૦, ૬૦. **'पुण्णेण होइ विहवो'** અજ્ઞાનીને પુણ્યથી તો વૈભવ–બહારની ધૂળ મળશે. આહા..હા..! અને વૈભવથી મદો–એ વૈભવથી એને મદ ચડશે. અહીં તો એ (વાત છે). નાગા બાદશાહ છે દિગંબર, એને કાંઈ જગતની પડી નથી. બાદશાહ નાગા બાદશાહ, કહે છે ને બાદશાહથી આઘા. આહા..હા..! કહે છે કે પુણ્યથી વૈભવ ને વૈભવથી મદ અને મદથી મતિ ભ્રષ્ટ થશે. આહા..હા..! **'मइ-मोहेण य पावं'** એ મતિ મોહથી પાપ કરીને **'ता पुण्णं अम्ह मा होउ'** આચાર્ય કહે છે કે એવું પુણ્ય અમને ન હશો. નીચે અર્થમાં છે. છે ભાઈ ? નીચે.

**'પુણ્યસે ઘરમેં ધન હોતા હૈ,...'** નીચે અર્થ છે. પુણ્યથી પુણ્યથી ધન (મળે છે), હોં! તમારે પુરુષાર્થથી નહિ. આહા..હા..! છે ભાઈ ? છે ? 'શોભાલાલજી' ! ૬૦ મી ગાથા છે ? **'પુણ્યસે ઘરમેં ધન હોતા હૈ, ઔર ધનસે અભિમાન,...'** થાય છે. અમે અબજોપતિ, અમે કરોડોપતિ, અમારી દુકાનો આમ ચાલે, પાંચસો, પાંચસો માણસો કામ કરે. આહા..હા..! અમારા 'પોપટભાઈ' છે ને ? આ 'પોપટભાઈ'ના સાળા હતા (એની પાસે) બે અબજ ને ચાલીશ કરોડ (હતા). આ 'પોપટભાઈ' બેઠા, એમના સાળા 'શાંતિલાલ ખુશાલ' બે અબજ ચાલીશ કરોડ. એની બેન છે એમના ઘરે. બે દીકરીઓ છે ને બ્રહ્મચારી ? પછી એકવાર 'પોપટભાઈ'એ એના સાળાને કહ્યું. પૈસા ઘણા બે અબજ ચાલીશ કરોડ. હવે શું કરવા પણ તમે આટલું બધું કરો છો ? પૈસા ઘણા. આ 'પોપટભાઈ' એમની બે દીકરીઓ આપણે ત્યાં બાળ બ્રહ્મચારી છે. ૬૪ માં. આહા..હા..! પછી જવાબ આપે છે. પૈસાના અભિમાન ચડી ગયેલા, જવાબ આપે છે, શું અમે રળવા માટે આ કરીએ છીએ ? હજારો માણસો પોષાય છે માટે આ ધંધો કરીએ છીએ. એ... 'શેઠ' ! એમ જવાબ આપે છે. આ 'પોપટભાઈ'. હજારો માણસો (કામ કરે). કારણ કે મોટો ગૃહસ્થ માણસ. ચાલીશ લાખના તો બંગલા છે. દસ, દસ લાખના બે છે. સાંઈઠ સાંઈઠના ત્રણ તો બંગલા છે. આહા..! ધૂળમાંય નથી કાંઈ. એ પાંચ મીનીટમાં મરી ગ્યો, લ્યો ! હાર્ટફેઈલ. એ તો મદ ચડ્યો એમ બતાવીએ છીએ. અભિમાન થઈ જાય કે અમે તો કંઈકના પોષણ કરીએ છીએ. મીલના માલિકો એમ માને કે આ મીલમાં હજારો માણસો પોષાય છે ને. તારી મમતાને લઈને કરે છે એ માનતો નથી. આહા..હા..!

શ્રોતા :– પરોપકાર બતાવ્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, કરીએ છીએ. ધૂળેય નથી, મમતા તારી છે. સાંભળ ને ! મતિ ભ્રષ્ટ થઈને મદ ચડે છે કહે છે. છે ? **'બુદ્ધિકે ભ્રમ હોનેસે...'** દેખો ! બુદ્ધિ ભ્રમ થાય છે. ધનથી અભિમાન અને અભિમાનથી બુદ્ધિ ભ્રમ. **'બુદ્ધિ ભ્રમ હોનેસે (અવિવેકસે) પાપ હોતા હૈ, ઇસલિયે એસા પુણ્ય હમારે ન હોવે.'** ભાઈ ! 'ભભુતમલજી'! છે ગાથા ? આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ 'પરમાત્મપ્રકાશ' છે. ભગવાન પરમાત્મ સ્વરૂપ ! એક સમયની વર્તમાન પર્યાયમાં અલ્પજ્ઞતા હોવા છતાં એની વસ્તુ છે એ તો અનંત જ્ઞાન, અનંત આનંદ, જ્ઞાયકભાવથી પરિપૂર્ણ છે. એની સન્મુખનો અનુભવની પ્રતીતિ વિના એવા પુણ્ય અમને ન હજો. આહા..હા..! સમ્યગ્દર્શન વિનાના પુણ્ય છે એ અમને ન હશો. પછી કહેશે, સમ્યગ્દર્શન હોય ત્યાં પુણ્ય થાય પણ એ પુણ્ય એને નરકમાં ન લઈ જાય, એ પુણ્ય સ્વર્ગમાં લઈ જાય ન્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જશે. સમજાણું કાંઈ ?

***આ 'શ્રીમદ્ રાજચંદ્ર' લ્યો ! ગૃહસ્થાશ્રમમાં હતા. ઝવેરાતનો ધંધો (હતો). લાખોના ધંધા મોટા (હતા) પણ અંદરમાં ભાન હતું સમ્યગ્દર્શન (હતું). દેહ છૂટીને સ્વર્ગમાં ગયા છે પણ ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જશે.*** સમજાય છે કાંઈ ? આહા..! પોતે લખે છે, 'શેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે,' હજી અસ્થિરતાનો રાગ બાકી રહે છે પણ 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.' 'ભભુતમલજી' ! આહા..! ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દર્શન છે, આત્માનું ભાન છે. આહા..હા..! 'અશેષ કર્મનો (ભોગ છે)' રાગ હજી બાકી છે એ ટળતો નથી, અમારો પુરુષાર્થ ઓછો છે. 'તેથી દેહ એક ધારીને...' દેહ ધારવો પડશે. સ્વર્ગ સિવાય, હોં ! સ્વર્ગનો દેહ તો એક ધર્મશાળા છે પછી મનુષ્યનો દેહ (પામશે). 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે...' આહા..હા..! 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.' અમારો સ્વદેશ આત્મ ધામમાં અમે પેસી જાશું. આહા..હા..! અને મિથ્યાદૃષ્ટિ ક્રિયાકાંડ પંચ મહાવ્રત આદિ પાળીને અનંત વાર નવ ગ્રૈવેયક જાય છે પણ પાછા ન્યાંથી મરીને મનુષ્ય, ન્યાંથી મરીને ઢોર અને મરીને નરક ને નિગોદમાં (જાય છે). આહા..હા..! સમજાય છે કાંઈ ? એવું સમકિતનું માહાત્મ્ય છે ને એવી મિથ્યાત્વની નીચતા–હલકાઈ છે. આહા..હા..!

શ્રોતા :– વેદનીય કર્મ તો કેવળીને પણ વેદવું પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોઈ વેદતા નથી, કેવળી શું વેદે ? - કેવળી તો અનંત આનંદ વેદે છે. શાતાનો જરીક ઉદય છે એ તો અનંતમાં ભાગના રજકણો (છે). મોટો દરિયો ભર્યો હોય એમાં એક જરી આટલી ચપટી રાખ દેખાય ? એમ અંદરમાં રજકણો જરી પ્રતિકૂળ થોડા હોય પણ એને વેદન નથી. વેદન તો અતીન્દ્રિય આનંદનું વેદન છે.

કેવળીને ક્ષુધા ન હોય, તૃષા ન હોય, રોગ ન હોય ! શ્વેતાંબર માને છે તદ્દન ઉલટુ - ઊંધુ છે. સમજાણું કાંઈ ? મહાવીર ભગવાનને છ મહિના રોગ રહ્યો. અને આહાર લેવા ગયા. ... લાવ્યા ત્યારે ખાધો.... બધી કલ્પનાઓ. એ.. 'શાંતિભાઈ' ! આ બધા એના ત્યાં અગ્રેસરો હતા. જ્યાં-ત્યાં બેસે ને પછી વાતું કરે, એની પુષ્ટિ આપતા. હવે ફરી ગયા. અરે..રે..! જિંદગી અમારી મફત ચાલી ગઈ. 'શાંતિભાઈ' ત્યાં 'કલકત્તા' માં કરતા ? તમે તો 'દિલ્હી' છે ? 'દિલ્હી'. 'બેંગલોર', 'બેંગલોર'. આ તો 'કલકત્તા'માં. ભાઈ ! આહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અરે..રે..! બાપુ ! જેને આત્મદર્શન વસ્તુ શું ચીજ છે એની જેને ખબર પણ નથી એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરે કહે છે કે એના પુણ્ય ફળમાં કદી રાજ આદિ, સ્વર્ગ આદિ મળે પછી તો નરક, નિગોદમાં જાશે. આહા..હા..! એ કહે છે, જુઓ ! અમને એવું પુણ્ય ન હો. આહા..હા..! મુનિને ખબર છે કે અમે અહીંયાંથી સ્વર્ગમાં જવાના છીએ. પંચમ આરાના મુનિ છે એનો મોક્ષ તો નથી, ખબર છે પણ એ પુણ્ય અમારા સમ્યગ્દર્શન સહિત હેયબુદ્ધિએ આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આત્માના સુખના આદરમાં એ પુણ્યનો ભાવ હેય ને દુઃખરૂપ લાગે છે. એમાં પુણ્ય આવે છે ખરું. એના ફળ તરીકે સ્વર્ગ આદિ થશે. ત્યાંથી છેલ્લો ભવ અમારો મનુષ્યનો હો કે ત્યાં ભલે રાજમાં ઉપજીએ પણ પછી અમે મુનિપણું લઈને કેવળજ્ઞાન પામશું. આહા..હા..! લોકોને કિંમત (નથી), સમ્યગ્દર્શન શું છે એની કિંમત નથી. આહા..! બહારનો ત્યાગ ને વ્રત ને તપ ને આ લાંઘણું કરે ને એની. આહા..હા..! એના વખાણ (કરે). એણે આટલા અપવાસ કર્યા ને એણે આટલું કર્યું ને... જુઓને ! અહીં છે ને ? શું કહેવાય ? ઉપધાન કર્યા છે. માળા પહેરાવવાના છે. 'પાલીતાણા'. સવાસો માણસ (ભેગા થયા). અરે..રે..! ઉપધાન કરે છે ને ?

શ્રોતા :– એમાં સમકિતનો ઉપચાર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શેના ઉપચાર સમકિતના ? શ્વેતાંબરમાં એવું આવે (છે), દીક્ષા દે એને દ્રવ્યસમકિતનો ઉપચાર કરે. સમકિતના ઉપાચર થાતા હશે ? આહા..હા..!

અહીં આચાર્ય કહે છે. ૫૮ ચાલે છે ને ? **ભાવાર્થ :– 'નિર્દોષ નિજ પરમાત્મકી અનુભૂતિકી રુચિરૂપ...'** આહા..હા..! ભગવાનઆત્મા કેવો છે ? પવિત્ર નિર્દોષ છે. આહા..હા..! પુણ્ય ને પાપના દોષો પણ એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..! નિર્દોષ નિજ પરમાત્મા પાછા, હોં ! તીર્થંકર કેવળી થઈ ગયા એ તો એના પરમાત્મા. આહા..હા..! નિર્દોષ પવિત્ર નિજ આત્મા પરમાત્મા. અહીં 'પરમાત્મપ્રકાશ' છે ને ? **'નિજ પરમાત્મકી અનુભૂતિ...'** આહા..હા..! અંતર આત્મા પૂર્ણાનંદ પ્રભુ એને અહીંયાં પરમાત્મા કહ્યો. આહા..હા..! પરમ સ્વરૂપે બિરાજમાન ભગવાન પરમાત્મા છે. આહા..હા..! નિજ પરમાત્માની અનુભૂતિ–એ પરમાત્માનો અનુભવ થઈને. જોયું ? જે ચીજ છે તેને અનુસરીને દશા થઈ. આહા..હા..! એની રુચિરૂપ એની રુચિ.

**'તીન ગુપ્તિમયી જો નિશ્ચયચારિત્ર ઉસસે અવિનાભાવી...'** એ સાથે એટલું રાગ વિનાનું ચારિત્ર હોય છે ને ! **'(તન્મયી) જો વીતરાગનિશ્ચયસમ્યક્ત્વ...'** આહા..હા..! **'વીતરાગનિશ્ચયસમકિત ઉસકે સન્મુખ હુઆ. હે જીવ,...'** એ સમકિતસહિત થયો એવો હે જીવ... આહા..હા..! નિજ પરમાત્માની સન્મુખ થયેલી જે દૃષ્ટિ. આહા..! એ સમકિતથી સહિત થયો એવો **'હે જીવ, જો તૂ મરણ ભી પાવે,...'** આહા..હા..! **'તો દોષ નહીં,...'** તોપણ દોષ નથી. કારણ કે સ્વર્ગમાં જાશે, ન્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જશે. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'શ્રેણિકરાજા' સમ્યગ્દર્શન પામ્યા. રાજ હતું, હજારો રાણીઓ હતી. આહા..હા..! પણ સમ્યગ્દર્શન ક્ષાયિક પામ્યા. આહા..! અને જરી શુભ વિકલ્પ આવ્યો તો તીર્થંકર ગોત્ર બાંધ્યું. તો સમકિત સહિત જે હતા. આહા..હા..! પણ પહેલું નરકનું આયુષ્ય બંધાય ગયેલું. મુનિની અશાતના કરેલી એમાં સાતમી નરકનું આયુષ્ય બંધાય ગયેલું. ઇ અહીં સમકિત પામ્યા ત્યાં ૩૩ સાગરનું આયુષ્ય તોડી નાખ્યું. ચોરાશી હજાર વર્ષનું રહ્યું. કેમકે ઘી, લોટ ને સાકરનો લાડવો જે બન્યો હોય એ કાંઈ લાડવામાંથી ઘી નીકળીને નવી રોટલી ન થાય. લોટ નીકળીને રોટલી ન થાય. ઘી નીકળીને પૂરી (ન થાય). એ તો ખાધે છૂટકો. એમ એકવાર આયુષ્ય બંધાય ગયું હોય એની સ્થિતિ ઘટે. સમકિત પામતા સ્થિતિ ઘટી ગઈ. ૩૩ સાગરનું બાંધ્યું (હતું) એ ચોરાશી (હજાર વર્ષમાં) રહી ગયું. આહા..હા..!

સમ્યગ્દર્શન પામ્યા. હજારો રાણી હતી, બધું કુટુંબ મોટું રાજ (હતું). આહા..હા..! અને ભગવાનના સમવસરણમાં તીર્થંકર ગોત્ર બાંધ્યું. આહા..હા..! પછી અત્યારે નરકમાં ગયા છે પણ ત્યાંથી નીકળીને તીર્થંકર થવાના છે. આહા..હા..! જેનો જન્મ થશે તો ત્રણલોકમાં જરી શાતાનો ખળભળાટ થઈ જશે. શાતા.. શાતા.. શાતા (થઈ જશે). એ સુખની શાતા, પેલું (અતીન્દ્રિય) સુખ નહિ. આહા..હા..! જુઓ ! એ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય !!

જેને રાગ છૂટ્યો નથી, વ્રત નથી, તપ નથી, ચારિત્ર નથી પણ એક આત્માનો અનુભવ ને દૃષ્ટિ (થયા છે). આહા..હા..! એ અતીન્દ્રિય આનંદના સ્વાદમાં જે રુચિ થઈ છે, એ એવી રુચિ છે... આહા..હા..! કે તેમાં પૂર્ણાનંદનો સ્વીકાર છે. આહા..! એને જરી સમકિત પહેલા આયુષ્ય બંધાય ગયેલું (તો) નરકમાં ગયા છે. ચોરાશી હજાર સ્થિતિએ (ગયા છે), અઢી હજાર વર્ષ ગયા. હજી સાડી એક્યાશી (હજાર વર્ષ) બાકી છે. પહેલી નરકમાં છે. આહા..હા..! અહીં અબજોપતિ બધા બાદશાહી સેવતા હોય, પેલો ન્યાં નરકમાં પડ્યો છે પણ ન્યાંથી (નીકળીને) તીર્થંકર થશે.

વેદના છે, જેટલો રાગ છે એટલું વેદન છે. જેટલો રાગ ગયો એટલું સુખ છે. મિથ્યાત્વ ને અનંતાનુબંધીનો રાગ ગયો છે એટલું સુખ છે. બાકી બીજા ત્રણ કષાય છે એટલું હજી (દુઃખ છે). આહા..હા..! આ તો વસ્તુની સ્થિતિ એવી છે. એ તીર્થંકર ત્રણલોકના નાથ, નરકમાંથી આવ્યા પહેલા એની માતા પાસે ઇન્દ્રો આવીને છ મહિના પહેલા તો એના પેટ સાફ કરશે. આહા..હા..! એ સમ્યગ્દર્શન સહિત પુણ્યના ફળ છે. આ..હા..હા..! અજ્ઞાનીના સમ્યગ્દર્શન વિનાના પુણ્ય, ભોગમાં આસક્તિ કરીને મરીને ચાલ્યા જવાના. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'જો તૂ મરણ ભી પાવે, તો દોષ નહીં, ઔર ઉસ સમ્યક્ત્વકે બિના...'** વિમુખ શબ્દ છે ને ? પેલામાં સન્મુખ છે પણ સન્મુખ એટલે સહિત ને વિમુખ એટલે રહિત. **'સમ્યક્ત્વકે બિના મિથ્યાત્વ અવસ્થામેં...'** દેખો ! આહા..હા..! જેની શ્રદ્ધા જ વિપરીત છે હજી. પુણ્યથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ધર્મ થાય, વ્રત કરતા કરતા કલ્યાણ થાય, એ પુણ્યના ભાવ કરતાં કરતાં આગળ વધાય એવી જેને મિથ્યા શ્રદ્ધા છે... આહા..હા..! ઉપદેશમાં પણ એ કહે, આ વ્રત ને તપ ને આ કરો (તો) તમારું કલ્યાણ થશે ! એ મિથ્યા શ્રદ્ધા છે. આહા..હા..!

અરે..! ચોરાશીના અવતારમાં બાપુ ! એક એક યોનીના એણે સમકિત વિના અનંત અવતાર કર્યા છે. એ મિથ્યાત્વનો પ્રતાપ છે. આહા..હા..! સમકિતનો પ્રતાપ આ છે. જેને કોઈ વર્તમાન નિર્ધનતા હોય, નરક હોય, તિર્યંચમાં અવતર્યા છે. લ્યોને સમકિતી છે. તિર્યંચમાં અત્યારે અસંખ્ય તિર્યંચ સમકિતી છે. આહા..હા..! તોપણ ત્યાંથી સ્વર્ગમાં જાશે, ન્યાંથી મનુષ્ય થઈને કેટલાય મોક્ષ જવાના છે. આહા..હા..! અને આ સમકિત વિનાના પુણ્ય બાંધ્યા હોય એ ભલે રાજા આદિ થાય, પેલો ઢોર છે ને આ રાજા માણસ છે પણ એ મરીને ભોગની વાંછામાં મિથ્યાત્વમાં પુણ્ય બાંધ્યા છે એ ઇચ્છાના પ્રેમમાં, પુણ્યના પ્રેમમાં એના ફળમાં એનો પ્રેમ (એને) છૂટતો નથી. આહા..હા..!

મિથ્યાદષ્ટિ જીવ **'પુણ્ય ભી કરે તો અચ્છા નહીં હૈ.'** છે ? આહા..હા..! દષ્ટિમાં જેને મિથ્યાત્વ છે એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, પુણ્ય કરે પણ એ સારુ નથી, એમ કહે છે. આવી વાતું, બાપુ ! આ તો કો'ક દી' આવી વાત (આવે). આ તો જગતના એટલા ભાગ્ય કે આવી વસ્તુ રહી ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..! કહે છે, મિથ્યાદષ્ટિ પુણ્ય કરે તોપણ સારુ નથી, એમ કહે છે. આહા..હા..!

શ્રોતા :– અવાંછક વૃત્તિએ કરે તો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– મિથ્યાદષ્ટિને અવાંછક વૃત્તિ હોય જ નહિ. દષ્ટિ મિથ્યાત્વ છે એટલે રાગની જ ભાવના છે. સમકિતીને અવાંછક વૃત્તિથી હોય. એ આવશે થોડું, જુઓ !

**'જો સમ્યક્ત્વ રહિત મિથ્યાદષ્ટિ જીવ પુણ્ય સહિત હૈં, તો ભી પાપી હી કહે હૈં.'** છે ? અરે..! સમ્યગ્દર્શન ને મિથ્યાદર્શન શું ચીજ છે એની મૂળની વાતની ખબરું ન મળે અને ઉપરના બધા ઝાડ, પાંદડા તોડે ! મોટી આંબલી હોય ને આંબલીના ઝાડ ? લાખો પાંદડા તોડે પણ પછી મૂળ તો સાજા છે. પંદર દિ'એ પાછા પાંગરી જાશે. એમ મિથ્યાદષ્ટિ આ વ્રત કરે ને તપ કરે ને ઉપરના પાંદડા તોડે પણ મિથ્યાત્વનું મૂળ તો ત્યાં સાજુ છે. આહા..હા..! આવો ઉપદેશ જ ઓછો થઈ ગયો. 'ભભુતમલજી' ! એણે સાંભળ્યું હોય ને ઘણું. આહા..હા..! અરે..રે..! એનો એણે વિરોધ કરવો છે. અરે..! ભગવાન ! આહા..!

શ્રોતા :– ચરણાનુયોગની શૈલી શું છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ચરણાનુયોગના ઉપદેશમાં શું છે ? ચરણાનુયોગનો સાર તો વીતરાગતા છે. વ્રત આદિનું જ્ઞાન કરાવે પણ સાર તો એનો વીતરાગતા છે. ચરણાનુયોગનો વ્યવહાર કરે એ કાંઈ ધર્મ છે ? એ કહે છે ને કે ચરણાનુયોગ પ્રમાણે અમે આચરણ કરીએ છીએ માટે અમે સાધુ છીએ. ચરણાનુયોગનો વ્યવહાર છે એ સાધુપણું છે જ નહિ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એને તો ચરણાનુયોગનું આચરણ જેને સમ્યગ્દર્શન ને વીતરાગભાવ સહિત છે એને એવો ભાવ આવે છે એવું એને ચરણાનુયોગ બતાવે છે. આહા..હા..! બીજું શું થાય ? અરે..! નિરાધાર અશરણ (છે). ભગવાન ચિદાનંદ અંદર શરણ છે એને શોધતો નથી, ગોતતો નથી અને આ કરું ને આ કરું ને આ કરું... આહા..હા..! કહે છે કે એ પાપી જ છે.

**'મિથ્યાદૃષ્ટિ જીવ પુણ્ય સહિત હૈં, તો ભી પાપી હી કહે હૈં.'** આહા..હા..! 'ગોમ્મટસાર'માં તો મિથ્યાદૃષ્ટિને અશુભભાવ જ કીધો છે, શુભભાવ કીધો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? સમ્યગ્દૃષ્ટિને શુભભાવ કહ્યો છે. આહા..હા...! **'પાપી હૈં. તથા જો સમ્યક્ત્વ સહિત હૈં, વે પહલે ભવમેં ઉપાર્જન કિયે હુએ પાપકે ફલસે દુઃખ-દારિદ્ર ભોગતે હૈં,...'** આહા..હા..! સમ્યગ્દર્શન સહિત છે અને વર્તમાનમાં દરિદ્ર છે. પચ્ચીસ રૂપિયા પેદા કરવા (હોય તોપણ) ન કરી શકે. છે ? દરિદ્ર છે અને દુઃખ (ભોગવે), બહારની પ્રતિકૂળતાનો પાર નહિ. શરીરમાં રોગ હોય, સ્ત્રી મળે નહિ, પુરુષ સેવા કરનારના નોકર ન હોય, માણસ ન હોય, પૈસા ન હોય, આહા..હા..! એ દુઃખી હોય તોપણ... આહા..હા..! **'પુણ્યાધિકારી હી કહે હૈં.'** છે ? પુણ્યનો અધિકારી છે. મરીને એ સ્વર્ગમાં જવાના. અહીં ભલે દરિદ્રી હોય, તમે મોટા શેઠિયાઓ કરોડપતિ દેખાય અને પેલો ગરીબ માણસ હોય, રોટલા માટે માંડ પચ્ચીસ રૂપિયા મહિને મળતા હોય ! આહા..હા..! બાયડી-ભાયડો બે હોય, લુગડા જીર્ણ (હોય), ગરીબ માણસ (હોય) પણ એ પુણ્યનો અધિકારી છે. આહા..હા..! એના પુણ્ય એવા થશે કે એને સ્વર્ગ (મળશે અથવા) મોટા રાજા થશે. સમજાણું કાંઈ ?

વર્તમાનમાં દુઃખ ને દારિદ્ર ભોગવે છે. આહા..! રહેવાના મકાન મળે નહિ, કાંટાની વાડ કરી ને ખડના પુળા નાખીને કુબામાં રહેવું પડતું હોય. એ..ઇ..! કુબા કહે છે ને કુબા ? ઘાસના બનાવે છે ને ? અંદર રહે. બિચારા ગરીબ માણસ હોય પણ સમકિતી છે તો એ પુણ્યનો અધિકારી છે. આહા..હા..! અને ચાલીશ ચાલીશ લાખના બંગલામાં સૂતા હોય પણ એ બધા મિથ્યાદૃષ્ટિ પાપના અધિકારી છે. આહા..હા..!

અનંત જ્ઞાન ને અનંત આનંદ સંપન્ન પ્રભુ છે. આહા..હા..! એની દૃષ્ટિ થવી એ તો અલૌકિક વસ્તુ છે. દ્રષ્ટિ ભલે પર્યાય છે પણ એનો વિષય છે એ તો પરમાત્માનો છે. આહા..હા..! આખો પરમાત્મા એ દૃષ્ટિનો વિષય છે. આહા..હા..! હવે આવો ઉપદેશ. 'ભભુતમલજી' ! આ બધી પુણ્યની ક્રિયાની ભભૂત લગાવી દે. એને તો હવે પ્રેમ છે ને ! આ તો વસ્તુ જુદી છે, બાપા ! જરીક બેસે નહિ ઘટમાં પણ બેસાડવી જોશે એને. આહા..!

શ્રોતા :– દૃષ્ટિ દૃષ્ટિને નહીં પણ પરમાત્માને પકડે છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– પરમાત્મા છે. દૃષ્ટિ પર્યાય છે એ પકડે છે પર્યાયને નહિ, પરમાત્માને (પકડે છે). આહા..હા..! ભાઈ ! આ વાતું નથી. આ તો વીતરાગના માર્ગના રહસ્ય છે. આહા..! ભલે દુનિયા માને ન માને. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'દારિદ્ર ભોગતે હૈં, તો ભી પુણ્યાધિકારી હી કહે હૈં.'** શાસ્ત્રમાં એને પુણ્ય અધિકારી કહ્યા છે. **'ઇસલિયે જો સમ્યક્ત્વ સહિત હૈં, ઉનકા મરના ભી અચ્છા. મરકર ઊપરકો જાવેંગે...'** મરીને સ્વર્ગમાં જાશે, વૈમાનિક દેવ થાશે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ મરીને મનુષ્ય નહિ થાય તેમ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષમાં નહિ જાય, નરક ને તિર્યંચમાં નહિ જાય. આયુષ્ય નથી બંધાણું એની વાત છે. સમજાય છે કાંઈ ? આહા..હા..! **'ઊપરકો જાવેંગે...'** વૈમાનિક દેવ (થશે). આહા..હા..!

'શ્રીમદ્ રાજચંદ્ર' લ્યો ! સ્વર્ગમાં છે, વૈમાનિકમાં છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જશે. એના ભક્તો કેટલાક એમ કહે છે મહાવિદેહમાં ગયા. મહાવિદેહમાં તો મિથ્યાદૃષ્ટિ જાય. શું કરે છે તું આ ? મનુષ્ય મરીને મનુષ્ય તો મિથ્યાદૃષ્ટિ થાય. સમકિતી મનુષ્યમાં જાય ? તેથી અહીં ઉપર જાય એમ કહ્યું. આમ ન જાય. ***આહા..હા..! લોકોને રાગના પ્રેમમાં સત્ય શું છે, સિદ્ધાંત ક્યાં તૂટે છે એની ખબર ન મળે. આહા..હા..!***

શ્રોતા :– વિદેહક્ષેત્રમાં તો ભગવાન બિરાજે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભગવાન બિરાજે તો શું છે ? વિદેહમાં અનંતવાર ગયો છે અને મનુષ્ય મરીને મનુષ્ય થાય તો મિથ્યાદૃષ્ટિ થાય, સમકિતી મનુષ્ય મરીને મનુષ્ય થાય નહિ. સમકિતી નારકી પણ મરીને મનુષ્ય જ થાય, તિર્યંચ ન થાય. દેવ મરીને સમકિતી મનુષ્ય થાય, તિર્યંચ ન થાય. મનુષ્ય મરીને સ્વર્ગમાં જ જાય. એ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, નરક, તિર્યંચમાં ન જાય. આહા..હા..!

શ્રોતા :– આ તો બધું અત્યારે ક્રમસર થઈ ગયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ક્રમસર જ છે. ક્રમસરની દૃષ્ટિ ક્યાં છે એની ? ક્રમસરના માનનારની દૃષ્ટિ ક્યાં છે ? એને ક્રમસર બેઠું છે. વાતું કરી છે એણે ક્રમસરની ? સમજાણું કાંઈ ? આવું ક્રમસર થાય છે એની દૃષ્ટિ ક્યાં છે ? પરમાત્મા ભગવાન ઉપર દૃષ્ટિ છે એને આ ક્રમસર આવી ગયું છે. આવી વાત છે, બાપુ ! દુનિયાની સાથે મેળ ન ખાય. આહા..હા..!

સમકિત વિના મહાવ્રત પાળે, અઠ્યાવીસ મૂળગુણ પાળે તોપણ હજી પાપી છે કહે છે. આહા..હા..! સમકિત સહિત દરિદ્ર હોય, નિર્ધન હોય, વાંઢો હોય વાંઢા સમજો છો ? સ્ત્રી વિના. કોઈ સ્ત્રી આપતું ન હોય. આહા..હા..! આંખે કાણો હોય, એકાદ આંખ હોય ને બીજી આંખ ન પણ હોય અને સમકિત હોય. કોઈ કન્યા પણ ન આપે પણ છે પુણ્યનો અધિકારી. મોટા દેવ થવાના છે. સમજાણું કાંઈ ? અને સમકિત વિનાના બધા પુણ્યના થોથા ખાય છે... એ.. 'દેવાનુપ્રિયા' ! એને ન્યાં બધું પુણ્યનું છે. ભાડુ ઊપજે છે. એકલા છે તો ભાડુ ખાય. ભાડુ ખવાતું હશે ? રાગ, રાગ (ખાય છે). આહા..હા..!

અહીં આચાર્ય કહે છે. શ્લોક બહુ સરસ છે. 'ભભુતમલજી' ! **'સમ્યક્ત્વ રહિત હૈં, ઉનકા પણ્ય-કર્મ ભી પ્રશંસા યોગ્ય નહીં હૈ.'** છે ? જે સમકિત રહિત છે, તેના પુણ્ય-

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કર્મ એટલે પુણ્ય પૂર્વનું પુણ્ય ને વર્તમાન શુભભાવ એ પ્રશંસા યોગ્ય નથી. **'વે પુણ્યકે ઉદયસે ક્ષુદ્ર (નીચ) દેવ...'** આહા..હા..! **'તથા ક્ષુદ્ર મનુષ્ય હોકે...'**, મિથ્યાદષ્ટિ પુણ્ય કરશે તો હલકા ગરીબ માણસમાં અવતરશે. આહા..હા..! **'સંસાર-વનમેં ભટકેંગે.'** જે મિથ્યાદષ્ટિ જીવ પુણ્ય કરે (છે) પણ પ્રશંસા યોગ્ય નથી કેમકે એનાથી નીચ દેવ ને ક્ષુદ્ર મનુષ્ય થઈને સંસારવનમાં ભટકશે.

**'યદિ પૂર્વકે પુણ્યકો યહાં ભોગતે હૈં, તો તુચ્છ ફલ ભોગકે નરક-નિગોદમેં પડેંગે.'** આહા..હા..! અબજોપતિ, કરોડોપતિ પુણ્યના ફળને ભોગવે છે પણ સમ્યગ્દર્શ વિનાના એ પુણ્ય છે. આહા..હા..! **'તુચ્છ ફલ ભોગકે નરક-નિગોદમેં પડેંગે.'** આહા..હા..! સમકિતી અહીંયા દરિદ્ર હશે તો એ સ્વર્ગનો મોટો દેવ થશે અને આ પુણ્યવંત પ્રાણી આમાં (મિથ્યાત્વમાં) હશે એ મરીને નરક ને નિગોદમાં જાશે. આહા..હા..! એવા તો અનંત ભવ કર્યા, ભાઈ ! આહા..હા..! એને જરીક થોડુ બહારનું અનુકૂળ મળે ત્યાં એને અધિકાઈ (આવીને) આકર્ષાય જાય છે. શરીર, પૈસા, આ બાયડી-છોકરા ક્યાંક ઠીક મળે ત્યાં આકર્ષાય જાય છે. આ તો ધૂળના ઢેફા છે. આહા..હા..! રૂપાળુ શરીર હોય, ભાષા મીઠી હોય, બાયડી કરોડપતિની દીકરી આવી હોય તો ઓહો..હો..! શું અમે છીએ ! શું તમે છો ? પાપી છો, સાંભળને ! આહા..હા..! અમારી મા દિવાનની બેન હતા, અમારી એવી માતા હતા, અમારા પિતા આવા હતા. પણ તારે શું છે પણ ? આહા..હા..!

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પોતે થશે ને પોતે નીકળશે એટલે એને પોતાને ખાલી થઈ ગયું. પોતે નીકળી ગયો. એને એમ કે આવા તો મરીને બધા રહેવાના છે, એમ કહે છે. અહીં રહેવાનાય નીકળવાનો છે એ કહે છે, એ રહે તો હું તો નીકળી ગયો, હું નીકળ્યો હવે પાછો આવવાનો નથી. આહા..હા..! જીણી વાતું ભારે, ભાઈ ! છે ?

**'ઇસલિએ મિથ્યાદષ્ટિયોંકા પુણ્ય ભી ભલા નહીં હૈ.'** કેમકે એમાં અંદર પુણ્યભાવની એને રુચિ છે. સમકિતીને પુણ્યભાવની રુચિ નથી એને એના ઉપર હેયબુદ્ધિ, ઝેરબુદ્ધિ છે. આહા..હા..! એની આનંદબુદ્ધિ તો ભગવાનમાં છે. આહા..હા..! સમ્યગ્દષ્ટિની સુખબુદ્ધિ તો ભગવાનમાં છે, આત્મામાં છે, પુણ્યમાં તો દુઃખબુદ્ધિ છે. અજ્ઞાનીને આત્મામાં સુખબુદ્ધિ નથી, એને પુણ્યમાં સુખબુદ્ધિ છે. આહા..હા..! પહેલા ૩૯ ગાથામાં આગળ કહ્યું હતું. અજ્ઞાની પુણ્યને ઉપાદેય માને છે એને આત્મા હેય થઈ જાય છે. આત્મા હેય (થાય છે). આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, શુભભાવને જે ઉપાદેય માને છે, એને આત્મા હેય થઈ જાય છે અને જે આત્માને ઉપાદેય માને છે એને પુણ્ય હેય થઈ જાય છે. આહા..હા..! આવો માર્ગ છે, બાપુ ! દુનિયા સાથે તો બહુ મુશ્કેલી પડે. આહા..હા..!

શ્રોતા :– જે મોક્ષની વાંછા કરે છે...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– મોક્ષની ઇચ્છા કરે એ ઇચ્છા તો સાધારણ છે. એ ઇચ્છા પણ છોડવા જેવી છે, એમ માને છે. એ આવે છે, એવું આવે છે. .... આવે છે. આહા..હા..!

શ્રોતા :– પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના !

પૂજ્ય ગુરુદેવશ્રી :– 'સુલભ ના' એટલે ? અનંત કાળમાં મળી નથી માટે 'સુલભ ના'. પણ મળી શકે નહિ એમ એનો અર્થ નથી. શું કીધું ? એમ નથી. અંદર પુરુષાર્થની ઉગ્રતાથી મળે એવું છે. અનંત કાળમાં નહિ મળી માટે સુલભ નથી એમ. પણ વસ્તુ પોતે છે, સહજ છે, સત્ છે, સત્‌થી ભરેલું છે, સત્ એ સરળ છે, સત્ તે સર્વત્ર છે, સત્ તે (સુગમ છે). આહા..હા..! (સત્‌ની) પ્રાપ્તિ સરળ છે. આ 'શ્રીમદ્' કહે છે, આ 'શ્રીમદ્' ના વાક્ય છે. સત્ સત્ છે, સરળ છે, સર્વત્ર છે, પ્રાપ્તિ તેની સુલભ છે પણ તેના સમજાવનારા ગુરુ મળવા દુર્લભ છે. ત્યાં એમ કહ્યું છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

'નજરને આળશે રે, મેં નયને ન નીરખ્યા હરિ.' નરનો નારાયણ થવાની તાકાત છે, જનનો જૈન થવાની તાકાત છે. નરનો નારાયણ થવાની તાકાત છે, જન છે તેને જિન થવાની તાકાત છે. આહા..હા..! સમજાણું કાંઈ ? જન છે એ નરક ને નિગોદને લાયક નથી. એ તો જિનને લાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એ તો પર્યાયમાં અજ્ઞાનભાવ ઉભો કરે છે એથી નરક-નિગોદ છે. વસ્તુ જિનપણું છે. જન તે જિનપણું છે, એ તો જિનપણાને લાયક છે. આહા..હા..! ભાઈ ! આ તો દુનિયાથી જુદી જાત છે, બાપુ ! આ દુનિયાના બહારના ભભકા અને એમાં મોટપ માને ! આહા..હા..! સમજાણું કાંઈ ?

**'મિથ્યાદૃષ્ટિયોંકા પુણ્ય ભી ભલા નહીં હૈ. નિદાનબંધ પુણ્યસે ભવાન્તરમેં ભોગોંકો પાકર...'** દેખો ! મિથ્યાદૃષ્ટિ છે ને ? એને દૃષ્ટિમાં નિદાન જ પડ્યું છે, પુણ્યની ઇચ્છા જ છે. **'પુણ્યસે ભવાન્તરમેં ભોગોંકો પાકર પીછે નરકમેં જાવેંગે.'** આહા..હા..! 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી. છ ખંડનું રાજ, છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ ! આહા..હા..! જ્યારે નિદાન કર્યું ત્યારે તો સમકિત પહેલા હતું. સમકિતી ચક્રવર્તી થઈ શકે મિથ્યાદૃષ્ટિને નિદાનમાં ચક્રવર્તીપણું હોય નહિ. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ હતા એમાં નિદાન કરીને દૃષ્ટિ (મિથ્યા) થઈ ગઈ. એને ચક્રવર્તીપણું હોય, મિથ્યાદૃષ્ટિને કોઈ દિ' સમકિત પામ્યો નથી એને ચક્રવર્તી પદ હોઈ શકે જ નહિ. વાસુદેવ, ચક્રવર્તી બધા સમકિત પામેલા. એ નિદાનમાં (મિથ્યાદૃષ્ટિ) થયા છે. આહા..હા..! સમજાણું કાંઈ ? શલ્ય આવ્યું ને ? નિદાન, માયા, મિથ્યાત્વ. આહા..! માર્ગ બહુ (ઝીણા), બાપા ! જન્મ-મરણ રહિતના માર્ગ છે અહીં તો. આહા..હા..!

અત્યારે એ વાત જ સાંભળવી મુશ્કેલ થઈ ગઈ અને વાત બહાર આવી ત્યાં લોકોને એ... આમ છે ને તેમ છે ને ફલાણું છે.. 'સમ્યગ્જ્ઞાન દિપીકા' ની વાત અમારે માથે નાખી કહો, વામમાર્ગી છે, કહે છે. 'સમ્યક્‌જ્ઞાન દીપિકા' માં એમ કીધું, સ્ત્રી પરને ભોગવે છતાં બહારમાં ન આવે. એ વાત ન સહન થઈ એને. એ તો 'ધર્મદાસ ક્ષુલ્લક' નું લખાણ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



૮૭ વર્ષ પહેલાની ચોપડી છે. હજી કાલ સુધી ચોપાનીયામાં આવ્યું હતું. એમને પૂછો કે આ શું છે ? પણ કોનું લખેલું છે ? આહા..હા..! શું થાય ? જગતને આ જાતની પાત્રતા ઓછી હોય ત્યાં એવું થાય. આહા..હા..!

અત્યારે તો લોકોને જિજ્ઞાસા થઈ છે હવે. સત્ય શું છે એ સાંભળવું... આહા..! પ્રેમથી સત્યને સાંભળે છે, રુચિથી એમ કહે છે કે માર્ગ તો આ બરાબર છે. આહા..હા..! એ (વિરૂદ્ધ) ન ચાલે, બાપા ! અહીં ત્રણલોકના નાથ પરમાત્માના પંથમાં એ વિરુદ્ધ ન ચાલે. આહા..! એ તો લોકોના પુણ્ય ઓછા નહિતર તો કોઈ ઇન્દ્ર - દેવ આવીને વિરોધ કરે. એવો માર્ગ (છે) પણ હવે પુણ્ય લોકોના ન હોય તો (ન થાય). 'ઋષભદેવ' ભગવાન વખતે ચાર હજાર સાધુ થયા, નહિ ? વેશ ફેરવીને બીજું કરવા માંડ્યા. દેવે આવીને એમ કહ્યું, દંડ કરશું. વેશ ફેરવી નાખો, બીજો વેશ, લ્યો ! નગ્નપણામાં બીજું કરશો તો નહિ ચાલે. આહા..! એટલા લોકોના ભાગ્ય ! દેવે આવીને રોક્યા. આહા..હા..! (અત્યારે) એટલા પુણ્ય ઓછા !

***'શ્રીમદ્ રાજચંદ્ર' જેવા સમકિતી વૈમાનિકમાં ગયા છે.. 'સોગાની' જેવા, 'નિહાલચંદભાઈ' જેવા (સ્વર્ગમાં ગયા છે). 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' આવ્યું છે ? એમ ? ઠીક ! ત્યાં આપ્યું હતું ? 'સોગાની'નું 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' છે ને ? સ્વર્ગમાં ગયા છે, વૈમાનિક સ્વર્ગ. આહા..હા..! હોય છે ને ?***

**'નિદાનબંધ પુણ્યસે ભવાન્તરમેં ભોગોંકો પાકર પીછે નરકમેં જાવેંગે. સમ્યગ્દૃષ્ટિ પ્રથમ મિથ્યાત્વ અવસ્થામેં કિયે હુએ પાપોંકે ફલસે દુઃખ ભોગતે હૈં,...'** દુઃખ એટલે પ્રતિકૂળતા આવે. **'લેકિન અબ સમ્યક્ત્વ મિલા હૈ, ઇસલિયે સદા સુખી હી હોવેંગે.'** આહા..હા..! સમ્યગ્દર્શનમાં આત્માનું સુખ છે. આહા..હા..! **'આયુકે અંતમેં નરકસે નિકલકે મનુષ્ય હોકર...'** આહા..! દેખો ! **'ઉર્ધ્વગતિ હી પાવેંગે,...'** 'શ્રેણિકરાજા' આદિ. આહા..હા..! સમકિતી નરકમાં પડ્યા છે પણ ન્યાંથી નીકળી મનુષ્ય થઈને મોક્ષ જશે કાં સ્વર્ગમાં જશે ને પછી મોક્ષ જશે. **'મિથ્યાદૃષ્ટિ જો પુણ્યકે ઉદયસે દેવ ભી હુએ હૈં, તો ભી દેવલોકસે આકર એકેન્દ્રી હોવેંગે.'** આહા..હા..! બીજા દેવલોક સુધી એકેન્દ્રિય થાય. **'એસા દુસરી જગહ ભી 'વરં' ઇત્યાદિ શ્લોકસે કહા હૈ, કિ સમ્યક્ત્વ સહિત નરકમેં રહના ભી અચ્છા,...'** 'યોગસાર'માં છે. **'ઔર સમ્યક્ત્વ રહિતકા સ્વર્ગમેં નિવાસ ભી શોભા નહીં દેતા.'** એટલું સમ્યગ્દર્શનનું માહાત્મ્ય છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૫૮ થી ૬૦, પ્રવચન નં. ૧૩૩
## તા. ૧૧-૧૧-૧૯૭૮
## [૧૭]

**'હવે વળી પૂછે છે કે આ રીતે તો વ્યવહારનય અને નિશ્ચયનયને વિરોધ આવે છે; અવિરોધ કેવી રીતે કહેવામાં આવે છે ? તેનો ઉત્તર દૃષ્ટાંત દ્વારા ત્રણ ગાથાઓમાં કહે છે :–'**

**पंथे मुस्संतं पस्सिदूण लोगा भणंति ववहारी।**
**मुस्सदि एसो पंथो ण य पंथो मुस्सदे कोई।।५८।।**
**तह जीवे कम्माणं णोकम्माणं च पस्सिदुं वण्णं।**
**जीवस्स एस वण्णो जिणेहि ववहारदो उत्तो।।५९।।**
**દેખી લૂંટાતું પંથમાં કો, 'પંથ આ લૂંટાય છે'-**
**બોલે જનો વ્યવહારી, પણ નહિ પંથ કો લૂંટાય છે; ૫૮.**
**ત્યમ વર્ણ દેખી જીવમાં કર્મો અને નોકર્મનો,**
**ભાખે જિનો વ્યવહારથી 'આ વર્ણ છે આ જીવનો'. ૫૯.**

બધા શબ્દો વર્ણથી લીધા, લ્યો ! **ટીકા :– 'જેમ વ્યવહારી લોકો, માર્ગે નીકળેલા કોઈ સાર્થને (સંઘને) લૂંટાતો દેખીને, સાર્થની માર્ગમાં સ્થિતિ હોવાથી તેનો ઉપચાર કરીને, 'આ માર્ગ લૂંટાય છે' એમ કહે છે,...'** આહા..! અમારે તો આ અનુભવ થયેલો. 'ગારીયાધાર'થી 'ઉમરાળે' જતાં એક 'પાનરાણે' આવે છે. એનું મોટું નહેરુ આવે છે, એ લૂંટારું નહેરુ કહેવાય, ભાઈ ! એટલું ઊંડું છે, છે મોટું નહેરુ પણ આમ ઊંડું છે અને પાછુ આમ ઊંડેથી ચડવાનું (છે). એટલે વચમાં કોઈ ચોર આવીને લૂંટે તો આસપાસના માણસને કાંઈ ખબર ન પડે. આહા..હા..! એવું 'પાનરાણે' છે 'ગારીયાધાર'થી 'ઉમરાળા' જતા (આવે છે). અમારી સાથે બીજા હતા. મારી તો નાની ઉંમર ને ગાડામાં બેસી ગયા. બીજા (લોકો) જોવા માટે ઉતરી ગયા. (પૂછ્યું) કેમ છે ? - કે આ માર્ગ લૂંટાય છે. લૂંટારું માર્ગ છે. માટે આપણે ગાડુ એકદમ હાંકો અને અમે હેઠે ઉતરી જઈએ છીએ અને મોઢા આગળ જોઈએ છીએ. આ તો બનેલી વાત છે. ઘણા વર્ષની, પોણો સો વર્ષ પહેલાની વાત છે. એ માર્ગ લૂંટાય છે એમ કહે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ માર્ગ લૂંટારો છે એમ બોલતા હતા. કારણ કે ત્યાં આગળ ઊંડું ઊંડું છે. આમ રસ્તો ઊંચો હોય એટલે ઊંડું ઊંડું (હોય) એટલે ન્યાં ચોર લૂંટે તો કોઈ બહારમાં ઠેઠ સુધી આવે ત્યાં સુધી ખબર ન પડે. લૂંટારો માર્ગ (કહે પણ) માર્ગ લૂંટારો નથી. આહા..હા..!

જુઓ તો ખરા દૃષ્ટાંત ! ઉપચાર કરીને આ માર્ગ લૂંટાય છે એમ કહે **'તોપણ નિશ્ચયથી જોવામાં આવે તો, જે આકાશના અમુક ભાગસ્વરૂપ...'** આકાશના અમુક ભાગસ્વરૂપ માર્ગ છે **'એવો માર્ગ તો કોઈ લૂંટાતો નથી;...'** માર્ગ કાંઈ લૂંટાતો નથી. આહા..હા..! **'તેવી રીતે ભગવાન અર્હંતદેવો...'** સર્વજ્ઞ પરમેશ્વર **'જીવમાં બંધ-પર્યાયથી સ્થિતિ...'** એક સમયની બંધ પર્યાયની સ્થિતિ દેખી. આહા..હા..! એક સમયમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, કર્મનો સંબંધ આમ એક સમય છે. ભગવાન તો ત્રિકાળી આનંદકંદ પ્રભુ છે. આહા..હા..! એમાં એ પરમાણુઓ આદિ, બંધ આદિ, ભેદ આદિ એક સમયમાં રહેનારા છે. આહા..હા..!

**'જીવમાં બંધ-પર્યાયથી સ્થિતિ પામેલાં...'** આહા..હા..! **'કર્મનો અને નોકર્મનો વર્ણ દેખીને,...'** વર્ણથી લીધું છે ને ! વર્ણ, ગંધથી લીધું છે ને ! **'કર્મનો અને નોકર્મનો વર્ણ દેખીને,...'** વર્ણની બંધપર્યાયની જીવમાં સ્થિતિ એક સમય હોવાથી **'તેનો ઉપચાર કરીને,...'** એ તો ગતિ કરતાં, પરિણમન કરતાં... કરતાં... કરતાં... આવ્યા છે. આહા..હા..! એ આત્માના સ્વભાવમાં, પર્યાયમાં ગતિ કરતાં એક સમય (માટે) આવ્યા છે. પણ એક સમયની સ્થિતિ દેખીને એ આત્માના છે એમ કહેવામાં આવે છે. એ તો વ્યવહાર છે. આહા..હા..!

અહીં તો ત્યાં સુધી કીધું ને ! 'નિયમસાર'. ચાર ભાવ છે એ આવરણ સંયુક્ત છે એમ કીધું. આહા..હા..! એ... 'દેવાનુપ્રિયા' ! ક્ષાયિકભાવ, ઉપશમભાવ, કેવળજ્ઞાન, કેવળદર્શન એ ક્ષાયિકભાવ છે. એને ત્યાં 'આવરણ સંયુક્ત' ટીકામાં પાઠ છે–આવરણ સંયુક્ત. એટલે કે એને કર્મના નિમિત્તના અભાવની અપેક્ષા આવે છે ને ! આહા..હા..! માટે તે આવરણ સંયુક્ત ગણી અને તે ભાવની ભાવના ન કરવી (એમ કહ્યું છે). આહા..હા..! પંચમ સ્વભાવભાવ ધ્રુવભાવ, ધ્રુવભાવ એમ. આહા..હા..! એની ભાવના (કરવી). એની ભાવના છે ઉપશમ, ક્ષયોપશમ ભાવ પણ પંચમ (ભાવની) ભાવના (ભાવવી), એ ભાવનાની ભાવના નહિ. આહા..હા..!

ક્ષાયિક, ક્ષયોપશમ આદિ પર્યાય છે પણ એની ભાવના નહિ. આહા..! એ તો એક ક્ષણિક અવસ્થા છે. કેવળજ્ઞાન, કેવળદર્શન પણ... આહા..હા..! ત્રિકાળી ભગવાનની પાસે એક સમયમાત્ર સ્થિતિને પામેલી (છે). આહા..હા..! માર્ગમાં લૂંટાતા દેખીને માર્ગ લૂંટાય છે. લૂંટાય તો ઉપચાર છે. એમ એની મેળાએ ગતિ, સ્થિતિ એનું ક્ષાયિકપણું, ક્ષયોપશમપણું ત્યાં આવ્યું છે... આહા..હા..! એને આત્માના કહેવા એ તો વ્યવહાર ઉપચાર છે. આહા..હા..! ગજબ વાત છે !

જીવમાં એક સમયની સ્થિતિ, બંધ પર્યાયની સ્થિતિની અપેક્ષાથી જોઈએ તો તે ઉપચાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરીને કહ્યું, **'જીવનો આ વર્ણ છે,...'** જીવના ગુણસ્થાન છે. આહા..હા..! એક સમયની પર્યાયની સ્થિતિ છે. અબંધ સ્વરૂપ ભગવાનઆત્મા એ તો ત્રિકાળ એમ ને એમ પ્રવાહ ચાલ્યો આવે છે. એમાં એક સમયની આ પર્યાયની અવસ્થાઓ જે દેખાય એ ખરેખર તો એ પોતે અવસ્થાઓ તે સમયે આવવાની યોગ્યતાથી બધી થઈ છે. રાગાદિ આ બધી. આહા..હા..! ભગવાન જ્ઞાયક સ્વરૂપની ઉપર એ તો આમ ગતિ કરતા કરતા એની સ્થિતિ પ્રમાણે આવ્યા છે. પણ એક સમયનો સંબંધ દેખીને... આહા..હા..! જીવના (વર્ણ છે એમ કહ્યું). બહુ ઝીણી વાતું, બાપુ ! આહા..હા...! પરનું તો કરી શકે નહિ પણ ક્ષાયિકભાવની ભાવના કરવાની નથી, કહે છે. આહા..! ગજબ વાત છે !

***પરને કરી શકતો નથી, રાગ કરતો નથી પણ ક્ષાયિકભાવની પર્યાયની ભાવના જીવ કરતો નથી. આહા..હા..!*** એ તો ત્રિકાળી જ્ઞાયકભાવ ભગવાન અભેદ સ્વરૂપ (છે). એ તો અહીં ભેદને ઉપાધિ કીધી ને ? અને પેલામાં પણ આવ્યું છે ને ? **'परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा'** ('સમયસાર') ૪૭ શ્લોક. આહા..હા..! **'परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा'** એને પણ છોડી દીધું. આહા..હા..! કર્તાકર્મ (અધિકારમાં) છે. પરપરિણતિ. આહા..! એક સમયની સ્થિતિ દેખીને (એના છે એમ કહેવામાં આવે છે). છે તો એ પોતે માર્ગે ચાલતા, ચાલતા અંદર આવ્યા છે, એને માર્ગે, હોં ! આહા..હા..! પણ એક સમયની સ્થિતિની મુદ્દત દેખીને એના છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..!

આ બધો સંબંધ જે શરીર, વાણી, કર્મ, ભેદ, ગુણસ્થાન... આહા..હા..! એ તો પલટતા... પલટતા... પલટતા... એને સમયે સમયની સ્થિતિ એને કારણે આમ આવ્યા છે. પણ આત્માની બંધ સ્થિતિની એક સમયમાં સ્થિતિ પામતા દેખીને (જીવના કહ્યા). છે તો એના. આહા..હા..! ભેદ, ગુણસ્થાન છે તો એના–અજીવના. આહા..! પણ ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ પરમ સ્વભાવભાવ એમાં તો એ નથી પણ એની પર્યાયમાં એક સમયની મુદ્દત દેખીને... આહા..! વ્યવહારથી એના છે એમ કીધું છે. છે તો એના (–અજીવના), આના (–જીવના) નથી. ***આહા..હા..! રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, ગુણસ્થાન, જીવસ્થાન, માર્ગણાસ્થાન એ છે તો એના (અજીવના) આહા..હા..! શું શૈલી !!*** ભગવાન ત્રણલોકનો નાથ ચૈતન્ય પરમ સ્વભાવભાવ, એ છે તો એના, પણ અહીં એક સમયની બંધની પર્યાયની સ્થિતિનો સંબંધ દેખી એના છે એમ વ્યવહારથી કહ્યા છે. આહા..હા..! આવી વાત છે, પ્રભુ ! ઓ..હો..હો..!

શ્રોતા :– આજે તો આપ ઘણી ઝીણી વાત ફરમાવો છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ આવી વાત જ આ સાદી ભાષામાં તો આવે છે. આહા..હા..!

સંઘ લૂંટાય છે, એમાં માર્ગ લૂંટાય છે એ કહેવું એ તો ઉપચાર છે. એમ એ જગતની બધી ચીજો અજીવ છે. એને કારણે ત્યાં એ પ્રકારના ભાવને પામે છે. આહા..હા..! પણ આત્માને બંધની એક સમયની સ્થિતિ દેખીને સંબંધ (કહ્યો). આહા..હા..! છે તો ભેદ ભેદના,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રાગ રાગના, કર્મ કર્મના, સંઘયણ સંઘયણના. આહા..હા..! પણ એક સમયની આમ સ્થિતિ દેખીને (જીવના કહ્યા).

પ્રભુ ત્રણલોકનો નાથ જ્ઞાયકભાવની એક સમયની પર્યાયમાં સંબંધ દેખી એને એના છે (એમ કહ્યું). છે તો એના પણ આના છે એમ એક સમયની સ્થિતિ દેખીને કહેવામાં આવે છે. આહા..હા..! ગજબ કામ કર્યું છે ને ! આ ટીકા. હવે પેલો કહે છે કે ટીકા કરીને બુરું કર્યું. ભગવાન ! ભાઈ ! એમ રહેવા દે, ભાઈ ! આવે ટાણે એમ તું અભિમાનમાં ન જા ! આહા..હા..!

ભાવલિંગી સંતો એમ કહે છે, પ્રભુ ! તું તો ત્રિકાળી ધ્રુવ પરમપારિણામિક સ્વભાવભાવ તત્ત્વ છો. ***આહા..હા..! અરે..રે..! ખરેખર તો એ ક્ષાયિકભાવ ને ક્ષયોપશમભાવની પણ પર્યાય છે એની... આહા..હા..! પણ એક સમયની સ્થિતિની અપેક્ષા ગણીને વ્યવહારથી એના કહ્યા. ગજબ કામ કર્યું છે ને ! પ્રભુ !*** ભગવાનઆત્મા અભેદ સ્વરૂપ, અભેદ સ્વરૂપ (છે), જેમાં પર્યાયનો પણ ભેદ નથી. આહા..હા..! પણ એ ભેદ એક સમયની સ્થિતિ દેખીને (જીવનો કહ્યો). છે તો ભેદ ભેદનો, છે તો રાગ રાગનો, છે તો વર્ણ વર્ણનો, છે તો ગુણસ્થાન ગુણસ્થાનના–અજીવના. આહા..હા..!

ભગવાન ચૈતન્ય સ્વરૂપ પરમાનંદની મૂર્તિ પ્રભુ અભેદ વસ્તુમાં એક સમયના ભેદને દેખીને - છે તો ભેદ ભેદનો, ગુણસ્થાન ગુણસ્થાનનો, પણ અહીં એક સમયનો આમ સંબંધ દેખીને - જીવનો વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત છે, પ્રભુ ! શું થાય ? આહા..હા..!

જેને ક્ષાયિકભાવ પણ આવરણવાળો કહ્યો કેમકે એમાં નિમિત્તની અપેક્ષા આવે છે. ભગવાનનો સ્વભાવ છે એમાં કોઈ નિમિત્તની અપેક્ષાનો કે અભાવ કે ભાવ એવું છે નહિ. એવો જ્ઞાયકભાવ, પંચમભાવ, પરમાત્મભાવ (છે). આહા..હા..! એને એક ક્ષાયિકભાવની પણ આવરણવાળા ગણીને (કહ્યું કે)... આહા..હા..! તે આત્મામાં નથી. આહા..હા..! આવ્યું ને એમાં ? 'क्षायिकभावठाणा'. ક્ષાયિકભાવના કેવળજ્ઞાન આદિ પ્રકાર આત્મામાં નથી. આહા..હા...! પણ એક સમયની ક્ષાયિક આદિ ક્ષયોપશમની પર્યાયનો ત્રિકાળની સાથે એક સમયનો સંબંધ દેખી... આહા..હા..! બંધ પર્યાયનો સંબંધ દેખી, અબંધ સ્વભાવી ભગવાનમાં આ એક સમયની સ્થિતિ દેખી એના છે એમ વ્યવહારથી કહ્યું છે. આહા..હા..! આવો માર્ગ છે.

**'જીવનો આ વર્ણ છે' એમ વ્યવહારથી જણાવે છે, તોપણ નિશ્ચયથી સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે...'** ભગવાનઆત્મા એનો તો ત્રિકાળી અમૂર્ત સ્વભાવ (છે). અમૂર્ત (સ્વભાવ) તો ધર્માસ્તિકાયમાં (પણ) છે પણ **'ઉપયોગગુણ વડે અન્યદ્રવ્યોથી અધિક છે...'** આહા..હા..! જાણન-દેખન સ્વભાવથી... આહા..હા..! એ બધા ભેદ આદિથી અધિક નામ ભિન્ન છે. આહા..હા..! **'ઉપોયગગુણવડે અન્યદ્રવ્યોથી અધિક છે...'** આ બધા અન્યદ્રવ્ય કહેવામાં આવ્યા.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા..! 'નિયમસાર'માં તો ક્ષાયિકભાવને પણ પરદ્રવ્ય કીધું. આહા..હા..! ત્રિકાળી ભગવાન પરમાત્મ સ્વરૂપ એમ ને એમ બિરાજે છે. આહા..હા..! એની અંદરમાં પર્યાયની એક સમયની સ્થિતિ દેખીને એ ક્ષાયિકભાવ જીવનો છે એમ વ્યવહારથી કહે છે. આહા..હા..! આવી વાત છે. ઓ..હો..હો..! શું જિનેશ્વર ત્રિલોકનાથની વાણી ! અને સંતોએ... આહા..હા..! જગતને પંચમ આરાના પ્રાણીની સમક્ષ જાહેર કર્યું.

પ્રભુ ! તું તો જ્ઞાયકભાવથી ભરપુર એવો અખંડાનંદ પ્રભુ છો ને ! એમાં એક સમયની આ બધી દશાઓ, ક્ષાયિક - ક્ષયોપશમદશા પણ એક સમયની અવસ્થા છે. આહા..હા..! એક સમયની અવસ્થાનો ત્રિકાળીમાં સંબંધ દેખીને એ જીવના છે એમ કહ્યું છે, છે નહિ એના. આહા..હા..!

રાગ ને દ્વેષ તો વિકારી દશા (છે), કર્મ ને સંઘયણ ને સંસ્થાન તો જડની દશા (છે) પણ અંદરમાં કર્મના નિમિત્તના અભાવથી થતી નિવૃત્ત દશા... આહા..હા..! એને પણ પરદ્રવ્યના ભાવ ગણી અને આત્મામાં એ નથી... ત્યારે એને (જીવના) કહ્યું કેમ ? - કે એક સમયની (મુદ્દત દેખીને કહ્યું). એક જ સમય (રહે છે). ભગવાન તો ત્રિકાળી પ્રભુ છે એમાં એક સમયની સ્થિતિ દેખીને એના છે એમ વ્યવહારથી કહ્યું છે. આહા..હા..! નિશ્ચયથી એના નથી. આહા..! જુઓ ! આ ત્રણલોકના નાથની વાણી ! આહા..! આ દિગંબર સંતોની વાણી ! ગજબ કામ કર્યું છે ! કામ તો કરી ગયા પણ જગતને સમજાવવાની શૈલી (પણ ગજબ) !! આહા..હા..!

જે વિકલ્પ આવ્યો એનો કર્તા નથી અને તે કાળે જે ક્ષયોપશમની પર્યાય થઈ છે તે મારામાં નથી. આહા..હા..! એવી દૃષ્ટિને અભેદની દૃષ્ટિ હોવા છતાં પર્યાયમાં ક્ષયોપશમનો પર્યાય થાય, રાગ થાય (એ) છે તો પરનો, કહે છે. આહા..હા..! ભગવાન ! તારી મહિમાનો પાર નથી, પ્રભુ ! તું અંદર કોણ છો ? સાક્ષાત્ ભગવાન સ્વરૂપ છો !! આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ છો ! ભાઈ ! શાશ્વત જ્ઞાન ને આનંદનો ભંડાર પરમાત્મા છે. એને આ પર્યાય આવો ને આવો કહેવો એ તો એક સમયની મુદ્દત એમાં દેખીને કહેવાય છે. આહા..હા..! નહિતર તો એ પર્યાય ને રાગાદિ બધા અજીવ કહેવામાં આવ્યા છે, ત્રિકાળી જીવની અપેક્ષાએ. આહા..હા..! અને તે પણ અનુભૂતિને કાળે કહ્યું ને ! જ્યારે અખંડ અભેદ ચીજ આમ જાણવામાં આવી, એમ જ્યારે અનુભવ થયો ત્યારે અનુભૂતિથી તે બધી વાત ભિન્ન રહી જાય છે. આહા..હા..! આ 'સમયસાર' ! અજોડ તત્ત્વ છે !!

શ્રોતા :– કથંચિત્ વ્યક્તવ્ય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કથંચિત્ વ્યક્તવ્ય ને કથંચિત્ અવ્યક્તવ્ય. એ વ્યક્તવ્ય કહેવું એ પણ એક ઉપચારથી છે. આહા..હા..! વાણીને કાળે વાણી નીકળે છે એમાં જીવનું નિમિત્ત દેખીને, નિમિત્ત દેખીને એટલે કે એનું કાંઈ કર્તવ્ય નથી. આહા..હા..! બહુ અલૌકિક વાત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, પ્રભુ ! ***ઓ..હો..હો..! અહીંયાં તો અભેદ ચીજની દૃષ્ટિમાં ભેદ છે એ પણ પરનો છે, અજીવનો છે, પુદ્‌ગલના પરિણામ (છે). આહા..હા..! ગજબ કામ કર્યું છે ને નાથ ! અહીં જાવું, બાપા ! અહીં સુધી. આહા..હા..! એ કોઈ અપૂર્વ અનંત પુરુષાર્થ છે !!*** શાસ્ત્રે કાંઈ કામ પાર ન પડે, શાસ્ત્રના ભણતરે પણ એ પાર ન પડે. આહા..હા..!

ત્રિકાળી ચીજ ભગવાનઆત્મા ધ્રુવ એમાં એ સ્થિતિ પામેલા જગતના પદાર્થો તો પર છે, પણ એક સમયની સ્થિતિનો સંબંધ દેખીને,... આહા..હા..! વ્યવહારે (એના કહેવામાં આવ્યા). ત્રિકાળમાં તો છે નહિ, નિશ્ચયથી તો છે નહિ પણ એ પોતે પરિણમન કરતાં કરતાં એક સમયની મુદ્દતવાળા આમ જોડે દેખાણા એથી વ્યવહારથી એને જીવના કહ્યા. આહા..હા..! આવું છે, ભાઈ ! એ કાંઈ શાસ્ત્રના ભણતરે આ મળે એવું નથી. આહા..હા..! અલૌકિક વાત છે ! આહા..હા..! આ દિગંબર દર્શન એ જગતમાં ક્યાંય છે નહિ. એ વસ્તુનો સ્વભાવ છે તે દિગંબર દર્શન છે. આહા..! કેમકે ત્રિકાળી જે વસ્તુ છે એમાં એક સમયની મુદ્દતવાળી (એ ચીજ છે). એ થયા છે તો એને કારણે પણ અહીંયાં એક સમયની સ્થિતિ દેખીને વ્યવહારથી કહ્યા. આહા..હા..! અભૂતાર્થનયથી કીધા. આહા..હા..! ભગવાનઆત્મા ભૂતાર્થ પ્રભુ ! આ..હા..! ભગવાનના વિરહ પડ્યા પણ વિરહ ભૂલાવે એવી આ વાત છે !! આહા..હા..! શું શૈલી ! શું પ્રવાહ ! એના વાણીના પ્રવાહનો ધોધ !! આહા..!

કહે છે, પ્રભુ ! એકવાર શાંતિથી સાંભળ, ભાઈ ! તું તો અભેદ સ્વરૂપ છો તે તું છો. પણ આ બધા શરીર, વાણી, મન, ભેદ, ગુણસ્થાન આદિ છે તો બધા અજીવ, એ છે તો બધા પુદ્‌ગલના પરિણામ. આહા..હા..! અખંડાનંદ પ્રભુ ત્રિકાળી જ્ઞાયકભાવની અપેક્ષાએ તો એ બધા અજીવ છે. આહા..હા...! ખરેખર તો ક્ષાયિક ને ક્ષયોપશભાવ પર્યાય છે એ ત્રિકાળીની અપેક્ષાએ અજીવ છે. વ્યવહાર જીવ થયો ને ! એટલે નિશ્ચયે અજીવ. વાહ પ્રભુ વાહ ! શું એની શૈલી !! આહા..! આહા..હા..! છે તો એના પરિણમતા એના કાળે એ અજીવ, એનામાં છે એ તો. પણ અહીંયાં ભગવાન ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ પ્રભુ એને એક સમયનો આમ સંબંધ છે ને ? એક સમયની મુદ્દત ન્યાં ટક્યો છે ને ? એક સમય, એટલી અપેક્ષાએ એને વ્યવહાર છે. આહા..હા..!

શ્રોતા :- 'પંચાસ્તિકાય' માં એને સંયોગ-વિયોગ કીધો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ સંબંધ છે ને એટલો ! એક સમય રહે છે ને ! ક્ષયોપશમભાવ, ભેદભાવ પણ એક સમય પર્યાયમાં રહે છે. ત્રિકાળમાં નથી માટે નિશ્ચયે (નથી) પણ એક સમય આમ સંબંધ છે એટલો ગણીને વ્યવહારે એના કીધા છે. આહા..હા..! અરે..! આવું તત્ત્વ સાંભળવા મળે નહિ અને બહાર આવ્યું તો એનો વિરોધ કરે. પ્રભુ ! પણ શું થાય ? ભાઈ ! આહા..! દુનિયાને આમ વ્યવહારથી થાય (એમ કહે) તો એને મજા પડે. અરે..! પ્રભુ ! આહા..હા...! વ્યવહાર-***આ ક્ષાયિકભાવ છે એ વ્યવહાર છે. આહા..હા..! પર્યાયમાત્ર***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***વ્યવહાર છે. ભાઈ ! એ વ્યવહારથી નિશ્ચય થાય એમ ત્રણકાળમાં નહિ. આહા..હા..!***

ભગવાન પંચમભાવની ભાવના... પાઠ તો એમ લીધો છે ને ? ભાઈ ! ક્ષાયિક, ઉપશમ આદિ ચાર ભાવ આવરણ સંયુક્ત હોવાથી જીવના નથી. પછી કહ્યું કે માટે આહા..! પંચમભાવની ભાવનાથી મોક્ષ પામે છે, ચાર ભાવથી મોક્ષ પામતા નથી. આહા..હા..! મોક્ષની પર્યાય મોક્ષની પર્યાયથી પામતા નથી. આહા..હા..! એ તો પંચમભાવ જે ભગવાન જ્ઞાયક પ્રભુ વીતરાગમૂર્તિ એકરૂપ વસ્તુ અભેદ, એની ભાવના–પંચમભાવની ભાવના ! ભાવના છે તો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પણ ભાવના એની ભાવનાની ભાવના નહિ ! આહા..હા..! આવી વાતું છે.

એક બાજુ કહે કે એ ચાર ભાવ જીવના નથી. બીજી બાજુ કહે કે પંચમભાવની ભાવનાથી મુક્તિ થાય. ઇ ભાવના તો છે ક્ષયોપશમ, ઉપશમ પણ એની (–ત્રિકાળીની) ભાવના છે, પર્યાયની ભાવના નથી. ***આહા..હા..! અરે..રે..! જિંદગી જાય છે, શરીર ચાલ્યા જાય છે, ગતિ બદલાય જાય છે. એમાં આ વાત નહિ સમજે તો... બાપા ! એ બધા કરોડોપતિ ને અબજોપતિ બાપા ! મરીને ક્યાં જશે ? આહા..હા...! જેને સાંભળવાનું આવું મળે નહિ... આહા..હા..! એને સમજવાનું ક્યાં રહ્યું ? આહા..હા..!***

અહીં કહે છે, પંથનો (દષ્ટાંત) આપી ગજબ વાત કરી છે ! આહા..હા..! લૂંટાય છે એ (સંઘ) પણ પંથ લૂંટાય છે એમ ઉપચારથી (કહ્યું). કેમકે એ પંથમાં સંઘની એક સમયની સ્થિતિ છે ને ? આહા..હા..! એમ એ બધા ભાવો–જેટલા ૨૯ બોલના ઉકરડા કીધા ને એ બધા છે તો અજીવના. ભેદભાવ છે એ અજીવ છે. અરે..રે..! જીવદ્રવ્ય નહિ એ અપેક્ષાએ અજીવ. એક સમયનો પર્યાય છે એ જીવદ્રવ્ય નહિ, આખું જીવદ્રવ્ય નહિ. એથી એક સમયની પર્યાયને પણ જીવદ્રવ્ય નથી, અજીવ છે એમ કીધું. બીજી ભાષાએ એને પરદ્રવ્ય કીધું. આહા..હા..!

એ પોતે તો ભગવાન અમૂર્ત છે અને **'ઉપયોગગુણ વડે અન્યદ્રવ્યોથી અધિક છે...'** જાણન-દેખન જે ત્રિકાળી સ્વભાવ ભગવાન, એની વર્તમાન અનુભૂતિ થતાં... આહા..હા..! એ અન્યદ્રવ્યો છે. આહા..હા..! ગુણસ્થાનના ભેદ, લબ્ધિસ્થાનના ભેદ અન્ય દ્રવ્યો છે. ગજબ કરે છે ને ! ***આહા..હા..! ક્ષાયિકભાવ એ પણ અન્ય દ્રવ્ય છે.*** આ દ્રવ્ય નહિ એટલે અન્ય દ્રવ્ય, એમ. ત્રિકાળી જે જ્ઞાયકભાવ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો પૂર્ણ ભંડાર... આ..હા..હા..! એ ક્ષાયિકભાવ નહિ. માટે તે ક્ષાયિકભાવ જીવદ્રવ્ય નહિ. આહા..હા..! પણ આત્માની ત્રિકાળી ચીજમાં એક સમયની મુદ્દત છે એમ દેખીને વ્યવહારે આત્માનો છે એમ કહેવામાં આવ્યું. આહા..હા..! અરે..! પ્રભુ ! સંતો ને ગણધરો જે એના અર્થ કરતાં હશે... આહા..હા..! અલૌકિક વાતું છે, બાપુ ! આહા..હા...!

એ જીવનો વર્ણ નથી, ગંધ નથી. છે ને ? **'એવા જીવનો કોઈ પણ વર્ણ નથી.'** ગંધ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી, રસ નથી, સ્પર્શ નથી, રૂપ નથી, શરીર, સંસ્થાન, સંઘયણ (નથી). ત્યાં સુધી તો ઠીક, એ તો પરની પર્યાય, ત્યાં સુધી તો પરની પર્યાય (છે). હવે **'રાગ, દ્વેષ, મોહ,...'** મોહ એટલે મિથ્યાત્વ. આહા..હા..! 'પ્રત્યય,...' એટલે આસ્રવ. **'કર્મ, નોકર્મ,...'** એ ચાર કીધા એ પણ આત્માના નથી. આહા..હા..! કોઈ પણ મોહ, રાગ, દ્વેષ જીવના નથી. આહા..હા..! એ તો બધા અજીવના છે.

**'કર્મ, નોકર્મ, વર્ગ, વર્ગણા, સ્પર્ધક,...'** એ તો જડના ગયા. હવે અહીં તો **'અધ્યાત્મસ્થાન,...'** જીવના અધ્વસાયના પ્રકાર એ જીવમાં નથી. આહા..હા..! એક સમયની પર્યાય છે એથી વ્યવહારે એના કીધા છે, વસ્તુમાં એ નથી. આહા..હા..! **'અનુભાગસ્થાન,...'** એ તો જડના, એ (જીવના) નથી. **'યોગસ્થાન,...'** કંપન આદિ એ પણ આત્મદ્રવ્યમાં નથી. કંપન ભલે એની પર્યાયમાં છે પણ દ્રવ્યમાં (નથી), અજીવમાં જાય છે. **'બંધસ્થાન, ઉદયસ્થાન, માર્ગણાસ્થાન,...'** આહા..હા..! માર્ગણાસ્થાન. સમકિત ને ઉપશમ ને ક્ષયોપશમ ને ક્ષાયિક ને બધા માર્ગણાસ્થાન એ જીવમાં નથી. આહા..હા..! આમ કહેવું કે એને શોધવો હોય તો કઈ સ્થિતિમાં છે માટે માર્ગણા કીધી. આહા..! પણ એ તો પર્યાયની માર્ગણા કીધી. આહા..હા..! ભલે જ્ઞાનના પાંચ ભેદ હો, સમકિતના ભેદ હો, બધા આત્મામાં નથી, અભેદમાં ભેદ નથી. ભેદને તો અહીંયાં ઉપાધીમાં નાખી દીધું છે. આહા..હા..!

**'સ્થિતિબંધસ્થાન,...'** કર્મની મુદ્દત. **'સંક્લેશસ્થાન,...'** અશુભભાવ. એ અશુભભાવ છે તો જડનો પણ એક સમયમાં આમ સંક્લેશની પર્યાયનો સંબંધ છે એમ દેખીને જીવનો વ્યવહારે કહ્યો. આહા..હા..! આ ગળે ઉતરવું, આત્મામાં બેસવું, હોં ! આહા..હા..! **'વિશુદ્ધિસ્થાન,...'** શુભરાગ એના પ્રકાર છે બધા અજીવ પણ ત્રિકાળી જીવની સાથે એક સમયની આમ મુદ્દત, સંબંધ દેખી, એક સમય સ્થિતિ દેખીને વ્યવહારથી એના કહ્યા. આહા..હા..!

**'સંયમલબ્ધિસ્થાન,...'** આહા..હા..! એક સમયની જે પર્યાય નિર્મળ થઈ, એક સમયની દેખીને એના છે એમ કીધા. બાકી એ સ્થાન જીવદ્રવ્યના નથી. આહા..હા..! સામે છે ને પુસ્તક ? આહા..હા...! એ **'સંયમલબ્ધિસ્થાન,...'** જીવના નથી, જીવદ્રવ્યના નથી પણ એક સમયની સ્થિતિ દેખીને જીવના વ્યવહારથી કહેવાય છે. આહા..હા..! નહિતર તે ક્ષયોપશમના ભાવ છે છતાં ક્ષયોપશમ પણ એક સમયની મુદ્દતવાળા છે. ભગવાન ત્રિકાળીની સાથે એક સમયની મુદ્દત દેખીને જીવના કહ્યા, બાકી જીવદ્રવ્યના નથી. આહા..હા..!

**'જીવસ્થાન...'** ચૌદ જીવસ્થાન-પર્યાપ્ત, અપર્યાપ્ત આવ્યું હતું ને ? એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત ને અપર્યાપ્ત, સૂક્ષ્મ ને બાદર (એવા) ચૌદ બોલ. એ એક સમયની સ્થિતિ દેખીને એના (કહ્યા), બાકી વસ્તુમાં નથી. આહા..હા..! જીવદ્રવ્યમાં નથી પણ એક સમયની મુદ્દત દેખીને એના વ્યવહારે કહ્યા. આહા..હા..! ગજબ ટીકા ! 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા... આ..હા..! અમૃત રેડ્યા છે એકલા !!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'ગુણસ્થાન...'** ચૌદ એ અજીવ છે, અજીવના છે. પણ જીવની એક સમયની પર્યાય - (માં દેખીને તેના છે એમ કહ્યું). પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ અર્હંતદેવ જિનેશ્વર પરમાત્મા ! એ જીવના નથી પણ એક સમયની મુદ્દત દેખીને જીવના વ્યવહારથી કહ્યા છે. આહા..હા..! અર્હંત દેવ સર્વજ્ઞ જિનેશ્વર પરમાત્મા ! એ જીવના નથી પણ એક સમયની મુદ્દત દેખીને જીવના વ્યવહારથી કહ્યા છે. આહા..! હવે અહીં તો શુભભાવથી થાય, શુભભાવથી થાય (એમ કહે છે), લ્યો ! આહા..! કાલે ભાઈ આવ્યા હતા ને 'મોરેના'વાળા. ત્યાં (એમ કહે છે), શુભભાવ કારણ છે, શુભભાવ આ કારણ છે ને ? અરે..! પ્રભુ... પ્રભુ... પ્રભુ... પ્રભુ... એ શુભભાવ છે અજીવના સ્થાન છે, પણ એક સમયની આમ પર્યાય દેખીને વ્યવહારે કહ્યા. એનાથી આત્માનું કલ્યાણ થાય (એમ નથી). આહા..હા...! કલ્યાણ તો પર્યાયને આશ્રયે ન થાય. આહા..! ત્રિકાળી પંચમભાવ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની ભાવનાથી કલ્યાણ થાય. ભલે એ ભાવના ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિકરૂપ હો પણ ભાવના પંચમભાવ ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... જ્ઞાયકભાવ... આહા..હા..! એના આશ્રયથી કલ્યાણ થાય. પર્યાયના આશ્રયથી પર્યાયમાં કલ્યાણ ન થાય. આવી વાત ક્યાં (છે) ? આહા..હા..!

શ્રોતા :– આ વાત 'સોનગઢ' માં છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વીતરાગના ઘરની પ્રભુ છે, હોં ! આહા..હા..! બેયને સમજાવવાની રીત પણ કેવી, જુઓને ! દ્રવ્યમાં તો નથી પણ ત્યારે એને વ્યવહારે કહેવા કેમ ? એક સમયનો આમ એટલો (સંબંધ) છે ને ! આહા..હા..! તેથી વ્યવહારે કહ્યા. આહા..હા..! હવે આવી વાત સાંભળે (પણ) રાજકીય માણસને બેસે શી રીતે આ ? ભાઈ 'કાંતિભાઈ' આવ્યા હતા એમ કહેતા હતા, 'મોરારજી દેસાઈ' નીકળવાના છે. આપણે કાંઈ એને કહેવું કે નહિ ? કીધું, અમારું કામ નહિ. એની મેળે આવે તો ભલે આવે. અહીં અમે કહીએ નહિ કે અહીં આવો. આ ક્યાં માર્ગ ? બાપા ! આહા..હા..! અરે..! જૈનના વાડામાં પડ્યા એને સાંભળવું મુશ્કેલ પડે. આહા..હા..! આકરી વાત, બાપા !

**'એ બધાય (ભાવો) વ્યવહારથી અર્હંતદેવો...'** આહા..! પોતે કહે છે એમ નહિ કહેતા... આહા..હા..! ભગવાન સર્વજ્ઞદેવ, પરમેશ્વર જિનેશ્વરદેવે એમ કહ્યું છે, કહે છે. **'વ્યવહારથી અર્હંતદેવો જીવના કહે છે, તોપણ....'** આમ હોવા છતાં પણ... આહા..હા..! **'નિશ્ચયથી, સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે...'** ભગવાનનો તો અમૂર્ત સ્વભાવ છે. આ ભગવાનઆત્મા, હોં ! **'અને જે ઉપયોગગુણવડે અન્યથી અધિક છે...'** આ ઉપયોગગુણવડે ભેદથી પણ ભિન્ન છે. આહા..હા..! જાણન-દેખન ઉપયોગ વડે ! એ ભલે જાણન-દેખન ઉપયોગ ત્રિકાળ છે પણ એને વર્તમાન ઉપયોગ વડે એના તરફના જોડાણથી, આહા..! અનુભૂતિથી. **'અન્યથી અધિક છે...'** એ ભેદથી જુદો છે, રાગથી જુદો છે, દ્વેષથી જુદો છે, જીવસ્થાનથી જુદો, માર્ગણાસ્થાનથી જુદો છે. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'એવા જીવના તે સર્વ નથી,...'** એ જીવદ્રવ્યના નથી. આહા..હા..! એ જીવદ્રવ્યમાં નથી. આહા..હા..! **'કારણ કે એ વર્ણાદિ ભાવોને અને જીવને તાદાત્મ્યલક્ષણ સંબંધનો અભાવ છે.'** આહા..હા..! શું કહે છે ? રાગ-દ્વેષ, ગુણસ્થાન આદિને જેમ ઉષ્ણ ને અગ્નિ ને તદાત્મ્ય સંબંધ છે એમ ભગવાન જ્ઞાયક સ્વભાવને ને આ ગુણસ્થાન ભેદને તદાત્મ્ય સંબંધ નથી. આહા..હા..! એક સમયની મુદ્દતનો સંબંધ છે એ તદાત્મ્ય સંબંધ નથી. આહા..હા..! એમ સંયમલબ્ધિના સ્થાન જે ભેદ છે એને અને અભેદને તદાત્મ્ય સંબંધ નથી. આહા..હા..! હવે આ 'સમયસાર' એક જણો પંદર દિ'માં વાંચી ગયો, બાપા ! ભાઈ ! આહા..હા..!

શ્રોતા :- વાંચી ગયો ને ! સમજી ગયો નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ એમ કહે, હું વાંચી ગયો. શું વાંચ્યું ? બાપા ! એની એક કડી, એક ગાથા... આહા..! ભગવાનની દિવ્યધ્વનિનો સાર છે ! અજોડ ચક્ષુ છે !!

**'કારણ કે એ વર્ણાદિ...'** અથવા રંગ, ગંધને તો તદાત્મ્ય સંબંધ નથી તેમ રાગ-દ્વેષના પરિણામ ને જીવદ્રવ્યને તદાત્મ્ય સંબંધ નથી. તત્ સંબંધ. પણ લબ્ધિસ્થાન આદિ જે ભાવ પર્યાયમાં એને ને આત્માને ત્રિકાળ તદાત્મ્ય સંબંધ નથી. એક સમયની પર્યાયનો અનિત્ય સંબંધ છે. આહા..હા..! **'તદાત્મ્યલક્ષણ સંબંધનો અભાવ છે.'** ભગવાન જ્ઞાયકભાવની જે અભેદ અનુભૂતિ, એમાં એ આવતા નથી. આહા..હા..! તેથી તેને તદાત્મ્ય સંબંધ લક્ષણનો અભાવ છે. આહા..હા..! તદાત્મ્ય સંબંધ હોય તો અનુભૂતિમાં પણ આવવા જોઈએ. આહા..હા..! આનંદને અને ભગવાનને તદાત્મ્ય સંબંધ છે, જ્ઞાનને અને ભગવાનઆત્માને તદાત્મ્ય સંબંધ છે કે જેથી અઅનુભૂતિમાં એ જ્ઞાન ને આનંદ આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

એ તો ૫૬ માં કહ્યું નહિ ? રૂનો દાખલો આપીને. દાખલો પાઠમાં નહોતો, ટીકામાં કહ્યો. અને પાઠમાં તો ૫૭ ગાથામાં આવ્યું ખીર ને પાણી, દૂધ ને પાણી એક જગ્યોએ રહેવા છતાં બેના ભાવ ભિન્ન છે. એમ ભગવાનઆત્મા અને આ ગુણસ્થાન આદિ અને આ લબ્ધિસ્થાન આદિ એક ક્ષેત્રે રહેવા છતાં ભાવ ભિન્ન છે. આહા..હા..! હવે અહીં તો એમ કહે કે વ્યવહાર છે. સાધકજીવને વ્યવહાર જ હોય. આ વ્યવહાર જ હોય ? આ વ્યવહાર તો જ્ઞાયકનું ભાન થઈને છે તેને જાણવા લાયક માટે કહ્યો. આહા..! એને ઠેકાણે (એમ કહે છે), સાધકને વ્યવહાર જ હોય, નિશ્ચય તો સિદ્ધને (હોય). અરે..! પ્રભુ ! શું કર્યું આ તેં ? અરે..!

**ભાવાર્થ :- 'આ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત ભાવો (૨૯) સિદ્ધાંતમાં જીવના કહ્યા છે તે વ્યવહારનયથી કહ્યા છે;...'** એક સમયની પર્યાયનો સંબંધ દેખીને. **'નિશ્ચયનયથી તેઓ જીવના નથી...'** દ્રવ્ય સ્વભાવમાં એ નથી. **'કારણ કે જીવ તો પરમાર્થે ઉપયોગસ્વરૂપ છે.'** એ તો જ્ઞાન દર્શનના ઉપયોગ સ્વરૂપ છે એમાં ભેદ ક્યાંથી આવ્યા ? આહા..હા..! એમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ ગુણસ્થાન ને જીવસ્થાન ને માર્ગણાસ્થાન ક્યાંથી આવ્યા ? કહે છે. આહા..! ગજબ ટીકા કરી છે ને 'કુંદકુંદાચાર્યે' ! 'કુંદકુંદાચાર્યે' મહા ગહન ગંભીર ગાથા (રચી). એનું ટીકાકરે સ્પષ્ટ કર્યું ત્યારે આ કહે છે કે 'દુરુ' કરી નાખ્યું. ભગવાન... ભગવાન... ભગવાન...! પ્રભુ, પ્રભુ ! તું શું કરે છે ? ભાઈ ! એ આચાર્ય છે. સમર્થ આચાર્ય પરમેષ્ઠી છે. 'કુંદકુંદાચાર્ય'ના કથનોને પરમેષ્ઠીએ સ્પષ્ટ કર્યું છે. એને એમ ન કહેવાય. એણે 'દુરુ' કરી નાખ્યું, પ્રભુ ! એમ ન કહેવાય. એણે સ્પષ્ટ કરી નાખ્યું છે એમ કહેવાય. આહા..! પ્રભુ, પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! આહા..હા..! આ દુનિયા માન ને સમ્માન ને આમ હા.. હો (કરે), બાપા ! પડ્યા રહેશે, ભાઈ ! આહા..! એ શલ્ય જે લઈને પડ્યો છે એ ચાલ્યો જશે અંદરથી ! આહા..હા..! દુનિયા વખાણે, દુનિયા માને કે આ..હા..! આ..હા..! આ..હા..! એ કાંઈ સાથે નહિ આવે ન્યાં. આહા..હા..!

શ્રોતા :– આચાર્યે ઉપકાર માન્યો કે તમે આવું ન લાવ્યા હોત તો અમે ક્યાંથી પામત ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કીધું ને કીધું ને. 'દેવસેનઆચાર્ય'. અહો..! ભગવાન પાસે 'કુંદકુંદાચાર્ય' ન ગયા હોત તો અમે મુનિપણું કેમ પામત ? આહા..હા..! એ શૈલી.. અનુભવ ને ચારિત્ર તો હતું પણ ત્યાં ભગવાન પાસે સાક્ષાત્ ગયા. આહા..હા..! ક્ષાયિક ભલે ન થયું પણ અપ્રતિહત સમ્યગ્દર્શન-જ્ઞાન થઈ ગયું. આહા..હા..! એના એ સમ્યગ્દર્શન જ્ઞાને આગળ જઈ કેવળ પામશે.

એ અહીં કહે છે, અર્હંતદેવોએ વ્યવહારથી કહ્યા. **'અહીં એમ જાણવું કે પહેલા વ્યવહારનયને અસત્યાર્થ કહ્યો હતો,...'** અગિયારમામાં જૂઠો કહ્યો હતો. **'એમ ન સમજવું કે તે સર્વથા અસત્યાર્થ છે,...'** એ પર્યાય નથી, ગુણસ્થાન નથી, પર્યાયમાં નથી એમ ન જાણવું. પર્યાય અસત્યાર્થ કહ્યો હતો. એ તો ત્રિકાળની અપેક્ષાએ એને અસત્યાર્થ કહીને ગૌણ કરીને અસત્યાર્થ કહ્યો. આહા..હા..! પર્યાયમાં ભેદો ગુણસ્થાન આદિના પર્યાય છે. વ્યવહાર જૂઠો છે એટલે એ તો ત્રિકાળની અપેક્ષાએ તેને જૂઠો કહ્યો પણ વર્તમાનની અપેક્ષાએ વ્યવહાર છે, સત્ય છે. આહા..! છે એટલે સત્ય, હોં ! આશ્રય કરવા લાયક (છે) એ પ્રશ્ન અહીં નથી. આહા..!

ત્યાં એમ ન સમજવું કે સર્વથા જૂઠું જ છે, પર્યાય નથી જ. ગુણસ્થાન ને એ બધા પર્યાયમાં નથી એમ ન સમજવું. **'કથંચિત્ અસત્યાર્થ જાણવો; કારણ કે જ્યારે એક દ્રવ્યને જુદું, પર્યાયોથી અભેદરૂપ,...'** આહા..હા..! **'તેના અસાધારણ ગુણમાત્રને પ્રધાન કરીને...'** ત્રિકાળી ગુણને મુખ્ય ગણી, **'કહેવામાં આવે ત્યારે પરસ્પર દ્રવ્યોનો નિમિત્તનૈમિત્તિકભાવ...'** નિમિત્તનૈમિત્તિકભાવ રાગાદિ, ભેદ આદિ. **'તથા નિમિત્તથી થતા પર્યાયો–તે સર્વ ગૌણ થઈ જાય છે,...'** ગૌણ થઈ જાય છે, અભાવ થઈ જાય છે એમ નહિ, નથી એમ નહિ. આહા..હા..! ગૌણ થઈને તેને જૂઠા કહ્યા છે. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જુઓ ! ન્યાં લીધું હતું કે ભાઈ ! પર્યાયને અભૂતાર્થ કીધી એ તો ગૌણ કરીને કીધું. અગિયારમાં અર્થ લીધો હતો. આ એ જ (અર્થ ભરનાર) 'જયચંદ પંડિત' આહા..હા...! વેદાંતની જેમ પર્યાય નથી, જીવમાં નથી, દ્રવ્યમાં (નથી) માટે પર્યાયમાં પર્યાય નથી, એમ નથી. આહા..! **'પર્યાયોથી અભેદરૂપ,...'** પરથી જુદું અને **'તેના અસાધારણ ગુણમાત્ર...'** (એટલે) ત્રિકાળી ઉપયોગ. **'પ્રધાન કરીને કહેવામાં આવે પરસ્પર દ્રવ્યોનો નિમિત્તનૈમિત્તિકભાવ તથા નિમિત્તથી થતા પર્યાયો–તે સર્વ ગૌણ થઈ જાય છે.'** અભાવ થઈ જાય છે એમ નહિ, ગૌણ રહે છે. **'એક અભેદદ્રવ્યની દૃષ્ટિમાં તેઓ...'** આહા..હા..! જ્ઞાયકભાવના અનુભવમાં અભેદદૃષ્ટિમાં **'તેઓ પ્રતિભાસતા નથી.'** એ આવી ગયું ને ? (૩૭) કળશ આવી ગયો છે. **'नो दृष्टाः स्युर्दृष्टमेकं परं स्यात्।'** અભેદ ચૈતન્ય વસ્તુનો અનુભવ થતાં તેમાં અભેદમાં એ ભેદ દેખાતા નથી. આહા..હા..!

**'માટે તે સર્વ તે દ્રવ્યમાં નથી એમ કથંચિત્ નિષેધ કરવામાં આવે છે.'** પર્યાય નથી એમ નહિ. અભેદમાં ભેદ દેખાતો નથી એ અપેક્ષાએ એને કથંચિત્ નિષેધ કરવામાં આવે છે. **'જો તે ભાવોને તે દ્રવ્યમાં કહેવામાં આવે...'** પર્યાય અપેક્ષાએ, પર્યાય અપેક્ષાએ, **'તો તે વ્યવહારનયથી કહી શકાય છે.'** આહા..હા..! ગુણસ્થાન, જીવસ્થાન, માર્ગણા, ભેદસ્થાન વ્યવહારથી એનામાં કહેવાય. આ વ્યવહારથી અસત્યાર્થ કહ્યું હતું પણ વ્યવહારથી સત્યાર્થ એટલી એ સ્થિતિ છે એમ કહેવાય. આહા..! **'આવો નયવિભાગ છે.'** વ્યવહારની ને નિશ્ચય નયની વહેંચણીની આ અવિરોધતા છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*** એક સજ્ઝાયમાં આવે છે-'સહજાનંદી આત્મા, તું સૂતો કાંઈ નિચિંત રે !...' પ્રભુ ! તું આનંદનો નાથ સહજાત્મસ્વરૂપ પરમાત્મા છો ને ! તું આ અજ્ઞાન-અંધારામાં કેમ સૂતો છો ? તારી ચીજ અંદર રાગ રહિત નિર્વિકલ્પ આનંદસ્વરૂપ છે તેને ભૂલી કેમ નિશ્ચિન્ત સૂઈ રહ્યો છો ? જેમાં વિકલ્પનો પણ સહારો નથી એવો અતીન્દ્રિય સુખકંદ પ્રભુ આત્મા અંદર સહજ જ અને સુગમ જ છે. પરંતુ તેનો અભ્યાસ નહિ હોવાથી તે દુર્ગમ લાગે છે. અરે ! એક પરમાણુને પણ પોતાનો કરવા માગે તો તે પોતાનો થઈ શકે નહિ; પરંતુ જે પોતાની ચીજ છે તે તો પોતાને સહજ ને સુગમ જ હોય ને ? એમ છતાં અણ-અભ્યાસે દુર્ગમ લાગે છે. સહજસ્વરૂપનો અભ્યાસ નથી, તે તરફ રુચિનું વલણ નથી, પરદ્રવ્યનો ને રાગાદિ વિકલ્પોનો મહિમા છે, તેમાં તને વિસ્મયતા લાગી, પણ તારી ચીજની વિસ્મયતા તેં છોડી દીધી; તેથી સહજાત્મસ્વરૂપ અતિ દુર્ગમ લાગે છે. ૩૬૬. – દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૨૩ થી ૨૫, પ્રવચન નં. ૮૫
## તા. ૧૩-૦૯-૧૯૭૮
## [૧૮]

પર્યુંષણ પર્વનો આઠમો દિવસ છે. ત્યાગ.. ત્યાગ (ધર્મ). '....' મુનિની વ્યાખ્યા છે. જેને પોતાનો આત્મા જ્ઞાનસ્વરૂપી આનંદનો અંતર અનુભવ થયો હોય તે ઉપરાંત સ્વરૂપમાં પ્રચુર અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો હોય તે મુનિની વાત છે. એ મુનિને ત્યાગધર્મ છે. ત્યાગની વ્યાખ્યા–મુનિને સંસાર, દેહ, ભોગના મમત્વનો ત્યાગ છે જ. હવે જે વસ્તુની સાથે વર્તમાનમાં કામ પડે છે તે ભોજન. ભોજનમાં ઇષ્ટ ભોજનને છોડે છે. આહા..હા...! આત્માના આનંદના સ્વાદ આગળ ઇષ્ટ ભોજન પણ છોડી દે છે. અતીન્દ્રિય આનંદના... આહા..હા...! અનુભવ અને વેદન આગળ મુનિ પ્રિય ભોજન, ઇષ્ટ ભોજન છોડી દે છે, તેનું નામ ત્યાગ છે.

ઉપકરણના સંબંધે તેમાં રાગ-દ્વેષનો ત્યાગ. જે ઉપકરણ મળ્યા છે તેમાં રાગ-દ્વેષનો (ત્યાગ). અનુકૂળ છે એવું ન રાખે કે જેમાં રાગ થાય. અને '....' આહાર, ઉપકરણ, વસ્તી–ત્રણ સાથે સંબંધ. ત્રણેમાં રાગનો ત્યાગ કરે. આહા..હા...! '....' મમત્વનો હેતુ મોટી વસ્તી, મકાન આદિ હોય તો આનંદના સ્વાદ આગળ તેની કિંમત કાંઈ નથી. એ વસ્તી છોડી દે. તેનું નામ ત્યાગધર્મ કહેવામાં આવે છે. ત્યાગ નામ આ બાહ્ય સ્ત્રી, કુટુંબ, પરિવારનો ત્યાગ એ તો છે જ. સંસાર, ભોગ, દેહના મમત્વનો ત્યાગ તો છે જ. તેની વાત છે. આહા..હા...!

વસ્તી, ભોજન અને ઉપકરણ ત્રણ સાથે સંબંધ છે તો એ પ્રત્યે મમત્વની વૃત્તિનો (ત્યાગ કરે છે). આનંદનો સ્વાદ લઈને, અતીન્દ્રિય આનંદનો સ્વાદ.. આહા..હા...! અનુભવમાં વિશેષ સુખનો સ્વાદ આવે છે તો એ વસ્તી છોડી દે છે. આહા..હા...! આનું નામ ત્યાગ છે. એ આઠમો દિવસ છે આજે ? બુધવાર (છે).

અહીંયા આ ગાથા આવી. ક્યાં સુધી આવ્યું ? અપ્રતિબુદ્ધ. '**મહા અજ્ઞાનથી જેનું હૃદય પોતે પોતાથી જ વિમોહિત છે–એવો અપ્રતિબુદ્ધ...**' છે ? પાંચમી લીટી છે. શું કહે છે ? જેમ સ્ફટિકમાં સ્ફટિક નિર્મળ હોવા છતાં સંયોગ આદિમાં અથવા જે ચીજમાં સ્ફટિક મુક્યું હોય તેની ઝાંય અંદર પડે. પીત્તળનું વાસણ હોય તો તેની ઝાંય પડે એ ઉપાધિ છે. એમ ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ સ્ફટિક જેવો છે, તેમાં રાગ અને પુણ્ય-પાપના ભાવની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઝાંય–ઉપાધિ દેખાય છે. આહા..હા...! એ અસ્વભાવભાવ છે. શુભ-અશુભભાવ... આહા..હા...! એ અસ્વભાવભાવ છે. એ સ્વભાવભાવ રહિત છે તેને પોતાના માનીને અજ્ઞાની અસ્વભાવભાવને પોતાના માને છે ને વેદે છે. આહા..હા...! પણ પોતાનો આત્મા શું છે તેને (અનુભવતો નથી).

રાગ છે પણ રાગને જાણનારો આત્મા ભિન્ન છે એમ જ્ઞાનીને જ્ઞાન છે, અજ્ઞાનીને ખબર નથી. આહા..હા...! રાગ છે. ઝીણી વાત બહુ, બાપુ ! રાગ છે, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ હોય તો તે શુભરાગ છે, અસ્વભાવભાવ છે, પણ તેને જાણનારો, આ છે એમ જાણે છે કોણ ? કોની સત્તામાં આ રાગ છે એમ જણાય છે ? સમજાય છે કાંઈ ? જ્ઞાનની સત્તામાં એ રાગ જણાય છે. આહા..હા...! એ સ્વભાવભાવ હું છું એમ અજ્ઞાની નહિ માનતા, એ દયા, દાનનો વિકલ્પ રાગ આવ્યો તે ઉપાધિ છે, એ અસ્વભાવભાવ છે, એ વિભાવભાવ છે... આહા..હા...! તેનો પોતાના માને છે. અજ્ઞાની તેને પોતાના માને છે. છે ?

**'હૃદય પોતે પોતાથી જ વિમોહિત છે–એવો અપ્રતિબુદ્ધ જીવ સ્વપરનો ભેદ નહિ કરીને,...'** આહા..હા...! એ રાગ અને સ્વભાવ ભિન્ન છે એમ બેનું અજ્ઞાની ભેદજ્ઞાન કરતો નથી. આહા..હા...! ઝીણી વાત બહુ, બાપુ ! આહા..હા...! **'પેલા અસ્વભાવભાવોને જ...'** એ પુણ્ય ને પાપના વિકલ્પ, રાગ તેનાથી સ્વનો ભેદ નહિ કરતા અસ્વભાવભાવોને જ... છે ? **'(પોતાના સ્વભાવ નથી એવા વિભાવોને જ) પોતાના કરતો,...'** આહા..હા...! જાણનાર-દેખનાર ભગવાન સ્વભાવભાવથી રાગ ભિન્ન છે અને રાગ અસ્વભાવભાવથી સ્વભાવભાવ ભિન્ન છે. આહા..હા...! અનંતવાર મુનિપણું લીધું, દ્રવ્યલિંગી સાધુ થયો પણ રાગ અને આત્મા બેને એક માનીને અસ્વભાવભાવમાં પોતાનો લાભ માનીને મિથ્યાદૃષ્ટિ રહ્યો. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવું કામ ભારે, ભાઈ !

**'પુદ્ગલદ્રવ્ય આ મારું છે'** ***એ રાગાદિ પુદ્ગલદ્રવ્ય છે, ખરેખર આત્મદ્રવ્ય નહિ. આહા..હા...! ચાહે તો એ શુભરાગ હો પણ એ રાગ પુદ્ગલ જડ છે, ચૈતન્ય નહિ.*** કેમ કે એ રાગ જાણતો નથી. રાગ જાણતો નથી, રાગ જ્ઞાન દ્વારા જણાય છે માટે રાગ પુદ્ગલ અને અચેતન છે. ભગવાન તેનાથી ભિન્ન છે. આહા..હા...! પણ એની એને ખબર નથી. સ્વ અને પરની જુદાઈનું ભાન નથી તેથી પરને પોતાનો ભાવ માને છે. છે ? આહા..હા...! **'આ મારું છે' એમ અનુભવે છે.'**

**'(જેમ સ્ફટિકપાષાણમાં અનેક પ્રકારના વર્ણની નિકટતાથી અનેકવર્ણરૂપપણું દેખાય છે,...)'** સ્ફટિકમાં એવું દેખાય. **'(સ્ફટિકનો નિજ શ્વેત-નિર્મળભાવ દેખાતો નથી...)'** આહા..હા...! સ્ફટિક જે વાસણમાં મુક્યું હોય તેની ઝાંય દેખાય તેને અજ્ઞાની સ્ફટિકની માને છે. **'અપ્રતિબુદ્ધને કર્મની ઉપાધિથી આત્માનો શુદ્ધ સ્વભાવ આચ્છાદિત થઈ રહ્યો છે...'** આહા..હા...! એ પુણ્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અને પાપના વિકલ્પનો રાગ ચાહે તો દયાનો રાગ હો, ચાહે તો ભક્તિનો રાગ હો,... આહા..હા..! પણ એ રાગ અસ્વભાવભાવને પોતાના માની.. આહા..હા...! **'શુદ્ધ સ્વભાવ આચ્છાદિત થઈ રહ્યો છે...'** રાગને પોતાનો માનવાથી રાગને જાણનારો ભગવાન જ્ઞાનસ્વરૂપ આચ્છાદિત–ઢંકાઈ રહ્યો છે. આહા..હા...! રાગની પ્રીતિના પ્રેમમાં જ્ઞાનસ્વરૂપી ભગવાન ઢંકાઈ ગયો છે. અરે.. અરે...! આવી વાતું છે. આહા..!

જેમ લાલ, પીળુ આદિ વાસણ હોય તેમાં સ્ફટિક મુકવાથી તેની અંદર એવી ઉપાધિ દેખાય છે તો તેને નિર્મળ સ્વભાવ દેખાતો નથી. એમ અજ્ઞાની પોતાનો ચૈતન્ય જ્ઞાનસ્વભાવ પ્રભુ છે તેને રાગની ઉપાધિથી પોતાનો માની તેને સ્વચ્છતાનું જ્ઞાન થતું નથી. આહા..હા...! **'કર્મની ઉપાધિથી...'** એટલે રાગાદિ. **'આત્માનો શુદ્ધ સ્વભાવ આચ્છાદિત થઈ રહ્યો છે...'** દેખાતો નથી. રાગને જ જોનારાને.. આહા..હા...! રાગનો જાણનાર ત્યાં ઢંકાઈ ગયો. તેને રાગ જ રહી ગયો. આહા..હા...! હું તો રાગ છું, એમ અજ્ઞાનીને રાગની ઉપાધિથી જ્ઞાનસ્વભાવ ઢંકાઈ ગયો, તિરોભુત થઈ ગયો, દૃષ્ટિમાં રહ્યો નહિ. આહા..હા...!

**'તેથી પુદ્‌ગલદ્રવ્યને પોતાનું માને છે.'** આહા..હા...! ભગવાન જ્ઞાન ચૈતન્ય ચમત્કાર આનંદકંદ પ્રભુ, રાગના પ્રેમમાં, અસ્વભાવભાવની એકત્વબુદ્ધિમાં સ્વભાવભાવ ઢંકાઈ ગયો તો એ સ્વભાવભાવ દેખાતો નથી, એકલો રાગ જ દેખાય છે. આહા..હા...! આવી વાતું હવે. આ સમ્યગ્દર્શન થવાની રીત છે. આહા..હા...! **'એવા પ્રતિબુદ્ધિને હવે સમજાવવામાં આવે છે...'** જુઓ ! આ 'સમયસાર' અજ્ઞાનીને સમજાવવામાં આવે છે. અપ્રતિબુદ્ધિને આ સમજાવવામાં આવે છે. આહા..હા...!

**'હે દુરાત્મન્ !'** આહા..હા...! સંતોની કરુણા છે, કરુણા, હોં ! પ્રભુ ! તું રાગ અને પુણ્યના જે પરિણામ છે તે પુદ્‌ગલ છે તેને પોતાના માને છે. હે દુરાત્મન્ ! હે દુષ્ટ આત્મા ! આહા..હા...! સંતોની કરુણા (છે). અરે..! તું શું માને છે ? ભાઈ ! તારી ચીજ એ રાગના વિકલ્પથી મહાચૈતન્ય ચમત્કાર ભિન્ન પડી છે ને ! આહા..હા...! તેને તો તું માનતો નથી, જાણતો નથી અને જે તારી ચીજમાં નથી એવા રાગાદિ પુદ્‌ગલને પોતાના માને છે. દુરાત્મન ! તારી દૃષ્ટિ મૂઢ છે. આહા..હા...!

રાગમાં સુખબુદ્ધિ થાય છે તો આનંદકંદનો નાથ ત્યાં ઢંકાઈ ગયો. આહા..હા...! એ રાગના વિકલ્પમાં ઠીક છે, સુખ છે, મજા છે, એમ માનનારે રાગ પુદ્‌ગલ છે તેનો પોતાનો માન્યો. રાગથી (ભિન્ન) આનંદસ્વરૂપ ભગવાનમાં આનંદ છે, આત્મા આનંદસ્વરૂપ છે એમ હે દુરાત્મ ! તેં ન માન્યું. આહા..હા...! ઝીણી વાતું બહુ. હજી તો સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનની વાત ચાલે છે. મુનિપણું બાપુ ! એ તો કોઈ અલૌકિક વાતું છે. શું થાય ? સમજાય છે કાંઈ ?

અહીંયા તો ભગવાન અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની ચમત્કારી વસ્તુ છે તેને રાગની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉપાધિમાં રાગને જ પોતાનો માનીને ચૈતન્ય ચમત્કાર રાગથી ભિન્ન છે તેને છોડી દે છે. જે સ્વભાવભાવ છે તેને માનતો નથી, અસ્વભાવભાવ છે તેને માને છે. આહા..હા...! બીજી રીતે કહીએ તો એ રાગ પુદ્‌ગલ અજીવ છે. અજીવભાવમાં આત્મા રોકાઈને ત્રિકાળી જ્ઞાન જીવસ્વભાવ તેને ઢંકાઈ ગયો. આહા..હા...! આવી વાતું હવે, લ્યો ! પેલું તો 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તિએ ગયા...' ગાડા હાંકે. કોની દયા ? આહા..હા...! પરની દયાનો ભાવ તો રાગ છે અને રાગને જોનારો પુદ્‌ગલને દેખે છે. આહા..હા...! ભગવાનની ભક્તિ પણ રાગ છે, શાસ્ત્રની ભક્તિ પણ રાગ છે અને તું રાગને જોવે છે તો તે પુદ્‌ગલને જ તું દેખે છે. એ અજીવને તું જોવે છો અને અસ્વભાવભાવ છે તે જ મારો છે એમ તું માને છે. આહા..હા...! આકરી વાત. આહા..હા..!

શ્રોતા :– રાગમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– વર્ણ, ગંધ નથી પણ અચેતન છે. ચૈતન્ય ચમત્કાર જ્ઞાનસ્વરૂપ ભગવાનનું કિરણ રાગમાં નથી. એ કારણે રાગને અચેતન અને પુદ્‌ગલ કહેવામાં આવ્યા છે. આહા..હા...! ચાહે તો પંચ મહાવ્રતનો રાગ વિકલ્પ હો તોપણ એ અચેતન છે. ચૈતન્યપ્રકાશની મૂર્તિ ભગવાન સૂર્યનું કિરણ એમાં નથી. એ ચૈતન્યરૂપી સૂર્યનું કિરણ રાગમાં નથી. આહા..હા...! આવી વાતું (છે). તેથી રાગને અચેતન કહીને પુદ્‌ગલ કહ્યા છે. આહા..હા...! આ શ્રવણમાં પણ જે રાગ ઉત્પન્ન થાય છે એ રાગ પુદ્‌ગલ છે. આહા..હા...! કેમ કે ચૈતન્યસ્વભાવનો એમાં અભાવ છે. આહા..હા...! એવા પુદ્‌ગલને પોતાનો માની અજ્ઞાની પોતાનું સ્વરૂપ રાગ છે એમ માને છે. હે દુરાત્મન્ ! આહા..હા...! સંતોની કડક ભાષા નથી પણ કરુણા છે. આહા..હા..!

અરે..! ભગવાન ! એ દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ તો પુદ્‌ગલ છે. અર..ર..ર...! આ વાત ? પંચ મહાવ્રતનો વિકલ્પ રાગ છે. આહા..હા...! એ પુદ્‌ગલ છે. હે દુરાત્મન્ ! તું પુદ્‌ગલને પોતાનું કેમ માને છે ? આહા..હા...! પૈસા-બૈસાની વાત તો ક્યાંય રહી ગઈ. એ તો ધૂળ ક્યાંય (રહી ગઈ). એને પોતાની માને એ તો મોટો મૂઢ છે. મોટો મૂઢ ! આહા..હા...! અહીં તો પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ કહે છે એ સંતો આડતિયા થઈને જગતને જાહેર કરે છે. આહા..હા..! વીતરાગી દિગંબર સંત છે. આહા..હા..! આનંદ ને આનંદની વીતરાગ દશામાં ઝુલતા ઝુલતા સંતોને કરુણાથી વિકલ્પ આવ્યો. આહા..હા...!

આમ એક બાજુ 'ભગવાનઆત્મા' એમ કહે અને અહીં 'દુરાત્મન્' એમ કહ્યું. ૭૨ ગાથામાં એમ કહ્યું કે આ પુણ્ય અને પાપભાવ અશુચિ છે, મેલ છે. નાકનો ગુંગો મેલ છે. એ મેલ છે, અચેતન છે, જડ છે. ભગવાન એમ શબ્દ લીધો છે. ભગવન્ ! તું તો નિર્મળ આનંદ જ્ઞાનસ્વરૂપ છો ને ! પ્રભુ ! સમજાય છે કાંઈ ? અહીંયા રાગને પુદ્‌ગલ તરીકે ગણી (અજીવના કહ્યા) અને અજ્ઞાની પોતાના આત્માના છે એમ માને છે. ગણી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કોણે ? જ્ઞાનીએ (પુદ્ગલ તરીકે) ગણી... આહા..હા...! (અજ્ઞાની) એ રાગને પોતાનો માને છે અને એ રાગ કરતા કરતા કલ્યાણ થશે (એમ માને છે). આહા..હા...! એ પંચ મહાવ્રત પાળતા પાળતા, વ્યવહાર રત્નત્રય કરતા કરતા (કલ્યાણ માને છે). પુદ્ગલ કરતા કરતા પુદ્ગલથી ચૈતન્ય જાગૃત થશે (એમ માને છે).

**'હે દુરાત્મન્ !'** આહા..હા...! કેમ કે રાગને પોતાનો માને છે એ તારો આત્મા દુરાત્મા છે. આહા..હા...! **'આત્માનો ઘાત કરનાર !'** આત્મઘાત કરનાર. આહા..હા...! એ રાગનો કણ વિકલ્પ વૃત્તિ ઉત્પન્ન થઈ, દયા, દાન, વ્રત, ભક્તિના રાગની વૃત્તિને પોતાની માનનાર આત્મઘાતી છે. તું આત્માનો ઘાત કરનાર છે, પ્રભુ ! આહા..હા...! આવી તો દિગંબર સંતો કરુણાથી વાત કરે છે. આહા..હા...! જંગલવાસી સંતો સિદ્ધ સાથે વાતો કરનારા જગત પાસે જાહેર કરે છે. 'કુંદકુંદાચાર્યદેવ' ભગવાન પાસે ગયા હતા. સંવત ૪૯, બે હજાર વર્ષ પહેલા (ગયા હતા). ભગવાન તો બિરાજે છે, અત્યારે પાંચસો ધનુષનો દેહ છે. આહા..હા...! ત્યાં આઠ દિવસ રહ્યા અને ત્યાં શ્રુતકેવળી પાસે ચર્ચા કરીને કેટલુંક સમાધાન કર્યું. અહીંયા આવ્યા અને ત્યારપછી આ શાસ્ત્ર બનાવ્યા. આહા..હા...! ત્રણલોકનો નાથ 'સીમંધર' ભગવાન. સીમ–પોતાની મર્યાદામાં–આનંદમાં–વીતરાગ સ્વભમાં રહેનારા. એ 'સીમંધર' ભગવાનનો પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. શ્વેતાંબરમાં ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય કહે છે. એમ નથી, કરોડ પૂર્વનું આયુષ્ય છે. શ્વેતાંબરે બધી વાતો બહુ કલ્પિત કરી નાખી. શું કરીએ ? અરે..રે...!

શ્રોતા :– એને ટેકો દેનારા મળ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો બધા અજ્ઞાનીઓ હોય તો ભેગા મળે જ ને ! આહા..હા...! કરોડ પૂર્વનું પ્રભુનું આયુષ્ય છે. સમવસરણમાં બિરાજમાન છે. આહા..હા...! ત્યાં આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ બનાવ્યું. પછી હજાર વર્ષ પછી 'અમૃતચંદ્રાચાર્યદેવ' થયા તેમની આ ટીકા છે. આહા..હા...!

હે આત્મઘાતી ! ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે એવા સ્વભાવભાવને નહિ માનનારા અને અસ્વભાવ રાગ તેને પુદ્ગલ છે (પોતાનો) માનનારા આત્મઘાતી છે. તેં આત્માના શુદ્ધ સ્વભાવનો અનાદર કર્યો એ તેં આત્માનો ઘાત કર્યો. 'જુગલજી' ! આવી વાત છે. આહા..હા..! ચાહે તો શાસ્ત્ર શ્રવણનો રાગ હો.. આહા..હા...! શાસ્ત્ર કહેવાનો વિકલ્પ હો પણ એ રાગ પુદ્ગલ છે. આહા..હા...! પ્રભુ ! એમાં ચૈતન્યના નુરના તેજનો પ્રવાહ ન આવ્યો. આહા..હા...! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં શુદ્ધ ચૈતન્યના પ્રવાહ આવે છે. આહા..હા...! રાગ ને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ કે હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાનાં ભાવમાં ભગવાન ચૈતન્યનો રસ અંશે પણ ન આવ્યો. આહા..હા..! જેમાં અચેતનપણું, પુદ્ગલપણું છે તેને પ્રભુ ! તેં પોતાના માન્યા તો તું આત્મઘાતી છો,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રભુ ! આ..હા..હા...!

શ્રોતા :- સ્વભાવ અને અસ્વભાવની સ્પષ્ટતા હમણા થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- વાત સાચી. આવી (વાત) છે, બાપુ ! ભાઈ ! શું થાય ? આહા..!

નિર્મળાનંદ ચૈતન્ય સ્વરૂપ સ્વપરપ્રકાશક સ્વભાવનો સાગર પ્રભુ છે એવા પોતાના સ્વરૂપને નહિ માનીને તેનાથી વિપરીત રાગાદિ જે પુદ્ગલ અચેતન જડ છે તેને પોતાના માનીને ત્યાં રોકાઈ ગયો તો તું આત્મઘાતી થયો. આહા..હા..! ભગવાન ચૈતન્યમૂર્તિ નિર્મળાનંદ પ્રભુ શ્રદ્ધામાં આવવો રહી ગયો. રાગાદિ હું છું એ (શ્રદ્ધા) તેં કરી. ક્રિયાકાંડમાં સામાયિક ને પૌષધ ને પડિકમણા કરે છે એ રાગ છે, રાગ છે. સામાયિક (કેવી) ? સમકિતદૃષ્ટિ વિના સામાયિક કેવી ? આહા..! આકરું કામ બહુ. સામાયિક કરું ને પોષા કરું ને પડિકમણા કરું એ બધા તો વિકલ્પ રાગ છે, એ પુદ્ગલ છે. એ પુદ્ગલને પોતાના માનનારા ચૈતન્ય આનંદના નાથનો ઘાત કરી નાખે છે. એ નહિ, હું આ છું. આહા..હા...! આવી વાત છે.

આહા..હા..! સંતોની કરુણા તો જુઓ ! હે દુરાત્મન્ ! રાગની વૃત્તિ ઉઠી, જ્ઞાનાનંદ સ્વભાવમાં રાગ નથી, એ રાગ આવ્યો કે દયા પાળું ને આ કરું ને આ કરું એ વૃત્તિ ઉપાધિ છે. આહા..હા...! એ પુદ્ગલ છે, અચેતન છે, અજીવ છે, જડ છે, મેલ છે, દુઃખ છે. આહા..હા...! તેને તું પોતાના માને છો અને ભગવાન ચૈતન્ય આનંદકંદ પ્રભુનો અનાદર કરે છો તો છતી ચીજને તેં અછતી કરી નાખી અને અછતી ચીજને તેં છતી કરી નાખી. રાગાદિ અછતી ચીજ છે, અસલમાં અંદર નથી. સમજાય છે કાંઈ ? તેનું સત્પણું તેં કબુલ કર્યું તો ભગવાન સત્ સ્વરૂપ ત્રિકાળનો તેં અનાદર કરી નાખ્યો. આહા..હા...! ભારે કામ આકરું ! દુનિયાને અત્યારે આ મળવું બહુ કઠણ ! બસ ! આઠ દિ', દસ દિ' થાય આઠ અપવાસ કરે એમાં ચોવિહારા કરે (એટલે) ઓ..હો..હો...! ભારે કર્યું ! મહિનાના અપવાસ (કરે), મહિના મહિનાના અપવાસ ! હતા કે દિ' અપવાસ ? તારી લાંઘણું છે. એ તો ક્રિયાકાંડનો રાગ મંદ કર્યો હોય તો (પુણ્ય છે). માન માટે કરે અને આ અપવાસ કરીએ તો... શું કહેવાય આ ? ઉજમણું કરે, પાછળ પાંચ-પચીસ હજાર કરે તો આપણું માન રહે, બહુ સારી તપસ્યા કરી હતી, (એ ભાવ) તો પાપ છે. કદાચિત્ રાગ મંદ કર્યો હોય તો એ પુણ્ય છે, પુદ્ગલ છે, રાગ છે, એ ધર્મ નહિ. આહા..હા...!

**'હે દુરાત્મન્ ! આત્મનો ઘાત કરનાર !'** મહાપ્રભુ ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્ય ચમત્કારના અસ્તિત્વનો તો તેં ઘાત કરી નાખ્યો, પ્રભુ ! આહા..હા...! અને રાગને તેં જીવિત રાખ્યો. એ તારું જીવન થઈ ગયું, તારું જીવન પુદ્ગલમાં થઈ ગયું. **'જેમ પરમ અવિવેકથી...'** ભાષા જુઓ ! **'જેમ પરમ અવિવેકથી ખાનારા હસ્તી...'** હાથી આદિ પશુ. હાથીને ચુરમું આપે છે ને ? સાથે ઘાસ હોય, ઘાસ. ચુરમાની સાથે ઘાસ હોય. એ **'હસ્તી આદિ પશુઓ સુંદર આહારને તૃણ સહિત ખાઈ જાય છે...'** આહા..હા...! એ સુંદર આહાર ચુરમું હોય એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઘાસ સાથે ખાઈ જાય છે. પણ ઘાસ અને ચુરમું ભિન્ન છે એની ખબર નથી. આહા..હા...! પડસા હોય છે ને ? અમારી કાઠિયાવાડી ભાષા છે. પડસા સમજ્યા ? કોળા. પડસા હોય છે. આટલા આટલા પહોળા હોય છે. એમાં ચુરમું કે રોટલી કે લાડુ નાખીને (આપે પછી) ખાય. આહા..હા...!

**'પરમ અવિવેકથી ખાનારા હસ્તી આદિ પશુઓ સુંદર આહારને તૃણ સહિત ખાઈ જાય છે...'** આહા..હા...! એ તૃણ સહિત ચુરમાને ખાઈ જાય છે. **'એવી રીતે ખાવાના સ્વભાવને તું છોડ,...'** આહા..હા...! રાગ મારો છે એવો અનુભવ છોડ. આહા..હા...! જીવ અધિકાર છે ને ? એ રાગને અજીવમાં પુદ્‌ગલમાં નાખી દીધો છે. આહા..હા...! અહીં તો હજી વ્યવહાર રત્નત્રય સારા કરે તો નિશ્ચય પામે, પહોંચી શકે. અરે..! પ્રભુ ! શું કરે છે તું આ ? ભગવાનના વિરહમાં તેં શું કર્યું ? પ્રભુ ! લોકને રાજી રાખીને આ તેં શું કર્યું ? લોકો રાજી થાય કે આહા..હા...! જોયું ? વ્યવહારથી પણ નિશ્ચય પમાય છે. એકાંત નિશ્ચયથી જ નિશ્ચય પમાય એમ નહિ. પેલા સાંભળનારા આહા..હા...! સાંભળનારને અને કહેનારને કાંઈ ખબર ન મળે. આહા..હા...!

શ્રોતા :– દાખલો આપો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દાખલો કીધો ને આ. બીજાને એમ કહે, તું આ દયા, દાન, વ્રતના પરિણામ કરે છે તો તારું કલ્યાણ થશે. એનાથી તને સમ્યગ્દર્શન થશે આહા..હા...! પુદ્‌ગલ ખાતા ખાતા તને આત્માનો આનંદ આવશે. ઝેર ખાતા ખાતા તને અમૃતનો ઓડકાર આવશે ! આહા..હા...! ભાઈ ! મારગડા બહુ અલૌકિક છે. સચ્ચિદાનંદ પ્રભુ, જેમાં પ્રભુમાં–આત્મામાં અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભર્યા છે. ભાઈ ! તને ખબર નથી. અતીન્દ્રિય આનંદથી ભરેલો સાગર પ્રભુ આખો છે. તેને તું નહિ માનીને રાગના સ્વાદમાં તારી મીઠાશ આવી ગઈ. આહા..હા..! એ હાથી અવિવિક પ્રાણી ઘાસ સાથે ચુરમું ખાય છે તેમ તું રાગ સાથે આત્માનો અનુભવ કરે છે. પણ આત્મા એવો છે નહિ. આહા..હા...! આવી વાતું છે. પછી લોકો 'સોનગઢ' નું કહે ને ? શાસ્ત્ર છે તો ભગવાનનું આ કાંઈ (અહીંનું નથી). 'સોનગઢ' નું એકાંત છે, નિશ્ચયાભાસ છે. કહો પ્રભુ ! આહા..! બાપુ ! તારા પંથ કોઈ જુદી જાતના છે, નાથ ! આહા..હા...!

અહીં આચાર્ય કહે છે, **'એવી રીતે ખાવાના સ્વભાવને તું છોડ, છોડ.'** આહા..હા...! એ રાગ મારો છે એવો અનુભવ છોડ. આહા..હા...! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો, શાસ્ત્રનો (રાગ) આવ્યો હોય, શાસ્ત્રને વંદન કરવાનો ભાવ રાગ (છે) અને રાગનો અનુભવ છે તે પુદ્‌ગલનો અનુભવ છે. આહા..હા...! હે આત્મા ! એ તું છોડ. આહા..હા...! બે વાર કહ્યું. **'છોડ, છોડ.'** એ રાગનો અનુભવ, હાથી જેમ ચુરમા સાથે ઘાસ ખાય છે, એ તું છોડ. એમ ભગવાનનો રાગ સાથે અનુભવ કરે છે એ રાગ છોડ. એ રાગ તારી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચીજ નથી. આહા..હા...! રાગ કોને કહેવો એ હજી ખબર ન મળે. બાયડી, છોકરા ઉપર રાગ કરો, ફલાણું કરો એ રાગ. પણ દયા પાળવી અને પંચ મહાવ્રતનો ભાવ એ પણ રાગ છે. આહા..હા..!

શ્રોતા :– ભગવાનના દર્શન કરવાનો ભાવ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભગવાનના દર્શન કરવા એ રાગ છે.

શ્રોતા :– આપનું વ્યાખ્યાન સાંભળવું એ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ રાગ છે. શ્રવણનું કહ્યું ને ? આ પુસ્તકનું વાંચન કરવું એ વિકલ્પ રાગ છે. આહા..હા...! ભાઈ ! એ હોય પણ એ તું નહિ, એ તારી ચીજ નહિ, પ્રભુ ! આહા..હા...! અરે...! 'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને મુક્યા નહિ અભિમાન' કોને કહેવા સંત ? ને કોને કહેવા જ્ઞાની ? બાપુ ! અરે..રે...! વનવગડા જેમ એકલું રણ ફરે એમ અત્યારે એકલા થઈ ગયા છે. આ..હા..હા..!

ભગવાન પરમાત્મા એમ ફરમાવે છે, પ્રભુ ! તું એકવાર મારી વાત સાંભળ ! આહા..હા..! જેને તું ધર્મ માને છો, રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ એ રાગ છે, પુદ્‌ગલ છે, અચેતન છે, જડ છે, અજીવ છે. તેનો અનુભવ છે એ આત્માનો અનુભવ છે એવી દૃષ્ટિ છોડી દે ! આહા..હા..! ભારે કામ આમાં, ભાઈ !

**'જેણે સમસ્ત સંદેહ,...'** હવે શું કહે છે ? ભાઈ ! પ્રભુ ! ભગવાનઆત્મા તો સર્વજ્ઞદેવે એને કહ્યો છે. એ રાગ કંઈ આત્મા નથી. આહા..હા...! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ રાગ છે, એ આત્મા નહિ. આહા..હા...! લ્યો, 'ષોડશ કારણ ભાવના ભાય, તીર્થંકરપદ પાય' નથી આવતું ? રાજી રાજી થઈ જાય. એ હોય સમકિતીને પણ છતાં એ રાગ પુદ્‌ગલ જડ છે. આહા..હા...! તેનાથી તીર્થંકર પ્રકૃતિનો–જડ પરમાણુનો બંધ થાય છે. આહા..હા...! એ અબંધભાવ નહિ. આહા..હા...!

તું ભગવાનઆત્મા ચૈતન્યબિંબ ચંદ્ર શીતળ સ્વરૂપ વીતરાગમૂર્તિ શીતળ શાંત સ્વરૂપ છે તેમાં અશાંત એવા વિકલ્પ અને રાગને તું પોતાના અનુભવે છે, એ છોડી દે, પ્રભુ ! સુખી થવું હોય અને ધર્મ પંથમાં જવું હોય તો છોડી દે ! આહા..હા...! કેમ છોડી દે ? **'જેણે સમસ્ત સંદેહ, વિપર્યય, અનધ્યવસાય દૂર કરી દીધા છે...'** ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ સમસ્ત સંદેહ, વિપરીત અને અચોક્કસ ભાવ દૂર કરી દીધા છે **'અને જે સમસ્ત વિશ્વને (સમસ્ત વસ્તુઓને) પ્રકાશવાને...'** આહા..હા...! સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ કેવા છે ? - કે જેમણે બધા સંદેહ, વિપરીત અને અચોક્કસ ભાવને દૂર કરી દીધા છે **'અને જે સમસ્ત વિશ્વને (સમસ્ત વસ્તુઓને)...'** વિશ્વ નામ સમસ્ત વસ્તુ. લોક-અલોક. **'પ્રકાશવાને એક અદ્વિતીય જ્યોતિ છે...'** અજોડ જ્યોતિ ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ છે. આહા..હા...! સર્વજ્ઞ અરિહંત પરમેશ્વર અદ્વૈત જ્યોતિ, અજોડ જ્યોતિ છે. એના જેવી બીજી કોઈ જ્યોતિ જગતમાં છે નહિ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'એવા સર્વજ્ઞજ્ઞાનથી સ્ફુટ (પ્રગટ) કરવામાં આવેલ...'** ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર.. આહા..હા...! આખા લોક અને અલોકને પ્રકાશનારા એવા સર્વજ્ઞ ભગવાન દ્વારા કરવામાં આવેલ **'જે નિત્ય ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય...'** પ્રભુએ તો આત્માને ઉપયોગસ્વરૂપ કહ્યો છે. જાણન-દેખન ઉપયોગસ્વરૂપ ભવગાનઆત્મા છે. તે રાગરૂપ કેવી રીતે થઈ ગયો ? સર્વજ્ઞ **'सव्वण्हुणाणदिट्ठो'** સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વર પરમેશ્વર અરિહંતદેવે સર્વજ્ઞ સ્વભાવમાં જીવને ઉપયોગસ્વરૂપ દીઠો છે. જાણન-દેખન ઉપયોગી આત્મા. એ રાગને ભગવાને આત્મા કહ્યો નથી. આહા..હા...! આ તો વાતે વાતે ફેર લાગે. શું થાય ? ભાઈ ! આહા..હા..!

ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર એમ ફરમાવે છે એ આ મુનિ કહે છે. ભાઈ ! સર્વજ્ઞ પરમેશ્વર લોકાલોકના પ્રકાશક છે તેમણે તો... આહા..હા...! ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય કહ્યો છે. જીવદ્રવ્ય નામ ભગવાનઆત્માને અનંત ગુણવાળો નથી કહ્યો પણ ઉપયોગસ્વરૂપ આત્મા કહ્યો છે. કેમ કે અનંત અનંત ગુણ છે તો અનંત અનંત ગુણના કેટલા ભેદ એને બતાવવા ? આ એક ચીજ મહાપ્રભુ ઉપયોગ જેનું લક્ષણ છે, આહા..હા...! ઉપયોગસ્વરૂપ ભગવાનઆત્મા એ જીવદ્રવ્ય છે. **'ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય...'** આહા..હા..! અનંત ગુણસ્વરૂપ જીવદ્રવ્ય ન લીધું. મુખ્ય લક્ષણ બતાવવા એમ કહ્યું કે જીવ ભગવાન એ તો ઉપયોગસ્વરૂપ એનો સ્વભાવ છે ને ! જાણવું-દેખવું એવા ઉપયોગસ્વરૂપ ભગવાન છે ને ! આહા..હા...! જીવદ્રવ્યને આવું કહ્યું.

**'सव्वण्हुणाणदिट्ठो'** પાઠ છે ને ? આ તો પાઠ છે, ગાથા છે, જુઓને ! **'सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं।।'** આહા..હા...! એને અનંત ગુણવાળો છે એમ ન કહ્યું. આહા..હા...! પણ જાણન-દેખન ઉપયોગ જે ખાસ ચીજ છે, જે ખાસ લક્ષણ છે (તેવા સ્વરૂપે કહ્યો). તેથી કહ્યું ને ? **'उवओगलक्खणो णिच्चं'** એમ કહ્યું. એ ભગવાન તો જાણન-દેખન ઉપયોગ લક્ષણ સ્વરૂપ છે. એ તારા રાગમાં ક્યાંથી આવી ગયો ? આહા..હા...! સમજાય છે કાંઈ ?

ચૈતન્યના અનંત ગુણ સ્વરૂપ આત્મા એમ નહિ લેતા, મહાપ્રભુ ઉપયોગલક્ષણ નિશ્ચય, એમ સર્વજ્ઞ ભગવાને આત્માને કહ્યો. આહા..હા..! અને **'लक्खणो'** લીધું છે. **'उवओगलक्खणो णिच्चं सव्वण्हुणाणदिट्ठो'** આહા..હા...! ભગવાનઆત્માને ભગવાનઆત્માએ ઉપયોગ લક્ષણ જોયો છે. એમાં રાગલક્ષણ અને રાગભાવ આવ્યા ક્યાંથી ? એમ કહે છે. જાણન-દેખન ઉપયોગ છે ને ? આહા..હા...! બીજા અનંત ગુણમાં એવું જાણન-દેખન સ્વરૂપ નથી. આહા..હા...! જ્ઞાનપ્રકાશ, દર્શનપ્રકાશ એવો જે ઉપયોગ, એ ઉપયોગસ્વરૂપ ભગવાનઆત્મા છે. ભગવાને તો એમ કહ્યું છે. અને હે દુરાત્મન્ ! તું દયા, દાનના રાગને પોતાના માને અને પુદ્ગલથી લાભ માને એ ક્યાંથી લાવ્યો ? આવી વાતું છે.

જેના પ્રકાશના તેજમાં સ્વપર જણાય એવા ઉપયોગસ્વરૂપ ભગવાન તો છે, એ પરસ્વરૂપ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી. આહા..હા...! રાગ તો અનુપયોગ છે. રાગ દયા, દાન, વ્રતાદિના વિકલ્પ છે એ તારા છે એમ માને છે પણ એ તો અનુપયોગ છે. આહા..હા...! ભગવાન તો જાણન-દેખન ઉપયોગ સ્વરૂપ છે એમ ભગવાને જોયું છે. ભગવાને તો એમ કહ્યું છે. જેને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન વિશ્વપ્રકાશક છે. વિશ્વ નામ સમસ્તને પ્રકાશક. ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં જાણે એવો પ્રકાશ (પ્રગટ છે). એવી ચૈતન્યજ્યોતિ ભગવાને તો એમ કહ્યું કે જીવ તો નિશ્ચયથી ઉપયોગ લક્ષણ છે. એમાં તારો રાગ ક્યાંથી આવ્યો ? આહા..હા..! ન્યાં 'બેંગલોર' માં કાંઈ મળે એવું નથી. ધૂળ આવે પેલી ધૂળ–પૈસા. આહા..હા...!

'**નિત્ય ઉપયોગસ્વભાવરૂપ...**' આ એક શબ્દ પડ્યો છે. ત્રિકાળ જ્ઞાનઉપયોગ, દર્શનઉપયોગ સ્વરૂપ એ છે. આહા..હા...! એ રાગરૂપ કદી થયો નથી, રાગરૂપ થતો નથી. આહા..હા...! ઉપયોગસ્વરૂપ જીવ ચૈતન્ય એ અજીવ રાગરૂપ કેમ થાય ? જે અનુપયોગ છે, ઉપયોગ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? વાત કહેવી સૂક્ષ્મ અને પૂછવું કે સમજાય છે કાંઈ ? સમજાય છે ? બાપુ ! આ (વાત) છે, ભાઈ ! આહા..હા...!

વિશ્વને–સર્વને પ્રકાશ કરનાર ભગવાન સર્વજ્ઞદેવ '**સર્વજ્ઞજ્ઞાનથી સ્ફુટ (પ્રગટ) કરવામાં આવેલ...**' સર્વજ્ઞજ્ઞાનથી પ્રગટ કરવામાં આવેલ '**નિત્ય ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય...**' જુઓ ! નિત્ય ઉપયોગરૂપ જીવદ્રવ્ય એમ પણ નથી કહ્યું. નિત્ય સ્વભાવ એમ નથી કહ્યું. નિત્ય ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય (કહ્યું છે). આહા..હા...! જાણન-દેખન ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય '**તે કેવી રીતે પુદ્ગલદ્રવ્યરૂપ થઈ ગયું...**' એ રાગરૂપે કેવી રીતે થઈ ગયું ? આહા..હા..! આવી વાતું છે. 'જુગલજી' ! ભગવાનનો આ માર્ગ છે, ભાઈ ! દુનિયા પછી ગમે તે કહો. એકાંત છે, નિશ્ચયાભાસ છે એમ કહે, પ્રભુ ! ભાઈ ! તને રાગના પ્રેમમાં વસ્તુ ભિન્ન છે તેનું ભાન નથી. આહા..હા...! એને એમ કે આવી ક્રિયા પાળીએ, મહાવ્રત પાળીએ, ઇન્દ્રિયદમન કરીએ, જાવજીવ બ્રહ્મચર્ય પાળીએ તોપણ કલ્યાણ ન થાય ? એ બધી ક્રિયા રાગની છે, સાંભળ તો ખરો ! એ તો રાગની વૃત્તિનું ઉત્થાન છે. ભગવાન આનંદકંદમાં એ ઉત્થાન છે જ નહિ. આહા..હા...!

કેવી ગાથા છે, જુઓને ! આહા..હા...! '**તે કેવી રીતે પુદ્ગલદ્રવ્ય થઈ ગયું કે જેથી તું આ પુદ્ગલદ્રવ્ય મારું છે...**' રાગ મારો છે, શું થઈ ગયું તને ? આહા..હા..! ઘાસ કાઢી નાખવાની ચીજ છે તેને ચુરમા સાથે ખાય છે. રાગ પુદ્ગલ છે તેની સાથે આત્મા મારો છે એમ અનુભવ કરે છો. આહા..હા...! ગજબ છે ને ! ખરેખર તો આ જીવ-અજીવ અધિકાર છે. એટલે રાગ જે છે, ચાહે તો દયાનો, વ્રતનો, ભક્તિ, પૂજાનો એ બધો અજીવ છે, એ પુદ્ગલ છે, એ જડ છે, અચેતન છે. અર..ર..ર...! આવું સાંભળવું (કઠણ પડે). આહા..હા...! સર્વજ્ઞ ભગવાને તો આમ કહ્યું છે, તું આવો નવો ક્યાંથી નીકળ્યો કે આ રાગની ક્રિયા કરતા કરતા, અનુપયોગ કરતા કરતા ઉપયોગ થઈ જશે ? આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**‘કારણ કે જો કોઈ પણ પ્રકારે જીવદ્રવ્ય પુદ્ગલદ્રવ્યરૂપ થાય...’** કોઈપણ રીતે ભગવાન આનંદ અને જ્ઞાનઉપયોગ રાગરૂપ થાય.. છે ? **‘અને પુદ્ગલદ્રવ્ય જીવદ્રવ્યરૂપ થાય...’** અને રાગ પુદ્ગલદ્રવ્ય છે તે જીવદ્રવ્યરૂપ થાય... દૃષ્ટાંત આપશે. **‘તો જ મીઠાનું પાણી...’** આહા..હા...! મીઠાનું પાણી. મીઠુ હોય છે ને ? ગરમીમાં પાણી થઈ જાય છે ને ? ગરમીને લઈને (પાણી થઈ જાય). મીઠાનું પાણી પહેલું લેવું છે. પાણીનું મીઠુ પછી લેશે. પાણીનું મીઠુ થાય એ પછી. અહીં તો પહેલા મીઠાનું પાણી (લે છે). **‘એવા અનુભવની જેમ...’** આહા..હા...! સમજાય છે કાંઈ ? દૃષ્ટાંત પછી વિશેષ આવશે... હજી આટલું બાકી છે.

**‘પુદ્ગલદ્રવ્ય જીવદ્રવ્યરૂપ થાય થાય તો જ ‘મીઠાનું પાણી’ એવા અનુભવની જેમ ‘મારું આ પુદ્ગલદ્રવ્ય’ એવી અનુભૂતિ ખરેખર વ્યાજબી છે; પણ એમ તો કોઈ રીતે બનતું નથી.’** આહા..હા...! જેમ મીઠું છે એ પાણી થઈ જાય છે, તેમ ભગવાન ચૈતન્ય છે તે રાગ થઈ જાય છે, એમ કદી બનતું નથી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** ભરતચક્રવર્તી ને બાહુબલીજી કે જેઓ તદ્ભવ મોક્ષગામી હોવા છતાં યુદ્ધે ચઢ્યા અને જ્યારે ત્રણે યુદ્ધમાં ભરતજી હાર પામ્યા ત્યારે ક્રોધાવેશમાં ભાઈને મારવા ચક્ર ફેંક્યું ! જુઓ તો ખરા ! ભાઈને મારી નાખવાનો ક્રોધ ધર્માત્માને આવ્યો ! અને તે છતાં જેમ દરિયો ઉપરની સપાટીએ કદાચિત્ ઉછળતો હોય તોપણ નીચેની અંદરની સપાટીએ તો શાંત ગંભીરપણે રહ્યો છે તેમ જ્ઞાનીને અસ્થિરતાના કારણે કદાચિત્ આવો ક્રોધ આવી જાય તોપણ અંતરમાં જ્ઞાતાદૃષ્ટાનો ગંભીર પ્રવાહ વહે છે. તેથી ક્રોધના સમયે પણ ભરતજી ચક્ર ફેંકવાની ક્રિયાના તથા ક્રોધના પરિણામના માત્ર જ્ઞાતા જ છે, કર્તા નથી. અરે ! બાહુબલીજી પણ એમ જાણે છે કે ચક્ર ભેંકવાની ક્રિયાના કે મારા પ્રત્યેના ક્રોધના કર્તા ભરતજી છે જ નહીં, ભરતજી તો જ્ઞાતાદૃષ્ટા જ છે. જુઓ તો ખરા ધર્મીની લીલા ! બહારમાં ચક્ર ફેંકાતા લોકોમાં હાહાકાર મચી જાય છે અને અંતરમાં બંને ધર્માત્મા માત્ર જ્ઞાતાદૃષ્ટાપણે વર્તી રહ્યા છે. અહીં તો કહે છે કે લડાઈની તે ક્રિયા અને તે વખતના ક્રોધનો, દ્વેષનો વિકલ્પ તેનો કર્તા તો જ્ઞાની નથી, તેમાં નિમિત્ત પણ જ્ઞાની નથી, પણ તે ક્રોધાદિ તેઓ જ્ઞાનીના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. ૪૧૬.**

**– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્રી કળશટીકા, કળશ–૨૧૫, પ્રવચન નં. ૨૩૯
## તા. ૨૬-૦૨-૧૯૭૮
## [૧૯]

'કળશટીકા' ૨૧૫ કળશ, ફરીને થોડું લઈએ. **'जनाः तत्त्वात् किं च्यवन्ते'** અરે..! **'સંસારી જીવો...'** આચાર્ય કરુણા કરીને કહે છે કે અરે..! જીવો ! આહા..હા...! **'જીવવસ્તુ સર્વ કાળ શુદ્ધસ્વરૂપ છે,...'** શું કહે છે ? ભગવાનઆત્મા તો શુદ્ધ સ્વરૂપ જ છે. પરનો એ કર્તા પણ નથી. દયા, દાનના ભાવને કરે એમ પણ નથી. પરને તો કરે નહિ... આહા..હા...! પણ દયા, દાનના ભાવને કરે એવું નથી. એ તો શુદ્ધ ચીજ–વસ્તુ છે. આહા..હા...!

**'સમસ્ત જ્ઞેયને જાણે છે'** એટલે ? - કે અંદર રાગ આવે એને સ્પર્શ્યા વિના જ્ઞાન જાણે એવો એનો સ્વભાવ છે. શું કહ્યું સમજાણું ? આહા..હા...! ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા એને કોઈ દયા, દાન આદિનો રાગ આવે પણ એથી પરની દયા કરી શકે એ તો પ્રશ્ન છે જ નહિ... આહા..હા...! આવી ચીજ છે. પણ એ ભાવ આવ્યો એને જ્ઞાન સ્વભાવ સ્પર્શતો નથી. શું કહ્યું ? ***એ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા તો ચૈતન્યજ્યોત ચેતના (છે) એ રાગાદિ અચેતન સ્વભાવને સ્પર્શતો નથી. આહા..હા...! એ તો શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એમ જેના જ્ઞાનમાં જણાય એ આત્મા રાગ અંદર થાય તો રાગને સ્પર્શ્યા વિના રાગને જાણે છે. આહા..હા...!*** સમજાણું કાંઈ ? પરની દયા પાળવી કે મારવો એ તો કરી શકતો નથી કેમકે પરને અડી શકતો નથી. પણ અંદરમાં રાગ આવે એ પણ શુદ્ધ જીવના સ્વભાવમાં રાગનું અડવું અને ચુંબન કરવું એટલે સ્પર્શવું, ચુંબન એટલે સ્પર્શવું (એ પણ નથી). આહા..હા...! એ ચૈતન્યઘન ભગવાનઆત્મા એની સત્તા ચેતન જાણવા-દેખવાની છે. આ જાણવા-દેખવામાં જે રાગ આવે એને પણ સ્પર્શ્યા વિના તે પોતાના ક્ષેત્રમાં, ભાવમાં રહી અને એને જાણે છે. આહા..હા...! છે ?

**'કેમ ભ્રષ્ટ થાય છે ?'** અરે..! એવા અનુભવથી કેમ ભ્રષ્ટ થાય છે ? એટલે રાગને જાણતા એને એમ થઈ જાય છે કે અરે..! હું રાગરૂપ થઈ ગયો અથવા રાગ મારા જ્ઞાનસ્વરૂપે થઈ ગયો એમ જીવ કેમ ભ્રષ્ટ થાય છે ? આહા..હા...! બહુ ઝીણી વાતું છે, બાપા ! આહા..! જૈનધર્મ બહુ સૂક્ષ્મ છે. લોકોએ કલ્પ્યો છે એ બધી વાત બહારની છે. આહા..! અહીંયાં તો શુદ્ધ જીવ સ્વરૂપ છે તે રાગને જાણતા રાગને અડતો નથી. એ પરજ્ઞેય છે. અને ખરેખર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ રાગ છે એ ચેતનથી ભિન્ન જાત છે માટે અચેતન છે. એ અચેતનને ચેતન અડતો નથી. આહા..હા...!

શ્રોતા :– અડે તો વાંધો શું છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અડે તો વાંધો (છે) એ મિથ્યાદૃષ્ટિ મલિન માને. અડે નામ સ્પર્શ કરતો નથી. કેમકે રાગ અને જ્ઞાયકભાવની વચ્ચે અત્યંત અભાવ છે. આહા..હા...! રાગતત્ત્વ એ પુણ્યતત્ત્વ છે, મલિન તત્ત્વ છે, અચેતન તત્ત્વ છે. ભગવાન ચેતન તત્ત્વ છે, નિર્મળ તત્ત્વ છે, જ્ઞાયક સ્વભાવથી ભરેલું તત્ત્વ છે. એ રાગને અડ્યા વિના જ્ઞાન રાગને પોતાના ભાવમાં રહી, ક્ષેત્રમાં રહી અને રાગને જાણે. પણ આ લોકો રાગને જાણતા હું રાગને જાણું છું એટલે સ્પર્શ કરું છું, એમ ભ્રષ્ટ કેમ થઈ જાય છે ? એમ કહે છે. આહા..હા...! છેલ્લી ગાથાઓ (છે).

શ્રોતા :– રાગને જ્ઞાન અડે તો બન્ને એક થઈ જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બે વસ્તુ તદ્દન ભિન્ન છે અને ભિન્નને ભિન્ન અડી શકતું નથી. બહિર્લુટંતી, આવી ગયું છે ને ઇ ? પહેલા આવી ગયું, નહિ ? આહા..હા...! એ રાગથી ભગવાનઆત્મા બહિર્લુટંતી–બહાર ફરે છે અને આત્માના સ્વભાવથી પણ રાગ બહિર્લુટંતી. આહા..હા...!

એક દ્રવ્ય બીજા દ્રવ્યને તો અડતું નથી.. આહા..હા...! ગજબ વાત છે ! એ તો દાખલો આપ્યો હતો ને, ચાલવાનો ? આ પગ ચાલે છે એ જમીનને અડતો નથી. અરે..રે...! આ વાત ક્યાં...? કેમકે જમીનની પર્યાય અને આત્માની પર્યાય વચ્ચે અત્યંત અભાવ છે. અત્યંત અભાવમાં ભાવ સ્પર્શરૂપે કેમ હોઈ શકે ? આહા..હા...! આવું છે. વીતરાગમાર્ગ, સત્ય બહુ અલૌકિક છે. સાંભળવા મળે નહિ, બિચારા ક્યાં જાય ? આહા..હા...! એ રખડપટ્ટી ચોરાશીમાં કાગડા, કૂતરાના અવતાર કરી કરીને મરી જાય, અનંતવાર. આહા..હા...!

અહીંયાં તો આચાર્ય મહારાજ એમ કહે છે કે **'વસ્તુનું સ્વરૂપ તો પ્રગટ છે,...'** શું પ્રગટ છે ? - કે રાગને સ્પર્શ્યા વિના, પરદ્રવ્યને અડ્યા વિના જ્ઞાન એને જાણે એવું વસ્તુનું સ્વરૂપ તો પ્રગટ છે. આહા..હા...! સમજાય છે ? ભાવ બહુ ઊંડા છે, ભાષા તો સાદી છે. આહા..હા...! આ બીડી પીવે છે (તો) કહે છે કે ! બીડીને હાથ અડતો નથી. તેમ હોઠને આત્મા અડતો નથી. આહા..હા...! તેમ રાગ થયો તેને આત્મા અડતો નથી. અરે..! પ્રભુ ! જો તો ખરો ! એ.. શેઠ ! તમારું લીધું, બીડીનું. દાખલો, દાખલા વિના સમજાય શી રીતે ? આહા..હા...!

શ્રોતા :– અડતી નથી તો પીવામાં શું વાંધો છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ પીવું ક્યાં રહ્યું ન્યાં ? બીડીને અડતો નથી ને હોઠ અડતો નથી, આત્મા હોઠને અડતો નથી. આહા..હા...! આવી વાત છે, ભાઈ ! જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરમાત્માનો માર્ગ કોઈ અલૌકિક છે ! અત્યારે તો સાંભળવા મળતો નથી એવી ચીજ થઈ ગઈ છે. શું થાય ? આહા..હા...!

જુઓ ! હવે આવે છે. **'જીવવસ્તુ સર્વ કાળ શુદ્ધસ્વરૂપ છે, સમસ્ત જ્ઞેયને જાણે છે' એવા અનુભવથી કેમ ભ્રષ્ટ થાય છે ?'** જોયું ? આહા..હા...! હું રાગને રાગમાં પેઠા વિના મારામાં રહીને રાગને જાણું છું, આવા સ્વભાવનો અનુભવ, એનાથી જીવ કેમ ભ્રષ્ટ થાય છે કે હું રાગને અડું છું, રાગને સ્પર્શું છું, શરીરને સ્પર્શું છું, એમ રાગને જાણનારો ભિન્ન છે એવા અનુભવથી ભ્રષ્ટ કેમ થાય છે ? આહા..હા...! સમજાણું કાંઈ ?

**'કેવા છે જનો ?'** અરે..! કેવા છે જીવો જગતના ? આહા..હા...! **'द्रव्यान्तरचुम्बनाकुलधियः'** પોતાના દ્રવ્યથી અનેરી **'જ્ઞેયવસ્તુને જાણે છે તેથી...'** **'चुम्बन'** જાણે મેં સ્પર્શ કર્યો એટલે **'અશુદ્ધ થયું છે જીવદ્રવ્ય એવું જાણીને...'** આહા..હા...! શરીર ને વાણીને જ્ઞાન જાણે છતાં જ્ઞાન શરીર, વાણીને સ્પર્શે નહિ એવો તો જ્ઞાનનો સ્વભાવ છે. એનાથી જનો અનુભવથી ભ્રષ્ટ કેમ થાય છે - કે હું આ શરીરને અડું છું. આહા..હા...! આ શરીરની જે ઇન્દ્રિયો છે એને પણ આત્મા અડતોય નથી. આહા..હા...! છતાં એ જ્ઞાનના અનુભવમાં તો શરીરને સ્પર્શ્યા વિનાનું જ્ઞાન (છે) એવો વસ્તુનો અનુભવ છે. પણ એને ઠેકાણે હું શરીરને સ્પર્શું છું, આ સુંવાળું શરીર છે એને હું અડું છું એવી રીતે જીવને પરદ્રવ્ય સાથે ચુંબન નામ સ્પર્શ કેમ માને છે ? આહા..હા...! ઝીણી વાત છે, પ્રભુ ! આહા..હા...! જન્મ-મરણના અંત લાવવાની વાતું બાપુ ! આકરી બહુ ! એના ફળ પણ કેટલા ! અનંત આનંદ.. આનંદ.. આનંદ.. આહા..હા...!

જીવતત્ત્વ જ્ઞાનસ્વરૂપે સ્થિત (છે). એ પરતત્ત્વ જે છે જડ શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ-પરિવાર આદિ બધાને પોતામાં રહીને જાણવાનો સ્વભાવ છે પણ છતાં એને આ થાય કે હું આને અડું છું, આને સ્પર્શું છું એમ (માનીને) જ્ઞાનના સ્વરૂપથી ભ્રષ્ટ કેમ થઈ જાય છે ? આહા..હા...! સમજાણું કાંઈ ? ચુંબનનો અર્થ અહીં અશુદ્ધ કર્યો પણ ચુંબનનો અર્થ સ્પર્શવું થાય છે. આહા..હા...! આ ચુંબન નથી લેતા શરીરને ને બાળકને ? એ હોઠ પણ ત્યાં અડતો નથી, કહે છે. આહા..હા...! આત્માનું જ્ઞાન તો હોઠને શેનું અડે પણ હોઠ, એના છોકરાનું ચુંબન લેતો હોઠ એના શરીરને અડતો નથી. અરે..! આવી વાત ! કેમકે તત્ત્વે તત્ત્વ ભિન્ન છે. શરીર, વાણી, મન એ અજીવ તત્ત્વ છે. દયા, દાનના, વ્રતના ભાવ છે તે આસ્રવ તત્ત્વ અથવા પુણ્ય તત્ત્વ છે. ભગવાન છે તે જ્ઞાયક તત્ત્વ છે. આહા..હા...! આવી વાત છે. એ જ્ઞાયક તત્ત્વ પરને અડ્યા વિના જાણવાનું સ્વરૂપ જ એનું એવું છે. છતાં આ શું થયું ? જીવો, જગતના પ્રાણી શું કરે છે ? આહા..હા...! કે અમે આ રાગને જાણતાં રાગને સ્પર્શીએ છીએ. આહા..હા...! તેથી અમે અશુદ્ધ થઈ જઈએ છીએ. આહા..! એમ આ ભ્રમણા કેમ થઈ જગતને ? આહા..હા...! સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક તત્ત્વ બીજા તત્ત્વને સ્પર્શે તો બે તત્ત્વ એક થઈ જાય છે, ભિન્ન રહેતા નથી. આહા..હા...! આ તો ધીરાના કામ છે, ભાઈ ! આ કાંઈ બહારથી કોઈ વ્રત કર્યાં ને અપવાસ કર્યાં ને એથી થઈ ગયો ધર્મ, એ તો ક્યાંય ત્રણકાળમાં નથી. પણ એ વ્રતનો વિકલ્પ ઊઠ્યો... આહા..હા...! એને પણ જ્ઞાનસ્વરૂપી ભગવાન પોતામાં રહીને એને સ્પર્શ્યા વિના જાણે છતાં આને હું સ્પર્શું છું, અડું છું અને તેથી હું પરને જાણતા અશુદ્ધ થઈ જઉં છું, આવો ભ્રમ અજ્ઞાનીને કેમ થાય છે ? આહા..હા...! બહુ સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ ? છે ?

'**द्रव्यान्तरचुम्बनाकुलधियः**' '**आकुलधियः**' શું ? પરને સ્પર્શીને '**જ્ઞેયવસ્તુનું જાણપણું કઈ રીતે છૂટે...**' પરનું સ્પર્શવું, જાણે અડું છું એ કેમ છૂટે ? અથવા પરનું જાણવું મને થાય છે, એ તો પરનું જાણવું થયું એ તો અશુદ્ધતા થઈ. માટે પરનું જાણવું કેમ છૂટે ? એમ અજ્ઞાની ભ્રમ કરે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! એને ઘણે ઠેકાણેથી પાછો વાળવો પડશે. હેં ? આહા..! આ કંઈ વાતે વડા થાય એવું નથી. વડા માટે અનાજ ને તેલ ને ઘી જોઈએ. એમ આ અંદરનો માલ છે. આહા..હા...!

ચૈતન્ય તત્ત્વ તે અચેતન તત્ત્વને કેમ અડે ? અચેતન જડ તો ઠીક પણ રાગેય અચેતન છે એને કેમ અડે ? આહા..હા...! એટલે કે એને કેમ સ્પર્શે ? એટલે કે જ્ઞાનને એમ થઈ જાય કે આ રાગને જાણું છું માટે હું સ્પર્શ્યો છું અને તેથી એનું મને જ્ઞાન થાય છે તે અશુદ્ધ છે. એથી એનું જ્ઞાન છૂટે તો હું શુદ્ધ થાઉં, એ ભ્રમ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! અહીં તો હજી પરની દયા પાળે તો ધર્મ થાય (એમ માને). અર..ર..ર.. ! કાળા કેર કરે છે ને ! આત્માને હણી નાખે છે. મરણતુલ્ય કરે છે, નથી આવ્યું ? 'કળશ ટીકા'માં આવ્યું છે. આહા..હા...!

શ્રોતા :– 'સમાધિ શતક'માં એમ કહ્યું, હણાય જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ તો જગત હણાય છે, પણ અહીં તો પોતે મરણતુલ્ય થઈ જાય છે. પોતાને મરણતુલ્ય કરી નાખે છે. આહા..હા...! એટલે કે જાણે હું જાગતી જ્યોત ચૈતન્ય જ્ઞાન, દર્શન, આનંદના સ્વભાવવાળી છું એમ નથી માનતો. એ તો જાણે કે રાગને કરું છું ને રાગને સ્પર્શું છું એ જીવના સ્વરૂપને એણે મરણતુલ્ય કરી નાખ્યું. જાણનાર-દેખનારના સ્વભાવને તેણે હણી નાખ્યો. આહા..હા...! પરને તો હણી શકતો નથી... આહા..હા...! પણ પોતાને આ રીતે વ્યવહાર રત્નત્રયનો રાગ આવે એને હું અડું છું, ઇ તો ઠીક, ઇ તો વળી વ્યવહાર રત્નત્રયથી મને નિશ્ચયમાં લાભ થાય છે, અરે..! પ્રભુ ! તું જ્ઞાન અને આનંદનો ધણી છો, એ રાગના વિકારથી તને અવિકારીનો લાભ થાય (એમ કેમ બને ?) અવિકારી તું છો એમાંથી અવિકારી લાભ થાય. આહા..હા...! સમજાણું કાંઈ ? આવો ધર્મ હવે.

શ્રોતા :– અપરાધભાવથી નિરપરાધભાવ કેમ થાય ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, પણ અત્યારે તો ઇ ચાલ્યું છે.

અહીં તો ઇથી આગળ જઈને એને જાણવાથી હું અશુદ્ધ થઈ જાઉં છું. તો એ તો એનું જાણવું અને પોતાનું જાણવું એ તો પોતાના સ્વભાવમાં રહીને જાણી શકવાનો સ્વભાવ છે. પરનું જાણવું થઈ ગયું માટે અશુદ્ધ થઈ ગયો. પરવસ્તુ છે ને ? એને જાણ્યું તો અશુદ્ધ થઈ ગયો માટે સ્વને જાણું તો શુદ્ધ, એ પરને જાણવું છોડી દઉં. તો પરનું જાણવું તો તારો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. એને છોડવા જઈશ તો તારી વસ્તુ છૂટી જશે. આહા..હા...! અરે..! ચોરાશીના અવતારમાં રખડી મર્યો છે અનંતકાળ. આવી ભ્રમણા ક્યાંક ક્યાંક એવી (રીતે કરી છે). અટકવાના સાધન અનંત, છૂટવાનું સાધન એક–સ્વસ્વરૂપ તરફ જવું તે. આહા..હા...! સમજાણું કાંઈ ?

શ્રોતા :– દીપક વિષ્ટાને પ્રકાશે છે છતાં દુર્ગંધ પેસતી નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દીવો એને અડતોય નથી. અડે કોને ? એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં તો અભાવ છે. અડે કોને ? ભાવ થઈ ગયો. આહા..હા...! આકરું કામ. અરે..! પગ જમીનને અડે નહિ. છતાં નીચે કાંકરી હોય તો વાગે એમ દેખાય. આહા..હા...! ઇ વાગ્યું પણ નથી, કાંકરી શરીરને અડી પણ નથી. આહા..હા...! અને એ શરીરમાં કાંઈ થયું એને જ્ઞાન અડ્યું નથી. આહા..હા...! અરે..! તેમાં એના તરફનો જરી અણગમાનો વિકલ્પ આવ્યો એને જ્ઞાન અડ્યું નથી. જ્ઞાનનો સ્વભાવ એવો ક્યાં છે - કે પરને અડે ! ***આહા..હા...! એ તો ભગવાન પોતાના સ્વભાવમાં રહી અને તેનું જ્ઞાન કરે એમ કહેવું એ વ્યવહાર છે. એ સંબંધીનું પોતાનું જ્ઞાન એને (પોતાને) એ જાણે છે. એને સ્પર્શીને જાણે છે. રાગને સ્પર્શીને રાગને જાણતું નથી. આહા..હા...!*** કહો, 'ચીમનભાઈ' ! આવું ક્યાં તમારા લોઢામાં હતું ન્યાં ? આહા..હા...! અને ન્યાયથી એના ખ્યાલમાં આવી શકે. આહા..હા...! અરે..રે..! મારું શું થશે ? હું ક્યાં જઈશ ? અને હું શું છું ? એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન છે. એ ક્યાં જાય ? આહા..હા...!

બેનનો શબ્દ આવ્યો છે એ બધાને બહુ મીઠો લાગ્યો છે. 'જાગતો જીવ ઊભો છે ને !' ઘણા કહે છે, લખો. એટલું બધું ક્યાં લખવું ? ૐ કરીએ છીએ માંડ, બસ ! લખી દ્યો ! (એમ કહે છે). ૐ બસ છે. જાગતો જીવ ઊભો છે ને ! તે ક્યાં જાય ? ***એ જાણક સ્વભાવી ભગવાન ધ્રુવ છે ને ! એ પરિણમે તો જાણવારૂપે પરિણમે પણ પર છે માટે પરને જાણવાપણે પરિણમે છે એમેય નથી. આહા..હા...! એ તો પોતાનો સ્વભાવ જ સ્વપર જાણવાનો સ્વભાવ એ આત્મજ્ઞપણું, એ તો સ્વપણું છે. આહા..હા...!*** પણ અજ્ઞાનીને ભ્રમ થઈ જાય છે કે હું પરને જાણું છું તો બહાર ચાલ્યો ગયો. પરને જાણું છું માટે હું બહાર ગયો એમ થઈ જાય છે. આહા..હા...! આવી વાત છે. ***પરને જાણવાનું કહેવું એ પણ ઉપચાર વ્યવહાર છે. આહા..હા...!*** આવી વાત છે, ભાઈ !

ચૈતન્ય સ્વરૂપી ભગવાન ! 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી તાતેં વચનભેદ ભ્રમ ભારી,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, સ્વરૂપા પરરૂપા ભાસી' એ રાગ ને શરીર, વાણી પરજ્ઞેય (છે) એને જ્ઞાનમાં પોતામાં રહીને તેને જાણવું એમ વ્યવહારથી કહેવાય પણ એને અડે છે અથવા એને જાણે છે માટે જ્ઞાન અશુદ્ધ થઈ ગયું, એ જ્ઞાન બહારમાં ચાલ્યું ગયું.. આહા..હા...! બહારને જાણે છે માટે જ્ઞાન પોતાના સ્થાનથી, ભાવથી છૂટીને બહારમાં ગયું એવો અજ્ઞાનીને ભ્રમ થઈ જાય છે. આહા..હા...! હેં ?

શ્રોતા :– જ્ઞાન સર્વગત તો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સર્વગત નહિ, એ વ્યવહારથી કહ્યું છે. એ તો 'પ્રવચનસાર'માં (કહ્યું) 'જ્ઞાનઅટ્ઠા' અર્થો જ્ઞાનમાં છે. એટલે કે એનું જ્ઞાન છે, ત્યાં એનો અર્થ (એ છે). અર્થો જ્ઞાનમાં છે એમ કહ્યુંનો અર્થ (એ છે કે) અર્થ સંબંધીનું જ્ઞાન જ્ઞાનમાં છે, એમ કહેવું છે. અર્થ તો અર્થમાં છે. આહા..હા...! ત્યાં તો સર્વગત કહ્યું. 'પંચાધ્યાયી'માં સર્વગત માને એને નિશ્ચયાભાસ કીધો છે. 'પંચાધ્યાયી'માં સર્વગતને (એમ કીધું). અપેક્ષિત જાણવું જોઈએ ને ! આહા..હા...! સર્વગત તો ૪૭ નયમાં એક સ્વભાવ છે. કઈ અપેક્ષાએ ? પોતાને અને પરને સર્વને જાણવાનું સ્વરૂપ છે માટે સર્વગત છે, પણ પરને જાણવું એથી તે પરને જાણતાં જ્ઞાન બહાર ચાલ્યું ગયું છે, પોતાના અસ્તિત્વમાંથી એક પ્રદેશ પણ ભિન્ન દૂર થઈ ગયું એમ નથી. આહા..હા...! પોતાના ઘરમાં રહીને જેમ લશ્કર નીકળે એને જોવે, એ લશ્કરમાં ઇ આંખ ગઈ નથી અને લશ્કર આંખમાં આવ્યું નથી. ઘરમાં ઊભો ઊભો જોવે આ બધું નીકળે એને. વરઘોડો નીકળે, રથ નીકળે, હાથી નીકળે. આહા..હા...! એમ ભગવાન જ્ઞાનસ્વરૂપી પોતામાં બેઠો છે. આહા..હા...! એમાં આ બધા જડના અને રાગના પ્રકારો લશ્કરો નીકળે એ વખતે તેને તેનો તે સંબંધીનો સ્વભાવ તેનું જ્ઞાન થવાનો તે કાળે પોતાનો સ્વભાવ પોતાથી છે. એ અશુદ્ધ નથી. આહા..હા...! અને પરને જાણ્યું માટે જ્ઞાન બહારમાં ચાલ્યું ગયું છે (એમ નથી). આહા..હા...! ઇ કહ્યું હતું ને તે દિ' ? 'રાણપુર' (સંવત) ૧૯૮૪ના ચોમાસામાં. (એક) વેદાંતી ભાવસાર હતો. ખત્રી.. ખત્રી. રૂગનાથ. મહારાજ ! તમે કહો છો.. વ્યાખ્યાનમાં બધા આવે, વેદાંતી. પણ અંદરમાં પેઠા વિના, આ આને જાણવું અંદરમાં પેઠા વિના શી રીતે જાણે ? એમ પ્રશ્ન કર્યો હતો. 'ખત્રી'એ. ભાઈ ! આહા..હા...! આ અગ્નિને જ્ઞાન જાણે છે તે જ્ઞાન અગ્નિમાં પેઠું છે ? જણાય છે કે નહિ ? આ અગ્નિ છે એમ જણાય છે કે નહિ ? આ ૧૯૮૪ની વાત છે. કેટલા થયા ? ૫૦ વર્ષ. 'રાણપુર' ચોમાસુ હતું ને. માણસો ઘણા બધા આવે, નામ પ્રસિદ્ધ ખરું ને ! આવે, અન્યમતિઓ પણ આવે, દેરાવાસી સાંભળવા આવે. પણ પોતાનો પક્ષ અંદરથી મૂકવો કઠણ પડે. આહા..હા...! આ વાડામાં હજી પક્ષ લઈને બેઠા એમાંથી એને ખસવું આકરું પડે. આહા..હા...!

અહીં કહે છે, **'જ્ઞેયવસ્તુનું જાણપણું કઈ રીતે છૂટે ?'** એમ અજ્ઞાની માને છે. **'જેના છૂટવાથી જીવદ્રવ્ય શુદ્ધ થાય' એવી થઈ છે બુદ્ધિ જેમની, એવા છે. તેનું સમાધાન આમ**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**છે...**' અહીં સુધી આવ્યું છે. અહીં સુધી કાલે આવ્યું હતું. પરમ દિ', કાલે તો સજ્જાય હતી. '**यत् ज्ञानं ज्ञेयम् अवैति तत् अयं शुद्धस्वभावोदयः**' આહા..હા...! '**જો એમ છે કે જ્ઞાન જ્ઞેયને જાણે છે**' આહા..હા...! '**એવું પ્રગટ છે...**' જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા શરીર, વાણી, કુટુંબ-કબીલો બધા પરજ્ઞેય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પરજ્ઞેય છે અને અંદરમાં દયા, દાનનો રાગ આવે એ પણ પરજ્ઞેય છે. આહા..હા...! એ એને જાણે એ પ્રગટ છે.

'**તે આ...**' '**शुद्धस्वभावोदयः**' એ તો '**શુદ્ધ જીવવસ્તુનું સ્વરૂપ છે.**' ઉદય-પ્રગટ છે, એમ કહે છે. '**शुद्धस्वभावोदयः**' એ તો શુદ્ધ જીવ સ્વભાવનું પ્રગટપણું છે. સ્વપરપ્રકાશક એ તો શુદ્ધ જીવનું ઉદય છે-પ્રગટ છે. આહા..હા...! ભારે કામ આકરું. આ તો આખો દિ' જાણે ધંધામાં પડ્યો ને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું.. આહા..હા...! મારી નાખ્યો જીવને. મરણતુલ્ય કરી નાખ્યો છે. એ આવે છે, પહેલા આવી ગયું છે. મરણતુલ્ય કર્યું છે. આહા..હા...!

ચૈતન્ય જાગતી જ્યોત સ્વપરપ્રકાશક સ્વરૂપમાં બિરાજમાન છે એને પરના જ્ઞેયને જાણવું એ તો એનું સ્વરૂપ જ છે, કહે છે. એ તો શુદ્ધ જીવનો સ્વભાવ, ઉદય થયેલો સ્વભાવ જ છે. પરનું જાણવું એ કંઈ અશુદ્ધતા છે અને પરને અડે છે માટે પરને જાણે છે, એમ નથી.

***શ્રોતા :- પર સામું જોઈને જાણે છે... ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :- પર સામું જોઈને જાણે છે એમ નહિ. જાણે છે પોતામાં, પોતાથી.***

***શ્રોતા :- ઉપયોગ ત્યારે ક્યાં ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :- ઉપયોગ ભલે પર તરફ છે પણ એ જાણે છે પોતાને પોતામાં રહીને.***

***શ્રોતા :- ઉપયોગને પરનો આશ્રય...***

***પૂજ્ય ગુરુદેવશ્રી :- આશ્રય-ફાશ્રય કાંઈ ન મળે.***

***શ્રોતા :- ઉપયોગ પરમાં છે એટલે..***

***પૂજ્ય ગુરુદેવશ્રી :- પરમાં નથી, પરને જાણવામાં છે. આહા..હા...! ઝીણી વાત છે. ઉપયોગ ભલે વિકલ્પમાં આવ્યો પણ છતાં એ વિકલ્પને ઉપયોગ જાણે છે, એવું એનું સ્વરૂપ છે.***

***શ્રોતા :- ઉપયોગ સ્વમાં જ જાય એવો નિયમ નહિ.***

***પૂજ્ય ગુરુદેવશ્રી :- ના, ના.***

***શ્રોતા :- જ્ઞાનનો ઉપયોગ બહારમાં હોય..***

***પૂજ્ય ગુરુદેવશ્રી :- બહારમાં નથી. એ અંદરમાં પોતામાં છે.***

***શ્રોતા :- અંદરમાં છે પણ મોઢું બહાર છે.***

***પૂજ્ય ગુરુદેવશ્રી :- ના, મોઢું પણ બહાર નથી. મોઢું પણ અંદર છે. આહા..હા...!***

***શ્રોતા :- તો સ્વસન્મુખ અને પરસન્મુખમાં ફેર શું રહ્યો ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :- એ સ્વસન્મુખ દૃષ્ટિ ધ્રુવ જ્ઞાયક ઉપર જ પડી છે. આહા..હા...!***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***શ્રોતા :– તો તો ઉપયોગ અંદરમાં છે.***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– અંદર જ છે ઇ, ભલે રાગાદિમાં હોય, વિષયકષાયમાં (હોય) છતાં એના જાણનારમાં પોતે છે, રાગમાં નથી. આવું આકરું કામ છે. આહા..હા...! અરે..! જિંદગી ચાલી જાય છે. મરણને તુલ્ય થઈ જશે. મરણનો એક સમય આવશે ત્યાં છૂટી જશે આમ. જુવાન અવસ્થા હશે તોય છૂટી જશે. આહા..!*** કારણ કે એ છૂટું તત્ત્વ છે એની સાથે એક ક્યાં રહેલો છે ? આહા..હા...! એક ક્ષેત્રે પણ ભેગો નથી. પોતાના અને પરના ક્ષેત્ર, આકાશની અપેક્ષાએ કહેવાય. આહા..હા...! શરીર ને કર્મ.. અરે..! અહીં તો રાગનું ક્ષેત્ર પણ ભિન્ન ગણ્યું છે. 'સંવર અધિકાર'. દયા, દાન, ભક્તિના પરિણામ થાય.. ભાઈ ! એ વિકલ્પ છે એનું ક્ષેત્ર એટલું ભિન્ન ગણ્યું છે. એ ભિન્ન ક્ષેત્રને, ભિન્ન ભાવને જ્ઞાનમાં રહીને, સ્વમાં રહીને જાણવું સ્વપરપ્રકાશક એ તો શુદ્ધજીવનો ઉદયભાવ–સ્વભાવ છે, એમ કહે છે. આવ્યું ને ? '**शुद्धस्वभावोदयः**'.

શ્રોતા :– સ્વચ્છતાનો ઉદય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પોતાનું પ્રગટપણું છે. પોતાનો સ્વભાવ છે એ તો સ્વભાવ જ છે, એમ કહે છે. ઉદય એટલે સ્વભાવ છે. '**शुद्धस्वभावोदयः**' એ તો શુદ્ધ સ્વભાવનું પ્રગટપણું છે. આહા..હા...! હવે આવી વાતું પકડાય નહિ, બિચારા શું કરે ? આવી જાય છે પછી બહારમાં ક્રિયાકાંડમાં દોરાય જાય. વ્રત કરો ને અપવાસ કરો ને આંબેલ કરો ને... ધર્મ થઈ જશે. અરે..રે..! જીવને ક્યાં રખડાવી માર્યો છે ! ભ્રમણામાં ને ભ્રમણામાં.

અહીં તો એ સિદ્ધ કરે છે કે શુદ્ધ જીવનો સ્વભાવ તો સ્વપરને જાણવું એ અપેક્ષાએ પરને કહ્યું છે. જ્ઞાન જ્ઞાનને જાણે અને જ્ઞાનમાં પર જણાય છે તે તો જ્ઞાન છે અને જ્ઞાન સિવાય પોતાના બીજા અનંત ગુણને જાણે એ પણ પરપ્રકાશક છે... આહા..હા...! છતાં તે જ્ઞાન અનંત ગુણને જાણે છતાં તે ગુણો જ્ઞાનમાં આવી નથી ગયા. આહા..હા...! આવું છે.

શ્રોતા :– તાદાત્મ્ય સંબંધ હોવા છતાં સ્વરૂપ જુદું ને જુદું રહ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– તાદાત્મ્ય સંબંધ જ્ઞાનને આત્મા સાથે છે. રાગને સંયોગીસંબંધ નથી કીધું ? સંયોગી ભાવ છે. એ સંયોગીભાવને અડતોય નથી. હેં ?

શ્રોતા :– રાગને ક્ષણિક તાદાત્મ્ય કહેવાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ અપેક્ષાથી. એની પર્યાયમાં છે ને, એ અપેક્ષાએ. બાકી પરમાર્થે તો એ સંયોગીભાવ છે તો એની સાથે સંબંધ છે જ નહિ. તાદાત્મ્ય સંબંધ નથી એટલે સંબંધ નથી, એમ. ત્રિકાળની સાથે સંબંધ નથી, એમ. છતાં એ પર્યાયમાં છે એને જાણતાં જ્ઞાન રાગમાં અડીને જાણે છે, એમ નહિ. એ તો એની પર્યાયમાં છે એ તો અશુદ્ધતા બતાવવી હોય માટે. પણ અહીં તો એની પર્યાયમાં છે તેની જ પર્યાય તે કાળે તેને અને પરને જાણે એવો પોતામાં રહીને રાગને જાણે એવો સ્વભાવ છે. રાગરૂપ તે વખતે પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાન થયું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? એ તો **'शुद्धस्वभावोदयः'**. શુદ્ધ જીવસ્વભાવ ઉદય એટલે સ્વરૂપ જ છે એમ કહેવું છે. આહા..હા...!

**'ભાવાર્થ આમ છે કે—જેમ અગ્નિનો દાહક સ્વભાવ..'** જોયું ! દૃષ્ટાંત આપ્યો. **'સમસ્ત દાહ્યવસ્તુને બાળે છે,...'** અગ્નિનો દાહક સ્વભાવ છે એ બધી વસ્તુને બાળે છે. છતાં.. આહા..હા...! છે ? **'બાળતો થકો અગ્નિ પોતાના શુદ્ધસ્વરૂપે છે–અગ્નિનો એવો જ સ્વભાવ છે;...'** બધાને બાળવા છતાં અગ્નિ અગ્નિ સ્વરૂપે બાળ્યું છે. એ અગ્નિ કંઈ પર સ્વરૂપે લાકડારૂપે થઈને બાળ્યું નથી. આહા..હા...!

શ્રોતા :– બાળે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– બાળે છે એમ કહેવું એ વ્યવહાર કીધો ને ! આહા..! (અગ્નિનો) **'દાહકસ્વભાવ છે, સમસ્ત દાહ્યવસ્તુને બાળે છે, બાળતો થકો અગ્નિ પોતાના શુદ્ધસ્વરૂપે છે...'** સમજાવવું હોય તો શી રીતે સમજાવવું ? આહા..હા...! લાકડા, અડાયા, છાણા, આ છાણા અમથા બનેલા એ અગ્નિ એ રૂપે થાય છે, પણ એ અગ્નિ પોતાના સ્વરૂપે જ થઈ છે. એ છાણાને સ્વરૂપે નથી થઈ. આહા..હા...! પોતાનું અસ્તિત્વ કેવડું ને કેટલું છે ને ક્યાં છે, એમ અહીં સિદ્ધ કરવું છે. આહા..હા...! પોતાના અસ્તિત્વમાં અગ્નિ પણ પોતાના અસ્તિત્વમાં રહીને બાળે છે એમ કહેવું પણ એ તો અગ્નિરૂપ થઈને છે. એમ પરને જાણે છે એ પોતાના સ્વરૂપે એ રૂપે થઈને જાણે છે, પરરૂપે થઈને જાણે છે એમ છે નહિ. આહા..હા...!

**'અગ્નિ પોતાના શુદ્ધસ્વરૂપે છે...'** જોયું ? શુદ્ધ સ્વરૂપે ભાષા લીધી. **'અગ્નિનો એવો જ સ્વભાવ છે; તેમ જીવ...'** એ દૃષ્ટાંતનો સિદ્ધાંત. **'જ્ઞાનસ્વરૂપ છે,...'** છે ? જેમ અગ્નિનો દાહક સ્વભાવ છે એમ જીવનો જ્ઞાન સ્વરૂપ છે. અગ્નિ જેમ બધાને બાળે છે, એમ (જ્ઞાન) **'સમસ્ત જ્ઞેયને જાણે છે,...'** ઓલામાં બાળતો થકો અગ્નિ પોતાના શુદ્ધસ્વરૂપે છે. એમ **'જાણતો થકો પોતાના સ્વરૂપે છે...'** આહા..હા...! સર્વજ્ઞ ને સર્વદર્શી શક્તિમાં પણ લીધું નથી ? - કે ***સર્વજ્ઞ છે એ આત્મજ્ઞપણું છે. સર્વ છે આમ જાણે છે એમ નહિ, એ આત્મજ્ઞ છે એ સર્વજ્ઞપણું છે. આત્મજ્ઞનો જ સર્વજ્ઞ સ્વભાવ છે, એ પોતે પોતાને જાણે છે. સર્વજ્ઞ કહ્યું છતાં એ આત્મજ્ઞ છે. સર્વજ્ઞ, સર્વદર્શી શક્તિ. આહા..હા...! ઝીણું છે, ભાઈ ! શું થાય ?***

અનંતકાળ જન્મ-મરણ કરી કરીને.. એને મટાડવાનો ઉપાય અલૌકિક છે. આહા..હા...! ચૈતન્યસત્તા એટલે કે જેનું હોવાપણું એકલું ચૈતન્યથી છે, જેનું હોવાપણું એકલું ચૈતન્યથી છે એને પકડીને અનુભવ કરવો.. આહા..હા...! એનું નામ પ્રથમ ધર્મની શરૂઆત છે. જેનું હોવાપણું, સત્તા એટલે જ્ઞાનપણે જેનું હોવાપણું છે, એ રાગપણે કે શરીરપણે જેનું હોવાપણું નથી. એથી એ જ્ઞાન બધાને જાણતું હોવા છતાં પોતાના જ્ઞાનસ્વરૂપે જ થઈને રહ્યું છે. પરને જાણતાં પર સ્વરૂપે થઈને રહ્યો છે, એમ નથી. આહા..હા...!

**'એવો વસ્તુનો સ્વભાવ છે. જ્ઞેયના જાણપણાથી જીવને અશુદ્ધપણું માને છે તે ન માનો.'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા...! પર સંબંધીનું જ્ઞાન થતાં હું પરને અડી ગયો છું અથવા પર મારામાં આવી ગયું છે એમ ન માનો. આહા..હા...! હવે આવી વ્યાખ્યા ઝીણી. હેં ? બહુ આકરું પડે. સંપ્રદાયમાં તો જાણે આ વ્રત ને તપ ને ભક્તિ ને આ પૂજા, ભક્તિ, પૂજા કરે, જાત્રા-બાત્રામાં ધર્મ (માને), આ વળી દયા ને સામાયિક ને પોષા ને પડિકમણા(માં ધરૂમ માને). બધી રાગની ક્રિયાઓ છે. આહા..હા...! કહે છે કે એ વખતે પણ રાગ થયો પણ જીવનો સ્વભાવ તો જાણવું જ છે. એ રાગ કાળે પણ જીવ રાગને અને પોતાને જાણે છે એ તો પોતાનો સ્વભાવ છે. એ તો શુદ્ધ જીવનું સ્વરૂપ જ છે. આહા..હા...! પરનું કરવું એ તો ન મળે પણ રાગનું કરવું એ તો ન મળે પણ રાગનું જાણવું એ પણ રાગમાં જઈને જાણે એમેય ન મળે. આહા..હા...! 'દેવીલાલજી' ! આવો માર્ગ (છે). વીતરાગ પરમેશ્વર જિનેન્દ્રદેવ ત્રિલોકનાથનો ગણધરો અને ઇન્દ્રોની વચ્ચેનો પોકાર આ છે. આહા..હા...! માર્ગ આ છે. ભાઈ ! તેં સાંભળ્યું ન હોય માટે કંઈ બીજી ચીજ થઈ જાય ? આહા..હા...!

શ્રોતા :– જ્ઞાન રાગને તો અડીને ન જાણે પણ જ્ઞાન નિર્મળ પર્યાયને અડીને તો જાણે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પર્યાયને પોતાને જાણે, એમાં શું છે ? સ્વજ્ઞેય છે ને એ તો. પોતાને જાણે છે ને ! પોતાની પર્યાયને જાણે છે અને અનંતી પર્યાયને જાણે છે, પણ એ અનંતી પર્યાયને અડીને જાણતો નથી. ઝીણું બહુ, આહા..હા...! એક જ જ્ઞાનનો પર્યાય એટલી તાકાતવાળો છે કે એક પર્યાયમાં છ દ્રવ્યના ગુણ-પર્યાય જણાય અને પોતાના ત્રિકાળી દ્રવ્ય-ગુણ-પર્યાય જણાય. એવી એક સમયની પર્યાયની તાકાત છે. એ પર્યાય પરને તો અડતી નથી.. આહા..હા...! અહીં એથી આઘું નથી કહેવું.. પણ એ પર્યાય દ્રવ્યને પણ અડતી નથી. અહીં તો પરની અપેક્ષાની વાત છે. આહા..હા...! પર્યાય દ્રવ્યરૂપે થઈ જાય તો પર્યાય એક ક્ષણની છે અને વસ્તુ ત્રિકાળ છે. આહા..હા...! ત્રિકાળને અડીને પર્યાય કામ કરતી નથી. આહા..હા...! કેમકે બે વચ્ચે પણ અભાવ છે. અતદ્ભાવ (છે). છે ? 'પ્રવચનસાર' અતદ્ભાવ છે. આહા..હા...! જે પર્યાયભાવ છે તે દ્રવ્યમાં અતદ્ભાવ છે. દ્રવ્યભાવ છે તે પર્યાયમાં અતદ્ભાવ છે. આહા..હા...!

પર્યાયમાં સ્વપર જાણવાનો સ્વભાવ સ્વતઃ સ્વતઃ છે એમાં રાગને અને શરીરને જાણવું એથી મારું જ્ઞાન ભ્રષ્ટ થઈ ગયું કે પરમાં ચાલ્યું ગયું એમ નથી. એ ભ્રમણા અજ્ઞાની અનાદિથી (કરી રહ્યો છે). આહા..હા...! જીવનો જ્ઞાનસ્વભાવ ત્યાં દયા, દાનના વિકલ્પનું કરવું એ એનું સ્વરૂપ નથી. આહા..હા...! પણ તેને અડીને જાણવું એવું એનું સ્વરૂપ નથી. એનાથી ભિન્ન રહીને પોતાને જાણતા એ જણાય જાય છે, એ તો જીવના સ્વપર જ્ઞાનસ્વભાવનો ઉદય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ તો સ્વપર પ્રકાશવું એ જ્ઞાનનું અસ્તિત્વ છે. એ જ્ઞાનનું અસ્તિત્વ છે, એ રાગનું અસ્તિત્વ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

***શ્રોતા :– જ્ઞાનમાં પરનો પ્રતિભાસ થાય..***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રતિભાસ થાય એ ભાષા વ્યવહાર છે.***

***શ્રોતા :– જ્ઞાનને કારણે કે સ્વચ્છતાને કારણે ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ, નહિ, નહિ. પ્રતિભાસ થાય એ ભાષા વ્યવહાર છે. પણ જેવું સ્વરૂપ ત્યાં છે એવું અહીંયાં જ્ઞાનનું તે કાળે પોતાથી જાણવું થઈ જાય એવું એનું સ્વરૂપ છે.***

શ્રોતા :– ત્યારે સ્વચ્છત્વ શક્તિનું કઈ રીતે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ જ, પોતે પોતાને પૂર્ણ જાણે. દૃષ્ટાંત તો શું કરે ? સ્વચ્છમાં તો એ કીધું છે, દર્પણનો દાખલો આપીને. સ્વચ્છત્વ શક્તિમાં છે ને ? પણ દર્પણમાં જે કાંઈ ચીજ જણાય છે એ કાંઈ દર્પણની થઈ નથી. અગ્નિ છે અહીં અગ્નિ, એ દર્પણમાં જણાય છે. તે દર્પણમાં જણાય છે તે અગ્નિ છે. એ તો અરીસાની સ્વચ્છતા છે. અગ્નિને આમ હાથ લગાડો તો ઊનું લાગશે, અહીં (દર્પણમાં) જે અગ્નિ આમ આમ દેખાય છે એ અગ્નિ છે ત્યાં ? અરીસાની અવસ્થા છે. ત્યાં હાથ અડાડશો તો ઊનું લાગશે ત્યાં ? આહા..હા...! આવું ઝીણું છે, શેઠ ! આ જાણવું પડશે આમાં, હોં ! નહિતર આ બધા ઘોદા, ચોરાશીના અવતાર કરી કરીને મરી ગયો છે.

શ્રોતા :– જાણવામાં તો આ એ, બી, સી, ડી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જાણવાની એ, બી, સી, ડી કક્કો છે આ તો. વાત સાચી છે. આહા..હા...! ઇ શું કીધું જોયું ?

**'જાણતો થકો પોતાના સ્વરૂપે છે–એવો વસ્તુનો સ્વભાવ છે. જ્ઞેયના જાણપણાથી જીવને અશુદ્ધપણું માને છે તે ન માનો, જીવ શુદ્ધ છે;...'** આહા..હા...! **'(વિશેષ સમાધાન કરે છે) કારણ કે...' 'किम् अपि द्रव्यान्तरं एकद्रव्यगतं न चकास्ति'** આહા..હા...! જુઓ ! **'કોઈ જ્ઞેયરૂપ પુદ્‌ગલદ્રવ્ય અથવા ધર્મ, અધર્મ, આકાશ, કાળદ્રવ્ય શુદ્ધ જીવવસ્તુમાં એકદ્રવ્યરૂપે પરિણમે છે એમ શોભતું નથી.'** આહા..હા...! એ બીજા છ દ્રવ્યો શુદ્ધ જીવવસ્તુમાં એક દ્રવ્યરૂપે આવે છે એમ નથી. આહા..હા...! **'જીવ સમસ્ત જ્ઞેયને જાણે છે, જ્ઞાન જ્ઞાનરૂપ છે,...'** આહા..હા...! જ્ઞાન જ્ઞાનરૂપ રહીને જ્ઞાન જાણે છે એમ કહેવું (છે), એ તો જ્ઞાનરૂપ છે એનું. આહા..હા...! બધાને જાણે છે પણ એ તો જ્ઞાનનું રૂપ છે, કહે છે. એ તો જીવનું સ્વરૂપ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આજે તો બધું ઝીણું બહુ આવ્યું, હોં ! આવું સાંભળવું તો ક્યારે મળે ? બાપા ! આહા..હા...! લોકો માને ન માને પણ વસ્તુસ્થિતિ આ છે. આહા..! પરમસત્યનો પોકાર પ્રભુનો તો આ છે. આહા..!

અહીં તો ત્યાં સુધી (છે), કે રાગના અસ્તિત્વમાં તારું જ્ઞાન ગયું માટે રાગને જાણે છે (એમ નથી). આહા..હા...! અગ્નિને જાણે છે માટે તારું અસ્તિત્વ અગ્નિમાં જઈને જાણે છે (એમ નથી). ***તારા જ્ઞાનમાં રહીને તે અગ્નિનું આમ સ્વરૂપ છે તેવું જણાય તે તારા***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***જ્ઞાનમાં રહીને. પોતાના અસ્તિત્વમાં રહીને જણાય છે. આહા..હા...! પરનું અસ્તિત્વ તો અહીંયાં કદી આવતું નથી. પર સંબંધીનું જ્ઞાન એ ખરેખર પરસંબંધીનું નથી. એ જ્ઞાન પોતાનું જ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?*** પાછળના શ્લોકો બહુ ઝીણા છે. આમ સાધારણ ભાષા છે પણ ભાવ ઘણા ઊંડા છે. આહા..હા...!

હવે આમાં ચર્ચા કોની સાથે કરવી ? આવ્યા હતા ને ? 'ચંદ્રશેખર'. કહે, ચર્ચા કરીએ. શ્વેતાંબર. 'જીવા પ્રતાપ'ના ભત્રીજાએ શ્વેતાંબર દીક્ષા લીધી ને ? ભઈ ! અમે તો ચર્ચા કરતા નથી, બાપુ ! શું કહીએ ? તમે સિંહ છો તો અમે સિંહના બચ્ચા છીએ, કહે. ભઈ ! હું તો સિંહ છું મેં તો એ કીધું નથી. છેવટે ઊભા થતા કહે, જુઓ ! આ ચશ્મા વિના જણાય ? ચર્ચા થઈ ગઈ, બાપા ! આ ચશ્માનું અસ્તિત્વ ભિન્ન છે અને જાણનારનું અસ્તિત્વ ભિન્ન છે. એ ચશ્માથી જાણે છે એમ છે નહિ. ઇ તો જ્ઞાનના અસ્તિત્વથી જાણે છે. 'જીવા પ્રતાપ' છે, હમણા ગુજરી ગયા. કરોડપતિ શ્વેતાંબર, એના ભત્રીજાએ દીક્ષા લીધી. 'લીમડી' આવ્યા હતા. તમે હતા ત્યાં, નહિ ? ચર્ચા કરવા આવ્યા હતા.

'રામવિજયે' ત્યાં 'જામનગર' મોકલ્યા હતા, ઘણાને. આ લોકોની ભૂલ થાય છે. વ્રત ને તપ ને ભક્તિ ધર્મ નથી. તો મોટી ગલતી ઉભી થાય છે. ભઈ ! માર્ગ તો આ છે, બાપુ ! કીધું. તમને ખોટું લાગતું હોય તો એમ માનો, બાકી વસ્તુ તો આ છે. બાકી આથી વિરુદ્ધ માને છે એ બધા જૂઠા છે. એટલે અમારે ચર્ચા કોની સાથે કરવી ? આહા..હા...!

અહીં તો ત્યાં લગી લઈ ગયા... આહા..હા...! કે જે કાળે જે પ્રકારનો.. એ તો વ્યવહારે જાણેલો પ્રયોજનવાન આવ્યું છે ને ? ઇ એનો અર્થ આ સ્પષ્ટ કરે છે. તે કાળે દયા, દાન, વ્રતાદિનો જે રાગ આવ્યો તેટલા પ્રકારનું, તે પ્રકારનું જ અહીંયાં જ્ઞાન પોતાના સ્વપરપ્રકાશક સામર્થ્યને લઈને (થાય છે), એ રાગ આવ્યો એને કારણે નહિ. એ કાળે આનો સ્વભાવ પર્યાયમાં સ્વપરપ્રકાશક, આનું અને આનું બેયનું જેટલું સ્વરૂપ છે તેવું જાણવાનો પર્યાય પ્રગટ થાય છે. આહા..હા...!

***શ્રોતા :– પર સંબંધીનું પોતાનું જ્ઞાન...***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– પર સંબંધીનું કહેવું એ વ્યવહાર છે, એ પણ નહિ. એ પોતાનું છે.***

***શ્રોતા :– જ્ઞાનમાં વળી પરનો સંબંધ ક્યાં નાખવો ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ કોણે કીધો સંબંધ ? પર છે તેટલા સંબંધનું સ્વરૂપ પોતામાં જાણપણાની શક્તિ છે તેથી પોતામાં જાણે છે. લોકાલોકને જાણે છે એ લોકાલોકને લઈને નહિ. આહા..હા...! એ જ્ઞાનની પર્યાયનું એટલું સ્વપરપ્રકાશક સામર્થ્ય છે, એ સ્વસ્વરૂપ જ છે.*** સ્વજ્ઞેયનું એટલું સ્વરૂપ છે એનું. આહા..હા...! સમજાણું ? ઝીણું પડ્યું આજે બધું, એક કલાક. આ અધિકાર એવો છે, ગાથા એવી છે. આહા..હા...!

શ્રોતા :– એવા શુદ્ધ સ્વરૂપનો ઉદય ત્રિકાળ છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– સમય સમયનો પર્યાય એવડો છે. ત્રિકાળ તો ધ્રુવ છે, પણ અહીં પોતાની સ્વપર પર્યાય પ્રગટ થાય છે એટલું જેટલું સામે જ્ઞેયનું પ્રમાણ છે તેટલા જ પ્રમાણમાં જ્ઞાનની પર્યાય પોતાથી પોતામાં પ્રગટ થાય છે, પૂરી પ્રગટ છે, અત્યારે એ પ્રશ્ન નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! જે સમયમાં જે જ્ઞેય સામે છે તેટલા પ્રમાણમાં જ્ઞાનની પર્યાય પોતાથી પોતામાં સ્વપરપ્રકાશકરૂપ સ્વથી પ્રકાશે છે. આવું છે. એક અક્ષર ફરે તો ફરી જાય એવું છે બધું આ તો. આહા..હા...! આ વાત હતી જ નહિ એટલે લોકોને નવું લાગે. આ જાણે બધો નવો ધર્મ કાઢ્યો. નવો નથી, બાપુ ! અનાદિનો તું છો જ. સ્વપરપ્રકાશકનું સામર્થ્ય સ્વથી–પોતાથી પોતામાં અનાદિનું છે. આહા..હા...! એ ચેતન.. ચેતન.. ચેતન.. ચેતન.. એ અચેતનને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. અચેતનમાં રાગ ને શરીર બધું અચેતન આવી ગયું. આહા..હા...! અને તેના સંબંધીનું તેટલું જ જ્ઞાન એ જ્ઞેય તેટલું છે માટે તેટલું અહીંયાં જ્ઞાન સ્વપરપ્રકાશક એને લઈને પ્રગટ્યું એમેય નથી. તે સમયનો એનો સ્વપરપ્રકાશકનું જેટલું સામર્થ્ય છે એથી તે પ્રગટ્યું છે તે સ્વ છે. આહા..હા...! પકડાય એટલું પકડવું, બાપુ ! આહા..હા...! તારી લીલા તો અપાર છે. આહા..હા...! આ કોઈ પંડિતાઈની ચીજ નથી. આહા..હા...! આ તો અંતરના સ્વભાવના નાદની ચીજ છે. હેં ? આહા..!

શ્રોતા :– જુદી જાતનું ભણતર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જુદી જાતનું છે. વાત સાચી. આહા..હા...! એટલી વાત કાને પડે છે એ ભાગ્યશાળી છે ને ! આવી વાત, પરમાત્માના શ્રીમુખે નીકળેલી વાત છે. આહા..! સમજાણું કાંઈ ? જુઓ ! 'ધનપાળજી' ! ક્યાંય 'મુંબઈ'માં પણ નહોતું ને ક્યાંય (નહોતું). આહા..હા...! પ્રભુ ! તું કોણ છો ? ક્યાં છો ? - કેવડો છો ? સમયે સમયે તું કેવડો છો ? - કે પર જે જ્ઞેય છે તેટલું જ અહીં જ્ઞાન થાય અને સ્વનું જ્ઞાન થાય તેવડો તે સમયમાં તેવડી તારી પર્યાય છે, તારાથી છે. આહા..હા...!

શ્રોતા :– આજે તત્ત્વને બહુ લડાવ્યું, ગુરુદેવ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ શ્લોક એવો છે. અહીં તો વધારે તો ચુંબનમાંથી આવ્યું. ચુંબન છે ને ? એણે અર્થ કરી નાખ્યો છે–અશુદ્ધપણું. પણ ચુંબનનો અર્થ સ્પર્શવું છે. જે ત્રીજી ગાથામાં કહ્યું ને ? - કે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને સ્પર્શે છે પણ પરને સ્પર્શતો નથી. એનો આ બધો વિસ્તાર છે. આહા..હા...!

આ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનમાં ઠરે એની વાતું છે, બાપા ! આહા..હા...! જેવી જેની સત્તા એટલે હોવાપણે છે તેમાં તે ઠરે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ વસ્તુ છે. આહા..હા...! '**જીવવસ્તુમાં એકદ્રવ્યરૂપે પરિણમે છે એમ શોભતું નથી.**' રાગરૂપે આત્મા પરિણમે છે કે આત્મા રાગરૂપે થાય છે કે જ્ઞેય આત્માપણે થાય છે, એમ શોભતું નથી. આહા..હા...! '**જીવ સમસ્ત જ્ઞેયને જાણે છે, જ્ઞાન જ્ઞાનરૂપ છે, જ્ઞેયવસ્તુ જ્ઞેયરૂપ છે; કોઈ**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**દ્રવ્ય પોતાનું દ્રવ્યત્વ છોડીને અન્ય દ્રવ્યરૂપ તો નથી થયું. એવો અનુભવ કોને છે તે કહે છે–'** આહા..હા...!

**'शुद्धद्रव्यनिरूपणार्पितमतेः' 'સમસ્ત વિકલ્પથી રહિત શુદ્ધ ચેતનામાત્ર જીવવસ્તુના...' 'निरूपण'** એટલે **'પ્રત્યક્ષ અનુભવ...'** આહા..હા...! જોયું ? કથન છે એનું વાચ્ય છે એને અહીં લીધું પછી. **'निरूपण'** અને વાચ્ય છે એને **'निरूपण'** શબ્દથી કહ્યું. આહા..હા...! એ તો **'પ્રત્યક્ષ અનુભવમાં સ્થાપ્યું છે બુદ્ધિનું સર્વસ્વ જેણે એવા જીવને.'** આ હોય છે. આવો અનુભવ એને હોય છે, એમ કહે છે. આહા..હા...! જેણે ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી, એમાં બુદ્ધિને સ્થાપીને જ્ઞાનનો અનુભવ કર્યો એને આ વાત હોય છે. આહા..હા...! અજ્ઞાનીને એ વાત હોતી નથી. ચાહે તો સાધુ થયો હોય, પંચ મહાવ્રત પાળતો હોય પણ અજ્ઞાની છે એને આ વાત શોભતી નથી, એને હોતી નથી. આહા..હા...!

**'સત્તામાત્ર શુદ્ધ જીવવસ્તુને પ્રત્યક્ષ આસ્વાદે છે...'** જોયું ? **'समुत्पश्यतः', 'समुत्पश्यतः'.** સમ્યક્ પ્રકારે ઉગ્રપણે **'पश्यतः'** એટલે આસ્વાદે છે **'એવા જીવને.'** આહા..હા...! આવા જીવને આ હોય છે. વસ્તુનું સ્વરૂપ છે તેવું તેને પ્રગટ છે કે જે પરને જાણતાં પરથી જ્ઞાન થયું નથી અને જ્ઞાન પરમાં ગયું નથી. આહા..હા...! **'જીવ સમસ્ત જ્ઞેયને જાણે છે, સમસ્ત જ્ઞેયથી ભિન્ન છે' એવો સ્વભાવ સમ્યગ્દૃષ્ટિ જીવ જાણે છે.'** લ્યો. (વિશેષ કહેશે...)

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** ભગવાન કહે છે કે પ્રભુ ! તું જ્ઞાનસ્વરૂપ છો ને ! તો તું પરની કોઈ ક્રિયા કરે કે પરની કોઈ ક્રિયા ભોગવે એવું તારું સ્વરૂપ જ નથી; તું તો જ્ઞેયોનો જ્ઞાતા-દૃષ્ટા જ્ઞાનસ્વરૂપ જ છો. પરની, દેહની, કુટુંબની ક્રિયાને પોતે કરે છે એમ જે માને છે, દયા-દાનાદિ ભાવોને પોતે કરે છે તેમ જે માને છે તથા સ્ત્રી-પુત્રાદિને કે રાગને પોતે વેદે છે એમ જે માને છે, તેણે આત્માના જ્ઞાનસ્વભાવને જાણ્યો નથી, માન્યો નથી. જે જીવ પરની દયા પાળુ છું એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ મૂઢ છે, કારણ કે જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા જ્ઞેયને પર તરીકે જાણવાવાળો છે તેના બદલે જ્ઞેયોનો પોતે કર્તા-ભોક્તા બને છે-તેમ માને છે, તે મિથ્યાત્વ છે. ૪૨૬.**

**– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૬૮, પ્રવચન નં. ૧૩૮
## તા. ૧૭-૧૧-૧૯૭૮
## [૨૦]

'સમયસાર' ૪૦ શ્લોકનો ભાવાર્થ છે. આજ તો ગુજરાતી ચાલશે, હિન્દી ગયા.

**ભાવાર્થ :– 'ઘીથી ભરેલા ઘડાને વ્યવહારથી 'ઘીનો ઘડો' કહેવામાં આવે છે છતાં નિશ્ચયથી ઘડો ઘી-સ્વરૂપ નથી; ઘી તો ઘી-સ્વરૂપ છે, ઘટો માટી-સ્વરૂપ છે;...'** આહા..હા..! આ તો દૃષ્ટાંત (કહ્યો). **'તેવી રીતે વર્ણ, ગંધ, રસ, પર્યાપ્તિ, અપર્યાપ્તિ, ઇન્દ્રિયો, ઇત્યાદિ સાથે એકક્ષેત્રાવગાહરૂપ સંબંધવાળા જીવને સૂત્રમાં વ્યવહારથી 'પંચેન્દ્રિય જીવ, પર્યાપ્ત જીવ, બાદર જીવ, દેવ જીવ, મનુષ્ય જીવ' ઇત્યાદિ કહેવામાં આવ્યો છે છતાં નિશ્ચયથી જીવ તે-સ્વરૂપ નથી;...'** એ તો બાહ્યની સ્થિતિની વાત કરી. શું એ કીધું ? વર્ણ, ગંધ, રસ સ્પર્શ, શરીર, સંઘયણ એ તો બાહ્યની ચીજ (છે), પર્યાપ્ત, અપર્યાપ્ત એ પણ બાહ્યની ચીજ (છે), તે અંતરમાં છે નહિ. વ્યવહારથી કહેવામાં આવ્યા તેથી વસ્તુ આત્માની નથી. આત્મા તે મય નથી. **'ઇત્યાદિ પુદ્‌ગલસ્વરૂપ છે, જીવ જ્ઞાનસ્વરૂપ છે.'** એને કહ્યું કે પ્રભુ ! જીવ જ્ઞાનસ્વરૂપ છે. જેમ ઘડો માટીસ્વરૂપ છે એમ આ જીવ જ્ઞાનસ્વરૂપ છે એમ કહ્યું.

હવે એટલું કહ્યું માટે એને સમજનારને જ્ઞાન થઈ ગયું એમ નથી. એને કહ્યું કે જ્ઞાન સ્વરૂપ છે એમ એનું લક્ષ કરાવ્યું. હવે એને ક્યારે અનુભવ થાય ? એ તો અંતર જીવદ્રવ્યનો જ્ઞાનમય વસ્તુનો આશ્રય કરે તો એને જ્ઞાનમય છે એવો અનુભવ થાય. ગુરુએ, ભગવાને કે આચાર્યોએ કહ્યું કે ઘીનો ઘડો નથી, ઘડો માટીમય છે. એ તો ઠીક છે. એમાં પર્યાપ્ત, અપર્યાપ્ત આદિ, સંઘયણ, સંસ્થાન આદિ અજીવ છે, એ જીવ નહિ. જીવ તો જ્ઞાનમય છે. આહા..! એટલું કહ્યું માટે તેને શિષ્યને જ્ઞાનમય જીવ સ્વભાવનો અનુભવ થયો એમ નથી. આહા..હા..!

શ્રોતા :– એવું આમાંથી ક્યાં નીકળે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમાં એ નીકળે છે. આ તો બાહ્યની વાત છે ને ? અભ્યંતરની હવે આવશે. ગુણસ્થાન રાગાદિ અભ્યંતર પણ જીવ સ્વરૂપ નથી. આ તો બાહ્યની વાત કરી. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, રંગ, રાગ એ પછી આવશે. અહીં તો રંગ, ગંધ, રસ, સ્પર્શ, શરીર, સંઘયણ, સંસ્થાન, પર્યાપ્ત, અપર્યાપ્ત એ બધા જીવ નથી. જીવ જ્ઞાન સ્વરૂપ છે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ આ સંતોએ આચાર્યોએ કહ્યું. છતાં એને જ્ઞાન સ્વરૂપનો ખ્યાલ આવ્યો કે આ જ્ઞાન સ્વરૂપ છે એટલું, પણ એથી એને આત્માનો જ્ઞાન સ્વરૂપનો અનુભવ થયો એમ નથી. આ તો વ્યવહારથી એને સમજાવ્યું કે આત્મા જ્ઞાન સ્વરૂપ છે, ભાઈ !

આચાર્યોએ પણ વ્યવહાર વિકલ્પમાં આવીને એને સમજાવ્યું અને સમજનારના ખ્યાલમાં આવ્યું એટલું કે આ જ્ઞાન સ્વરૂપ છે એમ કહે છે, બસ ! ઇ લક્ષમાં આવ્યું કે જ્ઞાન સ્વરૂપ છે પણ એને જ્ઞાન સ્વરૂપનો અનુભવ ક્યારે થાય ? આહા..હા..! એ અંતરમાં જ્ઞાયક સ્વભાવને અવલંબે (ત્યારે અનુભવ થાય). ત્રિકાળી દ્રવ્ય સ્વભાવનું અહીં વર્ણન છે ને ? દ્રવ્ય વસ્તુ જે દ્રવ્ય છે તે આ બાહ્ય રંગ, ગંધ આદિ તો નથી, એ જ્ઞાન સ્વરૂપ છે એમ કહ્યું પણ એ જ્ઞાનસ્વરૂપ એના ખ્યાલમાં આવ્યું કે જ્ઞાનસ્વરૂપ છે એટલું, પણ સાંભળનારને આત્મા જ્ઞાનસ્વરૂપનો અનુભવ થયો નથી. આહા..હા..! કહ્યું માટે એને જ્ઞાન થઈ ગયું અને સાંભળ્યું માટે એને જ્ઞાન થઈ ગયું... આહા..હા..! એમ નથી. આ..હા..!

જ્ઞાયક સ્વભાવ જે ત્રિકાળ જ્ઞાન સ્વરૂપ દ્રવ્ય, હોં ! એ દ્રવ્ય સ્વરૂપની દૃષ્ટિ કરતાં (અનુભવ થાય). આ તો સાંભળ્યું ને ખ્યાલમાં આવ્યું કે એ તો જ્ઞાનમય છે. હવે શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે એમ ગુરુ પણ દિશા દેખાડી અળગા રહે. જ્ઞાનમય છે એમ જ્યારે એ પોતે અંદરમાં જાય... આહા..હા..! પર્યાયમાં જ્ઞાનમય છે એમ ખ્યાલ આવ્યો એ તો વ્યવહાર થયો, નિશ્ચય નથી. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ !

નિશ્ચય તો જ્ઞાયક સ્વરૂપનો અનુભવ કરે ત્યારે આ જ્ઞાયક સ્વરૂપ છે એવું એને ખ્યાલ આવે. ત્યારે સાચો નિર્ણય (કહેવાય). આહા..હા..! આ તો આ ચાલ્યું ને ગૌતમ સ્વામીનું વ્યવહારનું... એ ઉપરથી આ વધારે ચાલે છે. ગૌતમ સ્વામીએ વ્યવહારનો આશ્રય લઈને શિષ્યોની પ્રવૃત્તિ વ્યવહારે કરાવે, લાભદાયક માટે. એમ છે નહિ. આહા..! ગૌતમ ગણધરોએ જીવને ચૌદ ભેદસ્થાન દ્વારા શિષ્યને સમજાય એ દ્વારા અનુગ્રહ કરીને કહ્યું પણ એથી એને ખ્યાલમાં આવ્યું કે આ તો ભેદથી કહે છે. પણ એ ભેદનું જ્ઞાન એને ક્યારે થાય ? - કે અભેદદૃષ્ટિ કરી ત્યારે આ ભેદનું જ્ઞાન અનેકાંતનું થાય. આવી વાત છે. મોટો ફેરફાર, બહુ ફેરફાર. આવું કરી નાખ્યું જુઓને ! વ્યવહારે સમજાવ્યું એટલે વ્યવહારની પ્રવૃત્તિ લાભદાયક છે, એમ ઠરાવ્યું.

શ્રોતા :– એમાંથી કાંઈ લાભ થતો હોય તો સમજાવે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– લાભ કાંઈ નહિ. એને ફક્ત ખ્યાલમાં આવે એટલી વાત. અહીં જાવું છે એટલું ખ્યાલમાં આવે, ચાલવું છે એ તો એને પછી પોતાને (ચાલવાનું છે). આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ !

અહીં તો લીધું બાહ્ય, હવે ૬૮મા અભ્યંતરની વાત લે છે. શું કીધું ? ૨૯ બોલમાં કેટલાક બાહ્ય છે ને કેટલાક અભ્યંતર છે. જે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંઘયણ, સંસ્થાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(છે) એ બધા બાહ્ય છે. એ તો આત્માની પર્યાયમાં પણ નથી. એથી એને ભિન્ન કહ્યા. હવે એને જીવદ્રવ્ય વસ્તુ જે અખંડ છે તે અભ્યંતરના રાગ-દ્વેષ, ગુણસ્થાન માર્ગણાસ્થાનના ભેદથી રહિત છે, અભ્યંતરના ભેદથી પણ રહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! તેથી છેલ્લી ગાથા (કહે છે).

**'હવે કહે છે કે (જેમ વર્ણાદિ ભાવો જીવ નથી એ સિદ્ધ થયું તેમ) એ પણ સિદ્ધ થયું કે રાગાદિ ભાવો પણ જીવ નથી :–'** રાગાદિ, ગુણસ્થાન, માર્ગણાસ્થાન વગેરે જીવ નથી. સાંભળ !

**मोहणकम्मस्सुदया दु वण्णिया जे इमे गुणट्ठाणा।**
**ते कह हवंति जीवा जे णिच्चमचेदणा उत्ता।।६८।।**

**મોહનકરમના ઉદયથી ગુણસ્થાન જે આ વર્ણવ્યાં,**
**તે જીવ કેમ બને, નિરંતર જે અચેતન ભાખિયાં ? ૬૮.**

જેમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંઘયણને અચેતન કહ્યા એવા ગુણસ્થાન, માર્ગણાસ્થાનનાં ભેદોને પણ અચેતન કહ્યા. આહા..હા..! આ બધા ભેદો જીવની પર્યાયમાં થાય છે છતાં જીવદ્રવ્ય ત્રિકાળ છે તે રૂપે નથી માટે તેને અચેતન કહ્યા. આહા..હા..!

શ્રોતા :– ચેતનની પર્યાય અચેતન ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અહીં ચૈતન્ય ત્રિકાળી છે તેનું એ સ્વરૂપ નથી. આહા..હા..! દૃષ્ટિનો જે વિષય કહેવો છે દ્રવ્ય સ્વભાવ, એ દ્રવ્ય છે એ તો કોઈ રીતે આ રીતે થયું નથી. આહા..હા..! ગુણસ્થાન, માર્ગણાસ્થાનનાં ભેદરૂપે જીવદ્રવ્ય થયું નથી. આહા..હા..!

શ્રોતા :– એની પર્યાય થઈ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પર્યાયને અહીં વ્યવહારમાં નાખી દીધો. એ પર્યાય એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આ તો અલૌકિક વાતું છે, બાપુ ! 'સમયસાર' એટલે... આ..હા..હા..!

**ટીકા :– 'આ મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનો...'** પહેલું લીધું હતું વર્ણ, ગંધ, રસ, સ્પર્શ શરીર, સંઘયણ, સંસ્થાન આદિ. એ તો બાહ્ય ચીજ હતી. હવે આ તો અભ્યંતરમાં જ એના ભેદ છે. સમજાય છે કાંઈ ? આહા..હા..! **'મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનો પૌદ્‌ગલિક મોહકર્મની પ્રકૃતિના...'** આહા..હા..! 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે, ભાઈ ! '...' આ ગાથા 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે.

શ્રોતા :– 'ગોમ્મટસાર' માં છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– 'ગોમ્મટસાર'માં છે પણ આ તો અહીં છે આ. 'ગોમ્મટસાર'નો શબ્દ છે એ અહીં મુક્યો છે, 'જયસેનાચાર્યે'. 'ગોમ્મટસાર'માં છે, વાત સાચી. '...' ગુણસ્થાન છે મોહ ને જોગથી ભેદ સ્વરૂપે થયેલા છે, વસ્તુમાં નથી. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***મિથ્યાત્વપણું,... ઓ..હો..હો..! એ જીવદ્રવ્યમાં નથી. એમ તેરમું ગુણસ્થાન ને ચૌદમું ગુણસ્થાન એ*** **'પૌદ્‍ગલિક મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી,...'** આહા..હા..! ભગવાન ચૈતન્ય દ્રવ્ય છે, જ્ઞાયક ધ્રુવ દ્રવ્ય છે એમાં આ વસ્તુ–ભેદ નથી. એ બધા ભેદ પડ્યા છે મોહકર્મના ઉદયના નિમિત્તથી ભેદ પડ્યા છે. સ્વભાવના પ્રગટ થવાથી ભેદ પડ્યા છે એમ નથી. આહા..હા..! અહીં એક જ લીધું. પેલામાં જોગ લીધો.

**'મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક થતાં હોઈને,...'** પ્રકૃતિના ઉદય એટલે જડ છે એ, એના નિમિત્તથી અહીં ભેદ પડ્યો કહે છે. મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવિરતિ સમકિત, વિરતાવિરતી શ્રાવક, વિરતી પ્રમત્ત, અપ્રમત વગેરે ભેદથી ઠેઠ સયોગી અને અયોગી (ગુણસ્થાન પર્યંત). આહા..હા..! એ મોહકર્મની પ્રકૃતિ, મોહકર્મની પ્રકૃતિ એના **'ઉદયપૂર્વક થતાં હોઈને સદાય અચેતન હોવાથી,...'** આહા..હા..! **'કારણના જેવાં જ કાર્યો હોય છે...'** કારણ પુદ્‍ગલ પ્રકૃતિ છે માટે તેના કાર્ય પણ આ બધા તેવા છે એમ કહે છે. ગુણસ્થાન, માર્ગણાસ્થાન, જીવસ્થાન, રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, લબ્ધિસ્થાન. આહા..હા..! એ કારણના જેવા કાર્ય હોય છે. કારણ મોહકર્મની પ્રકૃતિ છે, તેના ગુણસ્થાનો તેના ભેદ તે તેના કાર્ય છે, કહે છે. આહા..હા..! ભગવાન કારણ સ્વભાવ પ્રભુ, એનું એ કાર્ય નથી. આહા..હા..! ચૈતન્યઘન વિજ્ઞાનઘન ધ્રુવનું કાર્ય તો નિર્મળ કાર્ય થાય તે (એનું કાર્ય છે). આ બધા ભેદ છે એ તો મલિન અચેતન કાર્ય છે. આહા..હા..!

શ્રોતા :– ... કેમ થાય છે પર્યાયમાં ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ***એ ચેતનની પર્યાય જ અચેતન છે. એમાં જ્ઞાન સ્વભાવ આવ્યો નથી. સયોગપણામાં, અયોગપણામાં ક્યાંય જ્ઞાન સ્વભાવ તો આવ્યો નથી. આહા..હા..! અવિરતી સમ્યગ્દર્શન, અવિરતી ભાવ એમાં જ્ઞાન સ્વભાવ આવ્યો નથી. ભગવાન ચૈતન્યજ્યોત છે. આહા..! શું સ્વરૂપ અને શું ગાથા !!***

**'કારણના જેવા...'** મોહપ્રકૃતિ જે પુદ્‍ગલ કારણ છે તેના એ કાર્ય છે માટે પુદ્‍ગલ છે. આહા..હા..! સાચી વાત છે, ભાઈ ! અહીં તો ત્રિકાલી જીવદ્રવ્ય (છે) એમાં ઉદયભાવ તો નથી, ઉપશમ, ક્ષયોપશમ પણ એમાં નથી. અહીં તો હજી ઉદયભાવના પ્રકારના ભેદના વર્ણન છે. સમજાણું કાંઈ ? આહા..હા...! ભગવાન અંદર ચૈતન્ય પિંડ પ્રભુ આમ ભિન્ન અખંડ, ચૈતન્ય જ્યોતિ, જળહળ જ્યોતિ, ચંદ્ર શિતળ ધ્રુવ (બિરાજે છે). આહા..હા..! એવા ભગવાન દ્રવ્યમાં આ નથી. માટે દ્રવ્ય ચૈતન્ય સ્વરૂપ છે તો આ અચેતન સ્વરૂપ છે, એમ છે. આહા..હા..!

હવે અહીં તો મારે તો બીજું કહેવું છે કે આવું એને ગુરુએ કહ્યું (તો) એના ખ્યાલમાં આવ્યું કે આ ગુરુ ને શાસ્ત્ર આમ કહે છે કે આ પ્રકૃતિના કારણે કાર્ય થાય તે બધા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અચેતન છે. એ ચૈતન્ય દ્રવ્યના નહિ. એવું એને ખ્યાલમાં આવ્યું, બસ એટલું. પણ ખ્યાલમાં આવ્યું એ વ્યવહારથી આવ્યું છે. ગુરુએ કહ્યું અને એને પરલક્ષે (જ્ઞાન) થયું એ ખ્યાલમાં વ્યવહારથી આવ્યું છે. આહા..હા..! ઝીણી વાતું બહુ, બાપુ ! 'ઝીણી વાત' કરીને લોકો મશ્કરી કરે છે. ઝીણી ઝીણી કરીને આ બધું ઉડાવી દેવું છે. અરે..! ભગવાન ! તું પ્રભુ છો, ભગવાન ! તને આ ન બેસે તો શું થાય ? આહા..!

અહીં તો ભગવાન અંદર છે એ તો ગુણસ્થાનમાં આવતો નથી એમ કહે છે. ભેદમાં આવતો નથી. તું પોતે પ્રભુ છો ને ! પ્રભુ ! આહા..હા..! તારું દ્રવ્ય એ ભેદમાં આવતું નથી ને પ્રભુ ! એમ તને શું લાગે છે ? આહા..હા..! ઓહો..! ગજબ વાત ! સંતોએ તો કેવળજ્ઞાનને ખડુ કરી દીધું છે !! આહા..હા..!

***દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કહે છે કે પ્રકૃતિના કારણે થયેલા (છે) માટે પ્રકૃતિનું કાર્ય છે, જીવનું નહિ. આહા..! વ્યવહાર રત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્રમાં ભણતરનો વિકલ્પ, નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ... આહા..હા..! એ પ્રકૃતિના કારણે ઉત્પન્ન થયેલું કાર્ય પુદ્‌ગલનું છે, કહે છે. વ્યવહાર રત્નત્રયની શ્રદ્ધાનો ભાવ એ પુદ્‌ગલનો છે, કહે છે. અરે..રે..!*** દ્રવ્ય જ્ઞાયક સ્વરૂપ પ્રભુ છે એમાં ક્યાં ઇ ક્યાં છે ? આહા..! નિમિત્તને આધિન થયેલો ભાવ નિમિત્તનો છે, પ્રકૃતિને આધિન થયેલો ભાવ પ્રકૃતિનો છે, પુદ્‌ગલને આધિન થયેલો ભાવ પુદ્‌ગલનો છે, સ્વાધિન આત્માનો ભાવ નથી. આહા..હા..! વીતરાગી સંતો સિવાય કોણ કહે ? ભાઈ ! આહા..હા..! જેને જગતની દરકાર નથી, સમાજ સમતોલ રહેશે કે નહિ (એની દરકાર નથી). આહા..હા..! આ દિગંબર સંતો !! નાગા બાદશાહથી આઘા. જેને સમાજની કાંઈ પડી નથી. સમાજને આ સમજાશે કે નહિ ? સમાજ સમતોલ રહેશે કે નહિ ? મશ્કરી તો નહી કરે ને ? અરે..! સાંભળ, પ્રભુ ! સાંભળ, ભાઈ !

એની પર્યાયમાં થતાં દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ અને એની પર્યાયમાં થતાં ગુણસ્થાન માર્ગણાસ્થાનના ભાવ... આહા..હા..! પણ અહીં કહે છે એ પર્યાયમાં થતાં ભાવ એ દ્રવ્યથી થયેલા ભાવ નથી. આહા..હા..! ભગવાન જ્ઞાયક ચૈતન્યમૂર્તિ પ્રભુ, એ પ્રભુ આત્મા તો વીતરાગ સ્વભાવનું બિંબ છે. એ વીતરાગ સ્વભાવના કાર્ય આવા ક્યાં હોય ? આહા..હા..! આ તો અચતન પ્રકૃતિ જે પુદ્‌ગલ એના કારણે થયેલા કાર્ય છે માટે તે પુદ્‌ગલ છે. આહા..હા..! આવું સ્વરૂપ છે. હજી તો લક્ષમા આવું આવવું કઠણ (પડે). શાસ્ત્ર એમ કહે છે, પ્રભુ એમ કહે છે એને ખ્યાલમાં છે. ખ્યાલમાં આવવા છતાં એ વસ્તુનો અનુભવ નથી. એ પરલક્ષી જ્ઞાન થયું. આહા..હા..! ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ, એ ભેદનું પણ લક્ષ છોડી દઈ જે ખ્યાલમાં આવ્યું, લક્ષમાં આવ્યું કે સંતો, આચાર્યો, મુનિઓ, કેવળીઓ આમ કહે છે, છતાં તે લક્ષનું પણ લક્ષ છોડી દઈ... આહા..હા..!

આઠ વર્ષના રાજકુમાર, બાળકો... આહા..હા..! એ હીરા, માણેકના, સ્ફટિકમણીના મકાનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હોય, આહા..હા..! એમાં આ ભાન થાય. અરે..! અમે તો આનંદસ્વરૂપ છીએ, અમે તો જ્ઞાયક સ્વરૂપ પ્રભુ છીએ. આહા..હા..! જેને અંતરના આનંદના સ્વાદ આવ્યા. આહા..! એ એનું કાર્ય (છે), આ ભેદ એનું કાર્ય નથી. આહા..હા..! એ વનમાં વાઘ ને સિંહની વચ્ચે ચાલ્યા જાય છે. કોઈ મને જાણે કે ઓળખે એનું કાંઈ રહ્યું નહિ. આહા..હા..! મારો પ્રભુ પૂર્ણાનંદનો નાથ છે એને પર્યાયમાં પૂર્ણાનંદ પ્રગટ કરવા અમે જંગલ બહારમાં નહિ પણ અંદરમાં જાઈએ છીએ. આહા..હા..! ભાઈ ! એની ચમત્કારી દશા, વસ્તુ કેવી હશે ? આહા..હા..!

એ ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ ! ગુરુ એના ખ્યાલમાં કહ્યું (તેથી) આવ્યું એટલે ન્યાં અટકે નહિ એ ! આહા..હા..! એને સાધવા અંતરમાં જાય છે. આહા..! આ છે તો અભ્યંતરભાવ, પણ એ પર્યાયના અભ્યંતરભાવ છે. સંઘયણ, સંસ્થાન, શરીર એ બાહ્ય - તદ્દન બાહ્યના ભાવ (છે) અને આ એના પર્યાયના અભ્યંતરભાવ (છે). આહા..હા..! એ પણ તું નહિ, એ જીવદ્રવ્ય નહિ એમ જ્યાં એને લક્ષમાં ખ્યાલમાં આવ્યું... આહા..હા..! ત્યાં એ અંતરમાં ઉતરી જાય. અભ્યંતરના ભાવના ભેદથી છૂટી... આહા..હા..! અભ્યંતર ભગવાન પૂર્ણાનંદનો નાથ જીવદ્રવ્ય છે ત્યાં ચાલ્યો જાય છે. આહા..હા..! આવી વાતું છે, પ્રભુ ! માર્ગ તો એવો છે, ભાઈ ! અરે..! જગત સત્યને અત્યારે આળ આપે છે કે આ એકાંત છે, મહાવીરના માર્ગથી વિરુદ્ધ કરી નાખ્યું છે. અરે..! પ્રભુ ! સાંભળને, ભાઈ ! મહાવીર ને સંતો બધી એક જ વાત કરે છે. આહા..હા..! એને દયા, દાન, વ્રત, તપ ને ભક્તિથી ધર્મ મનાવવો છે (એટલે આ વાત) એને ખટકે છે.

અહીં તો એ (રાગાદિ) તો નહિ પણ ગુણસ્થાનના, માર્ગણાસ્થાનના ભેદ પણ જીવના નહિ, તો એનાથી જીવને લાભ નહિ. એ ગુણસ્થાનના ભેદનો આશ્રય, લક્ષ કરે તો આત્માને લાભ થાય એ ત્રણકાળમાં નહિ. રાગથી જેમ લાભ ન થાય, સંઘયણ, સંસ્થાનથી લાભ ન થાય એમ અહીંયાં ગુણસ્થાનના ભેદ પડવાથી પણ આત્માને લાભ ન થાય. આહા..હા..! આવી વાત છે. ભગવાન ત્રણલોકનો નાથ જિનેશ્વરદેવ, ઇન્દ્રો ને ગણધરોની સમક્ષમાં ચક્રવર્તીઓ છ ખંડના ધણી સાંભળવા બેઠા હોય... આહા..હા..! એને પ્રભુ એમ કહે, ભગવંત ! તારું સ્વરૂપ તો અખંડાનંદ પ્રભુ અંદર છે ને ! આહા..હા..! આ ભેદ એ તારું સ્વરૂપ નહિ, અચેતન છે. અર..ર..! આહા..હા..! આ રાગ-ફાગ ને બાયડી-છોકરા તો ક્યાંય રહી ગયા. આહા..! ત્રણલોકનો નાથ 'સીમંધર' ભગવાન સભામાં ફરમાવે છે એ આ વાત છે.

શ્રોતા :– મોક્ષમાર્ગથી મોક્ષની પ્રાપ્તિ નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– મોક્ષમાર્ગથી મોક્ષની પ્રાપ્તિ એ પણ વ્યવહાર છે. મોક્ષની પ્રાપ્તિ દ્રવ્યને આશ્રયે થાય છે. મોક્ષમાર્ગ છે એનો તો વ્યય થાય છે અને ભાવનો ઉત્પાદ થાય છે તે ત્રિકાળી કોઈ ભાવ છે એને આશ્રયે થાય છે કે ગયો એને આશ્રયે થાય ? ભાઈ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવી વાત છે. આહા..હા...! કાલે એક વાત કરી. ૩૪ વર્ષની ઉંમરનો ચાર દિ' કમળી થઈને મરી ગયો. 'વીંછિયા' આપણે, ભાઈ ! 'વીંછિયા'. 'હરિભાઈ' છે ને ? 'વીંછિયા' માં છે. એનો એક ભાઈ 'જસદણ' માં છે, એક 'મુંબઈ' માં છે. આ નાનો ૩૪ વર્ષનો હતો. કાંઈ રોગ ન મળે. ચાર દિ'માં કમળી થઈ, આ કમળો, કમળો એની થઈ ગઈ કમળી, દેહ ઊડી ગયો. આહા..હા..! એ તો પરવસ્તુ છે એની વાત થઈ. આહા..! એ તો તારામાં નથી, તું ત્યાં નથી પણ અહીં તો ભેદ પડ્યો તે તારામાં નથી ને ભેદમાં તું નથી. આહા..હા..! 'દેવીલાલજી' !

પ્રભુ ! તું ક્યાં છો ? આહા..હા..! એ ગુણસ્થાનના ને માર્ગણાસ્થાનના ભેદમાં તું નથી. આહા..હા..! તારી મોજૂદગી અસ્તિત્વ તો એનાથી ભિન્ન છે. અરે..! આ વાત ! હજી તો આ બાયડી-છોકરા ને પૈસામાંથી ખસવું કઠણ લાગે. અર..ર..! એમાં વળી સંઘયણ, સંસ્થાનની પર્યાય મારી નહિ. એમાંથી આગળ આવતા ગુણસ્થાન ને રાગ પણ મારામાં નહિ. એમાં હું નહિ, એ મારામાં નહિ. આહા..! વીતરાગ જિનેશ્વરના પંથમાં આ માર્ગ છે. એવી રીત બીજે ક્યાંય વીતરાગ સિવાય ક્યાંય નથી, ભાઈ !

એને પૂર્ણ સ્વરૂપ છે તે લક્ષ લેવા માટે બતાવે છે. આહા..હા..! આમ લક્ષ તો કર કે આ ભેદ છે એમાં તું નથી અને ભેદ છે તે અચેતન છે. ચેતનસ્વરૂપ દ્રવ્યસ્વભાવ તેમાં આવ્યો નથી અને દ્રવ્ય સ્વભાવમાં એ છે નહિ. આહા..હા..! એમ સંતો, ગુરુ, ભગવાન લક્ષ કરાવે છે, છતાં તે લક્ષ થયું માટે ત્યાં એને અનુભવ થઈ ગયો (એમ નથી). આહા..હા..! આવો માર્ગ છે. જગતની બહારની (ચીજ) આ પૈસા, લક્ષ્મી, શરીર, વાણી, સંઘયણ, સંસ્થાન એને તો અહીં ઉડાવી દીધા. બહારની ચમક તને દેખાય (પણ) પ્રભુ ! એ તો બધા અચેતન માટી છે. આ શરીર ને વાણી ને પૈસા ને મકાન ને સંઘણય, મજબુત હાડકા ને સંસ્થાન–શરીરના આકાર એ બધી ચમક, પ્રભુ ! એ તો જડની દશાઓ છે. એમાં તું નથી, તારામાં એ નથી. આહા..હા..!

એથી અહીં તો આગળ લઈને ૬૮ (ગાથામાં વાત કરે છે). એ તો બાહ્યની ચમકતનો નકાર કર્યો. આહા..હા..! હવે અભ્યંતરમાં જે ત્રિકાળી અભ્યંતર છે એ સ્વરૂપમાં નહિ પણ પર્યાયમાં અભ્યંતર એટલે અહીંની અપેક્ષાએ અભ્યંતર. બાકી એ પર્યાયની અપેક્ષાએ અભ્યંતર તો ત્રિકાળ છે. આહા..હા..!

કહે છે કે આ બહારની આ બધી ચમક–સંઘયણ, સંસ્થાન ને વર્ણ ને ગંધ ને રસ ને રૂપાળા ને કાળા ને લીલા ને આહા..! મીઠા રસ ને શાક સુગંધી આવે ને... હોય છે ને કેટલાક શાક ? અને કેટલાક શાક ગંધ મારે. હોય ... અને શાક ગંધ મારતું હોય. એ ચીજો તો ક્યાંય રહી ગઈ કહે છે. એ ચીજ તો તારી નહિ ને તારામાં નહિ ને તું ત્યાં નહિ. આહા..હા..! પણ તારી પર્યાયમાં જે ગુણસ્થાન, માર્ગણાસ્થાન, રાગ, દયા, દાન,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વ્રતાદિના વિકલ્પો આવે એ બાહ્યની અપેક્ષાએ અભ્યંતર છે અને એની અપેક્ષાએ તો ત્રિકાળી વસ્તુ તે અભ્યંતર છે, આ બાહ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવો માર્ગ એટલે લોકોને બિચારાને લાગે, હોં ! સોનગઢવાળા એકાંત છે, આમ છે. 'ચંદ્રશેખર' વિરોધ કરે છે. બાપુ ! તેની દષ્ટિ મિથ્યાત્વ છે તેમાં એ ભાગ એને સૂઝે જ. આહા..હા..!

ચૈતન્ય અદ્‌ભુતાત્ અદ્‌ભુત ચમત્કારના રત્નોથી ભરેલો ભગવાન (છે). આહા..હા..! એ અભેદમાં પ્રભુમાં આ ભેદ નથી. આહા..હા..! અને આવા ગુણસ્થાન આદિ ભેદમાં તું આવતો નથી. આહા..હા..! **'કારણના જેવા જ કાર્યો હોય છે...'** એની આટલી વ્યાખ્યા ચાલી. પુદ્‌ગલ કર્મ કારણ છે. આહા..હા..! પહેલા પુદ્‌ગલથી, કર્મથી આવેલો સંયોગ, સંયોગ સંઘયણ, સંસ્થાન, શરીર (આદિ) કર્મના નિમિત્તથી આવેલા સંયોગો છે. એ સંયોગથી ભિન્ન કહ્યો. હવે પ્રકૃતિના નિમિત્તે થતો પર્યાયમાં ભેદ, પેલી તો પ્રકૃતિના નિમિત્તે ચીજો મળી હતી. આ શરીર, વાણી, મન, સંઘયણ, સંસ્થાન... આહા..! રૂપ, રસ, ગંધ, સ્પર્શ કર્મના નિમિત્તથી એ મળેલી ચીજો (છે). એ ચીજ તો તારી નથી પણ હવે કર્મના નિમિત્તથી મળતો અંદરનો ભેદ. આહા..હા..! આ મળ્યો સંયોગ, આ મળ્યો ભેદ. આહા..હા..! આ કારણ ઉપર કાર્યની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! એમાં ભગવાન કારણપરમાત્મા છે અને એ ભેદનું કાર્ય આવ્યું છે એમ નથી. આહા..હા..! શું વાણી ! 'કુંદકુંદાચાર્ય' દિગંબર મુનિ ! 'અમૃતચંદ્રાચાર્ય' ! આહા..હા..! અમૃત વેર્યા છે !! આહા..! પંચમકાળના જગતના ભાગ્ય !!

કહે છે કે કર્મ પ્રકૃતિ નિમિત્ત અને બાહ્ય સંયોગો આ શરીર ને આ બધા મળે એ તો બાહ્ય ચીજ છે. એનાથી તો તું ભિન્ન છો પણ હવે એ પ્રકૃતિથી મળતો તો અંદર ભેદ (એ પણ તું નહિ). આમ ને આમ. આમ આવ્યું, આમ આવ્યું એનાથી જુદો. કર્મને લઈને આ શરીર મળ્યું, સંઘયણ મળ્યું, સંસ્થાન મળ્યું ને આ પર્યાપ્તપણું મળ્યું, પંચેન્દ્રિયપણું મળ્યું, મનુષ્યપણું મળ્યું ને દેવપણું મળ્યું ને... આહા..હા..! એ તો એટલું તો પહેલું કાઢી નાખ્યું. હવે પ્રકૃતિથી અંતરમાં ભેદ મળ્યો, પેલું બાહ્યમાં હતું. આહા..હા..! મોહકર્મની પ્રકૃતિ જે અભ્યંતરમાં (છે), પેલી ચીજની અપેક્ષાએ અભ્યંતર (કહી) અને એનાથી અભ્યંતર આ ભેદ પડે તે. આવી વાતું છે. તમારો 'પંકજ' ને ફલાણો તો ક્યાંય રહી ગયો. આહા..હા..! એ તો ક્યાંય પરના ફળ તરીકે તો પરમાં સંયોગમાં રહી ગયો. એ આત્મામાં ક્યાં આવ્યો ? આહા..! પણ એ મારો છે એવો જે રાગ અને મિથ્યાત્વ એ પણ પ્રકૃતિનું જડનું કાર્ય છે, પ્રભુ ! તારું નહિ. આહા..હા..! મિથ્યાત્વ આવ્યું ને ? પહેલેથી છે ને ? મિથ્યાદષ્ટિથી માંડીને. આહા..હા..!

એ સંતોના જ્ઞાન અને એની ગર્જનાઓ, ત્રણલોકના નાથની ગર્જના જેમ દિવ્યધ્વનિ ઉઠે છે. આહા..હા..! વાઘ ને મીંદડી બે જોડે બેઠા (હોય)... શાંત.. શાંત.. ઊંદર ને સર્પ કાળા નાગ જોડે ઊભા હોય. દિવ્યધ્વનિનો નાદ પ્રભુનો સાંભળે. આહા..હા..! બહારનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાતાવરણ શાંત થઈ જાય. એ તો સાંભળ્યું કહે છે. આહા..! સાંભળ્યું જે છે, એ જે જ્ઞાન થયું છે એ લક્ષ કરાવ્યું, ભગવાને કીધું કે આ તું નહિ, એમ લક્ષ કરાવ્યું; પણ એથી તેને કાંઈ અનુભવ થઈ ગયો એમ નથી. આહા..હા..! આ તો વ્યવહારે કરીને સમજાવ્યું માટે એને આત્માનો લાભ થઈ ગયો અને આત્માના લાભ માટે એને કહ્યું (એમ નથી). ફક્ત એ તો એને વસ્તુ ખ્યાલમાં આવે એટલું કરાવ્યું. સંતોએ વ્યવહારમાં આવીને (કહ્યું). કારણ કે આ પંચમ આરાની વાત છે ને ? એથી એમ લીધું કે આચાર્યે કહ્યું તે આચાર્યે વિકલ્પમાં, વ્યવહારમાં આવીને (કહ્યું). કેવળીએ કહ્યું એમ ત્યાં નથી આવ્યું. આહા..! આ તો પંચમ આરાના સંતોએ પંચમ આરાના જીવ માટે પંચમ આરાના શાસ્ત્ર બનાવ્યા. આહા..હા..! ન્યાં કેવળીએ કહ્યું કે તું આત્મા છો અને પછી આત્મા દર્શન, જ્ઞાન પામે તે આત્મા છો ને પછી કહે છે કે આત્મા તો અભેદ છે એમ ધ્યાન કરાવ્યું. અહીં ભગવાને કીધું એમ અહીં નથી કહ્યું. શું શૈલી પ્રભુની !! આહા..હા..!

શ્રોતા :– આચાર્યે કીધું એ ભગવાને જ કીધું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ નહિ, નહિ. વિકલ્પ છે ને અહીંયાં ? એ બતાવવું છે. વ્યવહારમાં આવ્યો એ વિકલ્પ છે, એ કેવળીને નથી. ભાઈ ! આહા..હા..! અહીંયા તો નિશ્ચય ને વ્યવહાર બે પૈડામાં ઊભો છે એ લેવો છે. કેવળીને વ્યવહાર છે નહિ. પંચમ આરાના સંતો કહે છે એટલે પોતાની જાતથી કહે છે. એને પોતાને વિકલ્પ ઉઠ્યો છે. આહા..હા..! એ શૈલીની અહીં વાત છે. કેવળીનું કહેલું છે એ જુદી વાત, પણ અત્યારે કહેનારો જે છે એ વિકલ્પના વ્યવહારના પૈડે આવ્યો છે, ઊભો છે એ વાત કરે છે. આહા..! કેવળીએ કહેલું (કહે છે) પણ છતાં પોતે એમ કહ્યું ને કે હું મારા નિજ વૈભવથી કહીશ ! આહા..હા..! તે પણ વિકલ્પમાં આવ્યું છે માટે કહ્યું. આહા..હા..! નિર્વિકલ્પમાં પડ્યો હોય તો એને કહેવું છે એ વાત આવતી નથી. આહા..હા..! શું કહ્યું ઇ ?

અહીંયાં વર્તમાન સાધુ સંત છે એ કહે છે, એ અહીં લેવું છે. કેવળીએ કહેલું કહ્યું પણ કહેનાર વર્તમાન કોણ છે ? આહા..હા..! એ પણ પોતે સ્પષ્ટ કરી નાખ્યું. એ કહેનાર તો હું વર્તમાન વિકલ્પમાં વ્યવહારમાં આવ્યો છું એથી કહું છું પણ એ વ્યવહાર આવ્યો છે માટે મને લાભદાયક છે અને વ્યવહારથી બીજાને કહીશ માટે એને આત્માના લાભ માટે છે એમ નથી. એના ખ્યાલમાં આવવા માટે એટલું છે. આહા..હા..! એ તો પરલક્ષી છે એટલા માટે અહીં તો આ વાત છે ને ! લક્ષ કરાવીને એ તો અળગા રહી જાય છે. હવે તું અંદરમાં જા ! આવા જે અભ્યંતર ભેદો છે એ પણ અચેતન છે, પ્રભુ ! આહા..હા..!

**'કારણના જેવા જ કાર્યો...'** એટલા ઉપરથી આ બધી વાત ચાલે છે. એમ મુનિઓએ કહ્યું. કેવળીએ કહ્યું ઇ અત્યારે અહીં નથી. એ વિકલ્પમાં આવ્યા છે એણે કહ્યું. આહા..હા..! માટે તે વિકલ્પ એને લાભદાયક છે અને બીજાને લાભદાયક માટે વ્યવહાર કહે છે, એમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી. આહા..હા...! ફક્ત એને ખ્યાલમાં આવે એ ખાતર આ વાત કહે છે. આહા..!

**'આ મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનો પૌદ્ગલિક મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક થતાં હોઈને,...'** જોયું ? એ પ્રકૃતિ સત્તારૂપ છે ત્યાં સુધીનું અહીં કાર્ય ભેદ ન આવે, કહે છે. આહા..હા...! ઉદયપૂર્વક. આહા..હા..! સમજાણું આમાં ? ઉદય થયો એટલે અહીં ભેદ પડ્યો. એમાં જોડાયો છે ને ! આહા..હા..! **'ઉદયપૂર્વક થતાં હોઈને...'** એ ચૌદ ગુણસ્થાન ઉદયપૂર્વક થતાં હોઈને. આહા..હા..! **'સદાય અચેતન હોવાથી,...'** કેમકે પ્રકૃતિ પોતે ઉદય અચેતન છે. **'કારણના જેવાં જ કાર્યો હોય છે...'** આહા..હા..! શું 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા ! શું ભગવાન 'કુંદકુંદાચાર્ય'ના શ્લોકો !! ઓહો..હો..! એની ક્ષયોપશમની દશા !! આહા..હા..!

**'એમ કરીને (સમજીને, નિશ્ચય કરીને),...'** શું કરીને ? કારણના જેવા જ કાર્યો છે. પુદ્ગલ કારણ છે તેથી ગુણસ્થાન ભેદ તેના કાર્ય છે માટે તે અચેતન છે. કોની પેઠે ? **'જવપૂર્વક જે જવ થાય છે...'** જવ વાવે ને જવ થાય. ઘઉં વાવે ને જવ થાય ? આહા..હા..! જવપૂર્વક જ જવ થાય છે. આહા..! એકાક્ષરી શબ્દ લીધો. ઘઉં છે એ એકાક્ષરી નથી ને ? બાજરો, ઘઉં, દાળ, ચોખા એકાક્ષરી નથી, જવ એકાક્ષરી છે, જવ. આહા..હા..! જવપૂર્વક એ તો એનું કારણ બતાવે પણ વસ્તુ, **'જવપૂર્વક જે જવ થાય છે તે જવ જ હોય છે...'** જવપૂર્વક થાય તેના ફળ જવ હોય છે. જવપૂર્વક થાય એના ફળ ઘઉં ને બાજરો હોય છે ? આહા..હા..!

**'જવપૂર્વક જે જવ થાય તે જવ જ હોય છે એ ન્યાયે, પુદ્ગલ જ છે...'** પુદ્ગલ પૂર્વક થતાં હોવાથી પુદ્ગલ છે. આહા..હા..! ચૌદ ગુણસ્થાન, માર્ગણાસ્થાન, જીવસ્થાન, અરે...! રાગ, દયા, દાન, વ્રતનો રાગ. પ્રભુ ! આ તો શું કહે છે ? ભાઈ ! આહા..! હવે એ રાગથી ધર્મ માનવવો ! પ્રભુ... પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! આહા..! ભગવંત ! તને આ ન શોભે. આહા..! જે રાગ પુદ્ગલ પ્રકૃતિના કારણે થયેલો (છે) માટે દયા, દાનના રાગને પણ પુદ્ગલ કીધો. આહા..હા..! કહો, 'શાંતિભાઈ' ! આ તમારા ધૂળના પૈસાને, જવેરાતને તો પુદ્ગલ કીધા. આહા..હા..! પણ અહીંયાં તો કહે છે કે ગુણસ્થાનના ભેદ પર્યાયમાં પડે (એ પણ પુદ્ગલ છે). પ્રભુ તો અભેદ ચૈતન્ય દ્રવ્ય છે ને ? એ દ્રવ્યમાં આ ક્યાં છે ? આહા..હા..! દ્રવ્ય ત્રિકાળી તો ગમે તે ગુણસ્થાન ને ગમે તે ગતિમાં હો, દ્રવ્ય તો પૂર્ણાનંદનો નાથ ત્યાં આખો બિરાજે છે. એમાં ઘસારો કે... આવી ગયું છે ને ? નહિ ? બે બોલ નહોતા આવ્યા ? હીણું, હીણું. હીણાપણું ને ઘસારો થાતો નથી. પેલામાં આવ્યું હતું. જુઓ ! હાની ને ઘસારો નહિ પામતું. એ ૬૩-૬૪માં આવ્યું, ૬૩-૬૪. આહા..હા..! જે વસ્તુ છે... આહા..હા..! ગમે તે મિથ્યાત્વ આદિમાં હો, નરક-નિગોદમાં હો પણ વસ્તુ તો વસ્તુ છે. એમાં હીણી ને ઘસારો કાંઈ નથી, એ તો અખંડાનંદ પ્રભુ છે. આહા..હા..!

**'પુદ્ગલ જ છે–જીવ નથી.'** પુદ્ગલ જ છે. આહા..હા..! પ્રકૃતિ પુદ્ગલ છે તો એના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાર્ય તરીકે જે ભેદ છે એ પુદ્ગલ જ છે, કહે છે. આહા..હા..! અરે..! લબ્ધિસ્થાન પણ કહે છે પુદ્ગલના નિમિત્તથી અહીં ભેદ થઈ ગયો ને ? અહીં થોડું ઘટતું ગયું એમ... આહા..હા..! એ ભેદ પુદ્ગલમાં નાખી દે છે. ગુણસ્થાનનો ભેદ એ તો ઠીક પણ સંયમની પર્યાયમાં ભેદની પ્રાપ્તિ. શરીર જડ, ગુણસ્થાન જડ, રાગ જડ પણ આ લબ્ધિનો ભેદ પડ્યો છે ને ? એ જડ. આવી વાત બહુ આકરું, બાપા ! આહા..!

**'અને ગુણસ્થાનોનું સદાય અચેતનપણું તો આગમથી સિદ્ધ થાય છે...'** ... આહા..હા..! આગમથી સિદ્ધ થાય છે. ભગવાને આગમમાં એમ કહ્યું, **'ગુણસ્થાનોનું સદાય અચેતનપણું તો આગમથી સિદ્ધ થાય છે તેમ જ ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત જે આત્મા...'** શું કીધું હવે ? ભેદ છે એ વ્યાપ્ત છે એ પુદ્ગલનું વ્યાપ્ય છે. આહા..હા..! પુદ્ગલ વ્યાપક છે ને ભેદ તેનું વ્યાપ્ય છે. આહા..હા..! એક કોર એમ કહે કે આત્મા વ્યાપક છે ને વિકારી પર્યાય એનું વ્યાપ્ય છે, અજ્ઞાન દશામાં. આહા..હા..! બીજી વાર કર્તા કર્મમાં એમ કહે કે કર્મ વ્યાપક છે ને વિકારી પર્યાય એનું વ્યાપ્ય છે. અહીં એ કહે છે. આહા..! એ પુદ્ગલ કર્મ જે વ્યાપક છે તેનો એ ભેદ, રાગાદિ વ્યાપ્ય છે.

**'અને ગુણસ્થાનોનું સદાય અચેતનપણું તો આગમથી સિદ્ધ થાય છે તેમ જ ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત જે આત્મા...'** ભગવાન તો ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત છે. આહા..હા..! આવા ભેદ સ્વભાવથી વ્યાપ્ત નથી. આહા..હા..! તે ભેદનું વ્યાપ્યપણું, આત્મા વ્યાપક ને ભેદ વ્યાપ્ય એમ નથી, કહે છે. આહા..હા...! એ તો પુદ્ગલનું વ્યાપકપણું ને પુદ્ગલનો પર્યાય આ ભેદ આદિ વ્યાપ્ય (છે), રાગાદિ એનું વ્યાપ્ય છે. આહા..હા..! ભાષા તો સાદી છે પણ ભાવ ભાઈ જે છે એ છે. આ તો ત્રણલોકના નાથ તીર્થંકર... આહા..હા...!

એક વાર્તા કરનારો બારોટ હોય તોપણ ગંભીર વાર્તા કરે. બારોટ આવે ને સૌને ? પૈસા લે. એક વાર 'રાણપુર' જોયેલો. અપાસરાની જોડ છે ને ? આ 'ખત્રી' આવે છે ને ? એના બારોટ હતા પણ મોટા નાગર જેવા. ધોળા કપડા ને ગૃહસ્થ માણસ પણ ખત્રીના બારોટ તરીકે (કહેવાય). પેલા એના શું કહેવાય એ ? માણસો સાધારણ બેઠા હોય અને પેલો મોટો રાજા જેવો દેખાય. અપાસરાની જોડે. 'પોપટભાઈ ખત્રી' નથી આવતા ? હવે તો અહીં આવી ગયા છે ને ! એના બારોટ બે હતા, પાટલે બેસીને વાત કરે. આહા..!

અહીં ભગવાન કહે છે, અત્યારે તો મુનિ કહે છે ને ? **'ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત જે આત્મા...'** આહા..હા..! એ ભેદથી વ્યાપ્ત આત્મા, આત્મા વ્યાપક ને ગુણસ્થાનના ભેદ વ્યાપ્ય એમ નથી. એ પુદ્ગલ વ્યાપક (છે) અને એ એનું વ્યાપ્ય છે. આહા..હા..! ૧૦૮, ૧૦૯, ૧૧૦ માં તો ત્યાં લીધું છે, નહિ ? ૧૦૮-૧૦૯-૧૧૦-૧૧૧-૧૧૨. પુદ્ગલ કર્મ વ્યાપક છે અને નવા કર્મ તેનું વ્યાપ્ય છે. આવે છે ? ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૧. આહા..હા..! શું એની શૈલી ! આહા..હા..! ચૈતન્ય અંદર ભગવાન ચિંતામણી રત્ન પૂર્ણાનંદના નાથને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રસિદ્ધ કરવા (આમ શૈલી કરી છે). આહા..હા..! આત્મખ્યાતિ છે ને ?

કહે છે કે કર્મ જે છે એ પૂર્વનો કર્મ વ્યાપક થઈને નવા કર્મો - રજકણો નવી જાત છે, બીજી જાત છે. છતાં એની જાતના છે તેથી એને કહે છે કે વ્યાપક કર્મ ને નવા કર્મ આવે એ એનું વ્યાપ્ય (છે). ઠીક ! જુના કર્મ છે એ વ્યાપક, નવા કર્મ તેનું વ્યાપ્ય. હવે પરની સાથે વ્યાપ્ય-વ્યાપક તો (ક્યાંય હોય ?) અહીં તો કહે છે કે કર્મ વ્યાપક ને ભેદ તેનું વ્યાપ્ય. ભગવાનઆત્મા વ્યાપક અને ચૈતન્ય એનું વ્યાપ્ય પણ આ વ્યાપ્ય એનું નહિ. આહા..! **'ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત આત્મા...'** જોયું ? આહા..હા..! ક્રિયાકાંડીઓને રસ ઊડી જાય, આમાં મુશ્કેલી પડે, બિચારાને દુઃખ થાય. એને બિચારાને આકરું પડે એટલે એમ કહે. એની દૃષ્ટિમાં વિપરીતતા છે એમાં આવી વાત બેસે નહિ. આહા..!

**'ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત...'** એ ભેદ વ્યાપ્ય, વ્યાપક કર્મનું છે, **'તેનાથી તો ભિન્નપણે તે ગુણસ્થાનો.'** આહા..હા..! **'ભેદજ્ઞાનીઓ વડે...'** કારણ કે ભેદનું લક્ષ છોડીને અભેદમાં જાય છે. આહા..હા..! **'ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન હોવાથી પણ તેમનું સદાય અચેતનપણું સિદ્ધ થાય છે.'** ગુણસ્થાન આદિ ભેદજ્ઞાનના અનુભવમાં આવતા નથી, માટે તેનું અચેતપણું સિદ્ધ થાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** સમયસારની ૪૯મી ગાથાની ટીકામાં 'અવ્યક્ત'ના પાંચમા બોલમાં કહ્યું છે : વ્યક્તપણું અને અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે (આત્મા) અવ્યક્ત છે. વ્યક્ત નામ પર્યાય, અવ્યક્ત નામ દ્રવ્ય, બંને ભેળાં મિશ્રિતરૂપે જાણવામાં આવે છે તોપણ અવ્યક્ત ધ્રુવ ટંકોત્કીર્ણ જીવ વ્યક્તપણાને-પર્યાયને સ્પર્શતો નથી, ત્રિકાળી ધ્રુવ અંશ વર્તમાન ક્ષણિક પર્યાયાંશરૂપ થઈ જતો નથી. માટે ધ્રુવ દ્રવ્ય અને પલટતી પર્યાય બંને ભિન્ન છે. જ્યાં પર્યાયમાત્ર ધ્રુવ તત્ત્વથી ભિન્ન છે ત્યાં રાગાદિ વિભાવની વાત તો ક્યાંય રહી ગઈ. તે તો જુદો છે જ. માટે અહીં કહે છે કે વ્યવહાર-શ્રદ્ધાના કે મંદ-કષાયના પરિણામથી નિશ્ચય ધ્રુવ તત્ત્વની પ્રાપ્તિ થશે એ દૃષ્ટિ જ વિપરીત છે. બાપુ ! શું થાય ? ભાઈ ! તને એ માન્યતામાં નુકસાન છે. તું હોંશ કરીને જગતને બતાવે છે કે-અમે નિશ્ચય અને વ્યવહાર બંનેને માનીએ છીએ, બંનેથી લાભ થાય તે અનેકાંત છે. ભાઈ ! તે સાચું અનેકાંત નથી, અનેકાંતાભાસ છે, એકાંત છે. સ્વભાવના આશ્રયે સદા લાભ થાય અને પર્યાયના, રાગના કે નિમિત્તના આશ્રયે કદી પણ લાભ ન થાય-તે જ સાચું અનેકાંત છે. ૪૨૭. – દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી કળશટીકા, શ્લોક–૬૦, પ્રવચન નં. ૭૬
## તા. ૨૪-૦૮-૧૯૭૭
## [૨૧]

'કળશટીકા' 'કર્તા-કર્મ અધિકાર' ૬૦ મો કળશ ચાલે છે. પહેલા દૃષ્ટાંત દીધો. પહેલા તો સિદ્ધાંત સિદ્ધ કર્યો હતો કે રાગાદિ જે વિકલ્પ છે તેનાથી ભગવાનઆત્માને ભિન્ન કરવો. પહેલો બોલ તો એ લીધો. બે તો દૃષ્ટાંત છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય, આત્મ અનુભૂતિ પ્રગટ કરવી હોય તો કેવી રીતે થાય છે ? રાગ વિકલ્પ છે, ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ હો એ રાગથી જ્ઞાયક સ્વભાવનો ભિન્ન વિચાર કરવો. એ આવ્યું હતું ને ? **'વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં...'** આવ્યું હતું ને ? આહા..હા...!

વસ્તુ જે ભગવાનઆત્મા એ ત્રિકાળી શુદ્ધ છે તેનો વિચાર નામ જ્ઞાન કરવાથી જે અનાદિથી પર્યાય અને રાગ-દ્વેષમાં જ્ઞાન ઝુકી ગયું છે એ મિથ્યાદૃષ્ટિપણું છે. આહા..હા..! તેને છોડીને શુદ્ધ સ્વરૂપનો વિચાર કરતાં... શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન કરતાં... એમાં સિદ્ધાંત તો પહેલા લીધો હતો. તેના બે દૃષ્ટાંત છે. સમજાય છે કાંઈ ? દૃષ્ટિ ત્યાં સુધી ફેરવવી કે ચાહે તો સ્ત્રી, કુટુંબ હો કે ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો તે તરફથી પણ લક્ષ છોડવાનું છે અને શુભરાગ જે ભક્તિ આદિ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે થાય છે તે રાગનું પણ લક્ષ છોડવાનું છે.

અહીંયા તો **'શુદ્ધ સ્વરૂપ વિચારતાં...'** એમ આવ્યું ને ? તેનો અર્થ સૂક્ષ્મ છે. કાલે થોડી સાધારણ વાત કરી હતી. શુદ્ધ સ્વરૂપ જે નિજ દ્રવ્ય છે, શુદ્ધ અખંડાનંદ છે તે ત્રિકાળી દ્રવ્ય છે તે ચૈતન્ય વસ્તુ છે. તેમાં ભેદ કરવો કે આ આત્મા ગુણી છે અને તેમાં આ ગુણ છે, એવો ભેદ કરવો તે પરદ્રવ્ય છે. સમજાય છે કાંઈ ? પરદ્રવ્યથી પણ લક્ષ હટાવવાનું છે. **'શુદ્ધ સ્વરૂપ વિચારતાં...'** આવ્યું ને ? આહા..હા...! ***પોતાનું દ્રવ્ય જે વસ્તુ છે શુદ્ધ ધ્રુવ ચૈતન્ય છે તેમાં એક દ્રવ્યમાં એવો વિકલ્પ ઉઠાવવો કે હું આ દ્રવ્ય છું અને ગુણથી હું ભેદરૂપ છું, એ વિકલ્પ પણ પરદ્રવ્ય છે. આહા..હા...!*** આ તો ચતુર્થ બોલ યાદ આવી ગયા છે.

અસંખ્ય પ્રદેશી એકરૂપ ક્ષેત્ર છે, અસંખ્ય પ્રદેશી એકરૂપ ક્ષેત્ર છે તે સ્વક્ષેત્ર છે અને તેમાં ભેદ વિકલ્પ વિચારવા કે આ પ્રદેશ આ છે ને આ પ્રદેશ આ છે, એ પરક્ષેત્ર છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ પરક્ષેત્રથી પણ દૃષ્ટિ હટાવવી. ત્રિકાળી ચીજ છે તે સ્વકાળ છે. ત્રિકાળી ચીજ શુદ્ધ સ્વરૂપ કહ્યું ને ? ***એકલો ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ એ સ્વકાળ છે અને તેમાં અવસ્થા–પર્યાય થાય તે પરકાળ છે. ચાહે તો નિર્મળ પર્યાય હો તોપણ એ પરકાળ છે. આહા..હા...!*** ત્રિકાળી એક સમયમાં ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ શુદ્ધ ચૈતન્ય છે તેનો વિચાર કરતાં, જ્ઞાન કરતાં વર્તમાન એક સમયની પર્યાય પણ પરકાળમાં જાય છે. પરદ્રવ્યની પર્યાય પરકાળમાં જાય છે એ તો પરકાળ છે, પરંતુ પોતાનું ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ વિચારતાં એક સમયની પર્યાય પણ પરકાળમાં જાય છે. અને ત્રિકાળી જ્ઞાયકભાવ સ્વકાળમાં આવે છે. એ ૨૫૨ શ્લોકમાં આવે છે. 'કળશટીકા' ૨૫૨.

આ તો '**શુદ્ધ સ્વરૂપ વિચારતાં...**' આવ્યું તેના ઉપરથી વિચાર આવ્યો. આહા..હા...! એ આવ્યું ને ? ૨૫૨ છે ? વચમાં છે. '**તેમનું લક્ષણ :**' તેમનું લક્ષણ. છે ? સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ. પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવ. તેનું લક્ષણ શું ? આહા..હા...! '**તેમનું લક્ષણ : સ્વદ્રવ્ય...**' છે ? ભાઈ ! ભાઈને મળ્યું ? 'વેણીપ્રસાદજી' ! આ ચોપડા તો તમારા કરતા બીજી જાતના છે. આહા..! '**સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ,...**' આહા..હા...! અભેદ શુદ્ધ સ્વરૂપ નિર્વિકલ્પ વસ્તુ તે સ્વદ્રવ્ય. આહા..હા...! સમજાય છે કાંઈ ? '**સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ,...**' અસંખ્ય પ્રદેશમાં ભેદ પણ નહિ. એકરૂપ સ્વક્ષેત્ર ત્રિકાળ. '**સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા, સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ;...**'

હવે કહે છે, '**પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ-કલ્પના,...**' ***આહા..હા...! દેવ-ગુરુ-શાસ્ત્ર તો પરદ્રવ્ય (છે). તેમની ભક્તિનો ભાવ પણ પરદ્રવ્ય (છે) પણ એક દ્રવ્યમાં નિર્વિકલ્પ (વસ્તુમાં) ભેદ કલ્પના (કરવી તે પણ પરદ્રવ્ય છે).*** '**પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ-કલ્પના...**' છે ? પોતાના દ્રવ્ય સ્વરૂપમાં ભેદ કલ્પનાનો વિચાર કરવો તે પરદ્રવ્ય છે. આહા..હા...! સૂક્ષ્મ છે. 'રાજમલજી'ની ટીકા બહુ સૂક્ષ્મ લીધું છે.

સમ્યગ્દર્શન - અનુભૂતિ કઈ રીતે થાય છે ? - કે પોતાનું સ્વદ્રવ્ય નિર્વિકલ્પ ચીજ શુદ્ધ સ્વરૂપ છે. અહીંયાં કહ્યું ને ? શુદ્ધ સ્વરૂપને વિચારતાં. તો શુદ્ધ સ્વરૂપ તો ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ છે તે શુદ્ધ સ્વરૂપ છે. તેમાં ભેદ કરવો કે આ ત્રિકાળી છે અને ગુણનો ભેદ કરીને વિકલ્પ કરવો તે પણ પરદ્રવ્ય છે. આહા..હા...! છે ?

પરદ્રવ્ય સવિકલ્પ ભેદ-કલ્પના તે પરદ્રવ્ય છે. આહા..હા...! દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર આદિ તો પરદ્રવ્ય છે જ. ભક્તિનો રાગભાવ છે તે પણ પરદ્રવ્ય છે જ પણ અહીંયા એકરૂપ ચીજમાં, દ્રવ્ય સ્વભાવમાં ભેદ વિચારવો... સમજાય છે કાંઈ ? - કે આ જ્ઞાયક એકરૂપ છે તેમાં આ દ્રવ્ય છે અને આ ગુણ છે એવો ભેદ વિકલ્પ કરવો તેનું નામ પરદ્રવ્ય છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! અંદર છે કે નહિ ? ભાઈ ! અહીં તો આપણે શુદ્ધ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વરૂપને વિચારતા આવ્યું ને ? તેમાં આવું સૂક્ષ્મ ભર્યું છે. આહા..હા...!

પરક્ષેત્ર (શું) ? પરદ્રવ્યનું ક્ષેત્ર તો ભિન્ન છે જ પણ અહીંયા પરક્ષેત્ર કોને કહે છે ? **'વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો હતો તે જ પ્રદેશ સવિકલ્પ ભેદ-કલ્પના...'** આ અસંખ્ય પ્રદેશ છે એવો વિકલ્પ ઉઠાવવો તે પણ પરક્ષેત્ર છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એકલા પોતાના સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અસ્તિ અને પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની નાસ્તિ. એ તો એક સ્થૂળ વાત થઈ.

હવે અહીંયા પોતાનું દ્રવ્ય જે અખંડ અભેદ શુદ્ધ સ્વરૂપ છે તે સ્વદ્રવ્ય છે અને તેમાં આ આત્મા અને આ ગુણ ને આ પર્યાય એવા ભેદ ઉઠાવવા તે પરદ્રવ્ય છે. અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્ર એકરૂપ, નિર્વિકલ્પ અસંખ્ય પ્રદેશી એકરૂપ નિર્વિકલ્પ એ સ્વક્ષેત્ર છે અને તેમાં એવો વિચાર કરવો કે આ અસંખ્ય પ્રદેશ છે એમાં આ પ્રદેશ છે ને આ પ્રદેશ છે, તેના ને તેના (પ્રદેશનો વિચાર), હોં ! તેવા ભેદ ઉઠાવવા તે પરક્ષેત્ર છે. 'નંદકિશોરજી' ! ન્યાં કોઈ દિ' સાંભળ્યું નથી. વકીલ કબુલ તો કરે છે. આહા..હા...!

અહીં તો હજી પર દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિથી સમકિત મળી જશે (એમ માનતા હોય). અહીં તો કહે છે કે આત્મા એકરૂપ દ્રવ્ય છે તેમાં ભેદ કલ્પના કરવી તેનાથી પણ સમકિત પ્રાપ્ત થતું નથી.

શ્રોતા :– સમકિત પ્રાપ્ત નથી થતું તો શું પ્રાપ્ત થાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ વિકલ્પ ઉઠે છે અને લાભ માને તો મિથ્યાત્વભાવ થાય છે. આહા..હા...! આવો પ્રભુનો માર્ગ છે. અગિયારમી ગાથામાં ભૂતાર્થ આવ્યું ને ? ભૂતાર્થ આશ્રિત સમ્યગ્દષ્ટિ. ભૂતાર્થ આ. ત્રિકાળ એકરૂપ શુદ્ધ સ્વરૂપ, જેમાં દ્રવ્યનો ભેદ નહિ, ક્ષેત્રનો ભેદ નહિ. આવ્યું જુઓ !

**'બુદ્ધિગોચરરૂપે કહેવાય છે,...'** હવે પરકાળ (શું) ? દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા તે સ્વકાળ છે. શું કહે છે ? અવસ્થા શબ્દે અહીંયા પર્યાય ન લેવી. દ્રવ્યની મૂળની અભેદ અવસ્થ. ત્રિકાળરૂપ જે કાળ છે તેનું નામ સ્વકાળ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? બાહ્યમાં તો એક સમયની પર્યાયને સ્વકાળ કહે છે અને પરની પર્યાયને પરકાળ કહે છે. અહીં તો હવે અંદરમાં ભેદ પાડે છે કે ત્રિકાળી ચીજ છે તે સ્વકાળ છે. અવસ્થા શબ્દે પર્યાય ન લેવી. અવસ્થ એમ લેવું. દ્રવ્યની મૂળરૂપ નિર્વિકલ્પ ત્રિકાળી અવસ્થ. **'તે જ અવસ્થાંતર–ભેદરૂપ...'** પર્યાયમાં લક્ષ કરવું. અવસ્થાંતર (એટલે) ત્રિકાળી દ્રવ્યથી લક્ષ છોડીને અવસ્થાનું લક્ષ કરવું એ પરકાળ છે. સમજાય છે કાંઈ ? સમજાય (એવું) છે. ભષા તો સાદી છે, બાપુ ! ભાષા કાંઈ એવી (અઘરી) નથી.

ભગવાન ! તું અંદર કેવો છે તેની વાત ચાલે છે અને સમ્યગ્દર્શનનો વિષય શું છે તે કહે છે. સમજાય છે કાંઈ ? અનુભૂતિ સમ્યગ્દર્શનનો વિષય શું છે ? કહે છે કે એકરૂપ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દ્રવ્ય છે તે સમ્યગ્દર્શનનો વિષય છે. આ દ્રવ્ય છે અને આ ભેદ છે એવો વિકલ્પ કરવો તે પરદ્રવ્ય છે. તે વ્યવહારનયનો વિષય અભૂતાર્થ છે. આહા..હા...! અને ભગવાન અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર, એકરૂપ નિર્વિકલ્પ ક્ષેત્ર છે તેને સ્વક્ષેત્ર કહે છે. એ સ્વક્ષેત્રમાં ભેદથી વિચાર કરવો કે આ પ્રદેશ છે ને આ પ્રદેશ છે એવો ભેદ કરવો તે પરક્ષેત્ર છે. પરક્ષેત્ર પણ સમ્યગ્દર્શનનો વિષય નથી.

ત્રીજી વાત. ત્રિકાળી જ્ઞાયકભાવ એક સમયમાં ધ્રુવ છે તે સ્વકાળ છે અને તે અવસ્થ વસ્તુ તેમાં અવસ્થાંતર–પર્યાયના અવસ્થાંતર ઉપર લક્ષ જાવું તે પરકાળ છે. આહા..હા...! 'ડાલચંદજી' ! આવી વાતું છે. છે ? પછી ચારમાંથી કાઢી એકરૂપ લેવું છે. સમજાય છે કાંઈ ? **'અવસ્થાંતર–ભેદરૂપ કલ્પના...'** આ સમયની પર્યાય છે એવી કલ્પના ઉઠાવવી તે પરકાળ છે. સ્વકાળ તો ત્રિકાળી વસ્તુને અહીં સ્વકાળ કહેવામાં આવે છે. આહા..હા...!

**'પરભાવ એટલે દ્રવ્યની સહજ શક્તિના...'** વસ્તુની સહજ શક્તિ બપોરે ચાલે છે ને ? એ સહજ શક્તિનો પિંડ છે તે સ્વભાવ છે. સહજ અનંત શક્તિનો પિંડ તે સ્વભાવ છે. અને **'પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદ–કલ્પના,....'** આહા..હા...! એ અનંત શક્તિમાંથી એક શક્તિનો ભેદરૂપ વિચાર કરવો તે પરભાવ છે.

પરભાવના કેટલા ભેદ ? પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પરભાવ ! દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ પરભાવ ! અહીં તો અનંત શક્તિના પિંડરૂપ વસ્તુ છે તેમાં એક શક્તિને ભિન્ન પાડીને વિચાર કરવો તે પરભાવ છે ! આહા..હા...! આવો વારસો ભગવાન મુકી ગયા છે, જુઓને ! આહા..હા...! પરભાવ. દ્રવ્યની સહજ શક્તિ જે ત્રિકાળી એકરૂપ શક્તિ છે તેમાં ભેદરૂપ અનેક અંશ દ્વારા ભેદ-કલ્પના. 'આ જ્ઞાનશક્તિ છે ને આ દર્શનશક્તિ છે' એવી ભેદ–કલ્પના કરવી તેનું નામ પરભાવ છે.

હવે (કહે છે), જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચાર છે એમાં દ્રવ્ય જે છે તે દ્રવ્ય છે, ક્ષેત્ર પણ એ, કાળ પણ એ અને ભાવ પણ એ છે. સમજાય છે કાંઈ ? જે અખંડ દ્રવ્ય છે તે જ અખંડ સ્વક્ષેત્ર છે, તે જ અખંડ ત્રિકાળ છે અને તે જ અખંડ શક્તિનો પિંડ સ્વભાવ છે. એ ચારનો ભેદ પહેલા સમજાવ્યો. સમજાય છે કાંઈ ? પણ પછી ચાર પણ એક જ વસ્તુ છે. સ્વદ્રવ્ય કહો, સ્વક્ષેત્ર કહો, સ્વકાળ કહો, સ્વભાવ કહો એ એકરૂપ ચીજ છે. આહા..હા...! તેની દૃષ્ટિ કરવી અને તેનો વિચાર કરતાં, આવ્યું હતું ને ? શુદ્ધ સ્વરૂપને વિચારતાં. તેનું ધ્યાન કરવું તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આહા..હા...! કહો, 'વેણીપ્રસાદજી' ! કોઈ દિ' સાંભળ્યું નથી. મજૂરી (કરી). બધી સંસારની મજૂરી છે ને ? આહા..હા...! આવ્યું ?

**'પર્યાયરૂપ અનેક અંશ...'** એક એક શક્તિનો ભેદરૂપ વિચાર કરવો એ પરભાવ છે. તેને પરભાવ કહેવાય છે. આહા..હા...! **'पशु नश्यति' 'એકાંતવાદી મિથ્યાદષ્ટિ જીવ**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**જીવસ્વરૂપને સાધી શકતો નથી.**’ એ ભેદને જ પોતાનો માને છે તે એકાંતી મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ ? અહીં તો તેને પશુ કહ્યો. કેમ પશુ કહ્યો ? ‘बध्यते इति पशु’ સંસ્કૃતમાં એમ આવે છે. ભાઈ ! પંડિતજી ! પેલું આવે છે ને ? સંસ્કૃતમાં આવે છે. પશુ કેમ કહ્યો ? પશુ એટલે ‘बध्यते इति पशु’ એ મિથ્યાત્વથી બંધાય છે માટે તેને પશુ કહેવામાં આવે છે. કેમ કે પશુનું–મિથ્યાત્વનું ફળ તો નિગોદ છે. આહા..હા...! મિથ્યાત્વનું ફળ તો નિગોદ છે. નિગોદ છે તે પશુ છે, તિર્યંચ છે. એકેન્દ્રિય, બે ઇન્દ્રિય એ તિર્યંચનો ભેદ છે ને ?

કહે છે કે એ ભેદનો વિચાર કરતાં ત્યાં જ માનીને રોકાઈ ગયો તો તે એકાંતી મિથ્યાદૃષ્ટિ પશુ છે. ચારનો ભેદ પણ છોડીને, પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવનું પણ લક્ષ છોડીને... સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ એક જ વસ્તુ છે. તેને દ્રવ્યથી કહો તે સ્વદ્રવ્ય છે, ક્ષેત્રથી કહો તો અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્ર, કાળથી કહો તો ત્રિકાળી, ભાવથી કહો તો અનંત શક્તિનું એકરૂપ. ‘જ્ઞાનચંદજી’ ! આહા..હા...!

અહીંયા આપણે આ ચાલે છે. આ દૃષ્ટાંત આવ્યું છે તે પહેલા સિદ્ધાંત કહ્યો તેનું આ દૃષ્ટાંત છે. સિદ્ધાંત આ કહ્યો–‘**વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.**’ આહા..હા...! સમજાય છે કાંઈ ? થોડું મુશ્કેલ પડે પણ પ્રભુ ! માર્ગ આવો છે. આહા..હા...! તેના જ્ઞાનમાં, પરલક્ષી જ્ઞાનમાં પણ આવા સત્યનો નિર્ધાર ન હોય તો તેને સ્વલક્ષી જ્ઞાન થતું નથી. સમજાય છે કાંઈ ? ‘યશપાલજી’ ! આવી વાત છે.

ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એકરૂપ અભેદ બિરાજે છે. દ્રવ્ય કહો તે એ, ક્ષેત્ર કહો તો એ, કાળ કહો તો એ, ભાવ કહો તો એ છે. આહા..હા...! તેનો આશ્રય કરવો, તેનો વિચાર કરતાં–તેનું જ્ઞાન કરતાં આત્માનો સ્વાદ આવે છે. તેનો શબ્દાર્થ આ છે. સમજાય છે કાંઈ ? ત્યારે અનુભૂતિ થાય છે. આહા..હા...! અહીં તો લોકો હજી બહારથી કોઈ ગુરુની કૃપા થઈ જાય, ગુરુથી મળી જાય ને શાસ્ત્રથી મળી જાય (એમાં પડ્યા છે). જાણે વર્ષીતપ કર્યા તો... વર્ષીતપ કર્યા હતા. વર્ષીતપ સમજો છો ? એક દિવસ જમવાનું ને એક દિવસ અપવાસ કરે તેને વર્ષીતપ કહેવાય છે. શ્વેતાંબરમાં ચાલે છે. ‘ઋષભદેવ’ ભગવાનને બાર મહિના આહાર નહોતો મળ્યો ને ? તેનું આ લોકો અનુકરણ કરે છે. બાર મહિના–વર્ષીતપ એટલે ? એક દિવસ જમવાનું, બીજે દિવસે અપવાસ, ત્રીજે દિવસે જમવાનું, એમ બારે માસ (કરવાનું). આહા..! એ તો કદાચિત્ રાગની મંદતા હો તો પુણ્યબંધનું કારણ છે અને તેને ધર્મ માને તો મિથ્યાત્વ છે. આહા..હા...!

અહીં તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચાર જે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તેના ઉપર દૃષ્ટિ રાખે તો પણ તે મિથ્યાત્વ ભાવ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ ? ભગવાન પરદ્રવ્ય તો ક્યાંય રહી ગયા. દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય તો ક્યાંય રહી ગયા. છે કે નહિ ભાઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'શિવલાલભાઈ' 'બોટાદ'વાળા નથી ? (સંવત) ૨૦૧૦ ની સાલમાં એના પિતાજીએ પ્રશ્ન કર્યો હતો. ૨૨ વર્ષ થયા. પ્રશ્ન કર્યો કે મહારાજ ! આ દેવ, ગુરુ ને શાસ્ત્ર પર ? એ તો શુદ્ધ છે. એ શુદ્ધ પર છે ? 'અગાસ' માં બહુ જાતા હતા. એને એમ (થયું કે) દેવ-ગુરુ-શાસ્ત્ર, સર્વજ્ઞદેવ પરમેશ્વર, ગુરુ નિર્ગ્રંથ વીતરાગી સંતો, સર્વજ્ઞ ભગવાનના કહેલા શાસ્ત્ર પર ? ભાઈ ! એ તો લાખ વાર, અનંત વાર પર છે. સમજાય છે કાંઈ ?

અહીં તો (કહે છે), એકરૂપ વસ્તુમાં ભેદ કલ્પના કરવી તે પરદ્રવ્ય છે. આવી વાત છે. અપૂર્વ વાત છે ને, ભગવાન ! આહા..હા...! અનંતકાળમાં પૂર્ણાનંદના નાથને દૃષ્ટિમાં લીધો જ નથી. સમજાય છે કાંઈ ? પરમાત્મ સ્વરૂપ પૂર્ણાનંદ અભેદ એકરૂપ નિર્વિકલ્પ વસ્તુ છે. આહા..હા...! દરબાર ! આ બધું ત્યાં ક્યાં હતું ? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચાર ભેદ પાડ્યા. પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ તો ભિન્ન છે જ. અનંત દ્રવ્ય તો સિદ્ધ કર્યા. અનંત દ્રવ્ય છે, એક જ દ્રવ્ય છે એમ નથી. પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છે તેની આમાં નાસ્તિ છે. તેના પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળમાં તેની અસ્તિ છે. તો અનંત દ્રવ્ય સિદ્ધ થઈ ગયા. એક જ દ્રવ્ય છે એ વાત તદ્દન જૂઠી છે. સર્વવ્યાપક એક જ આત્મા છે, વેદાંત એમ કહે છે ને ? બિલકુલ પાખંડ દૃષ્ટિ છે. અલિંગગ્રહણમાં આવ્યું છે. અલિંગગ્રહણ છે ને ? એમાં આવ્યું છે. અમેહનાકાર એવો પાઠ છે. અમેહનાકાર. પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ એક જ આત્મા તેને પાખંડીઓનું સાધન કહ્યું છે. અલિંગગ્રહણ. મેહનાકાર, અમેહનાકાર. મેહનાકાર એ ચૌદમો બોલ છે, અમેહનાકાર એ પંદરમો બોલ છે. વીસ બોલ છે ને ? અલિંગગ્રહણના વીસ બોલ છે. ત્યાં એમ કહ્યું છે. ('પ્રવચનસાર') છે અહીંયા ?

**'લિંગનું એટલે કે મેહનાકારનું (–પુરુષાદિની ઇન્દ્રિયના આકારનું) ગ્રહણ જેને નથી...'** પુરુષની અને સ્ત્રીની જે ઇન્દ્રિય છે તેનાથી તો તે ભિન્ન છે. એ તો જડની પર્યાય છે. એ લિંગથી ભગવાન ભિન્ન છે. પુરુષાકાર જે ઇન્દ્રિય છે તેનાથી ભગવાન ભિન્ન છે. એ તો જડની પર્યાય છે. આહા..હા...! મેહનાકાર–મૈથૂનની ઇન્દ્રિયથી ભગવાન ભિન્ન છે. આવી વાત છે, ભાઈ ! 'પ્રવચનસાર'–ભગવાનની દિવ્યધ્વનિનો સાર. ૧૭૨ ગાથામાં ૧૪ મો બોલ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! **'આ રીતે આત્મા શુક્ર અને આર્તવ...'** વીર્ય અને માતાનું ઋતુ એનાથી અનુસરીને થતો નથી. એ તો જડની પર્યાય છે. આત્મા એનાથી થાય ? આહા..હા...!

**'અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી તે અલિગંગગ્રહણ છે; આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો–લોકવ્યાપ્તિવાળો નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** બધા આત્મા એક જ છે, સર્વવ્યાપક છે એ પાખંડીઓએ સાધન કરીને ઊભું કર્યું છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? શાસ્ત્રમાં તો બધી વાત (આવી છે). એ ૧૫ મો બોલ છે. છે ને ? અમેહનાકાર. લોકમાં વ્યાપવાપણું–લોકવ્યાપક આત્મા પાખંડીઓને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રસિદ્ધ સાધનના આકારવાળો લોકવ્યાપ્તિવાળો નથી. લોકમાં વ્યાપ્ત થનારો આત્મા નથી. તેનું નામ અલિંગગ્રહણ કહેવામાં આવે છે. આહા..હા...! અરે...! શાસ્ત્રનો અભ્યાસ ન મળે. શું કહે છે અને શું છે (તેનો અભ્યાસ નથી). અનુભવ તો પછી થશે પણ શાસ્ત્રનો અભ્યાસ તો પહેલા કરવો જોઈએ ને ? - કે શું કહે છે ? અને શું સત્ય છે ?

શ્રોતા :– એકલા વાંચીએ તો સમજાય નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ વાંચે તો ખરા. નિશાળમાં અમારા માસ્તર હતા. એને બૈરા નહોતા. અત્યારે યાદ નથી. બૈરા નહોતા (એટલે) પોતે રાંધતા. રાંધે સમજ્યા ? (રસોઈ બનાવે). એ વખતે જે હોશિયાર છોકરાઓ એમાંથી બે-ત્રણને બોલાવે. અમે તો નિશાળમાં હોશિયારમાં ગણાતા. બે-ત્રણ જણને બોલાવે. કામ કરે, રોટલી બનાવે અને છોકરાને સમજાવે. પણ એટલું કહે કે ભાઈ ! તમે વાંચીને આવજો. અહીંયા હું જે સમજાવીશ એ વાંચીનો આવજો. સમજાય છે ? વાંચીને આવજો. કેમ કે તું વાંચીને આવશો તો તમે શું સમજ્યા અને અમે શું અર્થ કરીએ છીએ તેનો ભેદ તમને સમજાશે. તારા ખ્યાલમાં આવશે કે મેં તો આવો અર્થ કર્યો હતો અને માસ્તર તો તેનો બીજો અર્થ કરે છે. તો તને તેનો ભેદ ખ્યાલમાં આવશે. સમજાય છે કાંઈ ? વાંચન કરે પછી એની દૃષ્ટિમાં ભલે ઊંધું બેસે, પછી એને સમજાય કે હું તો આ શબ્દનો આવો અર્થ સમજતો હતો અને તમે તો બીજો અર્થ કરો છો. સમજાય છે કાંઈ ? 'નરોતમ માસ્તર' હતા, બ્રાહ્મણ હતા. આ તો ૭૫ વર્ષ પહેલાની વાત છે. 'નરોતમ' માસ્તર હતા તે અમને બોલાવતા. કણબીવાડ છે તેમાં મેડીમાં રહેતા હતા. મેડી સમજ્યા ? ઉપલા માળે રહેતા હતા. ત્યાં રાંધતા હતા. અમે બે-ત્રણ છોકરાઓ જઈએ. એ પૂછે, તમે વાંચીને આવ્યા ? હા. બોલો ! એમાં શું સમજ્યા ? પછી અમે કહીએ તો એ કહે, અરે...! એનો એવો અર્થ નથી. આ તો ૭૫ વર્ષ પહેલાની વાત છે.

એમ અહીંયા કહે છે કે તમે પહેલા શાસ્ત્ર વાંચો. તમારી દૃષ્ટિથી તેનો અર્થ શું લાગે છે પછી ગુરુગમે એનો અર્થ સમજાય છે. સમજાય છે કાંઈ ? પણ શાસ્ત્ર વાંચે જ નહિ તેને ઊલટી દૃષ્ટિ શું છે અને સુલટી દૃષ્ટિ શું છે તેની કાંઈ ખબર જ નહિ પડે.

અહીંયા કહે છે, આપણે અહીં આવ્યું ને ? **'વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.'** સિદ્ધાંત તો આ સિદ્ધ કરવો છે. પછી દૃષ્ટાંત આપ્યો કે પાણી અગ્નિથી ઉષ્ણ થાય છે અને પાણીનો સ્વભાવ ઠંડો છે. તેનું જ્ઞાન કોને થાય છે ? - કે નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનીને. જેને નિજ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ અભેદનું જ્ઞાન થયું હોય તેને આ પાણી ઠંડું છે અને અગ્નિપણાથી ઊનું છે એવું તેને વ્યવહારું જ્ઞાન સાચું હોય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

જેને અભેદ ચૈતન્ય સ્વરૂપ ભગવાનઆત્માનું જ્ઞાન થયું હોય... એ કહ્યું ને ? નિજસ્વરૂપગ્રાહી જ્ઞાન... તેને જ પાણી ઠંડું અને ઉષ્ણતા અગ્નિની છે એવો ભેદ (જણાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે). જેને નિજ સ્વરૂપનું જ્ઞાન હોય તેને વ્યવહારનું જ્ઞાન સાચું હોય છે. હવે આપણે અહીંયા શાકનું દૃષ્ટાંત આવ્યું છે. તમારામાં તરકારી કહે છે ? **'एव लवणस्वादभेदव्युदासः ज्ञानात् उल्लसति'** છે ? ચોથી લીટી છે. કાલે ત્યાં સુધી ચાલ્યું હતું. શું કહે છે ? **'एव लवणस्वादभेदव्युदासः ज्ञानात् उल्लसति' 'જેમ ખારો રસ,...'** શાકમાં મીઠુ ખારુ હોય છે ને ? **'જેમ ખારો રસ, તેના વ્યંજનથી ભિન્નપણા વડે...'** વ્યંજન એટલે શાક. વ્યંજન સમજ્યા ? દૂધીનું, તૂરિયાનું, ઘીસોડાનું શાક. એને વ્યંજન કહેવાય છે. તેમાં ખારાપણું છે તે મીઠાનું–લવણનું છે. વ્યંજનમાં **'ભિન્નપણા વડે 'ખારો લવણનો સ્વભાવ' એવું જાણપણું...'** આ ખારાશ એ લવણનું સ્વરૂપ છે, શાકનું સ્વરૂપ ખારું નથી. દૂધી, ઘીસોડા, ભીંડો. એ ભીંડાનું શાક... ભીંડો કહે છે ને ? ભીંડો આવે છે ને ? ભીંડી. એ શાકનો સ્વાદ ભિન્ન છે અને લવણનો સ્વાદ ભિન્ન છે. એ બન્નેનો સ્વાદ ભિન્ન છે. શાક ખારું નથી, લવણ ખારું છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

કાલે 'શ્રીમદ્' નું કહ્યું હતું ને ? 'શ્રીમદ્ રાજચંદ્ર'. અહીંયા 'રાણપુર' છે. 'પ્રેમચંદભાઈ' આવતા હતા ને ? 'નારણભાઈ' અને 'પ્રેમચંદભાઈ' બન્ને ગુજરી ગયા. 'રાણપુર' પાસે નાનું ગામ છે, નામ ભુલી ગયા. નાનું ગામ છે. ત્યાં બેધા ભેગા થયેલા. 'હડમતાળા'. 'હડમતાળા' નામનું એક ગામ છે. ત્યાં બધા મુમુક્ષુઓ ભેગા થયેલા, 'શ્રીમદ્' પણ આવેલા. ઘણા વર્ષ પહેલાની વાત છે. ૫૭ વર્ષ થયા તો ગુજરી ગયા છે. સંવત ૧૯૫૭ પહેલાની વાત છે.

(જમવામાં) શાક જ્યાં વાટકામાં આવ્યું... વાટકો સમજો છો ? કટોરો. કટોરામાં શાક આવ્યું (તો શાક જોઈને કહ્યું), ભાઈ ! આમાં મીઠુ વધારે છે. જોઈને કહ્યું, ખાઈને નહિ. કેમ ? - કે દૂધીના શાકના ટુકડા પાણીમાં બફાય અને પછી મીઠુ વધારે પડી જાય તો તેને રસા તુટી જાય. રેસા તુટેલા જોઈને કહ્યું કે એમાં મીઠુ વધારે છે. સમજાય છે કાંઈ ? ગૃદ્ધિ માણસ હોય એને કંઈ ખ્યાલ ન આવે કે ખારાપણું શું એનો ખ્યાલ ન આવે. ખ્યાલ આવ્યો કે જુઓ ભાઈ ! આમાં મીઠુ વધારે છે. જ્યાં ચાખ્યું ત્યાં.. અરે..! તમે ચાખ્યા વિના કઈ રીતે કહ્યું ? પણ જુઓને ! દૂધીના ટુકડા પાણીમાં બફાય ત્યાં રેસા ન તુટે. રેસા સમજ્યા ? અંદર રગ (હોય તે). મીઠુ વધારે પડી જાય તો રેસા તુટી જાય. આમ ટુકડા ટુકડા જેવું લાગે. મીઠુ વધારે પડ્યું છે.

એ ખારાપણું અને શાકનો સ્વાદ ભિન્ન છે એમ કોને ખબર પડે ? આવ્યું ? **'નિજ સ્વરૂપના જાણપણા દ્વારા...'** આહા..! પહેલા 'નિજસ્વરૂપગ્રાહી' કહ્યું હતું. અહીંયા આ લીધું. વાત તો એક જ કરવી છે. **'નિજ સ્વરૂપના જાણપણા દ્વારા પ્રગટ થાય છે.'** આહા..હા...! આ ખારાપણું છે તે લવણનું છે. શાક ખારું નથી. સમજાય છે કાંઈ ? એમ ચુરમું છે ને ? ચુરમામાં જે ગળપણ છે તે તો ગોળનું છે અને લોટ છે તે ગળ્યો નથી. લોટનું (ગળપણ)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી. ગળપણ છે એ તો ગોળનું છે. એવું ભિન્નપણાના સ્વાદનું જ્ઞાન યથાર્થ નિજસ્વરૂપી જ્ઞાન હોય તેને યથાર્થ હોય છે. આહા..હા...! વાત તો ઊંચી છે પણ વાત તો સત્ય છે. સમજાય છે કાંઈ ?

**'નિજ સ્વરૂપના...'** **'ज्ञानात्'** છે ને ? **'ज्ञानात्'**. જ્ઞાન કોને કહીએ ? - કે નિજ સ્વરૂપના જ્ઞાનને જ્ઞાન કહીએ. શાસ્ત્રજ્ઞાન અને પરનું જ્ઞાન એ જ્ઞાન નહિ, એ બધું તો અજ્ઞાન છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? જ્ઞાનસ્વરૂપ ભગવાનનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન. જે સ્વરૂપ ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી છે તેનું જ્ઞાન. સ્વઆશ્રય કરીને સ્વસન્મુખ થઈને પોતાની જ્ઞાનની પરિણતિ જ્ઞાનગુણમાંથી આવી તેને અહીંયા **'ज्ञानात्'** કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? પર્યાયમાં તેના જ્ઞાનનો ભેદ થયો તેનું નામ જ્ઞાન કહે છે. વસ્તુ તો વસ્તુ છે. ચિદાનંદ સ્વરૂપ ભગવાનઆત્મા તો વસ્તુ છે, જ્ઞાનનો પિંડ છે, ધ્રુવ છે. તેનો આશ્રય કરવાથી પરનું લક્ષ અને પરનો આશ્રય છોડીને ત્રિકાળી ભગવાન જ્ઞાનસ્વરૂપનો આશ્રય કરવાથી અથવા તેની સન્મુખ થવાથી (તેનું યથાર્થ જ્ઞાન થાય છે). નિમિત્ત, રાગ, પર્યાય, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભેદ એ બધાનું લક્ષ છોડી... આહા..હા...! પોતાની અખંડ ચીજ ઉપર દૃષ્ટિ કરવાથી જે જ્ઞાન થાય છે તેને અહીંયા **'ज्ञानात्'** કહે છે. સમજાય છે કાંઈ ? પ્રભુ ! માર્ગ બહુ જુદો છે. લોકોને બહારનું મળ્યું એમાં આખી જિંદગી ચાલી જાય છે.

અરે...! મનુષ્યપણાનો એક એક સમય 'શ્રીમદ્' કહે છે... આહા..હા...! સ્ફટિક મણિ... શું કીધું ઇ ? કૌસ્તુભ મણિ, કૌસ્તુભ મણિ હોય છે ને ? બહુ ઊંચી ચીજ હોય છે. 'શ્રીકૃષ્ણ'નો જ્યારે જંગલમાં દેહ છૂટી ગયો ને ? શું નામ કીધું ? વનનું નામ ભૂલી જઈએ છીએ. કૌશાંબી વન. કૌશાંબી વનમાં 'શ્રીકૃષ્ણ' ને બહુ તરસ લાગી હતી. કેમ કે દ્વારકા સળગી. સોનાના ગઢ ને રત્નના કાંગરાની બનેલી. દેવ સહાય કરતા હતા એ બધા ચાલ્યા ગયા. દ્વારકા સળગી, સોનાના ગઢ સળગે. લાકડા બળે એમ સોનાના ગઢ સળગે. આહા..હા...! 'બળભદ્ર' મોટા ભાઈ અને 'શ્રીકૃષ્ણ' નાના. ભાઈ ! આપણે ક્યાં જાશું ? માતા-પિતાને તો કાઢી (શક્યા નહિ). બાર યોજન લાંબી, નવ યોજન પહોળી દ્વારકા સળગે છે. માતા-પિતા અંદર છે. બન્નેએ માતા-પિતાને રથમાં બેસાડ્યા અને બે ભાઈઓએ રથને જોતર્યો. બહાર જ્યાં નીકળે છે ત્યાં ગઢના દરવાજા પડ્યા. દેવનો હુકમ થયો, નીકળી જાઓ, છોડી દો. તમારા માતા-પિતા નહિ બચે. છોડી દો. આહા..હા...! પછી બહાર નીકળ્યા. માતા-પિતા મરી ગયા.

અરે...! 'કૃષ્ણ' 'બળદેવ' ને કહે છે, ભાઈ ! આપણે હવે ક્યાં જશું ? સ્થાન બળી ગયા, કુટુંબ બળી ગયું. લાખો માણસો, કુંવરો, કુંવરોની સ્ત્રીઓ બધા બળી ગયા, મકાન બળી ગયા. જાવું ક્યાં ? 'બળદેવ' કહે છે, ભાઈ ! આપણે પાંડવ પાસે જઈએ. ભાઈ ! પાંડવોને તો આપણે દેશનિકાલ કર્યો છે. 'શ્રીકૃષ્ણ' કહે છે, પાંડવોને તો આપણે દેશનિકાલ કર્યો છે ને. ભાઈ ! પાંડવો ખાનદાન છે, આપણને મદદ કરશે. ભલે આપણે કાઢી મુક્યા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, ચાલો ! આહા..હા...! ચાલતા ચાલતા કૌશાંબી વન આવ્યું. એવી તૃષા લાગી, તૃષા લાગી.. 'તરસે તરફડે ત્રિકમો,' એક સજ્ઝાય આવે છે. પહેલા સજ્ઝાય બહુ કરી હતી ને. 'તરસે તરફડે ત્રિકમો,' ત્રણે ત. 'તરસે તરફડે ત્રિકમો' ત્રણ ખંડનો વાસુદેવ તરસે તરફડે. ભાઈ ! મને તૃષા લાગી. હું એક ડગલું ચાલી નહિ શકું. આહા..હા...! 'બળદેવ' કહે છે, ભાઈ ! આહા..હા...! ભાઈ ! તમેં અહીં બેસો, હું પાણી લઈ આવું. પાણી કે પાણીનો લોટો કાંઈ સાથે નહોતું. ઝાડના પાંદડા હતા તેનો લોટો બનાવ્યો. 'બળદેવ' બુદ્ધિવાળા હોય છે. લોટા જેવું બનાવ્યું અને પાણી લેવા ગયા.

ત્યાં પાછળથી 'જરતકુમાર' (આવ્યા). એને ખબર નહિ કે આ 'કૃષ્ણ' છે. 'કૃષ્ણ' તો મહા પુણ્યવંત પ્રાણી હતા. વાસુદેવ હતા ને ? તો એમના પગમાં પદમણિ હતી. પદ્મ.. પદ્મ.. આમ પગ ઊંચો રાખીને સૂતા હતા. 'જરતકુમાર' ને લાગ્યું કે આ હરણ છે. પગ ઉપર પગ કરીને સૂતા હતા. પગમાં પદ્મ હતું એમાં આંખ જેવું લાગતું હતું. 'જરતકુમાર' ને એને જોઈને હરણ જેવું લાગ્યું. બાણ માર્યું. બાણ મારીને જ્યાં નજીક આવે છે ત્યાં 'કૃષ્ણે' પોકાર કર્યો કે નિરપરાધીને મારનારો કોણ છે ? દેહ છૂટતા પહેલા આટલો અવાજ આવ્યો. આહા..હા...! ત્યાં 'જરતકુમાર' આવ્યા. અરે..રે...! પ્રભુ ! તમે અહીંયા ? હું બાર બાર વર્ષથી તમારા કારણે (જંગલમાં રહ્યો). ભગવાને કહ્યું હતું માટે હું બાર વર્ષથી જંગલમાં રહું છું અને પ્રભુ ! તમે અહીંયા ક્યાં આવ્યા ? આંસુની ધારા ચાલી જાય છે. હજી જીવતા છે, મરવાની–દેહ છૂટવાની તૈયારી છે.

'જરતકુમાર' ને કહે છે, ભાઈ ! તું અહીંથી ચાલ્યો જા. પાંડવો પાસે જા. મારે તો પેલું કૌસ્તુભ મણિનું કહેવું છે. 'કૃષ્ણ' પાસે કૌસ્તુભ મણિ હતું. એ વાસુદેવને હોય, બીજા પાસે ન હોય. અબજો રૂપિયાની કિંમત હોય. કૌસ્તુભ મણિ હોય છે. એ 'જરતકુમાર' ને આપ્યું અને કહ્યું, જા ભાઈ ! પાંડવોને બતાવજે કે આ વાસુદેવનું કૌસ્તુભ મણિ છે તો તારી રક્ષા કરશે. એમને ઓળખાણ થશે. આહા..હા...!

એમ અહીંયા મનુષ્યદેહનો કૌસ્તુભ મણિ જેવો એક એક સમય છે. આહા..હા...! આત્માનો ધર્મ કરવા માટે કૌસ્તુભ મણિ છે. પાંડવ પાસે એ કૌસ્તુભ મણિ લઈને જવાનું છે. એમ આ મનુષ્યપણામાં પોતાનો આનંદકંદ પ્રભુ પાસે જવું હોય તો આ કૌસ્તુભ મણિ કહેવામાં આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીંયા કહે છે, '**નિજ સ્વરૂપના જાણપણા દ્વારા પ્રગટ થાય છે.**' શું પ્રગટ થાય છે ? શાક અને ખારાપણું–બેની ભિન્નતા, જેને આત્માનું જ્ઞાન થયું છે તેને એ બેની ભિન્નતાનો ભાસ થાય છે. જેને રાગની એકતાબુદ્ધિ–મિથ્યાત્વ છે તેને તો લવણ ખારું છે અને શાક ભિન્ન છે એવો ભેદ યથાર્થ ભાસી શકતો નથી. આહા..હા..! જુઓ ! પરમાત્માના પંથ તો જુઓ ! આહા..હા...! છે ? 'રાજમલજી' એ ટીકા કરી, '**ज्ञानात्**' નો અર્થ કર્યો. ગૃહસ્થ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હતા. કમાલ કરી છે ! આહા..હા...!

શ્રોતા :- અત્યારે તો આપ ખોલી રહ્યા છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એમાં છે ને, ભગવાન ! આહા..હા...!

નિજ સ્વરૂપનું જાણપણું. આ નિજ સ્વરૂપ શબ્દ (એટલે) અભેદ ત્રિકાળી. આ ચાર ભેદ પણ કાઢી નાખ્યા. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના ભેદ નહિ. અભેદ નિજ સ્વરૂપ ભવગાનઆત્માનું જેને જ્ઞાન છે તે નિજ સ્વરૂપના જાણપણાવાળાને.... શું કીધું ? શાકને શું કહે છે ? તરકારી. તરકારી અને ખારાપણાની ભિન્નતાનું એને ભાન થાય છે. ગૃદ્ધિ છે તેને ભાન થતું નથી. સમજાય છે કાંઈ ? આ શાકની ખીચડી કરે છે ને ? ખીચડીમાં મીઠુ નાખે છે. બીજા દેશમાં તો ચોખામાં પણ મીઠુ નાખે છે. ચોખા સમજ્યા ? ચાવલમાં પણ મીઠુ નાખે. આપણે ત્યાં ખીચડીમાં નાખે છે, ત્યાં ચોખામાં પણ મીઠુ નાખે છે. સાંભળ્યું છે, આપણે ક્યાં (જોયું છે) ? મુસલમાન પણ ચોખામાં મીઠું નાખે. આહા..હા...!

એક વખત એવું બન્યું કે થાળીમાં ખીચડી આવી. આમ જોયું તો બહુ ખારી લાગી. અને સત્તાપ્રિય મહેમાન આવ્યા હતા. દીકરીના સસરા આવેલા. 'સત્તાપ્રિય' સમજ્યા ? શેઠિયાએ ખીચડીમાં જ્યાં ખારાપણું જોયું ત્યાં.. અરે..રે...! અત્યારે આ શેઠને બહુ ખરાબ લાગશે. એટલે પૂછ્યું, કોણે આમાં મીઠુ નાખ્યું છે ? તો બે-ચાર બાઈ કહે, અત્યારે બોલશો નહિ. ખ્યાલ આવી ગયો કે મેં એકવાર મીઠુ નાખ્યું હતું પછી બીજી બાઈએ પાછુ મીઠુ નાખ્યું. બેનો ખીચડી રાંધતા હોય એમાં એકવાર તો નાખ્યું હોય, બીજી બાઈ આવી એને લાગ્યું કે નહિ નાખ્યું હોય એમ કરીને નાખ્યું. એટલે બાયું તો બિચારી કહે, બોલશો નહિ. આહા..હા...!

અહીં કહે છે, જે ખારાપણું છે તે ખીચડીનું નથી, એ તો લવણનું છે. એ લવણના અને ખીચડીના ભેદનું જ્ઞાન નિજ સ્વરૂપનું જ્ઞાન થાય છે તેને પરપ્રકાશક જ્ઞાન યથાર્થ હોય છે, એમ કહે છે. 'બલુભાઈ' ! આ બધું તમારી દવામાં આવતું નથી. થોથે થોથા. આહા..હા...! છે ?

**'ભાવાર્થ આમ છે કે જેમ લવણના વ્યંજનનો સંભાર કરવામાં આવે છે...'** સંભાર કરે છે ને મીઠુ નાખી ને ? **'ત્યાં 'ખારું વ્યંજન' એમ કહેવાય છે,...'** બોલવામાં એમ આવે છે કે શાક ખારું, ખીચડી ખારી, રોટલી ખારી. રોટલામાં પણ મીઠુ નાખે છે. બાજરાના રોટલા બનાવે ને ? એમાં મીઠુ નાખે. તો એ મીઠુ ખારું છે એ ભિન્ન ચીજ છે અને બાજરાનો લોટ છે એ ભિન્ન ચીજ છે. આહા..હા...!

કહે છે કે **'લવણના સંયોગથી વ્યંજન...'** વ્યંજન એટલે શાક. સંભાર કરે છે ને ? શાકમાં તેલ નાખીને સંભાર કરે છે. શું કહ્યું ? અમારે કાઠિયાવાડમાં સંભાર કહે છે. એ સંભાર શબ્દ લીધો છે, હિન્દીમાં લીધો છે. **'ત્યાં 'ખારું વ્યંજન' એમ કહેવાય છે, જણાણ પણ છે;...'** આહા..હા...! **'સ્વરૂપ વિચારતાં ખારું લવણ છે, વ્યંજન જેવું છે તેવું છે.'** શાક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ખારું થયું જ નથી. એમ ભગવાનઆત્મા પુણ્ય-પાપના ભાવને ભેદભાવ રૂપે આત્મા થયો જ નથી. સમજાય છે કાંઈ ? જેમ એ શાક ખારું થયું નથી, એમ ભગવાનઆત્મા દયા, દાન, વ્રતાદિના વિકલ્પ અથવા ભેદ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભેદરૂપ અભેદ આત્મા થયો જ નથી. અજ્ઞાનીને ભેદ અને રાગરૂપ ભાસે છે એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહા..હા..! ધર્મીને તો આત્મા અભેદ ભાસે છે. આહા..હા...!

**'વિચારતાં...'** કહ્યું ને ? જ્ઞાન કરતા, દ્રવ્યનું જ્ઞાન કરતાં, વસ્તુનું જ્ઞાન કરતા, અખંડાનંદ પ્રભુનું જ્ઞાન કરતા... આહા..હા...! આનંદનો સ્વાદ (આવે છે). અનાદિથી રાગનો સ્વાદ હતો એ છૂટીને આનંદનો સ્વાદ આવે છે. તેનું નામ અનુભૂતિ અને તેનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ કોઈ ગુરુની કૃપા કે ભગવાનની કૃપાથી મળી જાય એવી એ ચીજ નથી.

શ્રોતા :– ગુરુની કૃપાથી શું મળે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એની કૃપા હોય નહિ, એ તો અંદર પ્રગટ્યું હોય ત્યારે કૃપા કહેવામાં આવે છે. આહા..હા...! એ ૬૦ શ્લોક થયો. ૬૦ માં બહુ સરસ વાત કરી ! નિજ સ્વરૂપગ્રાહી. આવો અર્થ તો.. આહા..હા...! 'રાજમલે' કર્યો. જેને નિજ સ્વરૂપનું જ્ઞાન નથી તેનું શાસ્ત્રનું જ્ઞાન પણ યથાર્થ નથી. સમજાય છે કાંઈ ? એ શાસ્ત્રનો અર્થ પણ ઊલટો કરશે. વ્યવહારથી નિશ્ચય થાય છે, નિમિત્તથી ઉપાદાનમાં થાય છે (એવા અર્થ કરશે). શું થાય ?

શ્રોતા :– બહુ પ્રયોજનભૂત વાત આવી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અમારા શેઠ ખુશ થયા, લ્યો ! સાચી વાત છે, ભાઈ ! પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પરમાં નાખી દીધા. આહા..હા...! નિજ સ્વરૂપનો અર્થ અભેદ. આહા..હા...! અભેદનું જ્ઞાન થવાથી પરનું યથાર્થ જ્ઞાન તેને થાય છે, બાકી પરનું યથાર્થ જ્ઞાન પણ હોતું નથી. શાસ્ત્રના અર્થ પણ એ તો ઊલટા કરશે. અજ્ઞાનીને સ્વરૂપનું જ્ઞાન નથી તો શાસ્ત્રના અર્થ પણ ઊલટા કરશે. વ્યવહારથી થાય છે, નિમિત્તથી થાય છે, ક્રમબદ્ધ નથી (એવા અર્થ કરશે). આહા..હા...! સમજાય છે કાંઈ ? એ નિજ સ્વરૂપના જ્ઞાનના અભાવમાં વિપરીતતા છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** નવતત્ત્વરૂપ પરિણમનને દેખે છે તે દેખવું છોડી દે અને વસ્તુને દેખ ! આ તારે કરવાનું છે. નવતત્ત્વરૂપ પરિણમનને દેખે છો ઇ તને રોગ છે. ૨૦૭.**

**– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી ઇષ્ટોપદેશ, ગાથા–૨૧/૨૨, પ્રવચન નં. ૨૦
### તા. ૦૬-૦૪-૧૯૬૬
### [૨૨]

'ઇષ્ટોપદેશ' હિતકારી ઉપદેશ. મુનિ દિગંબર 'પૂજ્યપાદસ્વામી' છે એમણે કહ્યું છે. પહેલા એમ થયો એનો અર્થ કે આ આત્મા પહેલો શાસ્ત્રથી જાણવો જોઈએ કે એ લોકાલોકને જાણનારો એ આત્મા છે. લોકાલોક અસ્તિ છે ને ? વસ્તુ. વસ્તુ છે એમ જાણનાર વિના એ વસ્તુ છે એમ કોણે કહી ? સમજાણું ? આ લોક અને આ અલોક છે એને જાણનારું જ્ઞાન છે. જ્ઞાન સ્વભાવ આત્મા છે એ લોકાલોકનો જાણનાર છે, એમ એણે પહેલું નક્કી કરવું જોઈએ. ઇ શરીર પ્રમાણે છે, પોતાના શરીર પ્રમાણે છે, ઇ આમ બધે વ્યાપક નથી. એમ નિત્ય છે, કાયમ એની એ ચીજ નિત્ય રહે છે. અને અનંત આનંદમય છે, સુખવાળું તત્ત્વ છે. અને સ્વસંવેદન સ્વરૂપ છે, એ પોતે પોતાથી જાણી શકાય એવો જ એ આત્મા છે. એ આત્માનો સ્વભાવ જ એવો છે કે ઇ સ્વસંવેદન, આત્મા આનંદમય અને જ્ઞાનમય પોતાથી પોતે વેદીને જાણી શકાય એવું એનું તત્ત્વ છે. કોઈ નિમિત્તથી કે રાગની મંદતાના ભાવથી એ જણાય એવો સ્વભાવ એનો નથી. સમજાણું કાંઈ ? ઉપદેશકના ઉપદેશથી જણાય એવો એ આત્મા નથી.

શ્રોતા :– બધાનું ખંડન થઈ જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બધાનું ખંડન છે પણ આ તો પાછું પોતાના અજ્ઞાનના ખંડનની છેલ્લી વાત છે. એમ કે બીજા ઘણાને આપણે સમજાવીએ તો આપણને કાંઈક લાભ થાય, એવું સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ ? બીજાને સમજાવવાનો વિકલ્પ છે એ તો પુણ્યબંધનું કારણ છે, આત્માને લાભનું કારણ નથી. કેમકે પોતે એનાથી જણાય એવો નથી. સમજાણું કાંઈ ?

શ્રોતા :– ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– બિલકુલ નહિ. એને લઈને બિલકુલ છે નહિ. શું કહેવું છે તમારે ? પોતાનું જ્ઞાન ને આનંદ પોતે સ્વતઃ સ્વરૂપ છે. એટલે સ્વતઃ સ્વભાવી સ્વતઃથી જ વેદીને અનુભવી શકાય છે. બિલકુલ કોઈની અપેક્ષા છે નહિ. એવો એ આત્મા છે. સમજાણું કાંઈ ?

**'યહાંપર કિસીકી યહ શંકા હૈ કિ પ્રમાણસિદ્ધ વસ્તુકા હી ગુણ-ગાન કરના ઉચિત**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**હૈ.**' દેખો ! શિષ્યનો પ્રશ્ન છે કે જે વસ્તુ પ્રમાણથી સાબિત હોય, પ્રમાણથી સિદ્ધ થયેલી હોય, પ્રમાણથી એ વસ્તુની સાબિતી જ્ઞાનમાં આવી હોય એના ગુણ-ગાન કરવા જોઈએ. જે ચીજ પ્રમાણથી ખ્યાલમાં નથી આવી એના ગુણ-ગાન શું ? સમજાણું કાંઈ ? '**પ્રમાણસિદ્ધ વસ્તુકા...**' પ્રમાણથી, જ્ઞાનથી આમ સિદ્ધ સાબિત સત્તા (થઈ હોય), આ છે એમ જો સાબિત થયું હોય તો '**ગુણ-ગાન કરના ઉચિત હૈ.**'

'**પરન્તુ આત્મામેં પ્રમાણસિદ્ધતા હી નહીં હૈ...**' શિષ્યનો પ્રશ્ન છે. આત્મામાં પ્રમાણની સિદ્ધતા જ નથી. પ્રમાણથી એ આત્મા શી રીતે સિદ્ધ થાય ? '**વહ કિસી પ્રમાણસે સિદ્ધ નહીં હૈ.**' કોઈ પ્રમાણથી આત્માનું ભાન થઈ શકે એવો એ છે નહિ એમ અમને લાગે છે. એ તો અરૂપી જ્ઞાનઘન (છે). ઇ શી રીતે પોતાને કોઈ પ્રમાણમાં આવે ? એમ શિષ્યની શંકા છે.

'**તબ ઊપર કહે હુએ વિશેષણોંસે કિસકા...**' શિષ્ય પ્રશ્ન કરે છે તમે ઊપર કહ્યું કે આવો લોકાલોકનો જાણનાર, અનંત સુખ સ્વરૂપ, શરીર પ્રમાણે, નિત્ય અને આવો આવો (આત્મા છે), એવા વખાણ (કર્યા) પણ કોના ? પ્રમાણમાં આવ્યા વિના કોના વખાણ ? '**કિસકા વિશેષણોંસે કિસકા ઔર કૈસા ગુણવાદ ?**' એ વિશેષણ જે કહ્યા એ કોના ? અને કોના વિશેષણ ? પ્રમાણમાં આવ્યા વિના કોના ? સમજાણું કાંઈ ? અને કોના ગુણવાદ ? '**એસી શંકા હોનેપર આચાર્ય કહતે હૈં કિ વહ આત્મા 'સ્વસંવેદન-સુવ્યક્ત હૈ,...**'' જુઓ ! પહેલો શબ્દ આવ્યો. એ શ્લોકમાં જે હતો ને મૂળ ? '**સ્વસંવેદન-સુવ્યક્ત હૈ,...**' એ આત્મા પોતાથી વેદી શકાય, જાણી શકાય એવો જ એનો સ્વભાવ છે. સુવ્યક્ત એવો જ પ્રગટ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ ?

'**સ્વસંવેદન નામક પ્રમાણકે દ્વારા....**' પ્રમાણ આ છે, આ પ્રમાણ છે. પોતાના આત્માને જાણવાનું સ્વસંવેદન પોતે આ આત્મા છે એમ જ્ઞાન દ્વારા જ્ઞેય કરીને જ્ઞાતા આત્મા અને જ્ઞેય પોતે એમ અંદર જાણીને પ્રમાણથી સિદ્ધ થવા લાયક તો એ રીતે છે. સમજાણું કાંઈ ? '**સ્વસંવેદન નામક પ્રમાણકે દ્વારા અચ્છી તરહ પ્રગટ હૈ, અચ્છી તરહ પ્રગટ હૈ.**' બરાબર પ્રગટ (છે). આત્મા ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યજ્યોત (છે). ચૌદ બ્રહ્માંડમાં પોતાનું ભિન્ન તત્ત્વ, લોકાલોકને જાણવાવાળા સ્વભાવવાળું તત્ત્વ પોતાના જ્ઞાનથી જણાય એવો એ પ્રગટ આત્મા છે. કહો સમજાણું આમાં ?

એનો આધાર આપે છે. '**વેદ્યત્વં વેદકત્વં ચ**' '**જો યોગીકો ખુદકા વેદ્યત્વ વ ખુદકે દ્વારા વેદકત્વ હોતા હૈ, બસ, વહી સ્વસંવેદન કહલાતા હૈ.**' શું કહે છે ? જે ધર્મી જીવને... યોગી એટલે આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ લોકાલોકનો જાણનાર, અનંત સુખ સ્વરૂપ, શરીરપ્રમાણ, નિત્ય (છે) એવો આત્મા એના અંતરમાં એકાગ્ર થનાર ! યોગી એટલે એમાં જોડાણ કરનાર. પુણ્ય ને પાપના રાગ અને સંયોગોનું લક્ષનું જોડાણ છોડી દઈ અને સ્વરૂપ શુદ્ધ ચૈતન્યધામ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનાકૂળ આનંદકંદ સ્વરૂપ (છે) એમાં જેણે જોડાણ–અંતર યોગ જોડ્યો છે એવા ધર્મીને **'ખુદકા વેદકત્વ...'** ખુદ પોતે જ જ્ઞેય છે અને **'ખુદકે દ્વારા વેદકત્વ...'** પોતા દ્વારા જ્ઞાતા પણ પોતે ને જ્ઞેય પણ પોતે. વેદકત્વ એટલે જ્ઞેય અને ખુદકે દ્વારા વેદકત્વ એટલે જ્ઞાતા. ઇ જાણનારો પણ પોતે ને જ્ઞેય જણાવા યોગ્ય પણ પોતે. ઝીણી વાત છે આ.

***પોતે પોતાથી જ જણાવવા યોગ્ય છે. ઇ જ્ઞેય પણ પોતે ને જ્ઞાતા પણ પોતે. જાણનાર જ્ઞાતા અને જ્ઞેય પોતે. પોતે ને પોતે જ્ઞેય ને પોતે પોતે જ્ઞાતા. આહા..હા...! સમજાણું કાંઈ ? રાગ જ્ઞેય અને આત્મા જ્ઞાતા એમ પણ નહિ અને રાગ જણાવનાર અને આત્મા જાણે, જ્ઞેય એ જણાવનાર જ્ઞાતા ને આ જ્ઞેય થાય એમ પણ નહિ.*** શું કીધું ? જરી સમજાણું કાંઈ ? ભગવાનઆત્મા..! આમ રાગ ભાગ છે ઇ આત્માને જણાવવામાં મદદ કરે એમ નહિ. તેમ રાગ એને જાણી શકે કે રાગનું આત્મા જ જ્ઞેય કરે તો આત્મા જણાય એમ નથી.

શ્રોતા :– તો રાગ ગયો ક્યાં ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ***રાગ આત્મામાં છે જ નહિ. જ્ઞેય-જ્ઞાયકમાં રાગ છે જ નહિ. સમજાણું કાંઈ ? આહા..! જણાવા યોગ્ય પણ આત્મા અને જાણનારો પણ આત્મા. અહીં તો જણાવા યોગ્ય રાગાદિ જ્ઞેય એમ પણ નહિ, ભાઈ!*** એમ એટલું સિદ્ધ કરવું છે. રાગાદિ જણાવા યોગ્ય એમ પણ નહિ, શરીર આદિ જણાવા (યોગ્ય) એ નહિ, એ વસ્તુ નહિ.

ભગવાનઆત્મા પોતે એનું સ્વરૂપ જ એટલું છે કે પોતે જ પોતાનો જ્ઞાતા થાય અને પોતે જ પોતાનું જ્ઞેય થાય. લોકાલોકનું જે જ્ઞેય એ તો બીજી અપેક્ષાએ વાત કરી. ઇ લોકાલોકને જાણવા જેટલો અહીં સ્વભાવ છે એમ વાત કરી. સમજાણું કાંઈ ? લોકાલોક એમ નહિ. લોક અને અલોક જેટલું અસ્તિત્વ છે એ અસ્તિત્વની હયાતીના જ્ઞાનવાળી હયાતી એને જાણે. એ વિના આ અસ્તિત્વ છે એમ જાણ્યું કોણે ? સમજાણું ? ઇ પોતાનું જ્ઞાન એવડુ છે, એમ. લોકાલોકને લઈને નહિ. જ્ઞાન સ્વભાવ, જેનો જ્ઞ સ્વભાવ–જાણક સ્વભાવ એ સ્વભાવ જ પોતે લોકાલોકને જાણવા જેટલો પોતાનું પોતાનું સ્વરૂપ છે ઇ. સમજાણું કાંઈ ? આહા..!

શિષ્ય કહે છે, પણ જે વસ્તુ પ્રમાણમાં આવ્યા વિના શેના ગુણ-ગાન ? શેના વિશેષણ ? કોના આપ્યા તમે આ બધા આવા ? આવડો મોટો, આવડો મોટો ને આવા ગુણ, આવડો મોટો ને આવા ગુણ. એ..ઇ..! પણ કોના ? કોઈ પ્રમાણસિદ્ધ વસ્તુ થઈ હોય તેના કે એના વિના ? સાંભળને ! પોતાથી પ્રમાણસિદ્ધ થવાને લાયક આત્મા છે. ધર્મી જીવને.. યોગી એટલે ધર્મી. યોગી એટલે પેલા બાવા બાવા ફરે એ યોગી નહિ.

ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં લોકાલોક જાણવાનું જેટલું જ્ઞાન ધરાવે છે, પોતામાં હોં! અનંત આનંદ છે, શરીર પ્રમાણે છે, નિત્ય છે. એ સ્વસંવેદનથી પોતાના જ પ્રમાણજ્ઞાનથી પ્રમેય થઈ શકે પોતાના જ પ્રમાણજ્ઞાનથી એટલે જ્ઞાન કહો કે પ્રમાણ કહો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અને જ્ઞેય કહો કે પ્રમેય કહો. પોતાના જ પ્રમાણથી પોતે પ્રમેય નામ જ્ઞેય થઈ શકે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

વસ્તુ છે કે નહિ ? વસ્તુ. વસ્તુ છે એમાં તો જ્ઞાનસ્વભાવ છે. લોકાલોકને જાણે એવડો જ્ઞાનસ્વભાવ છે અને એમાં આનંદ સ્વભાવ છે. જે સ્વભાવ છે એ પોતે જ્ઞાતા થઈને પોતાનું જ્ઞેય કરીને જાણવાને લાયક સ્વભાવ છે. બીજાને જ્ઞેય કરે ને જણાય કે બીજાને જ્ઞાતા તો બીજો હોઇ શકે નહિ પણ બીજાને જ્ઞેય કરે ને આનું જ્ઞાતા થાય એમ નહિ. સ્વનો જ્ઞેય અને જ્ઞાતા થવાનો એનો વાસ્તવિક યથાર્થ સ્વભાવ છે. આહા..હા...!

વાત એ છે કે આ બધા હાડકા-બાડકા-ચામડા આ તો બધા જડ છે, માટી, ધૂળ (છે). એનો જાણનાર છે. એનો જાણનાર એટલે ? એનું જે સ્વરૂપ છે તેવું જાણવાનું સ્વરૂપ પોતાના જ્ઞાનમાં છે. એને કારણે નહિ, એનો જ્ઞાન સ્વભાવ એવો છે. જગતમાં લોકાલોક છે એમાં એક જાણનાર જ્ઞાન પોતાના સ્વભાવના સામર્થ્યવાળું ન હોય તો આ છે એમ કોણે કહ્યું ? એટલે એને લઈને (છે એમ) નહિ. ઇ જે સત્તાવાળો છે અનંત આત્માઓ, અનંત પરમાણુ (છે) એને લઈને લઈને નહિ પણ એ સત્તા છે એમ આ એક સત્તા લોકાલોકને જાણવાના સ્વતઃ સ્વભાવવાળું આખું જ્ઞાન ને આનંદરૂપ સ્વ સત્તા છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ***પરને જ્ઞેય કરવો નથી ને પરનું જાણનાર થવું નથી અહીં તો એમ કહે છે.*** આહા..હા...! ભારે વાત, ભાઈ ! અહીં તો કહે પણ કેટલી ક્રિયાઓ બહારની ! 'પોપટભાઈ' ! એ કોણ કરે ક્રિયા ? એ તો એને કારણે બહારનું (થાય). આ તો પોતે પોતાનો જ્ઞાતા ને પોતે પોતાનો જ્ઞેય, એ સમાય જાય એવો એનો સ્વભાવ છે. આહા..હા...!

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ખ્યાલ પણ લીધો છે ક્યાં ? હીરો તો બહુ ઊંચો પણ નજર ક્યાં કરી છે એણે ? કહો ! નજર કર્યા વિના આંખો મીંચીને ? બહુ (ઊંચો) હીરો, બહુ ઊંચો, બહુ ઊંચો અરે..! એના તેજ તે એના તેજ !! પણ કોના તેજ ?

શ્રોતા :– ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– ક્યાં પણ કરે છે ? કહેતો જ નથી ખરેખર તો. ઇ જ કહે છે કે અહીં પ્રમાણથી સિદ્ધ થવા લાયક વસ્તુ એ પ્રમાણથી સાબિત થાય છે, બીજી કોઈ રીતે સાબિત થાય એ વસ્તુ નથી. એણે પ્રમાણ કર્યું છે કે દી' ? એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

બહારની પ્રવૃત્તિની ક્રિયાઓ તો સ્વતંત્ર જડની (થાય છે) એની જાણવું એ જ્ઞેય એમ પણ અહીં તો નહિ. આહા..હા...! આ તો જે જગતનું લોક અને અલોક મહા સત્તા સ્વરૂપ હો પણ એને જાણનારી સત્તા સ્વભાવ મારું જ્ઞાન જ એવડું છે. લોકાલોકને એટલે 'જ્ઞ' સ્વભાવ છે, 'જ્ઞ' સ્વભાવ છે એનું સત્વ જ એટલું છે કે જટલું જગતમાં સત્વ છે એને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અડ્યા વિના, એનું લક્ષ કર્યા વિના, એ સત્તાની હાજરી છે માટે નહિ. સમજાણું કાંઈ ? આ સત્તાની હાજરી એવડી છે એમ કહે છે. સમજાણું કાંઈ ? ભગવાન જ્ઞાન અંતર જ્ઞાન વસ્તુના પ્રમાણથી એ પોતે જ પ્રમેય થાય. એ પ્રમેય થાય, એ જ્ઞેય થાય અને આ જ્ઞાતા (થાય). એ પોતે જ્ઞેય અને જ્ઞાતા છે. પરજ્ઞેય ને આત્મા જ્ઞાતા એ બધી વ્યવહારની વાતું છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

શ્રોતા :– ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– એક જ પક્ષી. બરાબર સત્યનો એક પક્ષી ચુકાદો હોય ને ? બેનો ચુકાદો સારો હોય ? તું પણ સાચો ને તું પણ સાચો એમ હોય ન્યાં ? એક સત્ય પક્ષી ચુકાદો છે. આહા..હા...!

કહે છે કે ધર્મીજીવને.. ધર્મીએ પોતે જ્ઞાનને જ્ઞેય બનાવીને અથવા જ્ઞાનથી જ્ઞેય બનાવીને પોતાનું પ્રમાણ સિદ્ધ કર્યું છે. પ્રમાણ સિદ્ધ કર્યો છે કે આ આત્મા. કોઈના પ્રમાણે નહિ, કોઈના આશ્રયે નહિ, કોઇના સહારે નહિ, કોઈ વડે નહિ, કોઈએ કીધું કે આવો (આત્મા) માટે (પ્રમાણ કર્યું છે) એમ નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...! એવો જ એનો સ્વભાવ છે. હમણાં કહેશે, સમજાય છે ?

**'સ્વસંવેદન નામક પ્રમાણકે દ્વારા અચ્છી તરહ પ્રગટ હૈ.'** અનુમાન પણ નહિ. સમજાણું ? પરોક્ષ નહિ. ઓહોહો..! ભગવાનઆત્મા ચૈતન્યનો સૂર્ય પ્રભુ, લોકાલોક જેટલા છે તેને અડ્યા વિના, લક્ષ કર્યા વિના, એનું લક્ષ કર્યા (વિના) એનો સ્વભાવ જ લોકાલોકને જાણવાનો સ્વભાવ (છે) એ સ્વભાવને જાણનારને કોઈની અપેક્ષા છે નહિ. સમજાણું કાંઈ ? ભારે વાત લાગે ! બહારની વાત સમજાય, લ્યો! સામાયિક કરો, પોષા કરો. એ... 'ભગવાનભાઈ' ! સમજાય અજ્ઞાન, અજ્ઞાન હોં! ન્યાં ક્યાં ભાન હતું કાંઈ ? એ... 'મુળચંદભાઈ'! પોષા કરી નાખે. જાડું શરીર હોય ને ચોવિહાર કરે એમાં શું ન્યાં નડે ? જરી આટલું સુકાય તો વળી ત્રણ લાડવા ચડાવી જાય પાછા. ચણો પોચો થયો હોય તો પાછો પાણીમાં નાખે થોડો. એમાં કાંઈ છે ? એ પણ ધર્મ કે દી' હતો ? સાંભળને ! એ... 'દેવશીભાઈ'! તે દી' આટલો જુદો નહોતા, એમ કહે છે. તે દી' ભેગો થઈ ગયો. અરે..! છતાને અછતો કરે. 'અનુભવ પ્રકાશ' માં નથી આવ્યું ?

શ્રોતા :– આવું સાંભળેલું નહોતું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહોતું. વાત સાચી, વાત સાચી. એક બાપ હોય, બજારમાં બહાર નીકળ્યો અને છોકરા ઘરે રહ્યાં. એને પૂછે કે તમારે દીકરા છે ? તો ના પાડે ? ભેગા નથી ને ? સાથે નથી ને ? સાથે નથી એટલે ઘરે પડ્યા છે કે બેઠા છે કે નહિ ? છતાને અછતા કરે ? 'અનુભવ પ્રકાશ' માં એવો દાખલો આપ્યો છે. સમજાણું ? છતાને અછતો કરે. એમ ભગવાન છતો જ્ઞાન સ્વભાવ પૂર્ણ લોકાલોકને અપેક્ષા રાખ્યા વિના લોકાલોકને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાણવાના સ્વભાવનું સત્ત્વ (છે) એવો ભગવાન અંદર છે એ છતાને અછતો કોણ કરે ? સમજાણું કાંઈ ? ડોહો વૃદ્ધ એકલો શાક લેવા બહાર નીકળ્યો હોય. ઘરે અહીં કામ ન હોય. બાપા ! તમારે કોઈ છોકરા નથી ? તો ઇ ના પાડે ? છોકરા નથી એમ કહે ? બાપુ ! છોકરા તો આઠ છે મોટા લોઢા જેવા પણ કામ કરે છે હમણાં. છોડીનો સાસરો બધું લઈને આવ્યો છે અને એ છે જરી સત્તાપ્રિયા એટલે એના મોઢા સાચવવા ત્યાં રોકાણા છે. 'પોપટભાઈ' ! સત્તાપ્રિય હોય, જરીક કડક હોય ને પેલો મોઢું સરખું ન સાચવે તો ... થઈ જાય. એ દુનિયા તે કાંઈ ગાંડી છે ને પણ.

અહીં કહે છે કે ભગવાન છતાને અછતો કહે કોણ ? ઘરે છોકરા પડ્યા છે ને સાથે નથી એટલે નથી એમ કહે ઇ ? એમ ભગવાનઆત્મા એક સમયમાં અખંડાનંદ લોકાલોકને જાણવાવાળું તત્ત્વ અને પૂર્ણાનંદવાળું તત્ત્વ (છે) એ નથી એમ કહે કોણ ? કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ જ પ્રમાણ થયા, એ પ્રમાણ ત્યારે જ પ્રમાણ કહેવાણું. એ પોતાનું જ પ્રમાણ છે, એમ કહે છે. કોઈના પ્રમાણની એને જરૂર નથી. એ પોતાના ગુણને ગાયા, આવા ગુણો ને આવા ગુણો ને આવો (છે). એ જ્ઞાન દ્વારા જાણ્યું એ જ એનું પ્રમાણ છે, કોઈ બીજું પ્રમાણ છે નહિ. ધર્મીને એ પોતાનું જ પ્રમાણ છે, બીજાનું પ્રમાણ એને છે નહિ. ભગવાન કહે છે માટે માન્યું એમ પણ નથી એમ કહે છે અહીં તો. સર્વજ્ઞે કહ્યું માટે આ માન્યું છે એમ નથી. ભાઈ ! પોતાથી વેદ્યું છે, જાણ્યું છે કે આ આત્મા આવો છે. ઓહો..! એકલો ચૈતન્યનો પૂંજ અને તે જ્ઞેય ને જ્ઞાન બેય હું જ છું. બીજી ચીજ મારી અપેક્ષાએ જગતમાં નથી. એમ છે.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ હોય (તો) એને ઘરે. એને લઈને હું નથી, એને લઈને મારું જ્ઞાન નથી. એને લઈને મારી સત્તા તો નથી પણ એની સત્તા છે માટે મારું એવડું જ્ઞાન છે એમ નથી. એમ અહીંયાં કહે છે. ૧૯ ગાથા લીધા પછી અહીંથી કેવી ગાથા લીધી, જુઓ !

ભાઈ ! પ્રભુ આમ પડ્યો છે ને મોટો !! આહા..હા...! છ છ છોકરા મોટા ગોરા જેવા છ છ હાથના લાંબા ને નીરોગી શરીર (હોય), રોગ આવ્યો ન હોય, રોગ આવવાની તૈયારી ન હોય એવા ઘરે બેઠા હોય ને ના પાડે (કે) મારે છોકરા નથી. મૂર્ખ છે ને ઇ ? કહે કોઈ ? એમ ભગવાન આખા દુનિયાના છ દ્રવ્ય લોકમાં પડ્યા છે એને લક્ષ કર્યા વિના, એને અડ્યા વિના, એની હયાતી (છે) માટે આની હયાતી એમ નહિ. આવો ભગવાન અંતર એક સમયમાં પૂર્ણ જાણવાના સ્વભાવવાળું આખું તત્ત્વ (છે) એ પોતે જ પોતાના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રમાણથી જ્ઞેય કરીને પોતે સિદ્ધ થઈ શકે છે. એને બીજા પ્રમાણની જરૂર નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'બસ, વહી સ્વસંવેદન કહલાતા હૈ અર્થાત્ ઉસીકો આત્માકા અનુભવ વ દર્શન કહતે હૈં.'** લ્યો ! એને આત્માનો અનુભવ અથવા દર્શન કહેવામાં આવે છે. એ સ્વસંવેદન કહો, અનુભવ કહો, સમ્યગ્દર્શન કહો કે જે કહો તે એ છે. સમજાણું કાંઈ ? પછી કહેશે, હોં! આ બધા વ્યવહારના વિકલ્પ ને સાધન-ફાધન ત્યાં બિલકુલ કામ આવતા નથી. એ પછી કહેશે. વિકલ્પ આદિ ભલે હો, ન્યાં આત્માના સાધનમાં એ જરીયે કામ આવતા નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? 'જ્ઞાનચંદજી' ! પોતે કેવો જ્ઞાનચંદ્ર છે, કહે છે જુઓ ! આહા..હા...!

જેનો સ્વભાવ, જેનું સ્વરૂપ, સ્વ-રૂપ, સ્વ-રૂપ, અરૂપ-સ્વરૂપ, જેનું સત્ત્વ, જેનો સ્વભાવ આવડો છે એને બીજાના પ્રમાણથી માનવાયોગ્ય ક્યાં રહ્યું ? એ તો પોતાના જ્ઞાનના વેદનથી જ્ઞાન જ્ઞાતા કરીને જ્ઞેય થઈ શકવાને (લાયક), પોતે જ્ઞેય થવાને લાયક અને પોતે જ્ઞાન જ્ઞાતા થવાને લાયક, એવો એનો સ્વભાવ છે, કહે છે. આહા..હા...! વ્યવહારવાળાને ભારે આકરું લાગે, હોં ! આ વ્યવહાર ભગવાનનું આ કરે તો થાય, આ કરે તો થાય, મંદિર બનાવે, પૂજા કરે, ભક્તિ કરે, જાત્રા કરે... ધૂળ પણ નહિ થાય, સાંભળ કહે છે. એ..ઇ..! હજી આને મંદિર બનાવવાનું છે ને બાકી ? પાંચ-દસ લાખના મંદિર બનાવીને જાત્રાઓ કાઢી એનાથી આત્મા બિલકુલ નહિ જણાય લે એમ કહે છે. આહા..હા...! ગળે ઉતારવું ભારે. વળી પાછા કાઢે... 'હિંમતભાઈ' પણ એ સાથે હતા કે નહિ ન્યાં ? આહા..હા...!

એ વિકલ્પના કાળે પણ વિકલ્પને લઈને જ્ઞાન નહિ ને જ્ઞાતા નહિ. વિકલ્પને લઈને જ્ઞાતા ને જ્ઞેય નહિ. વિકલ્પના સહારે જ્ઞાતા ને જ્ઞેય નહિ. ત્યારે જ પેલાને–અવસ્તુને વ્યવહાર કહેવાય ને ? આમાં ક્યાં એ વસ્તુ હતી ? આ તો જ્ઞાતા ને જ્ઞેય પોતે એ વસ્તુ. રાગાદિ અવસ્તુ. એ છે માટે એવડું જ્ઞાન છે એમ પણ નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ?

એના સ્વભાવના માહાત્મ્ય જ એને આવ્યા નથી. સમજાણું ? ભલે ભાષામાં કદાચિત્ કહે કે આવો આત્મા. પણ આ વસ્તુ... ઓહોહો..! સાક્ષાત પરમેશ્વર પોતે ! પોતે જ પરમેશ્વર સ્થાપ આત્માને. સ્થાપ્યા વિના તારી જ્ઞાન દશા હાથ નહિ આવે. હું જ પરમેશ્વર છું. ઓ..હો..હો..! સમજાણું કાંઈ ? 'અનુભવ પ્રકાશ' માં કહે છે ને ? પોતાને પ્રભુ સ્થાપ ! ક્યાંય જો પ્રભુતા આપી તો આમ જઈ નહિ શક, એમ કહે છે. ક્યાંક જો મોટપ આપી રાગને ને પુણ્યને ને વ્યવહારને ને નિમિત્તને ને સંયોગને (તો) અંદર નહિ ગરે. અંદર આત્મામાં નહિ આવી શકાય, આત્મા એવો છે નહિ. આહા..હા...! એ... 'પોપટભાઈ' ! કહે છે, 'સમ્મેદશિખર' ની પાંચ જાત્રા કરીએ તો એકાવતારી થઈ જઈશ. તેં પરને મોટપ આપી. નહિ હાથ આવે આ તારો આત્મા, એવો છે નહિ ઇ. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાઈ ! વસ્તુ જ પોતે અલૌકિક છે. લૌકિક આખા જગતને જાણનાર લૌકિકનો આશ્રય લીધા વિના જાણનાર એવું જ પોતે તત્ત્વ છે. સ્વતઃ સિદ્ધ તત્ત્વ છે. વસ્તુ છે એને એના સ્વભાવની શું વાત કરવી ! એના સ્વભાવની હદ શી ? એને મર્યાદા શી ? એને પરાશ્રયતા શી ? સમજાય છે ? જે સ્વભાવભાવ છે એ સ્વભાવભાવને પરાશ્રયતા શી ? અપૂર્ણતા શી ? એ સ્વભાવની અચિંત્યતામાં અપૂર્ણતા શી ? આહા..હા...! હવે (લોકો) રાડ નાખે છે. ભગવાનને ભગવાનને... તમે નહિ વાંચ્યું હોય, વાંચ્યું ? પંડિત અમારે છે તો કો'ક 'દી તર્ક આપે. ભગવાનને તમે ઠરાવી દીધા, ભગવાન મહાવીરને ભગવાન ઠરાવી દીધા, માનવને ભગવાન ઠરાવી દીધા. 'જૈનસંદેશ' માં આવા લખાણ આવે છે. અરે..! આ તત્ત્વનો અનાદર કરનાર છે. એક એક ચૈતન્ય તત્ત્વનું ખુન કરનાર છે. સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા સાક્ષાત પોતે પરમેશ્વરનું રૂપ જ આત્મા છે. શક્તિ ને ભગવાનની વ્યક્તિમાં ફેર કાંઈ નથી. એવા પ્રભુ આત્માને જ્યાં સુધી દૃષ્ટિમાં ન સ્થાપે ત્યાં સુધી એનું સ્વસંવેદન પ્રમાણ નહિ થઈ શકે. સમજાણું કાંઈ ? ક્યાંક પણ જો જરી લાળ (લાંતરે), ક્યાંક માહાત્મ્ય આપી દીધું (તો) આ માહાત્મ્યમાં ખંડ થાય છે. માહાત્મ્યવાળું તત્ત્વ હાથ નહિ આવે, એમ કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! ભાઈ ! એમ કહે છે કે ઉતરી જાય એવું છે. ચક્કર ઉતરી જાય એવું છે. તમે એમ બોલ્યા ને આ એમ બોલ્યા. આહા..હા...!

તું કેવડો છો, કેવો છો એ તને ખબર નહિ ? આ માંડી બધાની ધૂળની ને શરીરની ને વાણીની ને આ ભગવાન આવા ને ભગવાન આવા ! પણ તું કેવડો ઇ ખબર છે તને ? ભઈ ! ભગવાનની શું વાત કરવી ! સાંભળને હવે. એ ભગવાનને જેણે જ્ઞાનમાં લીધા એ જ્ઞાનની મોટપ તારે લઈને છે કે એને લઈને છે ? જેણે કેવળજ્ઞાન ને કેવળદર્શન આવું... આવું... આવું... આવું... આહા..હા...! જે પર્યાય ખ્યાલમાં લીધી એ પર્યાયની મોટપ કેટલી ? અને એ પર્યાય કરતાં આખા દ્રવ્યની મોટપ કેટલી ? આહા..હા...! છે (મોટપ) આમ (અને) આપે છે આમ. એટલે દૃષ્ટિમાં ફેર છે. 'જ્ઞાનચંદજી' ! રાડ નાખે. પેલા કહે, અર..ર..! વ્યવહારનો લોપ થશે. વ્યવહારનો લોપ જ છે. આત્મામાં કે દી' વ્યવહાર હતો ? સાંભળને ! એ... 'વસંતલાલજી'! આ બધા નીકળ્યા છે ને, જુઓ! શિક્ષણ વર્ગ માટે ને ફલાણા માટે. અહીં કહે છે કે કાંઈ ન મળે આત્મામાં. પરથી સમજે એવો આત્મા નથી ને પરને સમજાવે એવો એ આત્મા નથી. એ..ઇ..!

શ્રોતા :– આ સાધન-સાધ્ય કહે છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– સાધન ઇ જ સાધ્ય ઇ નું ઇ, ઇ નું ઇ સાધન ને ઇ નું ઇ સાધ્ય. બીજો હતો કે દી' ? બીજા કહે એને સંભળાવે ને જ્યારે... કહો, સમજાણું આમાં ?

જેવી રીતે એ વસ્તુ સ્વ, સ્વ સ્વભાવે જે રીતે સ્વતઃ છે અને સ્વતઃ સ્વભાવના પ્રમાણથી જ જાણી શકાય એવો છે. એવો જ્યાં સુધી એના ખ્યાલમાં, રુચિમાં, શ્રદ્ધામાં ન બેસે ત્યાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સુધી એનું વીર્ય સ્વસંવેદન અંતર વળશે નહિ. સમજાણું કાંઈ ? એવડો એ નથી એવી રીતે કલ્પીને એને નક્કી કરવા જાય (તો) વેદન કોઈ રીતે નહિ થઈ શકે. સમજાણું કાંઈ આમાં ? એનું નામ આત્મઅનુભવ દર્શન (છે).

**'અર્થાત્ જહાં આત્મા હી જ્ઞેય ઔર આત્મા હી જ્ઞાયક હોતા હૈ,...'** દેખો ! જ્યાં **'આત્મા હી જ્ઞેય...'** પોતે જ જ્ઞેય, પોતે જ જ્ઞેય. પર જ્ઞેય તો વ્યવહાર થઈ ગયો. એ નહિ. નિશ્ચય પોતે જ્ઞેય અને **'આત્મા હી જ્ઞાયક હોતા હૈ,...'** દેખો ! **'ચૈતન્યકી ઉસ પરિણતિકો સ્વસંવેદન પ્રમાણ કહતે હૈં.'** આ પ્રમાણ. ચૈતન્યની એ પરિણતિ નામ પર્યાયને સ્વસંવેદન પ્રમાણ કહે છે. પર્યાયની વાત લીધી ને ? ભગવાનઆત્મા જ્ઞેય જણાવા યોગ્ય અને પોતે જાણનાર. જાણનાર અને જણાવા યોગ્ય પોતે ને પોતે છે.

બહિર્મુખની વૃત્તિમાં બહિર્બુદ્ધિમાં જેટલું માહાત્મ્ય પરનું રહી જાય એને બહિર્બુદ્ધિ કહે છે. સમજાણું ? અને અંતર જ્ઞેય અને જ્ઞાયક પરિપૂર્ણ પ્રભુ! હું જ આ સ્વભાવના વેદનને કરનારો વેદન, બીજો કોઈને જણાવા લાયક પણ હું ને જાણનાર પણ હું, એવી પરિણતિને સ્વસંવેદન પ્રમાણ કહે છે, એનું નામ પ્રમાણ છે. ભગવાન કુંદકુંદાચાર્યે કહ્યું કે **'जदि दाएज्ज पमाणं'**. જો કહું તો પ્રમાણ કરજે. ઇ આ પ્રમાણ. પાંચમી ગાથામાં આવે છે ને ? **'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज'** દેખાડીશ તો પ્રમાણ કરજે. તારા સ્વસંવેદન પ્રમાણથી પ્રમાણ કરજે. આ મહારાજ ભગવાન કુંદકુંદ કહે છે (માટે પ્રમાણ છે) એમ નહિ. એમ નહિ એમ કહે છે. આહા..હા...! **'जदि दाएज्ज'** જો હું દેખાડું તો પ્રમાણ કરજે, હોં! એટલે ? તારા અનુભવથી તેનો સ્વીકાર (કરજે). ચૈતન્ય આવો છે એમ સ્વસંવેદનથી સ્વિકાર કરજે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'ચીમનભાઈ' ! શું કરવું આમાં ? મકાન કરવા, મંત્રીપણું કરવું ? આ બધું કેટલા કામ માથે. ચુનાના વેપાર કરવા. કોથળા (ભરવા). બીજાનો ચુનો જોઈને એનો ચુનો જોઈને વિચારે. અહીં ચૂનાના ખટારા આવે છે અને એની ચુનાની કોથળીઓ ભાળી. આ ગયા હતા ને ? કાલ પરમ દી' નહિ ? કોથળી કોથળી... પણ એનો ધંધો કરે તો સારી જ કોથળી લાવે ને ઇ તો. એવું કાંઈક નામ આપ્યું હતું. ઇ કોથળીઓ પડી હતી. અહીં કોથળી ન રહે. અહીં ક્યાં કોથળો હતો ? અહીં તો .... સાધારણ, સાધારણ પાછું. ઘરનો માલ વેચે ઇ સારો સારો લે કે નહિ ? એમ આ ઘરનો માલ આત્મા આનંદકંદ છે કહે છે. આહા..હા...! કોથળીઓ પડી છે. મે કીધું, કોની કોથળીઓ છે ? એ બધી 'ચીમનભાઈ'ની છે. પથરા ને... મકાન માટે લ્યોને એમ કરોને.

ઘરનો વેપાર એટલે ચુનો બીજી જાતનો લાવ્યા. આ ઘરનો વેપાર આત્માનો ઇ કહે છે અહીં. ભગવાન તારા અંતરના પ્રમાણ માટે કોઈની સહાયની જરૂર નથી. ઘરના માલ પડ્યા છે ને ઘરમાં માલ પડ્યો ને એને તું વાપરીશ નહિ ? એમ કહે છે. આહા..હા...! દુનિયામાં એમ નથી કહેતા ? આપણાં ઘરમાં છે ને આપણે શું કરવા લેવા જાવું ? 'પોપટભાઈ'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ કે નહિ ? આટલો તો આપણા ઘરમાં માલ પડ્યો છે એ તો પહેલા વાપરો પછી વળી ઘટે તો આપણે લાવશું. એમ કહે ? પણ આ તો ઘટે એવો નથી. આહા..હા...!

ભગવાન ! તારો માલ તો અંદર જ્ઞાન આનંદ સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... (છે). નાસ્તિકને પણ આ ક્ષેત્રનું માપ ક્યાં છે એને તર્કથી ખ્યાલ નહિ કરી શકે. આહા..હા...! ક્યાં અલોક ? આ લોકઅલોકનું જ્ઞાન કહ્યું ને ? અલોક એટલે ક્યાં શું છે આ તે વસ્તુ ? આ તે ઈશ્વરની કળા કે લીલા કે આ તે કોઈ જગતના સ્વભાવો ? આ ક્ષેત્ર પછી શું હશે ? અનંત જોજન. અનંતના અનંત વર્ગ કરીને ચાલ્યો જાય એમ ને એમ. લક્ષ, લક્ષ લાગી જાય, હોં! પછી શું હશે ? પછી આમ ગોળ હશે ?

શ્રોતા :– ... પોતાની સત્તાને પોતે અનુભવ કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ક્ષેત્રની, એ સત્તાની અમાપની એને ખબર નથી એમ મારું કહેવું છે. એને ખબર છે ? પણ છે કેવું ? કોઈ અચિંત્ય ક્ષેત્ર સ્વભાવ (છે) !! એનો ભગવાન જાણનાર એના જ્ઞાનનો અચિંત્ય બેહદ સ્વભાવ (છે). એની હયાતીને કબુલ કોણે કરી ? પણ જાણ્યું કોણે ? એની તો એને ખબર પણ નથી. સમજાણું કાંઈ ? નાસ્તિક પણ શું છે એમ કહે. આના પછી... પછી... પછી... પછી... કહે શું છે ? પછી વાડ ક્યાંય આડી આવે છે ? શું છે ? પછી ક્ષેત્ર આવ્યું ફલાણા પટેલનું કે ફલાણું. પછી કાંઈ નથી, લ્યો ! એમ હશે ? શું છે આ તે ? ઓ..હો...હો..!

ક્ષેત્ર. આ ક્ષેત્રજ્ઞ. એનો તો આ જાણનાર છે. તે ક્ષેત્ર છે માટે નહિ. એવડા ક્ષેત્રને જાણનાર અચિન્ત્ય ક્ષેત્ર ! શું પાછળ શું ? પાછળ શું ? 'નથી' ક્યાંય નહિ આવે. અસ્તિ જ એમ ને એમ આવશે. અસ્તિ જ આવશે. 'નથી' ક્યાંય નહિ આવે. એમ કાળમાં ક્યાં નાસ્તિ આવશે ? આમ ભૂતકાળ, ભૂતકાળ.... પછી... પછી... પછી... પછી... ક્યાંય નથી એમ નહિ આવે. છે... છે... છે... છે... છે... છે... એમ કાળમાં છે... છે... છે... જ ચાલ્યા આવશે. આ એના જાણનારના જ્ઞાનમાં છે... છે... છે... છે... જ ચાલ્યું જાય છે. સ્વભાવ એવો ભાવ છે ક્યાંય અભાવ છે નહિ. શક્તિનો પરને લઈ અભાવ એ જુદી વસ્તુ છે. સમજાણું કાંઈ ? એ જ્ઞાનનો ભાવ, એ આનંદનો ભાવ, એ સ્વચ્છતાનો ભાવ, એ શુદ્ધતાનો ભાવ, એ શાંતિ-ચારિત્રનો ભાવ, એ વીર્યનો ભાવ કેટલો ? - કેવડો ? ભાવે એટલો એવડો અમાપ છતાં પોતે જ્ઞેય ને જ્ઞાન પોતાથી થઈ શકે એવો છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'પરિણતિકો સ્વસંવેદન પ્રણામ કહતે હૈં.'** જુઓ ! પર્યાય લીધી, પર્યાય. પ્રમાણની પરિણતિથી જ આ પ્રત્યક્ષ છે, બીજી રીતે છે નહિ. **'ઉસીકો આત્માનુભવ વ આત્મદર્શન કહતે હૈં.'** માથે આવી ગયું ઘણું. **'ઇસ પ્રકારકે સ્વરૂપવાલે સ્વસંવેદન-પ્રત્યક્ષ (જો કિ સબ પ્રમાણોંમેં મુખ્ય યા અગ્રણી પ્રમાણ હૈ)...'** દેખો ! બધા પ્રમાણમાં એ જ (મુખ્ય) પ્રમાણ છે. હવે મુકને. પ્રમાણ તો પોતાનું પ્રમાણ પોતાને થયું એ પ્રમાણ છે. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન જ્ઞાનની જ્યોત સૂર્ય પ્રભુ, આનંદનો બેહદ સાગર, એ પોતે જ્ઞેય ને પોતાનું જ્ઞાન કરીને પ્રમાણ થયું એ જ મુખ્ય પ્રમાણ છે. સમજાણું કાંઈ ? ભગવાનને પૂછીને પ્રમાણ કરવું એવું આ નથી, કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અરે..! પ્રભુ ! આવડો તું છો એ તને ભાનમાં ન આવે અને તને ધર્મ થાય, ક્યાંથી થાય ? ધૂળમાંથી ધર્મ (થાય) ? પોતાથી જ પ્રમાણ છે એવું એનું સ્વરૂપ છે. એ સ્વરૂપથી ઓછું, વિપરીત, અધિકુ માને તો એ તત્ત્વના સ્વરૂપથી વિપરીત એની દૃષ્ટિ છે. સમજાણું કાંઈ ?

રાજા હોય ન્યાં ઊંચા ખાજા તળાતા હોય. પાંચસો પાંચસો દસ દસ શેરનું ખાજુ. ગરીબ વાઘરા બિચારા આવે તો આમ જોઈ રહે, હોં! આહા..હા...! આપણને મળશે કે નહિ આમાંથી ? આ દરબાર ગુજરી ગયા ને ? ગુજરી ગયા ને આખું ગામ ખાજાનું જમાડ્યું હતું. 'રણવીરસિંહ' ગુજરી ગયા ને. 'જામનગર'. આખું ગામ જમાડ્યું. ઊંચા ખાજા. એને પાંચ-દસ લાખ ખર્ચવા હોય એને શું હોય ? બિચારા ગરીબ માણસને (એમ થાય કે) અમને ક્યારે મળશે ? ભઈ ! આખા ગામને જમવાનું છે. પણ એના મોઢા... ગરીબ માણસ બહાર હોયને આમ આ ઊંચા થાળને આમ તળાતા હોય ને અંદર ! આહા..હા...! બાપુ ! ગામનું જમણ છે. તમને પણ આવશે પણ થોડી વાર લાગશે. પણ એને ભરોસો આવે નહિ.

એમ આ ભગવાનઆત્મા આવો ગવાય છે ઇ હું હોઈશ કે નહિ ? હું હોઈશ કે નહિ ? બાપુ ! તું હોઈશ ઇ અહીં વાત ચાલે છે. કોઈ પણ સારા ઘરે જમણ હોયને બિચારા ગરીબ માણસ આવે તો એને એમ થાય કે આ ચીજ મને આપશે કે નહિ ? વધ્યું-ઘટ્યુંમાંથી (આપશે કે નહિ ?) આ તો આખું ગામ જમે. સારી સારી ચીજ અમુક જાણતા હોય કે આ મોટું સારું હોય તો દસ દિવસથી સાઠા તળાતા હોય. બીજા માણસને કાંઈ જમવાનું ન હોય પણ વધ્યાઘટ્યામાં થોડો માલ મળશે કે નહિ ? બિચારા ઇચ્છા કર્યા કરે. અહીં એમ નથી કહે છે. આ તો માલ તળાય એ બધાના ભાગમાં આવે એવો એ માલ છે. આહા..હા...! ભાઈ ! તું એવડો છો ને, પ્રભુ! આહા..હા...! જુઓને ! એ પ્રમાણનું મુખ્ય પ્રમાણ પોતે છે. એ પ્રમાણમાં પ્રમાણ પોતે છે.

**'તથા કહે હુએ ગુણોંસે...'** બે વાત કરવી છે ને ? એક પ્રમાણથી પણ અગ્રણી પ્રમાણ સ્વસંવેદનથી પોતે છે અને તે **'કહે હુએ ગુણોંસે સમ્પૂર્ણતયા પ્રકટ...'** શિષ્યએ બે વાત લીધી હતી ને ? - કે આ વિશેષણથી તમે વાત કરી પણ કેવો ગુણવાદ ? એમ કહ્યું હતું ને ? આ તમે વાત કરી. કૈસા ગુણવાદ ? એમ કહ્યું હતું ને ? **'ઉપર કહે હુએ વિશેષણોંસે કિસકા ઔર કેસા ગુણવાદ ?'** પ્રમાણ સિદ્ધ થયા વિના (કોનો ગુણવાદ ?) એ એવો છે કહે છે સાંભળને ! અત્યારે એવો છો. **'કહે હુએ ગુણોંસે...'** આવા પ્રમાણથી અને જેટલા ગુણો કહ્યા (તેનાથી). લોકાલોક જાણનાર ગુણ તારો અહીં (છે), એવડો અહીં (છે), હોં ! અનંત આનંદ એવડો અહીં. જે કહ્યું છે તે રીતે **'સમ્પૂર્ણતયા પ્રકટ વહ આત્મા યોગિજનોંકો**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**એકદેશ વિશદરૂપસે અનુભવમેં આતા હૈ.**' ધર્મી જીવને એકદેશ વિશદ સ્પષ્ટરૂપે અનુભવમાં આવે છે. કેવળીને તો પૂર્ણ છે અહીં તો નીચલા સાધકની વાત છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

'**કહે હુએ ગુણોંસે સમ્પૂર્ણતયા પ્રકટ વહ આત્મા યોગિજનોંકો એકદેશ વિશદ...**' સ્પષ્ટ જોયું ? વિશદ (એટલે) સ્પષ્ટ પ્રત્યક્ષ '**અનુભવમેં આતા હૈ.**' આમાં કાંઈ એવી આકરી ભાષા નથી. આ તો સાદી ભાષા છે. ચાર ચોપડી શીખ્યો હોય એવી સમજે એવી ભાષા છે. સમજાણું કાંઈ ?

શ્રોતા :– સમજવા માગે તો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– માગે તોની વાત છે ને !

એને ના પાડે છે કે ના એવડો હું નહિ. ઇ પણ કહેશે હવે. એને કારણાંતરની જરૂર નથી, કહે છે. તું કારણાંતર, કારણાંતર પોકાર કરી રહ્યો છો. કાંઈક જોશે... કાંઈક જોશે... કાંઈક જોશે... કાંઈ નહિ જોવે, સાંભળ ! તું બધો પૂરો છો. તારે માટે પરની કાંઈ બિલકુલ જરૂર નથી. ભગવાનનો માર્ગ તો સાપેક્ષ છે ને ? નિશ્ચયથી તો નિરપેક્ષ જ છે. અહીં તો નિશ્ચયથી વાત કરે છે. નિશ્ચયથી નિરપેક્ષ વસ્તુ છે. વ્યવહારથી હોય એ જાણવા માટે વાત છે, એની વાત અહીં ગૌણ છે. સમજાણું કાંઈ ?

**दोहा - निज अनुभवसे प्रगट है, नित्य शरीर-प्रमान।**
**लोकालोक निहारता, आतम अति सुखवान।।२१।।**

એનું વાન જ એનું રૂપ જ સુખવાળું, આનંદવાળું છે. એનો વાન જ આનંદનો છે. આ..હા..! એ..ઇ..! અતીન્દ્રિય આનંદ એનું રૂપ છે. આહા..! એકલો અતીન્દ્રિય આનંદનો રસનો કંદ ! અને '**લોકાલોક નિહારતા...**' લોકાલોકને જાણવું એ તો એનું સ્વરૂપ જ છે. એટલો એનો સ્વભાવ (છે), એટલો પ્રમાણવાળો એનો સ્વભાવ છે. અર..ર..! ભગવાનને નામે કેટલી કરી નાંખી અત્યારે. અરે..! પ્રભુ! શું કરે ? આવું કરે છે ? એ દ્વેષનો અંશ અંદર આવે છે. આવો ભગવાનઆત્મા એને આવો કહે છે. સ્વભાવમાં તો કાંઈ છે નહિ. આમ કેમ કહે છે ? એવો વિકલ્પ સ્વભાવમાં તો છે જ નહિ. સમજાણું કાંઈ ?

'**નિજ અનુભવસે પ્રગટ હૈ,...**' દેખો ! પોતાના અનુભવથી પ્રગટ છે. '**નિત્ય શરીર-પ્રમાન.**' તે એટલા પ્રમાણમાં છે. લોકાલોકને જાણનાર પણ રહેનાર શરીર પ્રમાણે, લોકાલોકને જાણનાર પણ રહેનાર શરીરના પ્રદેશ પ્રમાણે. ઘણા ખુલાસા કર્યા એમાંથી, હોં! પેલા વેદાંતી વ્યાપક કહે ને ફલાણું કહે ને ઢીકણું કહે (એ) બધું કાઢી નાંખ્યું. આ છે તે આ રીતે વસ્તુ છે. એ અનુભવથી જ પ્રમાણ થઈ શકે એવી છે. 'स्वानुभूत्या चकासते'.

'**યહાઁપર શિષ્ય કહતા હૈ, કિ યદિ ઇસ તરહકા આત્મા હૈ તો ઉસકી ઉપાસના કૈસે કી જાની ચાહિયે ?**' તો સેવા શી રીતે કરવી એની ? કોઈ સાધન-બાધન બીજા હશે કે નહિ ? ભગવાનની સેવા કરવી, પરમાત્માની પૂજા, દર્શન (કરવા), હંમેશા બે-ચાર કલાક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન પાસે બેસવું, બે-ચાર કલાક બેસવું, બે-ચાર-પાંચ કલાક શાસ્ત્ર-બાસ્ત્ર વાંચવા, એવું કાંઈ સાધન-ફાધન ખરું કે નહિ ? ભાઈ ! વીતરાગનો માર્ગ એવો છે કે જગતને તો ખબર નથી, સાંભળ્યો નથી. એને જરીક બહારનું (માહાત્મ્ય) હોયને ! આહા..હા...! ભક્તિ, નાચ હોય ને તો આ..હા..! વાહ ! વાહ ! લોકોને એવું લાગે, લ્યો! ધર્મ કરે ને ! ભારે ધર્મ કરાવતા લાગે છે ! ભ્રમ છે બધો. એ..ઇ..! 'પૂજા કરવાનો મારો ભાવ જાગ્યો' ત્યાં લોકોને (થાય કે) આહા! શું આવે છે પહેલો શબ્દ ? 'મહાવીર તારો રંગ લાગ્યો રે... રંગ લાગ્યો મહાવીર તારો.' લોકોને એવું લાગે કે આ..હા..હા...! ધર્મ કેટલો ઇ કરે છે ને કેટલો કરાવે છે! ભ્રમણા ભારે, ભાઈ! એ..ઇ..!

અહીં તો બીજું કહેવું છે કે એમાં જો માહાત્મ્ય આવી જાય છે તો સ્વભાવનું માહાત્મ્ય રહેતું નથી. એવા માહાત્મ્યથી ધર્મ પમાતા હશે અને એવા માહાત્મ્યથી ધર્મ થાતા હશે ? અને કહેનારને એવા ભાવથી એને ધર્મ થાતો હશે ? એ તો વિકલ્પ છે, વાણી તો જડ છે. એ..ઇ..! 'મહાવીર તારો રંગ લાગ્યો..' તો (એમ થઈ જાય) આહા..હા...!

શ્રોતા :– હજારો લોકો બોલી જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બોલી જાય. વાત જ ઇ છે કે એને મૂળ માહાત્મ્યની ખબર નથી. અને ક્યાં લેપાય જાય છે એની એને ખબર નથી. આહા..હા...!

શ્રોતા :– નામ તો મહાવીરનું આવે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– મહાવીરનું (આવે) પણ મહાવીર ક્યો ? મહાવીર આ કે બીજા ? આહા..હા...!

શ્રોતા :– આપણે આપણું માહાત્મ્ય ઘટાડવું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભઈ ! અહીં તો જેમ છે તેમ વાત છે. જેના દોકડા જેટલા હોય એટલા હોય. એમાં કોઈ એમ માની લે કે આપણે આ..હા.. ભારે ધર્મ કર્યો અને ઘણો ધર્મ કરાવ્યો ! પાંચ લાખ ખર્ચ્યાં ને આ બધું ખર્ચવાના છે ને હજી ? 'અમદાવાદ'નું કંઈક પંચ કલ્યાણક છે કે નહિ ? હાથી કાઢશે... એ... 'હિંમતભાઈ'! આહા..! ભાઈ !

જેને વિકલ્પ ને વાણીના ને પરના માહાત્મ્ય આવ્યા એને સ્વના માહાત્મ્ય અંદર આવતા નથી. ઓ..હો..! માહાત્મ્ય પોતાનું છે એ પરનું માહાત્મ્ય છે નહિ. લોકોને આકરું લાગે. ભાઈ ! શું થાય ? સમજાણું કાંઈ ? કહો, હવે શું કહેવું હશે ? બે વાત કરી. આહા..! જુઓ ! ઇ કહે છે.

**'ઇસમેં આત્મધ્યાન યા આત્મભાવના કરનેકે ઉપાયોંકો પૂછા ગયા હૈ.'** શિષ્ય પૂછે છે. સમજાય છે ? અમારે ધ્યાન કેમ કરવું ને આત્માની એકાગ્રતા કેમ કરવી ?

**संयम्य करणग्राममेकाग्रत्वेन चेतसः।**

**आत्मानमात्मवान् ध्यायेदात्मनैवात्मनि स्थितम्।।२२।।**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**અર્થ :–** **'મનકી એકાગ્રતાસે ઇન્દ્રિયોંકો વશમેં કર...'** એકાગ્રતા શબ્દે સ્વ તરફની એકાગ્રતા. ઇન્દ્રિયોને વશ એટલે ઇન્દ્રિયો તરફનું લક્ષ છોડી દઈને. **'ધ્વસ્ત-નષ્ટ કર દી હૈ સ્વચ્છન્દ વૃત્તિ...'** ધ્વસ્ત-નષ્ટ કરી છે સ્વચ્છંદ વૃત્તિ. સ્વચ્છંદ વૃત્તિ એટલે પર તરફના વિકલ્પની સ્વચ્છંદ વૃત્તિ. **'ઐસા પુરુષ અપનેમેં હી...'** ભગવાન જ્ઞાન, આનંદ સ્વરૂપ પ્રભુ પોતામાં... પેલી નાસ્તિથી વાત કરી. એકાગ્રતાથી ઇન્દ્રિયોને, સ્વચ્છંદ વૃત્તિઓને વશ કરે. હવે અસ્તિથી (વાત કરે છે). **'ઐસા પુરુષ અપનેમેં હી સ્થિત આત્માકો...'** પોતામાં સ્થિત જ્ઞાન, આનંદ પરિપૂર્ણ એવા આત્મા સ્વભાવને **'અપને હી દ્વારા...'** સ્વરૂપની શુદ્ધિની નિર્વિકલ્પ ધારાથી ધ્યાવે.

**'અપને હી દ્વારા...'** આત્મા દ્વારા. આત્મા એટલે ? શુદ્ધ ભાવની પર્યાય દ્વારા આત્માને ધ્યાવે એ એનો ઉપાય છે. આ તો 'ઇષ્ટોપદેશ' છે. આવો ઇષ્ટ ઉપદેશ તને કહીએ છીએ. કોઈ એમ કહે કે બહારથી મળશે, નિમિત્તથી મળશે, એ ઉપદેશ ઇષ્ટ નથી, ભાઈ ! ભગવાનનો એ હિતકર ઉપદેશ છે જ નહિ. એમ 'પૂજ્યપાદસ્વામી' સિદ્ધ કરે છે. વ્યવહારના વિકલ્પથી, નિમિત્તથી, આનાથી, આનાથી આત્માની શ્રદ્ધા, સમ્યગ્દર્શન, જ્ઞાન ને અનુભવ થશે એ ઉપદેશ ઇષ્ટ ઉપદેશ છે જ નહિ. સમજાણું કાંઈ ? પછી બિચારા રાડ નાખે ને ? 'ઇન્દૌર' માં ને તમારે 'દિલ્લી' માં. કાંઈ વાંધો નહિ. એ તો થવા દો ને. એ તો... આહા..હા...!

કહે છે, ભાષા શું છે ? જોયું ? **'અપનેમેં હી...'** એટલે સ્વરૂપમાં **'સ્થિત આત્માકો અપને હી દ્વારા ધ્યાવે.'** નિર્વિકલ્પ દ્વારા, પોતા દ્વારા ધ્યાવે. આ એક સાધન એનું અંતરમાં છે. બહાર કોઈ વિકલ્પ-ફિકલ્પ સાધન-ફાધન આત્માના ધ્યાન માટે, મોક્ષના માર્ગ માટે છે જ નહિ. આહા..હા..! નિશ્ચય પરમ નિરપેક્ષ જ છે. વ્યવહારથી જ્ઞાન કરવા માટેની વાત અત્યારે નથી. સમજાણું કાંઈ ? એની વ્યાખ્યા વિશેષ આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** વિકારનું સ્વામીપણું તે બંધનું કારણ છે અને સ્વદ્રવ્યનો આશ્રય તે મુક્તિનું કારણ છે. પરદ્રવ્ય તરફ જેટલું લક્ષ જાય છે તેટલો બંધ થાય છે. શરીર-મન-વાણી અજીવ તત્ત્વથી અને પુણ્ય-પાપથી ભિન્ન નિજ આત્માનો આશ્રય કરતાં જે દશા થાય તે ધર્મ અને મોક્ષનું કારણ થાય છે તથા તેને છોડી જેટલો પરદ્રવ્યનો આશ્રય થાય છે તે અધર્મ દશા છે અને તે બંધનું કારણ છે. ૪૩૦.**

**– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૧, પ્રવચન નં. ૬
તા. ૧૨-૦૬-૧૯૭૮
[૨૩]

'સમયસાર' પહેલી ગાથા ચાલે છે. ટીકા ફરીને લઈએ.

**ટીકા :– 'અહીં (સંસ્કૃત ટીકામાં) 'अथ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે.'** પહેલો **'अथ'** શબ્દ પડ્યો છે. **'अथ प्रथमत'** એમ સંસ્કૃત શબ્દ પડ્યો છે. **'अथ' શબ્દ મંગળના અર્થને...'** એટલે ? સાધક ધર્મની શરૂઆત થાય છે. આહા..હા..! **'अथ'** નામ હવે. અનંતકાળથી જે સાધક સ્વરૂપ તેનું સ્થાન નહોતું એવો ચૈતન્ય સ્વભાવ એની હવે સાધકપણે શરૂઆત થાય છે. એ જ **'अथ'** નામ નવી શરૂઆત છે. એનું નામ **'अथ'**, એ જ માંગળિક છે. એ તો **'अथ'** સંસ્કૃત ટીકાના શબ્દનો અર્થ થયો.

હવે **'ગ્રંથના આદિમાં...'** પાઠમાં, ગાથામાં એમ આવ્યું ને ? **'ધ્રુવ અચલ અને અનુપમ'**. પણ અહીંયાં અર્થમાં મુખ્ય **'वंदित्तु सव्वसिद्धे'** એમ જે શબ્દ પડ્યો છે એમાંથી **'वंदित्तु'** નો અર્થ કાઢી અને સર્વસિદ્ધોને મારી પર્યાયમાં સ્થાપુ છું અને શ્રોતાની પર્યાયમાં અનંતા સિદ્ધને સ્થાપુ છું. આહા..હા..! અનંત અનંત સિદ્ધોને (સ્થાપુ છું એમ કહીને) એક તો અસ્તિત્વ સિદ્ધ કર્યું. ભલે સંસારી પ્રાણી અનંતગુણા હો પણ સિદ્ધ પણ અનંત છે અને તે પણ આદિ વિના છે, અનાદિના છે. એમ નથી કે પહેલો સંસાર હતો ને પછી સિદ્ધ થયા ! આહા..! આવી વસ્તુસ્થિતિ. સિદ્ધ થાય એ તો સંસારમાંથી થાય. એટલે પહેલો સંસાર ને પછી સિદ્ધ એમ નહિ.

એક વ્યક્તિની અપેક્ષાએ પહેલું પણ સામાન્ય અપેક્ષાએ તો સિદ્ધ અનંત અનાદિથી છે. આહા..હા..! જેમ આકાશના અંતનું શું છે માપ ? આહા..! શું ઇ કહેવાય ? ક્ષેત્ર, ક્ષેત્ર, ક્ષેત્રની બેહદતા શું છે ? એ જેમ સ્વભાવના ક્ષેત્રની વાત છે એમ આ સંસારી ને સિદ્ધ બેય સ્વભાવ અનાદિના છે. આહા..! કેટલા પંડિત કહે છે, સિદ્ધ કરતાં સંસાર આઠ વર્ષ મોટો. આઠ વર્ષ પછી સિદ્ધ થાય છે ને ? એ તો એક વ્યક્તિની અપેક્ષાએ. સમુચ્ચય અનાદિઅનંત સિદ્ધો પણ છે ને સંસારી પણ છે. બાપુ ! આહા..હા..!

જેમ ક્ષેત્રના અમાપનું માપ જ મગજમાં ન આવે ત્યાં અલોક... અલોક... અલોક... અલોક... અલોક... અલોક... અલોક... અલોક... અલોક... અલોક... અલોક... અલોક... તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચાલ્યું જાય. અલોક પછી શું ? પછી પછી ઇ. આહા..હા..! એમ ક્ષેત્રનું જેમ અમાપની સિદ્ધિ છે એમ સિદ્ધ પણ અનાદિના સિદ્ધ છે. આહા..હા..!

એ કેવા છે સિદ્ધ ? **'સર્વ સિદ્ધોને...'** એક શબ્દ નહિ. એક સિદ્ધ નથી, અનંત સિદ્ધ છે. અનંત એ શબ્દ વાપર્યો નથી, સર્વ સિદ્ધ વાપર્યો છે. આહા..! જે અનંતકાળ (થયો) છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ (જીવ) મુક્તિ પામે એ આ અનંત કાળમાં એટલે કેટલો આંકડો થયો ? આહા..હા..! એ સર્વ... આહા..હા...!

અહીં તો બીજું કહેવું છે, એટલા બધા સર્વ સિદ્ધોને હું **'वंदित्तु'** શબ્દ એમ કહ્યો છે. **'वंदित्तु'**માંથી સર્વ સિદ્ધોને મેં મારી પર્યાયમાં સ્થાપ્યા છે એમ કાઢ્યું. આદર કર્યો. મારી જ્ઞાનની (પર્યાયમાં આદર કર્યો). રાગ પર્યાય ભિન્ન રહી ગઈ. મારી જ્ઞાનની પર્યાય ભલે અલ્પજ્ઞ છે અને શ્રોતાની પણ જ્ઞાનની પર્યાય અલ્પજ્ઞ છે. બન્નેનો ખ્યાલ છે. છતાં એ અલ્પજ્ઞ પર્યાયમાં અનંતા સિદ્ધોને જાણવાની એની તાકાત છે. આહા..હા..! ભલે મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય હોય તોપણ અનંત સિદ્ધોને જાણવાની તાકાત છે. અનંત સિદ્ધો છે એનો જ્ઞાનની પર્યાય આદર કરે છે એટલે કે વંદન કરે છે એટલે કે પોતાની પર્યાયમાં તેને સ્થાપે છે. એનું નામ વંદન કરે છે એમ કહ્યું. આહા..હા..!

સર્વ સિદ્ધોને મારી પર્યાયમાં ભાવ સ્તુતિથી અને દ્રવ્ય સ્તુતિથી સ્થાપુ છું, એમ આવ્યું ને ? છે ને ? **'ભાવ-દ્રવ્ય સ્તુતિથી...'** એટલે મારી પર્યાયમાં હું મારો આત્મા પૂર્ણ શુદ્ધ (છે) એ આરાધક ને હું આરાધ્ય. હું આરાધ્ય વસ્તુ ને આરાધક મારી પર્યાય. નિર્વિકલ્પ સમાધિ, નિર્વિકલ્પ શાંતિ એ આરાધક અને ત્રિકાળી વસ્તુ આરાધવાને યોગ્ય. એવી નિર્વિકલ્પ સમાધિ એનું નામ અહીંયાં ભાવસ્તુતિ કહેવામાં આવે છે. આહા..! પર્યાયમાં અનંતા સર્વ સિદ્ધ (સ્થાપ્યા). ભાઈ ! આ સંસાર ભૂલી જાય છે. આહા..હા..! રાગ પણ ભૂલી જાય છે.

મારી જ્ઞાન પર્યાયમાં હું 'કુંદકુંદાચાર્યે' **'वंदित्तु'** કહ્યું એમાંથી 'અમૃતચંદ્રાચાર્યે' એક હજાર વર્ષ પછી આ ભાવ આમાં છે એમ કાઢ્યું. આહા..! **'वंदित्तु सव्वसिद्धे'** માં ભગવાન 'કુંદકુંદાચાર્ય' એમ કહેવા માગે છે તે હું અર્થ કરું છું. હજાર વર્ષ પહેલાથી કહે છે. કેમકે જ્યાં સમ્યગ્દર્શન ને જ્ઞાન ખીલ્યા છે એ કળા બધાને કળી લે છે. આહા..! અહીંયાં સિદ્ધો (કહીને) એક તો સર્વ સિદ્ધ સિદ્ધ કર્યા. એટલે કોઈ એક જ આત્મા માનનારા (એમ માને કે) પવિત્ર થાય એટલે બધા એક જ થઈ જાય છે એનો નિષેધ કર્યો. પવિત્ર થઈ ગયા, પરમાત્મા થયા પછી જુદા શું રહે ? એમ કહેનારનો નિષેધ કર્યો. બાપુ ! દરેક પરમાત્મા અનંતા (છે) એની સત્તા ભિન્ન છે, સર્વ છે, એક છે એમ નહિ. આહા..હા..!

**'સર્વ સિદ્ધોને...'** સંખ્યાતીત અનંત એ બધા સિદ્ધોને. આહા..હા..! મારી અલ્પજ્ઞ પર્યાયમાં એને રાખું છું. આહા..હા..! મારી પર્યાયની પેટીમાં અનંતા સિદ્ધોને બેસાડું, પધરાવું છું. આહા..હા..! મારી અલ્પજ્ઞ પર્યાયમાં અનંત સર્વ સિદ્ધોને બેસાડુ છું. આમંત્રણ કરીને (કહું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છું કે) પ્રભુ અહીંયાં પધારો. આહા..હા..! મારી પર્યાય આપને અહીં રાખવા જેવી લાયકાત (ધરાવે) છે. આહા..હા..! ગજબ કામ કર્યું છે !

શ્રોતા :– અમૃત હી ભર દીયા સાક્ષાત્ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભરી દીધું છે.

**'वंदित्तु सव्वसिद्धे'** ગજબ કામ ! પ્રભુ ! એક તો અનંત સિદ્ધોની સિદ્ધિ કરી. મારા પહેલા અનંતા સિદ્ધો થઈ ગયા છે. એવા સિદ્ધોને સિદ્ધ કરી અને મારી પર્યાય અલ્પજ્ઞ હોવા છતાં એમાં અનંતા સિદ્ધોને સ્થાપુ એટલી તાકાત છે. મારી પર્યાયની એટલી તાકાત છે કે અનંત સિદ્ધોને રાખી શકે. અનંત સિદ્ધો છે એમ પર્યાય રાખી શકે છે. આહા..હા..!

**'સર્વ સિદ્ધોને ભાવ-દ્રવ્ય સ્તુતિથી...'** સિદ્ધ પરદ્રવ્ય છે માટે તેને એકલો દ્રવ્ય નમસ્કાર થાય છે એમ નહિ, એમ કહે છે. આહા..હા..! મારો ભાવ નમસ્કાર ભેગો છે. હું શુદ્ધ પૂર્ણાનંદ પ્રભુ એ આરાધવાને લાયક તે હું અને નિર્વિકલ્પ પર્યાય તે આરાધક પણ હું એવી ભાવસ્તુતિથી મારી પર્યાયમાં સિદ્ધને સ્થાપુ છું. આહા..હા..! વંદન કરું છું. ગજબ ટીકા છે ! આહા..હા..! અત્યારે તો આવી ટીકા ક્યાંય (છે નહિ). આત્મખ્યાતિ ટીકા ગજબ છે !

શ્રોતા :– સ્પષ્ટીકરણ પણ સાહેબ ગજબ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમાં છે. એમાં કેટલું છે ને એમાં ! આહા..હા..!

એવા અનંત સિદ્ધોને મારી અલ્પજ્ઞ પર્યાયમાં એમ હું કોણ એમ નહિ પણ મારી પર્યાય અનંત સિદ્ધને સંઘરી શકે છે. અનંતા સિદ્ધો એટલે અનંતા કેવળજ્ઞાનીઓ, અનંતા સર્વજ્ઞો. એક સર્વજ્ઞને કબૂલે (એમ નહિ) અહીંયાં તો અનંત સર્વજ્ઞને કબૂલે એવી મારી અલ્પજ્ઞ પર્યાયની તાકાત છે. આહા..હા..! ગજબ કામ કર્યું છે ને ! હું ભાવસ્તુતિથી તો સ્થાપુ છું પણ વિકલ્પ દ્વારા પણ સિદ્ધને સ્થાપુ છું. વ્યવહાર. મારી પર્યાયમાં સ્થાપુ છું. આહા..હા..! આમ 'કુંદકુંદાચાર્ય' પાઠમાં કહે છે તેને 'અમૃતચંદ્રાચાર્ય' એમાં આ ભાવ ભરેલા છે તેમ ખોલે છે. આહા..હા..! જેમ ભેંસના આળમાં દૂધ ભર્યું હોય અને બળુકી બાય કાઢે એમ આ પાઠમાં ભાવ ભર્યા છે એ 'અમૃતચંદ્રાચાર્ય' તર્કથી, સ્પષ્ટ તર્કથી તે ભાવને બહાર ખોલે છે. આહા..હા..! એની બલિહારી (છે), બાપા !

ભાવસ્તુતિથી આદર કરું છું એટલે કે ભાવસ્તુતિથી પણ મારી પર્યાયમાં નિર્વિકલ્પ દશામાં તેને સ્થાપુ છું. આહા..હા..! અને વિકલ્પની દશામાં પણ એ અનંતા સિદ્ધોને હું વંદન (કરું છું). પર તરીકે છે એટલે વંદન કરું છું તો વિકલ્પ છે પણ એ વિકલ્પમાં પણ અનંતા સિદ્ધોને હું સ્થાપુ છું. આહા..હા..! આવી વાત. એક વાત (થઈ).

ભાવસ્તુતિથી **'પોતાના આત્મામાં...'** મારા આત્મામાં. આહા..હા...! જુઓ ! તો ખરા માંગળિક કર્યું. અમે અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ, હોં ! એમ કહે છે. અમે અનંતા સિદ્ધનો પ્રસ્તાવ પર્યાયમાં મુક્યો. આહા..હા..! અમે પણ ભવિષ્યમાં સિદ્ધ થવાના છીએ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા..! તો અનંતા... અનંતા... અનંતા... અનંતા... સિદ્ધોને નિર્વિકલ્પ દશા દ્વારા અને વિકલ્પ દ્વારા મારી અલ્પજ્ઞ પર્યાયમાં ને રાગમાં એને સ્થાપુ છું. આહા..હા..! જ્ઞાનમાં તો જાણીને સ્થાપુ છું અને રાગમાં વિકલ્પમાં બહુમાન આવીને સ્થાપુ છું. કારણ કે રાગ કાંઈ જાણતો નથી. આહા..હા..!

એવા અનંતા સિદ્ધ ભગવાનને **'ભાવ-દ્રવ્ય સ્તુતિથી પોતાના આત્મામાં...'** એક વાત **'તથા પરના આત્મામાં...'** આહા..હા..! 'સમયસારે' તો ગજબ કર્યો પ્રભુ ! આહા..હા..! શ્રોતાના પર્યાયમાં, શ્રોતા ભલે અપ્રતિબુદ્ધ હો, હજી અજ્ઞાની છે છતાં પ્રભુ ! તું શ્રોતા તરીકે આવ્યો છો. અમે સંભળાવવા જતાં નથી, શ્રોતા તરીકે સાંભળવા આવ્યો છો. આહા..હા..! આ સ્થિતિને સાંભળવા આવ્યો છો તો તમારી પર્યાયની પણ એટલી લાયકાત અમને લાગે છે કે તે પર્યાયમાં અનંતા સિદ્ધોને અમે સ્થાપીએ છીએ. આહા..હા..! અને તમારા વિકલ્પ દ્વારા પણ અનંત સિદ્ધોને તમારી પર્યાયમાં સ્થાપીએ છીએ. આહા..હા..! ભાવ-દ્રવ્ય બેયથી છે ને ? સ્વ ને પરમાં બેયમાં (સ્થાપે છે). આહા..હા..!

ઓ..હો..! સિદ્ધને હેઠે ઉતાર્યા છે. સિદ્ધ તો ત્યાં છે. પ્રભુ ! અમારાથી દૂર ન રહી શકો. આહા..હા..! અમારી પર્યાયમાં અમે પ્રસ્તાવ મુકીએ છીએ. એનો કાળ આવશે એટલે પૂર્ણ સિદ્ધ થઈ જશું. એમ અહીં તો શ્રોતા માટે પણ એટલું જોર આપે છે. એવા જ શ્રોતાઓને શ્રોતા તરીકે ગણવામાં આવ્યા છે... આહા..હા..! કે જેની અલ્પજ્ઞ પર્યાયમાં પણ સાંભળવા માટે આવ્યા છે. સિદ્ધનું સ્વરૂપ ને આત્માનું સ્વરૂપ સાંભળવા આવ્યા છે તો એની પર્યાયમાં પણ અમે તો અનંતા સિદ્ધને સ્થાપીએ (છીએ) અને એ સ્થાપી શકે છે એવી અમે યોગ્યતા જોઈએ છીએ. આહા..હા..!

**'પરના આત્મામાં સ્થાપીને...'** પ્રભુ ! પણ પર આત્મા છે ને, તમારે શું ? બાપુ ! વિકલ્પ ઉઠ્યો છે ને. **'वोच्छामि'** એમ છે ને ? કહીશ એમ થયું ને ? **'वोच्छामि'** શબ્દ પડ્યો છે. કહીશ એમ છે. ત્યારે કહીશ કોને ? શ્રોતાને. આહા..હા..! હું એને કહીશ. **'वोच्छामि'** એનો અર્થ ભાવાર્થમાં કરશે. યથાસ્થાને જે શબ્દો જોઈએ તે સ્થાને તે શબ્દ આવ્યા છે, એનું નામ પરિભાષણ સૂત્ર કહેવામાં આવે છે. ભાવાર્થમાં આવશે. આહા..હા..!

આત્મામાં સ્થાપીને, પરના આત્માની પર્યાયમાં સ્થાપીને... એવા જ શ્રોતાઓને લીધા છે... આહા..હા..! કે જેની પર્યાયમાં અનંતા સિદ્ધો સંઘરી શકશે. આહા..હા..! એની પર્યાય અનંતા સિદ્ધોને કબૂલશે અને આદર કરશે, એનો આદર કરશે. એવા શ્રોતાઓને શ્રોતા તરીકે ગણ્યા છે. આહા..હા..! અને તે શ્રોતાઓ પણ... આહા..હા..! જ્યારે અનંતા સિદ્ધોને સ્થાપીએ છીએ, પ્રભુ ! અમે જેમ સિદ્ધપણાને પામશું પણ એ ટોળી પણ સિદ્ધપણાને પામશે. આહા..હા..! નહિ પામે એ સવાલ અમારી પાસે છે નહિ. આહા..હા..! શ્લોકમાં નથી આવ્યું કે દેહને, આત્માને ભિન્ન બતાવ્યો. કોણ નહિ માને ? માનશે જ. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવા અસ્તિત્વનું પૂર્ણ સર્વજ્ઞ પર્યાયનું અસ્તિત્વ જ્યાં અમે સિદ્ધ કરીને સ્થાપીએ છીએ... શક્તિમાં તો એ પૂર્ણ છે અને તું પણ શક્તિમાં પૂર્ણ છો પણ પ્રગટ થયેલી પર્યાયને તારી શક્તિમાં છે પણ પર્યાયમાં નથી એથી પર્યાયમાં અમે સ્થાપીને તને પર્યાયમાં સિદ્ધનું લક્ષ (રાખીને) હવે અમને સાંભળજે. આહા..હા..! સિદ્ધનું લક્ષ કરીને આ સાંભળજે. આહા..હા..! જરૂર સિદ્ધ થઈશ. આહા..હા..!

શ્રોતા :- વર્તમાન પર્યાય તો અલ્પજ્ઞ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ***અલ્પજ્ઞ છે પણ એટલી તાકાત છે કે શ્રોતા તરીકે તું આવ્યો છો અને અમને સાંભળવા માટે તું (આવ્યો છો) તો અમે એમ કહીએ છીએ કે તારી પર્યાયમાં અનંતા સિદ્ધોને રાખવાની તાકાત છે. આહા..હા..! હું પરની પર્યાયમાં સ્થાપુ છું એનો અર્થ શું ? તારી પર્યાયની એટલી તાકાત હું જોઉં છું. મારા જ્ઞાનમાં એમ આવ્યું, તારી પર્યાયની એટલી તાકાત છે અને તું પણ એ પ્રમાણે માનીશ. આહા..!*** ગજબ કામ કર્યું છે ને !

આ '**वंदित्तु सव्वसिद्धे**' ! આહા..હા..! વિકલ્પ છે, દ્રવ્યથી તો વાત કરી પણ નિર્વિકલ્પ સહિતનો વિકલ્પ છે. આહા..હા..! એમ તને સાંભળનારની પર્યાયમાં પણ અનંતા સિદ્ધોને અમે સ્થાપીએ છીએ. પ્રભુ ! તું નહિ રાખી શકે એ પ્રશ્ન જ નથી. આહા..હા..! અનંતા સિદ્ધોને પર્યાયમાં સ્થાપીએ છીએ એટલે તારું લક્ષ અલ્પજ્ઞપણે નહિ રહી શકે. આહા..હા..! અનંતા સર્વજ્ઞોને પર્યાયમાં સ્થાપ્યા તો તારું લક્ષ સર્વજ્ઞ ઉપર જશે અને લક્ષ રાખીને હવે અમારું સાંભળજે. આહા..હા..! 'કનુભાઈ' ! આવી વાતું છે. આહા..હા...! ભાગ્ય !

આ 'અમૃતચંદ્રાચાર્ય' હજાર વર્ષ પહેલા '**वंदित्तु सव्वसिद्धे**' નો અર્થ કરે છે. ક્યાં હજાર વર્ષ પહેલા 'કુંદકુંદાચાર્ય' થયા અને 'અમૃતચંદ્રાચાર્ય' તે પણ પોતે છદ્મસ્થ છે. બાપુ ! છદ્મસ્થપણું ન જો. આહા..હા..! અમારો પ્રભુ સર્વજ્ઞ સ્વભાવી અને અમારી પર્યાયમાં અનંતા સર્વજ્ઞોને અમે સ્થાપીને રાખ્યા છે એહવે બહાર નહિ જઈ શકે. આહા..હા..! અમારો આત્મા હવે સિદ્ધથી બહાર નહિ રહી શકે. આહા..હા..! કોણ જાણે શું ભર્યું છે આમાં !! એટલી ભરી છે અંદર શક્તિ અને એનો સંગ્રહ !! ઓહો..હો..!

એવા પરના આત્માને સ્થાપીને. આહા..હા..! અહીં સુધી તો હજી આત્મા કહેનાર ને સાંભળનાર બેના આત્મામાં સ્થાપીને અહીં સુધી વાત કરી. હવે કહેવું છે શું ? સમય નામનું પ્રાભૃત. કહેવું છે સમય નામનું પ્રાભૃત. પછી સમયનો અર્થ પદાર્થ પણ થાય છે. મુળ અર્થ આત્મા થાય છે. આત્મામાં પછી બધા પદાર્થ આવી (જાય છે). આત્માનું જ્ઞાન થતાં, સ્વનું જ્ઞાન થતાં પરનું જ્ઞાન એમાં આવી જાય છે. કેમ કે એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જાણવું એવી પર્યાયની તાકાત છે. જીવની એક સમયની પર્યાયમાં, છ દ્રવ્યમાં અનંતા સિદ્ધો. એક સમયની પર્યાયમાં અનંતા સિદ્ધો ને અનંતા નિગોદો ને અનંતા પરમાણુઓ, અનંતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્કંધો એક સમયમાં પર્યાયમાં જાણવાની શક્તિ છે. આહા..! એવી એક સમયની પર્યાયની આવી તાકાત છે, એવો અનંતી પર્યાયનો ધરનાર ગુણનો ધરનાર પ્રભુ.. આહા..હા..! એના લક્ષમાં રહીને હવે અમારી વાત સાંભળ ! આહા..હા..! સમજાણું કાંઈ ?

**'આ સમય નામના પ્રાભૃતનું ભાવવચન...'** મારા ક્ષયોપશમમાં જે જ્ઞાનની દશા ઉઘડી છે, એ ઉઘડી (દશા) દ્વારા હું કહીશ. નિમિત્ત છે ને ? વાણી અને વિકલ્પ. એ ભાવવચન દ્વારા... ભાવવચન એટલે અહીંયા વિકલ્પ નહિ. ભાવવચન એટલે જ્ઞાનનો વિકાસ જે પર્યાયમાં છે, જે હું 'સમયસાર'ને કહેવા માગુ છું એનું મને જ્ઞાન વિકાસમાં છે, એ વિકાસને અમે ભાવવચન કહીએ છીએ. આહા..હા..! જે 'સમયસાર' કહેવાશે એનું મને અહીં જ્ઞાન છે તો હું કહીશ. તો એ ઉઘડેલા જ્ઞાનને ભાવવચન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? કાલ તો પેલા ડૉકટર હતા ને એટલે વિશેષ સ્પષ્ટીકરણ સમજે નહિ એટલે ન આવ્યું. એ તો બહારમાં ગુંચાઈ ગયા હોય. આ વાતું... બાપા ! આ તો તદ્દન નિવૃત્તિની વાત છે. આહા..હા..!

એની સાથે એમ કહ્યું કે દ્રવ્યવચન એટલે કે વિકલ્પ આદિ. એમાંથી જે પુણ્ય બંધાશે તેમાં ભવિષ્યના ભવમાં બધો સંયોગ અમને ધર્મનો જ મળશે. દ્રવ્યસ્તુતિ થઈ ને ? આહા..! અમે ભગવાન પાસે, ગણધરો, સંતો પાસે કે વાણી (હશે) તે સ્થાને અમે ભવિષ્યમાં જવાના. અમારું પૂરું કરવા. આહા..હા..! ભાવથી તો વર્તમાન અમે નિર્વિકલ્પ સમાધિથી સ્તુતિ કરીએ છીએ પણ વિકલ્પથી પણ કરીએ છીએ. કારણ કે અમને ખબર છે કે હજી આ ભવમાં સર્વજ્ઞ નથી. આહા..હા..! સ્થાપીએ છીએ પણ પર્યાયમાં સર્વજ્ઞપણું આ ભવે નહિ થાય એમ અમને ખબર છે. આહા..હા..! તેથી વિકલ્પમાંથી એવું પુણ્ય બંધાશે કે જ્યાં સર્વજ્ઞ પરમાત્મા હશે, સમવસરણ હશે, ગણધર હશે. એ વિકલ્પના ફળમાં પુણ્ય બંધાયને એવો સંયોગ મળશે. આહા..હા..! સ્વભાવની ધારાથી સ્વભાવ પૂર્ણ થાશે અને વિકલ્પની ધારાથી પૂર્ણને સમજાવનારના સંયોગો પ્રાપ્ત થશે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે, બાપુ !

અરે..! પરમાત્મા સંતોના પેટ મોટા બહુ !! આહા..હા..! એની જ્ઞાનકળા, સમકિતકળા, ચારિત્રકળા એની શું વાતું કરવી !! આહા..હા..! એ મુનિરાજ પોતે આમ કહે છે, હોં ! 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, હજાર વર્ષ પછી થયેલા. પ્રભુ ! પણ તમે તો પ્રભુ પાસે ગયા નહોતા ને ? 'કુંદકુંદાચાર્ય' તો ગયા હતા અને જેથી સમકિતની દશા ભલે ક્ષાયિક ન હો પણ ત્યાં ગયા હતા માટે અપ્રતિહત દશા તો હો પણ તમે ગયા નહોતા ને ? અમે ભાવ ભગવાન પાસે ગયા છીએ. આહા..હા..! અને એમાંથી જ્ઞાનની ધારા આવે છે એ દ્વારા કહેશું. આહા..હા..! મારા વૈભવથી કહેશું, એમ કહે છે. પછી કહેશે કે મને કેવળીએ અને શ્રુતકેવળીએ સંભળાવ્યું છે. નિમિત્તથી કહેશે, ભગવાને અમને સંભળાવ્યું છે. શ્રુતકેવળીઓ સાથે ચર્ચા થઈને સાંભળ્યું છે, પ્રભુ ! આહા..હા..! અમે એવા એકલા પ્રાણી પંચમ આરાના નથી કે... પણ અમે ભગવાન પાસે સાંભળ્યું છે. આહા..હા..! અને સંતો પાસે–શ્રુતકેવળીઓ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પાસે મેં ચર્ચાઓ કરી છે, પ્રભુ ! મારો આત્મા પંચમ આરામાં ભલે હો પણ આવી સ્થિતિમાં હતો ત્યાંથી આવેલો છે. આહા..હા..! ગજબ ટીકા છે ! આહા..હા..!

ભાવ અને દ્રવ્યને સ્થાપીને. સમય નામ **'ભાવવચન અને દ્રવ્યવચનથી પરિભાષણ...'** પરિભાષણનો અર્થ કરશે. જ્યાં જ્યાં જોઈએ ત્યાં ત્યાં તે સ્થાપન કરવું, શાસ્ત્રનું રચવું એનું નામ પરિભાષણ. પરિ (એટલે) સમસ્ત પ્રકારે કહેવું. એટલે જે શૈલીએ, જે પ્રકારે, જે કાળે, જે ક્ષેત્રે એને યોગ્ય શબ્દ હોય તેને રચવા એનું નામ પરિભાષણ. પંચમ આરાના પ્રાણીને માટે કહીએ છીએ અને અમે પંચમ આરામાં છીએ તો એને યોગ્ય પણ પરિભાષણ થશે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'શરૂ કરીએ છીએ...'** ભાષા 'પરિભાષણ કરીએ છીએ' એમ નથી લીધું. શરૂ કરીએ છીએ. જ્ઞાનના વિકાસમાંથી કહેવા માટે શરૂ કરીએ છીએ. આહા..હા..! અમે છદ્મસ્થ છીએ ને શરૂ કરીએ છીએ. આહા..! પણ શરૂ કર્યું એવું એનું પૂર્ણ થઈ ગયું. પૂર્ણ 'સમયસાર' થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ ? કહેવા વખતે એમ કહે, શરૂ કરીએ છીએ, શરૂ કરીએ છીએ. આહા..હા..! પૂર્ણ થવું એને માટે કાળ (જોઈએ) પણ અહીંયાં પૂર્ણ તો થઈ ગયું એને, ૪૧૫ શ્લોક ને ટીકા પૂર્ણ થઈ ગઈ. પૂર્ણ થઈ જશે, પૂર્ણ થઈ જશે. આહા..હા..!

**'પરિભાષણ શરૂ કરીએ છીએ...'** જ્ઞાનની ધારામાં અમારે જે કહેવું છે એ અમે ભગવાન પાસે સાંભળ્યું છે, શ્રુતકેવળી પાસે ચર્ચ્યું છે અને અમને અંદરમાંથી પોતાથી પણ ભાસી ગયું છે. એમાંથી શરૂ કરીએ છીએ. આહા..! ગજબ કરે છે ! કહેશું એમ ન કીધું. પરિભાષણ કરશું (એમ નથી કીધું). ભાઈ ! 'પંડિતજી' શરૂ કરીએ છીએ. ગજબ વાત કરે છે ! શું કહે છે પ્રભુ !! આહા..હા..! **'तं एयत्तविहत्तं दाएहं'** એટલું તો કીધું પણ પાછું કીધું **'जदि दाएज्ज'** જો દેખાડવામાં આવે... હું છદ્મસ્થ છું. આહા..હા..! મારો નાથ અને તારો નાથ એવા આત્માને હું કહેવા માટે શરૂ કરું છું પણ જો દેખાડીશ ને **'तं एयत्तविहत्तं दाएहं'** દેખાડું છું, દેખાડું છું પણ દેખાડીશ તો... આહા..હા..! પ્રભુ ! તું શ્રોતા તરીકે આવ્યો છે, સિદ્ધને સ્થાપ્યા છે. આહા..હા..! અનુભવથી પ્રમાણ કરજે. આહા..હા..!

શરૂ કરીએ છીએ પણ શરૂ કર્યું એ એમને તો પૂર્ણ થઈ ગયું. 'ટોડરમલ્લે' શરૂ કર્યું પણ પૂર્ણ ન થયું. 'મોક્ષમાર્ગ પ્રકાશક' શરૂ કર્યું, પૂર્ણ ન થયું. આ સંત કહે છે કે હું શરૂ કરું છું હજી પણ પૂરું થઈ જશે. આહા..! **'શરૂ કરીએ છીએ–એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે.'** આહા..! એમ શ્રી 'કુંદકુંદાચાર્ય'... આહા..હા..! સંત આચાર્ય એમ વાણી દ્વારા આ કહે છે. છે તો બધી વસ્તુ નિર્વિકલ્પ ને નિર્વિકલ્પ દશામાં સિદ્ધો રહ્યા છે પણ હું આ રીતે વાણી દ્વારા એ વસ્તુની સ્થિતિનું વર્ણન શરૂ કરું છું, શરૂ કરું છું. આહા..હા..!

**'वोच्छामि'** એમ કહ્યું ને ? ભાઈ ! એમાંથી આ કાઢ્યું છે. શરૂ કરીએ છીએ. **'वंदित्तु सव्वसिद्धे'** સર્વ સિદ્ધોને સ્થાપીને મારા ને તારા આત્માને ભાવ અને દ્રવ્ય સ્તુતિથી, ભાવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ને દ્રવ્ય વચનથી... આહા..હા..! શરૂ કરીએ છીએ. આહા..! હું કહું છું એમ ન લેતાં શરૂ કરીએ છીએ એમ શબ્દ છે. પાઠમાં **'वोच्छामि'** શબ્દ પડ્યો છે. (હું) કહું છું. એનો અર્થ 'અમૃતચંદ્રાચાર્યે' આ કાઢ્યો. આહા..હા..! એ ભાવ છે એ જ કાઢેલો છે, હોં ! એ **'वोच्छामि'** કહ્યું ભલે પણ એમાં અર્થ આ છે. આહા..હા..! શરૂ કરું છું, કહેવાનું શરૂ કરું છું. આહા..હા..!

શ્રોતા :– ગાથામાં તો ભાવ-દ્રવ્ય વચન નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વિકલ્પ ઉઠે છે એ દ્રવ્યવચન છે. વિકલ્પ છે એ જ દ્રવ્યવચન છે. વાણી, વાણી તો અસદ્‌ભુત વ્યવહારે દ્રવ્યવચન છે. વિકલ્પ ઉઠે છે એ અંતરજલ્પ છે. નિર્વિકલ્પતા છે એ તો અંતર શાંતિ સમાધિ છે. ભાવનમસ્કાર અને ભાવસ્તુતિ છે. આહા..હા..!

'કુંદકુંદાચાર્ય' કહે છે. 'એમ **'શ્રી કુંદકુંદાચાર્ય' કહે છે.**' 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે આમ 'કુંદકુંદાચાર્ય' કહે છે. આહા..હા..! 'અમૃતચંદ્રાચાર્ય' ટીકાકાર આ કહે છે ને ! થોડું પણ સત્ય અંદર હોય એ હોવું જોઈએ ને ? આહા..હા..! આમ શરૂ કરીએ છીએ એમ કુંદકુંદાચાર્ય કહે છે. એમ 'કુંદકુંદાચાર્ય' કહે છે કે હું સમયસાર કહીશ એમ 'કુંદકુંદાચાર્ય' કહે છે એમ ન લેતા 'શરૂ કરું છું' એમ 'કુંદકુંદાચાર્ય' કહે છે. આહા..હા..! શબ્દે શબ્દની કિંતમ છે અહીં તો ! આ તો સંતોની વાણી છે, આ કેવળીના પેટ જેણે ખોલ્યા છે !! આહા..હા..!

પ્રભુ ! તું પણ મોટો છો. તારી વાતની મોટપ છે, બાપુ ! આહા..હા..! તારી પર્યાયમાં અનંત સિદ્ધોને સ્થાપ્યા હવે તારી પર્યાયની મોટપ (કેવી) ! દ્રવ્યની તો શું વાત કરવી !! આહા..હા..! પણ તારી પર્યાયમાં... આહા..હા..! અનંતા સિદ્ધોને જ્યાં સ્થાપ્યા હવે એને રાગનો આદર રહેશે નહિ. અલ્પજ્ઞમાં એ સિદ્ધને સ્થાપ્યા એ અલ્પજ્ઞપણે રહી શકશે નહિ. આહા..હા..! એ સર્વજ્ઞ સ્વભાવી ભગવાનની વાત પ્રભુ કરશે તો સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ અને સર્વજ્ઞ થઈશ. આહા..હા..! નિઃશંક, નિઃસંદેહ એમ તું જાણ. આહા..હા..!

અમે ભવી હશું કે અભવી હશું ? રહેવા દે એવી વાત. કોણે કીધી છે તને એવી ? આહા..હા..! ભવી, અભવીની માર્ગણાનો નિષેધ કર્યો છે. માર્ગણામાં ભવી, અભવી નહિ. આત્મા ભવી નથી ને અભવી નથી. ભવી હોય તો સિદ્ધમાં પણ ભવીપણું રહેવું જોઈએ, સિદ્ધમાં ભવીપણું રહેતું નથી. સિદ્ધપણામાં ભવીનો અભાવ છે. કારણ કે ભવ્યની યોગ્યતા હતી તે પ્રગટ થઈ ગઈ. હવે ભવ્યપણું સિદ્ધમાં નથી. અભવ્ય તો છે જ નહિ પણ સિદ્ધમાં તો ભવી ને અભવી બેય નથી. આહા..હા..!

આ કહે છે, અમે વાત કરીએ છીએ ત્યાં તું ભવી, અભવીનો પ્રશ્ન જ રાખીશ નહિ. પણ મને સિદ્ધ થવા અનંત કાળ થશે એ પણ રાખીશ નહિ. આહા..હા..! જેમ સિદ્ધ થવાને સમકિત પછી તો અસંખ્ય સમય જ જોઈએ, અનંત સમય ન જોઈએ. આહા..હા..! એમ અહીંયાં અમે સ્થાપીએ છીએ તો પ્રભુ ! વિશ્વાસ કરી દે જે, અંદર વિશ્વાસ કરજે કે આ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આત્માને આવી વાત સાંભળવા મળતી અને અમે જ્યારે સાંભળવાને લાયક છીએ એમાં આ અનંતા સિદ્ધોને પ્રભુએ અમને સ્થાપ્યા અને અમારી યોગ્યતા દેખીને તેને સ્થાપ્યા છે. આહા..હા..!

શ્રોતાઓને સાગમટે નોતરું આપ્યું છે. સાગમટે નોતરું એટલે સમજ્યા ? બધા, બધા આવજો, એમ. અમારા કાઠિયાવાડમાં સાગમટે નોતરું એને કહીએ કે આખું ઘર જમવા આવજો એને સાગમટે નોતરું કહેવાય. કંદોરાબંધ જમણ કહે તો જુવાનીયા આવે, કન્યાનું કહે તો કન્યા આવે. એવા ત્રણ પ્રકાર છે. જમણની વિધિના ત્રણ પ્રકાર. છે ને ત્રણ છે ને ? 'ટોળિયા' ! અહીં સાગમટે નોતરું છે. આહા..હા..! પ્રભુ ! બધા શ્રોતાઓ... આહા..હા..! સિદ્ધપદને થવાને તમે લાયક છો, હોં ! તેથી તમને અમે સિદ્ધ સ્થાપીએ છીએ, પ્રભુ ! આહા..હા..! અને તે વાતને શરૂ કરીએ છીએ. એટલે કે તારે પણ ત્યાં સુધી સાંભળવા તૈયારી રાખવી પડશે. શરૂ કરીએ છીએ એટલે પછી થાય ત્યાં સુધી તારે ધ્યાન રાખવું પડશે. આહા..હા..!

**'એ સિદ્ધ ભગવંતો,...'** હવે જે સિદ્ધ સ્થાપ્યા. પોતાની પર્યાયમાં ને આત્માની સામાની પર્યાય, શ્રોતાની પર્યાયમાં જે સિદ્ધને સ્થાપ્યા, **'એ સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા...'** પોતાનો આત્મા સાધ્ય છે એના સ્થાનમાં સિદ્ધ છે. સિદ્ધ પણ સાધ્ય છે જેમ આત્મા સાધ્ય છે તેમ. સિદ્ધપણું સાધવું છે. એમ અહીંયાં આત્મા સાધવો છે એ આત્મા સિદ્ધને સાધવો છે. આહા..! **'સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે,...'** આહા..! સિદ્ધપણાને લીધે, સાધ્ય આત્માના પ્રતિચ્છંદ. પ્રભુ ! પૂર્ણ તમે છો. તો સામે (પડઘો પડ્યો) પ્રભુ ! તું પૂર્ણ છો. પ્રતિચ્છંદ (અર્થાત્) સામે અવાજ ધ્વનિ સામો ધડાકા મારે છે. આહા..! પૂર્ણ તમે આનંદના નાથ છો (એમ કહ્યું) તો અવાજ સામો પ્રતિચ્છંદ આવે છે–પૂર્ણ અનંત આનંદના નાથ તમે છો. આહા..હા..! જેટલા સિદ્ધને માટે વિશેષણો કહેવામાં આવે એનો સામો અવાજ ધ્વનિ પ્રતિધ્વનિ ઉઠે છે કે તું તેવો છો. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે,...'** સિદ્ધપણાને લીધે. પૂર્ણ સિદ્ધ થઈ ગયા છે ને એને લીધે. **'સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે,..'** આત્મા સાધ્ય છે તેના પ્રતિસ્થાને સિદ્ધ છે. **'જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો...'** જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો. અભવ્ય કાઢી નાખ્યા. આહા..હા..! **'ચિંતવન કરીને,...'** અંદરનું ધ્યાન કરીને. આહા..હા..! **'સંસારી ભવ્ય જીવો જેમના સ્વરૂપનું ચિંતવન કરીને...'** સિદ્ધ જેવા છે એવો જ હું છું. આહા..હા..! મારી જાતમાં ને પ્રભુની જાતમાં ફેર નથી. આહા..હા..! એમ ચિંતવન કરીને સિદ્ધના સ્વરૂપમાં (અને) પોતાના સિદ્ધ આત્મામાં ચિંતવન કરીને... **'તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને,...'** સિદ્ધ સમાન પોતાના સ્વરૂપનું ધ્યાન કરીને. જોયું ? મૂળ તો અહીં લઈ જવું છે. ચિંતવન ભલે એના (સ્વરૂપનું કરે) પણ અહીં તો આમ લઈ જવું છે. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને,...'** આહા..હા..! જેમ બાળક એની માને ધાવે છે એમ આનંદનું ધ્યાન કરીને–ધ્યાઈને... આહા..હા..! છે ? **'પોતાના સ્વરૂપને ધ્યાઈને...'** પોતાના સ્વરૂપને ધ્યાઈને... આહા..હા..! સ્વરૂપને ધ્યેય બનાવીને ધ્યાનમાં ધ્યાઈને... આહા..હા..! સ્વરૂપને ધ્યાનમાં ધ્યેય બનાવીને, ધ્યાનમાં ધ્યાઈને (અર્થાત્) એનો રસ લઈને... આહા..હા..! **'તેમના જેવા થઈ જાય છે...'** તેમના જેવા થઈ જાય છે. અહીં ન થાય એનો પ્રશ્ન આમાં છે જ નહિ. આહા..હા...!

સિદ્ધનું ધ્યાન. આત્મા સાધ્ય તેના પ્રતિચ્છંદના સ્થાને છે. જેવા તમે સિદ્ધને કહેશો તેવો જ તમારો આત્મા છે. એવા આત્માને સિદ્ધના સ્વરૂપનું ચિંતવન કરી, પહેલું ચિંતવન (કરીને) પછી અંદર ધ્યાન કરીને... અંતરના પૂર્ણ સ્વભાવને ધ્યાઈને... આહા..હા..! ધ્યાઈ એટલે ધ્યાનમાં તેના આનંદને લઈને. આહા..! માતાના આંચળમાંથી જેમ બાળક દૂધ પીવે એમ આત્માના અંદર આનંદમાંથી તે ધ્યાવીને, આનંદને પીને... આહા..હા..! એક જણો કહે કે આ 'સમયસાર' હું પંદર દિ'માં વાંચી ગયો. તમે બહુ વખાણ કરો છો. બાપુ ! પણ એ પંદર દિ'માં વાંચી ગયો. ભાઈ ! એની એક એક કડી... બાપા !

શ્રોતા :– વાંચી ગયો હતો, સમજ્યો નહોતો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સમજે શું ? ધૂળ સમજે. એમ કહે, તમે 'સમયસાર'ના બહુ વખાણ કરો છો પણ હું વાંચી ગયો. બાપા ! અંગ્રેજીના શબ્દો એ-બી, એ-બી, એ-બી એમ કરીને વાંચી ગયો પણ એનું... બાપુ ! એની એક એક કડી, એક એક ગાથા... બાપુ ! આ તો સંતોની અમર વાણી છે, અમર વાણી, અમર થવાની વાણી છે. આહા..હા..! એ વાણી અફર છે. એમ તને અફરપણું, સિદ્ધપણું થાય એ અફર વાત છે. આહા..! શ્રોતાઓને એમ કહે છે. આહા..હા..!

**'તે સમાન પોતાના સ્વરૂપને...'** જોયું ? સિદ્ધ સમાન **'પોતાના સ્વરૂપને ધ્યાઈને...'** આહા..હા..! **'તેમના જેવા થઈ જાય છે...'** સિદ્ધ જેવા થઈ જાય છે. આહા..! જે સિદ્ધનું ચિંતવન કરે એને વંદન અમે કેમ કર્યું ? આદર કેમ કર્યો ? - કે એનું ધ્યાન ચિંતવન કરીને, એના આત્માનું ધ્યાન કરીને એના જેવા થઈ જાય છે. માટે **'वंदित्तु सव्वसिद्धे'** સિદ્ધોને આત્મામાં સ્થાપ્યા એણે વંદન કર્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! ગજબ વ્યાખ્યા છે !

**'ચારે ગતિઓથી વિલક્ષણ...'** આહા..હા..! ચારે ગતિ દુઃખરૂપ છે, ભાઈ ! મનુષ્યગતિ, સ્વર્ગગતિ પણ દુઃખરૂપ છે, પરાધીન છે. જે સિદ્ધના સ્વરૂપને તારી પર્યાયમાં સ્થાપ્યા, અમારી પર્યાયમાં સ્થાપ્યા એનું સિદ્ધનું ચિંતવન કરીને... મારું સ્વરૂપ એવું છે એવું અંતર આત્માનું ધ્યાન કરીને સિદ્ધ ગતિને પામશે જ ! આહા..હા..! **'ચાર ગતિઓથી વિલક્ષણ...'** ચાર ગતિમાં એનું કોઈ લક્ષણ મળે એવું ચાર ગતિમાં નથી, એનાથી વિલક્ષણ છે. સિદ્ધની ગતિ એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો કોઈ વિલક્ષણ છે. આહા..હા..! વિપરીત લક્ષણ એમ નહિ પણ કોઈ જુદી જાતનું એનું વિ-લક્ષણ છે. આહા..હા..! અરે..રે..!

આ વાત કેવળી પરમાત્મા જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ... કહેશે અમે એની પાસે સાંભળીને અહીં આવ્યા છીએ. આહા..! પ્રભુ બિરાજે છે. આહા..! એની પાસેથી અમે સાંભળ્યું છે. કાંઈક શંકા આદિ હોય તો શ્રુતકેવળીઓ પાસે ચર્ચા કરીને અમે સમાધાન કર્યા છે. આહા..હા..! એ અમે આ ત્રિલોકનાથનો સંદેશ સંભળાવીએ છીએ. આહા..હા..! સાંભળનારાઓને કહે છે, સિદ્ધને કેમ મેં સ્થાપ્યા અને વંદન કેમ કર્યું ? ભાવ-દ્રવ્ય સ્તુતિ કેમ કરી ? - કે એનું ચિંતવન કરી અને એના સ્વરૂપ જેવું મારું સ્વરૂપ છે એમ અંતરમાં ધ્યાન કરી ધ્યાઈને સિદ્ધ જેવા થઈ જાય છે. આહા..હા...! અને એ સિદ્ધ ચાર ગતિથી વિલક્ષણ છે. છે ?

**'પંચમગતિ મોક્ષ તેને પામે છે.'** ચારે ગતિઓથી વિલક્ષણ. આહા..હા...! (સિદ્ધ) પણ એક ગતિ છે, પર્યાય છે, દ્રવ્ય-ગુણ નહિ, દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. અહીં તો પંચમગતિને પામે છે ને ? પર્યાયને પૂર્ણ મોક્ષ દશાને પામે છે. આહા..હા..! પંચમગતિ એવો જે મોક્ષ તેને પામે છે. એટલે સિદ્ધ પર્યાયને પામે છે. સ્વરૂપ સિદ્ધ જેવું તારું છે એ પર્યાયમાં તને સ્થાપ્યું, એનું ચિંતવન કરી, સ્વરૂપનું ધ્યાન કરી, પંચમગતિ મોક્ષને (પામે છે). એ પણ એક ગતિ પર્યાય છે (તેને) પામે છે. મોક્ષ ગતિની પર્યાયને તે (પામે છે). મોક્ષ કોઈ ગુણ નથી. ગુણ ને દ્રવ્ય તો ત્રિકાળ છે, પામે છે એ પર્યાય હોય. આહા..હા..!

**'પંચમગતિ મોક્ષ તેને પામે છે.'** હવે પહેલા જે અંદર વિશેષણ આપ્યા હતા... ગાથાના અર્થમાં, ગાથાના અર્થમાં વિશેષણ પહેલા આપ્યા હતા. એને હવે આપે છે કે એ મોક્ષ ગતિ છે કેવી ? જે મોક્ષપર્યાય પામે છે, નવી પામે છે, હતી નહિ, નહોતી. શક્તિરૂપે સિદ્ધ હતું પણ મોક્ષની પર્યાયરૂપે કોઈ દિ' નહોતું. અભૂતપૂર્વ-પૂર્વે નહિ થયેલી એવી મોક્ષ પર્યાયને પામશે, પામશે. આહા..હા..! તે મોક્ષ ગતિ કેવી છે એની વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

*** ભાઈ ! તારા માહાત્મ્યની શી વાત ! જેનું સ્મરણ થતાં જ આનંદ આવે એના અનુભવના આનંદની શી વાત ! અહો ! મારી તાકાત તે કેટલી ? જેમાં નજરું નાખતાં નિધાન ખુલી જાય એ તે વસ્તુ કેવી ? રાગને રાખવાનો તો મારો સ્વભાવ નહિ, પણ અલ્પજ્ઞતાને પણ હું રાખી શકું નહિ-એમ એને પ્રતીતિ આવતાં, હું સર્વજ્ઞ થઈશ ને અલ્પજ્ઞ નહિ રહી શકું એમ એને ભરોંસો આવી જાય છે. ૪૨૮.**

**– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી નિયમસાર, ગાથા–૧૪૪, પ્રવચન નં. ૧૪૪
## તા. ૦૪-૦૮-૧૯૬૬
## [૨૪]

આત્મા જ્ઞાન-દર્શન આદિ સ્વભાવથી સંપન્ન સ્વરૂપ છે. એને આશ્રયે રાગ રહિત સ્વભાવની એકાગ્રતાની આવશ્યક નામ જરૂરીયાતવાળી જે ક્રિયા - સામાયિક, તીર્થંકર આદિની સ્તુતિ વગેરે એ આત્માના શુદ્ધ સ્વભાવની એકાગ્રતા રાગ વિનાની દશા એને અહીંયાં સાચા આવશ્યક, સાચી ધાર્મિક જરૂરવાળી ક્રિયા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? એનાથી વિરુદ્ધ અશુભભાવને વશ થયેલા જીવો સાધુ નામ ધરાવતા હો કે ગૃહસ્થ નામ ધરાવતો હો, અશુભભાવને તાબે પડેલા એ પરવશ પરાધીન ક્રિયાવાળા છે, એને ધાર્મિક ક્રિયા હોતી નથી.

હવે ૧૪૪મા (કહે છે), શુભભાવને આધીન થયેલા એ પણ પરવશ છે, મિથ્યાદૃષ્ટિ છે. એને શુદ્ધ સ્વભાવ ભગવાનઆત્મા એને આશ્રયે ઉત્પન્ન થયેલી શુદ્ધ ધાર્મિક ક્રિયાનું એને ભાન નથી. એમ આ ૧૪૪મા કહેશે.

**जो चरदि संजदो खलु सुहभावे सो हवेइ अण्णवसो।**
**तम्हा तस्स दु कम्मं आवासयलक्खणं ण हवे।।१४४।।**

**સંયત રહી શુભમાં ચરે, તે શ્રમણ છે વશ અન્યને;**
**તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૪.**

આ મોટા ઝઘડા ચાલે છે અત્યારે. અનાદિનું છે આ તો 'કુંદકુંદાચાર્યે' કહ્યું છે, ભાઈ ! **'અહીં પણ (આ ગાથામાં પણ), અન્યવશ...'** નામ ભગવાનઆત્મા પવિત્ર સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ એને તાબે - વશે નહિ થયેલા અને એકલી ક્રિયાકાંડના શુભ પરિણામમાં વશે થયેલા (છે) એને અન્ય વશ ને તેને અશુદ્ધ-અંતરાત્મા કહે છે. અશુદ્ધ આત્મા એટલે મિથ્યાદૃષ્ટિ. સમજાણું કાંઈ ? અશુદ્ધ-અંતરાત્મા શબ્દ વાપર્યો છે. અંદરમાં શુભભાવ છે પણ આત્માને આશ્રયે જે દૃષ્ટિ–શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ જોઈએ એ એક ક્રિયા તે આવશ્યક ક્રિયા છે. જરૂરીયાતવાળી એ ક્રિયા ધાર્મિક છે, એ ધાર્મિક ક્રિયાને ન જાણતા **'જે (શ્રમણ)...'** સાધુ નામ ધરાવીને, એમ ગૃહસ્થ નામ ધરાવીને ભેગું લઈ લેવું.

**'ખરેખર જિનેન્દ્રના...'** જુઓ ! ભાષા અહીં છે. અન્યમતિની વાત (નથી). અહીં તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'જિનેન્દ્રના વદનારવિંદમાંથી નીકળેલા...'** વદન એટલે મુખ ને અરવિંદ એટલે કમળ. સર્વજ્ઞ પરમેશ્વર એના મુખકમળમાંથી, **'નીકળેલા પરમ-આચાર-શાસ્ત્રના ક્રમથી...'** વ્યવહાર શાસ્ત્રો જે છે એમાં કહેલું. સર્વજ્ઞે કહેલી, જિનેન્દ્રે કહેલી શુભ ક્રિયા, વ્યવહારથી. એ **'(રીતથી) સદા સંયત રહેતો થકો...'** સદા તેના શુભભાવમાં સંયત રહેતો થકો. શુભભાવ. શુભભાવ છે ને. બધા પરમ જ છે અહીં તો. આચાર્ય પણ પરમ, આત્મા પણ પરમ, ક્રિયા પણ પરમ, અશુદ્ધતા પણ પરમ ! અહીં બધું પરમ જ છે.

**'શુભોપયોગમાં ચરે-પ્રવર્તે છે;...'** જે કોઈ સાધુ અને ધર્મી ગૃહસ્થ નામ ધરાવીને શુભ પરિણામમાં, રાગની મંદતામાં, કષાયની મંદતાના પુણ્ય પરિણામમાં, શુભ રાગમાં વર્તે છે. **'વ્યાવહારિક ધર્મધ્યાનમાં પરિણત રહે છે...'** જુઓ ! ભાષા વાપરી. રાગની શુભ લાગણી, શુભભાવ, પુણ્યભાવ એને વ્યવહાર ધર્મધ્યાન કહે છે પણ વ્યવહાર ધર્મધ્યાનમાં પરિણત રહે છે. શુભભાવે પરિણમેલો છે. એકલી દેહાદિની ક્રિયા (કરે છે) એમ નહિ. સમજાણું કાંઈ ? જેને અંદરમાં રાગ, કષાયની મંદતાના શુભભાવ છે એવાથી પરિણત છે. વ્યવહાર ધર્મધ્યાન કીધું. છે મિથ્યાદૃષ્ટિ. આગળ કહેશે નિશ્ચય ધર્મધ્યાન, શુકલધ્યાનને તે જાણતો નથી. સમજાણું કાંઈ ?

**'એ વ્યાવહારિક ધર્મધ્યાનમાં પરિણત રહે છે...'** શી રીતે એનો વિસ્તાર કરશે. **'તેથી *ચરણકરણપ્રધાન છે;...'** તેથી તેને શુભ આચરણના પરિણામ જેને પ્રધાન નામ મુખ્ય છે. રાગની મંદતાના શુભ રાગ, પુણ્યભાવ જેને (છે), આચરણના પરિણામ, જેને શુભ આચરણના પરિણામની મુખ્યતા છે. શુભ આચરણ–શુભભાવ. દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજા એવો જે રાગ, મંદતાનો શુભભાવ એને વશ થયેલો છે તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ ?

**'*ચરણકરણપ્રધાન છે;...'** જે સાધુ થયો છે, દ્રવ્યલિંગ નગ્ન ધારણ કર્યું છે અને શાસ્ત્રમાં - વ્યવહાર શાસ્ત્રમાં કહેલા... જુઓ ! જિનેન્દ્રના મુખમાંથી નીકળેલા (એમ કહ્યું છે). અજ્ઞાનીના કહેલાની વાત પણ અહીં નથી. એવા આચાર-શાસ્ત્રના રીતથી **'સદા સંયત રહેતો થકો...'** સદાય શુભભાવમાં રહેતો થકો, અશુભભાવ જે થવા દેતો નથી. કહો, 'નિહાલભાઈ' ! ભારે આકર્ષણ, ભાઈ ! ત્રીસ, પાંત્રીસ વર્ષથી લીલોતરીનો ત્યાગ કરે છે, કહે છે. રસ ખાતો નથી એમ કહે છે.

શ્રોતા :– કોણ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– સાધુ. રસ ન ખાય, દૂધ, દહીં, ખાંડ, સાંકર (ન ખાય). કહે છે, શુભભાવમાં સંયત રહે છે, શુભભાવમાં. **'વ્યવહારિક ધર્મધ્યાનમાં પરિણત રહે છે...'** પરિણત પાછા, હોં ! શુભભાવ પરિણમે છે. એમ કે આ ક્રિયા કરે છે ને અંદર રાગની મંદતા નથી એમ નહિ. શરીરક્રિયાની વાત નથી. રાગની, લોભના મંદ પરિણામ છે, શુભ રાગમાં વર્તે છે, શુભ ધર્મધ્યાનમાં પરિણમે છે પણ એને વશ થયેલો તે મિથ્યાદૃષ્ટિ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભારે આકરી વાત. ભાઈ ! આ વ્યવહાર કાંઈક વ્યવહાર કરતાં કાંઈક કાંઈક કરે એનો કાંઈ લાભ ખરો કે નહિ ? આ બધા દુકાનના ધંધા છોડીને બેસે, એય.. 'નટુ' ! દુકાનના ધંધા છોડે, આ કરે, વળી દયા પાળે, વ્રત પાળે, અપવાસ કરે, બાઈયું બધી વર્ષિતપ કરે, લ્યો ! લાખોપતિની દીકરીઓ ને વહુ અને તે પણ એમાં રાગની મંદતા હોય એને શુભભાવ હોય; તોપણ એ વિકાર છે અને એને વશ થઈ છે એ ચિદાનંદ સ્વભાવને વશ નથી માટે તેને મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે. આહા..હા...! કહો, 'નેમિદાસભાઈ' ! ભારે આકરું. શું કલકત્તામાં કર્યું હશે ? પટલાઈ, લોહીની પટલાઈ કહે છે ને ? એવી. આહા..હા..!

ભાઈ ! આત્મા વસ્તુ છે મહા સચ્ચિદાનંદ પ્રભુ (છે). જેમાં શાશ્વત આનંદ ને જ્ઞાન શુદ્ધ ભાવે ભર્યાં છે. એવો ભગવાનઆત્મા એનો આશ્રય કરીને તાબે ન થાય અને તાબે થાય તો એને શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટ્યા વિના રહે નહિ. એવી દશા સ્વને વશે થાય છે. એવી (દશા) નહિ કરતાં ફક્ત પરવશના શુભભાવમાં તાબે થઈ અને એમ માને છે કે અમે કાંઈક ધર્મ કરીએ છીએ, સાચો ધર્મ કરીએ છીએ. છે શુભભાવ ખોટો ધર્મ. કહો, સમજાણું કાંઈ ?

કહે છે કે **'ચરણકરણપ્રધાન છે;...'** જેને શુભ ક્રિયાકાંડના પરિણામ જ મુખ્ય વર્તે છે. શુદ્ધ ચિદાનંદ આત્મા જેની દૃષ્ટિમાં મુખ્ય વર્તવો જોઈએ (તે વર્તતો નથી). જ્ઞાયક આનંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ ચૈતન્ય છે. એ સચ્ચિદાનંદ સત્ શાશ્વત આનંદનો, અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા છે. એને વશ થઈને શાંતિ પ્રગટ કરવી ને એને મુખ્ય રાખવો જોઈએ એમ ન રાખતા, જેની ક્રિયાના શુભ પરિણામ જેને મુખ્ય થઈ ગયા છે, એમ અહીં કહે છે. સમજાય છે કાંઈ ? એ શું કરે છે ?

**'સ્વાધ્યાયકાળને અવલોકતો થકો...'** સ્વાધ્યાયનો કેવો કાળ છે, શાસ્ત્ર સ્વાધ્યાય બરાબર કરવી, કાળે વિનયે... સમજાય છે ? સવાર, સાંજ જ્યારે ... સંધ્યા હોય ત્યારે નહિ, કોઈ એવી પ્રતિકૂળતા હોય તો નહિ. એમ સ્વાધ્યાય કાળને ગોતે. એવા સારા સ્વાધ્યાય કાળ હોય ત્યારે સ્વાધ્યાય કરવી. એ શુભભાવ છે. એને તાબે થયેલો છે પણ ભગવાનઆત્મા શુદ્ધ છે એને વશ થયો નથી. 'માસ્તર' ! આ આકરી વાત છે. રાડ પડે એવું છે ? હવે તમારે હવે શું છે ? પહેલા (સંવત) ૧૯૯૯ માં રાડ પડે એવું હતું. કહો, સમજાણું કાંઈ ? આહા..હા..!

ભગવાનઆત્મા આમ જ્ઞાનાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય આત્મતત્ત્વ છે. એમાં ત્રણ પ્રકારના ભાવ થાય. એક હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, આ રળવાના કામ એ બધા પાપભાવ; આ જે દયા, દાન, શાસ્ત્રને ગોતીને વાંચવું, સ્વાધ્યાય બરાબર કરવી એ બધો શુભભાવ છે; અને આત્મા આનંદકંદ શુદ્ધ ચૈતન્યને અંતરમાં એકાકાર થઈને શુદ્ધતા પ્રગટ કરવી, શુભ ને અશુભ રહિત એ શુદ્ધતા તે ધર્મ છે. સમજાણું કાંઈ ? તમારા ભત્રીજાએ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'કલકત્તા'માં સાંભળ્યું પણ નહિ હોય. શુભભાવ સાંભળ્યો છે. એના મોટા બાપાએ સાંભળ્યું નહોતું તો આ ક્યાંથી લાવે ? આહા..હા..! આ સંપ્રદાયમાં એક જ ઘુંટાય છે. 'ન્યાલભાઈ' !

ભાઈ ! એ શુભભાવ હો. એ પુણ્યબંધનું કારણ છે. જ્યાં આગળ પરલક્ષી ક્રિયાના ભાવ થાય છે એ બધા શુભ છે, પુણ્ય છે, પરાધીન થયેલી લાગણી છે, એ આત્માને બંધનનું કારણ છે. એવા ભાવને તાબે થવું તે મિથ્યાદૃષ્ટિ છે. સત્ય સ્વરૂપ ભગવાનઆત્મા જ્ઞાનાનંદની જ્યોત શુદ્ધ ચૈતન્યમૂર્તિ એને તાબે થવું તે સમ્યગ્દર્શન છે કારણ કે સત્ય સ્વભાવને વશ થવું તે સત્ય ભાવ છે. આવા શુભભાવને તાબે થવું અને માનવું કે અમે કાંઈ ધર્મ કરીએ છીએ એ મિથ્યાદૃષ્ટિ, દુઃખદૃષ્ટિ, પાપદૃષ્ટિ છે. આ આકરું લાગે છે, ભાઈ ! લ્યો ! આ 'સોનગઢ'નું છે ? લોકો કહે છે, આ 'સોનગઢ' નું છે. પણ આ કોનું છે ? સમજાણું કાંઈ ? 'સોનગઢ'વાળા આમ કહે છે, 'સોનગઢ'વાળા આમ કહે છે, 'સોનગઢ'ના નેતા આમ કહે છે વળી એમ કેટલાક એમ નાખે. નાખને તારે નાખવું હોય એટલું.

ભગવાન ત્રણલોકના નાથ એમ કહે છે કે મારા મુખારવિંદથી નીકળેલી વ્યવહાર ક્રિયાકાંડની જે વ્યાખ્યા એને જે કરે ને એને તાબે થાય છે (તેને) અમે કહીએ છીએ કે તે મિથ્યાદૃષ્ટિ છે. ભારે વાત. આકરું લાગે એવું છે, લ્યો ! કહે કે પણ ત્યારે કાંઈક આચરણ આટલા આટલા આચરણ કરીએ, પચાસ પચાસ વર્ષ સુધી લીલોતરી ન ખાય, કેરી ન ખાય, શરીરથી બ્રહ્મચર્ય પાળે, સમજ્યા ને ? ... કહો, 'જ્ઞાનચંદજી' ! કાંઈ એનું ફળ હશે કે નહિ ? કાંઈ કાંઈ આત્માને મદદ કરવામાં એ સાધન નહિ ? પછી એકાંત લાગે, હોં ! એ... 'નેમિદાસભાઈ' ! એકાંત છે, એકાંત. કાંઈક અનેકાંત બીજું હોવું જોઈએ. એનાથી પણ કાંઈક લાભ થાય તે અનેકાંત. અહીં કહે છે કે એનાથી લાભ થાય એ મિથ્યા અનેકાંત છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

કહે છે, **'સ્વાધ્યાયકાળને અવલોકતો...'** પાછો, હોં ! બરાબર આમ ધ્યાન રાખે. સવારે આમ થાય, બપોરે આમ હોય ત્યારે સ્વાધ્યાય નહિ કરવી, કોઈ માણસ મરી ગયો હોય તો શાસ્ત્રના સ્વાધ્યાય ગોતીને, વિચારીને કરે. એ શુભભાવ છે, ધર્મ નહિ. **'સ્વાધ્યાયક્રિયા કરે છે, પ્રતિદિન ભોજન કરીને ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન કરે છે,...'** મુખ્ય સાધુની વાત છે ને ! ગૃહસ્થને લેવું. સાંજે ચોવિહાર કરે, ચારપણાના આહાર કરવા નહિ, દરરોજ પચાસ પચાસ વર્ષથી, દસ વર્ષની ઉંમરથી (કરતા હોય), લ્યો ! કહો, પેલા નહોતા આપણે ? ભાઈ ! 'મનસુખ તારાચંદ' ડૉક્ટર. ડૉક્ટર આપણે આવ્યા હતા ને અહીંયાં ? આંખના ડૉક્ટર. કરોડપતિ, 'મનસુખ તારાચંદ'. આંખનું હતું ત્યારે નહોતા આવ્યા ? પંદર, પંદર દિ' અહીં રહ્યા છે. 'આફ્રિકા'માં ગુજરી ગયા ને ? કરોડપતિ. છોકરાઓની પાસે આઠ, આઠ, દસ લાખની પેદાશ. અહીં બિચારા સાધારણ (રીતે) બેસે. પંદર દિ' અહીં રહ્યા. રાત્રે જાગે. ઑપરેશન કર્યું ને ? એણે ન કર્યું, મોટા ડૉક્ટરને બોલાવ્યા, એના ગુરુ એ પોતે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સર છે. શું કહેવાય એ ? સર્જન. નરમ માણસ, હોં ! (એ કહે), હું તો નાની ઉંમરથી ચોવિહાર કરું છું. બહુ નાની ઉંમરથી (રાત્રે) આહાર, પાણી બિલકુલ નહિ. એક મહિનાના ચાર અપવાસ કાયમ, હોં ! આટલી ઉંમરે, એક મહિનાના ચાર અપવાસ. સવારમાં હંમેશા એ માનેલી સામાયિક (કરે). 'મનસુખભાઈ તારાચંદ' હતા. આંખનું હતું ત્યારે પંદર દિ' રહેલા. ખાટલો નાખીને સુતા. આહાર કરવા વખતે મારી જોડે હેઠે બેસે. રોટલી ... બહુ નરમ માણસ, હોં ! આ વાત સાંભળી તો કહે, હાય..હાય..! આ તો બધું ખોટું નીકળ્યું. પણ નરમ માણસ, મેં બિચારાને ઘણું કહ્યું, હવે છોડો.. છોડો. ત્યાં વળી હજી પરોપકાર કરવા નીકળ્યા.

ત્યાં અઢાર લાખનું નાખ્યું છે ને ? 'સુરેન્દ્રનગર'. મોટું આખંનું દવાખાનું. પચાસ હજાર પોતે કાઢ્યા હતા ને એમ કહે અઢાર લાખનું કર્યું પોતે ભેગું કરીને. હવે કીધું આ મુકી દ્યો ને. એક લપમાંથી કાઢ્યા તો બીજી લપમાં પડ્યા પાછા. જાણે પરોપકાર કર્યા. ધૂળમાંય નથી પરોપકાર. સાંભળે ખરા, પણ રસ જાય નહિ અંદરથી. પછી કામ કરવાનું રહ્યું નહિ, રળવા માટેનું કાંઈ રહ્યું નહિ.. બે હજાર રૂપિયા મહિને છોકરા પાસેથી ખરચાના લે. મોટા ગૃહસ્થ. આંખ ઉતારવા આવ્યા હતા. બહુ નરમ માણસ. મોટો ડૉક્ટર પેલો 'ચિટનીસ' મુંબઈમાં, એનો ગુરુ કહેવાય. ઘણું કહ્યું. આ કરવા જેવું છે, એમ કહે. મરી ગયા. એકમાંથી નીકળીને ધંધો છોડીને પાછો આ ધંધો માંડ્યો. કો'કનું કરીએ. ધૂળેય કરી શકતા નથી, મફતના શેના માંડ્યા ?

અઢાર લાખના મોટા કર્યા... શું કહેવાય ? ઇસ્પિતાલ. ઉદ્‌ઘાટનમાં કોઈક મોટાને બોલાવ્યા હતા. ઉદ્‌ઘાટન કર્યું. લોકો કેટલા વખાણ કરે ! શું પરોપકારી 'મનસુખભાઈ' ! અને આંખનો યજ્ઞ... શું કહેવાય એ ? નેત્ર યજ્ઞ.. નેત્ર યજ્ઞ કરે ત્યારે હજારોના પોતે ઉતારે, હોં ! ફટ... ફટ... ફટ... ફટ... ફટ... ઓ..હો..! કેટલા આંધળાને દેખતા કર્યા, કેટલા ગરીબ માણસોને આંખો આપીને શિરા ખવરાવ્યા. પેલા તો આશીર્વાદ આપે. આ..હા..! શું પણ એમાં તારું શું થયું ? અહીંયા મરી ગયા બિચારા, આવતા. કાગળ લખે, હવે આવું છું. આહા..! જિંદગી આવી ચાલી જાય, બાપા ! એમાં ને એમાં બિચારા, હોં ! શાસ્ત્ર વાંચવા ને સામાયિક કરવી ને આ કરવું, ચોવિહાર (કરે), ઉપવાસ એક મહિનાના ચાર અપવાસ આટલી ઉંમરે કરે. એ તો શુભ રાગ છે, બાપુ ! એ ભગવાનઆત્મા નિષ્ક્રિય રાગ રહિતનો ચૈતન્ય પ્રભુ છે. એના અંતરમાં આશ્રય ને શ્રદ્ધા-જ્ઞાન કર્યા વિના ધર્મ-બર્મ કિંચિત્ જરીએ થાતો નથી. સમજાણું કાંઈ ?

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધર્મ આ કીધો ને ! વ્યવહાર ધર્મ કીધો, વ્યવહાર ધર્મ છે. આ શબ્દ વાપર્યો છે – વ્યવહાર ધર્મ એટલે સાચો ધર્મ નહિ. આ વ્યવહાર ધર્મ કીધો ને ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વ્યવહાર ધર્મ એટલે સાચો ધર્મ નહિ. આગળ કહેશે, એને નિશ્ચય ધર્મધ્યાનનું જ્ઞાન નથી, એમ કહેશે જુઓ ! પછી કહેશે.

એને '**નિશ્ચયથી પરમાત્મતત્ત્વમાં વિશ્રાંતિરૂપ નિશ્ચયધર્મધ્યાનને તથા શુકલધ્યાનને-જાણતો નથી;...**' સાચું ધર્મધ્યાન તો એને કહીએ – ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ આનંદ એમાં વિશ્રાંતિ લેવી. અંતરમાં એકાકાર થવું એને સાચું ધર્મધ્યાન કહે છે. એ શુભભાવ પણ સાચું ધર્મધ્યાન નહિ, કલ્પીત કલ્પીત (ધર્મધ્યાન છે). મીંદડીને સિંહ કહે એવું. મીંદડી સમજે ? બિલાડી ... 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' સમજાણું કાંઈ ?

ભાઈ ! તારો આત્મા અખંડાનંદ, એક વિકલ્પ રાગ છે એનાથી ભિન્ન ચૈતન્ય પ્રભુ પડ્યો છે ને ! એવા આનંદની તને રુચિ નથી, આનંદમાં ઠરવું તેનો વિશ્રામ નથી. ન્યાં થાક ઉતરે એવું તો એ સ્થાન છે. પુણ્ય-પાપના ભાવ તો એના એ રખડવાના ભાવ છે. એ પુણ્યભાવ રખડવાનો સંસાર ભાવ છે. આહા..હા..! એથી કાંઈ એ શુભભાવ છોડીને પાપ કરવું એમ અહીંયા નથી કહેતા પણ એ શુભભાવને વશ થવું એ મિથ્યાદષ્ટિ (છે). એને વશ થતાં ચિદાનંદ સ્વરૂપ અનંત ગુણનો પિંડ આત્માનો અનાદર થઈ જાય છે. એથી એ દષ્ટિને મિથ્યા શ્રદ્ધા, મિથ્યા દષ્ટિ અજ્ઞાની કહેવામાં આવે છે. જિનના, વીતરાગના મુખના કહેલા આચાર-શાસ્ત્ર પ્રમાણે શુભભાવ એના પરલક્ષે કરે તોપણ તેને વીતરાગ કહે છે કે નિશ્ચય ધર્મધ્યાન નથી, મિથ્યા ધર્મધ્યાન છે, વ્યવહાર ધર્મધ્યાન છે. ઓ..હો..હો..! સમજાણું કાંઈ ?

પ્રતિદિન ચાર આહારનો ત્યાગ કરે, લ્યો ! એકવાર ખાય પછી ... આહાર, પાણી, ઔષધ, આ શું કહેવાય ? ... એ શુભભાવ છે, ધર્મ નથી. જુના માણસને જરી (કઠણ પડે). જુઓ ! '**પ્રતિદિન ભોજન કરીને ચતુર્વિધ આહારનું...**' ચારેય આહાર, હોં ! આહાર પાણી, દૂધ ને પાણી નહિ. જમીને તરત પાણીનો ત્યાગ. સમજાણું ? અમારે 'સમઢીયાળા' ના 'નાગરભાઈ' કરતાં. કેટલા વર્ષથી હોં ! એક ટાણે ન્યાં ને ન્યાં ખાય ને ન્યાં ને ન્યાં પાણી. ચોવીસ કલાક. 'સમઢીયાળા'ના 'નાગરભાઈ'. અહીં ઘણીવાર આવતા. ગૃહસ્થ માણસ છે. એક બ્રહ્મચર્ય પાળવાનો ભાવ ઘણો, બૈરા નાની ઉંમરમાં ગુજરી ગયેલા. એક ટંક જ, હોં ! ન્યાં ને ન્યાં. પાણી ન્યાં અને આહાર પણ ન્યાં. ગૃહસ્થ માણસ હતા. મકાન, પૈસા (બધું હતું). બે વાર પાણી નહિ. તૃષા લાગે (પણ લે નહિ). મેદ વધે શેનો ? અમારે 'હીરાભાઈ' જેવું શરીર. મેદ જરીયે નહિ. પછી એણે આવું જ્યારે સાંભળ્યું ત્યારે કહે, આ તો બધું (ખોટું છે). આ તો સ્નાન પણ કરે નહિ, હોં ! સ્નાન પણ છ મહિને, બાર મહિને કરતાં હોય તો.. એ તો સ્થાનકવાસી તરીકે હતા ને. બાપુ ! આ માર્ગ નથી. રાગની મંદતા હોય (તો પુણ્યબંધ થાય). 'વાડીદાસભાઈ' તમે જોયા હતા કે નહિ ? તમારા ગામના. કેટલા વર્ષ, હોં ! ત્રીસ-ત્રીસ, પાંત્રીસ-પાંત્રીસ વર્ષ સુધી. ઠામ ચોવિહાર સમજ્યા ? 'પંડિતજી' !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઠામ ચોવિહાર એટલે એક ટંક ખાવાનું, બસ ! એ ઠામ એટલે ન્યાં ને ન્યાં ચોવિહાર. એક અડધા કલાકમાં જે ખાય-પીવે (પછી) ચોવીસ કલાક (કાંઈ નહિ). એક ઠાણા, એક ઠાણા. અમારે ઠામ ચોવિહાર કહે. એવું, હોં ! અહીં આવતા ખૂબ રહેતા. આ ઓરડીમાં રહે, સાંભળે. અરે..! ભાઈ ! કીધું, આ તો બધું, બાપા ! ન નાવું ને એમ કે જાણે મેલા કપડા ને મેલા લુગડા ને ખાવું નહિ, દરરોજ ચોવિહાર, હોં ! કેટલા વર્ષથી ચોવિહાર (કરે), રાત્રે આહાર નહિ. અને એક ટંક ઉપર પાણી નહિ. ભાઈ ! એ તો ... શુભભાવ છે. રાગની મંદતાનો પરલક્ષી શુભ (ભાવ) છે અને એને તાબે થઈ ગયો છે એ ચૈતન્યના તાબેનો અનાદર કરે છે. ભારે આકરી વાત. અત્યારે લોકોને આ જ ધર્મ થઈ પડ્યો છે. સમજાણું ?

પ્રતિદિન, હોં ! દરરોજ ભોજન કરીને ચાર આહારનો ત્યાગ કરે. એ ખાધુ, ખાધુ ત્યાં પાણી (લે) પછી નહિ. અહીં તો બધા દાખલા તૈયાર છે ને ? 'નાગરભાઈ' તમે હતા ? 'બોટાદ' થી બે .... બહુ ખાનદાન માણસ, વ્રત, તપ, (કરે). 'સમઢિયાળા' બે ગાઉ છે. ખેતર, પાદર ઘરે (છે), ગૃહસ્થ માણસ, મોટા મોટા અમલદાર, અધિકારીઓ આવે. કોઈપણ માણસ નીકળ્યો હોય, દસ વાગે જાન નીકળી હોય ને જાન ભાઈ ! જમવા ન દે એને, જાનને જમવા દે નહિ. જાન સમજે ? લગન નીકળ્યા હોય ને ? બરાત, બરાત ક્યાંક જવાને નીકળી હોય, ગાડા નીકળ્યા, જોયા બહાર ઊભા જોવે કે આ ગાડા જાનના છે. અહીંથી ન નીકળાય, જમીને જાવ. અહીંથી તમારે જવાય નહિ. અમે અહીં ખાઈએ અમારું, તમારું ખવાય નહિ. બહારના બધા ભપકા. અહીં કહે છે કે એવી ચાર ત્યાગની ક્રિયા કરે (તો) શુભભાવ છે, રાગની મંદતા છે એ કાંઈ ધર્મ છે નહિ. આહા..હા..! એનો કાંઈક દોકડો તો રાખો. આત્માની સાથે કાંઈક લાભ થાય એવો. 'છગનભાઈ' !

**'ત્રણ સંધ્યાઓ વખતે (-સવારે, બપોરે ને સાંજે) ભગવાન અર્હંત્ પરમેશ્વરની લાખો સ્તુતિ...'** ભગવાન પરમેશ્વરની સ્તુતિ, હોં ! અર્હંત્ પરમેશ્વરની. શું કહેવાય પેલા ? ક્ષેત્રપાળ ને ઢીંકણાપાળ, નહિ ? જુઓને ! મંદિરમાં મોટો ક્ષેત્રપાળ (રાખે). હવે આ તે કંઈ વાત છે. જૈનની શું વસ્તુ છે (એની ખબર ન મળે). ક્ષેત્રપાળને પગે લાગે, જય મહારાજ ! મોટો લાલ .. આમ પથરો હોય. પહેલા ચોખા એને મુકે પછી ભગવાન પાસે જાય. દક્ષિણમાં એવો રીવાજ છે, હોં ! ક્યાં ગ્યા ? 'ધન્યકુમારજી' ! એણે જોયું છે કે નહિ ત્યાં ? તમારે ત્યાં આવા બધા ગપ્પેગપ છે.

અહીં તો અર્હંત્ પરમેશ્વરની લાખો સ્તુતિ (કરે). પાછી લાખો સ્તુતિ. ભાષા તો જુઓ ! એવી ભાષાથી આમ સ્તુતિ કરે પણ એ ભગવાન તો પરદ્રવ્ય છે. એની સ્તુતિનો ભાવ તો શુભભાવ છે. સમજાય છે કાંઈ ? આહા..! લ્યો ! ભગવાનની ભક્તિ પણ આવી ગઈ, પેલી ક્રિયા આવી ગઈ. **'મુખકમળથી બોલે છે,...'** પોતે બોલે છે, એમ. બીજા બોલે ને સાંભળે એમ નહિ. આમ સ્વાધ્યાય કરે, ભગવાનની સ્તુતિ કરે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'ત્રણે કાળે નિયમપરાયણ રહે છે...'** સવાર, બપોર ને સાંજ. જેટલી ક્રિયા નિયમસર કરવાની હોય ને એવા નિયમોમાં તત્પર રહે. લ્યો ! સવારે પડિકમણુ, સાંજે પડિકમણુ, બપોરે પણ સ્વાધ્યાય આદિ. સામાયિક સવાર, બપોર ને સાંજ ત્રણ વખત સામાયિક હોય છે. **'ત્રણે કાળે નિયમપરાયણ રહે છે,-એ રીતે અહર્નિશ (દિવસ-રાત થઈને) અગિયાર...'** ક્રિયા થઈ. એક સ્વાધ્યાયની ક્રિયા, ચાર આહારના ત્યાગની ક્રિયા-પાંચ, ત્રણ-સવાર, બપોર, સાંજ સ્તુતિની અને ત્રણ કાળના નિયમપરાયણ. એ સિવાય શાસ્ત્રમાં જે નિયમ હોય સવાર, બપોરના (તે પણ કરે). **'અગિયાર ક્રિયામાં તત્પર રહે છે;...'** ભાષા શું છે ? તત્પર રહે છે. જ્ઞાનીને એવો ભાવ આવી જાય છે (પણ) એ તત્પર નથી એમાં. આ બધા શબ્દો 'પંચાસ્તિકાય'ના 'અમૃતચંદ્રાચાર્ય'ના છે. 'અમૃતચંદ્રાચાર્ય'માં એ આવે છે. વ્યવહારાભાસમાં બધા (આવે છે). એ આમ કરે છે, એ તપ કરે છે, ફલાણું (કરે છે) એમ કરીને પરમાં જ એકાકાર છે 'અમૃતચંદ્રાચાર્યે' એવી બધી ભાષા વાપરી છે, હોં ! સમજાણું કાંઈ ? (એમ) **'અગિયાર ક્રિયામાં તત્પર રહે છે;...'** એથી વિશેષ...

**'પાક્ષિક,...'** પખવાડીયું પડિકમણુ કરે, પંદર દિવસે આવે ને ? **'માસિક,...'** પડિકમણુ કરે, એક મહિને પડિકમણુ (કરે). **'ચાતુર્માસિક...'** ચાર માસનું પડિકમણુ, **'અને સાંવત્સરિક...'** બાર માસનું સાંવત્સરિકનું પડિકમણુ. **'સાંભળવાથી...'** એ પ્રતિક્રમણ સાંભળે. વ્યવહાર. **'ઊપજેલા સંતોષથી જેનું ધર્મશરીર રોમાંચથી છવાઈ જાય છે;...'** જુઓ ! આ વ્યવહાર ધર્મનું શરીર. ખુશી.. ખુશી (થાય). પડિકમણા સાંભળે પછી મિચ્છામિ દુક્કડમ દે. 'ન્યાલભાઈ' ! એમાં બધું લખેલું છે. ધર્મશરીર એટલે પેલા શુભભાવના પરિણામ છે ને એની સાથે આ શરીર પણ આમ રોમાંચ થઈ ગયું છે. આહા..હા..! રોમાંચથી છવાઈ જાય છે આમ રોમાંચ ઊભા થઈ જાય. પણ એ તો પરદ્રવ્યના અનુસારે થતાં ભાવની વાત છે. એમાં આત્મા ક્યાં આવ્યો ? આહા..હા..! સમજાણું કાંઈ ?

એ ઉપરાંત **'અનશન,...'** કરે છે. એ અપવાસ કરે. એક અપવાસથી માંડીને છ મહિનાના અપવાસ. એ તો શુભભાવ છે. અપવાસ છે, ઉપવાસ નથી. આ ભારે આકરું પડે, હોં ! સાંભળવું આકરું પડે. એ..ઇ..! શરૂઆતમાં તો આ બધા ભડકે 'નેમિદાસભાઈ' ને બધા. આહા..હા..!

**'ઉણોદરી,...'** હંમેશા ઉણોદરી ખાય. બત્રીસ કવળ હોય એમાંથી પાંચ ઓછા (લે). એ બધો શુભભાવ (છે). **'રસપરિત્યાગ,...'** દૂધ, દહીં, ખાંડ, સાકર નહિ. રોટલી ને છાશ, રોટલી ને મઠ્ઠો, બસ ! આપણને બીજું કાંઈ ખપતું નથી. એમાં શું થયું પણ હવે ? આત્મા ખપે છે કે નહિ એ લે ને પહેલો. સમજાણું કાંઈ ! આહા..હા...! રસપરિત્યાગ કરે, દૂધ, દહીં, ખાંડ, સાકર ન ખાય. માણસને એમ થાય... આહા..હા..! એ રસનો ત્યાગ (કર્યો છે). શું ખપે છે ? કાંઈક આવ્યું હતું હમણાં. દ્રાક્ષ ભાઈ ! દ્રાક્ષ એવું આવ્યું હતું. એક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સાધુને ... દ્રાક્ષ ખપે, દ્રાક્ષનો રસ (ખપે). હવે એના માટે દ્રાક્ષનો રસ કરવો. એ કરતાં રોટલી, દાળ મળતું હોય એ તો લે.

એક જણાને શીંગોડાની રોટલી ખપે, ઘઉંની નહિ, ત્યાગ છે. શીંગોડા આવે છે ને ? એની રોટલી (લે). પણ એ તો તારા માટે કરવી પડશે. એ કરતાં એને માટે કર્યું (હોય એ લે). હવે આનું એવું ચાલ્યું છે ને કોઈ... આહા..હા...! ભગવાનનાં વિરહ પડ્યા અને જગતને તત્ત્વની રુચિના ... તત્ત્વની રુચિ (રહી નહિ). જેને ઠીક પડ્યું એમ માનીને ચાલી નીકળ્યા, અમે ધર્મ કરીએ છીએ. સાધુ થઈને પછી (કહે), અમારે આ રોટલી ઘઉંની ન ખપે. આ તો બહાર પાડે. ત્યારે પેલા સમજે કે આને ખપતું નથી, બીજી કરો. પણ આ તો તારે માટે કરે છે ને લે છો આમાં તારા વ્યવહારના પણ ઠેકાણા ક્યાં છે ? આહા..હા..!

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પૂછો ત્યારે એને જઈને.

‘**વૃત્તિપરિસંખ્યાન,...**’ નિયમ કરે–પાંચ ઘરનું જ ખપે, આટલું જ ખપે, આટલું વિશેષ નહિ. એ બધો શુભભાવ છે. પરદ્રવ્ય આશ્રયે થયેલો શુભ વિકલ્પ છે. ‘**વિવિક્ત શય્યાસન...**’ એકલા જંગલમાં રહે. સ્ત્રી, પુરુષ, નપુંસકનો પરિચય (નહિ). નપુંસક એવા હલકા માણસનો પરિચય (ન કરે). એકાંત વિવિક્ત છે. ‘**કાયક્લેશ...**’ બરાબર મોરને આસને આમ કરીને બેસે. આ ગાયને દોવે ને ? એવી (રીતે) બેસે, હોં ! છ-છ કલાક, આઠ-આઠ કલાક (બેસે). શુભભાવ છે.

એ ‘**છ બાહ્ય તપમાં જે સતત ઉત્સાહપરાયણ રહે છે;...**’ જુઓ ! ભાષા. નિરંતર. કારણ કે દૃષ્ટિ તો સ્વભાવની મુખ્યતા તો કાંઈ છે નહિ. સતત નિરંતર ઉત્સાહપરાયણ રહે છે, એમ કહે છે. સમજાણું ? ઉત્સાહ ખરો, હોં ! પાછો ઉત્સાહ. બરાબર ઉત્સાહ (રહે) એમ નહિ કે શિથિલપણું (હોય). ઉત્સાહપરાયણ છે પણ એ છે શુભભાવ. ‘**સ્વાધ્યાય,...**’ શાસ્ત્રની કરે. લ્યો ! પેલો કહે, સ્વાધ્યાય કરે (તો) અસંખ્ય ગુણી નિર્જરા (થાય). અહીં કહે છે, આ સ્વાધ્યાયને તાબે થાય, શુભભાવને તાબે થાય તે ધર્મ માને તો મિથ્યાદૃષ્ટિ (છે). આહા..! ‘ધવલ’ માં આવે છે ખરું ને ? અસંખ્ય ગુણી નિર્જરા. ભાઈ ! એ બીજી વાત છે, બાપા ! એ તો આત્માના દર્શન, પ્રતીત, અનુભવ થયો છે અને સ્વભાવને આશ્રયે ત્યાં ઘૂંટણ ચાલે છે. એમાં એ સ્વ આધ્યાયમાં, પોતાના આત્મામાં અધ્યાય એકાકાર થાય એ સ્વાધ્યાય છે. એ સ્વાધ્યાયથી કર્મને ખેરવે ને નિર્જરા, શુદ્ધતા થાય. આ સ્વાધ્યાય એટલે શાસ્ત્રના પરલક્ષે સ્વાધ્યાય લાખ કરતો હોય સવાર-સાંજ સુધી ફેરવ્યા ફેરવ કરે (તો પણ) શુભભાવ છે. સમજાણું કાંઈ ? ‘**ધ્યાન કરે,...**’ લ્યો ! એ જાતનું ધ્યાન, હોં ! આમ એકાગ્ર થવા મંથન કરે પણ એ તો બધો વિકલ્પ છે.

શ્રોતા :– પ્રાથમિક તૈયારી તો થાય ને ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– બિલકુલ ન ચાલે. એમ કહે છે. આહા..! એવું તો અનંતવાર થઈ ગયું તો પ્રાથમિકપણું તો આવ્યું નહિ એમાં ક્યાંય. 'વહ સાધન વાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો' 'શ્રીમદ્દે' ન કહ્યું ? સમજાણું કાંઈ ?

**'શુભ આચરણથી ચ્યુત થતાં ફરી તેમાં સ્થાપનસ્વરૂપ પ્રાયશ્ચિત,...'** લે. શુભભાવમાં પ્રતિજ્ઞા હોય એમાંથી કંઈ દોષ લાગે તો પ્રાયશ્ચિત લે. અમને આ અપવાસમાં ... પણ એ પ્રાયશ્ચિત શુભભાવ છે. એને વશ થવું એ પણ મિથ્યાદૃષ્ટિપણું છે. ભગવાન જ્ઞાયક સ્વભાવના મુખ્યપણાની દૃષ્ટિ ન આપતા આને મુખ્ય કર્યો છે એ તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. એ તો એવી ક્રિયા તો અભવિએ પણ અનંતવાર કરી છે.

**'વિનય,...'** કરે દેવ-ગુરુ-શાસ્ત્રનો. દેવનો વિનય, ગુરુનો વિનય, શાસ્ત્રનો વિનય શુભભાવ છે. **'વૈયાવૃત્ત્ય...'** સેવા કરે, લ્યો ! દેવ-ગુરુ-શાસ્ત્રની સેવા કરે, ટહેલ કરે, મંદિરને સાચવવાની પેલાની, ફલાણા, બાગ-બગીચા કરવા, પૂજા-બુજા કરવી, કરાવવી એવી બરાબર વૈયાવૃત્ત્ય કરે. શુભભાવ છે. **'વ્યુત્સર્ગ...'** કરે. આત્માના અંતર અનુભવની દૃષ્ટિ વિના આ બધો વ્યુત્સર્ગ પણ તારો શુભભાવ છે. ભગવાન પાસે આમ ધ્યાન કરીને ઉભો રહે. આત્મા જ્ઞાનાનંદ રાગ રહિત છે એના અનુભવ વિના એ કાયોત્સર્ગ પણ શુભભાવ છે.

**'એ અભ્યંતર તપના અનુષ્ઠાનમાં જે કુશળબુદ્ધિવાળો છે;...'** જોયું ? બાહ્ય તપમાં સતત ઉત્સાહ પરાયણ રહે છે એમ કીધું. આમાં કહે (છે), કુશળબુદ્ધિવાળો છે એમ કીધું. કુશળબુદ્ધિ– એમાં કુશળ–ડાહ્યો છે. એ બધી ભાષા 'પંચાસ્તિકાય'માં વ્યવહાર પ્રધાનનું બહુ આવે છે (એમાંથી છે).

**'પરંતુ તે નિરપેક્ષ તપોધન સાક્ષાત્ મોક્ષના કારણભૂત...'** નિરપેક્ષ (કહ્યું). પણ નિરપેક્ષ જે તપોધનપણું, જે નિરપેક્ષપણું રાગની અપેક્ષા વિનાનું એવું તો છે નહિ. **'સાક્ષાત્ મોક્ષના કારણભૂત સ્વાત્માશ્રિત આવશ્યક-કર્મને...'** દેખો ! સાક્ષાત્ મોક્ષનું કારણ. સાક્ષાત્ કીધું એટલે આ પરંપરા કારણ ખરું કે નહિ ? ના ના. એને સાક્ષાત હોય તો પેલા રાગની મંદતાને પરંપરા કારણને આરોપ અપાય. એટલું અનંતવાર કર્યું એમાં કાંઈ ડાળિયા થયા નહિ.

**'સ્વાત્માશ્રિત આવશ્યક...'** દેખો ! ભગવાનઆત્મા જ્ઞાનની મૂર્તિ, જ્ઞાનસૂર્ય, આનંદની મૂર્તિ આત્મા છે, અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ જ આત્મા છે. એવા આત્માને આશ્રયે... સમજાણું ? આવશ્યક-કર્મને સ્વ આત્માને આશ્રયે જરૂર જેવા કાર્યને, આત્માને આશ્રયે એ જ આવશ્યક-કર્મ છે. **'નિશ્ચયથી પરમાત્મતત્ત્વમાં વિશ્રાંતિરૂપ...'** ખરેખર પરમાત્મતત્ત્વમાં, પરમાત્મતત્ત્વ. શુભ રાગમાં આત્મતત્ત્વ ક્યાં આવ્યું ? એ તો અનાત્મા–રાગ આવ્યો. નિશ્ચયથી પરમાત્મતત્ત્વ પોતાનું. આત્મા એટલે પરમ સ્વરૂપ તત્ત્વ. જ્ઞાનાનંદ સ્વરૂપ, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એવું પરમાત્મતત્ત્વમાં વિશ્રાંતિરૂપ એનું નામ ધર્મધ્યાન. એમાં ઠરવું પરમાત્મ ચિદાનંદ ભગવાનમાં ઠરવું એ વિશ્રાંતિરૂપ ધર્મધ્યાન (છે). એ વિશ્રાંતિરૂપ ધર્મધ્યાન અને શુકલધ્યાનને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાણતો પણ નથી - એમ લેશે. સમજાણું કાંઈ ? કહો, આમાં રાડુ પાડે કે નહિ ? 'છગનભાઈ' ! એમાં સંપ્રદાયવાળા તો બિચારા વિરોધ, વિરોધ કરે. એનો. આવા લખાણ નાગા લખાણ છે, (એમ) કહે છે. આ તો ખુલ્લું તત્ત્વ છે. ભગવાનઆત્મા પરમાત્મ સ્વરૂપે બિરાજમાન છે એની તને ખબર નથી, એની તને શ્રદ્ધા નથી, એનો તને આશ્રય નથી અને પરના આશ્રયના આવા ભાવ તું ધર્મ માનીને કરે છો, (તો તું) મૂઢ છો. જાણતો નથી એમ કહે છે અહીં તો, હોં !

શ્રોતા :– ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– ... વ્યવહાર છે ને પેલો ? વ્યવહાર છે ને અંદર ? સમજાણું ?

એવું '**વિશ્રાંતિરૂપ નિશ્ચયધર્મધ્યાન...**' જુઓ ! સાચું ધર્મધ્યાન, પેલું વ્યવહાર ધર્મધ્યાન હતું. એવા નિશ્ચય એટલે સાચા ધર્મધ્યાનને જ્ઞાનસૂર્ય ભગવાન પૂર્ણાનંદથી ભરેલો એની એકાગ્રતા અંતરમાં થવી એને નિશ્ચય ધર્મધ્યાન, સાચું ધર્મધ્યાન કહે છે. સમજાણું આમાં ?

'**તથા શુકલધ્યાનને-જાણતો નથી;...**' એણે ન્યાં શબ્દ વાપર્યો છે – શુકલધ્યાન. કારણ કે એક જ છે ને. ધર્મધ્યાનના બે પ્રકાર પડે છે. '**શુકલધ્યાનને જાણતો નથી;...**' સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન અને શુકલધ્યાન, એમ ભાષા લીધી. ધર્મધ્યાનના બે ભેદ પાડવા. શુકલધ્યાનમાં બે ભેદ નથી. એ જાણતો નથી અહીં તો લીધું, મિથ્યાદૃષ્ટિ લીધો છે. સમજાણું કાંઈ ? પણ આવું કાંઈ કરતો હશે તો કરતાં કરતાં કાંઈક નીવેડો આવશે પણ કરશે નહિ (તો) શું આવડશે ? એમ કોઈ કહેતું હતું. એકજણો એમ કહેતો, લ્યો ! મહિના મહિનાના અપવાસ કરે, લ્યો ! ભાઈ ! આ શ્રદ્ધા વિના કાંઈ કરે છે ? કઈ શ્રદ્ધા પણ ? આ મહિના મહિનાના અપવાસ કરે, અહીં સાંભળવા આવે, વીતરાગના નામે કેટલા ત્યાગ કરે, પૈસાના કેટલા ભોગ આપે, શરીરને નબળું પાડી દે. સમજાણું ? એ તે કાંઈ સમકિત દર્શનની શ્રદ્ધા વિના કરતાં હશે ? પણ કઈ શ્રદ્ધા ? એ તો શુભ રાગની શ્રદ્ધા છે, આત્માની શ્રદ્ધા ક્યાં આવી ન્યાં ? ન્યાં સમ્યગ્દર્શન લગાવી દે. આ બધું આવું કરે એ શ્રદ્ધા વિના કરતા હશે ? કઈ શ્રદ્ધા ? વ્યવહાર શ્રદ્ધા પરના આશ્રયવાળી કે સ્વ નિશ્ચયની શ્રદ્ધા ? સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતની શ્રદ્ધા એ બધો શુભ રાગ છે. કહો, કાચો પારો છે. સાચી વાત કાચા પારા જેવી પચે નહિ. હોજરી તૈયાર કર. આત્મા વસ્તુ તારી પાસે પૂર્ણાનંદ ભરેલો છે એવા મહાન પ્રભુને તું આદર કરતો નથી, આદર કરવો કે ન કરવો એ તારા અધિકારની વાત છે. સમજાણું કાંઈ ?

'**તેથી પરદ્રવ્યમાં પરિણત હોવાથી...**' દેખો ! એ તો પરદ્રવ્યમાં પરિણત હોવાથી. પરિણત (કહ્યું) તો ક્યાં પરદ્રવ્યથી પરિણત થાય છે ? પણ એ પરદ્રવ્યમાં જ પરિણત છે, એનું લક્ષ જ પરદ્રવ્ય ઉપર છે. એટલે શુભભાવ એ પરદ્રવ્ય પરિણત છે. ખરેખર શુભભાવ રાગની મંદતા આ ક્રિયાના કાંડ કહ્યા એ બધા પરદ્રવ્ય પરિણત છે, સ્વદ્રવ્ય નહિ. ભગવાન જ્ઞાનાનંદ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વરૂપ એમાં આવ્યો જ નથી, એ તો બધું પરદ્રવ્યપણે છે. ભાષા જુઓ ! **'પરદ્રવ્યમાં પરિણત હોવાથી...'** જુઓ ! હજી કાલે સવારે આવશે ને ? **'पोग्गलकम्मपदेसट्ठिदं'** એ પુદ્‌ગલ જડના પ્રદેશમાં સ્થિત છે. એનો અર્થ કે એનું લક્ષ જ પર ઉપર છે એટલે શુભાશુભભાવમાં લીન છે એ પરદ્રવ્યમાં જ પરિણત છે. ઓહો..!

**'તેને અન્યવશ કહેવામાં આવ્યો છે.'** લ્યો ! એ પાઠમાં છે ઇ. સમજાણું ? **'अण्णवसो' 'जो चरदि संजदो खलु सुहभावे सो हवेइ अण्णवसो'** એ પરાધીન છે, પરાધીન છે, એ સ્વાધીન નથી. આહા..હા..! કેટલી વ્યાખ્યા (કરી છે) ! આ તો લોકો કહે, પરાધીન સ્વપ્ને સુખી નહિ. આ નોકરી કરવી, પરાધીન રહેવું, આ કર્યું એ બધું પરાધીન. અહીં તો કહે છે શુભ રાગને આધીન થવું એ પરાધીન છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મસ્વભાવ તો અરાગી ચિદાનંદ સ્વરૂપ છે. શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ (છે) એમાં રાગ કેવો ? એવા પરમાત્મ નિજ સ્વરૂપનો પ્રેમ નથી, રુચિ નથી, આશ્રય નથી. આવા જે પરદ્રવ્ય પરિણત રાગ, વિકાર સંયોગી ભાવ (થાય) તેને પરદ્રવ્ય પરિણત કહેવામાં આવ્યો છે. એને **'અન્યવશ કહેવામાં આવ્યો છે.'**

**'જેનું ચિત્ત તપશ્ચરણમાં લીન છે...'** મુનિપણું, આ વ્યવહાર મુનિપણું, હોં ! તપશ્ચરણ એટલે મુનિપણું, વ્યવહાર મુનિપણું. પંચ મહાવ્રત આદિમાં **'લીન છે એવો આ અન્યવશ શ્રમણ...'** પરાધીન થયેલો સાધુ. એમ ગૃહસ્થ પણ એના પ્રમાણમાં લેવો. **'દેવલોકાદિના ક્લેશની પરંપરા...'** એ તો દેવલોકના ક્લેશની પરંપરામાં શેકાશે. ત્યાં શાંતિ ક્યાં છે ? પુણ્યના ભાવમાં સ્વર્ગમાં જાશે પછી આ ધૂળની શેઠાય પામશે. ત્યાં ક્લેશથી અંગારામાં શેકાશે. કહો, સમજાણું આમાં ? ક્યાં ગયા ? 'મોહનભાઈ' ગયા તમારા ? સમજાણું કાંઈ ?

એવા શુભભાવવાળા મુનિઓ કે ગૃહસ્થો હો, જેનું શુભભાવરૂપી મુનિપણું, પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ, શ્રાવકના બાર વ્રત આદિ એમાં જેનો ભાવ લીન છે એવો આ અન્યવશ સાધુ કે શ્રાવક. દેવલોકાદિ, દેવલોક અને આદિ એટલે ન્યાંથી નીકળીને કદાચિત્ પુણ્યના ફળે શેઠિયા થાય આ ધૂળના બે, પાંચ કરોડ, પચાસ કરોડ (મળે). અત્યારે તો પચાસ કરોડનું ક્યાં... ધૂળ બહુ વધી ગઈ. એ **'દેવલોકાદિના ક્લેશની પરંપરા...'** આ તો ભારે, ભાઈ ! નગ્ન મુનિ નાગા બાદશાહથી આઘા. એ બધી 'અમૃતચંદ્રાચાર્ય' ની આ શૈલી છે, હોં ! 'પંચાસ્તિકાય'માં લીધું છે એ શુભભાવથી અંગારામાં શેકાશે.

શ્રોતા :- સમ્યગ્દર્શન...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ સમ્યગ્દષ્ટિ (શેકાશે). શુભભાવ છે એટલો ન્યાં સ્વર્ગમાં અંગારામાં શેકાશે. ન્યાં ક્યાં સુખ હતું ? શુભભાવ એવો છે કે નહિ ? સમ્યગ્દષ્ટિ પણ મુનિ પણ શુભભાવ જ્યાં છે એથી સ્વર્ગમાં જાશે ને વાસનામાં શેકાશે. આહા..! શેકાય છે. એ પુણ્યના ફળમાં અંદર ભોગવવા જાય છે (એમાં) લાગણી શેકાય છે, બળે છે. આહા..હા..! સમજાણું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આમાં ? એ **'પરંપરા પામવાથી શુભોપયોગના ફળસ્વરૂપ, પ્રશસ્ત રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો,...'**

શ્રોતા :– અહીં તો જરાક ... તો રાડ પાડે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાડ પાડતો જ નથી, એને ભાન નથી ને એને દુઃખ જ લાગતું નથી. રાગ એ દુઃખ છે, અંગારા છે, અગ્નિ છે. ભગવાનઆત્મા રાગની વિનાની શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. શાંત અકષાય સ્વભાવની પૂતળી છે. અકષાય એટલે શાંત... શાંત... શાંત... નિર્વિકલ્પ તત્ત્વ છે. એવા શાંતનો સાગર છે, શાંતિનો સાગર છે. એમાં એકાગ્ર થવાથી ફુવારામાં જેમ પાણી નીકળે એમ શાંતિમાં એકાગ્ર થવાથી શાંતિ પ્રગટ થાય અંદર. એ સ્વઆશ્રયે શાંતિ પ્રગટ કરતો નથી. સમજાણું કાંઈ ? બહારમાં પાંચમાં ગુણસ્થાનની વ્યવહારુ ક્રિયા, છઠ્ઠા ગુણની વ્યવહારુ ક્રિયામાં શાંતિ માને. ધૂળેય શાંતિ નથી.

**'શુભોપયોગના ફળસ્વરૂપ પ્રશસ્ત રાગરૂપી અંગારા...'** દેખો ! એ..ઇ..! ભાષા એ વાપરી છે. શુભોપયોગનું ફળ ન્યાં તો ... પણ આ તો **'શુભોપયોગના ફળસ્વરૂપ પ્રશસ્ત રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો,...'** ન્યાં જાશે તો એ જાતનો ભલે ત્યાં શુભભાવ કોઈ કરે દેવલોકમાં એ બધા મંદકષાય (છે) તોપણ અંગારા શેકાય છે એમ કહે છે. ફળસ્વરૂપમાં તો બાહ્ય સાધન મળ્યા, એમાં લક્ષ જાય છે એ અશુભભાવ છે. પણ બહુ સામગ્રીમાં, અનુકૂળતામાં ... દેવની ભક્તિ કરે, ભગવાન આદિ હોય, અગ્નિમાં શેકાશ. બસ, પાઠની એ વાત ત્યાં રાખી.

હવે જરી મુનિ એમાંથી સવળી વાત કાઢે છે. **'तम्हा तस्स दु कम्मं आवासयलक्खणं ण हवे।'** ત્યાં સુધી તો એ ગાથાનો અર્થ છે. હવે એમાંથી કોઈ જીવ... પણ એ પરાધીન છે, ... આસન્ન ભવ્યતા–બહુ નજીક જેની ભવ્યતા મોક્ષને પામવાની લાયકાત એવા **'ગુણનો ઉદય થતાં...'** એવા અંતરમાં આત્માના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ ઉદય થતાં, પ્રગટ થતાં **'પરમગુરુના પ્રસાદથી...'** ભગવાનઆત્મા વિકલ્પ નામ રાગ વિનાની ચીજ છે એને સમજ. એમ **'પરમગુરુના પ્રસાદથી...'** જુઓ ! **'પ્રાપ્ત પરમતત્ત્વના શ્રદ્ધાન...'** એ પરમગુરુની પ્રસાદ ને પરમગુરુએ એ જ કહ્યું છે. શું કહ્યું ? - કે પરમતત્ત્વનું શ્રદ્ધાન. ભાઈ ! એ શુભભાવ છે એ આસ્રવ તત્ત્વ છે. તારું પરમ તત્ત્વ તે આસ્રવના રાગથી જુદું તત્ત્વ છે. સમજાણું કાંઈ ?

એની શ્રદ્ધાન, પરમતત્ત્વનું શ્રદ્ધાન, દેખો ! ચૈતન્ય સ્વરૂપ અનાકુળ આનંદ તત્ત્વ આત્મા અંતર એની શ્રદ્ધા, એનું જ્ઞાન. પરમતત્ત્વનું જ્ઞાન ને પરમતત્ત્વના અનુષ્ઠાનસ્વરૂપ **શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિ વડે...'** લ્યો ! જ્યારે એ જીવ આ રીતે પ્રગટ કરશે ત્યારે મુનિ નિર્વાણને પામશે. આવા ભાવથી, શુભભાવથી તો અંગારામાં શેકાશે, એમ કહે છે. એની સામે નિર્વાણ લીધો. એ જીવ પોતાના પુરુષાર્થ દ્વારા ગુરુના પ્રસાદ દ્વારા. એમણે કહ્યું કે ભાઈ ! આત્મા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શુદ્ધ ચૈતન્ય છે, અનાકુળ આનંદનું તત્ત્વ છે. એની સન્મુખ શ્રદ્ધા કર, એની સન્મુખનું એનું જ્ઞાન કર, એના સન્મુખમાં અનુષ્ઠાન એના ઉપર કર. સમજાણું કાંઈ ? એમ કહીને એમ કહ્યું (કે) પરમગુરુ તો આવો ઉપદેશ આપે છે, ભાઈ ! અજ્ઞાનીઓ શુભથી ધર્મ થાય એમ (ઉપદેશ) આપનારા એ ગુરુ નથી.

પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત એટલે એને જ્યારે મળ્યું છે એ ગુરુએ એમ કહ્યું છે. ભાઈ ! તારો આત્મા છે ને પ્રભુ પૂર્ણ અકષાયરસના સ્વભાવથી ભરેલો પ્રભુ છે. હવે તારી પર્યાયને, વર્તમાન દશાને ભગવાનનો આધાર દે. એ પૂર્ણ પ્રભુ બિરાજે છે તારો આત્મા, ભાઈ ! એની શ્રદ્ધા, સ્વની શ્રદ્ધા કર, એનું જ્ઞાન કર ને એનું અનુષ્ઠાન (કર). એમ કીધું હતું એવું એણે કર્યું એમ કહે છે. સમજાણું કાંઈ ?

અહીં તો એમ કહે છે, ગુરુઓ તો નિશ્ચયનો જ ઉપદેશ આપે છે, એમ કહે છે. વચ્ચે વ્યવહાર હોય એ તો નિશ્ચયનું જ્ઞાન કરતાં વ્યવહારનું જ્ઞાન નવું કરવું પડતું નથી, એમાં એ જ્ઞાન સમાય જાય છે. સ્વનું ભાન થતાં પર બાકી રહે તેનું જ્ઞાન એમાં આવી જાય છે. એવો સંતોનો, ગુરુઓનો, વીતરાગી મુનિઓનો એ ઉપદેશ છે. સમજાણું કાંઈ ? આવ્યું ને ? પાઠમાં એમ આવ્યું ને ? આવા કાર્યને **'आवासयलक्खणं ण हवे।'** એનાથી આત્માને આશ્રયે જે કામ થાય તે **'आवासयलक्खणं हवे।'** એમાંથી એમ કાઢ્યું. એનાથી વિરુદ્ધ.. મુખારવિંદ કીધું હતું... પેલું તો કહ્યું હતું વ્યવહારથી જાણવા લાયકની ચીજ, ત્યાં એને આદરવા લાયક માનીને ન્યાં રહ્યો.

જ્યારે ગુરુએ એમ કહ્યું કે ભાઈ ! તારા આત્માનો આશ્રય કર પ્રભુ ! મહાપ્રભુ બિરાજે છે ને અંદર. એની શ્રદ્ધા, એનું જ્ઞાન, એનો આશ્રય, એનું અનુષ્ઠાન (કર). એમ કરીને, દેખો ! જેમ કહ્યું હતું એમ કરીને. **'શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિ વડે...'** દેખો ! એ ત્રણે થઈને શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિ થઈ. જુઓ ! પરિણતિ પર્યાય થઈ. શુદ્ધ સાચી રત્નત્રય જેને મોલ લેવો છે-મોક્ષ ! જેને મોલ મોલ એટલે પૈસા દઈને લેવો છે મોક્ષ. એ નિશ્ચય રત્નત્રય કિંમત આપીને લે છે. **'નિર્વાણને પામે છે. (અર્થાત્ ક્યારેક શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિને પ્રાપ્ત કરે તો જ અને ત્યારે જ નિર્વાણને પામે છે).'** ખુલાસો કર્યો. નહિતર તો પેલા એમ લઈ લે, આવો હોય ને એમાંથી આમ પામી જશે, એમ લઈ લે. સમજાણું ? આવો સ્વનો આશ્રય કરશે, શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર (થશે) ત્યારે તે મુક્તિને પામશે, પરને આશ્રયે કોઈ દિ' મુક્તિ થશે નહિ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

please inform us of any errors on rajesh@AtmaDharma.com